श्रीप्रेमानंद-काव्य

प्रथम भाग



સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામી

દીક્ષા લીધી સં [illegible]
[illegible]

ધામગમન સં [illegible] ના
[illegible] માસમા

ॐ तत्सत् श्रीसहजानंदाय नमः । श्रीस्वामिनारायणो विजयते ॥

श्रीप्रेमानंद काव्य

प्रथम भाग

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના શ્રીવૃત્તાલયસંસ્થાનનિવાસી શ્રીલક્ષ્મી-
નારાયણ દેવની ગાદીના **આચાર્ય** ધર્મધુરંધર મહારાજશ્રી
શ્રીપતિપ્રસાદજી શ્રીવિહારિલાલજી મહારાજની
આજ્ઞાથી સંશોધન કરનાર

ઇશ્વરદાસ ઇચ્છારામ મશરૂવાળા બી. એ.

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં
મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપી પ્રકટ કર્યું
સાસૂન બિલ્ડિંગસ્, સર્કલ, કોટ, મુંબઈ
સંવત્ ૧૯૭૫ ઇ. સ. ૧૯૧૯

કીંમત રૂ. ૫

“જેસોહિ તેસો તિહારો હું કિંકર, મન વચ કર્મ કરી જપું નીત જાપ;”
“પ્રેમાનંદ કહે નાથ મેરો કહી ગ્રહો હાથ, ઉર શિશપર ધરો ચરન છાપ.”

“પ્રેમાનંદ કહે તારો કે મારો, છો સમરથ અંતરજામી.”

“રિદ્ધિ સિદ્ધિકો નાંહી કનૌડો, નાહી ગરજ ધનમાલસું;”
“પ્રેમાનંદ કહે એક ગરજ મોયે, ભક્તિધર્મકે લાલસું.”

“બીસર ન જાજો મોરે મીત, યહ વર માંગું નીત;”

“દીન બંધુ અતિ મૃદુલ સુભાઉ, ગાઉ નિશદિન ગીત;”
“પ્રેમસખી સમજું નહિ ઉંડી, એક ભરોસો ચીત.”

श्री

मंगलाचरण

पीयूषद्युतिपूर्णमंडललसत्स्मेराननं श्रीहरिं
श्रीमद्ब्रह्म[illegible]रेश्वरं सितमहः प्रौढाकृति कोमलम् ।
वेदैर्मुक्तवरैस्तुतं भयहरं शुभ्रांबरं मालिनं
सद्रत्नाभरणं नमामि सहजानंदं सतां पालिनम् ॥ १ ॥
सर्वाविर्भावहेतुर्ललित[illegible]णगणैरीश्वरैः सेवितांघ्रि-
र्दिव्योदारैरनेकैर्मुनिवरनिकरैस्संस्तुतश्चाक्षरात्मा ।
धार्मिर्जातो धरण्यां निजजनानेव[illegible]न् पातुमीशेश्वरश्चा-
नंतानंदांबुवार्धिर्दिशतु [illegible]निपतिर्मंगलं मङ्गलात्मा ॥ २ ॥
निखिलनिगमसारदिव्य[illegible]र्तिं [illegible]खदविचित्रचरित्रदिव्यकांतिम् ।
कालिकलुष[illegible]रं वरं विशुद्धं वरदमहं हृदये [illegible]मि धार्मिम् ॥ ३ ॥
सुविशदाक्षरधाम्नि विराजितं निखिल[illegible]क्तगणैर्बहुसेवितम् ।
विमलपावणचन्द्र[illegible]ं हरिवरं परमं प्रणमाम्यहम् ॥ ४ ॥

ચંદ્રમાના પૂર્ણમંડળ સરખાં શોભાયમાન અને મંદહાસ્યયુક્ત મુખારવિંદવાળા, શોભાયમાન એવા બ્રહ્મપુરના ઈશ્વર, ગૌર કાંતિવાળા, પ્રૌઢ આકૃતિવાળા, કોમળ અંગવાળા, ચારે વેદો અને મુક્તોથી સ્તવાતા, ભક્તના ભયને હરનારા, શ્વેત વસ્ત્રો ધારણ કરનારા, પુષ્પની માળા અને ઉત્તમ રત્નનાં આભરણોને ધારણ કરનારા અને સંત પુરુષોનું પાલન કરનારા એવા શ્રીસહજાનંદ સ્વામિને હું નમસ્કાર કરું છું. ૧

જે સર્વે અવતારોના આદિ કારણરૂપ છે, ઉત્તમ એવા ગુણોના ગણો અને દિવ્ય તથા ઉદાર એવાં ઐશ્વર્યો જેમના ચરણની સેવા કરે છે, અનેક મહા મુનિઓનાં મંડળો જેમની સ્તુતિ કરે છે, જે અક્ષરાત્મા છે, જે પૃથ્વી-

પર પોતાના ભક્તજનોનું પાલન કરવાને અવતરેલા છે, જે ઈશ્વરના પણ ઈશ્વર છે, જે અપાર એવા આનંદના સમુદ્રરૂપ છે, અને જે મંગળમૂર્તિ છે, તે મુનિના પતિ ધર્મદેવના પુત્ર શ્રીહરિ અમને મંગળ આપો! ૨

સર્વ વેદના સારરૂપ જે ઉપનિષદ્ તેમાં જેમની દિવ્ય મૂર્તિનું વર્ણન કરેલું છે એવા, સુખ આપનારા, વિચિત્ર લીલા કરનારા, દિવ્ય કાંતિવાળા, નામસ્મરણ કરવા માત્રથી જ મનુષ્યોનાં પાપોને હરનારા, સર્વમાં શ્રેષ્ઠ, શુદ્ધ ચરિત્રવાળા અને વર આપનારા ધર્મદેવના પુત્ર જે શ્રીહરિ, તેમનું હું હૃદયમાં સ્મરણ કરું છું. ૩

અત્યંત શુદ્ધ અને શ્વેત તેજવાળા, અક્ષરધામમાં વિરાજનારા, સંપૂર્ણ, મુક્ત એવા મુનિગણોથી સારી રીતે સેવાતા, નિર્મળ એવા પૂર્ણિમાના ચંદ્ર સમાન સુંદર મુખવડે શોભતા શ્રેષ્ઠ એવા શ્રીહરિવરને હું નમસ્કાર કરું છું. ૪

પ્રાસ્તાવિક નોંધ

स्वजनदुःखनाशाय धरावतारधारिणम् ।
सद्धर्मसंस्थापकं श्रीभक्तिधर्मात्मजं नमाम्यहम् ॥ १ ॥
ऋषिभक्तिधर्मादीनां शापविनाशहेतवे ।
योऽवतारधारिणः स श्रीस्वामी जयत्यधुना ॥ २ ॥

અર્થ–સ્વજન જે પોતાના આશ્રિત ભક્તજન, તેમના આધિ વ્યાધિ, અને ઉપાધિ કહેતાં આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એવાં ત્રણે પ્રકારનાં દુઃખોનો નાશ કરવાને અર્થે ભૂમિપર અવતાર ધરનાર અને સદ્ કહેતાં સાધુ પુરુષોએ સેવવા યોગ્ય એવા સનાતન ધર્મનું સ્થાપન કરનાર એવા શ્રીભક્તિધર્મના બાળરૂપે પૃથ્વીપર વિરાજી રહેલા જે શ્રીહરિ, તેમને હું નમસ્કાર કરું છું.

પોતાને અતિશય પ્રિય એવા ભક્તિધર્માદિક મુનિઓના શાપનો નાશ કરવાને અર્થે જેમણે ધરાપર અવતાર લીધેલો છે, એવા સર્વ અવતારના અવતારી જે શ્રીસહજાનંદ સ્વામિ, તે સાંપ્રતમાં જયકારી પ્રવર્તે છે.

"સબહીકો આધાર સાર, સુંદર શ્રીવૃષકુમાર;"
"પ્રેમાનંદ વારવાર, ચરનન શિર નાઇએ."

श्रेयांसि बहु विघ्नानि એ કહેવતનો સાક્ષાત્કાર આ પુસ્તકના સંબંધમાં જેવો મને થયો છે તેવો ભાગ્યે જ અન્યને થયો હશે. અને તેથી આ પુસ્તકના પ્રકટીકરણમાં કેવી રીતે વિલંબ થયો છે તે જણાવવું આવશ્યક ધારું છું.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયે ગુર્જર ભૂમિની જે સેવાઓ કીધી છે તેમાં સાહિત્યની સેવા પણ ન્હાની સુની નથી, પરંતુ તે સંપ્રદાય પ્રતિ જનસમાજમાં–સાધારણપણે વિદ્વાન્ ગણાતાં મંડળોમાં–કાંઇક અણગમો છે પણ તેથી વિશેષ જે અજ્ઞાન છે તેને લીધે તે અદ્યાપિ પર્યંત કોઈ પણ તરફથી સ્વીકારાયેલી નથી. આમાં સર્વથી વિશેષ મહત્વનું કારણ તો તે સંપ્રદાયના નેતાઓની પોતાની જ શિથિલતા છે. સંપ્રદાયના આરંભકાળથી આજ સુધીમાં

ન્હાના મ્હોટા ૭૫ થી વિશેષ લેખકો થયા છે અને તેમના લખેલા સંસ્કૃત તથા પ્રાકૃત ગદ્ય અને પદ્ય ગ્રંથોની સંખ્યા ઘણી મ્હોટી છે, પરંતુ શોકની વાત એ જ છે કે, સરસ્વતીની ઉપાસનામાં છેલ્લા પચવીસ વર્ષથી સંપ્રદાયના ત્યાગીઓ અને નેતાઓ પછાત પડી ગયા છે અને અમૂલ્ય રત્નોના સંગ્રહો એમના એમ પડ્યા રહ્યા છે. સર્વ સમૂહને પ્રકાશમાં લાવવાનું કામ એકાદ બે વ્યક્તિથી બને તેવું નથી જ છતાં પણ તેમાંના ગુર્જર પ્રજામાં જાણીતા અને માનીતા થઈ પડેલા સાત કવિ રત્નોનાં કાવ્યો અને પદોનો સંગ્રહ તો અવશ્યે જ પ્રસિદ્ધિમાં લાવવો જોઇએ એવો સંકલ્પ પ્રથમ અક્ષરનિવાસી બંધુઓ પ્રોફેસર કાશીરામ સેવકરામ દવે, અને મોતીલાલ ત્રિભુવનદાસ ફોજદાર સાથે થયો હતો, અને તે સંકલ્પને અંગે કાશીરામભાઇએ પ્રથમ સ્વામિશ્રી બ્રહ્માનંદનાં પદો સંગ્રહવા માંડ્યાં હતાં; પરંતુ ઘણા જ જુજ કાળમાં તેમનો અવસાન થતાં તે સંગ્રહ મોતીલાલભાઈ પાસે આવ્યો. તેમણે મને તે વાંચવા આપ્યો તે વાંચીને તે પ્રકટ કરવાનો ઇરાદો થતાં તે ભાઇએ તેમ જ ધી ગુજરાતી પત્રના આદ્યતંત્રી અને માલિક મ્હારા પિતૃવ્યતુલ્ય વડીલ અક્ષરસ્થ ઈચ્છારામ સૂર્યરામ દેશાઇએ તેમાં સંમતિ આપી અને ઈ. સ. ૧૯૦૨ માં તે ગ્રંથની પ્રથમ આવૃત્તિ બાહેર પડી. તે પછીથી પ્રેમાનંદ સ્વામિના ગ્રંથો ને પદોનો સંગ્રહ મેળવવાના પ્રયાસો કરતાં તેની મને બે નકલો મળી. તેમાંની એક શ્રીગઢપુરના મંદિરના સંગ્રહમાંથી અને એક અતિશય સ્વચ્છતાથી લખાવેલી પ્રત મ્હારા ગુરુવર્ય અક્ષરસ્થ ધર્મધુરંધર આચાર્ય મહારાજ શ્રીવિહારીલાલજીના પુસ્તક સંગ્રહમાંથી મળી હતી. આ સિવાય એક ત્રીજી પ્રતની અનુક્રમણિકા ગઢપુર મંદિરમાંના સદ્‌ગુરુ શાસ્ત્રી બ્રહ્મચારી શ્રીમુનીશ્વરાનંદજી તરફથી મળી હતી.

આ સર્વને આધારે તપાસીને નકલ કરાવવાનું કામ ઇ. સ. ૧૯૦૪ માં આરંભ્યું પરંતુ તે પૂર્ણ થતામાં તો પૂર્વકાળના સ્નેહી એવા મોતીલાલભાઇનો અક્ષરવાસ થયો. ૧૯૦૫ના અંતે શોધવાનું કાર્ય પૂર્ણ થયું ખરું પણ આર્થિક અડચણોને લીધે તેને પ્રકટ કરવાનું કામ અપૂર્ણ જ રહ્યું. સને ૧૯૦૮ માં સુરતના "દેશીમિત્ર" પ્રેસમાં તે કરાવવાનો આરંભ અક્ષરસ્થ શેઠ રણછોડદાસ શ્રીજભુખણદાસના ટ્રસ્ટીઓની મદદથી કર્યો પણ

તે લોકોએ એજ ફાર્મે જેટલું કામ કીધું ને કામ પાછું અટકી પડયું. છેવટે ૧૯૧૧ની અધવચમાં મ્હારા સ્નેહી ને અક્ષરસ્થ શેઠ કરમશી દામજીના જામાતા રા. રા. લવજીભાઇની તરફથી જરુરી મદદ મળવાની આશા મળતાં સદ્‌ગત મુ. ઈચ્છારામ દેશાઇની સલાહ પ્રમાણે પ્રથમ બ્રહ્માનંદ કાવ્યની દ્વિતીય આવૃત્તિ કાઢવાનું કર્યું અને તે કાર્ય જુનમાં આરંભી ૧૯૧૨ના આરંભમાં પૂર્ણ કર્યું. તે પછીના જુલાઈ માસમાં પ્રેમાનંદ કાવ્ય છાપવાનો આરંભ કર્યો હતો, પરંતુ દૈવેચ્છા કાંઇક જુદી જ નિવડી અને આજે ૭ વર્ષે છેવટે તેનો પ્રથમ ભાગ બાહેર પાડી શક્યો છું. પ્રેમલક્ષણા ભક્તિના અમૃતમય રસથી છલકાઈ જતાં સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામિનાં પદોનો સંગ્રહ જેમ બને તેમ ત્વરાથી બાહેર પાડવાનો તેમજ તેની પછવાડે બની શકતી ત્વરાથી સદ્‌ગુરુ સ્વામિશ્રી મુક્તાનંદજીના જ્ઞાનથી પૂર્ણ તથા શ્રીનિષ્કુલાનંદજીના વૈરાગ્યથી વ્યાપેલાં પદોનો સંગ્રહ બાહેર પાડવાનો આગ્રહ અને ઉત્સાહ અક્ષરધામ નિવાસી મુ. ઈચ્છારામભાઇના હ્રદયમાં ઉભરાઈ જતો હતો. પ્રેમાનંદ સ્વામિના કાવ્યોને માટે અક્ષરસ્થ કરમશી શેઠનો પ્રેમપણ ઘણો હતો અને સર્વથી વિશેષ આગ્રહ અને પ્રોત્સાહન તો મ્હારા અક્ષરસ્થ પિતાશ્રીની તરફથી હતું. દરેકના આગ્રહના હેતુઓ જુદા જુદા હતા પણ કાર્ય એક જ હતું. સાહિત્યપ્રેમી અને ગુર્જર ભાષાની પ્રેમમય ભક્તિમાં મચી રહેલા ઈચ્છારામભાઇના હ્રદયમાં ભરેલા હેતુ તેમનો પ્રેમ અને ભાવજન્ય હોવા છતાં ગુર્જર સાહિત્યના અંધારામાં પડી રહી અટવાઈ જતાં કવિરત્નોના પ્રસાદને સાક્ષરવર્ગ સન્મુખ મુકવાનો મુખ્ય હતો. અક્ષરસ્થ મોતીલાલભાઇનો તેમ જ અક્ષરસ્થ મ્હારા પૂજ્યપાદ પિતાશ્રીનો હેતુ સંપ્રદાયમાં એવા ગ્રંથોના અધ્યયનથી નવીન જીવન, નવીન બળ અને નવીન ઉત્સાહ આવે અને તે દ્વારા સંપ્રદાયની થતી અવનતિ અટકીને પુનરુદ્ધાર થાય એ હતો. અક્ષરસ્થ કરમશી શેઠનો હેતુ સર્વ સત્સંગીઓને સ્વામિનાં પદો સુલભ થાય અને તે દ્વારા તેમનામાં સત્સંગ ઉપરની શ્રદ્ધા અને ભક્તિ વધે એ હતો. પરંતુ આ સર્વ ઉત્સાહકો પોતાની પ્રેરણાથી આરંભાવેલા કામને પૂરું થતું જોતાં પહેલાંજ એકજ સ્થાને એકત્રિત થઈ ગયા છે અને તેમના ચરણમાં હાજર થતાં પૂર્વે તેમના

અંતરની આ છેલ્લી ઇચ્છાને પાર પાડવાની શક્તિ સર્વ નિયંતા શ્રીહરિ મને આપો એટલીજ તેમની પ્રાર્થના છે. અનેક પ્રકારની હરકતો અને ઉપાધિઓમાંથી મુક્ત કરનાર પ્રગટ પુરુષોત્તમનારાયણ એવા આ સંપ્રદાયના પ્રવર્તક શ્રીહરિની તરફની તેમ જ મ્હારા ઉક્ત વડીલો અને પૂજ્યો તરફની મ્હારી આ ફરજ બજાવીને મને ઋણમાંથી મુક્ત થયેલો જો મ્હારા અવસાન પહેલાં હું જોઇશ તોજ હું મને કૃતકૃત્ય માનીશ. અક્ષરસ્થ મુ. ઈચ્છારામભાઇના પુત્ર ચિ. મણિલાલે આ કાર્યમાં બનતી રીતે મદદ આપવાનું સ્વીકારેલું હોવાથી પ્રભુ તે મ્હારા અંતરની ઇચ્છા પાર પાડશે એવી કાંઇક આશા રહે છે. કરનાર તેજ સમર્થ છે.

વ્રજની ગોપીઓના પ્રેમમય જીવનનો ગુર્જર ભક્તજનોને તેમજ સાક્ષર જનોને સાક્ષાત્કાર કરાવનાર ગુજરાતમાં જે પ્રેમલક્ષણા ભક્તિમાં તલ્લિન થયેલા ત્રણ ભક્તરાજોનાં નામો પ્રાત:સ્મરણીય ને ઘરગતુ થઈ પડ્યાં છે તેમાંના આ સ્વામિશ્રી એક છે. આવા પ્રેમમૂર્તિ સદ્ગુરુ સ્વામિશ્રી પ્રેમાનંદનું જીવનવૃત્ત આ ગ્રંથનું કદ મ્હોટું થઈ જવાથી બીજા ભાગમાં આપવાનું રાખવું પડ્યું છે, પરંતુ નિયમ પ્રમાણે સ્વામિના તેમ જ તેમના અને સંપ્રદાયના જનોના ઇષ્ટ દેવશ્રી પૂર્ણ પુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામિનાં પ્રતિમા પટો તો આજ ગ્રંથમાં આપવામાં આવ્યાં છે. કાગળો જોઇતા પ્રકારના નહિ મળી શકવાથી આનુ કદ શ્રીબ્રહ્માનંદ કાવ્યના જેવું રાખી શકાયું નથી અને તેથી જ આનાં પાનાં પણ થોડાં વધી ગયાં છે. જે ટાઇપો વાપરેલા છે તે કેટલેક સ્થળે ઘણા જ કઢંગા છે ને તેથી કેટલીક ભૂલો રહી ગયેલી છે, તેમ જ મૂળ પ્રતોની અશુદ્ધિને લીધે પણ જોડણી એક જ પ્રકારની આખા ગ્રંથમાં રહી શકી નથી, તે માટે વાંચકવૃંદની ક્ષમા માગું છું.

દ્વિતીય ભાગ શ્રીહરિ કૃપાથી ઘણી જ જલદીથી આપ સર્વના હસ્તકમળમાં મૂકવાની આશા રાખું છું. આ દ્વિતીય ભાગ થતાં થોડો સમય લાગવાનો સંભવ છે તો તે દરમ્યાનમાં જે કોઈ ભક્તરાજ પાસે સ્વામિશ્રીનાં કાંઈ વિશેષ પદો હોય વા જેને પણ સ્વામિશ્રીના સંબંધી કાંઈ ખબર હોય તો તે મને સત્વરે મોકલવાની કૃપા કરશે.

વિશેષમાં વિનંતિ એ છે કે આની પછવાડે સદ્‌ગુરુ સ્વામિશ્રી મુક્તાનંદજીના સંગ્રહની પ્રસિદ્ધિનું કામ આરંભવાનું છે, તેથી તેમનાં પણ પદો ને પુસ્તકો તથા તેમના સંબંધીની માહિતી જેને પણ હોય તેમણે પણ તે મોકલવાની કૃપા કરવા વિનંતિ દંડવત્ સહ જયશ્રી સ્વામિનારાયણે સહિત કરું છું.

ગુર્જર વાંચકોને આવા મહાન્ પ્રેમભક્તિમાં મસ્ત બનેલા સ્વધર્મ જ્ઞાન અને વૈરાગ્યના બળથી પ્રભુચરણમાં એકાકાર થઈ રહેલા મુક્તરાજોની પ્રસાદી આપવાને તથા તે દ્વારા મ્હારું મ્હારા વડીલો પ્રતિનું અને મિત્રો પ્રતિનું તેમજ મ્હારા ઇષ્ટ મહાપ્રભુ પ્રતિનું ઋણ અદા કરવાને અને ગુર્જરી ગિરાની અલ્પ સરખી પણ સેવા કરવાને મને શ્રીઅક્ષરાતીત પ્રભુ શક્તિમાન્ કરો એ પ્રાર્થના સાથે

"આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે માટે એ સાધુને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ" એ પ્રમાણે જેમની પ્રશંસા સ્વમુખે શ્રી ઇષ્ટદેવે કરેલી છે તેમના પદોમાં લખાણના દોષને લીધે કિંવા મ્હારી સમજ શક્તિને લીધે, કિંવા પ્રેસની ગફલતને લીધે, કિંવા ગાયન શાસ્ત્રના મ્હારા અજ્ઞાનને લીધે કાંઈ દોષો આમાં રહી ગયેલા હોય તે માટે હું તેમના ચરણકમળમાં સાષ્ટાંગ દંડવત્ કરીને તેમની ક્ષમા યાચીને એટલું જ ઉમેરીશ કે,

"ગુર્જરી ગિરાના જય શ્રીરંગ વિરાજો"

વસંત પંચમી
સં. ૧૯૭૫ } ઈશ્વરદાસ ઇચ્છારામ

આ ગ્રંથમાં સર્વ સત્સંગીઓની વિજ્ઞપ્તિરૂપે રચેલું એક પદ મૂકવાને આગ્રહપૂર્વક ઇચ્છા દર્શાવવાથી આ અપ્રસિદ્ધ નૂતન પદ નીચે આપેલું છે. તે સ્વામિશ્રીનું નથી પરંતુ તેમની જ પ્રસાદીનું ફળ છે.

સત્સંગ છે શીરતાજ, અમારે સત્સંગ છે શીરતાજ;
સ્નેહથી સેવીએ આજ, અમારે૦ ટેક.
મહા મુલો મોંઘેરો રૂડો, મળિયો સંત સમાજ;
કનક રજતથી અતિ અનેરો, શોભે તેનો સાજ. અમારે૦ ૧
ઉદ્ધવ સ્વામિ રામાનંદે, પ્રગટાવ્યો મહા દીપ;
શ્રીહરિએ પ્રેર્યું તેમાં, જીવન સુંદર રીત. અમારે૦ ૨
પ્રગટ પ્રભુએ જાતે વાવી, બનાવ્યો સુંદર બાગ;
મુકત મુનીના શુભ સિંચનથી, આવ્યો રૂડો ફાગ. અમારે૦ ૩
આભુષણ બહુ અંગ અંગ સારું, આપ્યાં પ્રેમ સહીત;
વર્ણવતામાં વાણી થાકે, મોહે મનહરતામાં ચીત. અમારે૦ ૪
વૈરાગ્ય રૂપી મહા જામો તે, દીધો મુની **નિષ્કુલ;**
ભક્તિ રૂપી તેને દીપત્રે, **બ્રહ્મ મુનિનું દુકુલ.** અમારે૦ ૫
શાંત રસની પાઘ આરોપી, **દેવાનંદ** મહારાજ;
અટળ નિશ્ચયરૂપી ખોસ્યો, **શતાનંદે** તાજ. અમારે૦ ૬
પ્રેમ રસમાં ભીંજવનારા, સુંદર પુષ્પના હાર;
પ્રેમસખાએ ગુંથી રાખ્યા, આપણા કાજ આ વાર. અમારે૦ ૭
ભીરૂ ભાગે ભીતી પામી, તેનું નહિ આહિં કામ;
દુરાચારી દુર્જનીયા દમવા, છે હમોને હામ. અમારે૦ ૮
... ...
... ... અમારે૦ ૯
સિહણ સુત ભુખે મરશે, પણ કદી નહિ ખારો ઘાસ;
સાચો જે હરિજનનો બચ્ચો, પામશે નહિ કંઈ ત્રાસ. અમારે૦ ૧૦
... ...
... ... અમારે૦ ૧૧
મહા પ્રભુની આજ્ઞા ધારવા, છે હૈયે અમારે હામ;
જ્ઞાનની ગુટી ઘસી ઘસીને, પીવરાવવાનું છે કામ. અમારે૦ ૧૨

ત્યાગી ગૃહી આચારજ સૌ, થઈ જાઓ એકતાર;
સત્સંગમાંના કુસંગને આજે છેદી કાઢો બહાર. અમારે૦ ૧૩
... ...
... ... અમારે૦ ૧૪
તાડો નસાડો ભગાડો ભાઇઓ, આળસ ઇર્ષ્યા છળ;
લાવી વસાવો નિજ હૃદય મંદિરે, હરિ વંશ અચળ. અમારે૦ ૧૫
અવિદ્યાના ગાઢ તિમિરને, સત્સંગ સૂર્યે છેદો;
બાળ વદે છે કુસંપ કુનીતિને, ધર્માશ્રયથી ભેદો. અમારે૦ ૧૬

ચોસરોનું સાંકળિયું

ભક્તિવિલાસ

ભક્તિવિલાસ–પ્રગટ મહિમા

બાર રાશિ

સાત વાર

થાલ

આરતિઓ

લીલા વર્ણન

શ્રી પ્રેમાનંદ કાવ્ય

ભક્તિવિલાસ

પદ ૧ લું-રાગ સોહની-ધ્રુપદ-ચૌતાલ

એ ગાવે પીયા પ્યારી, ધ્રુપદ સપ્ત સૂર તીનગ્રામ;
એક વીસ મૂર્છના લેત બનાઈ. એ ગાવે૦ ટેક.
આરોહી અવરોહી, અસ્તાઈ સંચાઈ;
ધૂરન મૂરન બરન બરન પરન બજાઈ. એ ગાવે૦ ૧
ગડગડથોં ગડગડથોં, ધુમકટતક્ ધુમકટતક્;
તાંધિલાંગ્ તાધિલાંગ્ મરદંગ બાજત સોહાઈ. એ ગાવે૦ ૨
પ્રેમાનંદ કહે પ્યારી, લેત તાન તનનનનન;
પ્રશંસિત શ્યામ લેત કંઠ ભુજ લગાઈ. એ ગાવે૦ ૩

પદ ૨ જું

કેસરકો તિલક ભાલ અત રસાલ;
માનુ મરાલ બાલ લટક ચલત લાલ નેનનકે તારે. કેસર૦ ટેક.
અધર મધુરી બૅન, ચંચલ ચપલ નૅન;
સૅન હું મૅં હરત, મેરે પ્રાણ પ્યારે. કેસર૦ ૧
નીલ કલેવર, ચંદનકી કીને ખોર;
વૈજયંતિ માલ ઉર પીત બસન ધારે. કેસર૦ ૨
કરુનાનિધાન કહાન, હરત મન્મથકો માન;
પ્રેમાનંદહુંકે પ્રાણ નાથ હમારે. કેસર૦ ૩

પદ ૩ જું

એ દેખે ચાર ચંદ એક ઠોર;
જુગલ ચંદ બરન નીલ જુગલ શશિ સોહત બરન ગોર. એ દેખે૦ ટેક.

નિરખ રહી નિતંબિની, નવલ પીયા કે સંગ;
નયે નયે નેહ ભરી રવિજા ઓર. એ દેખે૦ ૧
ચંદ સંગ ચાર કીર, ચાર કુંદ ચાર પ્રવાલ;
ચાર મીન અલિ ચાર ફલ, ચાર અષ્ટ ચકોર. એ દેખે૦ ૨
પ્રેમાનંદ પરમ સુંદર છબી, વિલોકી થકીત ભયો;
અટકી રહ્યો તહાં મન મોર. એ દેખે૦ ૩

પદ ૪ થું

એ લીને સરસ સાર ઉપચાર;
કરન વિહાર પ્યારી ભેટલે ચલી વૃષભાન દુલારી. એ લીને. ટેક.
કરકેં સિંગાર લીને, ફુલ ચાર ફલ ચાર;
ચાર ચતુર પદ ખાગ ચારી. એ લીને૦ ૧
નવ સપ્ત સજ સોહાગ, પીયા સંગ અનુરાગ;
બડભાગ દેખન લાગ રસ ભરી નારી. એ લીને૦ ૨
ઓર હું અનેક ભાવ, નૈન બૈન સૈનહુંમેં;
પ્રેમાનંદ કરકે રિઝાયે ગિરિધારી. એ લીને૦ ૩

પદ ૫ મું—રાગ સોહની તાલ ચંપક

છેલા તારી છેલ છબીલી મીઠી બોલનીરે, છેલા૦
મનમોહન મીઠી બોલનીકિ સમ, ઓર નહિં જગ તોલનીરે, છેલા૦ ૧
બોલનીમેં બસ ભયો મન મેરો, મિટ ગઈ ડગમગ ડોલનીરે, છેલા૦ ૨
બચન સુધાઝરી જન મન ઉપર, બરસત પરમ અમોલનીરે, છેલા૦ ૩
પ્રેમાનંદ બસ ગઇ દીલમેં, તિલ છબી કરન કપોલનીરે, છેલા૦ ૪

પદ ૬ ઠું

લાલા તેરી લટકનીમેં લલચાઈ રે, લાલા૦
લટકતી ચાલચલત મનમોહન, મધુર મધુર મુસકાઈ રે, લાલા૦ ૧
જબ દેખું મોહન રંગ ભીને, આનંદ ઉર ન સમાઈ રે, લાલા૦ ૨
લટકતી ચાલ લાલ દ્રગ ચંચલ, બીનુ દેખેં કછુ ન સોહાઈ રે, લાલા૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ મુરતિ, નિરખત ધ્યાન લગાઈ રે, લાલા૦ ૪

પદ ૭ મું

કહાના તેરી મુસકનીમેં મન લાગોરે, કહાના૦
મુસકની મંદ બિલોકી સુંદર, ભવસંકટ દુઃખ ભાગો રે, કહાના૦ ૧
કુલકી લાજ સંસારકો નાતો, તોડ દીયો જેસેં ધાગો રે, કહાના૦ ૨
સુખસંપત પરિવાર પ્રાણ મોરે, તુમપર વારીકેં ત્યાગો રે, કહાના૦ ૩
પ્રેમાનંદ કહે મન મુરતિમે, અચલ હોઈ અનુરાગો રે, કહાના૦ ૪

પદ ૮ મું

હો કહાના તેરે કારને વેરાગન ભઇહું રે, કહાના૦
લોક કુટુંબ પરિવાર છાંડીકે, ગોકુલ આયકે રહંહું રે, કહાના૦ ૧
તેરે રંગ રંગ્યો અંતરપટ, કર જપ માલા લઇહું રે, કહાના૦ ૨
સુંદર બદન કમલ છબી દેખન, નિશદીન ફેરી દઇહું રે, કહાના૦ ૩
પ્રેમાનંદકે નાથ મેં તેરી, તુમ બિના ઓર ન ચઇહું રે, કહાના૦ ૪

પદ ૯ મું–રાગ મારુ સોહુનિ

લાગો થાસું નેહ નંદાજીરા લાલ, લાગો૦ છેલા મોઇજાં દેખી થારી ચાલ. લા૦ ટેક.
છેલકુંવર થાંરો વદન વિલોકી, હોઇજાં મે અધિક નિહાલ, લાગો૦ ૧
મુસકનીમેં મન મોઈ રયો છે, સુણી થારાં બચન રસાલ, લાગો૦ ૨
માનનિ મનરંજન મારુ થારી, ચિતવની ચપલ ગોપાલ, લાગો૦ ૩
પ્રેમાનંદરા નાથ રહો ઉર, દિનાનાથ દયાળ, લાગો૦ ૪

પદ ૧૦ મું

પનામારુ થે મારા શિરદાર, પના૦ છેલા છોજી હિયારા હાર. પના. ટેક૦
હાર હિયારા છો નટનાગર, નેણતણા શણગાર, પના૦ ૧
નંદરા નંદન માને વાલા લાગો છો, પ્રિતમ પ્રાણ આધાર, પના૦ ૨
રૂપ રસાલ લાલ થાંને દેખી, મોંઇછે સબ વ્રજનાર, પના૦ ૩
પ્રેમાનંદરા પ્રાન જીવન છો રસિયા નંદકુમાર, પના૦ ૪

પદ ૧૧ મું

મારો મન બંસિ બજાય લીયો, મારો૦ કહાના કામણ કાંઈ કીયો, મારો૦ ટેક૦
કામ કાજ માને કાંઈ ન સૂઝે, જીવ થાંસું લાગી રીયો, મારો૦ ૧

વાટ ઘાટ માંને જાતાં વલતાં, નજર મેલાવો દીયો, મારો૦ ૨
તબ મારું માનેં ચેંન પડે છે, નિરખી ઠરે છે હીયો, મારો૦ ૩
પ્રેમાનંદરા નાથ સનેહિ, કોટી વરીસોંથેં જીયો, મારો૦ ૪

પદ ૧૨ મું

થાંસું મન માન્યો છેજી રંગ છેલ, થાંસું૦ આજ આવો મોહન મારે મેલ, થાં૦ટેક.
નેન પલક સુંપિયા થારે કારન, છેલ બિહારી ગેલ, થાંસું૦ ૧
સેજ સમારી થારી વાટ જોવા છાં, નંદકુંવર રંગરેલ, થાંસું૦ ૨
મનમોહન થાંને મરદન કરસાં, અતર સરસ ફુલેલ, થાંસું૦ ૩
પ્રેમાનંદરા નાથ પધારો, અવિનાશી અલબેલ, થાંસું૦ ૪

પદ ૧૩ મું-રાગ પરજ

મનના માનેલ માવરે, આવો વાલા મનના માનેલ માવરે, આવો૦ ટેક૦
અમે અબલા વાલા દાસ તમારાંરે, અમપર આવડલો શ્યો દાવરે. આવો. ૧
મોતિડાં વેરાવું વાલા ચોક પૂરાવુંરે, દૂધડે પખાલું તારા પાવરે. આવો. ૨
એકવાર વાલા મારે મંદિર પધારોરે, જોવા મારા દલડાંનો ભાવરે. આવો. ૩
પ્રેમાનન્દના સ્યામ મનોહર, નંકાર ન થઇયેં નાવરે. આવો. ૪

પદ ૧૪ મું

છેલ છબીલા કહાનરે, ઘેલાં કિધાં છેલ છબીલા કહાનરે. ઘેલાં. ટેક૦
મનમોહન મારું મન હરી લીધું, શ્યામ સુંદર ગુણવાનરે. ઘેલાં. ૧
મીઠી મીઠીરે મુખ મોરલી વાઇને, ગાઇને તે સુંદર તાનરે. ઘેલાં. ૨
વશ કીધી વાલમ ગિરિધારી, મારી નેણાં કેરી સાનરે. ઘેલાં. ૩
પ્રેમાનન્દ કહે જન્મ સુધાર્યોરે, દીધું જીવન કેરું દાનરે. ઘેલાં. ૪

પદ ૧૫ મું

મોરલિયેં મન મોયુંહો, માવા તારી મોરલીયે મન મોયુંહો. માવા. ટેક૦
હલવે હેતમાં સાન કરીને, કામણગારિ મિટયેં જોયું હો. માવા. ૧
તે દહાડાની હું તો ઘાયલ થઇછુંરે, જીવત સુખ સર્વે ખોયું હો. માવા. ૨
લોક કુટુંબની આશ તજીને, ચરણ કમળ ચિત્ત પ્રોયુંહો. માવા. ૩
પ્રેમાનન્દ કહે તમને મળીને, જન્મ મરણ દુઃખ ખોયું હો. માવા. ૪

પદ ૧૬ મું.

જીવન પ્રાણ આધાર છો, માવા મારે જીવન પ્રાણ આધાર છોરેહો. માવા.ટેક
તમ ઉપર શામળિયારે વાલા, મેં તો તન ધન ધોળ્યું પરિવારરેહો. માવા. ૧
પ્રાણ જીવન વાલા છો મુજને, છોજી મારા હૈડાંના હારરેહો. માવા. ૨
જનમ સંગાથિ શામળીયા વાલા, મારા નયણ તણા શણગારરેહો. માવા. ૩
પ્રેમાનન્દ કહે ઘડીયે ન મેલું વાલા, સુખના સાગર સારરે હો. માવા. ૪

પદ ૧૭ મું-રાગ પરજ

સ્યામસુંદર ગિરિધારી હો, મિઠડા સ્યામસુંદર ગિરિધારી, હો મિ૦ ટેક.
મિટલિયે મારું મન હરિ લીધું રે, મરમ ભર્યો ભારી, હો મિ૦ ૧
મુખની વાણી મીઠી હવે મેં તો જાણી રે, કીધી મુને જગથી ન્યારી, હો મિ૦ ૨
મુરતિ તમારી લાગે છે પ્યારી રે, નખ શિખ છે જો કામણગારી, હો મિ૦ ૩
પ્રેમાનંદ કહે હવે નહી મેલું રે, સરવસ નાખું વારી વારી, હો મિ૦ ૪

પદ ૧૮ મું

સ્યામ સુરત પર મોઇ, હો શામળા સ્યામ સુરત પર મોઇ. હો શા૦ ટેક.
તનમન મારું તમપર વારું રે, રાખું મારા જીવડલામાં પ્રોઇ. હો શા૦ ૧
માટેથારે તમને ઘડિયે ન મેલું રે, નિશદિન જીવું તમને જોઇ. હો શા૦ ૨
લોક કુટુંબથી નથી બીતિ રે, સ્યું કરસ્યે ધોળ્યાં કોઇ. હો શા૦ ૩
પ્રેમાનંદ કહે તમ ઉપર વાલા, સર્વસ નાખું હું તો ખોઇ. હો શા૦ ૪

પદ ૧૯ મું

વાલા મારે ઘેર આવો, હું વારિ જાઉં વાલા મારે ઘેર આવો, હું વા૦ટેક.
મારે ઘેર આવો મુને હેતે બોલાવો રે, લટકા કરીને ભેળા ગાવો, હું વા૦ ૧
મિઠડે વેણે ને કંકોલેલ નેણે રે, સાન કરીને સમજાવો, હું વા૦ ૨
વાલા મને ભેટો ને દુઃખડા મેટો રે, તનના તાપ સમાવો, હું વા૦ ૩
પ્રેમાનંદને મનડે ભાવો રે, પ્રેમે અધર રસ પાવો, હું વા૦ ૪

પદ ૨૦ મું

કહાન કુંવર કામણગારા હો, નંદના કહાન કુંવર કામણગારા, હો નંદ૦ ટેક.
કામણ કીધાં મારાં મન હરી લીધાં રે, માણીગર મોરલીવારા, હો નંદ૦ ૧

જોઇને રહીછું વાલા પરવશ થઇછું રે, હવે મા રેજ્યો મુંથી ન્યારા, હો નંદ૦ ૨
પ્રિતડી જાણીને હેતે બંધાણીરે, છોજી મારા પ્રાણ થકી પ્યારા, હો નંદ૦ ૩
પ્રેમાનંદના રે સ્વામિ અંતરજામિ રે, જનમ સુધારણહારા, હો નંદ૦ ૪

પદ ૨૧ મું–રાગ પરજ

નેણામાં રાખું રે નેણામાં રાખું રે, નાથજીને જતન કરીને રે,
મારાં નેણામાં રાખું, ટેક૦
શિવ સનકાદિક શુક જેવા જોગી, હાંરે જેની વાટું જુવે છે લાખું રે, નાથ. ૧
છેલ છબીલાજીની મુરતિ ઉપર, હાંરે મારા પ્રાણ વારી વારી નાખું રે, નાથ. ૨
નયણે નિરખી હરિને ઉરમાં ઊતારું,હાંરે એના ગુણડા નિશદીન ભાખું રે, નાથ. ૩
પ્રેમાનંદ કહે હરિરસ અમૃત, હાંરે હું તો પ્રેમ કરી નીત ચાખું રે, નાથ. ૪

પદ ૨૨ મું

અળગા ન મેલું રે અળગા ન મેલું રે, નાથ તમને આંખડલિથી રે
અળગા ન મેલું. ટેક.
મદન મોહન તારી મુરતિ જોઇને, હાંરે મારું મનડું થયું છે ઘેલું રે, નાથ. ૧
લોક કુટુંબ પરિવાર તજીને, હાંરે મેં તો તમ સંગ બાંધ્યું છે બેલું રે, નાથ. ૨
પ્રાણ જીવન તમે પાસે રાખ્યાનું, હાંરે મને વચન દીધું છે વેલું રે, નાથ. ૩
પ્રેમાનંદ કહે જોઈ જોઈ જીવું, હાંરે તારું મોલિડું રંગનું ભરેલું રે, નાથ. ૪

પદ ૨૩ મું

નહિ દીયું જાવારે નહિ દીયું જાવારે, નાથ તમને આંખડલિથી રે,
નહિ દીયું જાવારે. ટેક.
જીવની પેઠે જાળવીને રાખીશ, હાંરે એક લગારે ન દેઊં દુખાવા રે, નાથ. ૧
મન ગમતાંરે ભોજન રાંધી જમાડું,હાંરે લાવું સાકર નાંખીને દૂધ પાવા રે, નાથ. ૨
શ્વેત અંબર અતિ ઝીણા લાવું, હાંરે મારા પ્રાણ તમને પેરાવા રે, નાથ. ૩
જાવાનુંરે તમે નામ લીયો તો, હાંરે પ્રેમાનંદના સમ છે માવા રે, નાથ. ૪

પદ ૨૪ મું

આવાને આવારે આવાને આવારે, રહેજો મારી આંખડલિમાં રે
આવાને આવા– ટેક.
આવાને આવા મારા નાથ બિરાજો,હાંરે મારા તનના તાપ બુઝાવા રે, રેજો. ૧

ડોલરિયાના નિત હાર પેરાવું, હાંરે રુડા તોરા લાવું લટકાવા રે, રેજો. ૨
અમ્રત વેણે સુકોમલ નેણે, હાંરે અતિ અમ્રત ઝડી વરસાવા રે, રેજો. ૩
પ્રેમાનંદ કહે નાથજી આગે, હાંરે રહું હાજર નિશદીન ગાવા રે. રેજો. ૪

પદ ૨૫ મું–રાગ પરજ

થે મારા છોજી પ્રાણ રસિયા, મહારાજ મારા શ્યામ. થે૦ ટેક.
પ્રાન મારા છોજી થેં દ્રગ તારા, પ્યારા પરમ સુજાન. રસિ૦ ૧
નંદરાનન્દન થે છોજી જગવંદન, છેલ છબીલા કહાન. રસિ૦ ૨
દાસી હું થારી છેલા ગિરિધારી, થે મારા દ્રગ ભાન. રસિ૦ ૩
શ્રીઘનશ્યામ પીયાં થાંકે ઉપર, પ્રેમાનન્દ કુરબાંન. રસિ૦ ૪

પદ ૨૬ મું

થે મારા સિરદાર પ્યારા, નંદલાલ નેણારા તારા. થે૦ મા૦ ટેક.
બ્રજરા જીવન માને વાલા લાગો છો, રસિયા નંદકુમાર. પ્યારા૦ ૧
ગોકુળચંદ ગોપિકા જીવન, ગોપી પ્રાણ આધાર. પ્યારા૦ ૨
મોરલીધર મન વસીયા છો મારે, હરજી હિયારા હાર. પ્યારા૦ ૩
પ્રેમાનંદ કે' પનામારુ મારી, સેજતણા શણગાર. પ્યારા૦ ૪

પદ ૨૭ મું

થે ઉરા આવો છેલ નંદરા, બાજુબંધ બાંધુ થાંને ગજરા. થે ઉરા૦ ટેક.
છેલ કુંવર થાંરી પાગ સુધારાં, છોગાં મોતિડાંરા મેલ. નંદ૦ ૧
મદનમોહન થાંને મરદન કરસાં, અતર તેલ ફૂલેલ. નંદ૦ ૨
જગરા જીવન થાંને જોઇ જોઇ જીવાં, રસિયાજી છો રંગરેલ. નંદ૦ ૩
પ્રેમાનંદરા પ્યારા પધરાસાં, પલંગ ઉપર અલબેલ. નંદ૦ ૪

પદ ૨૮ મું

થે આછા લાગો રાજ માને, મોઇછાં છેલ જોઈ થાંને. થેઆ૦ ટેક.
નંદરા કુંવર માને આછો લાગે થાંરો, રૂપ રસાલ સમાજ. માને૦ ૧
થાંને જોવા મારુજી મેં છાંડી, લોક કુટુમ્બરી લાજ. માને૦ ૨
ગોકુલ ગામમેં આઇ વસીછાં, કહાન કુંવર થાંરે કાજ. માને૦ ૩
પ્રેમાનંદરા પ્યારા માને પાવો, અધર સુધારસ આજ. માને૦ ૪

પદ ૨૯ મું–રાગ પરજ

હોજી મોરે જીવન બીસર મત જાયે રે. હોજી૦ ટેક.
એક આસ તેરે ચરન કમળકી, આંન ભરોસોં મોયે નાયેરે. હોજી૦ ૧
દુરબલ દીન જાની મન મોહન, દીજેં દરસ બોલાયેરે. હોજી૦ ૨
નિશવાસર તેરે નામકી માલા, જપતી રહું મન ભાયેરે. હોજી૦ ૩
પ્રેમ સખી બોલાયી ચરનમે, બેગે અધર રસ પાયેરે. હોજી૦ ૪

પદ ૩૦ મું

હોજી મોરે નેહરા નિભાવન શ્યામ. હોજી૦ ટેક.
તુમ કારન મોરે રસિક સાંવરે, છાંડ્યો લોક કુલ ગામ. હોજી૦ ૧
નેહ લગાયકે છેહ ન દીજે, સુનિયે સજન સુખધામ. હોજી૦ ૨
નીજજન જાની વિસારી અવગુન, દીજેં દરસ અભિરામ. હોજી૦ ૩
પ્રેમસખી કબ મિલિહો નાથ મોહે, પાવન પૂરનકામ. હોજી૦ ૪

પદ ૩૧ મું

હોજી મોરે સાંવરે સનેહી મીત. હોજી૦ ટેક.
મોં ગુનહીન દીનકી બિનતી, સુનીએ પરમ પુનીત. હોજી૦ ૧
કે રાખો મોયે શ્યામ ચરનમે, કે રહો પીયા મોરે ચીત. હોજી૦ ૨
સુંદર શ્યામ ચતુર ગુન પૂરન, જાનત પ્રીતકી રીત. હોજી૦ ૩
પ્રેમસખીકે જનમ સંગાથી, શ્યામ નીભાવન પ્રીત. હોજી૦ ૪

પદ ૩૨ મું

લાગે મોરે રસિયાજી રાજી રાજીવનેન. લાગે૦ ટેક.
ખંજન મીન મધુપ મૃગલોચન, ઇનહીને ચંચલ એન. લાગે૦ ૧
કમલનયનકી કરક કયેજે,* કરીકતહેં દિન રેંન. લાગે૦ ૨
બોલત બિધુ તે અમીકન બરખત, બીસરત નહીં મીઠે બેંન. લાગે૦ ૩
પ્રેમસખી જબ દેખું દ્રગન ભરી, તબ આનંદ સુખ ચેંન. લાગે૦ ૪

પદ ૩૩ મું–રાગ પરજ દેશી

આવો રાખુંરે રાજેંદ્ર નેણામાં ચોરી,
નેણામાં ચોરીરે છોગા જીવન દોરી. આવો૦ ટેક.

---

* "કમલ નયનકી કટક કલેજે, ખટકત હે દીનરેન" આવો અર્થ સંભવે છે.

પ્રાણજીવન સારુ પરવશ થઇછું વાલા;
રસિયાજી જોવા રૂપચંદ જ્યુંચકોરી. આવો૦ ૧
રંગના રસિલા છેલા આવો એકેલા વાલા;
ભુજ ભરી મલિયે રસબસ ઝકઝોરી. આવો૦ ૨
મીંટથી તમને માવા ઘડિયે ન મેલું વાલા;
પ્રાણ સંગાથે જડી રાખું જોરાજોરી. આવો૦ ૩
પ્રેમ સખીના નાથ શ્યામ સોહાગિ વાલા;
લગની લાગી છે રસિયાજી મુને તોરી. આવો૦ ૪

પદ ૩૪ મું

રસિયાજીરે પ્રીતમ પ્યારા અલબેલા;
પ્યારા અલબેલા રે વાલા લાગો નંદ છેલા. ટેક૦
શ્યામ સનેહિ મારા ઉરપર રાખું વાલા;
કેડે કેડે હીંડું રે જોતી ન મેલું એકલા. રસિ૦ ૧
પ્રાણથી પ્યારા મારી આંખડલિના તારા વાલા;
રસના રસિલા છોજી રંગડાના રેલા. રસિ૦ ૨
મોહન તમે મારા જીવ સાથે જડિયા વાલા;
ઘડિયે ન મેલું રે ન્યારા રંગના રસિલા. રસિ૦ ૩
પ્રેમસખીના નાથ ન મેલું સાથ વાલા;
અખંડ રાખું રે નેણે આવો ઓરા છેલા. રસિ૦ ૪

પદ ૩૫ મું

ઘેલાં કીધાં રે મોહન ગિરધરિયા;
મોહન ગિરધરીયા રે મારાં મનડાં હરિયાં જો. ઘેલા૦ ટેક.
જમુનાની તીરે તમે વેણ વગાડી વાલા;
સાંભળતામાં પ્રાણ પરવશ કરિયાં જો. ઘેલા૦ ૧
તમને જોવાને અમે વ્યાકુળ થઇછું વાલા;
પાણિડાને મિષે જોવા નિસરીયાં જો. ઘેલા૦ ૨

લોકની લાજ મરજાદ તજીને વાલા;
આવ્યાં વાલાજી હરખે ભરિયાં જો. ઘેલા૦ ૩
પ્રેમસખીના તમે શ્યામ મનોહર વાલા;
તમને જોઇને મારાં હૈડાં ઠરિયાં જો. ઘેલા૦ ૪

પદ ૩૬ મું

મન મોયુંરે મોહન મરમાળાજી,
મોહન મરમાલા રે છો તમે કાનડ કાલાજી. મન૦
વ્રજનારીને તમે વશ કરી લીધી વાલા;
લટકા કરીને છેલ છોગાલાજી. મન૦ ૧
શોભા જોઇને કોટિ કંદર્પ લાજે વાલા;
ડોલરિયા છો બહુ રૂપાલાજી. મન૦ ૨
શોભાના સાગર નોતમ નાગર વાલા;
માંણિગર છૌ મોરલી વાલાજી. મન૦ ૩
પ્રેમસખી જોઈ ઘાયલ થઈ છે વાલા;
મરમ ભર્યાં રે નયણુંના ચાલાજી. મન૦ ૪

પદ ૩૭ મું—રાગ પરજદેશી

એક વાર આવો વાલા મંદિરમાંયે રે;
મોહી લટકાલા તોરી ચાલ, કોડિલારે કહાન. એક ટેક.
શેરિયું વલાવું વાલા ચોક પૂરાવું;
મોતીડે વધાવું ભરી થાલ, કોડિલારે કહાન. એક૦ ૧
કેસર ચંદનની વાલા આડ્ય બનાવું;
ચાંદલિયો ચોડું તોરે ભાલ, કોડિલારે કહાન. એક૦ ૨
રુમ ઝુમ કરતાં મારે મંદિર પધારો;
મોર મુગટ ધરિ લાલ કોડિલારે કહાન. એક૦ ૩
પ્રેમસખી જાયે તારે વારણે રે;
મન માન્યા રે નંદલાલ, કોડિલારે કહાન. એક૦ ૪

પદ ૩૮ મું

રસિયાજી વારી જાઉં મુખડાં ઉપરે,
મિઠડાં લાગે છે તારા વેણ, મરમાલા રે માવ, રસિ૦ ટેક.
મરમ ભરી છે વાલા મોહન મૂરતિ,
કંકોલેલ કાજુ નેણ, મરમાળા રે માવ, રસિ૦ ૧
કહાન રંગિલી વારી મૂરતિ જોઇને,
મનડું થયું છે મારું મેણ, મરમાલા રે માવ, રસિ૦ ૨
હરખી રયું છે વાલા મળવાને મનડું,
આવોને મળિયે સુખદેણ, મરમાળા રે માવ, રસિ૦ ૩
રસિયાજી તમે મારે મનડે રે વસિયા,
પ્રેમસખીના શેણ, મરમાળા રે માવ, રસિ૦ ૪

પદ ૩૯ મું

ઓરા આવોને વાલા પૂછું વાતડી,
ક્યાં રમ્યા રંગભર આજ, છોગાલા રે છેલ, ઓરા૦ ટેક.
નિદ્રાલું નેણાં વાલા આલસ અંગમાં,
કોને ક્યાં જાગ્યા મહારાજ, છોગાલા રે છેલ, ઓરા૦ ૧
કેઈ સખીને વાલા મોહોલે જઈ થાકયા,
સાર્યાં કેનાં ગુણવંત કાજ, છોગાલા રે છેલ, ઓરા૦ ૨
કેતાં જાઓને વાલા શું થાઓ આકલા,
શુંરે આણો છો આવડી લાજ,છોગાલા રે છેલ, ઓરા૦ ૩
પ્રેમસખી કે' વાલા નહિ તમને રોકીયે,
કહીને જાજ્યો વાજે વાજ, છોગાલા રે છેલ, ઓરા૦ ૪

પદ ૪૦ મું

સાચું બોલોને વાલા સુંદર શામલા,
ભલે પધાર્યા મારા શ્યામ, માણિગર હો માવ, સાચું૦ ટેક.
ભોર ભયે વાલા અમ ઘેર આવિયા,
રજની તે વીતી કેને ધામ, માણિગર હો માવ, સાચું૦ ૧

કઈ ઠગારી નારે તમને રે ભોળવ્યા,
રસિયાજી શું છે તેનું નામ, માણિગર હો માવ, સાચું૦ ૨
છેલા છબીલા વાલા થાક્યા છો રાતના,
ઘડિયેક કરો આરામ, માણિગર હો માવ, સાચું૦ ૩
પ્રેમસખી કે' જોઈ ઉરમાં ઉતારું,
વારુ કોટીક કામ, માણિગર હો માવ, સાચું૦ ૪

પદ ૪૧ મું–રાગ પરજ દેશી

મારે મંદિર પધારોને માવારે, મીઠડા જોઉં તારી વાટડલી,
હું તો ઉભી છું મોતીડે વધાવારે, ખાંતેસું ઢાળી ખાટડલી. મીઠ૦ ટેક.
આવો છબીલા વાલા છેલ ગુમાની,હાંરે તારી મૂર્ત્તિ મારે મન માનીરે. મીઠ૦ ૧
મન ગમતા મારે મંદિર આવો, હાંરે મારા તનડાના તાપ સમાવોરે. મીઠ૦ ૨
છેલ છોગાલા આવો કહાનડકાળા, હાંરે ગાતા આવો પરજના ઢાળારે. મીઠ૦ ૩
પ્રેમાનંદના વાલા છેલ છોગાળા, હાંરે ઉભી ફેરું તારા નામની માળારે. મીઠ૦ ૪

પદ ૪૨ મું

ઓરા આવોને ગિરિધર ઘેલારે, રસિયા કહું એક વાતડલી,
વાલા લાગો છો સુંદર છેલારે, જોઇને ઠરે મારી છાતડલી. ઓરા ટેક.
ઓરા આવોને પ્યારા મોહન દાણી, હાંરે તારું રૂપ જોઇને લલચાણીરે. રસિ૦ ૧
મોહન તમને મારા નેણામાં રાખું, હાંરે મારા પ્રાણ વારી વારી નાંખુંરે. રસિ૦ ૨
મનડું લોભાણું તારા મોલીડાને તોરે,હાંરે તારાં નેણાં મારું ચિતડું ચોરેરે.રસિ૦ ૩
પ્રેમાનંદનારે નાથ છો વાલા, હાંરે મારા પ્રાણજીવન નંદલાલારે. રસિ૦ ૪

પદ ૪૩ મું

માડી મુજપર મોહિની નાંખીરે, કહાનુડે કો'ને કેમ કરીએ,
એને જોઇને લોભાણી મારી આંખીરે, કામણીયાં કીધાં છે હરિએ. માડી. ટેક.
વાલી લાગે છે એના મુખડાની વાણી, હાંરે મને લાગું એની આંખડલીનું
પાણીરે. કાનુ૦ ૧
મનડું મોયું છે મારું ફુલડાને તોરે, હાંરે મને મારી વાલે નેણાની કોરેરે. કાનુ૦ ૨
જોયા વિના મારે ઘડીએ ન ચાલે, હાંરે કીધી ઘાયલ ચતુર નંદલાલેરે. કાનુ૦ ૩
પ્રેમાનંદનો વાલો સુંદર છેલો, હાંરે મારા ઉરમાં ખુંતો અલબેલોરે. કાનુ૦ ૪

પદ ૪૪ મું

મને મારી વાલે નેણ કટારીરે, સજની હું તો નહી જીવું,
મારે ઘાવ લાગો અતિ ભારીરે, દરદે પાણી હું નહી પીવું. મને૦ ટેક.
એક કટારી બીજી મારી છે ભાલે, હાંરે ચકચુર કીધી છે નંદલાલેરે. સજ૦ ૧
પ્રેમ કટારી મારા અંગમાંરે વાગી, હાંરે મેં તો જીવત આશા ત્યાગીરે. સજ૦ ૨
વેંધી વાલેજી આંખડલીની અણીયે, હાંરે હવે રાત દિવસ કણકણીયેરે. સજ૦ ૩
પ્રેમાનંદને વાલે હસીનેરે હરિયે, હાંરે કરી ઘાયલ બજાડી બંસી ઘેરીરે. સજ૦ ૪

પદ ૪૫ મું–રાગ પરજ દેશી

લાગે પ્યારી લાગે પ્યારી, કહાન મૂરતિ તમારી. લાગે. ટેક
પ્રાણથકી પલ એક ન મેલું, નટવર નવલબિહારી. કાન૦ ૧
જતન કરીને આંખડલીમાં રાખું, પ્રાણ નાખું વારી વારી. કાન૦ ૨
છેલ કુંવર છબીલા જોઇને દિવાની, ગોકુલ ગામની નારી. કાન૦ ૩
પ્રેમાનંદના નાથ ડોલરીયા, હૈડાના હાર છો હજારી. કાન૦ ૪

પદ ૪૬ મું.

રૂપ જોઇ રૂપ જોઇ, રસિયાજી રાજ મોઇ; રૂપ. ટેક.
જોયા જેવી છે રુડી ચાલ તમારી, પ્રાણ લીધા છે મારા પ્રોઇ. રસિ૦ ૧
મોતીડાં સરીખું વાલા હસવું તમારું, ચિતવની રાખું ચિતચોઇ. રસિ૦ ૨
કમળા સરીખી ચતુર કહાના તમારાં, ચરણ પાયે છે નિત ધોઈ. રસિ૦ ૩
પ્રેમાનંદના પ્યારા તમ જેવા સુંદર, ત્રિભોવનમાં નઈ કોઈ. રસિ૦ ૪

પદ ૪૭ મું

મન મોયું મન મોયું, છેલ નેણુંને નજરે મન મોયું. મન૦ ટેક
સામું જોઇને તમે શું કરી દીધું, ઉભા રહી જમુનાનિ આરે. છેલ૦ ૧
કાંઇક કામણ કીધું મુજ ઉપર, ગિરિધર આંખ્યુંને અણસારે. છેલ૦ ૨
પ્રાણજીવન મુને વશ કરી લીધી, હર્યું ચિત હસવે તમારે. છેલ૦ ૩
પ્રેમાનંદના પ્યારા નથારે રેંવાતું, જોયા વિના જાદવ વારેવારે. છેલ૦ ૪

પદ ૪૮ મું

રંગભિના રંગભિના, લાલ પ્યારા નંદજીના. રંગ૦ ટેક.
પ્રીતડી કરીને પ્યારા પલ નહિ મેલું, પરમ ચતુર પરવિના. લાલ૦ ૧

પ્રાણ થકી કહાના વાલા છો મુજને, ઓઢનારા કાળી કામળીના. લાલ૦ ૨
હૈડાના હાર શણગાર નેણુંના, ચઢનારા રુડી ચાખડીના. લાલ૦ ૩
પ્રેમાનંદ કહે લટકાં તમારાં, છેજો જીવનમુળિ દરદીના. લાલ૦ ૪

પદ ૪૯ મું–રાગ પરજ દેશી

મુને તારા મુખની માયા લાગી રે, સલુણા શ્યામ સોહાગી.
માણિગર હું તો તારા મોલિડામાં મોહી માવા;
રસિયાજી રૂપ જોઇ અનુરાગી રે. સલુ૦ ૧
સાંભળી સુંદર તારા મુખડાની વાણી વાલા;
હવે મારા મનની ભ્રમણા ભાંગી રે. સલુ૦ ૨
માવા મરમાલી તારી આંખડલિની રેખું રાતી;
આવી મારા ઉરમાં ઉંડી વાગીરે. સલુ૦ ૩
પ્રેમાનંદના પ્યારા હારહૈયાના કહાના વારી,
તમ કારણે થઈ વેરાગી રે. સલુ૦ ૪

પદ ૫૦ મું

ઓરા આવો છેલવર છોગાલારે, રંગીલા રસિયા રૂપાલા.
જુગતે કરીને જોવું મુરતિ તમારી મોહન;
કંકોલેલ કાજુ નેણાના ચાલા રે. રંગી૦ ૧
જગજીવન ભેટું ભાવ કરીને કહાના,
માણિગર મિઠાં બોલા મરમાલા રે. રંગી૦ ૨
ગુણિયલ હું તો તારા ગીતમાં ઘેલી પ્યારા,
મનોહર મોહન મોરલીવાલા રે. રંગી૦ ૩
પ્રેમાનંદના પ્યારા નેણાના તારા મારા,
વાલા મુને લાગો કહાનડ કાલા રે. રંગી૦ ૪

પદ ૫૧ મું–રાગ પરજ દેશી

નાથ આવો રે નેણુંમાં રાખું, હાંરે નેણુંમાં રાખું રે નેણુંમાં રાખું. નાથ૦ ટેક.
નેણુંમાં રાખું મારા છેલ ગુમાનિ, હાંરે તનમનરે પ્રાણ વારી નાખું. નાથ૦ ૧

જતન કરિને રાખીશ જીવન મારા, હાંરે ગુણડારે તમારા નિશદીન ભાખું. નાથ૦ ૨
નાથ મારે તમે રાજી રહો એક, હાંરે બિજા દુખાયરે મર કોડગું લાખું. નાથ૦ ૩
પ્રેમાનંદના પ્યારા પરમ સનેહિ, હાંરે તમ ઉપરરે વારું વિશ્વ આખું. નાથ૦ ૪

પદ પર મું

શ્યામ મારારે પ્રાણથિ જો પ્યારા, હાંરે પ્રાણથિ જો પ્યારારે પ્રાણથિ જો પ્યારા. ટેક.
વાલમ મુને વાલા બહુ લાગો છો, હાંરે નહિ મેલુંરે નેણુંથિ ન્યારા. શ્યા૦ ૧
પ્રાણથી પ્યારા ઘનશ્યામ છબીલા, હાંરે કરી રાખુંરે આંખડલિના તારા. શ્યા૦ ૨
પ્રાણજીવન પાતલિયાજી મારે, હાંરે મન વસિયારે કહાન કામણગારા. શ્યા૦ ૩
પ્રેમાનંદના વાલા પ્રાણ સંગાથિ, હાંરે મારો જનમરે સુધારણ હારા. શ્યા૦ ૪

પદ પ૩ મું

લટકાળારે મન મોહ્યું મારું, હાંરે મન મોહ્યું મારું રે મન મોહ્યું મારું. લટ૦ ટેક.
શ્યામ સુંદરવર લટકાં ઉપર, હાંરે તનમન રે પ્રાણ લઇને વારું. લટ૦ ૧
લાલ ચટકતિ ચાલ તમારી, હાંરે અતિ હેતે રે ઉરમાંહી હું ધારું. લટ૦ ૨
આંટાદાર અનોપમ મોલિયું, હાંરે મને લાગે રે પ્રિતમજી પ્યારું. લટ૦ ૩
પ્રેમાનંદ કહે જોઈ જોઈ જીવું, હાંરે હસતું રે વદન અતિ સુંદર સારું. લટ૦ ૪

પદ પ૪ મું

વાલાં લાગે રે વાલમ વેણાં, હાંરે વાલમ વેણા વાલમ વેણાં. વાલા૦ ટેક.
વચનામૃત સાંભળવા મુખનાં, હાંરે સહું છું રે લોકલડાનાં મેણાં. વાલા૦ ૧
કંકોળેલ કાજુ કમલ સરિખાં, હાંરે દીલ ગમિયાંરે રાજીવ નેણાં. વાલા૦ ૨
અધર સુધારસ પાઓને પ્યારા, હાંરે આવો મલીયે મારા સુંદર શેણાં. વાલા૦ ૩
પ્રેમાનંદના પ્યારા અખંડ બીરાજો, હાંરે મંદરિયે રે શ્યામ સુખ દેણાં. વાલા૦ ૪

પદ પ૫ મું–રાગ પરજ દેશી

છબીપર વારીરે જાઉં બલિહારી,
વારી હું વારી હું વારીરે જાઉં બલિહારી. ટેક.
ઘોડલાંનિ ઘુંમરમાં આવે રે, ડોલરીયો ગિરિધારી રે. જાઉં૦ ૧
અજબ બની ઘનશ્યામ કુંવરની રે, કેસરની અસવારી રે. જાઉં૦ ૨
મોહન વરને જોઈ જોઈ મોહી રે, ગોકુલ ગામની નારી રે. જાઉં૦ ૩
શ્રી ઘનશ્યામ મનોહર મુરતિ રે, પ્રેમાનંદને પ્યારી રે. જાઉં૦ ૪

પદ ૫૬ મું

નેણુમાં રાખું પ્રાણ પ્યારાને,
પ્યારા ને પ્યારા ને પ્યારાનેરે પ્રાણ પ્યારાને. નેણુ૦ ટેક.
આંખડલિથી અલગો ન મેલું રે, રસિયા જીવન મારાને રે. પ્રાણ૦ ૧
જગજીવનને હું જોઈ જોઈ જીવું રે, નટવર નંદદુલારાને રે. પ્રાણ૦ ૨
હેત કરીને હૈયાપર રાખું રે, કહાનવર કામણગારાને રે. પ્રાણ૦ ૩
પ્રેમાનંદ કહે પલ ન વિસારું રે, હરિવર હાર હજારાને રે. પ્રાણ૦ ૪

પદ ૫૭ મું

રહી છું મોહીને રે છેલ જોઇને,
જોઇને જોઇને જોઇને રે છેલ જોઇને. રહી૦ ટેક.
નટવર નાગરે નેણુંને ચાળે રે, ચિત મારું લીધું છે પ્રોઇને રે. છેલ૦ ૧
અતિ હેતે રે મુને હસીને બોલાવી રે, શું કહીએ વાત કોઇને રે. છેલ૦ ૨
અલબેલી રે એની પાગને છોગે રે, મન મારું રાખ્યું છે ઠોઇને રે. છેલ૦ ૩
પ્રેમાનંદના નાથને વરી હું તો રે, લોક કુટુંબ લાજ ખોઇને રે. છેલ૦ ૪

પદ ૫૮ મું

મોતીયાં વાલોરે છેલ છોગાલો,
છોગાલો છોગાલો છોગાલો રે છેલ છોગાલો. છેલ૦ ટેક.
જર કસિયા રે જામા પેરીને ઉભો રે, શ્રી ઘનસ્યામ રૂપાળો રે. છેલ૦ ૧
હંસ ગતિ હરિ ચાલે હસતાં રે, મનમોહન મરમાળો રે. છેલ૦ ૨
ચિતવનીમાં મારું મન વશ કીધું રે, ચપલ ચતુર નેણ ચાળો રે. છેલ૦ ૩
પ્રેમાનંદને મનડે વસીયો રે, રસિયો કહાનવર કાળો રે. છેલ૦ ૪

પદ ૫૯ મું રાગ પરજ—દેશી

વારીવારી રે જાઉં વારી,
મારા વાલીડાના ઉજ્જ્વલ મોલિડા પર, જાઉં વારી; ટેક.
નીલ જલદ તન ચરચિત ચંદન, શ્વેત ધોતિ કટિ ધારી; મારા૦ ૧
અંગોઅંગ સોહે સુમન આભૂષણ, ઉરપર હાર હજારી; મારા૦ ૨
રૂપ શીલ ગુણ સુખના સાગર, ત્રિભુવનથી છબી ન્યારી; મારા૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ સુરતપર, તન મન ધન બલિહારિ; મારા૦ ૪

પદ ૬૦ મું

વાણી વાણી રે મીઠીવાણી,
મારા વાલાજીના સુંદર મુખડાની, મીઠી વાણી; ટેક.
વાણી સુણિને મોટા ભૂપતિએ મેલ્યો, સંસારિયો તુચ્છ જાણી; મારા૦ ૧
વાણીમાં મોટા મુનિવરનાં મન, લીધાં છે વાલે તાણી; મારા૦ ૨
ક્રમળા સરીખી કેડે ભમે છે, વેંણુમેં વેંધાંણિ; મારા૦ ૩
પ્રેમાનંદના નાથના હાથના, લટકામાં હું લોભાણિ; મારા૦ ૪

પદ ૬૧ મું

મોહી મોહીરે હું તો મોહી,
મારા વાલાજીનું રુડું રૂપ જોઇને, હું તો મોહી; ટેક.
ચતુરાનનની ચાતુરીમાં જોઈ, એવી આકૃતિ ન કોઈ; મારા૦ ૧
કોટી કંદર્પ થકીત થયા છે, લાવણ્યતા જોઈ જોઈ; મારા૦ ૨
એ રૂપ જોવા મુનિ વનમાં વસે છે, જીવત સુખ સર્વે ખોઈ; મારા૦ ૩
પ્રેમાનંદ કહે પલક ન મેલું, રાખું જીવડલામાં પ્રોઈ; મારા૦ ૪

પદ ૬૨ મું

આવો આવોરે ઓરા આવો,
મારા નેણામાં રાખું નાથજી રે ઓરા આવો; ટેક.
ઓરા આવોને મારા નવલ સનેહી, હેતે હસીને બોલાવો; મારા૦ ૧
હૈડાના હાર છો નેણાના તારા, ડોલરિયાજી દીલ ભાવો; મારા૦ ૨
નેણાંની આગે મારા નાથ બીરાજો, પ્રેમ સુધારસ પાવો; મારા૦ ૩
પ્રેમાનંદ કહે પ્રીતે વધાવું. એક વાર વદન દેખાવો; મારા૦ ૪

પદ ૬૩ મું–રાગ પરજ દેશી

સુંદર છેલ જોઈ રે જીતું હું તો, નટવર સુંદર છેલ જોઈ; સુંદર–ટેક.
પ્રાણજીવન પ્રીતમને હું તો, રાખું જીવડલામાં પ્રોઈ રે; જીતું૦ ૧
ધર્મકુંવર ઘનસ્યામથી મારે, બીજું વાલું નહી કોઈ રે; જીતું૦ ૨
શ્રીહરિકૃષ્ણકુંવરની હું તો, રૂપ છટાપર મોઈ રે; જીતું૦ ૩
પ્રેમાનંદનો નાથ ના દેખું તો, નેણાં મરે રોઈ રોઈ રે; જીતું૦ ૪

પદ ૬૪ મું

નેણાંનિ આગે રહો રે નાથ મારા, નિશદિન નેણાંનિ આગે રહો. નેણાં૦ ટેક.
મન કર્મ વચને માનીશ મોહન, જેમ તમે રાજ કહોરે; નાથ૦ ૧
કોટી જતન કરી રાખીશ રસિયા, પલકથી પલ ન ખહો રે; નાથ૦ ૨
કામ ક્રોધ મદ માન રિપુને, દયા કરીને દહો રે; નાથ૦ ૩
પ્રેમાનંદકે નાથ ક્યાંઈ ન જાતું, એવી દૃઢ ટેક ગ્રહો રે; નાથ૦ ૪

પદ ૬૫ મું

રાખીશ જતન કરી રે પ્રાણ મારા, જીવન રાખીશ જતન કરી. રાખી૦ ટેક.
નેણાંની આગેથી નહિ રે જાવા દેઉં, હૈડાના હાર હરી રે; પ્રાણ૦ ૧
તન મન પ્રાણ વારી ફેરી નાંખું, કટુક ન ભાખું જરી રે; પ્રાણ૦ ૨
તમથી વાલું બીજું કાંઇયે ન રાખું, દૃઢ ઉર ટેક ધરી રે; પ્રાણ૦ ૩
પ્રેમાનંદના નાથજી તમને, મન કર્મ વચને વરી રે; પ્રાણ૦ ૪

પદ ૬૬ મું

પ્રિતમ પ્રાણપતિ રે આવો ઓરા, નિરખું પ્રિતમ પ્રાણપતિ; પ્રિત૦ ટેક.
કોટિક કંદર્પ કરતા કેશવ, રૂપ તમારું અતિ રે; આવો૦ ૧
રૂપ જોવા લાખું વાંસે ફરે છે, મહામુનિ ધ્યાની જતિ રે; આવો૦ ૨
દુર્લભ દર્શન દેવ મુનિને, અગમ અગાધ ગતિ રે; આવો૦ ૩
દિવ્ય નરાકૃતિ નાથ થયા, સુણી પ્રેમાનન્દની વિનતિ રે; આવો૦ ૪

પદ ૬૭ મું-રાગ પરજ-ધ્રુપદ-ચૌતાલ

મેષહું ના પરત નેન એક ટક ચીતવત,
બદન કમલ વૃષભાનદુલારીરી; મેષ૦ ટેક.
મિથુન ઠાડે કરક* સીંગાર, સિંહ પોર નંદદ્વાર,
કન્યા કુંવર તુલ છબીપર કામ કોટી વારીરી. મેષ૦ ૧

---

* કરક=કર્કરાશિ-જુગલ જોડી શૃંગાર કરીને નંદરાયના દરવાજાપરની સિંહપોળમાં ઉભેલી છે.

વછ* કલ્પતરુ દ્વાર, ઠાડે પકડી જુગલ ડાર,
ધન નરનારી છબી લેત ઉર ધારીરી.
મુકર લે દેખાયી એક, નારી ઠારી કુંભ લીયે,
પ્રેમાનન્દ મીન ખંજન લાજે દૃગ નિહારીરી. મેષ૦ ૨

પદ ૬૮ મું

જેઠકો ઉજાગરો, અસાડ નાહીં નેન નિંદ,
શ્રાવનમે સુની શ્રવન ભાદોં ભુવન આવેંગે. જેઠ૦ ટેક.
કવાર† કર કર શોચ, કાતીક કમલ નેન,
અઘહન‡ આયે નાહીં, મદન સતાવેંગે. જેઠ૦ ૧
પોખમે પ્રણુતપાળ, માઘ§ નાહી નંદલાલ,
ફાગુનમેં ફાગ ખેલ આયકેં મચાવેંગે;
ચૈતહીમેં ચરન ધોઈ, કહે પ્રાન પ્રેમાનન્દ,
વૈશાકે આઈ નાથ નેહસું બોલાવેંગે. જેઠ૦ ૨

પદ ૬૯ મું

પરિવા પધારે લાલ, ભુખન બસન પેરી,
બીજુરીસી તિજલિયેં નીકસી રાધા પ્યારીરી; પરિવા૦ ટેક.
ચોથસોં બદન ચંદ, બાલોકગેકું આયે,
પીબા પાંચમ રૂ છઠ સાતમ આઠોં ઉજીયારીરી. પરિ૦ ૧
નવમીમેં નવલ લાલ, દશમી દરસ દેકેં,
એકાદશી અંક ભર મીલે ગિરિધારીરી.
બારસેં બોલાય તેરસ, ચૌદસેં તંબોલ દીનો,
પુરનમાસી પ્રેમાનંદ પ્રસન્ન રાસકારીરી. પરિ૦ ૨

પદ ૭૦ મું

રવીજા પુલીન પર, રાજત બિહારીલાલ,
બાંસુરી બજાવે પ્યારો પરજ તાન ગાવેરી. રવી૦ ટેક.

---

* વૃશ્ચિક વીંછુ. અત્રે એનો અર્થ 'વૃક્ષ' છે. આ પદમાં બારે રાશિઓનાં નામો છે. સાતમી લાઇનમાં "મુકર" એ "મકર" બદલે છે. "મુકર" એટલે આરસી.
† આસો. ‡ માગસર. § માઘસ્નાન કરીને.

સોમસેં સીતલ પિયા, ચીતવની મંગલકારી,
બડે બુધવંત મોહે બંસીમે બોલાવેરી. રવી૦ ૧
ગુરુકુલ લાજ મેંરે, શુક્ર સુતા સિમેં? નાહિં,*
શનિસેં સંબંધિ કઠિન બોલી તન તાવેરી;
પરી બીચ બેરન રાત, પ્રેમાનન્દ હોયે પ્રાત,
નવલ નાથ નિરખી નેન પ્રાન સુખ પાવેરી. રવી૦ ૨

પદ ૭૧ મું-રાગ મારુ

છેલ છોગાલો વાલો મને છેલ છોગાલો, વાલો મોરલીવાલો રે. વાલો૦ ટેક.
મારા પ્રાણથકી મને વાલો રે, લટકાલો નંદજીનો લાલો. વાલો૦ ૧
મારે સુખ સંપત સામલિયો રે, મારે પ્રાણજીવન પાતલિયો. વાલો૦ ૨
એનું મુખડું જોયા વિના ઘેલી રે, નહી શકું ક્ષણું એક મેલી. વાલો૦ ૩
નટનાગર નંદકિશોર રે, પ્રેમાનંદનો જીવન દોર હેલી. વાલો૦ ૪

પદ ૭૨ મું

કેસરભીનો રે કહાન જોઈ કેસરભીનો રે, છેલો નંદજીનો રે. કહાન૦ ટેક.
જોઈ મનડું લોભાણું છે મારું રે, મારા પ્રાણ લેઇને વારું. કહાન૦ ૧
એની મુરતિમાં હું તો મોહી રે, નથી ત્રપતી થાતી જોઈ જોઈ. કહાન૦ ૨
મનમોહન મોરલી વાલો રે, મીઠા બોલો ઘણો મરમાલો. કહાન૦ ૩
મારા મનમાં ગમ્યા ગિરિધારી રે, પ્રેમાનંદ જાયે બલિહારી. કહાન૦ ૪

પદ ૭૩ મું

કેશવ કેડે રે ફરે મન કેશવ કેડે રે, મોહી પાગને છેડે રે. ફરે૦ ટેક.
વ્રજજીવન જાદવરાય રે, અણદીઠે ઘણું દુઃખ થાય. ફરે૦ ૧
હું તો મગન રહું જ્યારે દેખું રે, રાતી આંખડલિની રેખું. ફરે૦ ૨
વાલો મોરલીમાં મારુ ગાયેરે, સુણી હૈડે તે હરખ ન માયે. ફરે૦ ૩
પ્રેમાનંદના નાથને કાજ રે, મેલી લોકકુટુંબની લાજ. ફરે૦ ૪

---

* ગુરૂપણાનો કુળની લાજ રાખવાને શુક્રતનયા લગ્ન કરતી નથી, એવો અર્થ હોય, એમ દીસે છે.

પદ ૭૪ મું

પ્રાણથી પ્યારો રે પાતલિયો પ્રાણથી પ્યારો, આંખડલીનો તારોરે. પાત૦ ટેક.
શામલિયો વર સુખ ખાંની રે, રંગરસિયો છેલ ગુમાની. પાત૦ ૧
લટકાલો નંદાજીનો લાલો રે, મને પ્રાણથકી ઘણો વાલો. પાત૦ ૨
મારે એથી વાલું નહિ કોઈ રે, રાખું જીવડલામાં પ્રોઈ. પાત૦ ૩
એ સારુ તજ્યો સંસાર રે, પ્રેમાનંદને હૈડાનો હાર. પાત૦ ૪

પદ ૭૫ મું-રાગ કાલિંગડો

ભલા રંગદે રે ચુનર રંગરેજવા. રંગ૦ ટેક.
ચટક રંગીલી ચુનરકા રંગ, તરસત મોર કરેજવા; રંગ૦ ૧
રંગદે ચુનર અંગિયાં ગુલાબી, દેઉંગી મોતી લરેજવા; રંગ૦ ૨
નંદકુંવર મોયે નેહસું બોલાવે, ઉપજાવે સુખ સેજવા; રંગ૦ ૩
પ્રેમાનંદકો નાથ રીજે લખી, મીટે દુઃખ વિપત પરેજવા; રંગ૦ ૪

પદ ૭૬ મું

એરી રતના રે નૈનોદી રેખે, એરી૦ ટેક.
લગ ગઈ કબ ખબર પડી નહિ, કલ ન પરત બીનું દેખે; રત૦ ૧
સુંદર શ્યામ કમલ દલ લોચન, મોચન મોહ વિશેખે; રત૦ ૨
હસત હસત મોયે આંગન આયકે, કસી મારી નટ ભેખે; રત૦ ૩
પ્રેમાનંદકે નાથજી મોરો, જનમ લગાયો લેખે; રત૦ ૪

પદ ૭૭ મું

ભલા બદનામી રે કજરવા દીની, ભલા૦ ટેક.
દે કજરાં ગઈ પનિયાં ભરનકું, ઓઢી ચુનર અતિ ઝીણી; બદ૦ ૧
મનમોહન મોય આય વિલોકી, સુધ બુધ સબ હર લીની; બદ૦ ૨
કેસી કરું મોયે લોક કુલમેં, લાજહીન ઇને કીની; બદ૦ ૩
પ્રેમાનંદકે નાથસું સજની, રેન દીન પ્રીત નવીની; બદ૦ ૪

પદ ૭૮ મું-રાગ કાલિંગડો

લાગે માને પ્યારો, થારાં નેણાંરો નજારો; લાગે૦ ટેક.
નંદરા કુંવર થારાં નેણાંરે નજારે, મન બસ કીનો છેજી મારો; થારાં૦ ૧

કામ કાજ ઓર કાંઇયે નવ સુઝે, દરસ ગમે છે માને થારો; થારાં૦ ૨
કહાન સનેહણી કઈ કઈ માને, દુરીજન દેછે ફટકારો; થારાં૦ ૩
પ્રેમાનંદરા નાથ અબ નઈ છુટે, સંગ થારો શિર સાટારો; થારાં૦ ૪

પદ ૭૯ મું

પ્યારી માને લાગે, થારાં મુખડાંરી વાંણી; થારાં૦ ટેક.
મનમોહન થારાં બચન સુણીને, હુંતો થારે હાથ વેચાંણી; થારાં૦ ૧
મન કર્મ વચતે શ્યામ સનેહી, દાસી હું તો રાવલી ડેરાંણી; થારાં૦ ૨
અબ મારુજી માને છેહ ન દીજ્યો, બીનતી છે સારંગપાણી; થારાં૦ ૩
પ્રેમાનંદકે થારો પલો પકડ્યોછે, પ્રાંણુરા જીવન થાંને જાણી; થારાં૦ ૪

પદ ૮૦ મું

નટવર થાંને, મારાં નેણામેં રાખું, મા૦ ટેક.
થા ઉપર મારા રાજ સાંવરીયા, પ્રાણ વારી વારી નાખું; મારાં૦ ૧
લોક કુટુંબરી લાજ તજીને, ચરણ કમલ રસ ચાખું; મારાં૦ ૨
અબ અવિનાશી થારાં ચરણ ન છોડું, છોને કુટે જન લાખું; મારાં૦ ૩
પ્રેમાનંદરા નાથજી થાંપર, વારી ફેરી નાખું જગ આખું; મારાં૦ ૪

પદ ૮૧ મું

રાજ થેતો છોજી, મારી જીવન દોરી, મારી૦ ટેક.
નટવર પ્યારા થાંને જોઈ જોઈ જીવું, જયું છબી ચંદ ચકોરી; મારી૦ ૧
હસની બોલની થારી ચલની ઉપર, વારુ લઈ મદન કરોરી; મારી૦ ૨
અબ નઈ મેલું ન્યારા જીવન મારા, રાખું મારા જીવસું જોરી; મારી૦ ૩
પ્રેમાનંદરા નાથજી છોજી ઘણા, દુલ્લભ થેંતો માનેં નવલ કિશોરી; મારી૦ ૪

પદ ૮૨ મું-રાગ વિભાસ

પ્રાત સમે શ્રીવર્માત્મજકો,શ્રીકૃષ્ણ પ્રભુકો, ઉઠતહિ રસના રટિયે નામ; પ્રા૦ ટેક.
મંગલદાયક, સબ ગુન નાયક, કરુના સિંધુ આનંદ સુખ ધામ. પ્રાત૦ ૧
મીન કુરમ વારાહ વામન યોહ, નરહરિ ભૃગુપતિ યેહિ હે રામ;
યેહિ શ્રીકૃષ્ણ બુધ મન રંજન, ધરીહેં કલકિ રૂપ ઘનસ્યામ. પ્રાત૦ ૨

દિવ્ય વિહાર દિવ્ય રસ રાશિ, સર્વ સિદ્ધિમય જન વિશ્રામ;
દિવ્ય ભોગ જુત દિવ્ય મૂરતિ, જો જન ભજત હોત નિષ્કામ. પ્રાત૦ ૩
કરુના આઈ કમલ દગ બરસત, સુધારસ જનપર આઠોં જામ;
સબ સાધન સુકિત સબકો ફ્લ, પ્રેમાનંદકે ઇષ્ટ ઉર દામ. પ્રાત૦ ૪

પદ ૮૩ મું

પ્રાતસમે ઉઠી પરમ પ્રિતસોં, ધર્મતનયકોં ધરિયે ધ્યાન; પ્રાત૦ટેક.
નખ શીખ રૂપ નિહારી નાથકો, પ્રેમ પુલકી હોઇયેં ગુલતાન. પ્રાત૦ ૧
શિખા ભાલ દ્રગ શ્રવણ ગંડ શુભ, નાસા વદન કંઠ સુખ ખાન;
ઉર ઉત્તંગ આજાનું બાહુ છબી, ઉદર નાભિ શુભ કમલ સમાન. પ્રાત૦ ૨
સુંદર કટિ મદન મન રંજન, પીન ઉરુ અનૂપમ છબી જાન;*
જુગલ જંઘ ગુલફે સુચારુ અતિ, ચરન અંગુરી ઉદીત દશ ભાન. પ્રાત૦ ૩
ષોડશ ચિહ્ન અલંકૃત ઉત્તમ, પદ પંકજ પાવન ભગવાન;
સુરતરુ કામધેનુ ચિંતામનિ, પ્રેમાનંદકે જીવન પ્રાન. પ્રાત૦ ૪

પદ ૮૪ મું

પ્રાતસમે ઉઠી ધર્મકુંવરકી, મહાપ્રભુજીકી, માનસી પુજા કીજેં નીત; પ્રાત૦ટેક.
†જાકિ વિશદ કર્મ ગુણ કિરતી, ગાઈ જગાઇયે કૃષ્ણ અજીત. પ્રાત૦ ૧
મુખ મંજન સુસ્નાન કરાયકે, પટ ભુખન પેરાઇયેં પુનીત;
ચંદન પુષ્પ ધુપ દીપક બહુ, જેંવાઇયે ભોજન કરી પ્રીત. પ્રાત૦ ૨
જેંવત જીવન પ્રાન મહાપ્રભુ, નિરખત જન ઠાડે એકચીત;
પ્રમુદિત રુચિ રુચિ ગ્રાસ ભરત હરિ, માંગી લેત જનપેં રસ રીત. પ્રાત૦ ૩
મુખ પ્રક્ષાલન કર ઉઠે તબ, દીજે બીરી પાન લલીત;
પ્રેમાનંદ પધરાય સેજસુખ, કીજે આરતિ ગાયકે ગીત. પ્રાત૦ ૪

પદ ૮૫ મું

પ્રાતસમે શ્રીહરિ મુખ નિરખન, દ્વારજનકી ભઈ હે ભીર. પ્રાત૦ ટેક.
શિવ બ્રહ્મા સનકાદિક નારદ, સારદ શેષ વ્યાસમુનિ કીર. પ્રાત૦ ૧

---

* જાનુ. † "તાકે"વાળું પદ વધારે અર્થસૂચક જણાય છે.

ઔર અનેક સાધુ સુર મુનિજન, પાવન જસ ગાવત હે અજીર;
જાગિયે અખિલ લોક સુરપૂજીત, દીજે દરસ ધરમસુત ધીર. પ્રાત૦ ૨
શ્રુતિ બિરોધી માઈક મત ખંડન, પ્રગટ ભયે દ્વિજકુલ બલવીર;
નાશ કરન કામાદિક રીપુકો, નેહ બઢાવન સુહૃદ શરીર. પ્રાત૦ ૩
સુનિ ગિરા સર્જ્જન સુરમુનિકી, ઉઠે ધર્મકુલતિલક રુચીર;
દીનો દરસ દાન દીનનકું, પ્રેમાનંદ મીટી ભવ પીર. પ્રાત૦ ૪

પદ ૮૬ મું–રાગ વિભાસ

રુકિમણીરમણ શ્રી જાગો જદુનાથ, રુકિમણી૦ ટેક.
કેશવ કૃષ્ણ કમલ દલ લોચન, ભવ મોચન સંતન સુખપાથ; રુકિમ૦ ૧
ઠાડે આયે દેવ મુનિ દ્વારે, કરત પ્રણામ નમાયકે માથ; રુકિમ૦ ૨
શિર ધરી મુકુટ પીતાંબર પહેરો, શંખ ચક્ર લીજે પ્રભુ હાથ; રુકિમ૦ ૩
દીજે દરસ દાન દીનનકું, પ્રેમાનંદકે પ્રભુ જનમ સંગાથ; રુકિમ૦ ૪

પદ ૮૭ મું

જાગો જદુનંદન જીવન પ્રાન; જાગો૦ ટેક.
શશિકલા ક્ષીણ લીન ભઈ રજની, ફૂલે કંજ પ્રગટ ભયો ભાણ; જાગો૦ ૧
પેહેરો પટ ભુષણ વસન અમૂલિક, નવરસ નાગર શ્યામ સુજાન; જાગો૦ ૨
મુખ મંજન કીજે મનમોહન, દીજે દરસ દીનકું દાન; જાગો૦ ૩
પ્રેમાનંદ નિરખી મુખ પંકજ, કીને સુખ સંપત કુરબાન; જાગો૦ ૪

પદ ૮૮ મું–રાગ વિભાસ ચૌતાલ

મોહન સાંવરે ખોલો નેન, મોહ૦ ટેક.
રજની બીત ગઈ, ચીરીયાં સચેત ભઈ, મધુરે હુંકસે ગઉ ધેન. મોહ૦ ૧
અરુન ઉદય જાની, કુમોદિની સકુચાનિ, શિથિલ ભયો અબ મેન;
પ્રેમાનંદ કહે શ્યામ, ભયો પ્રાત પુરનકામ, દીજીયેં દરસ સુખદેન. મોહ૦ ૨

પદ ૮૯ મું

કેશવ જાગીયે હરો પીર, કેશ૦ ટેક.
દરસકો દાન દીજે, જનમ સુફલ કીજે, રહોજું નયન બીચે ધીર. કેશ૦ ૧
જશોદા જીવન પ્રાન વ્રજજન કંજ ભાન, ધરત ધ્યાન મુનિકીર;
પ્રેમાનંદ વિશ્રામ, પ્રીતમ પુરનકામ, દીન કે દયાલ બલબીર. કેશ૦ ૨

પદ ૯૦ મું

જય જગજીવન શ્રી ઘનસ્યામ, જય૦ટેક.
ઉઠો ઉઠો ગોવિંદ, ઉઠો ગરુડધ્વજ, શ્રીપતિ ઉઠો મંગલ ધામ, જય૦ ૧
માયામોહતિમિર હરો, સ્વામિ અભય કરો, શરણાગતકે વિશ્રામ;
ધર્મકુલમંડન, કલિમતખંડન, પ્રેમાનંદ કીયા પુરનકામ. જય૦ ૨

પદ ૯૧ મું

શ્રી સ્વામિનાથ જાગો મહારાજ, શ્રી સ્વા૦ ટેક.
સુરનરમુનિગન, ઠાડે દ્વારે અનેક જન, ભઈ હે ભીર દરસ કાજ. શ્રી સ્વા૦ ૧
મંગલ વિસ્તાર કરો, હરિ ત્રિવિધ તાપ હરો, દિજીયે દરસ ગરીબ નીવાજ;
કૃપાકે જહાજ, પ્રભુ પ્રેમાનંદહુંકે કાજ, પ્રગટ ભયે હરિ આજ. શ્રી સ્વા૦ ૨

પદ ૯૨ મું–રાગ ભૈરવ

સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજરે;
કર રે મન ચરણ વાસ, જક્ત આશ તજરે; સ્વામિ૦ ટેક.
નારદ સનકાદિ સિદ્ધ, ભજત જાહી અજરે;
સારદ શેષાદી નિગમ, ગાવત ઊઠી ફજરે. સ્વામિ૦ ૧
પુરુષોત્તમ પ્રગટ આજ, નટવર તનુ સજરે;
કાળ જાળ નાશ હોત, ધરત ચરણ ધ્વજરે. સ્વામિ૦ ૨
અજામેલ ગનકાદિક, તાર્યો જીન ગજરે;
અનંત આજ મુક્ત હોત, દેખત ભરી નજરે. સ્વામિ૦ ૩
પ્રેમાનંદ સરવસ ફળ, સહજાનંદ જજરે;
સરવોપરી જાત જીતી, ત્રંબ કઠોર બજરે. સ્વામિ૦ ૪

પદ ૯૩ મું

હમતો એક સહજાનંદ સહજાનંદ ગાવે,
હમારે મન સ્વામિનારાયણ દુસરા ન ભાવે; હમ૦ ટેક.
તપ તિરથ સાધનમેં સ્વપને નહિં જાવે,
જેસે કોઉ ઘૃત છાંડ છાછકોં ન ખાવે. હમ૦ ૧

અણિમાદિક અષ્ટ સિદ્ધિ મુક્તિકું ન ચાવે,
સબકો ફ્લ સહજાનંદ ચરન ચીત લાવે. હમ૦ ૨
સહજાનંદ જાપસેં ત્રિય તાપકો બુઝાવે,
ઇનહિકે પ્રતાપસેં અપાર ગતિ પાવે. હમ૦ ૩
આગમ નિગમ કઠિન રહસ્ય હમે ન સમઝાવે,
પ્રેમાનંદ સાર સુગમ સહજાનંદ આવે. હમ૦ ૪

પદ ૯૪ મું

હમતો એક સહજાનંદ ચરનકે ઉપાસી,
લગન મગન મતવારે છોડી સબ આસી. હમ૦ ટેક.
અડસઠ અબ કોન કરે કોન ફીરે કાસી,
અષ્ટ સિદ્ધિ આદિક ચઉં મુક્તિસેં ઉદાસી. હમ૦ ૧
ચૌદ લોક ભોગકે સુખ જાને સબ ફાંસી,
સહજાનંદ પદપંકજ મકરંદકે પ્યાસી. હમ૦ ૨
ચરનકમલ રસ લોભી મતિકે ઉજાસી,
નારદ સનકાદિ મધુપ ગુંજત બનબાસી. હમ૦ ૩
પુરુષોત્તમ સહજાનંદ જાને સુખરાસી,
પ્રેમાનંદ આયો શરન ચરનકો નિવાસી. હમ૦ ૪

પદ ૯૫ મું

હમતો હરિ સહજાનંદ રૂપસેં મતવારે,
હમારે સુખ સંપત એહિ પ્રાનજીવન પ્યારે. હમ૦ ટેક.
ભાવે કોઉ સુંદર કહો ભાવે કહો કારે,
હમકું યેહી રૂપ વિના ઓર સકલ ખારે. હમ૦ ૧
દેહનમે પ્રાનપિયા નેનનમે તારે,
ઇનહિપર તન મન ધન વારી વારી ડારે. હમ૦ ૨
હમારે યેહિ કરમ રેખ ટરત નાહ ટારે,
યેહિ કારન મહામુનિ જન કોટિક પચી હારે. હમ૦ ૩
પ્રેમાનંદ નિગમાગમ કહતહે અપારે,
સહજાનંદ શ્યામસુંદર નિરખી ઉર ધારે. હમ૦ ૪

પદ ૯૬ મું–રાગ ભૈરવ

જાગો લાલ છબીલે મોહન ભોર ભયો મોરે પ્યારે; જાગો૰ ટેક.
ગુંજત ભ્રમર કમળ દલ ઉપર, બોલત કૌવા કારે; જાગો૰ ૧
મુખ ઉપરસે દૂર કરો પટ, દેખો કૌતક દ્વારે;
સહસ્રવદન ચતુરાનન ષણ્મુખ, કરત કુલાહલ ભારે; જાગો૰ ૨
પંચાનન ગજવદન વિનાયક, સનકાદિક ઋષિ ચારે;
નાચત જંત્ર બજાવત નારદ, ગાવત જશ વિસ્તારે; જાગો૰ ૩
ઓરહી સુર સર્જ્જન મુનિ મંડળ, મીલી દ્વારે સબ ઠારે;
દેહો દરસ કમળદલલોચન, પ્રેમાનંદ બલીહારે; જાગો૰ ૪

પદ ૯૭ મું

ભોર ભયો જાગો મોરે લાલા લોચન પલક ઉઘારો; ભોર૰ ટેક.
નિશિની ઘટી રવિરથરુચિ રાજી, ભયોહે ભુવન ઉજીયારો; ભોર૰ ૧
મલીન સુધાકર મુનિવર ઝલકયો, તમચુર ખગસો પુકારો(?)*
વિલસી ચકવી પિયા સંગ, રતિપતિ શિથિલ ધનુક સોડારો; ભોર૰ ૨
વિકસે વારિજ નલિની સકુચી, મધુકર કરત ગુંજારો;
બોલત કાગ કપોત હંસ રવ, સુની મન હરખ અપારો; ભોર૰ ૩
જાગો માધવ મદન મોહન, નૈનન નિંદ નિવારો;
પ્રેમાનંદ બલિહારી પામ્યો, નિરખી બદન તુંહારો; ભોર૰ ૪

પદ ૯૮ મું

અપને લાલકું સીખ લગાયકે બરજ જસોદા રાની, અપ૰ટેક.
દિન પ્રતિદિન કેસેં કરિ સહિયે, દુધ દહિકી હાનિ; અપ૰ ૧
મેં અપને મંદિરકે ખોંને, રાખ્યો માંખન છાની;
વાંહિ જાય તુમારે લરીકા, મોઉ લિયો પહીચાની; અપ૰ ૨
ખાય બહાય જગાયકે લરીકન, ભાજન ભાંગ્યો જાની;
નિશંક હોય આંગન બીચ બેઠો, ધ્યાન કરત હોય ધ્યાની; અપ૰ ૩

---

* અંધકારનો સમૂહ આકાશમાં પોકાર કરતો લીન થયો.

મૈં જબ જાયકે પુછ્યો મોહન, યહ કહા કીયો ગુમાની;
પ્રેમાનંદ કહે ઉત્તર દીનો, ચિટિ* કે કાઢત પાની; અપ૦ ૪

પદ ૯૯ મું

મૈયા આજ તુમારે લાલકું પકરયો કરતે ચોરી; મૈયા૦ ટેક૦
આયો મંદિર ચપલ મનોહર, ચિતવતહેં† ચઊકોરી. મૈયા૦ ૧
દેખ્યો દધિ ભાજન સીકેપર, રસિક હસ્યો મુખ મોરી;
તાહીત કીયો ઉપાય છબીલે, નૌતમ નંદકિશોરી. મૈયા૦ ૨
પીઠ પીઠપર ધરચોં ઉલુખર, તાપર ચઢયોં બરજોરી;
ગોરસ મીઠો રુચિર ખાય હરિ, લિયો ઓર ભરી ઝોરી. મૈયા૦ ૩
મૈં જબ આઇ અચાનક પકરયોં, દહિ રાખ્યો મુખ ઘોરી;
પ્રેમાનંદકે ડારી નેનમેં, ભજ્યો કુંજકી ઓરી. મૈયા૦ ૪

પદ ૧૦૦ મું–રાગ ભૈરવ પ્રભાતિ

આજ સખી સામલિયો વાલો, સુપનામાં મુને મલિયારે;
આલિંગન લેઈ અલબેલાસું, આનંદના ઓધ વલિયારે. આજ૦ ૧
જોબન મારું જીવન ઉપર, સરવસ નાંખ્યું વારીરે;
હેત કરી હૈયાપર લીધા, રસિયો કુંજબિહારીરે. આજ૦ ૨
અંગોઅંગ આનંદ સુખ પામી, સામલિયાને સંગેરે;
રસબસ રીઝી રંગમાં ભીજી, રંગભીનાને રંગેરે. આજ૦ ૩
પ્હેલી પ્રીતે નૌતમ રીતે, નાવલિયાને પામીરે;
ભલે મલિયા અલબેલો વાલો, પ્રેમસખીનો સ્વામીરે. આજ૦ ૪

પદ ૧૦૧ મું

સામલિયે સ્વપનામાં મારા મનનું ગમતું કીધુંરે,
અલબેલે આલિંગન ચુંબન, પ્રેમ કરીને લીધુંરે. સામ૦ ૧
પોપ પુલની સેજ સજીને, દેવવધુ જુવે વાટરે;
તે મારો વાલો ત્યાગ કરીને, આવ્યા અમારે માટરે. સામ૦ ૨

---

* ચુંટીયું ખણવું–ચીમટો દેવો. "ચિટી દઈ" પાઠાન્તર છે. † "ચિતવત સો"–એવો પાઠ પણ છે.

ઉરગઅંગના રાજકુમારી, તલખે જેને કાજરે;
તે મુકીને મનના માન્યા, આવ્યા મારે આજરે. સામ૦ ૩
તન મન ધન આ જીવિત મારું, સરવસ વારી જાઉંરે;
પ્રેમ સખી કહે કયું સાધન કરી, ગુણ ઓશીંગણ થાઉંરે. સામ૦ ૪

પદ ૧૦૨ મું

લટકાલાને લટકે મારું મનડું મોયું એનીરે,
ભુધરજીને ભજતાં હું તો બીક ન રાખું કેનીરે. લટ૦ ૧
પાતલિયાસું પ્રિત બંધાણી સંસારીસું તોડીરે,
રૂપ ઉજાગર સુખના સાગર નટનાગર સુખ જોડીરે. લટ૦ ૨
મન માન્યું સામલિયા સાથે ચરણકમલરસ ચાખ્યોરે,
મન કર્મ વચને સંસારીડો મેં તો કુચો કરીને નાંખ્યોરે. લટ૦ ૩
સગાકુટુંબ પીયર સાસરિયાં ન રહું કોઇની ઝાલીરે,
પ્રેમસખી વાલાને વરવા શ્રિર કરમાં લેઈ ચાલીરે. લટ૦ ૪

પદ ૧૦૩ મું

આવોને અલબેલા મારી આંખડલિમાં રાખુંરે,
તન મન ધન આ જીવન મારું તમપર વારી નાંખુંરે. આ૦ ૧
બાનકની બલિહારી મોહન મીઠી મુખની વાણીરે,
પાઘડલી પેચાળી જોઇને લાવણમાં લોભાણીરે. આ૦ ૨
કામણગારાં નેણાં ચંચલ જોઇને જીવન મોઇરે,
ગુણવંતા તમ સરખા ભૂતલ વર નવ દીઠા કોઇરે. આ૦ ૩
હૈડાના છો હેતુ મારા નેણતણા શણગારરે,
પ્રેમસખી કહે રસિયા મારો તમ અરથે અવતારરે. આ૦ ૪

પદ ૧૦૪ મું–રાગ ભૈરવ. પ્રભાતિ

આવોરે વાલા હું તો તમારા મોલીડાપર મોઈરે,
વાલાજી લાગો છો વાલા મુને રઇછું જોઇરે; આ૦ ૧
લટકતી ચાલ રુડી મીઠાં મીઠાં વેણુરે,
રસિયાજી જોઇને ઠરેછે મારા નેણાંરે. આ૦ ૨

આંખડલિ રુપાળી વાલા મુને કામણિયાં કરે છે રે,
મધુર મધુર હસવું તો પ્રાણને હરે છે રે; આ૦ ૩
મંદિર પધારો મારે શ્યામ પટ ધારીરે,
તન મન ધન લેઇને પ્રેમસખી વારીરે; આ૦ ૪

પદ ૧૦૫ મું

વાલા તમ સાથે મારી પ્રીતડી બંધાણીરે,
જનમ સંગાથી મારા સ્નેહી તમને જાણીરે; વાલા૦ ૧
લોકડિયાંની લાજ મેલી કુટુંબથી તોડીરે,
સામળિયા સનેહી વાલા મેં તો તમ સાથે જોડીરે; વાલા૦ ૨
ઘરડાનો ધંધો મુને કાંઈ નવ સુઝેરે,
લાગોરે નેહનાં બાણ હવે કેમ રુઝેરે; વાલા૦ ૩
પ્રેમસખી કે છે નિરખી નયણાં ઠરે છે રે,
વાલા તમ સાથે મારું મનડું ફરે છે રે; વાલા૦ ૪

પદ ૧૦૬ મું

સખીરે સામળિયે વાલે મુને મોહની લગાડીરે,
વાલાજીને જેવાને જાઇશ હું તો દાડીરે; સખિ૦ ૧
ચિત્તડાં ચોર્યાં છે મારા છેલ વર છબીલેરે,
હવે હું તો રહી ન શકું જાઇશ નંદને ફળીયેરે; સખિ૦ ૨
ઘોડલાં ખેલવશે વાલો સાંભળ સૈયર મારીરે,
તારે હું તો જાઇને બેસીશ સામી બારીરે; સખિ૦ ૩
મુજ સામું જોશે હેતે વાલો ઉભા રઇનેરે,
સામળિયો બોલાવશે મુજને પ્રેમસખી કઇનેરે; સખિ૦ ૪

પદ ૧૦૭ મું

વિસરી માં જાજ્યો વાલા મને સામળિયા ગીરધારીરે,
વારે વારે કહું છું વાલા અરજ એછે મારીરે; વિસ૦ ૧
અમ જેવા ઘણા તમને અમને આશ તમારીરે,
તે માટે રાખજ્યો વાલા મને પોતાની સંભારીરે; વિસ૦ ૨

અધર અમૃત પાજો રસિયા બોલાવીરે,
પાતલિયા પાવન કરજો મંદિર મારું આવીરે; વિસ૦ ૩
પ્રેમસખી મોઈ છે વાલા રાજીવ નેણેરે,
બીજું નવ માગું વાલા બોલાવજ્યો મીઠે વેણેરે; વિસ૦ ૪

પદ ૧૦૮ મું–રાગ ભૈરવ. ધ્રુપદ. ચૌતાલ

ચંદન ચરચિત નિલ કલેવર સુંદર, કટી તટ કસ્યો પટ પીત; ચં૦ ટેક.
ચંચલ લોચન ભવદુઃખ મોચન, રોચન એ મનમોહન મીત; ચં૦ ૧
ચિતવની ચિતવત દેખી સુખ ઉપજત,
હસત હસત મન જોરત બરજ્યોરી પ્રીત;
પ્રેમાનંદ પ્રીતમ પ્યારેકી છબી પર, તન મન બલી જાઉં નીતનીત; ચં૦ ૨

પદ ૧૦૯ મું

લોચન લાલ તાપર મોહે, સોહત માનું મદન સદનહુંકી કપોરી; લો૦ ટેક.
ઝલકત કુંડલ કપોલન પર ઝાઈ,* મકર આયે મીલન માનું દોરી; લો૦ ૧
બદન કમલ બીચ દશનમનિ દમકત,
બિજુલીકે બીચમાનું બીલોકતી સારદ ભઈ ભોરી;
અધર બિંબનપર શુક તાકી રહ્યો આયે, પ્રેમાનંદ ચિત વેધ્યું
ચંદચકોરી; લો૦ ૨

પદ ૧૧૦ મું

પ્રિતમ પ્યારે આયે હો પ્રાત, લાલ દેખીકે હસત અતિ સખી વૃંદ; પ્રીતમ૦ટેક.
નિલ બરન તન લિલાંબર ઓઢી આયે, પીતાંબર કહાં ભુલે નંદાનંદ; પ્રીતમ૦ ૧
રાતી નખરેખા દેખી ઉરપરહેં બીસેખી,
અધરની અંજન આયે હો જ્યું લાલ ગતિ મંદમંદ;
હસતહેં સખી સમાજ, દેખી ગતિ વ્રજરાજ,
છબીપર બલિહારી પ્રેમાનંદ; પ્રીતમ૦ ૨

પદ ૧૧૧ મું

રાજીવ લોચન મોચન તાપ ત્રિવિધ શ્યામ, ગરુડગામી ગોવિંદ ચક્રધરન; રાજી૦ટેક.
આનંદકારી ભયહારી દીનબંધુ ગીરધારી, મધુસૂદન માધવ મેઘબરન: રાજી૦ ૧

---

* "જ્યાઈ" એવો પાઠાન્તર છે. † અધર ઉપર અંજન લાગેલું એ.

રમારમન શ્યામ પુરુષોત્તમ સુખધામ,
દીનાનાથ દીનબંધુ અશરનશરન;
જન મન રંજન, ભવ દુઃખ ભંજન, પ્રેમાનંદકો નાથ અશુભ હરન; રાજી૦ ૨

પદ ૧૧૨ મું–રાગ ખટ

ભજ મન નરનારાયણ સ્વામી, પરમ દયાલ પ્રગટ બહુનામી; ભજ૦ટેક.
સબકે કારન સબસે ન્યારે, દીન દયાલ દિવ્ય તનુ ધારે; ભજ૦ ૧
નિગમ અરુ આગમ નેતિ કહીગાવે, શેષ સહસ્ર મુખપાર ન પાવે; ભજ૦ ૨
સિદ્ધ સુરેશ કહત અનુમાને, સબહિ પ્રકાર કોઉ નહીં જાને ભજ૦ ૩
જુગજુગ પ્રગટે દેવમુનીરાજા, પ્રેમાનંદ ઓધારન કાજા; ભજ૦ ૪

પદ ૧૧૩ મું

નરનારાયણ જન સુખદાઈ, પ્રાત સમે સુમિરો હો મન ભાઈ; નર૦ ટેક.
ચઉ જુગ તનુ ધરી બિચરત દોઈ, તાકે ચારત્ર સુનાવહું તાઈ; નર૦ ૧
પ્રથમ કૃપાલ મીન તનુ ધાર્યો, નિગમહું લાયે સ્વજશ વિસ્તાર્યો; નર૦ ૨
દુતિયે કમઠ ધર્યો વિપુલ શરીરા, ધારેઉ ધરણી સુજસ નરવીરા; નર૦ ૩
શૂકર રૂપ ધર્યો મન ભાયો, પ્રેમાનંદ પુનિત જશ ગાયો; નર૦ ૪

પદ ૧૧૪ મું

નરનારાયણ અકલ અજીતા, મંગલ રૂપ ભજોઉં મન મીતા; નર૦ ટેક.
માર્યો અસુર સિંહવપુ ધારી, જન પ્રહ્લાદ ભકત હિતકારી; નર૦ ૧
બટુક વિપ્ર બને વામન રૂપા, બલી છલી ભયેઉં રસાતલ ભૂપા; નર૦ ૨
ભૃગુપતિ રૂપ હરિ જબ લીને, ક્ષત્રિય વીર રહિત ભુવ કીને; નર૦ ૩
રઘુપતિ ભયેઉ દશાનન અંતા, પ્રેમાનંદ ઓધારન જંતા; નર૦ ૪

પદ ૧૧૫ મું

ભજમન પ્રાત ઉઠી નરવીરા, આનંદ કરન હરન ભવપીરા; ભજ૦ટેક.
કૃષ્ણ સ્વરૂપ ધર્યો સુખ ખાનિ, ગાવત જશ કવિ કોવિદ ગ્યાની; ભજ૦ ૧
પ્રગટેઊ બુધ મુનીન મનમાના, કલિમલરૂપ ખંડેઊ મત નાના; ભજ૦ ૨
કલકી સ્વરૂપ કલિકે અંતા, દુષ્ટ સંહારી તારીહે સંતા; ભજ૦ ૩
અગનિત નામ રૂપ ગુન ધામી, પ્રેમાનંદ એ નારાયણ સ્વામી; ભજ૦ ૪

પદ ૧૧૬ મું–રાગ ખટ.

આવોજી આવોજી અલબેલા મારી આંખડલિમાં,
જતન કરીને તમને રાખુંરે.
સુંદર મુખના મરકલડાપર પ્રાણ વારી વારી નાખુંરે. આવોજી૦ ૧
જીવન તમને જોવા સારું તો, વિશ્વ આવ્યું* છે આખુંરે;
શુક સનકાદિક નારદ સરખા, મુનિવર મલિયા છે લાખુંરે. આવોજી૦ ૨
આરે સમે શોભોછો મારા વાલા, શી ઉપમા કહી દાખુંરે;
પ્રેમાનંદ કહે રાખી નેણામાં, ચરણ કમલ રસ ચાખુંરે. આવોજી૦ ૩

પદ ૧૧૭ મું

વાલા છોજી વાલા મને પ્રાણથી પ્યારા, આંખડલિના તારા અલબેલારે;
તન મન ધન મારું વારુ તમ ઉપર, શ્યામસુંદર રંગછેલારે. વાલા૦ ૧
આવો આવો ઓરા આજ રાખું મારા ઉરપર, પ્રાણજીવન રંગરેલારે;
આજ રહો મારે મંદિર મોહન, કાલ પધારજ્યો વેલારે. વાલા૦ ૨
તમ જેવા જીવન ક્યાંથી કેનેબારણે, અલબેલાજી અકેલારે;
પ્રેમાનંદના નાથ છોજી અતિ દુર્લભ, કૃપા કરીને રહો ભેલારે. વાલા૦ ૩

પદ ૧૧૮ મું

કહોજી કહોજી ક્યાં જાગ્યા જગજીવન તમે, આંખડલિ ઉજાગરે રાતીરે;
નિદ્રાલુડાં નેણામાંહિ શોભે અતિ સુંદર, રેખલડિ મદન રસ માતીરે. કહોજી૦ ૧
વદન ઉપર શ્રમ જલનાંરે મોતી, મુખ કાજલની રેખા ઓલખાતીરે;
તેજાને લથેજા અતિ બલમારે બીજા, હારતો ખુંતા છે બહુ છાતીરે. કહોજી૦ ૨
કેઇરે ધુતારીનારે ધુત્યા અલબેલા, આજ શિથિલ થયાછો તેનાતીરે;†
પ્રેમાનંદના નાથ જોઈ જોઈ તમને, આંખડલિ ત્રપત નથી થાતીરે. કહોજી૦ ૩

પદ ૧૧૯ મું

જાઓજી જાઓજી, શીદ ખોટા સમ ખાઓ, હમે જાણી જીવન ચતુરાઇરે;
અર્થીરે હોય તે તો ખોટુંરે બોલે, દોષ ન જુવે કાંઇરે. જા૦ ૧

* "મલ્યું છે" એવો પાઠાન્તર છે. † "તેનાથીરે" પણ પાઠ છે, પણ પ્રાસ જોતાં આ પાઠ રાખ્યો છે.

તન મન નેણાં વેણાં* કેમ રહે છાના વાલા, તરત આવે ઓલખાઇરે;
અધર અંજન પીક લીક લાલ સોહે ગાલ, ઉઠી નખ રેખા ઉરમાંઇરે. જા૦ ૨
પીતાંબર સાટે તે લીલાંબર કેનું લાવ્યા લાલ, વેલણુ રચાછો હરિ સાઇરે;
પ્રેમાનંદના નાથ જોઈ વ્રજનારી, હસે કર તાલી બજાઇરે. જા૦ ૩

પદ ૧૨૦ મું-રાગ ખટ

ભોરહિ મોરે આંગનવા, આયકે કૌવા શબ્દ સુનાવેરે;
હોત સગુન† શુભ મન ભાવન, માનું આજ પિયા ઘર આવેરે. ભોર૦ ૧
હોત ઉમંગવા તન મન મોરે, આનંદ ઉર ન સમાવેરે;
ફરકત અંગ કંચુ કસ તરકત, હરખત જીયા હુલસાવેરે. ભોર૦ ૨
દેહું બધાઈ અતિ મન ભાઈ, શ્યામકી સુધ જો લાવેરે;
રતન જડિત કંચનકો કંગના, મોતીન હાર પેરાવેરે. ભોર૦ ૩
હોત અંદેસવા અબહી આય હરિ, હસી મોયે કંઠ લગાવેરે;
શ્રીઘનસ્યામ માધુરી મૂરત, પ્રેમાનંદ મન ભાવેરે. ભોર૦ ૪

પદ ૧૨૧ મું

આજ સખી મોયે સગુન હોત હે, વામ નેન ભુજ ફરકેરે;
આગમ હોત પિયા આવનકો, કુચ રુ કસન બંધ તરકેરે. આજ૦ ૧
હોત ઉમંગવા અંગોઅંગવા, જીયરા હિયરા હરખેરે;
અતિ આતુર ચાતુર દગ ખંજન, પ્રેમ નીર દોઉ બરખેરે. આજ૦ ૨
પલકનસું મગ ઝારી‡ ઠારી, સરસ સુમન પાથરકેરે;
યેહી મારગ મોરે શ્યામ પધારે, ચરન હંસ ગતિ ધરકેરે. આજ૦ ૩
ગજ મોતિનસું કરું બધાઈ, પરસુ પૈયા પરકેરે;
પ્રેમાનંદ કહે આયે નાથ ઘર, ભેટું છતિયાં ભરકેરે. આજ૦ ૪

પદ ૧૨૨ મું

મોરે મંદિર આજ બધાઈ, ગાવો મંગલ માઇરે;
બાજે બાજા બહુત ભાંતકે, ઢોલ નોબત સરનાઇરે. મોરે૦ ૧

---

* "તન મન નેણાં તેના" પાઠાન્તર છે. † શુકન. ‡ માર્ગ સાફ કરી.

મોતીન ચોક પુરાવો ગાવો, સબ સોહાગની આઇરે;
કરો મનોરથ મનકો પૂરો, નિરખો શ્યામ સુખદાઇરે. મોરે૦ ૨
શ્રીઘનશ્યામ મનોહર સુંદર, શોભા કહી ન જાઇરે;
કોટી રતિપતિ વારું રોમપર, ઉપમા બહતર નાઇરે. મોરે૦ ૩
અવિલોકી અંતરમે રાખો, સુંદર વર સુરરાઇરે;
પ્રેમાનંદ ભયો કૃતારથ, પ્રગટ હરિ ગુન ગાઇરે. મોરે૦ ૪

પદ ૧૨૩ મું

નિરખે અઘમોચન મનરોચન, લોચન ભર ગીરધારીરે,
ભેટી અંક ભરી તન મન ધન, જોબન નોછાવર વારીરે. નિર૦ ૧
શ્રીઘનશ્યામ કામ દર્પ ગંજન, મન મંજન મોરારીરે;
નેહસું બોલાયી કંઠ લગાયી, હાવ ભાવ કર ભારીરે. નિર૦ ૨
સૌમ્ય શીલ ઔદાર્ય ગુણાકર, હરિકૃષ્ણ સુખકારીરે;
મુસકની મંદ ચપલ ચીતવનીમે, મોયે મગન કર ડારીરે. નિર૦ ૩
મગન ભઇ આનંદ સિંધુમે, અવિલોકી અવતારીરે;
પ્રેમાનંદ ઘનસ્યામ બદનપર, મદન કોટી બલિહારીરે. નિર૦ ૪

પદ ૧૨૪ મું-રાગ રામકલિ પ્રભાતિ

વેલેરી ઉઠીને વાલાજીનું વદન નિહારું,
જોઇને કમલમુખ દુઃખ દૂર વિસારુંરે; વેલે૦ ટેક.
બદન વાલાજીનું અતિ સુખકારી,
નિરખી નિરખી જાઉં હું તો સરવસ વારીરે; વેલે૦ ૧
મુખડું જોયા વિના પાણિયે ન પીવું,
પ્રાણજીવનને હું તો જોઈ જોઈ જીવુંરે; વેલે૦ ૨
પ્રાણજીવન જોવા મેં તો જનમ ધર્યો છે,
જુઠોરે સંસારીયો સર્વે ત્યાગ કર્યો છે રે; વેલે૦ ૩
પ્રેમારેનંદના સ્વામીને કાજે મેલ્યાં છે,
સંસારિયાં સઉ બળતામે દાઝેરે; વેલે૦ ૪

પદ ૧૨૫ મું

વાલાજી જોવાને હું તો વેલી ઝબકીને જાગી,
આવીને ઉભી છું બાઈ હું તો ખડકીએ લાગીરે; વાલા૦ ટેક.
ખડકીએ ઉભી ઉભી હરિના ગુણડાંરે ગાવું,
નીરખી જીવન તનડાના તાપ સમાવુંરે; વાલા૦ ૧
વાલોજી દીસે છે બાઈ શોભાનારે ધામ,
મોહનજીને મલવાને મને વ્યાપ્યો છે રે કામરે; વાલા૦ ૨
વાલાજીને જોઇને લોભાણી મતિ મારી,
મનડું કરે છે મલવા હું રાખું વારી વારીરે; વાલા૦ ૩
પ્રેમારેનંદના સ્વામિને જોઈ,
મગન થઈ છું બાઇ હું તો અંગોઅંગ મોઇરે; વાલા૦ ૪

પદ ૧૨૬ મું

સામલિયો સનેહિ બાઈ મને પ્રાણથી પ્યારા,
ઘડિયે ન મેલું વાલાજીને નયણાથી ન્યારારે; સામ૦ ટેક.
તન મન ધન મારું વાલાજીને કાજે,
હવે નથી બીની દુરિજન લોકડાની લાજેરે; સામ૦ ૧
વાલાજી સંગાથે બાઈ મારું ચિતડું બંધાણું,
હવે આ સસારિયાને તૃણ જેવો જાણુંરે; સામ૦ ૨
મેલ્યોરે સંસારિયો મેં તો હરિવર માટે,
વાલોજી વરીશું બાઈ મારા શીરને સાટેરે; સામ૦ ૩
ભલેરે મલ્યા બાઈ મને હરિ વર આવી,
પ્રેમારેનંદના વાલાની હું તો કાવિરે; સામ૦ ૪

પદ ૧૨૭ મું

આજ અલબેલો બાઈ મારે મંદિર પધાર્યા,
વાલેજીયે બાઈ મારાં કારજ સાર્યાંરે; આ૦ ટેક.
થોડું થોડું હસતા બોલતા મીઠી વાણી,
ગુણવંત આવ્યા ગોપિયુંના ચિતડાને તાણીરે; આ૦ ૧

આવીરે આંગણિયે ઉભા વાલો આલસડુંરે મોડે,
વાલપ વધારી વાલો મુજ સાથે પ્રીત જોડેરે; આ૦ ૨
પ્રીતડી કરીને વાલે અધર રસ પીધા,
જનમ સફલ બાઈ મારો હરિવરે કીધોરે; આ૦ ૩
હરિવર મલીયા આનંદ ઓઘ વલીયા,
પ્રેમાનંદનોરે સ્વામિ આજ અઢલક ઢલિયારે; આ૦ ૪

પદ ૧૨૮ મું–રાગ રામકલિ પ્રભાતિ

જાગો જ્યું પ્યારે કેશવ દાતન કીજે, જાગો૦ ટેક.
મિસરીમાઈ મિલાયકે સુંદર, ગોવિંદ ગોરસ પીજે; જાગો૦ ૧
મહિ માખન પકવાન મીઠાઈ, કછુ એક સંગહિ લીજે; જાગો૦ ૨
છુટી ધેન ગઈ સબ બનમેં, નંદ જ્યું ઠાડે ખીજે; જાગો૦ ૩
થારીનમેં કછું જુઠ રહિ સો, પ્રેમાનંદકું દીજે; જાગો૦ ૪

પદ ૧૨૯ મું

તરસતહેં મોરે નેંન દરસ હીત, તર૦ ટેક.
જાગો કમલનેંન કમલાવર ભોર ભયો ગઈ રેન; દરસ૦ ૧
મુખપંકજ દેખે બીના મોહે પરત નહિ પલ ચેન; દરસ૦ ૨
દરસન દેહો દયાનિધિ માધો સ્યામસુંદર સુખદેન; દરસ૦ ૩
પ્રેમાનંદ કહે વદનકમલપર વારુ કોટિક મેન; દરસ૦ ૪

પદ ૧૩૦ મું

પ્રાન મોરે ઉઠવો કયું ન કરો, પ્રાન૦ ટેક.
ઠાડે આયે દરસહિત દ્વારે, સજ્જન વૃંદ સધરો; પ્રાન૦ ૧
અવલોકો ઉઠકે અવિનાશી, તન મન તાપ હરો; પ્રાન૦ ૨
દેહો દરસ દાન દીનનકોં, મીટે સકલ ઝગરો; પ્રાન૦ ૩
પ્રેમાનંદ કહે કર જોરી, વિનતિ ચીત ધરો; પ્રાન૦ ૪

પદ ૧૩૧ મું

આયો દોય ધરી પ્રભાકર, આ૦ ટેક.
ત્યાગો સુમન સેજ સુરપૂજીત જાગો નાથ હરિ; પ્રભા૦ ૧

અબલોં સોઈ રહે સુખસિંઘો આવત ન લાજ જરી; પ્રભા૦ ૨
ખોલો પલક પ્રાનસો પ્યારે દેખો દ્રષ્ટ ભરી; પ્રભા૦ ૩
પ્રેમાનંદ કહે નિરખી નેંનમેં રાખું જતન કરી; પ્રભા૦ ૪

પદ ૧૩૨ મું–રાગ રામકલિ પ્રભાતિ

જાગો જગજીવન વાલા સુંદર શ્યામ, જાગો૦ ટેક.
વદન જોવાને વ્રજનાર ક્યારની, આવી છે મેલીને ઘર કામ; જાગો૦ ૧
રમવા સખી સર્વે સાદ કરે છે, કૃષ્ણ કૃષ્ણ દઈ નામ; જાગો૦ ૨
બંદીજન દ્વારે ગાયે છે, ગોવિંદ તારા ગુણગ્રામ; જાગો૦ ૩
પ્રેમાનંદ કરે પ્રાણ નોછાવર, ઉઠો મારા આતમરામ; જાગો૦ ૪

પદ ૧૩૩ મું

ઊઠો અલબેલા વાલા વાણલારે વાયા; ઊઠો૦ ટેક.
દુઃખમોચન તારું દરશન કરવા, દાસ મલીને સઉ આયા; ઊઠો૦ ૧
મુખમંજન કરવા જમુના જલ, કનક કલશ ભરી લાયા; ઊઠો૦ ૨
દધિ સાકર માખણ મેવા, બઉ ભોજન તરત બનાયા; ઊઠો૦ ૩
પ્રેમાનંદ નાથ આરોગો, ભોજનીયા મનભાયા; ઊઠો૦ ૪

પદ ૧૩૪ મું

નંદના નંદન જાગો આનંદ કંદ; નંદ૦ ટેક.
રવિરથજ્યોત ગગનમાં ઝલકી, મલિન મયુખ અતિ ચંદ; નંદ૦ ૧
વિકસ્યાં કમલ કમોદિની સકુચી, મધુકર મોયા મકરંદ; નંદ૦ ૨
ગોપી ગોરસ મથવા લાગી, જાગો ભવમોચનફંદ; નંદ૦ ૩
કરત સોર ખગ ગોધન હૂંકત, બલિહારી પ્રેમાનંદ; નંદ૦ ૪

પદ ૧૩૫ મું

આવડી શી ઉંઘ તમને ઊઠો મારા નાથ; આ૦ ટેક.
પેરો પટ ભુખણ મણિમય કુંડલ, મોર મુગટ ધરો માથ; આ૦ ૧
ઉર વનમાલ પીતાંબર પેરો, મોરલી મધુરી લ્યો હાથ; આ૦ ૨
તમ સારુ આવીને ઉભા, સરવે સખાનો સાથ; આ૦ ૩
પ્રેમાનંદ નિરખી સુખ પાવે, ગાવે ગોવિંદ ગુણગાથ; આ૦ ૪

પદ ૧૩૬ મું–રાગ રામકલિ પ્રભાતિ

મારું મન મોહ્યુંરે મા મોરલીને નાદે; મારું૦ ટેક.
ગમતું નથી ગોવિંદ વિના મુજને, મનડું વિંધાણું મીઠે સાદે; મારું૦ ૧
સાંભળતાં સંતોષ ન થાયે, જીવન જોવાને જાવા દે; મારું૦ ૨
જાઇશ જોવા હું તો ને રઉં અટકી, લોક લાજ મરજાદે; મારું૦ ૩
પ્રેમાનંદના નાથને મળતાં, થઈ ચાલી જગ બાદે; મારું૦ ૪

પદ ૧૩૭ મું

મારે મન વસિયોરે માંખણચોર; મારે૦ ટેક.
સુખસાગર વાલો રૂપ ઊજાગર, નાગર નંદકિશોર; મારે૦ ૧
મોરલીધર મારગમાં મલિયો, ચરચીને ચંદન ખોર; મારે૦ ૨
સામું જોઇને મારું ચિત્ત હરી લીધું, કીધું કહાને જાદુ જોર; મારે૦ ૩
પ્રેમાનંદ કહે મોહન લગાડી, ચપલ નેણની કોર; મારે૦ ૪

પદ ૧૩૮ મું

જુવો આજ શોભે વાલો છોગાવાલો છેલ; જુવો૦ ટેક.
જરકસિ પાઘ જડાવના બાજુ, કેસર તિલક કરેલ; જુવો૦ ૧
કેસર ભીનો વાલો છેલ છબીલો, અલવ ભર્યો છે અલબેલ; જુવો૦ ૨
ઉર બનમાલ ચાલ જોઈ મોહી, પીત પટ કમર કસેલ: જુવો૦ ૩
પ્રેમાનંદના નાથનાં લટકાં, આવી મારા ઉરમાં ખુંતેલ; જુવો૦ ૪

પદ ૧૩૯ મું

નંદજીનો લાલો વાલો હેડાનો હાર; નંદ૦ ટેક.
પ્રાણથકી વાલો મને મોહન, એ ઉપર મારે પ્યાર; નંદ૦ ૧
એરે વિના જે જે સુખ જગમાં, તે તો જેવા સોમલ ખાર; નંદ૦ ૨
જીવન ધન જસોદાનો જાયો, લોચનિયાનો શણગાર; નંદ૦ ૩
પ્રેમાનંદ કહે તન મન વારું, વારણે વારમવાર; નંદ૦ ૪

પદ ૧૪૦ મું–રાગ રામકલિ પ્રભાતિ

નેક ચિતવું યેહી ઓર પ્યારે; નેક૦ ટેક.
તિહારિ બદન કમલ નિરખતે, મીટત અશુભ અઘ ઘોર; પ્યારે૦ ૧

તુમ હો મંગલ રૂપ મનોહર, હરત અમંગલ મોર; પ્યારે૦ ૨
પ્રેમાનંદકે નાથ ધર્મસુત, રહોજું દ્રગન ચીત ચોર; પ્યારે૦ ૩

પદ ૧૪૧ મું

ભોરહિં ભેટ ભઈરી માઈ; ભોર૦ ટેક.
રૂપ મનોહર નિરખી સાંવરે, તનકી તપત ગઈરી; માઈ૦ ૧
નિરખી છબી ઘનશ્યામ છબીલી, ઉપજત પ્રીત નઈરી; માઈ૦ ૨
પ્રેમાનંદકો નાથ ભક્તિસુત, રહો મોરે દ્રગન મઈરી; માઈ૦ ૩

પદ ૧૪૧ મું* (અ)

યહ ઘનશ્યામ અનુપમ માઈ; માઈ૦ ટેક.
સુરમુનિ વ્યાસ શેષ શુક નારદ, ગાવતહે એહી રૂપ; માઈ૦ ૧
વંદિત ચરણ રાધા રમાનીત, ભકિત ધર્મસુત ભૂપ; માઈ૦ ૨
પ્રેમાનંદ યેહી રૂપ મગનનીત, ત્રીભુવન કીયો તમકૂપ; માઈ૦ ૩

પદ ૧૪૨ મું-રાગ દેવગંધાર પ્રભાતિ

બદનકમલપર વારીરી હું તો; બદ૦ ટેક.
સુંદર શ્યામ બદન છબી ઉપર, મદન કોટી બલહારીરી; હું તો૦ ૧
ભાલ વિશાલ કમલ પત્રાયત, લોચનકી છબ ન્યારીરી; હું તો૦ ૨
પ્રેમાનંદ નોછાવરી મુખપર, ધર્મ અર્થ ફલ ચારીરી; હું તો૦ ૩

પદ ૧૪૩ મું

બદનચંદ્ર છબી દેખરી સજની; બદ૦ ટેક.
બદન પ્રભા બીચ દશનનિ દમકત,
બીજુરી બિજ વિશેખરી; સજની બદ૦ ૧
તરુન કિશોર મનોહર મોહન, ઉઠત અધર કણુ રેખરી;
પ્રેમાનંદ કહે નિરખી નયન ભરી, જનમ સુફલ કર લે
ખરી; સજની બદ૦ ૨

---

* (આ પદ વડતાલ તેમજ ગઢડાની પ્રતોમાં નથી. પરંતુ મંદિરોમાંથી સાંભળવામાં આવેલું, તેથી અત્રે આપવામાં આવ્યું છે. આ ચોસરનું ચોથું પદ પણ એકવાર સાંભળેલું, પણ પાછું મળી શક્યું નથી.)

પદ ૧૪૪ મું

અંખિયનકી લગી ચટકી સજની; અંખિ૦ ટેક.
ભુલી કામ કાજ તન મન સુધ, અવિલોકત રહી
અટકી; સજની અંખિ૦ ૧
સહી અપમાન લોકકો હરિસંગ, બન બન ફીરતહું ભટકી;
પ્રેમાનંદકે બસ ગઈ ઉરમેં, છબી સુંદર વર નટકી; સજની અંખિ૦ ૨

પદ ૧૪૫ મું

શ્યામ સુંદર મોયે હેરી સજની; શ્યામ૦ ટેક.
તિરછી નૈન સૈનકી બરછી, મારી કરેજે મેરી; સજની શ્યામ૦ ૧
યેહિ દરદ મોયે હે નિસવાસર, કાહેકું વૈદ પચેરી;
પ્રેમાનંદ હરિકૃષ્ણ મીલે તો, તુરતહી ફેર પરેરી; સજની શ્યામ૦ ૨

પદ ૧૪૬ મું રાગ—બીલાવલ

જય શ્રીનારાયણ સર્વકારણ સદા, જય શ્રીઅક્ષરપતિ અંતરજાની; જય૦ ટેક.
જય શ્રીધર્માત્મજ પ્રગટ પુરુષોત્તમ, જય શ્રીસહજાનંદ સુખદ સ્વામી; જય૦ ૧
રટત દશશતવદન નિગમ આગમ સદા, જયસિ ત્વં નમત
સુર શીશનામી; જય૦ ૨
જયસિ ત્વં ભજત મુનિ ભકત નિષ્કામ જન, જય શ્રી દાતાર
કૈવલ્ય ધામી; જય૦ ૩
કાલ માયા પુરુષ રચત બ્રહ્માંડ બહુ, પરમ પુરુષ તવ દૃષ્ટિ પામી;
હોત પાલન પ્રલય તવ ભ્રુકુટિ ભંગ કરી, જય શ્રીસર્વેશ્વર અહં નમામી; જય૦ ૪
જય શ્રીકમલાપતિ જય શ્રીનૈષ્ટીક જતી, જયસિ ત્વં ભજત પુરુષ અકામી;
જય શ્રીપરમેશ્વર તવ ચરણ શરણમે, આયો પ્રેમાનંદ ગરુડગામી; જય૦ ૫

પદ ૧૪૭ મું

જય શ્રીમહારાજ શ્રીહરિ ધર્માત્મજ, જય શ્રીકૃષ્ણ લીલા વિહારી; જય૦ ટેક
જયસિ જુગ જુગ પ્રતિ ધર્માવનાય, ધરત લીલાવપુ જય તુમારી; જય૦ ૧
જય શ્રીધૃત મીન વરાહ કમઠાકૃતિ, જય શ્રીનરસિંધ વામન મોરારી;
જય શ્રીભૃગુકુલતિલક જય શ્રીરઘુનંદન, જયસિ શ્રીકૃષ્ણ બુધ
કલકી હતારી; જય૦ ૨

જય શ્રીનારદ વ્યાસ પૃથુ હરિ હંસ દત્ત, ધનવંતરી મનુ હય રૂપ ધારી;
જય શ્રીબદ્રિપતી કપિલ સનકાદિક, જય શ્રીવૈરાજ ધ્રુ અચલકારી; જય૦ ૩
જય શ્રીચોવીશ વપુ ધૃતાકૃતી માધવ, જય શ્રીહરન ભવ દુ:ખ ભારી;
જય શ્રીઅવતારી ઘનશ્યામ તવ નામ પર, જાત પ્રેમાનંદ પ્રાનવારી; જય૦ ૪

પદ ૧૪૮ મું

જયસિ ત્વં ઘનશ્યામ અભિરામ્ર આનંદ ઘન, જયસિ કૃષ્ન હરિકૃષ્ન પ્યારે; જય૦
જયસિ અક્ષરપતિ દિવ્યવિગ્રહ સદા, જયસિ ધર્માત્મજ દ્રગન તારે; જય૦ ૧
જયસિ સદા અજય અવિશુધ અમલાત્મન, જયસિ ધર્મધ્વજ દુ:ખ હારે;
જયસિ અશરણશરણ શરણાગતવચ્છલ, જયસિ મહારાજ જીવન હમારે; જય૦ ૨
જયસિ નીજજન રમન શમન ત્રયતાપ તન, દમન દ્રપ માર મદ મોહ ભારે;
જયસિ ત્વં કરુણાભુવન દલન* કલિમલ અશુભ, જયસિ સુખસદન જય જગ ઉજારે; જય૦ ૩
જયસિ ભુવીમંડન અશુભ મતખંડન, જયસિ સદય રુદય મંગલકારે;
જયસિ ત્વં વરણીંદ્રવર મહાનૈષ્ટિક સદા, પ્રેમાનંદ નામ પર પ્રાણ વારે; જય૦ ૪

પદ ૧૪૯ મું

જયસિ રમનીય કમનીય દમનીય અરી, જયસિ સહજાનંદ અક્ષરવાસી; જય૦ટેક.
ત્વમપી મમ જીવનં ત્વમપી મમ લોચનં, ત્વમપિ મે વાંછિત વરદદાસી;† જય૦ ૧
જય શ્રીમંજુલ મૃદુલ મધુર મુખવચન વર, જયશ્રી ચિતવની ચલની મધુર હાસી;
જય શ્રીકમલાનન પદ્મદલલોચન, કરપદકમલદલ તુલ્ય આસી; જય૦ ૨
જયશ્રી સૌન્દર્ય ઔદાર્ય વર ગુણાકર, જયસિ ત્વં સૌશિલ્ય વાચ્છલ્ય રાસી;
જય શ્રી કરુણાભુવન જય શ્રીકરુણાધન, જય શ્રીકમલારમન અવિનાશી; જય૦ ૩

---

* "દવન" અને "દહન" એવા પાઠો પણ છે. † "વરદાસિ" વર આપવાવાળા છો.

ત્વમસિ ભજનીય નમનીય શમનીય દુઃખ, ત્વમસિ મમ પ્રાણુ-
પતિ સુખપ્રકાશી;
દેહી મમ નાથ તવ ચરણુ રતિ અચલ મતિ, પ્રેમાનંદ પ્રાણુ
કુરબાન જાસી; જય૦ ૪

પદ ૧૫૦ મું–રાગ બીલાવલ

તુમ બીન એસો કોન દયાલ, તુમ૦ ટેક.
ભક્તિધર્મસુત કૃષ્ન મહા પ્રભુ પ્રગટે કલિમે અધમ પ્રતિપાલ. તુમ૦ ૧
પચત રહે હમ ભવ પ્રવાહમહિં પાવત દુઃખ માયાવશ કાલ,
કરી સુદ્રષ્ટ નીકારી લીયે પ્રભુ કાપ્યો કઠિન માયાકો જાલ. તુમ૦ ૨
કીયે અપરાધ અનંત કોટિ તવ ઉર ના ધરે તુમ રતિ એક વાલ,
રાખે શરન વિસારી ઔગુન દે નિજ જ્ઞાન કીયે જુ નિહાલ. તુમ૦ ૩
જેહી પ્રતાપ સુન્યો હમ પુરબ સો દ્રગ દેખ્યો પ્રગટ વિશાલ,
પ્રેમાનંદ કીયો કરુનાનિધી કાક મેટી પીક બક ઉ મરાલ.* તુમ૦ ૪

પદ ૧૫૧ મું

જય જય જય ધનશ્યામ તુમારી, જય જય૦ ટેક.
બહે જાત ભવ વિખમ ધારમહિં, બાંહ પકરી કે લીયે હે નિકારી. જય૦ ૧
દે વિજ્ઞાન વિમલ મતિ કીની દીની ભક્તિ દશ રુપ પ્રકારી,
કરી સેવક સેવામહિ રાખે દીનબંધુ ત્રયતાપ નિવારી. જય૦ ૨
કામ ક્રોધ અહંકાર માન મદ લોભ મોહકે મુલ ઉખારી,
અંતરમહિ મહારાજ વિરાજે કૃપાસિંધુ ગોવરધનધારી. જય૦ ૩
કરી કરુના જુ ધર્યો માનુષતનુ ઘોરકલિમહિં કુંજબીહારી,
પ્રેમાનંદ કે' પંચ પાપમય ઉદ્ધારે અગનીત નરનારી. જય૦ ૪

પદ ૧૫૨ મું

સુખદાયક જય જય ધનશ્યામ, સુખ૦ ટેક
સદા પ્રસન્ન કરુનામય મૂરત ધર્મતનય સંતન વિશ્રામ. સુખ૦ ૧
જે કોઉ જન આવત નીજ શરને કરુના કરીકે સુનાવત નામ,
બીન પ્રયાસ અષ્ટાંગયોગબીન હોત સમાધી દેખત સબ ધામ. સુખ૦ ૨

* કાગડા અને બગલાને સ્વરૂપ પલટાવીને કોકીલ અને હંસ બનાવ્યા.

બેદ બિમુખ પાખંડ પંથ બઊ ખંડે જૈન અધર્મી વામ,
અધર્મ સર્ગ સબ કીયો હે નિકંદન રાવન કંસ અહંમદ કામ. સુખ૦ ૩
ધર્મબંસભુખન નિહારી મન મગન રહત મુની આઠો જામ,
પ્રેમાનંદ ધનસ્યામ નાથકે હાથ બેકાનો બીનહી દામ. સુખ૦ ૪

પદ ૧૫૩ મું

જેસો હિ તેસો તિહારો નાથ; જેસો૦ ટેક.
અબ જી ન છાંડો શ્યામ નીજ કરકે કીજે અભય દીજે શીર હાથ; જેસો૦ ૧
દીનબંધુ શરણાગતવત્સલ ગાવત નિગમ વિમલ યહ ગાથ;
ધર્મકુંવર ધનસ્યામ બરદ સુની પરયો દેહરી ડારીકે માથ; જેસો૦ ૨
સેવા બીના દ્રવત દીનનપર યહ પુરબકી રીત વિખ્યાત;
શબરી ગીધ રુ બિદુર સુદામા ભેટે પ્રેમે ભૂજા ભરી બાથ; જેસો૦ ૩
પ્રતનો દાન મોયે દીજે દયાનિધિ તવ પદ ભકિત સંતકો સાથ;
ટારો તુમ બીન ઇતર વાસના પ્રેમાનંદકે શ્યામ સુખપાથ; જેસો૦ ૪

પદ ૧૫૪ મું–રાગ બીલાવલ

જય જય કૃષ્ન દિનેશ પ્રતાપ; જય૦ ટેક.
ઉદય ભયો પુરબ ધરમાત્મજ પશ્ચિમ વિસ્તર્યો આઇકે આપ; જય૦ ૧
ગ્નાન વૈરાગ્ય મ[illegible]ખ મુની તિક્ષન, લાગો જારન અતિ ઉગ્ર અમાપ;
કલિમલરુપ સઘન તમપાખંડ, તાહી નસાયો બઊ બીધ કાપ; જય૦ ૨
ધનત્રિયાલંપટ ભેખ મંદમતિ, હરિ બીના કરમ જપત નીત જાપ;
એસે ઉલુક અધમ મતવાદી, કીન પલાયન મતિકે પાપ; જય૦ ૩
નીજ જન સંત કમલબન ફુલે, મુનીગન મધુકર કરત અલાપ;
પ્રેમાનંદ કૃષ્નહરિકો જસ, છાયો બઊ બીધ ત્રિભુવન વ્યાપ; જય૦ ૪

પદ ૧૫૫ મું

જય જય કૃષ્ન શ્રીરાજાધિરાજ; જય૦ ટેક.
પ્રગટ ભયે કલિમે પુરુષોત્તમ, પરમ દયાલ સો નીજ જન કાજ; જય૦ ૧
નીજ જન ભાવ સિંઘાસન બેઠે, પાવન સ્વજસ છત્ર શીર છાજ;
પ્રેમ ચંવર ઢોરત નીજ સેવક, શોભીત સુરીનરમુનીશીરતાજ; જય૦ ૨

નીજ પ્રતાપ છાયો જગમાંઈ, સત્યધરમકી બાંધી પાજ;
કામ ક્રોધ મદ લોભ ચોર સઠ, મારે બાંધી પકરીકે આજ. જય૦ ૩
મત અરુ પંથ કુંપત કરજોરે, આયે શરન છોરી સબ લાજ;
પ્રેમાનંદ શરણાગતવત્સલ, જય જય કૃષ્ન ગરીબનિવાજ. જય૦ ૪

પદ ૧૫૬ મું

બેઠે સભા શ્રીરામ ઘનસ્યામ; બેઠે૦ ટેક.
તહાં મલ આય અખાડો મચાયો, અતિ પાવન નીજ ગોકુલ ધામ. બેઠે૦ ૧
શુક નારદ સનકાદિક વાલ્મીક, વ્યાસ વસિષ્ઠ ઉમાપતિ નામ;
ગરજત સુભટ અરુ ગાલ બજાવત, સુની અતિ થરથર કંપે કામ. બેઠે૦ ૨
બ્રહ્મ અમલ ઘુંમત મતવારે, પુની પુની ભુજા બજાવત વામ;
કરત બડાઈ પરસપર મહાબલ, સિંધુ ગાવત આઠો જામ. બેઠે૦ ૩
બોલે સુભટ સબ રાધાપતિ ઓ, સુનો હો મુનિ આભુખન રામ;
તુમારે પ્રતાપ સકલ હમ જીતે, પ્રેમાનંદકે પ્રભુ દેહો ઇનામ. બેઠે૦ ૪

પદ ૧૫૭ મું

શ્રીકૃષ્ન દયાલ જાચું કર જોરી; શ્રી૦ ટેક.
કરહુ અભય મોયે અધમ ઓધારન, બહોરી ન માગું આનકી પોરી. શ્રી૦ ૧
મુખ માગ્યો દેહો મધુસુદન, તુમ હો દયાલ દીનદુખતોરી;
બીસરો ના મોહે નાથ નિમિષ લવ, અખંડ રહો દ્રગ નવલ કિશોરી. શ્રી૦ ૨
તપ પદ કમલ રસિક રસ માતે, તીનકો સંગ અહોનિશ દો–રી;
ગુન ગાવું હરખીત ગુનસાગર, કબઉ ન હોય આલસી મતિ મોરી. શ્રી૦ ૩
ઇતનો દાન મોહે દેહો દયાનિધિ, કરઉ સેવક નીજ ચરનનકોરી;
પ્રેમાનંદ કહે નલિનચરણપર, મધુકર હોઈ ભમીડું નીશ ભોરી. શ્રી૦ ૪

પદ ૧૫૮ મું–રાગ બીલાવલ

હાંરે લલચાણીરે, લાલવર લેરખડો જોઇને; લાલ૦ ટેક.
છોગાલી છેલે પાઘ બાંધી, હાંરે મારા મનને માવે લીધું છે તાણીરે; લાલ૦ ૧
સામુ જોઇને સામલિયે મુજને, હાંરે માવે હસીને બોલાવી મીઠી વાણીરે: લાલ૦ ૨
પેહેલીવેહેલી વાતલિયા સાથે, હાંરે હું તો બોલતાં કાંઇક શરમાણીરે; લાલ૦ ૩
પ્રેમાનંદના નાથની મૂરતિ, હાંરે મારા અંતરમાં આવીને દેખાણીરે; લાલ૦ ૪

પદ ૧૫૯ મું

હાંરે મન લીધુંરે, માવે મારું નેણાને નજારે; મન૦ ટેક.
નજર ભરીને માવે મુજને નિરખી, હાંરે કહાને કામણીયું કાંઇક મુને કીધુંરે; માવે૦ ૧
હેત કરીને વાલે હસીને બોલાવી, હાંરે છેલે સુખડું અલૌકીક દીધુંરે; માવે૦ ૨
મતવાલો મારગમાં મલિયો, હાંરે મારું પ્રેમે કરીને મહી પીધુંરે; માવે૦ ૩
પ્રેમાનંદના નાથને નિરખી, હાંરે મારું સુફલ કારજ સરવે કીધુંરે;* માવે૦ ૪

પદ ૧૬૦ મું

હારિ મન મોહ્યુંરે, કહાનવર કેશરીયો જોઇને; મન૦ ટેક.
પાતલિયા સંગ પ્રીત કરીને, હાંરે મેં તો જન્મમરણ દુઃખ ધોયુંરે; કાન૦ ૧
તન મન ધારી વારી ઉર મોહન, હાંરે મેં તો ચરણકમલ ચીત પ્રોયુંરે; કાન૦ ૨
નંદકુંવરને રાખી નેણામાં, હાંરે બીજું સુખ દુઃખ સરવે વગોયુંરે; કાન૦ ૩
પ્રેમાનંદ કહે જતન કરીને, હાંરે એની મૂરતિમાં મન ઠોયુંરે; કાન૦ ૪

પદ ૧૬૧ મું

હાંરે પ્રીત લાગીરે, માણીગર મોહનજી સંગાથે; પ્રીત૦ ટેક.
પ્રીત લાગી છે મારી સ્યામસુંદરથી, હાંરે હવે થઈ છું પૂરણ બડભાગીરે; માણી૦ ૧
આશ તજી છે મેં તો અસત્ય જગતની, હાંરે હું તો રસિયા
સંગાથે અનુરાગીરે; માણી૦ ૨
જન્મ મરણની ભ્રમણારે ભાગી, હાંરે હું તો વરી વર શ્યામ સોહાગીરે; માણી૦ ૩
પ્રેમાનંદના નાથને મલતાં, હાંરે હવે નિરભે નોબત મારે વાગીરે; માણી૦ ૪

પદ ૧૬૨ મું રાગ–બીલાવલ ધ્રુપદ ચૌતાલ

માઇરી દાહી બાંઇ દાહે નેંના કુચ જુગ ઉર હાર લાગે હે ફરફર ફરકન; માઇ૦ટેક.
સગુન સોહાવન, હોત મનભાવન,
પાવન પીયા મોરે આંગન કીનો, રોમ રોમ લાગેરી હરખન. માઇ૦ ૧
હોત આનંદ ચેન મીલે શ્યામ સુખદેન, લાગેરી કસનબંદ તરતર તરકન;
અબકે જો મીલે મોયે પ્રેમાનંદકો નાથ, ના દેઉ નેનાઉતે સરકન. માઇ૦ ૨

---

* "સીધુંરે" એવો પાઠ ગઢડાની પ્રતમાં છે.

પદ ૧૬૩ મું

માઇરી આજ મેરે ભાગ જાગે પીવા દેખે, નેના આગે
પૂરન કામ પીવા મેરે આયે; માઇ૦ ટેક.
સુરભીદુધસું ચરન પખારું, પલકનસું પાદુકા ઝારુ;
તન મન પ્રાન વારુ, નેહસું બોલાય રસસું રાખુંગી રીઝાયે. માઇ૦ ૧
નેહસું વધાઇ કરું જોબનકી ભેટ ધરું, પીવાકે પાયન પરુ વિનતિ સુનાયે;
પ્રેમાનંદકે નાથ નેહકે નીભાવન, ધર્મકુંવર સુરરાયે. માઇ૦ ૨

પદ ૧૬૪ મું

માઇરી મધુરીસી મુરત દેખી મન મેરા મોહી રહ્યો,
ચીતવની પર પ્રાન બલજાઇ. માઇ૦ ટેક.
હસની બોલની ચલનીપર, વારુરી કામ કોર,
નટવર સુંદર નીરખી મગનભઇ, અખિયાં રહીરી લોભાઇ. માઇ૦ ૧
ચપલ ચતુર કહાન સ્યામ સુંદરતાકી ખાન, બરનત શેષ સકુચાઇ,
પ્રેમાનંદકે સ્વામી ઇશ્વર અંતરજામી, બસ ગયે ઉર મેરે આઇ. માઇ૦ ૨

પદ ૧૬૫ મું

માઇરી લાલનકી લટક દેખી મટક પરત નાહી,
ચટપટી લગ રઇ તન માઇ. માઇ૦ ૩
નીરખી છબી નંદકિશોર, તનમે પરી કામ રોર;
મીલું માનું જાય દોર, સકુચ રહી લોકની લાજ ઉરઘાઇ.* માઇ૦ ૧
મારત મનોજ બાન બીકલ હોત મન પ્રાન, ચીત મેરા લીનો ચોરાઇ,
પ્રેમાનંદકો નાથ એકબેર ભરી બાથ, કુંવરકહાન† મીલીહે મુસકાઇ. માઇ૦ ૨

પદ ૧૬૬ મું-રાગ ભૈરવી

पाहि मां पाहि मां भवसागरात् ॥ ध्रुपद०
धेहि धेहि निजरूपंमतरा पाहि ॥ पाहि० ॥ १ ॥

---

* "ઉરતાઇ" પાઠ વૃત્તાલયની પ્રતમાં છે † વૃત્તાલયની પ્રતમાં પાઠ નીચે પ્રમાણે છે;-

"મારત મનોજ બાન બીકલ હોત મન પ્રાન, કુંવર કહાન ચીત મેરો લીનો ચોરાઇ;
પ્રેમાનંદકો નાથ એક બેર ભરી બાથ, મીલીહે મુસકાઇ."

देहि मे पदपल्लवसुंदर। धर्मात्मज धर्मधुरंधर॥
श्रुणु मे प्रणति परमेश्वर। कुरु मयि करुणा जगदीश्वर॥ पाहि० ॥ २॥
अशरणशरणं प्रभु ते पदं। प्रणतार्तिहरं सुखदं शुभदं॥
दहति तूर्णं मे मोहमदं। धियतां कुरु पावन मे हृदं॥ पाहि० ॥ ३॥
नारायण त्वं मे प्राणपति। देहि मां निजचरण सरोजरतिम्॥
न चले सुतरां ध्रुवमेव मति रवधार्य प्रेमानंदस्य प्रणतिम्॥ ॥ ४॥

પદ ૧૬૭ મું રાગ ભૈરવી પ્રભાતિ

પ્રાત થયુંરે મારા પ્રાણ સનેહિ, જાગો જીવન જાઉં વારી; પ્રાત૦ ટેક
દર્શન કારણ મુનિવર મોટા, આવ્યા હરખ ભર્યા ભારી; પ્રાત૦ ૧
પંચાનન સહસ્રાનન ષડમુખ, ગજવદનો વર ઉગારી;
શારદ નારદ વ્યાસ કીરમુની, સનકાદિક ઋષિવર ચારી; પ્રાત૦ ૨
મૂષકવાહન શિખિવાહન જુન, વૃષભેશ્વર ભવભયહારી;
ગાયે નાચે કરે કુતોહલ, મૂર્ત્તિ તમારી ઉર ધારી; પ્રાત૦ ૩
વદન ઉઘાડો અરવિંદલોચન, નિરખો કોતુક કંસારી;
પ્રેમાનંદનો નાથજી ઉઠ્યા, દીધા દરશન સુખકારી; પ્રાત૦ ૪

પદ ૧૬૮ મું

અલબેલો ઉઠ્યા હરિ હસતા, આવીને ઉભા ઓસરીયે; અલ૦
ફેંટો શ્વેત ઉપરણો ઓઢ્યો, કર નક્ત કલિ* ઘોહરીયે; અલ-૧
શોભા સવારની સુંદર વરની, શુંરે વખાણું વૈખરીયે;
પાટ ઉપર બેઠા પુરુષોત્તમ, નીરખી જન નેણાં ભરીયે; અલ-૨
આશિરવાદ વદે મુનિ નીરખી, અવિચલ રહો દરશન કરીયે;
ધર્મકુંવર તમ ઉપર વારું, તનમન પ્રાણુ ફરી ફરીયે; અલ-૩
ધર્માતમજ કરે દંત ધાવન, કનક પ્યાલુ આગે ધરીયે;
પ્રેમાનંદકે સુંદર મુખડું, નિરખી અંતરમાં ઠરીયે; અલ-૪

---

* 'કલગી" શબ્દ સંભવે છે. કલગી "ઘોડરાય' એટલે કલગી વિચારોએ-જોઇએ.

પદ ૧૬૯ મું

દીનોનાથ કરે દંત ધાવન, લઇને કોમલ કરમાંઇ; દીનો૦ ટેક.
કુંદકલિસમ દશન મંજન કરે, નેણાં લોભાણાં જોઈ ચતુરાઇ; દીનો૦ ૧
મુખ પ્રક્ષાલન કરી મનમોહન, નાવા પધાર્યા સુખદાઈ;
ગંગાજલિયા કુવા કાંઠે, ન્હાયે નાથ અતિ હરખાઈ; દીનો૦ ૨
સરસ અત્તર લઈ કરે તન મર્દન, વર્ણિ મુકુંદ છબી ઉર લાઇ;
ઢોલે જલ ચોળે તન સુંદર, શોભા વરણવી નવ જાઇ; દીનો૦ ૩
અંગ અંગોછી ઉજ્વલ ધોતી, પેરિ કટિપર સરસાઇ;
પ્રેમાનંદ કે' જમવા પધાર્યા, હરિકૃષ્ન હરિ પુલકાઇ; દીનો૦ ૪

પદ ૧૭૦ મું

જમવા બેઠા અખીલલોકપતિ, ઓસરીયે અનુરાગેરે; જમ૦ ટેક.
ખટરસ ભોજન સરસ સુધારી, કનક થાલ ધર્યો આગેરે; જમ૦ ૧
વીધવીધના પકવાન તે પીરસ્યાં, જે જે સારા લાગેરે;
મોતીચૂર જલેબી ઘેબર, મન ગમતાં જે માગેરે; જમ૦ ૨
દૂધપાક જમે બીરંજ હરીસો, નિરખી દુઃખ દૂર ભાગેરે;
કઢી વડી જમી શાક વખાણ્યાં, સુંદર સ્યામ સુહાગેરે; જમ૦ ૩
ચલૂ કરીને મુખવાસ લીધા, અધર અરુણ પીક દાગેરે;
પ્રેમાનંદ કે' મનડું મોહ્યું, સરસ પેચાલી પાઘેરે; જમ૦ ૪

પદ ૧૭૧ મું–રાગ ભૈરવી

વંદુ શ્રીધર્મતનય બ્રહ્મપુર નિવાસી; વંદુ૦ ટેક.
લહત ન સકામી કોઉ આતમા ઉપાસી; વંદુ૦ ૧
જાકે અગણિત નામ, સત ચિદ આનંદ ધામ;
અક્ષર અમૃત જનવિશ્રામ, અચ્યુત અવિનાશી; વંદુ૦ ૨
અગણિત વિશ્વ આધાર, સુખનિધિ અતિ સર્વ પ્રકાર;
કહત નિગમ ગતિ અપાર, સુંદર સુખરાશી; વંદુ૦ ૩
અગણિત રવિ શશિ સમાન, શીતલ પ્રકાશવાન;
શ્રીપતિ ભગવાન તામે, વસત સુખવિલાસી; વંદુ૦ ૪

અક્ષર નિવાસી દેવ, કોટી મુક્ત કરત સેવ;
આગે* એક એવ, પ્રેમાનંદ ગુણ ગાસી; વંદુ૦ ૫

પદ ૧૭૨ મું

નારાયણ વાસુદેવ અક્ષરપતિ સ્વામી; નારા૦ ટેક.
સેવત પદપદ્મ જાકે પુરુષ નિષ્કામી; નારા૦ ૧
અક્ષરસમ કોટી મુક્ત, એકાંતિકધર્મજુક્ત;
પઢી પઢી નિત્ય પુરુષસુક્ત, સ્તુવત બહુનામી; નારા૦ ૨
ચંદનાદિક પુષ્પહાર, ગ્રહીકે ષોડશ પ્રકાર;
પૂજત પ્રભુ વિશ્વાધાર, ચરનન શિર નામી; નારા૦ ૩
અક્ષર અતિ પરમ ધામ, કરત તામે હરિ વિરામ;
પરમ પુરુષ પૂરણકામ, અનંત નામ નામી; નારા૦ ૪
વૃષસુત સુંદર સુજાન, કોટીક શોભા નિધાન;
પ્રેમાનંદ વારે પ્રાન, નિરખી અંતરજામી; નારા૦ ૫

પદ ૧૭૩ મું

ધર્માત્મજ ધર્મકુંવર સંતન સુખદાઈ; ધર્મા૦ ટેક.
અધમકાજ શ્રીમહારાજ, વિચરત મહિ આઈ; ધર્મા૦ ૧
અતિશય આનંદકંદ, વૃષકુલવર વિશદચંદ;
મેટન દુઃખ દ્વંદ, નિગમ કરત હે બડાઈ; ધર્મા૦ ૨
ધર્મલાલ પ્રણતપાલ, અધરમકુલ પરમ કાળ;
તન તમાલ ગતિ મરાલ, સુંદર સુર રાઈ; ધર્મા૦ ૩
વદન વદન અતિ રસાલ, મેટત ભવ ભ્રમણ જાલ;
એસે હરિવર દયાલ, દેખે દુઃખ જાઈ; ધર્મા૦ ૪
અમિત શમિત ત્રિવિધ તાપ, ત્રિભુવન જન જપત જાપ;
બરનત ગુણ કર અલાપ, પ્રેમાનંદ ગાઈ; ધર્મા૦ ૫

પદ ૧૭૪ મું

નારાયણ નારાયણ રસના નિત્ય ગાઇએ; નારા૦ ટેક.
પરિહરિ છલ કપટ ચપટ, આનંદ સુખ પાઇએ; નારા૦ ૧

* "આગે એક ટેક" પાઠાન્તર છે.

જાસે હોત જન્મ મરણ, અસદ્ગ્રામ્ય કથાશ્રવણ;
પુનિ પુનિ ભવ ભ્રમણ શ્રમણ, સબહી દૂર બહાઇએ; નારા૦ ૨
શ્રીહરિ હરિકૃષ્ણ નામ, જનવિશ્રામ દમત કામ;
ઘનસ્યામ ચરનન પર, ત્રિભુવન બલ જાઇએ; નારા૦ ૩
કમનીય અતિ સરસ રૂપ, અતિ અનુપ નમત ભુપ;
ધર્મસુનુ છબી વિલોકી, અતહી હરખાઇએ; નારા૦ ૪
સબહીકો આધાર સાર, સુંદર શ્રીનૃપકુમાર;
પ્રેમાનંદ વારવાર, ચરનન શિર નાઇએ; નારા૦ ૫

પદ ૧૭૫ મું–રાગ ભૈરવી

મે તો ગુનેગાર તેરારે, હો સ્વામીન મેરા; મે તો૦ ટેક.
હું ગુનેગાર તેરા કીરતાર, દે શરન ચરન કેરારે; મે તો૦ ૧
અધમ ઓધાર પતિતજન પાવન, મેટત ભવફેરારે; મે તો૦ ૨
યેહી બરદ ઘનશામ સુની તેરા, કીનો ચરન ડેરારે; મે તો૦ ૩
પ્રેમાનંદ કે' પ્રભુ ભવસાગરતે, પાર કરો બેરારે; મે તો૦ ૪

પદ ૧૭૬ મું

મેરી તકસીર કરીયો માફ, હો હરિ જગવ્યાપ; મેરી૦ ટેક.
બહુત બની તકસીર મેરેસે, સબ વીધી જાનત આપ; મેરી૦ ૧
હમ અપરાધી જીવ જનમકે, કહા બરનું કહી પાપ; મેરી૦ ૨
થાપન ધર્મ ધર્મકુલ પ્રગટે, અધર્મ કરન ઉથાપ; મેરી૦ ૩
પ્રેમાનંદ તર્યો ભવસાગર, તેરે ચરન પ્રતાપ; મેરી૦ ૪

પદ ૧૭૭ મું

તોહે મેરી બાંહ ગ્રહેકી લાજ, હો મેરે મહારાજ; તોહે૦ ટેક.
હમ હે પતિત તુમ પતિતકે પાવન, ગિરિધર ગરિબનિવાજ; તોહે૦ ૧
ચહુ જુગકે નરનારી પાતકી, સબહી ઓધારે આજ; તોહે૦ ૨
અધમ ઓધારન ત્રિભુવનતારન, શ્રીહરિ ક્રિપા જહાજ; તોહે૦ ૩
પ્રેમાનંદ કે' પ્રભુ પ્રગટે ધર્મકુલ, અધમ ઓધારન કાજ; તોહે૦ ૪

પદ ૧૭૮ મું

મે તો છીન છીન તેરા ગુનેગાર, હો ધર્મકુમાર; મે તો૦ ટેક.
મે ગુલામ તેરે ચરન કમલકા, તે મેરા શિરદાર; મે તો૦ ૧
જો કરની સુનિ હો પ્રભુ મેરી, નાહિ કબહુ નિસ્તાર; મે તો૦ ૨
અપનો બરદ બિચારીકે કેશવ, લીજે મોહન મેરી સાર; મે તો૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ નામપર, બાર બાર બલીહાર; મે તો૦ ૪

પદ ૧૭૯ મું-રાગ ભૈરવી

જોગન હો ગૈયારે તેરે લીયે હો સૈયા, રે મે તો; જોગ૦ ટેક.
તેરે કારન મે તો ભેખ બનાયો, સુંદર સ્યામ કનૈયારે; તેરે૦ ૧
કફની ફારી ગલે બીચ ડારી, કર જપમાલા લૈયારે; તેરે૦ ૨
દેહો દરસ પરસ સુખદાયક, વ્રજજીવન બલભૈયારે; તેરે૦ ૩
ધર્મકુંવર તેરી સુંદર છબીપર, પ્રેમાનંદ બલ જૈયારે; તેરે૦ ૪

પદ ૧૮૦ મું

જોગન તેરિયાંરે સુધ લીજ્યો મેરીયાં, રે મે તો; જોગન૦ ટેક.
તું મેરે પ્રાનનાથ પુરુષોત્તમ, મે તેરે ચરનકી ચેરિયાંરે; સુધ૦ ૧
તુમ બીના બ્યાકુલ ફીરત દીવાની, બીરહ બીથા તન ઘેરીયાંરે; સુધ૦ ૨
દરસ દાન અબ દીજે દયાનિધિ, નાથ ના કીજીયે દેરીયાંરે; સુધ૦ ૩
પ્રેમાનંદ કે પિયા દ્રગ ભરી હેરી, તન મન તાપ નીબેરીયાંરે; સુધ૦ ૪

પદ ૧૮૧ મું

તેરે રૂપ લોભાંનીયાવે, બંસીવારે હો પ્યારે, તેરે; ટેક.
રૂપ લોભાની અબ સબ જગ જાની, છુટ ગઈ કુલ કાનીયાવે; બંસી૦ ૧
રૂપ વેરાગન ભઈ હું સાંવરે, સામલ છબી મન માનીયાવે; બંસી૦ ૨
શામ બરન તન ચરચીત ચંદન, પીત બસન કટિ તાનીયાવે; બંસી૦ ૩
પ્રેમાનંદ કહે યેહી છબી અંખીયાં,નીરખી નીરખી ન અઘાનીયાંવે;બંસી૦ ૪

પદ ૧૮૨ મું

મે તો દરસકી પ્યાસીયાંવે, રહત ઉદાસીયાં; રે મેતો૦ ટેક.
દરસ બીના દિના બહુત બીતી ગયે, સુનીયે શામ સુખ રાસિયાંવે; રહત૦ ૧

સુંદર બદનકમલ દેખે બીના, વ્યાકુલ સબ બ્રજ બાસીયાંવે; રહત૦ ૨
કરુના આની જાની નીજ કિંકરી, દે હો દરસ અવિનાસીયાંવે; રહત૦ ૩
હોય નિઃશંક અંક ભરી ભેટી, પ્રેમાનંદ બલી જાસીયાંવે; રહત૦ ૪

પદ ૧૮૩ મું-રાગ ભૈરવી ધ્રુપદ ચૌતાલ

અગમ અગાધ બાત ત્રિભુવન નાથ તેરી,
ચતુરાનન આદિક બિચ્ચારી રહે હાર હાર; અગ૦ ટેક.
પાવન પરમ ધામ અક્ષર હે જાકો નામ,
તાકે એક રોમ મે બ્રહ્માંડકો ન પાર પાર; અગ૦ ૧
અક્ષરકે રોમકે પ્રકાસહુંમેં લીન હોત,
કોટી રવી ચંદ્ર તારા, અનલકો ઉજાર જાર;
અક્ષરકે આધાર કીરતાર આપ ભયે સાકાર,
પ્રેમાનંદ કે' નરનાર લેત ઉર ધાર ધાર; અગ૦ ૨

પદ ૧૮૪ મું

આયે છીપાયે સેજ ઐશ્વર્ય પ્રતાપ તેજ,
કોઉ ન જાને પરબ્રહ્મ ગુઢ રૂપ રૂપ; આયે૦ ટેક.
કરત ચરિત્ર જાની મનુષ્યસમ મહા વિગ્યાની,
બ્રહ્માદિક ભૂલે કૌતુક લખત અનૂપ નૂપ; આયે૦ ૧
ભવ વિરિંચી સુરનર મુની પ્રકૃતિ પુરુષ વિશ્વાધાર,
અક્ષર આદિ મુક્ત કોટી સબકે શીર ભૂપ ભૂપ;
કાલ કર્મ પ્રેરક સ્વામી પ્રેમાનંદ કે' અંતર જામી,
સત ચીત આનંદ બ્રહ્મ રહત રહસી છુપ છુપ; આયે૦ ૨

પદ ૧૮૫ મું

એસો વિચાર મેરો હોઉ કિંકર ચરનકોરી,
પાદુકા ઉઠાય ફીરું રેન દિન રાવરી; એસો૦ ટેક.
ધર્મકુમાર સુંદરશામ ભક્તપુરનકામ,
રટું આઠ જામ અંતર ધારું છબી સાંવરી; એસો૦ ૧
કીજીયે કૃપાનિવાસ ઇતર વાસનાકો નાસ,
રહું પાસ હોયે દાસ એસો મેરો બાવરી;

નીરખું આનંદ કંદ હસની બોલની મંદ મંદ,
પ્રેમાનંદ ચીતવત રહું ચલત ગતિ ઉતાવરી; એસો૦ ૨

પદ ૧૮૬ મું

કીજીયે કૃપા કૃપાલ સદા ભક્તપ્રતિપાલ,
ધર્મભક્તિહુંકે લાલ કૃષ્ન કમલલોચન; કીજી૦ ટેક.
સુની લીજે અરજી મેરી શામ સુંદર છબી તેરી,
રહો અખંડ દ્રગન હેરી કામમદ મોચન; કીજી૦ ૧
ચંચલ વિશાલ નેન નીરખત અત હોત ચેન,
અવિચલ સુખ દેન બેન ભક્તમનરોચન;
પ્રેમાનંદ કે' પ્રાન કાન રહો દ્રગન સુખનિધાન,
દીજે દરસ દાન કીજે વાસના સંકોચન; કીજી૦ ૨

પદ ૧૮૭ મું-રાગ ભૈરવી-પ્રભાતિ

ઘનશ્યામ ચરણ કલિકલુષહરણ નિત, તિરથરાજ કહાવે; ઘન૦ ટેક.
અવિથલ મહીથલ અભય અક્ષ વટ, સુરનર મુની મન ભાવે; ઘન૦ ૧
અસિત પુષ્ટ જુગ લલિત અરુણ તલ, નખાવલી સુખ રૂપા;
મુની રવીજા સુરસરી સારદા, સંગમ પરમ અનૂપા; ઘન૦ ૨
ષોડશ ચિન્હ અમલ ઉત્તમ અતિ, ઉઠત ભવ રતિરંગા;
મજ્જહીં સુરનરમુનીમાનસ, મલ હોત અમલ શુદ્ધ અંગા; ઘન૦ ૩
તજી સાધન બલ અન્ય આસરો, ઇતર આસ કરી દૂરી;
ચિંતત સંતત સાદર સુમતિ, પ્રેમાનંદ હજૂરી; ઘન૦ ૪

પદ ૧૮૮ મું

ઘનશામ ચરન નખચંદ્ર સુધાકર, ચીતવહું ચીત પ્રીત લાઈ; ઘન૦ ટેક.
કર લેકિ સફલ જનમ સુમનોરથ, નીરખી નીરખી હરખાઈ: ઘન૦ ૧
સ્વસ્તિ જવ જાંબુ ધ્વજ અંકુશ, અષ્ટ ખૂણ ત્રિખુણ સોહાઈ;
મીન વજ્ર ધનુ કલશ કમલ પૂરી, વ્યોમ ચંદ્ર છબી છાઈ; ઘન૦ ૨
ઉર્ધરેખ આદીક ચિન્હ ષોડશ, જુગલ ચરણતલ માઈ;
દક્ષિણ ચરણ અંગુષ્ટકે નખ બીચ, ચિન્હ છબી અધિકાઈ; ઘન૦ ૩

મન બુદ્ધિ ચીત સુનો શિખ મેરી, તજી ખલતા કુટીલાઇ;
પ્રેમાનંદ કે' ચીતવહું અહોનીશ, ચરણ ચિન્હ સુખદાઈ; ઘન૦ ૪

પદ ૧૮૯ મું

શ્રીમહારાજ ચરન ચિંતામની, તજી અંતજ નહિ જાઉં; શ્રીમ૦ ટેક.
સુનો ચીત મન બુદ્ધિ મેરે, યેહી શિખ ઉર લાઉ; શ્રીમ૦ ૧
સાવધાન હોઈ સાસઉસાસે, રટ મન શ્રીહરિ નાઉં;
ચીતવહું ચીત ચરન છબી સુંદર, બુદ્ધિ અમલ ઠેરાઉ; શ્રીમ૦ ૨
લેઉ સુધારી કામ સબ અપનો, પરહરી આન ઉપાઉ;
કહાતુમ કહાશ્રીપતિ તુમ ગોચર, બન્યો અનહદ અબદાઉ; શ્રીમ૦ ૩
કરત જતન મુની કોટીક હરિહિત, સ્વપને ન દરસ દેખાઉ;
પ્રેમાનંદ કે' કૃપાસિંધુ હરિ, પ્રગટે ભક્તહિત આઉ; શ્રીમ૦ ૪

પદ ૧૯૦ મું

હરિકૃષ્ન ચરન સેવા પ્રતાપ બલ, કહા બરનુ અતિભારી; હરિ૦ ટેક.
પદ પ્રતાપ નિર્ભય મુની વિચરત, કામકે મુલ ઉખારી; હરિ૦ ૧
પદ પ્રતાપ અજ જગ ઉપજાવત, હારત શિવ સંહારી;
નગ સાગર જુત ઉર્વી અહિપતિ, સરસવ સમ રહે ધારી; હરિ૦ ૨
પદ પ્રતાપ રવિ ચંદ્ર પ્રકાશિત, અનલ સદા અવિકારી;
પદ પ્રતાપ અવિચલ પદ ધ્રુકો, જગ વિદીત નરનારી; હરિ૦ ૩
આયે પતિત ચરન શરને જેહી, લીને અગનીત તારી;
પ્રેમાનંદ તજી આન ભરોસો, સેવહું સમુઝી બિચ્યારી; હરિ૦ ૪

પદ ૧૯૧ મું–રાગ ભૈરવી–તાલ ચંપક

લગી રટના ઘનશ્યામદી નામદી, લગી ધર્મકુંવર સુખધામદી નામદી; લગી૦ ટેક.
લગી રટના રેન દીન ઘટ ભીતર, પ્રીતમ પૂરનકામદી નામદી; લગી૦ ૧
બીસરત નાહીં માધુરી મુરત, કૃષ્ન દ્રગનબીસરામદી નામદી; લગી૦ ૨
તરસતહું સુંદર છબી દેખન, લાલન લલિત લલામદી નામદી; લગી૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ નાથકી, ચેરી હુંતો બીનદામદી નામદી; લગી૦ ૪

પદ ૧૯૨ મું

સાંનું સાંવરેને બીસાસીયાં મારીયાં, મારી ઉર બીરહ કટારીયાં મારીયાં; સાંનું૦ ટેક.
બાલપનેદી વે પ્રીત ન જાની મેરી, કીની કીસીદે સાથ મારીયાં મારીયાં; સાંનું૦ ૧
જાય બસ્યો વે વિદેશ મેહેરમા, પ્રિતદી પરેજ મોહે ડારીયાં મારીયાં; સાંનું૦ ૨
દીન નહી ચેન રેન નહી નિંદિયાં, હોત દરદ અંત જારીયાં મારીયાં; સાંનું૦ ૩
પ્રેમાનંદ ઘનશામ સુરતપર, તન મન સબ સુખ વારીયાં મારીયાં; સાંનું૦ ૪

પદ ૧૯૩ મું

લગી અંખીયાં યા ગોપાલદી લાલદી, અંબુજ નેન બીસાલદી લાલદી; લગી૦ ટેક.
લગી અંખીયાં સખીયા સુન મેરી, ગતિ હોગઇયાં બેહાલદી લાલદી; લગી૦ ૧
નેન નજારે પ્યારે ખાન ગુજારે, ચિતવની ચલની મરાલદી લાલદી; લગી૦ ૨
છબી અટકી સુંદર વર નટકી, લગી ચટકી રૂપજાલદી લાલદી; લગી૦ ૩
પ્રેમાનંદ કે' બસી છબી અંતર, નટવર તરૂન તમાલદી લાલદી; લગી૦ ૪

પદ ૧૯૪ મું

ડારી મોહની દીલદારને યારને; ડારી નટવર ધર્મકુમારને યારને; ડારી૦ ટેક.
મોહની લગાય મેરા મન હર લીના, કીના જાદુ કીરતારને યારને; ડારી૦ ૧
કિ કરુંદાના વે મંડા દીલ ભરમાયા, ગોકુલદે સીરદારને યારને; ડારી૦ ૨
આવંદા જાવંદા મેડા ચીત લલચાવંદા, મીલંદા મોહન કરી પ્યારને યારને; ડારી૦ ૩
પ્રેમાનંદ ઘનશામ લટકપર, જાદીયાંમે બારબાર બારને યારને; ડારી૦ ૪

પદ ૧૯૫ મું–રાગ ભૈરવી

મોરી અંખીયાંકે આગે રહો, રહો બલા રસિયા પીયા; મોરી૦ ટેક.
ચીતવું જયું ચંદ ચકોરી, તુમ મેરે જીવન દોરી;
તોરે દેખી જીવું પ્યારે, મોરે પ્રાન બંસીવારે; મોરી૦ ૧
તુમ નંદકે આનંદા, તુમ હો જયું ગોકુલ ચંદા;
મોરે નેનાહુંકે તારે, તુમ હો જયું પ્રાન હમારે; મોરી૦ ૨
નંદલાલ કુંજબિહારી, કરી રાખું હાર હજારી;
પ્રેમાનંદ ઉર બીચ ધારી, ડારે પ્રાન તન મન વારી; મોરી૦ ૩

પદ ૧૯૬ મું

તેરે રૂપમેં લોભાની દીલજાની, છેલ ગુમાનીડા; તેરે૦ ટેક.
સાંવરી સુરત મનભાવની, અંખીયાં અજબ સોહાવની;
રસ ભરી રેખે રાતી, દેખી ડોલે મેરી છાતી; તેરે૦ ૧
પાગ બીચ કલંગી બની, ઝલકત હીરા મની;
કીયો કેસર તીલક ભાલમેં, કુંડલકી ઝકન ગાલમેં; તેરે૦ ૨
નાસા છબિલી સોહત, દેખી કીર દીપક મોહત;
છબી પ્રેમાનંદ કે મન બસી, મુસકાત મોહન મુખ શશી; તેરે૦ ૩

પદ ૧૯૭ મું

તમને તે જોઇને મોઈ, ઘનસ્યામ સુંદર છેલડા; તમ૦ ટેક.
રાજીંદ્ર છોજી રૂપાલા, મરમાલા નેણાના ચાલા;
હેતે હસીને બોલાવો, મારા દીલડાને ડોલાવો; તમ૦ ૧
મુખડાની મીઠી વાણી, તેણે વાલમ હું વેંધાણી;
મન લીધું મોહન તાણી, હું તો હાથ તમારે વેચાણી; તમ૦ ૨
આંખડલી કામણગારી, બસ કીધી બ્રજની નારી;
તમ ઉપર કુંજબિહારી, જાય પ્રેમાનંદ પ્રાણ વારી; તમ૦ ૩

પદ ૧૯૮ મું

મોરલીમાં મોહન પ્યારા, ગિરિધર કીધી મને ઘેલડી; મોર૦ ટેક.
બંસી મધુર સુર વાઈ, તાન ભૈરવીની ગાઈ;
સુણતાં તે ધીરજ છૂટી, જોવા ઉતાવલી ઊઠી; મોર૦ ૧
તમે કાંઇક કામણ કીધું, મારું ચીત ચોરીને લીધું;
ઘરમાં તે મન અકલાયે, જોયા વીના ન રેવાયે; મોર૦ ૨
દુરીજન મેણલાં દેછે, મને કહાન સનેહિણી કહે છે;
પ્રેમાનંદ કે' થાતાં થાયે, તમને તે કેમ મેલાયે; મોર૦ ૩

પદ ૧૯૯ મું–રાગ ભૈરવી

તેરી અજબ બાંનક બની આજરે, સાંવરીયા છેલા કહા કહું; તેરી૦ ટેક.
અજબ છટા અવિલોકી રતિપતિ, પાયન પરયો તજી લાજરે; તેરી૦ ૧

શારદ શેષ નારદ પચી હારે, ઉપમા બીલોકન કાજરે; તેરી૦ ૨
મુસકની પર વારું કોટીક મનમથ, ગતિ ઉપર ગજરાજરે; તેરી૦ ૩
પ્રેમાનંદ કે' પ્રાન લે વારુ, મુખપર ગરીબનવાજરે; તેરી૦ ૪

પદ ૨૦૦ મું

તેરી લટક ઉપર નંદલાલરે, વારુ છબી વિશ્વકી; તેરી૦ ટેક.
લટક ચટક પર વારુ મદન લખ, ગતિપર કોટી મરાલરે; તેરી૦ ૧
કોટીક રવિ શશિ વારુ વારને, લખી દ્રગ ભાલ વિશાલરે; તેરી૦ ૨
ભ્રુકુટીપર વારુ ઉરગ ઇશ લખ, શ્રવનનીપર દિગપાલરે; તેરી૦ ૩
પ્રેમાનંદ લખી ભયો કરતારથ, અજબ અનોખી ચાલરે; તેરી૦ ૪

પદ ૨૦૧ મું

તેરી બોલની બસ ગઈ ચીતરે, બાલમ મોરે સાંવરે; તેરી૦ ટેક.
જબતે સુની તેરી બોલની તબતે, છૂટ ગઈ જગ રીતરે; તેરી૦ ૧
બોલી સુને બીના કછુ ન સોહાવે, કેસી કરું મોરે મીતરે; તેરી૦ ૨
બોલની તેરી ચલની ચિતવની, નિધિ મોરી પરમ પુનીતરે; તેરી૦ ૩
શ્રીઘનશામ બચનમે લગ રહી, પ્રેમાનંદકી પ્રીતરે; તેરી૦ ૪

પદ ૨૦૨ મું

તેરા બદન દેખે બીના શામરે, ફરું મેંતો બાવરી; તેરા૦ ટેક.
મુખ દેખે વીના મોહન મોહે, કછુ ન સુઝે ઘર કામરે; તેરા૦ ૧
સુંદર બદન લલીત લોચનમે, રેખ રસીક સુખધામરે; તેરા૦ ૨
જબ દેખું શશિબદન પ્રફુલીત, તબ આનંદ સબ જામરે; તેરા૦ ૩
પ્રેમાનંદ પુલકી મુખ નિરખત, રટત રેન દીન નામરે; તેરા૦ ૪

પદ ૨૦૩ મું–રાગ ભૈરવી

કનૈયા મોરા મીતરે કનૈયા મોરા મીત, મોરી લાગી તોસું પ્રીતરે; કનૈ૦ ટેક.
લગી પ્રીત તેરે ચરનકમલસું, જગસે ભઈ નચિંતરે; કનૈ૦ ૧
નિરખી સુંદર બદનકમલ છબી, નેહ બડતો નીતનીતરે; કનૈ૦ ૨
અબ મોહન મોરે નેનનસોં તુમ, દુર ન રહો અઉતરે; કનૈ૦ ૩
પ્રેમાનંદ લે તુમપર તન મન, વારત નેહ સહીતરે; કનૈ૦ ૪

પદ ૨૦૪ મું

સામલીયા તેરે નેનરે સામલીયા તેરે નેન, બીનુ દેખે નહી ચેનરે; સામ૦ ટેક.
સુંદર નેનકમલ બીન દેખે, કલ ન પરે દીન રેનરે; સામ૦ ૧
ચંચલ નેન રસીક રસમાતે, રાતી રેખે એનરે; સામ૦ ૨
સુંદર બદન લલિત છબી લોચન, ભવ દુખ મોચન એનરે; સામ૦ ૩
પ્રેમાનંદ કે' પરબસ કીની, લગી કલેજે સેનરે; સામ૦ ૪

પદ ૨૦૫ મું

જાદુડા તેરા જોરરે જાદુડા તેરા જોર, સામલીયા ચીત ચોરરે; જાદુ૦ ટેક.
જાદુ કીનો મનહર લીનો, ચપલ નેનકી કોરરે; જાદુ૦ ૧
તેરે ચરન કમલ બીનું પ્યારે, ઓર ન સુઝે ઠોરરે; જાદુ૦ ૨
લગી સુરત મોરી ચરન કમલમેં, જ્યો નટની ગતિ દોરરે; જાદુ૦ ૩
પ્રેમાનંદ કે' અબ ન ટરો મોરે, નેનસો નંદકિશોરરે; જાદુ૦ ૪

પદ ૨૦૬ મું

જોગનીયાં મેંતો ભેંહુંરે જોગનીયાં મેંતો ભેંહું, સાંવરીયાં તેરે લેઉંરે; જોગ૦ ટેક.
તેરે બદન દરસહિત પ્યારે, નિશ દીન ફેરી દેઉંરે; જોગ૦ ૧
નંદ ઘર આયકે અલક જગાવું, દરસ ભીખ લે જેઉંરે; જોગ૦ ૨
તેરે રૂપ અમલ મતવારી. તનકી સુધ વિસરેઉંરે; જોગ૦ ૩
પ્રેમાનંદ ધરી છબી અંતર, નિશદીન તવ ગુન ગેઉંરે; જોગ૦ ૪

પદ ૨૦૭ મું–રાગ ભૈરવી

હો સામરે તુમસે લાગો મોરો નેહરા: હો૦ ટેક.
જતન કરી મેરે નેનમેં રાખું, પલ ન વિસારું મેરે પરમ સનેહરા; હો૦ ૧
ચંચલ ચતુર લાગોજુ મોયે પ્યારે, દ્રગકે તારે કરી રાખું ઉર તેહરા; હો૦ ૨
આય બસો મેરે નેનકે આગે, નીત બરસાવો પીયા રસઉકા મેહરા; હો૦ ૩
પ્રેમસખી લેઈ તન મન વારું, સીસ ધરાવું મોતીયનઉકા સેહરા; હો૦ ૪

પદ ૨૦૮ મું

હો રસીયા મેરે જીવનદોરી, હોજી તુમ તો મેરે જીવનદોરી; હો૦ ટેક.
તુમ બસત પ્રાન ભય પીયા મેરે, બીછુરત પાર નહીં દુખકોરી; હો૦ ૧

જો તુમ દૂર રહો પીયા મોસે, બીરહાનલ જારત તન મોરી; હો૦ ૨
યા કારન રહો નેનકે આગે, ચિતવતી રહું જેસે ચંદ ચકોરી; હો૦ ૩
પ્રેમસખી કે' પ્રાનજીવન પીયા, આવો સજન રખું નેનમે ચોરી; હો૦ ૪

પદ ૨૦૯ મું

હો સાથીડા મોરો નેહ નીભાવના; હો૦ ટેક.
બીખમ ઉજારમે હું તો અકેલી, તુમ બીના ઓર સરન નહિ પાવના; હો૦ ૧
મે હું કપટી કુશીલ કુટીલની, દોષ પીયાજી મેરો દીલઉ ન લાવના; હો૦ ૨
અવગુન જાની તજો પીયા મોબત, કોટીકલપ મેરો અંતઉ ન આવના; હો૦ ૩
પ્રેમસખી સરન તુમ સમરથ, પતિત પાવન તેરો નામ ન લજાવના; હો૦ ૪

પદ ૨૧૦ મું

હો રસીયા મેં તો શરન તિહારી; હો૦ ટેક.
નહી સાધન બળ વચન ચાતુરી, એક ભરોસો ચરણે ગિરિધારી; હો૦ ૧
કડઈ તુબરીયા મેં તો નીચ ભોમીકી, ગુનસાગર પીયા તુમહી સંવારી; હો૦ ૨
મેં અતિ દીન બાળક તુમ શરને, નાથ ન દીજો અનાથ વિસારી; હો૦ ૩
નીજ જન જાની સંભારોગે પ્રીતમ, પ્રેમસખી નીત જાયે બલહારી; હો૦ ૪

પદ ૨૧૧ મું–રાગ ટોડી ધ્રુપદ-ચૌતાલ

શ્રીસ્વામિ સહજાનંદ કીયો ભવ પાર મોહે આનંદકંદ; શ્રીસ્વા૦ ટેક
અધમઓધાર નામ સત્ય કીનો કલિ મધ્ય, સદ્ય કાટે ભવહુકે ફંદ; શ્રીસ્વા૦ ૧
પતિત અપારકો ઓધાર કીયો કીરતાર, દેત અસીસ સબ ચીરંજીયો જગવંદ;
દીનાનાથ અહીહાથ રાખો સદા અપની સાથ, યહ ગુન ગાથ ગાવે પ્રેમાનંદ; શ્રીસ્વા૦ ૨

પદ ૨૧૨ મું

મુનિ મન મંજન શ્રીઘનસ્યામલાલ ધર્મકુલરંજન; મુનિ૦ ટેક.
કરીકે પ્રકાશ ગ્યાન માયા તમ કીયો નાસ, ધોયો કલિમલ મત અંજન; મુનિ૦ ૧
કરી કોપ કિરતાર અસુરકો કીયો સંહાર, મથ્યો માન ક્રોધ કામ લોભ મોહ ગંજન;
પ્રેમાનંદ પ્રતિપાલ મગન દેખી મુનિમરાલ ધર્મલાલ, જીયો ભવભંજન; મુનિ૦ ૨

પદ ૨૧૩ મું

નેનાઉકે તારે શ્રીસહજાનંદ સ્યામ પ્રાનઉતે પ્યારે; નેના૦ ટેક
હમારે જીવન ધન વારે પ્રાન તન મન, દેખી જીવે જગ ઉજીયારે; નેના૦ ૧

અધમકે આધાર ધર્મભકિતકે કુમાર,કૃષ્ણ ભવસિંધુ બુડત ગૃહીકે નિકારે;
પ્રેમાનંદકે આધાર સતસંગકે સિંગાર, સંત જન સદા ઉર ધારે; નેના૦ ૨

પદ ૨૧૪ મું

એછાયો અતિ પ્રતાપ શ્રીસ્વામી નાથજુકો, ત્રિભુવન રહ્યો વ્યાપ; એછા૦ ટેક.
ધર્મભક્તિ વિરતિ ગ્યાન ધારે જન વર્ત્તમાન, પ્રગટ પ્રમાન નામ
જપત જાપ; એછા૦ ૧
વિશદ કીરત જાકી ગાવત પુરાન છંદ, જન વૃંદ ધરત ધ્યાન હોતહે નિષ્પાપ;
સનાતન મોક્ષ રીત શ્રીકૃષ્ન ચરને અચલ પ્રીત, પ્રેમાનંદ પ્રવરતાઈ
સ્વામી આપ; એછા૦ ૨

પદ ૨૧૫ મું–રાગ ટોડી ધ્રુપદ–ચૌતાલ

મેરે તો ઇષ્ટદેવ એક સ્વામિ હે, એક સ્વામિ. ટેક.
યેહિ બીન દેવ ઓર ચિતવું ન તાકી ઠોર, યેહિ મેરે ઠોર એક–મેરે૦ ૧
યેહિ જોગ જગ્ન ધ્યાન યેહિ મેરો ભગવાન, યેહિ મેરો તો અંતરજામી;
પ્રેમાનંદ કહે મેરે યેહિ હે જીવન પ્રાન, સહજાનંદ નામ સ્યામ સુખધામી–મેરે૦ ૨

પદ ૨૧૬ મું

અબ નહિ છોડું ચરન સરોજ, એ ચરનસરોજ; અબ૦ ટેક.
ગોપીનાથ જોરી હાથ પરયો દ્વારેડારી માથ, અનુચર નિહારે હું ચરકોજ–અબ૦ ૧
તિહારો ગવૈયા હું જુઠકો ખવૈયા, ભલી વિધ રાખ્યો મોયે દે દે કે મોજ;
પ્રેમાનંદ કહે અબ ચરનતે નટરું કબ, અતુલ્ય પ્રતાપ ગાઉં અમીત ઓજ–અબ૦ ૨

પદ ૨૧૭ મું

ઓર ન ઠોર તુમ બિના મોરે, તુમ બિના મોરે; ઓર૦ ટેક.
તુમહિ તાત તુમહિ માત તુમહિ સુહ્રદ સખાભ્રાત, તુમહિ
સ્વામિ હમ ચેરે–ઓર૦ ૧
તુમહો દયાલ પ્રતિપાળ સદાજનહુકે, અન્ન પ્રાન દાતા શરણાંગત કેરે;
પ્રેમાનંદ દાસ ઉર કરો તુમ હરિ નિવાસ, સદા રાખો પાસ ચરન
કમળ નેરે–ઓર૦ ૨

પદ ૨૧૮ મું

અવગુન મેરો કીજે હરિ માપ, અબકીજે માપ; અબ૦ ટેક.
તિહારે ચરન શરન આયો હું અવિનાશી જાની પ્રબલ પ્રતાપ; અબ૦ ૧
જેસોહિ તેસો તિહારો હું કિંકર, મન વચ ક્રમ કરી જપું નિત જાપ;
પ્રેમાનંદ કહે નાથ મેરો કહી ગ્રહો હાથ, ઉર શિશપર ધરો ચરન છાપ; અબ૦ ૨

પદ ૨૧૯ મું–રાગ ટોડી

ધર્મકુંવરપર વારીરી હું તો; ધર્મ૦ ટેક.
તન મન પ્રાન કરું નોછાવર ચરનનકી બલિહારી; હું તો૦ ૧
બહ્યો જાત ભવસાગરમે મોહે લીનો નાથ નીકારી;
કીની અતી કરુના કરુનાનિધિ ધર્મતનય ભયહારી; હું તો૦ ૨
બાંધી સેતૂ ભવસાગરપર લેત અધમ સબતારી;
આવત શરન પોકારત ત્રાહી કલિજુગકે નરનારી; હું તો૦ ૩
અતિ દયાલ દીનકે બંધુ પ્રગટે નરતનું ધારી;
પ્રેમાનંદ કે' નાથ કૃપા કરી કાઢ્યો કઠીન દુઃખ ભારી; હું તો૦ ૪

પદ ૨૨૦ મું

હું તો ચરનપર બલ જાઉં; હું તો૦ ટેક.
યેહી પાવન પદરજ પ્રતાપસેં પાયો મહાસુખ ઠાઉં; હું તો૦ ૧
અતિ પુનિત સુખકરન ચરનકો સુજસ અહોનીસ ગાઉં;
ઉર ધરી રૂપનિધિ ધરમાત્મજ બહોરી ન ભવમેં આઉં; હું તો૦ ૨
પૂજુ પુનિત પાદુકા ઉર ધરી ઉર મંદિર પધરાઉં;
શ્રીધનસ્યામ નામકી રટના રસના નીસદીન લાઉં; હું તો૦ ૩
હોઈ અનન્ય દાસ ચરનનકો ચરન કમલ સીર નાઉં;
પ્રેમાનંદ ઘનસ્યામ નાથકી ઝુંઠ પ્રસાદી પાઉં; હું તો૦ ૪

પદ ૨૨૧ મું

ધર્મકુંવર મહા બાંકો દેખ્યો; ધર્મ૦ ટેક.
મારે અરી કામ ક્રોધાદિક પારયો કાલમેં સાંકો. દેખ્યો૦ ૧
મારે અસુર રઘુવર અગનીત સીર કાટ્યા રૌનાકો;
સોતો કામ ક્રોધકો કિંકર ધરનહાર જુતાંકો. દેખ્યો૦ ૨

એસે કામ ક્રોધ લોભાદીક ફેરી કીયો જગ ફાંકો;
લૂટત મત અરૂ પંથ મેવાસી પારત જોર કરી ડાકો. દેખ્યો૦ ૩
સો કામાદિક કંપત થરથર નામ સુનત સમ જાકો;
પ્રેમાનંદ કે' નાથ કીયે બસ સીર ઉપર રથ હાંકો. દેખ્યો૦ ૪

પદ ૨૨૨ મું

કહા કહું ધર્મકુંવરકી માઈ; કહા૦ ટેક.
જીતે કામ ક્રોધ મતવાદી ફેરી આપ દુહાઈ. કહા૦ ૧
દીન અનાથ મહાસુખ પાયે હરિ શરનાગત આઈ;
રટતહે નામ નારાયણસ્વામિ ચરનકમલ ચિત લાઈ. કહા૦ ૨
કાલ કર્મ માયા જમકિંકર કોઉ ન સકે બોલાઈ;
સુનત નામ ઘનશ્યામ નાથકો સબહી રહત ડરાઈ. કહા૦ ૩
છાયો અતિ પ્રતાપ જગ જાકો સુરમુનિ કરત બડાઈ;
પ્રેમાનંદ ઘનશ્યામ ચરનપર બારબાર બલજાઈ. કહા૦ ૪

પદ ૨૨૩ મું-રાગ આશાવરી

હરિ હો વંદુ સહજાનંદ ચરનરજ, તિરથ સકલ નિવાસહો;
મંગળધામ કામ સબ પૂરણ, કરત અમંગલ નાસહો. વંદુ૦ ૧
જેહી પદરજ બ્રહ્માદિક સુરમુનિ, નીત પ્રતિ શિરપર ધારેહો;
સહસ્ત્રવદન શુક નારદ સારદ, રસના જશ વિસ્તારેહો. વંદુ૦ ૨
અનંત કોટી ઈંદુ તરનિ સમ, અક્ષર તેજ પ્રકાસે હો;
તામહિ મુકત કોટી મીલી સેવત, પદરજ પરમ ઉલ્લાસેહો. વંદુ૦ ૩
એસે પરમ પુરુપ પરમેશ્વર, અક્ષરધામકે ધામીહો;
માયા કાલ આદીકે પ્રેરક, પ્રેમાનંદકે સ્વામિહો. વંદુ૦ ૪

પદ ૨૨૪ મું

જુગ જુગ પ્રતિ વપુ ધરત ધરનિપર, જનતારણ ભયહારીહો;
થાપત ધર્મ અધર્મ ઉથાપત, સાધુ વિપ્ર સુખકારીહો. જુગ૦ ૧
રઘુકુલ જદુકુલ પ્રગટ હોઈ, પ્રભુ અવનિ ભાર ઉતારેહો;
મારે અસુર કૃષ્ણકે વેરી, સો વેર લેન તનું ધારેહો. જુગ૦ ૨

તિરોભાવ ભયે જાની જદુપતિ, અસુર કોપ કરી ધાયેહો;
સાધુ વિપ્રકું દેત મહા દુ:ખ, અધરમ ભયો સહાયેહો. જુગ૦ ૩
કંપત ધર્મ ભક્તિ દ્વિજ સાધુ, અવનિ ત્રાહિ પુકારેહો;
પ્રેમાનંદકો નાથ પ્રગટ હોઈ, કબ અસુરન સંહારેહો. જુગ૦ ૪

પદ ૨૨૫ મું

અંતરજામી જગદગુરુ ઈશ્વર, ભક્તવત્સલ ભયહારીહો;
ધર્મ ભક્તિ ભુવિ સાધુ વિપ્ર દુ:ખી, દેખી દયા ઉર ધારીહો. અંતર૦ ૧
ધમ ભક્તિ સાધુ દ્વિજ ઉર્વી, ઇનકો કષ્ટ નિવારુહો;
થાપું ધર્મ એકાંતિક ભુવિપર, અસુર બેરી સબ મારુહો. અંતર૦ ૨
સદય હ્રદય કરુણાનિધિ કેશવ, પ્રથમ યેહી પનુ કીનોહો;
સોઈ શ્રીકૃષ્ણ ભક્તહિત કારન, પુનિ દ્વિજકુલ તનુ લીનોહો. અંતર૦ ૩
કૌશલ દેશ અજોધ્યાપુરતે, ઉત્તર હય એક ગ્રામહો;
પ્રગટે ત્યાં ધર્મગૃહે ઈશ્વર, પ્રેમાનંદકે શ્યામહો. અંતર૦ ૪

પદ ૨૨૬ મું

રૈકહટપુરમેં રહત નિરંતર, સરવરીયા દ્વિજ દેવ હો;
ધર્મદેવકી પત્ની પ્રેમવતી, દંપતિ કરે હરિ સેવહો. રૈક૦ ૧
ગોત્ર સાવર્ણિ શાખા કોથુમી, શામ વેદ સુખકારી હો;
ભાર્ગવ વૈતહવ્ય સાવેતસ, પ્રવર તીન અઘહારી હો. રૈક૦ ૨
અડગ ઇટારકે પાંડે કહાવત, સ્વધર્મનિષ્ટ સદાઇહો;
શરનેતરાય કુલ પૂજ્ય પ્રતિષ્ઠત, એસે ધર્મ દ્વિજરાઇહો. રૈક૦ ૩
ધર્મદેવ અમલાત્મા ઈશ્વર, તેહી ઉર કીયો આવેશહો;
પ્રેમાનંદકો નાથ અસુર રિપુ, ભક્ત સુખદ અમરેશહો. રૈક૦ ૪

પદ ૨૨૭ મું–રાગ આશાવરી

એરીવે જીવન પ્રાન હમારે રી માઈ, જીવન પ્રાન હમારેરી; એરી૦ ટેક.
શ્રીઘનસ્યામ માધુરી મુરત, ઉર ભુખન દ્રગ તારેરી. એરી૦ ૧
સુખસાગર વરરૂપ ઉજાગર, નાગર ધર્મદુલારેરી;
ધર્મસુનંદન ત્રિભુવનબંદન, સતસંગકે ઉજીયારેરી. એરી૦ ૨

મુની મન હરન શરન અશરન કે, બ્રહ્માદીક ઉર ધારેરી;
પ્રેમાનંદકે નાથ નારાયન, જનમ સુધારનહારેરી. એરી૦ ૩

પદ ૨૨૮ મું

એરીહું સાંવરે રૂપ લોભાનીરી માઈ, સાંવરે રૂપ લોભાનીરી; એરીહું૦ ટેક.
રૂપ મનિ ધનસ્યામ ધર્મસુત, નિરખતહીં લલચાનીરી. એરીહું૦ ૧
ટારી ન ટરે બિસારી ન બિસરે, બાંનક મો મન માનીરી;
મુની મનભાવની કામ લજાવની, ઉર બીચ આય ઠેરાનીરી. એરીહું૦ ૨
જબતે આય બસી ઉર તબતે, છુટ ગઈ કુલ કા'નીરી;
પ્રેમાનંદ યેહી છબી ઉપર, વારત તન કુરબાનીરી. એરીહું૦ ૩

પદ ૨૨૯ મું

માઈ મોહે દેખન દે ધનસ્યામરી માઈ, દેખન દે ધનસ્યામરી; માઈ૦ ટેક.
નિરખી નિરખી છબી ઉરમેં ઉતારું, વારું કોટીક કામરી. માઈ૦ ૧
બીન દેખે બાવરીસી ડોલું, કલ ન પરત આઠો જામરી;
જબ દેખું યહ રૂપકી રાસી, તબ ઉર હોત આરામરી. માઈ૦ ૨
અંખીયાં યેહી રૂપ અટકાની, રસના રટે યેહી નામરી;
પ્રેમાનંદ મગન ધરી અંતર, સુંદર વર છબી ધામરી. માઇ૦ ૩

પદ ૨૩૦ મું

માઈ મોરો મોહન જીવન દોરીરી માઈ, મોહન જીવન દોરીરી; માઈ૦ ટેક.
હીયકો હાર સ્યામ ઘન સુંદર, ભૂખન નેનનકોરી. માઈ૦ ૧
મુસકનીમેં હર લેત પ્રાન મન, ચિતવત લે ચિત ચોરીરી;
ચલત લાલ ગજરાજ ચાલ વર, ઓઢે શ્વેત પીછોરીરી. માઈ૦ ૨
વય કીસોર વર તરુણ મનોહર, બાંધત પાગ મરોરીરી;
પ્રેમાનંદ ધનસ્યામ જુવતી મન, કરતહેં બસ બરજોરીરી. માઈ૦ ૩

પદ ૨૩૧ મું—રાગ આશાવરી.

આરા આવોરે સુંદર છેલ જોઉં મુખ તારુંરે;
તારા મુખ ઉપર અલબેલ સરવસ વારુંરે; જોઉં૦ ટેક.
મોલીડાપર મનમોહનજી વારુ સ્વરગ મૃત્યુ પાતાલહો;
છોગલીયાપર ચ્યાર પદારથ શ્રવણે દશ દિગપાલ. જોઉં૦ ૧

વારુ બદનપર કોટિ શશિ નેણાપર નવલખ સુરહો;
ભ્રકુટીપર ભોયંગપતિ વારુ હું તો મરકલડે ચકચુર. જોઉ૦ ૨
ચાલ ઉપર ચતુરમુખ વારુ ને શતક્રતુ કોટી તેત્રીશહો;
પ્રેમાનંદ કહે એ શોભાપર તાંડવ નાચે ઈશ. જોઉ૦ ૩

પદ ૨૩૨ મું

તારે મોલીડે મોહનલાલ મનડું મોહ્યુંરે;
મેં તો જોઇને જાદવરાય ભવદુઃખ ખોયુંરે. મન૦ ટેક.
આવી રહી છે અલબેલડા પાંપણપર સુંદર પાગહો;
ઊગી રહ્યો છે ઇંદુ કેસરનો સુભગ સહુશો ભાગ. મન૦ ૧
કેશર શોભા અંગમાં વહાલા જોતાં ભાગે છે ભવરોગહો;
છોગલીયાપર શિવ સનકાદિક વારે સમાધિ જોગ. મન૦ ૨
એ કેશવ અમને કીધલાં ગુરે રંગે ગુલતાનહો;
પ્રેમાનંદ કહે એ છબી ઉરમાં રહો મારા રસીયા કાન. મન૦ ૩

પદ ૨૩૩ મું

તારી મુરતી ઉરમાં સ્યામ લખીને રાખુંરે;
તમ ઉપર પુરણ કામ પ્રાણ વારી નાંખુંરે. લખી૦ ટેક.
સામું જુઓને તમે સામલા મારું તનડું ટાઢું થાયેહો;
સોભા જોઇ મહારાજ તમારી મારે હૈડે હરખ ન માયે. લખી૦ ૧
વાલી લાગે છે તારી વાતડી વાલા જોઇને ઠરે છે મારા નેણહો;
તમને મલવા કારણે મારું મનડું થયું છે મેણ; લખી૦ ૨
એ હસીને બોલાવો છો હેતમાં વાલા તેમ તેમ વાધે છે પ્રિતહો;
પ્રેમાનંદ કહે સ્યામ મનોહર અખંડ રહો મારે ચિત્ત. લખી૦ ૩

પદ ૨૩૪ મું

તારાં નેણાંરે નંદજીના લાલ કામણગારાંરે;
ચોરયાં છે હો સુંદર છેલ ચિતડાં અમારાંરે. તારાં૦ ટેક.
નેણાં તમારાં નાથજી કાંઇ જાદુગારાં છે જરૂરહો;
સુરવધૂ નરવધૂ નાગવધૂ જોઇ જરૂર થાય ચકચૂર. કામ૦ ૧

કામણગારી છે પુતલી વાલા રાતી રસાલી છે રેખહો;
નિરખી ભુપતિ ભોગ તજીને પેરી નિસરે છે ભેખ. કામ૦ ૨
એ સુંદર મુખડું જોતું ગમે છે ન બીજું સુઝે કામહો;
પ્રેમાનંદ કહે લાગ્યા રસીલા વર નેણ તમારાં સ્યામ. કામ૦ ૩

પદ ૨૩૫ મું રાગ–સામેરી.

ઓરા આવોને સુંદર સ્યામ આંખડલિમાં રાખુંરે;
કેદી કઠણ વચન સુખધામ કહી નવ દાખુંરે; આં૦ ટેક.
એ સુખ સંપત તમે સામલા મારે જીવન પ્રાણઆધાર:
જનમ સંગાથી જાદવા મારા નેણ તણા શણગાર. આં૦ ૧
એ બેસો તો પાથરુ પામરીરે હીંડો તો મૂકું હાથ;
ક્ષણએ ન મેલું વેગલા મારા નવલ સનેહિ નાથ. આં૦ ૨
એ અણદીઠે થાઊં આંધળીરે દીઠે જોબનપૂર;
પ્રેમાનંદના પ્રાણથી હવે રહી નવ સકું દૂર. આં૦ ૩

પદ ૨૩૬ મું

તારી મૂર્તિ જાદવરાય વસી દીલ મોરેરે;
હું તો મગન થઇને મનમાંય મોહી તારે તોરે રે. વસી૦ ટેક.
એ સુંદર સુરતિ મોહનીરે મોહ્યું મારું મન;
તન મન જાઊં વારણે મનમાન્યા જગજીવન. વસી૦ ૧
એ તમ અરથે હું તો નિસરીરે સઉથી કરી વઢવેડ;
મુખડું જોવા કારણે હું તો ફરીશ તમારી કેડ. વસી૦ ૨
એ નિમિષ ન મેલું નાથજીરે રાખીશ સાહીને બે હાથ;
મુંધા મુલા છો માવજી વાલા પ્રેમાનંદના નાથ. વસી૦ ૩

પદ ૨૩૭ મું

અલબેલા તમારે કાજ ફરું હું તો ઘેલીરે;
મને વાલા છો મહારાજ ન જાસ્યો મેલીરે. ફરું૦ ટેક.
એ મોહન થાસ્યો માં વેગળારે મુજથી સ્યામ સુજાણ;
જીવું છું જીવન જોઇને તમે છોજી મારા જીવનપ્રાણ. ફરું૦ ૧

જીવનદોરી માથુરીરે લટકાં તમારાં લાલ;
જોઈ રહીછું જાદવા તમે ચાલો છો સુંદર ચાલ. ફરું૦ ૨
એ મુખ જોઈ સુખ ઉપજેરે શિતલ થાય છે અંગ;
પ્રેમાનંદના નાથજી હું તો રાચી તમારે સંગ. ફરું૦ ૩

પદ ૨૩૮ મું

લટકાલા મોહનલાલ તમ પર વારીરે;
તારું ઝલકે છે સુંદર ભાલ જાઉં બાલહારીરે. તમ૦ ટેક.
ભાલ વિશાલ છે લાલજીરે નેણા વેણુ રસાલ;
તારી ભ્રકુટિના ભંગમાં વારી થરથર કંપે કાલ. તમ૦ ૧
એ મસ્તક મુકુટ જડાવનોરે કુંડલ શોભાધામ;
વશ કીધી વ્રજ વિનતા તમે નીલ કલેવર સ્યામ. તમ૦ ૨
એ મુખની શોભા જોઈનેરે ચંદ્ર થયો ગતિ મંદ;
અંગોઅંગ છબી ઉપરે વારી સરવસ પ્રેમાનંદ. તમ૦ ૩

પદ ૨૩૯ મું–રાગ સામેરી.

આવો આવોને સુંદર શ્યામ મારે ઘેર આવોરે;
મારા પુરોને મનના કોડ હસીને બોલાવોરે. આવો. ટેક.
તમ કારણ સામલિયારે વાલા રહુંછું મારગ જોઈ; મારે૦
લોક તણી મરજાદરે મેલી તમ ચરણે ચિત પ્રોઈ. મારે૦ ૧
પ્રેમ ભરી પાતલિયારે વાલા આવીને ઉભીછું બાર; મારે૦
મંગલ થાળ ભર્યાં સગ મોતી વધાવાને વારમવાર. મારે૦ ૨
મસમસતા મંદિરીયે મોહન આવોને સુંદર છેલ; મારે૦
અંગો તે અંગ આલિગન લેઈને વાલાને રંગડાના રેલ. મારે૦ ૩
હસ્ત કમલ મૂકો મારે માથે હરોને હૈયાના તાપ; મારે૦
પ્રેમાનંદના ઉરપર મોહન મૂકો ચરણની છાપ. મારે૦ ૪

પદ ૨૪૦ મું

તારા મુખ પર મોહનલાલ જાઉં બલિહારીરે;
તમે ભલે પધાર્યાં ગોવિંદ ગિરિવરધારીરે. તારા૦ ટેક.

અઢળક આજ ઢળ્યા અલબેલા કીધી કૃતારથ કાન; જાઉં૦
તનના તાપ હર્યા મારા વાલા દીધાં તે દરશન દાન. જાઉં૦ ૧
સુંદર મુખ છો સુખનારે સાગર નાગર નવલ કિશોર; જાઉં૦
પુરુષોતમ છો પરદુઃખભંજન છો મારા ચીતડાંના ચોર. જાઉં૦ ૨
છેલછબીલા તારા મુખડાની વાણી સાંભળીને થૈછું નિહાલ; જાઉં૦
નેણાં તે સફલ થયાં મારા વાલા નિરખી સુંદર ચાલ. જાઉં૦ ૩
સફલ જનમ કીધો મનમોહન હેતે સાહ્યો મારો હાથ; જાઉં૦
ભુજ ભરિને ભેટ્યા મારા સ્વામિ પ્રેમાનંદના હો નાથ. જાઉં૦ ૪

પદ ૨૪૧ મું

તારે મોલીડેરે ગિરિધર લાલ મનડું મોહ્યુંરે;
રંગભીના તમારું રુપ રમતાં જોયુંરે. તારે૦ ટેક.
જરકસી પાગ કેસરીયારે જામા વા'લા દીસો છો શોભાસુર; મન૦
અતિ અનૂપમ પેર્યાં પિતાંબર છો જીવન જોબનપુર. મન૦ ૧
હેમના હાર હૈયે મોતીડાની માલા કુંડલ ઝળકે કાન; મન૦
હસતા ને રમતા હેતમાંરે મોહન બેટાને ભીને વાન. મન૦ ૨
ફુલોના હાર બાજુ તારારે લળકે ઝળકે છે સુંદર ભાલ; મન૦
લટકારે જોઇને લાલચ લાગી નટવર નંદલાલ. મન૦ ૩
અંગો અંગ નટનાગર શોભા જોઇને રીઝયાં મન; મન૦
પ્રેમાનંદ કહે પ્રાણજીવનપર વારું તન મન ધન. મન૦ ૪

પદ ૨૪૨ મું

રુડાં લાગે છે મોહનલાલ લટકાં તારાંરે;
મોહ્યાં મોહ્યાં છે સુંદર છેલ મનડાં મારાંરે; રુડાં૦ ટેક.
રાત દિવસ હું તો ઘેલી ફરું છું કાંઈ નવ સુઝે કામ; લટ૦
લોકતણી મરજાદારે મેલી જોવાને સુંદર શ્યામ. લટ૦ ૧
સગાંકુટુંબ પીયર સાસરીયાં સરવે મેલ્યાં વિસારી; લટ૦
મન ક્રમ વચને તમને વરીછું ગુણવંતા ગિરિધારી. લટ૦ ૨
હસવું ને બોલવું જોવું તમારું ઘડીએ ન ઉરથી વિસારું લટ૦
તન મન ધન આ જીવત મારું સરવસ તમપર વારું. લટ૦ ૩

વાટે ઘાટે વાલા લટકાં તમારા જોતી ફરું કરતાર; લટ૦
પ્રેમાએનંદના શ્યામ સનેહી છો મારા હૈડાના હાર. લટ૦ ૪

પદ ૨૪૩ મું–રાગ સામેરી.

અનીહાંહાંરે અલબેલા મોહન ઘેર આવો,
અનીહાંહાંરે મારા તનડાના તાપ સમાવો; ટેક.
મોર મુગટ ધરી સુંદર મોરલી અનીહાંહાંરે વાલા ગીત મધુરા ગાવો. ૧
કેસરભીના કૃષ્ણ પધારો અનીહાંહાંરે મને પ્રેમે કરીને બોલાવો. ૨
નૌતમ જોબન નાથ મનોહર અનીહાંહાંરે મારા ચીતડાને લલચાવો. ૩
શ્રીપુરુષોત્તમ પ્રગટપુરણ અનીહાંહાંરે વા'લા પ્રેમાનંદને મન ભાવો. ૪

પદ ૨૪૪ મું

અનીહાંહાંરે આવો જાદવ જોયા જેવા;
અનીહાંહાંરે રાખું રુદિયામાં એવાને એવા; ટેક.
કમલ નેણ મારે મંદિર પધારો અનીહાંહાંરે મને સુખડું અલૌકિક દેવા. ૧
પલંગ ઉપર પધરાવું હરિવર અનીહાંહાંરે કરું ચરણકમલની સેવા. ૨
જેરે જોયેતે આણી આણી આપું અનીહાંહાંરે મનગમતા મીઠાઇ ને મેવા. ૩
સર્વે વિસારીને તમને સંભારું અનીહાંહાંરે આપો પ્રેમાનંદને એ હેવા. ૪

પદ ૨૪૫ મું

અનીહાંહાંરે વાલી લાગે વાલા તારી વાણી;
અનીહાંહાંરે તારા મુખપર જાઉં કુરબાણિ; ટેક.
ગમીયા છો ગુણવંત મારા મનમાં અનીહાંહાંરે સુખસાગર સારંગપાણી. ૧
મન માન્યુ મોહન તમ સાથે અનીહાંહાંરે હુંતો હાથ તમારે વેચાણી. ૨
લાવણ્યતા જોઈ લાલચ લાગી અનીહાંહાંરે હુંતો લટકાંમાં લોભાણી. ૩
પ્રેમાનંદ કહે વાસ ચરણમાં અનીહાંહાંરે દીજ્યો દાસી પોતાની જાણી. ૪

પદ ૨૪૬ મું

અનીહાંહાંરે મનમોહન પ્રિતમ પ્યારા,
અનીહાંહાંરે છો જીવન પ્રાણ અમારા; ટેક.
વનમાલી વાલા છો મુજને અનીહાંહાંરે મારી આંખડલીના તારા. ૧

અલબેલા આંખડલીમાં રાખું અનીહાંહાંરે ક્ષણુંએ ન મેલું ન્યારા. ૨
શ્યામ સ્નેહી છો હાર હિયાના અનીહાંહાંરે નટનાગર નંદદુલારા. ૩
પ્રેમાનંદના પ્રાણજીવન છો અનીહાંહાંરે મારો જનમસુધારણુહારા. ૪

પદ ૨૪૭ મું—રાગ સામેરી.

આવો અલબેલા સુંદર મુખ નિરખુંરે સનમુખ રે'ને;
મારા પ્રાણજીવન દાસી નીજ જાણીને દરસન દોને. આવો૦ ટેક.
તારું રૂપ અનોપમ રંગરસિયા, મારા અંતરમાં આવી વસિયા;
તમે છેલા છો પુરણ સસિયા. આવો૦ ૧
તારું હસતું વદન હરિ જોઇને, મારાં નેણાં રહ્યા છે મોહીને;
મારું મનડું રાખ્યું તમે ઠોઇને. આવો૦ ૨
તારી મૂરતિ લાગે છે બહુ પ્યારી, આવો ભેટું ભુજ ભરી ગિરિધારી;
તારા મુખપર જાઉં હું તો વારી. આવો૦ ૩
હું તો નિરખું ચંદ જ્યું ચકોરી, રાખું રસિયા નેણામાં ચોરી;
પ્રેમાનંદની છો જીવનદોરી. આવો૦ ૪

પદ ૨૪૮ મું

મારા પ્રાણ જીવન જોઈ જોઇને જીવુંરે જીવન મારા;
તમે ચતુર સુજાણ પ્રીતડલી જાણો છો પ્રીતમ પ્યારા. મારા૦ ટેક.
મારા મનમાં ગમીયા છો માવા, રહો આંખડલી આગે આવા;
હવે નટવર નહિ આપું જાવા. મારા૦ ૧
તમે માગો તે આણી આલું, મારે તમથી બીજું નહિ વાલું;
તારા ચરણુતણી રજ થઈ ચાલું. મારા૦ ૨
મેં તો અવર પુરુષ સો પરહરિયા, મેં તો મન ક્રમ હરિ તમને વરીયા;
રાખું જીવમાંહિ મારા ઠાકરીયા. મારા૦ ૩
તમ ઉપર તન કુરબાણ કરું, તમે હિંડો ત્યાં હું હાથ ધરું;
પ્રેમાનંદના છો તમે કલ્પતરું. મારા૦ ૪

પદ ૨૪૯ મું

હું તો વારી લાલ મીઠી બહુ લાગે મને મુખની વાણી;
રંગબીના છેલ લાજ તજી હું તો લાવણ્યમાં લોભાણી. હું તો૦ ટેક.

તમ ચરણે પ્રીતિ બંધાણી, હાવકી તમારી હું ઠેરાણી;
હું તો હાથ તમારે વેચાણી. હું તો૦ ૧
હું તો મોહી છું મુખને મરકલડે, તમે ગમીયા ગિરિધરજી દલડે;
હું તો રીઝી છેલા તારે છોગલડે. હું તો૦ ૨
હું તો હીંડુ જીવન તમને જોતી, પ્રીત કરીને ચિત ચરણે પ્રોતી;
તમે છો મારી નથડીનું મોતી. હું તો૦ ૩
મેં તો હરિ તમને ઉરમાં ધરિયા, હું તે દાસી તમે મારા ઠાકરીયા;
પ્રેમાનંદના પ્યારા કહાના કેસરિયા. હું તો૦ ૪

પદ ૨૫૦ મું

ઘનસ્યામ સુજાણુ આવોને મારી આંખડલીમાં રાખું;
તમ ઉપર રાજ તન મન ધન મારા પ્રાણુ વારી વારી નાખું. ઘન૦ ટેક.
તમે જીવન જીવ સાથે જડીયા, જાવા નહિ દઉં નટવર નાનડીયા;
તમે ઘણે દહાડે હડિયે ચડીયા, ઘન૦ ૧
રાખીશ રસિયા જતન કરી, નૈં આવે આવો લાગ ફરીફરી;
કોણુ ભોગવે દુઃખ હવે મરીમરી. ઘન૦ ૨
તારી શોભા જોઇને સામલિયા, મારા પ્રાણુ થયા વશ પાતલિયા;
તમે ભલે હરિ મુજને મલિયા. ઘન૦ ૩
મને એમના એમ દરશન દેજો, કાંઈ કેવું ઘટે તે સુખે કે'જો;
પ્રેમાનંદપર નિત રાજી રેજયો. ઘન૦ ૪

પદ ૨૫૨ મું—રાગ સારંગ.

હમતો શ્રીલક્ષ્મીનારાયણુ ઉપાસી. હમ૦ ટેક.
કમલાકાંત ચરન બીના હમકું, ત્રિભુવનકે સુખ ફાંસી. હમ૦ ૧
ચાર પદારથકું નહિ ચાહે, ચાર મુક્તિસોં ઉદાસી;
સરવસ સુખ સંપત એહી હમારે, કમલાવર સુખરાસી. હમ૦ ૨
છાંડી અનિત્ય ચિત ધરી ચરને, ભજીયે પ્રેમ પ્રકાસી;
પ્રેમાનંદ કે' અચલ આસરો, એક શ્રીવૈકુંઠવાસી. હમ૦ ૩

પદ ૨૫૨ મું

આસરે શ્રીકમલાવરકે રહીયે; આસ૦ ટેક.
દિનદિન સુખ પૈયે જ્યું ધનેરો; બીપત કબહું ન સહીયે. આ૦ ૧
એક અચલ વિશ્વાસ રાખી મન, અન્ય આસ તજી દઈયે;
વીન પ્રયાસ વીન જોગ જગ્ન બલ, અચલ અભય પદ લઈયે. આ૦ ૨
નીત સેવા નીત કીરતન ભક્તિ, લક્ષ્મીનાથ મુખ ગઈયે;
પ્રેમાનંદ નાથ પદરજ બલ, અભય નિશાન બજૈયે. આ૦ ૩

પદ ૨૫૩ મું

ભરોસોં શ્રીકમલાવરકો ભારી. ભરો૦ ટેક.
મોહન માધુરી મૂરત સ્યામ સુંદર છેલ શોભા ધામ, નિરખી
નિરખી અંખીયનમેં રાખુંગી; મોહ૦ ટેક.
વદન કમલપર વારુરી મદનકોટી, બાનકપર વિશ્વવારી નાખુંગી. મોહ૦ ૧
ખમા ખમા મોરે પ્રાણ, આઇયે કૃપાનિધાન, એસેં મધુરે
બચનસું બોલાય નેહ દાખુંગી;

પ્રેમાનંદ વદન ચંદ, નીરખું ચકોરજ્યું, અધર સુધા માંગી
માંગી ચાખુંગી. મોહ૦ ૨

પદ ૫૫૨ મું

દેખન દેરી રસીક છેલ, સુંદર શ્યામ અલબેલ, અંખીયા
મોરી નિરખી તૃપ્ત ન ભઈ; દેખ૦ ટેક.
મંદ મંદ મુસકની, ચંચલ ચીતવની, બોલની ડોલની મેરી
સુધ હર લઈ. દેખ૦ ૧
અતહી અદ્ભુત છબ, વરણી શકે કોન કબ, શેષ સારદ
નારદ બુધ સકુચ રઈ;
એસેં સુંદર ઘનસ્યામ, અમિત આનંદ ધામ, પ્રેમાનંદ શ્યામ
મૂરત, ઉર લખ લઈ. દેખ૦ ૨

પદ ૫૫૩ મું

લોચન મોરેરી પરે ફંદ, નિરખી નાથ ગોકુલ ચંદ, વર બસ
ભયે માનું જુગલ ખંજન; લોચ૦ ટેક.
શરદ સરોજ સમ વદન વીહારીજ્યુંકો, મધુપજ્યું મોહે
દેખી છબી મનરંજન. લોચ૦ ૧
બહુત જતન કર રોકી રહીરી, પલક કપાટ કુલ પદે અંજન;
તદપી ન રત બદન વીનું દેખે, પ્રેમાનંદકે શ્યામ મીલે
સબ દુઃખ ભંજન. લોચ૦ ૨

પદ ૫૫૪ મું

સુંદર શ્યામ રસિક કહાન, પરમ રમ્ય રસનિધાન;
મોરલી અધર ધર મન હરલીનો; સુંદ૦ ટેક.
સારીગરી ગમપગ ગરી, ગમ પધની ધપ મગરી; ધની
સાની ધપ મગરી લેત પરવીનો. સુંદ૦ ૧
સપ્તસ્વર તીન ગ્રામ સપ્તત્રીબી કર વિશ્રામ, ઉલટ પુલટ કર
અલાપ તામે કછુ કીનો;
ભૂલી તન ભાન ખાન પાન તાન સુની સરસ, પ્રેમાનંદ
કહે ગોપી ગૃહ તજીદીનો. સુંદ૦ ૨

પદ ૫૫૫ મું–રાગ કાનડો ધ્રુપદ–ચૌતાલ

બસત વરતાલ તખત ધનશ્યામ, ધર્મકુંવર પુરનકામ
કમલાપતિ રૂપ રસાલ; બસ૦ ટેક.
ધવલનગર મેં મદનમોહન, ગઢપુર ગોપીનાથ; જીરનનગર
રાધારમનલાલ. બસ૦ ૧
શ્રીનગર ભુજપુર નરનારાયન, સુંદર મૂળીમેં શ્રીકૃષ્ન ક્રિપાલ;
પ્રેમાનંદ કહે જો એહી ધામ પરસે, તાકે નાસ હોત સકલ
દુઃખ મુક્ત હોત તતકાલ. બસ૦ ૨

પદ ૫૫૬ મું

રટત હજાર બદન શેષ સારદ, શંભુ વિરંચી બ્યાસ નારદ;
નિગમ પાવત નાહી પાર; રટ૦ ટેક.
સુરનર મુની ગ્યાનિ, જોગી જતી ત્યાગી ધ્યાની, પઢત પુરાન
છંદ કરત જાકો નીરધાર. રટ૦ ૧
એસે અનંત ઇશ, નીજ ઇછા જગદીશ, ધર્મકુલ કીરતાર;
પ્રગટ ભયે હરિ, દીનબંધુ ક્રિપા કરી, કમલાવર કમલલોચન
પ્રેમાનંદ તારનહાર. રટ૦ ૨

પદ ૫૫૭ મું

પુરનપરતાપ પરમપાવન, શોક ભય નસાવન ત્રિભુવનમહિ
રહ્યો બ્યાપ; પુર૦ ટેક.
ઉદયો અમલ સુર, સહજાનંદ સુખ પુર; કલિમલમત ક્રુર,
દૂર કીયો સબ કાપ. પુર૦ ૧
સંત કમલ ફૂલે, ખલ નલિની સકુચાની, પકરયો કામ ચોર પાપ;
પ્રેમાનંદ કહે સુનીકે નારાયન નામ, જમદુત જાત પાછે
પ્રગટ પ્રમાન જન જપત જાપ. પુર૦ ૨

પદ ૫૫૮ મું

જપ મન નામ નીત રેનદીન, ધરી ધરી પલ છીન, યેહિતે
હોતરે તેરો કામ; જપ૦ ટેક.

સ્વામિનારાયન, ભવસિંધુતારાયન, સહજાનંદ સુખ પૂર,
કેશવ કરુનાકે ધામ. જપ૦ ૧
હરિકૃષ્ન હરત દુઃખ, નીલકંઠ કરત સુખ, અભય કરત
ઘનસ્યામ;
પ્રેમાનંદકે પ્રતિપાલ, ઇષ્ટ એક ધર્મલાલ, મેટત જંજાલ સબ,
કરત આનંદ આઠો જામ. જપ૦ ૨

પદ ૫૫૯ મું

મોહન મતવારો ઠાડો કુંવર કહાન, બંસીમેં લેત તાન, દેખરી
દ્રગન ભર પ્યારો; મોહ૦ ટેક.
એક એક અંગ પ્રતિ, છુટત છબી તરંગ, મોહનીકે ફંદ તામેં,
પરત ખગદ્રગ કરંન ચારો. મોહ૦ ૧
ચલની ચીતવની, મધુરીસી બોલનીમે, ચોરત ચીત કૃષ્નકારો;
પ્રેમાનંદ કહે એસી મોહની મૂરતપર, તનમન પ્રાન વારું
નેનાહુંતેં કરું નાહી ન્યારો. મોહ૦ ૨

પદ ૫૬૦ મું

મુગટ ધરયો સ્યામ સુંદર કમલ નેન, કુંડલ ઝલક સુખદેન,
લસત ઉર સુમન દામ; મુગ૦ ટેક.
પીત બસનં તન મનોહર ભ્રાજત, અંગ અંગ છબી નિરખી,
લાજત કોટી કામ. મુગ૦ ૧
ચંદનખોર ચિત્રિત અંગ, રાજત ભુખનજટિત નંગ, સંગ સોહે
બ્રજભામ;
થોંગ થોંગ બજે મૃદંગ, નાચત લાલ નવરંગ,* પ્રેમાનંદ
બ્રજચંદ નિરખી, થકીત છબી ધામ. મુગ૦ ૨

---

* "નવલરંગ" પાઠાંતર છે.

પદ ૫૬૧ મું

श्रीसहजानंद स्वामिने नमो नमः

अथ अष्टक लिख्यते

जय जय जय परब्रह्म मनोहर, नटवर तनुधर नाथ हरे;
अक्षरनिवासि अखिलप्रकासि, जनसुखरासि कमलकरे. जय० १
जलधरवरणं अशरणशरणं, जनमनहरणं प्राणपति;
तारणतरणं जनसुखकरणं, मोचय मरणं भक्तगते. जय० २
वृषयकुमारं परमउदारं, भूविजयकारं कलुपहरं;
निजजनरमनं त्रिविधशमनं, मनसिजदमनं वरसिवरे. जय० ३
जय घनश्याम मनोभिराम, दिव्य सुधाम दिव्यभजे;
वृषसुतसुंदर धर्मधुरंधर, प्रणतपुरंदर भक्तजजे. जय० ४
जय वृषनंदन दुष्टनिकंदन, मेटय फंदन धर्मसुत;
सुरमुनिनायक निज जनदायक, दिव्य अमायक परमपदे. जय० ५
पंकजलोचन मुनिमनरोचन, भवभयमोचन पदयुगलं;
कमनियरूपं वदनअनूपपं, सुरमुनिभूपं दमय जले. जय० ६
हरि घनश्याम पूरणकाम, पावननाम स्वामिनूते;*
तव पद मूलं अति सानुकुलं, भवभयशलं मेटय मे. जय० ७
वर्णीसुवेशं अजभवशेशं, तजतकलेशं भजत सदा;
प्रेमानंद तव प्रबंधं, मेटन फंदं रचित मुदे. जय० ८

પદ ૫૬૨ મું—રાગ અડાનો—ધ્રુપદ ચૌતાલ

હું બલહારી શ્રીઘનશ્યામ બદનપર, રૂપ સદન
સોહે ગિરિધરન; હું બ૦ ટેક.
બેઠે આનંદકંદ, માનું નક્ષત્ર બીચ ચંદ, મંદ હસત
સંતાપ હરન. હું બ૦ ૧
ગાવત ગુની મુનિ, સરાહત આપ પુનિ, પ્રમુદીત ધરત
ઉર પંકજ ચરન;

---

* "" એમ પણ ગાય છે.

છાયો આનંદસિંધુ, ધન્ય ધન્ય દીનબંધુ, પ્રેમાનંદકો નાથ
સ્યામ બરન. હું બ० ૨

પદ ૫૬૩ મું

રી આજ શ્રીગોપીનાથ સોહત હે, સુંદર રૂપ રસાલ
વ્રજરાજ બાલ; રી આ० ટેક.
નીલજલદતન, ચરચીત ચંદન, પીત બસન ઊર બનમાલ. રી આ० ૧
બાંકે ચરન ભુજ, નેન અધરવર, ત્રિભંગી સુંદર મદન ગોપાલ;
પ્રેમાનંદકો નાથ, આવત ગ્વાલ સાથ, ગોપી રીઝી
દેખી મોહનલાલ. રી આ० ૨

પદ ૫૬૪ મું-રાગ અરગજા

મગલ મૂરતિ માધુરી સહજાનંદ મહારાજ, દ્વિજકુલ પ્રગટ
ભયે પુરુષોત્તમ અધમ ઓધારન કાજ; મંગ० ટેક.
જો શ્રીકૃષ્ન ગોકુલમહીં પ્રગટે કંસનીકંદ, સોઈ અબ
પ્રગટે ધર્મકુલ સ્વામી સહજાનંદ. મંગ० ૧
તબ યદુનંદન પ્રગટ હોઈ ઉતાર્યો ભુવિ ભાર, અબ કલીમેં
સતજુગ કીયો અધર્મમૂલ ઉખાર. મંગ० ૨
તબ બંદાબન ગોપીસંગ કીનો રાસબિલાસ, અબ નૈષ્ટિક
બ્રત ધરી કીયે કામાદિક રીપુ નાસ. મંગ० ૩
નંદકુંવર સોઈ ધરમસુત એક જાની કરો નેહ, પ્રેમાનંદ તેહી
યેહીહેં યેહી તેહી કછુ ન સંદેહ. મંગ० ૪

પદ ૫૬૫ મું

પુરુષોત્તમ પરમાત્મા ષડ ગુન ઐશ્વર્ય જુકત, પ્રગટ ભયે
કલીનાશન લે સંગ અગનીત મુક્ત; પુરુ० ટેક.
સૌમ્ય રૂપ ધરી સંતકો અટન કરે મહી ઇશ, લછન તનમેં
સંતકે સોહત ગુન બતીશ. પુરુ० ૧
અતિ પ્રતાપ બીસ્તારીયો સહજાનંદ દિનેશ, ધર્મ ગ્યાન વૈરાગ્ય
જુત છાયો દેશબીદેશ. પુરુ० ૨

માઇક મંત જીતે સબે નાસ્તીક કુંડક વામ, પૂર ચલાયે
ગ્યાનકે ઘરઘરમેં ઘનસ્યામ. પુરુ૦ ૩
ધ્યાન સમાધિ ધારના હોતહેં ગામહીગામ, પ્રેમાનંદ દેખાવત
હરિ આત્મરૂપ નીજ ધામ. પુરુ૦ ૪

પદ ૫૬૬ મું

ગુનસાગર ઘનસ્યામજી સુખસાગર જેહી નામ, જપત નામ
નર પાતકી હોતહેં પૂરનકામ; ગુન૦ ટેક.
ભુવિ રજકન કોઉ ગીનેં બરખા બુંદ ગીનાય, તારનકી ગીનતી
કરે પન હરિ ગુન ગીનેઉ ન જાય. ગુન૦ ૧
ચરિત્ર કીયે મહારાજને અવની ઉપર આય, લીખતેં હારી
સારદા સહસ્ત્ર બદન નીત ગાય. ગુન૦ ૨
ચ્યાર બરન આશ્રમ ચહુ પશુ પક્ષી પરજંત, ભૂત પ્રેત આદિ
સબે તારે જીવ અનંત. ગુન૦ ૩
દરસ પરસ દેકે હરિ ફુલ જલ પત્ર લે હાર, પ્રેમાનંદ કીયે
નાથને અનંત જીવ ભવપાર. ગુન૦ ૪

પદ ૫૬૭ મું

સહજાનંદ માહારાજકી બાર બાર બલી જાઉં, બ્રહ્મગતિ સબકું દઈ
કોન રંક કોન રાઉ. સહ૦ ટેક.
બીન સાધન સેવા બીના દ્રવે દીનપર આયે, આયે કલીજુગકે
પાતકી અગનીત પાર લાયે. સહ૦ ૧
મહિમા અમિત પ્રતાપકો કહતે જીય સકુચાયે, અંત સમે
નીજ દાસકું લેન વિમાનહી જાયે. સહ૦ ૨
જહાં ત્યાગે નીજ દેહકું નારી પુરુષ કોઉ સંત, તહાં તહાં
લેને જાત હે લખ જોજન પરજંત. સહ૦ ૩
રથ વિમાન ગજ પાલખી કઉં પાયન કરી પ્રીત, પ્રેમાનંદ
મહારાજકી સબહી અલોકીક રીત. સહ૦ ૪

પદ ૫૬૮ મું

સહજાનંદ માહારાજકો મહીમા અપરમ પાર, એક રસના
કેસેં કહું સહસ્ર વદન રહે હાર; સહ૦ ટેક.
દેશ દેશ ઘર ઘર મહીં પરચ્યા હોત અનંત, કઉં દેખાત
રવિ કોટિસમ કઉં દેખાત માનુ સંત. સહ૦ ૧
કઉ જીમત પૂજાત કઉ કઉ બેઠે કરે ગ્યાન, પ્રેમી જન દેખત
સદા યું પૂરણ ભગવાન. સહ૦ ૨
જેહી પ્રતાપ જડ મૂક જન પઢત બ્યાકરન બેદ, જીવ
ઈશ્વર નિરને* કરે કહત તત્વકે ભેદ. સહ૦ ૩
યું પ્રતાપ દેખાયકે જીતે મત અરુ પંથ, પ્રેમાનંદ માહારાજકો
છાયો પ્રતાપ અત્યંત. સહ૦ ૪

પદ ૫૬૯ મું

ધર્મકુંવર ઘનસ્યામજી પ્રગટે કીપા નિકેત, કલી મેટી સત જુગ
કીયો બાંધી ધર્મકી સેત; ધર્મ૦ ટેક.
બરણાશ્રમકે ધર્મ સબ ક્ષીન ભયે યું જાન, પ્રગટ હોઈ થાપન
કીયે શ્રુતિ સ્મૃતિ પરમાન. ધર્મ૦ ૧
વિધવાનારી ત્યાગીનર સાંખ્યજોગી રહે નીત, સધવાનારી
ગૃહસ્થનર કર્મજોગકી રીત. ધર્મ૦ ૨
સંન્યાસી વરણી સબે ત્યાગી સંત બડભાગ, અષ્ટ ભાંત
નારી તજે તેહી બીધી કંચન ત્યાગ. ધર્મ૦ ૩
ગ્યાન ભક્તિ વૈરાગ્ય જુક્ત આશ્રીત સબ નરનાર, ભજન
કરે મહારાજકો પ્રેમાનંદ બલીહાર. ધર્મ૦ ૪

પદ ૫૭૦ મું

યેહી અવસર શ્રીનાથજી પ્રગટ ન હોત જરુર, હમસેં પામર
પાતકી બહે જાત ભવપૂર; યેહી૦ ટેક.

---

* નિર્ણય.

બડી કરી કરુના હરિ તારે તરત દયાલ, શરન રાખી એસેં
કહી જખમારે જમ કાલ. યેહી૦ ૧
જેહી પદરજ પ્રતાપસું આયો સબ દુઃખ અંત, જન્મ મરણુ
સબહી મીટચો પુની ભવ ભટકન પંથ. યેહી૦ ૨
સબહી તારે પાતકી જેતે થે જગમાંય, ભક્તિ ધર્મસુતલાડીલે
જમકો લીખ્યો મીટાય. યેહી૦ ૩
અજામેલ ગનીકાસમ ગીનત ન આવે પાર, પ્રેમાનંદસે
પાતકી તારે અધમઓધાર. યેહી૦ ૪

પદ ૫૭૧ મું

સહજાનંદ આનંદકર* ઉદયો ધર્મસુત સુર, કલિમલમત
અતિ સઘન તમ કીયો કાટી સબ દૂર; સહ૦ ટેક.
મુનિગન મયુખ દિનેશકી દુઃસહ સહીં નહિ જાય, અસદ
ગ્યાની કલિમહી ઉલુક જહાં તહાં રહે લૂકાય. સહ૦ ૧
ધર્મબંસી અરબિંદ અતિ વિકસે બદન નિહાર, મુનિગન
મધુકર મુદીત જશ ગાવત કરી ગુંજાર. સહ૦ ૨
દેખી પ્રતાપ દિનેશકો કામ ક્રોધ મદ ચોર, ખટ દરસન
ગિરિ ગહ્વરા રહે જાય તેહી ઠોર. સહ૦ ૩
દિન દિન પ્રબલ પ્રતાપ જશ વિશદ કર્મ વિસ્તાર, પ્રેમાનંદ
કહે ગાવત નારદ નિગમ પુકાર. સહ૦ ૪

પદ ૫૭૨ મું—રાગ કવિત

શ્વેતદ્વીપવાસી સુખરાસી શ્વેત વાસુદેવ, શ્વેત તેજમાંહી
અતિ શ્વેત તનુ આપહે;
શ્વેત સિંહાસન સોહે શ્વેતાંબર અલંકાર, શ્વેત ધામમહીં
શ્વેત પુરુષ અમાપહે;
શ્વેત હે દુપટો કાંધે બાંધે શ્વેત બાંકી પાગ, શ્વેત ચંદન
અંગ શ્વેત રાવરો પ્રતાપહે;

* "આનંદ ઉર" પાઠાન્તર ગવાય છે.

શ્વેત હે વૈકુંઠ ધામ શ્વેત જન નિષ્કામ, પ્રેમાનંદ આઠો
જામ શ્વેત નામ જાપહે. ૧

શ્વેત ઉર હાર શ્વેત બાંધે ભુજ બાજુ બંધ, શ્વેત ઉપવીત
શ્વેત મંદ મુખ હાસહે;
શ્વેત રત્નકો મુકુટ શ્વેત મોતી કાનોંમેં, શ્વેત અલંકાર
શ્વેત મૂર્તિકો પ્રકાશહે;
શ્વેતહે ચમર છત્ર શ્વેત છડીદાર આગે, શ્વેત રમા સંગ
શ્વેત સભામેં નિવાસહે;
શ્વેત સ્યામ શ્વેત ધામ શ્વેત સભા મુક્તઉકી, પૂરનકામ
દેખી ભયો પ્રેમાનંદ દાસહે. ૨

શ્વેત ધર્મકે ધરૈયા શ્વેત ધર્મકે કરૈયા, શ્વેત ધર્મ પ્રવર્તાયો
શ્વેતપતિ સ્વામી જ્યું;
શ્વેત ધર્મપ્રતિપાલ શ્વેત ધર્મી પ્રીયે સદા, શ્વેત ધર્મધારી
પુરુષ સદા નિષ્કામી જ્યું;
શ્વેત ભક્તિ કરી પાવે શ્વેત ધર્મી સદા ભાવે, શ્વેત ગુન
ગાવે તાપેં રાજી બહુનામી જ્યું;
જાની નિજ દાસ દીજે* ચરને નિવાસ સદા, પ્રેમાનંદકે નાથ
મોરે અંતરજામી જ્યું. ૩

સહજાનંદ નામકી બલીહારી જાઉં બાર બાર, કીયો ભવ
પાર મોયે ડૂબત નીકાર્યોહે;
રાખ્યો સ્વામિ નાથ હાથ ગ્રહીકે શરનઉમેં, દેદેકે ઉચ્છિષ્ટ મોયે
આદ અંત પાર્યોહે;
કીનોહે પવિત્ર પદ ભાનુકે પ્રતાપઉતે, અવિદ્યાકો પૂર ઉર માંહીતેં
ઉખાર્યોહે;
રાવરે પ્રતાપઉને કીયો હે પ્રસિદ્ધ મોયે, તીઉલોક જાને કહે
પ્રેમાનંદ તાર્યોહે. ૪

---

* "દીનો" એવું પણ ગાય છે.

પદ ૫૭૩ મું–રાગ કહરવા

બલમા બીસરજી ન જાઓરે, બલમા; બાલાપનકી હો પ્રીત; બલ૦ ટેક.
દીનપેં દયા દીલ લાઓરે, નિરમોહી મોરે મીત. બલ૦ ૧
એકુ બેર બદન દેખાઓરે, ફરી કોમલ ચીત. બલ૦ ૨
સાવરે સનેહરો નીભાઓરે, પ્યારે અકલ અજીત. બલ૦ ૩
પ્રેમાનંદકું હસીકે બોલાઓરે, યહ માંગું નીત નીત. બલ૦ ૪

પદ ૫૭૪ મું

સાવરે સૂરત મેરી લેરે, સૂરત મેરી; ભલા મોરે મહારાજ; સાવ૦ ટેક.
દીનકું દરસ આય દેરે, મેંતો ઝુરું તેરે કાજ. સાવ૦ ૧
મીતવા અરજ સુન લેરે, આય મીલો પ્યારે આજ. સાવ૦ ૨
જનમ સુફલ કર દેરે, લાલા તોહે મોરી લાજ. સાવ૦ ૩
મીટીહે ચરન પરસેંરે, પ્રેમાનંદ ઉર દાજ. સાવ૦ ૪

પદ ૫૭૫ મું

સુનલે અરજ એક મેરી, સુનલે; મેંતો ચેરી કહાના તેરી; સુન૦ ટેક.
તેરી હું બીના દામ ચેરી, યામેં નહીં તીલ ફેરી. સુન૦ ૧
મોતીકી માલા ઉર પેરી, રહો દ્રગ આગે ઠેરી. સુન૦ ૨
મોહન મગન કર દેરી, રહું એક ટક હેરી. સુન૦ ૩
પ્રેમાનંદ કહે રંગ લે'રી, આવો મીલે એક બેરી. સુન૦ ૪

પદ ૫૭૬ મું

સાવરે દરસકી મેં પ્યાસી, સાવરે; આય મીલો અવિનાસી; સાવ૦ ટેક.
દીન રેન રહત ઉદાસી, તેરે લીયે સુખરાસી. સાવ૦ ૧
બંસીવારે પ્યારે વ્રજબાસી, બીનું દેખે જીય જાસી. સાવ૦ ૨
હસીકે હરિ બદન દેખાસી, તબ જીય સુખ આસી. સાવ૦ ૩
બૈયાં ગ્રહી કંઠ લગાસી, પ્રેમાનંદ સુખ પાસી. સાવ૦ ૪

પદ ૫૭૭ મું–રાગ કહરવા

નયન ભરી મોહન દેખોરી આલી, દેખોરી આલી કે
દેખોરી આલી; નય૦ ટેક.

રૂપ સનાતન બેદ બખાનત, સો દ્રગ આગે લાલ બનમાલી. નય૦ ૧
દશસત બદન રટત નીસવાસર, જોગી ધ્યાની લગાવત તાલી. નય૦ ૨
સબ ઘટ વ્યાપી નરાકૃતિ નટવર, ચલતહે સ્યામ હંસગતિ ચાલી. નય૦ ૩
પ્રેમાનંદકે નાથ પ્રગટ ભયે, કામ દલન હરિ કંસકે કાલી. નય૦ ૪

પદ ૫૭૮ મું

લાલ ભરી લોચન લેહો નીહારી, લેહો નીહારીકે લેહો નીહારી; લાલ૦ ટેક.
નિરખી રૂપમની મનમોહન, કરી લેઉ નેના સુફલ બ્રજનારી. લાલ૦ ૧
કબ આઇહે ઘનસ્યામ ગોકુલમેં, કબ તુમ મધુપુર જૈહો પ્યારી. લાલ૦ ૨
હોઇહે દરસ દુર્લભ યદુપતિકે, ફેરી પછીતૈહો કે' સમજી વિચ્યારી. લાલ૦ ૩
પ્રેમાનંદકો નાથ ધારી ઉર, દેઉ સકલ સંતાપ બીસારી. લાલ૦ ૪

પદ ૫૭૯ મું

માઈ મેરો જીવન મોહન પ્યારો, મોહન પ્યારોકે મોહન પ્યારો; માઈ૦ ટેક.
જીવન પ્રાન સ્યામ ઘન સુંદર, હીયકો હાર કે નૈનકો તારો. માઈ૦ ૧
બીનું દેખે મેંતો રહી ન શકું પલ, સુંદર સ્યામ પીતપટવારો. માઈ૦ ૨
યા કારન મેંતો ભઇરે જોગનીયા, લોક કુટુંબ પરિવાર બિસારો. માઈ૦ ૩
પ્રેમાનંદકો નાથ સ્યામ ઘન, મન ક્રમ વચને કરું નહી ન્યારો. માઈ૦ ૪

પદ ૫૮૦ મું

લાલ ગિરિધરકે હાથ બેકાની, હાથ બેકાનીકે હાથ બેકાની; લાલ૦ ટેક.
નંદનંદન ઘનસ્યામ લાલસોં, માની પ્રીતિ જીવન ધન જાની. લાલ૦ ૧
શ્રીઘનસ્યામ પ્રાનપીયા ઉપર, તન મન પ્રાન કીન કુરબાની. લાલ૦ ૨
મોહનલાલ નંદસુત નિરખી, તજી કુલ કહાની મેં ભઇહું દીવાની. લાલ૦ ૩
પ્રેમાનંદકો નાથ કૃષ્નચંદ્ર, બસ ગયો જીય મેરે મોહન દાની. લાલ૦ ૪

પદ ૫૮૧ મું–રાગ કહરવા

હોજી થાને રાખું નેનનકી પલમેં રાજ; થાને૦ ટેક.
બહુત દીનનસું સમજકે રાખી, યેહી બાત મોરા દીલમેં રાજ. થાને૦ ૧
થારે કારન હુંતો જોગન હોયકે, સંગ ફીરુંગી જંગલમેં રાજ. થાને૦ ૨

પલકનસોં થાને પલક ન મેલું, રહું થારા ચરન કમલમેં રાજ. થાને૦ ૩
પ્રેમાનંદ કહે ચીત અટકયોહે, વામ કરનકા તલમેં રાજ. થાને૦ ૪

પદ ૫૮૨ મું

આય બસો નેનામેં વ્રજબાસી હો; આય૦ ટેક.
શ્વેત પાગ ઉર હાર શ્વેત સબ, શ્યામ મુરત સુખરાસીહો. આય૦ ૧
નેંનનમેં થે આય બીરાજોતો, યામેં થારો કાંઈ જાસીહો. આય૦ ૨
જનમ સુફલ હોઈ આવે મારો, મીટે સકલ દુઃખ ફાંસીહો. આય૦ ૩
પ્રેમાનંદરા નાથજી થારા, ચરન કમલકી દાસીહો. આય૦ ૪

પદ ૫૮૩ મું

હો દ્રગ બાંકે તેરે છેલ ગુમાનીહો; દ્રગ૦ ટેક.
બાંકી ભોંહ ચપલ શર ચીતવની, લેતહો જીયરો તાનીહો. દ્રગ૦ ૧
ભાલ વિશાલ લલિત ત્રયરેખા, બહત ત્રિવેની સુખદાનીહો. દ્રગ૦ ૨
નેન સરોજ સરસ નાસા શુક, અધરબિંબ રતિ માનીહો. દ્રગ૦ ૩
પ્રેમાનંદકે બદન છબીપર, કોટી કામ કુરબાનીહો. દ્રગ૦ ૪

પદ ૫૮૪ મું

હો કૃષ્નકારે જોબન મતવારે હો; કૃષ્ન૦ ટેક.
તરુન તન છબી અરુન અધર પર, ચપલ નેન દોઉ ભારે હો. કૃષ્ન૦ ૧
મુસકની મંદ વિલોકી પરે ફંદ, મન ચીત પ્રાન હમારે હો. કૃષ્ન૦ ૨
બૂડે રૂપસિંધુમેં સબહીં, હોઈ ન શકત અબ ન્યારે હો. કૃષ્ન૦ ૩
પ્રેમાનંદકે નાથ છબીપર, તન મન ધન બલીહારે હો. કૃષ્ન૦ ૪

પદ ૫૮૫ મું–રાગ કહેરવા

હારે મેંતો ન જાને મોહન દગાદાર; મેંતો૦ ટેક.
એસે મેં ન જાને પીતમ, કપટી વાકે યાર;
પે'લે પ્રીત લગાઈ મોસેં, અબતો દીની ડાર. મેંતો૦ ૧
અબતો મેરી યહ ગત સજની, કાસો કહું પોકાર;
કોનહીં ચુક વિસારી પીયા, જીયા જીયાવનહાર. મેંતો૦ ૨

જ્યોં જ્યોં સુધ આવે પીતમકી, ઉઠત કરેજે ઝાર;
કમલ નૈન કોઈ આની મીલાવે, તાકી હું બલીહાર. મૈંતો૦ ૩
મન મોહન પીયા ફેર મીલેતો, છોડું નાહી લગાર;
પ્રેમસખી કે' પ્રાનજીવનકું, કર રાખું ઉર હાર. મૈંતો૦ ૪

પદ ૫૮૬ મું

મન લે ગયો હો મોહન ચીતચોર; મન૦ ટેક.
પીત વસન ઓઢે મનમોહન, કીને ચંદન ખોર;
અસું કહું દોસ મોયે સજની, નિરખ્યો નેક નીહોર. મન૦ ૧
ભોંહે કુટીલ મનોહર નાસા, ચપલ નેનકી કોર;
બિસરત નાહી રેન દીન સજની, મોહન નંદકિશોર. મન૦ ૨
લગી પ્રીત મેરી શ્યામસુંદરસું, જેસેં ચંદ ચકોર;
બીના મૂલકી દાસી વાકી, જગસેં દીની તોર. મન૦ ૩
નેનકી સેનમેં મેન ભરે માનું, હસતહેં બદન મરોર;
પ્રેમસખી કે' એ શોભા પર, વારું ચંદ કરોર. મન૦ ૪

પદ ૫૮૭ મું-રાગ કહરવા

મોહન દેખી મગન ભઇરે, હો મોરી અંખીયા; મોહ૦ ટેક.
થકીત ભઈ લખી રૂપ શ્યામકો, એક ટક પલકે પરત નહિરે. મોહ૦ ૧
તન મન પ્રાન અરપન કરી ચીતવત, માનું ચીતારે લખ દઇરે. મોહ૦ ૨
રૂપ લાલ લખી પરવસ ભઇહું, જ્યું ખંજન ખગ જાલમઇરે. મોહ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ રૂપકી, બાત ન જાત કછુ કઇરે. મોહ૦ ૪

પદ ૫૮૮ મું

સાવરી મૂરત મન બસગઇરે, હો મોરી ગુંયા; સાવ૦ ટેક.
સુંદર શ્યામ સલોની અખીયા, જીયરે હમારે ઠસ ગઇરે. સાવ૦ ૧
હસની બોલની ચલની ચીતવની, ભીતર કરેજે કસ ગઇરે. સાવ૦ ૨
અસ જીય બસ ગઈ સાવરેકી સુરત, જસ કગદા મસ લસ ગઇરે.* સાવ૦ ૩
પ્રેમાનંદ કહે હેરત હેરત, અવિગત અંતર ધસ ગઇરે. સાવ૦ ૪

---

* જેમ કાગળ ઉપર મેસ (શાહી) લાગી ગઈ.

પદ ૫૮૯ મું

શ્યામ સુંદર લગે બૈયાં, લગ રૈયાં પ્યારીકી; શ્યામ૦ ટેક.
અરસ પરસ બૈયાં ગલે ડારી, ઠાડે કદમવાકી છૈયાં. લગ૦ ૧
હસત હસાવત સુખ ઉપજાવત, બાતન જાત કછુ કૈયાં. લગ૦ ૨
શ્યામા શ્યામ પરસપર સુંદર, ગાવત તાન સુખદૈયાં. લગ૦ ૩
પ્રેમાનંદ જુગલ છબીઉપર, બાર બાર બલ જૈયાં. લગ૦ ૪

પદ ૫૯૦ મું

આજ બને બનમાલી, છબી દેખોરી આલી; આજ૦ ટેક.
ભુખન બસન સજે અતિ સુંદર, ચલત હંસગતિ ચાલી. છબી૦ ૧
પાન ખાવત પીક ડારત ભુંઈ પર, સોહત અધર દોઉ લાલી. છબી૦ ૨
ગાવત તાન કહાન ભલ સુંદર, કરસું બજાવત તાલી. છબી૦ ૩
પ્રેમાનંદ ધનશ્યામ છબી નિરખી, ભઈ અંખીયા મતવાલી. છબી૦ ૪

પદ ૫૯૧ મું–રાગ કહરવા

જીવન પ્રાન હમારે; જીવ૦ ટેક.
ભક્તિ ધર્મસુત વાસુદેવ પ્રભુ, જુગ જુગ પ્રતિ તનુ ધારે. જીવ૦ ૧
નિગમ પુરાન સકલ ભારત શ્રુતિ, ગાવત જસ વિસ્તારે. જીવ૦ ૨
શુક નારદ સનકાદી વ્યાસ મુનિ, નિરખી નિરખી પ્રાન વારે. જીવ૦ ૩
કારન સકલ ધર્મસુતઉપર, પ્રેમાનંદ બલીહારે. જીવ૦ ૪

પદ ૫૯૨ મું

ગિરિધર હાર મોરે હીયાકો; ગિરિ૦ ટેક.
હીયકો હાર સ્યામ ધન સુંદર, જીવન પ્રાન જીયાકો. ગિરિ૦ ૧
નિરખું જાગત સોવત સ્વપને, વદનશ્રી પ્રાનપીયાકો. ગિરિ૦ ૨
મન ક્રમ વચને ધરું છબી અંતર, ઓર સબે તજ દીયાકો. ગિરિ૦ ૩
પ્રેમાનંદ બિચ્યાર કરત નીત, ચરન કમલ ઉર લીયાકો. ગિરિ૦ ૪

પદ ૫૯૩ મું

એરી બીનું દામ હું બેકાની; એરી૦ ટેક.
નિરખી રૂપ ગિરિરાજધરનકો, થકીત હોય હરખાની. એરી૦ ૧

મુસકની બંક બીલોકની દેખત, ભઈ સકલ દુઃખ હાની. એરી૦ ૨
મોહન મુખકી અમિત સુભગતા, ચપલ નેનકો પાની. એરી૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ છબીપર, કોટી કામ કુરબાની. એરી૦ ૪

પદ ૫૯૪ મું

નેના લોભાને નિહારી; નેના૦ ટેક.
રૂપસુધાનિધિ સુભગ સાવરો, કેશવ કુંજબિહારી. નેના૦ ૧
બનીઠનીકે બ્રજઉમેં આવત, અજબ બની અસવારી. નેના૦ ૨
નટવર નાથ રૂપગુનમંદિર, નિરખી મોહી બ્રજનારી. નેના૦ ૩
પ્રેમાનંદ ભયો કરતારથ, ચરન કમલ ઉર ધારી. નેના૦ ૪

પદ ૫૯૫ મું—રાગ ગરબી

વહાલોરે વિઠ્ઠલ વર સજની, વાસુદેવ વનમાળીરે; વહાલો૦ ટેક.
સુંદર રૂપ સલુણી મૂરતી, નેણાં ઠરે ભાળી ભાળીરે. વહાલો૦ ૧
મનડું તો લોભાણું છે મારું, જોઇને તે પાઘ પેચાળીરે. વહાલો૦ ૨
આ ઉભા આંગણીયે ગિરધર, ગાયે છે દઇને તાળીરે. વહાલો૦ ૩
પ્રેમાનંદનો નાથ રસીલો, વાયે છે વેણુ રસાળીરે. વહાલો૦ ૪

પદ ૫૯૬ મું

મોહીરે મોહનવર જોઈ, ગિરિધર છેલ છોગાળોરે; મોહી૦ ટેક.
વહાલો લાગે નંદજીનોરે લાલો, રંગભીનો રૂપાળોરે. મોહી૦ ૧
રાજીવ લોચન લાલ રંગીલો, મરમ ભર્યો મરમાળોરે. મોહી૦ ૨
મદનમનોહર નટવર સુંદર, અજબ નેણાંનો ચાળોરે. મોહી૦ ૩
માનંદનો નાથ છબીલો, મોહન મોરલીવાળોરે. મોહી૦ ૪

પદ ૫૯૭ મું

જુઓરે જગજીવન ઉભા, આંખડલીને આગેરે; જુઓ૦ ટેક.
પે'ર્યા છે હાર બાજુબંધ બાંધ્યા, છોગલા મેલ્યા છે પાઘેરે. જુઓ૦ ૧
કેશરીયો વર વાયે છે વંસી, મોહી હું રસીલે રાગેરે. જુઓ૦ ૨
રંગ રંગીલો ને છેલ છબીલો, જોઇને તે ભવદુઃખ ભાંગેરે. જુઓ૦ ૩
પ્રેમાનંદના નાથની સજની, વાતલડી વહાલી લાગેરે. જુઓ૦ ૪

પદ ૫૯૮ મું

લીધુંરે લટકે મન મારું, ગુણવંત ગિરિધારીરે; લીધું૦ ટેક.
ખુંતીરે અંતરમાં આવીને, આંખડી કામણગારીરે. લીધું૦ ૧
મોહીરે મુખને મરકલડે, વેણું ઉપર જાઉં વારીરે. લીધું૦ ૨
વેધાણી વંસીમાં સજની, તન મન જાઉં બલીહારીરે. લીધું૦ ૩
પ્રેમાનંદના નાથની મૂર્તિ, નીમખ ન મેલું ન્યારીરે. લીધું૦ ૪

પદ ૫૯૯ મું—રાગ ગરબી

દીઠે દિવાળીરે ગિરિધર દીઠે દિવાળી; ગિરિ૦ ટેક.
આનંદ આજ ઘણો અંતરમાં, મોહન મુખ ભાળીરે. ગિરિ૦ ૧
આ ઉભા આંગણીયે માધવ, ગાયે દઈ તાળીરે. ગિરિ૦ ૨
નેણાં જોઈ લોભાણા મારા, મૂરતિ મરમાળીરે. ગિરિ૦ ૩
પ્રેમાનંદ મગન જોઈ મનમાં, પાઘ તે પેચાળીરે. ગિરિ૦ ૪

પદ ૬૦૦ મું

દિવાળી આવીરે આજ મારે દિવાળી આવી; આજ૦ ટેક.
પૂજીએ કૃષ્ન કમલ સુખ* સજની, પ્રીતે પધરાવીરે. આજ૦ ૧
મંદિરીયામાં ચોક પુરાવો, મોતીડા મગાવીરે. આજ૦ ૨
કેશર ચંદન ચરચીને, લીજે વારણા વધાવીરે. આજ૦ ૩
પ્રેમાનંદના નાથની મૂર્તિ, અંતરમાં ભાવીરે. આજ૦ ૪

પદ ૬૦૧ મું

ઓછવ કરીયે દિવાળીનો ઓછવ કરીયે; દિવા૦ ટેક.
નિરખી મુખ શ્રીરુક્મિણિ વરનું, અંતરમાં ઠરીયેરે. દિવા૦ ૧
મૂર્તિ સુંદર શ્યામ મનોહર, અંતરમાં ધરીયેરે. દિવા૦ ૨
રુકમણિરમણ ચરણ વીના, બીજી આશા પરહરીયેરે. દિવા૦ ૩
પ્રેમાનંદના નાથને નિરખી, ભવસાગર તરીયેરે. દિવા૦ ૪

પદ ૬૦૨ મું

દિવાળીનો દન આજ મારે દિવાળીનો દન; આજ૦ ટેક.
ધન ધન આજ મંદિરિયું મારું, પધાર્યા જીવનરે. આજ૦ ૧

---

* "કમલ મુખ" સંભવે છે.

નિરખી મુખ શ્રીકૃષ્ણજીવનનું, પ્રફુલ્લિત થયું મારું મનરે. આજ૦ ૨
કેશર ભીના કહાનકુંવરપર, વારું તન મન ધનરે. આજ૦ ૩
પ્રેમાનંદના નાથને ભેટી, શીતલ થયું છે તનરે. આજ૦ ૪

પદ ૬૦૩ મું–રાગ ગરબી

નંદલાલ બિહારી છબી તારીરે, છેલા જોઇને નેણા ઠરે;
વહાલી લાગે મને મૂર્તિ પ્યારીરે. છેલા૦ ૧
હુંતો લાવણ્યમાં લોભાણીરે, છેલા;૦ વહાલી લાગે વહાલાજી
તારી વાણીરે. છેલા૦ ૨
આંખડલી કામણગારીરે, છેલા;૦ જાઉં મુખડા ઉપર વારીરે. છેલા૦ ૩
શ્યામલિયા ચતુર સુજાણરે, છેલા;૦ પ્રેમાનંદના જીવન પ્રાણરે. છેલા૦ ૪

પદ ૬૦૪ મું

મોહન મૂર્તિ મનમાનીરે, છાની રાખું મારા નેણામાં;
સુંદર સોભાની ખાંનીરે. છાની૦ ૧
કોઈ દુરીજનને નવ દાખુંરે, છાની;૦ મારા પ્રાણ વારી
વારી નાખુંરે. છાની૦ ૨
હુ તો જીવન રહું નીત જોતીરે, છાની;૦ મારી
નથડી કેરું મોતીરે. છાની૦ ૩
હુ તો હેતે હાર પે'રાવુંરે, છાની;૦ પ્રેમાનંદ કે' આગે ગાવુંરે. છાની૦ ૪

પદ ૬૦૫ મું

કેસરીયા વાલમ કહાનારે, છાના આવો મારે મંદિરિયે;
હુ તો કરીશ ઝાઝા વાનારે. છાના૦ ૧
તમે આવજ્યો એવે ટાણેરે, છાના;૦ મારી પાડોશણ
નહિ જાણેરે. છાના૦ ૨
તમે આવજ્યો ઊઘાડીને બારીરે, છાના;૦ સાસુ નણંદી ન
જાણે મારીરે. છાના૦ ૩
પ્રેમાનંદના છેલ ગુમાનીરે, છાના;૦ સુંદર મૂરતિ મન માનીરે. છાના૦ ૪

પદ ૬૦૬ હું

લેરખડા લાલ લાલચ લાગીરે, જીવન જોવું તારી વાટડલી;
આવો રસિયા સ્યામ સૌહાગીરે. જીવ૦ ૧
મારું મન મલવા અકલાયેરે, જીવન;૦ બીજા કેને નવ કેવાયેરે જીવ૦ ૨
હું તો સજી રહી શણગારરે, જીવન;૦ આવો હરિ હીયાના હારરે. જીવ૦ ૩
મારે ઘણા દિવસની આસરે, જીવન;૦ કરો પ્રેમાનંદ ઉર વાસરે. જીવ૦ ૪

પદ ૬૦૭ મું–રાગ ગરબી

છેલ છબીલોરે છોગાલો નંદનો લાલો; પ્રાણ સનેહીરે
મને લાગે છે અતિ વહાલો. છેલ૦ ૧
આનંદ આપેરે એનું મુખડું આનંદકારી; જોઇને રીઝીરે
વહાલાને વ્રજની નારી. છેલ૦ ૨
નેણે નિર્મળરે વહાલો નેહ ઘણેરા વરસે; કોઈ નવ જાણેરે
માઈ છાનો આવી દરસે. છેલ૦ ૩
મોંઘા મૂલોરે બેની મોહન કેમ મેલાયે; પ્રેમાનંદ કે'રે
એ સારું જે થાતાં થાયે. છેલ૦ ૪

પદ ૬૦૮ મું

કેશવ કેડેરે મારું મનડું ફરે છે બાઈ, વહાલે વિંધીરે મને નેણે
નેહ લગાઈ. કેશ૦ ૧
હેતે હેરેરે મુજ સામું વારે વારે, નેહ વધાર્યોરે બેની હૈડા કેરે હારે. કેશ૦ ૨
રસિયો રીઝયારે મારી પ્રીતડી જોઇને હેલી, સામા આવીરે મને
મળીયા સુણ સાહેલી. કેશ૦ ૩
આનંદ આપ્યોરે અલબેલે ચીતડાં ચોરી, પ્રેમાનંદનોરે વહાલો
મારે જીવન દોરી. કેશ૦ ૪

પદ ૬૦૯ મું

શી કહુ શોભારે સામલીયા વરની બેની, એને તોલેરે જોઈ
ઉપમા નાવે કેની. શી કહું૦ ૧

રૂપ અનુપમરે રંગ ભીનો કુંજબિહારી, બાનક ઉપરરે
જાયે રતિપતિ કોટીક વારી. શી કહું૦ ૨
હેતે હસતારે હરિ બોલે સુંદર વેણુા, જોતા જીવનરે મારા
ત્રપત ન થાયે નેણુા. શી કહું૦ ૩
જોઇને મોહીછુંરે એની પાઘડલીને તોરે, પ્રેમાનંદનોરે વહાલો
ચીતડું મારું ચોરે. શી કહું૦ ૪

પદ ૬૧૦ મું

જોયા જેવોરે વહાલો પ્રાણુ સનેહી પ્યારો;
ન કરું એનીરે મારા જીવડલાથી ન્યારો. જોયા૦ ૧
રાખું રસિયોરે મારા જીવડલામાં પ્રોઈ;
નીસદીન જીવુંરે મારા પ્રાણુજીવનને જોઈ. જોયા૦ ૨
પ્રીત બંધાણીરે સામલીયા સાથે મારે;
હવે હરિ ભજતારે એની મુજને કુણુ કહી વારે. જોયા૦ ૩
ગુણુવંત ઉપરરે મારા પ્રાણુ વારીને નાંખું;
પ્રેમાનંદનોરે વહાલો શીરને સાટે રાખું. જોયા૦ ૪

પદ ૬૧૧ મું–રાગ ગરબી

આવો મોહન મારે ઓરડીયે, ઓરડીયે રંગની ઝડીયે; આવો૦ ટેક.
અલબેલા આવો અંતર ચરચું, ગોવિંદજી તન ગોરડીયે. આવો૦ ૧
હેત કરીને હાર પેહેરાવુ, મોતિડાં પ્રોવું તોરડીયે. આવો૦ ૨
પ્રીતમ તમને પ્રેમ કરીને, રાખીશ્યું જીવન ચોરડીયે. આવો૦ ૩
પ્રેમાનંદ કે' છેલકુંવરપર, વારું મારા પ્રાણુ ઘડી ઘડીયે. આવો૦ ૪

પદ ૬૧૨ મું

આવો વહાલા મારા બારણીયે, બારણીયે જાઉં વારણીયે. આવો૦ ટેક.
સામી આવું મોતી થાલ ભરીને, નાથ વધાવા કારણીયે. આવો૦ ૧
તન મન ધન આ જીવિત મારું, વારું વાર હજારણીયે. આવો૦ ૨
આતુર થયું છે મન મળવાને, રાખી રહી જીવ ધારણીયે. આવો૦ ૩
પ્રેમાનંદ કે' તમને મળતાં, ઠરિને બેઠા જીવ ઠારણીયે. આવો૦ ૪

પદ ૬૧૩ મું

આવો પાડોશી પાતળિયા, પાતલિયા તમે કયાં હલિયા. આવો૦ ટેક.
આપણું મંદિર મેલીને પ્યારા, બીજે અઠલક કયાં ઢલિયા. આવો૦ ૧
મારે આંગણિયે થઇને જાઓ છો, કેને ભુવન કોને સામલિયા. આવો૦ ૨
અમને તે કોલ દઇને કેશવ, બોલ્યે હજી કે દીન પલિયા. આવો૦ ૩
અમને તમારી આશ ઘણી છે, પ્રેમાનંદના વહાલા છલિયા. આવો૦ ૪

પદ ૬૧૪ મું

આવો મનોહર મનહરતા, મનહરતા લટકા કરતા. આવો૦ ટેક.
જીવન જરકસી પાઘ બાંધીને, નૌતમ છોગલિયા ધરતા. આવો૦ ૧
પ્રાણજીવન તમે પ્રીત કરીને, શીદ હીંડો તરતા તરતા. આવો૦ ૨
આવંતા અલબેલ મંદિરીયે, દુરિજન દેખી રખે ડરતા. આવો૦ ૩
પ્રેમાનંદ કે' જાતાં વળતાં, અમને રખે વહાલા વિસરતા. આવો૦ ૪

પદ ૬૧૫ મું–રાગ ગરબી

વારી જાઉં વહાલાજી તારે વારણીયે, મારા જીવન
જાદવરાયરે માવ જાઉં. વારી૦ ટેક.
ઓરા આવો છબીલા મારે આંગણીયે, જોઈ નેણા તે
શીતલ થાયરે માવ. જાઉં૦ ૧
તારું મુખડું જોઇને મારા નાથજી, મારે હૈડે તે હરખ ન માયરે માવ. જાઉં૦ ૨
આવો હાર પહેરાવું હરિ હેમના, તારો મુગટ ભરાવું
ફુલજાયરે માવ. જાઉં૦ ૩
પ્રેમાનંદના વહાલાજી આવો ભેટીયે, મારું મન મળવા
અકલાયરે માવ. જાઉં૦ ૪

પદ ૬૧૬ મું

જીવન જોઇને ઠરે મારાં લોચનીયાં, રુડા શોભે છે
સુંદર સ્યામરે માવ; જોઈ૦ ટેક.
વહાલે પાઘડી બાંધી છે રૂડા પેચની, છેલે છોગલાં મેલ્યા છે
સુખ ધામરે માવ. જોઈ૦ ૧

વહાલે જામા પે'ર્યા છે જરિયાનના, કેડે પટકા બાંધ્યા છે
અભીરામરે માવ. જોઈ૦ ૨
વારી જાઉં વહાલાની છબી ઉપરે, મારા મનમાં રાખીશ
આઠો જામરે માવ. જોઈ૦ ૩
ભક્તજીવન બન્યા છે ભક્ત કારણીયે, પ્રેમાનંદનો વહાલો
પુરણકામરે માવ. જોઈ૦ ૪

પદ ૬૧૭ મું

આવો જોઉં છબીલા તારી પાઘડલી, મારા મનમાં જોયાની
ઘણી ખાંતરે લાલ; જોઉં૦ ટેક.
વહાલા સાવ સોનેરી તારી પાઘડલી, માંઈ નરનારાયણ
ભાતરે લાલ. જોઉં૦ ૧
વહાલા છોગલાં જોઉં છબીલી પાઘમાં, મારા મનને થાયે
નીરાંતરે લાલ. જોઉં૦ ૨
આવો ખોસું કલંગી વાલા વાંકડી, છબી જોવું જીવન
એકાંતરે લાલ. જોઉં૦ ૩
તારું જોવું હસીને મીઠું બોલવું,* પ્રેમાનંદને પરમ સિદ્ધાંતરે લાલ. જોઉં૦ ૪

પદ ૬૧૮ મું

રંગભીના રસીલી તારી આંખડલી, મારા મનને કીધું છે
ગુલતાનરે કહાન, રસિયા રસીલી તારી આંખડલી; રસિ૦ ટેક.
જાણે શરદ કમલ કેરી પાંખડલી, માંહી રેખા રાતી
ગુણવાનરે કહાન. રસિ૦ ૧
કામણગારી રસાળી કાળી પુતળી, એતો સામ દામ દંડ ગુણ
ખાણરે કહાન. રસિ૦ ૨
તારા નેણાં જોઈને મોટા છત્રપતિ, તજી ભોગને ફરે છે
રાનો રાનરે કહાન. રસિ૦ ૩
જોવું નેણા નિરંતર નાથજી, પ્રેમાનંદને આપો એ દાનરે કહાન. રસિ૦ ૪

---

* "તારું જોવું હસવું ને મીઠું બોલવું" પાઠાન્તર છે.

પદ ૬૧૯ મું–રાગ ગરબી

વારી જાઉં વહાલાજીનું રૂપ, શોભા શી કહું સુંદર આજની; શોભા૦ ટેક.
મારા મનમાં વસી છે અનૂપ, આવી મૂરતી શ્રી મહારાજની. શોભા૦ ૧
કીધાં કેશર લેપન અંગમાં, માથે મુગટ ધર્યો ફુલ જાય;
હુંતો મોહી છું મોહન છબી જોઇને, ઉભી વિંજણે ઢોળું વાય. શોભા૦ ૨
ઉર હાર ડોલરીયાના દીપતા, બાંહે બાજુ તે શોભા ધામ;
આવ્યા હસતા હરિ મારે આંગણે, છબી લૂટીને કોટીક કામ. શોભા૦ ૩
મેંતો પાથરી પામરી પ્રેમસું, પધરાવ્યા પૂરણચંદ;
મેંતો ભેટીને લીધાં ભામણાં, બલિહારી પ્રેમાનંદ. શોભા૦ ૪

પદ ૬૨૦ મું

આવો માધવ મંદિરમાય, ગિરિધર ગોપીને મન ભાવતા; ગિરિ૦ ટેક.
હુંતો પૂજું તમારા પાય, મારા તનના તાપ સમાવતા. ગિરિ૦ ૧
મેંતો સેજ સમારી ફુલડે, આવો કેશરભીના કાન;
મેંતો ગજરા ગુંથ્યા છે ગુલાબના, પે'રાવું પીયા ગુણવાન. ગિરિ૦ ૨
આવો અંતર ચરચું અંગમાં, ઓઢાડું અનુપમ શાલ;
કરું ભોજન તમને ભાવતાં, જમો લે'રકડા નંદલાલ. ગિરિ૦ ૩
પોઢાડું પલંગપર પ્રેમસું, વા ઢોળું વહાલા મારે હાથ;
ચાંપું ચરણ કમલ અતિ હેતમાં, વહાલા પ્રેમાનંદના નાથ. ગિરિ૦ ૪

પદ ૬૨૧ મું

આવો રસિયા રાખું મારે ઉર, પ્યારા પ્રાણજીવન અલબેલડા; પ્યા૦ ટેક.
નહી મેલું નટવર દૂર, મારા સ્યામ સુંદરવર છેલડા. પ્યા૦ ૧
જોઈ રસિક સુંદર વર રૂપને, મારા નેણાં તે શિતલ થાય;
હું તો ઘેલી ફરું ઘેર આંગણે, મારે હૈડે તે હરખ ન માય. પ્યા૦ ૨
મારું ચીતડું ચોર્યું છેલા ચાલમાં, મારા હસિને હર્યાં છે પ્રાણ;
વશ થઈ છું વિઠ્ઠલ ભિના વાનમાં, ગુણવંતા ચતુર સુજાણ. પ્યા૦ ૩
મન માની મોહનવર મૂરતિ, રંગ ભિના સુંદરસ્યામ;
પ્રેમાનંદકે' નેણામાં નાથજી, હું તો રાખીશ આઠો જામ. પ્યા૦ ૪

પદ ૬૨૨ મું

આવો રાખું નેણામાં નાથજીરે, નિમખ ન મેલું નેણથી; નિમ૦ ટેક.
હું તો રહીશ તમારે સાથજીરે, ત્રપત ન થઈ મીઠાં વેણથી. નિમ૦ ૧
મારા નેણાતણું ફળ છો હરિ, તમે નટવર સુંદર શ્યામજીરે;
રાખું જતન કરીને જીવમાં, મન માન્યા પૂરણકામજીરે. નિમ૦ ૨
મારું જીવન ધન છો જાદવા, મારા નેણતણા શણગારજીરે;
મારા જનમ સંગાથી શ્યામળા, મારા હેતુ હૈયાના હારજીરે. નિમ૦ ૩
હવે નહી જાવા દીયું નેણમાંથી, તમે જુવો જીવન મારી પ્રીતજીરે;
અલબેલા રહો મારી આંખમાં, વહાલા પ્રેમાનંદના મીતજીરે. નિમ૦ ૪

પદ ૬૨૩ મું–રાગ ગરબી

આવો રમીયેરે વાસુદેવ વનમાળી, આજ અનૂપમરે આવી છે દિવાળી. ૧
દીવા કીધારે આંગણીયે બહુ ભાંતે, તોરણ બાંધ્યાંરે ત્રિકમ રમવા ખાંતે. ૨
જોયા જેવીરે માડવીઉં શણગારી, શોભા આવીરે દીપમાળની સારી. ૩
ગાયે ગરબીરે રમે મુનિવર રાસે, થેઈ થેઈ થાયેરે નાચે સુર આકાશે. ૪
આનંદ વાધ્યોરે છબી અલૌકિક જોઇને, પ્રેમાનંદનારે નાથ રહ્યું મન મોહીને. ૫

પદ ૬૨૪ મું

ગિરિધર આવોરે ગરબે રમીયે વહાલા, હેતે લીજેરે તાળી નંદના લાલા. ૧
આજ સપરમોરે દહાડો રમીયે કોડે, આવો રસિયારે લીજે તાળી જોડે. ૨
હું તો રીઝીરે રાજ તમારે રંગે, આનંદ વાધ્યોરે અલબેલા તમ સંગે. ૩
હલવે હલવેરે ફરીએ આવો ઓરા, છેલા જોવુંરે પાઘડલીના તોરા. ૪
આળસ મેલીરે બાંધો કમરે પટકો, પ્રેમાનંદનારે નાથ જોઉં તારો લટકો. ૫

પદ ૬૨૫ મું

શી કહું શોભારે શામળીયા તમારી, રાખું ઉરમાંરે ગુણવંતા ગિરિધારી. ૧
પાઘડલીનીરે ઉપમા શી કહી દાખું, મોલીડા ઉપરરે ત્રિભુવન વારી નાખું. ૨
રૂડા લાગેરે જરકસના હરિ જામા, પે'રીને આવોરે આનંદીવર સામા. ૩
કમર કશી છેરે લાલ અનોખી રીતે, મનડું મોહ્યુંરે છેલ છબીલા પ્રીતે. ૪
હાર બિરાજેરે ઉરપર આનંદકારી, એ છબી ઉપરરે પ્રેમાનંદ બલિહારી. ૫

પદ ૬૨૬ મું

સજની ઉભારે આંગણીયે અલબેલો, ગીત મધુરાંરે ગાયે રસિલો છેલો. ૧
નટવર વેશેરે શોભે રંગનો ભીનો, લટકે બાંધેરે પટકો છેલ નવીનો. ૨
હાર બિરાજેરે હૈડે સુંદર સારા, જોતાં નેણાંરે ત્રપત ન થાયે મારા. ૩
રસિયે બાંધ્યારે બાંહે સુંદર બાજું, થોડું હસતારે હેત જણાવે ઝાઝું. ૪
ઉભા મોડેરે આળસડું બહુનામી, સુંદર શોભેરે પ્રેમાનંદનો સ્વામી. ૫

પદ ૬૨૭ મું–રાગ ગરબી–કેદારો

ઓરા આવોને છેલ છોગાળારે, વહાલા જોઉં તારા નેણાના ચાળારે;
મારા મન ગમતા મરમાળારે. છેલા૦ ૧
આવો જોવું જીવન છબી તારીરે, તારા મુખપર જાઉં બલિહારીરે;
મારા ગુણવંતા ગિરિધારીરે. છેલા૦ ૨
મોહી મુખડાંને મરકલડેરે, ગમ્યો ગોવિંદજી મારે દલડેરે;
રીજી છેલા તારે છમકલડેરે. છેલા૦ ૩
તારા ઉરપર હાર બિરાજેરે, જોઈ કોટી કામ છબી લાજેરે;
બન્યા પ્રેમાનંદને કાજેરે. છેલા૦ ૪

પદ ૬૨૮ મું

હું તો વારીરે ગિરિધર વારીરે, મારા મનમાં ગમી છબી તારીરે;
તારી બાનકની બલિહારીરે. ગિરિ૦ ટેક.
તારી પાઘડલીને જોઇરે, મારું મન રહ્યું છે મોહીરે;
રાખું જીવડલામાં પ્રોઇરે. ગિરિ૦ ૧
જોઈ જરકસી જામા અલોકિકરે, ગુઢા રૈંટાની છબી નોખીરે;
મારા ચીતને રાખ્યું છે રોકીરે. ગિરિ૦ ૨
રુડો શોભે છે ફેંટો સોનેરીરે, આવો માળા મોતીડાની પે'રીરે;
મારા રાસયા બાલમ લે'રીરે. ગિરિ૦ ૩
તારી ચાલ જોઇને લોભાણીરે, વહાલી લાગે છે મુખની વાણીરે;
ગાયે પ્રેમાનંદ પ્રીત આણીરે. ગિરિ૦ ૪

પદ ૬૨૯ મું

ઓરા આવો મારા પરમ સનેહીરે, વારું તમપર પ્રાણને દેહીરે;
તમ આગે નાચું થેઇ થેઇરે. પર૦ ટેક.

ઓરા આવો તો મુખડું જોવુંરે, તારી મૂરતિ ઉરમાં પ્રોવુંરે;
મારા તનડાના તાપને ખોવુંરે. ૫ર૦ ૧
મારે તમથી વહાલું નહી કોઇરે, હું તો જીવું છું જીવન જોઇરે;
તારી મૂરતિમાં હું તો મોહીરે. ૫ર૦ ૨
મારા પ્રાણુજીવન છો પ્યારારે, ન કરું જીવડલાથી ન્યારારે;
મારા આતમના આધારારે. ૫ર૦ ૩
મારા નાથ છો અંતરજામીરે, રહો ઉરમાં અખંડ બહુનામીરે;
આવો પ્રેમાનંદના સ્વામીરે. ૫ર૦ ૪

પદ ૬૩૦ મું

આવો મોહન મારે બારણીયેરે, તોરા લાવી છું તમ કારણીયેરે;
પે'રાવી જાઉં વારણીયેરે. આવો૦ ૧
વાઘા જરકસિયા હરિ પે'રારે, માથે ધારો પુલાં કેરો સે'રારે;
મુજ સામું હસીને વહાલા હેરારે. આવો૦ ૨
આવો ચંદન ચરચું અંગેરે, હું તો રીજું રસિયા તારે રંગેરે;
જોઈ પુલી ફરું તમ સંગેરે. આવો૦ ૩
તારું મુખડું જોઇને હું તો ઘેલીરે, નહિ શકું કમલ મુખ મેલીરે;
આવો પ્રેમાનંદના બેલીરે. આવો૦ ૪

પદ ૬૩૧ મું–રાગ ગરબી

મોલીડાપર વારીરે, મોહન તારા મોલીડાપર વારી;
રાખું મારા ઉરમાં ઉતારીરે; મોહ૦ ટેક.
પાંપણુ ઉપર પાઘ રસીલી, શોભી રહી છે સારીરે. મોહ૦ ૧
કેશર તિલક અનુપમ જોઇને, મોહી છે આંખડલી મારીરે. મોહ૦ ૨
લલકે છે સુંદર શ્યામ કપોલે, કુંડલ મકરાકારીરે. મોહ૦ ૩
પ્રેમાનંદના નાથ તમારી, મૂરતિ કામણુગારીરે. મોહ૦ ૪

પદ ૬૩૨ મું

છોગલાં પ્યારાં લાગે, છેલા તારાં છોગલાં પ્યારાં લાગે;
જોઈ જોઈ દુઃખ મારાં ભાગે; છેલા૦ ટેક.

મનડું મારું ગુલતાન થયું છે, જીવન જરકસી પાઘે. છેલા૦ ૧
અલબેલા આંગણીયે મારે, ગાવો રસિલે રાગે. છેલા૦ ૨
.ાત દિવસ એ રાસલી મૂરતિ, રહો મારા નેણુાંને આગે. છેલા૦ ૩
એ છબી ઉરમાં રહો રંગભીના, પ્રેમાનંદ નિત્ય માગે. છેલા૦ ૪

પદ ૬૩૩ મું

પ્રાણજીવનને જોઇરે, જીવું હું તો પ્રાણજીવનને જોઈ;
રાખું જીવડલામાં પ્રોઇરે; જીવું૦ ટેક.
હસતું વદન વહાલાજીનું સુંદર, નિરખી નેણુામાં મોહીરે. જીવું૦ ૧
કમલનયન જોયા વિના સજની, પલક કલપ સમ હોઇરે. જીવું૦ ૨
પ્રાણજીવન પાતળીયાથી મારે, વહાલું નથી બીજું કોઇરે. જીવું૦ ૩
પ્રેમાનંદના નાથને ઉરમાં, રાખું હું તો સરવસ ખોઇરે. જીવું૦ ૪

પદ ૬૩૪ મું

લીધું ચીત હરીને, હેલી મારું લીધું ચીત હરીને;
લાડીલે લટકાં કરીનેરે; હેલી૦ ટેક.
લટકાલાના લટકાં ઉપર, જાઉં હું તો ઘોળી મરીને. હેલી૦ ૧
ચંદન ખોર કપુરની માળા, ઉભા છે શ્યામ ધરીને. હેલી૦ ૨
નૌતમ પાઘમાં તોરારે લટકે, મોહી છું પટકે જરીને. હેલી૦ ૩
પ્રેમાનંદના નાથજી ઉપર, વારું મારા પ્રાણુ ફરીને. હેલી૦ ૪

પદ ૬૩૫ મું–રાગ ગરબી

હું તો વારીરે ગિરિધરલાલ મોલીડે તારેરે;
આવી અટક્યા છો અલબેલ ચીતડે મારેરે. ૧
તમે રાજી થઇને મહારાજ મારે ઘેર આવોરે;
હું તો તલખું તમારે કાજ હસી બોલાવોરે. ૨
મારું મંદિરીયું મહારાજ પાવન કરવારે;
આવો અલબેલા આધાર ચિત મારું હરવારે. ૩
તમે આવંતા અલબેલ બીક માં આણોરે;
મારે મંદિરીયે મહારાજ ગમતું માણોરે. ૪

તારૂં મુખડું જોવા નાથ થઈ છું ઘેલીરે;
આવો પ્રેમાનંદના પ્રાણ છોગલાં મેલીરે. ૫

પદ ૬૩૬ મું

આવો રસિયા રાજીવ નેણ નંદના લાલારે;
મારા પ્રાણ તણા છો પ્રાણ મુજને વહાલારે. ૧
મારે સુખ સંપત સુખ ધામ નામ તમારુંરે;
તારા નામ ઉપર વ્રજરાજ સરવસ વારૂંરે. ૨
મારે જોગ સમાધ્ય ધ્યાન દરશન તારુંરે;
તારા મુખપર શ્યામ શરીર તન મન વારુંરે. ૩
તારા લટકાં ઉપર લાલ જાઉં હું તો ઘોળીરે;
મને લટકાં જોવા માવ લીધી ખોળીરે.* ૪
વહાલા આવાને આવા શ્યામ રહો દૃગ આગેરે;
નીજ સેવક પ્રેમાનંદ એ વર માગેરે. ૫

પદ ૬૩૭ મું

મારી પ્રીત પ્રાણઆધાર તમ સંગ લાગીરે;
મેંતો અસત્ય જગતની નાથ આશા ત્યાગીરે. ૧
એક તમે તમારા જન તે મને પ્યારારે;
મારા જીવડલાથી નાથ ન રહો ન્યારારે. ૨
વહાલા તમથી વિમુખ નર નાર પશુવત દીસેરે;
તમ વીના તે બીજે ક્યાંય મન નવ હીસેરે. ૩
મારે કલ્પતરૂ તમે શ્યામ સુંદર છેલારે;
ચિંતામણી ચતુર સુજાણ છો અલબેલારે. ૪
બીજે સરવે તમ વીના શ્યામ સિંધુ ખારેરે;
મારે પ્રેમાનંદના નાથ ભરોસો તારેરે. ૫

પદ ૬૩૮ મું

નહી મેલુંરે સુંદર શ્યામ કુંજવિહારીરે;
હું તો દામવીનાની નાથ દાસી તારીરે. ૧

---

* "મેંતો લટકાં જોવા માવ લીધી ખોળીરે" પાઠાન્તર છે.

તમે ગુણવંત સુખના ધામ સારંગપાણીરે;
હું તો હાથ તમારે નાથ જી વેચાણીરે. ૨
જેમ રાખો તેમ રહું નાથ એક પગે ઉભીરે;
નહિ વરતું કોઈ દી નાથ તમને દુભીરે. ૩
તારા ચરણતણી રજ શ્યામ થઇને ચાલુંરે;
કો' તે વ્રત રાખું મહારાજ તમને વહાલુંરે. ૪
જે કેવું ઘટે તે કહાન મુજને કેજ્યોરે;
વહાલા પ્રેમાનંદપર નાથ રાજી રેજ્યોરે. ૫

પદ ૬૩૯ મું–રાગ ગરબી

મોહનરે આવો મને મળવા, આવો મને મળવા ચાલો હરિ હળવા; મોહ૦ ટેક.
પે'રી ચટકતી ચાખડલી હરિ, લાકડલી લ્યો હાથ;
મેહુલો વરસે છે મારગડામાં, ઓઢો કામળડી નાથ. આવો૦ ૧
સેજડી સમારીને વાટ જોવું છું, ગુણડા તમારા ગાઉં;
લટકંતા મારે મંદિર પધારો તો, ઘણી ખમા ઘોળી જાઉં. આવો૦ ૨
ગોવર્દિ ગમતું નથી મંદિરમાં, તમવીના શ્યામ સુજાણ;
પ્રેમાનંદના નાથજી તમ પર, વારું મારા તન મન પ્રાણ. આવો૦ ૩

પદ ૬૪૦ મું

જીવનરે જોયા વીના ઘેલી, જોયા વીના ઘેલી શકું નહી મેલી; જીવ૦ ટેક.
મીઠાં મીઠાં વેણાં કમલ દલ નેણાં, સુંદર ગજગતિ ચાલ;
જરકસી પાઘમાં પુલડાના તોરા, કેશર તિલક ભાલ. જોયા૦ ૧
મુખ મંદહાસ અધર બિંબ રાતા, કુંદકલીસમ દાંત;
પુષ્ટ પ્રલંબ ભુજા ભરી ભેટો, રસિયાજી આવો એકાંત. જોયા૦ ૨
ઉરપર હાર બાજુબંધ જોઇને, મોહી રહ્યાં છે નેણ;
પ્રેમાનંદના નાથજી ઉરમાં, પ્રગટ રહો દિન રેણ. જોયા૦ ૩

પદ ૬૪૧ મું

કેશવરે કે' દહાડાની કહું છું, કે' દહાડાની કહું છું ને કરજોડી રહું છું; કેશ૦ ટેક.
કઠણ હૈયું તારું કહાન કોડીલા, પલળે નહિ જોઈ લગાર;
જાતાંને વળતાં મંદિરીયે મારે, આવો મોહન એક વાર. કે દા૦ ૧

સાસરિયામાં ગમતું છે સૌને, પાડોસણને છે પ્યાર;
તલખે છે જોવા ત્રિકમ તમને, રસિયા નંદકુમાર. કે દા૦ ૨
રૂપ તમારું જોઇને રીઝી, નણદી જાણ સુજાણ;
નટવર તમ સંગ નેહ બંધાણો, પ્રેમાનંદના પ્રાણ. કે દા૦ ૩

પદ ૬૪૨ મું

માધવરે મારે ઘેર આવો, મારે ઘેર આવો હસીને બોલાવો; મારે૦ ટેક.
શોભીતા શણગાર સજીને, બાંધીને જરકસી પાઘ;
કેશરકેરી આડ કરીને, જીવન જોયા લાગ. મારે૦ ૧
મંદિરિયે આવો મોહનજી, જોયાની છે ખાંત;
મળવાનું પણ છે મારા મનમાં, કહેવી છે વાત એકાંત. મારે૦ ૨
અલબેલા આંખડલીમાં રાખું, નાંખું વારીને પ્રાણ;
પ્રેમાનંદ કે' પલક ન મેલું, રસિયાજી ચતુર સુજાણ. મારે૦ ૩

પદ ૬૪૩ મું-રાગ ગરબી

ઓરા આવો મોહન ચિત ચોર, હો કોડીલા કહાન જોઉં તારી મૂર્તિ;
વહાલા લાગો છો નવલ કિશોર; હો કો૦ ટેક.
જોયા જેવી મોહન તારી મૂર્તિ, શોભીતા પેર્યા છે શણગાર;
મારા નેણા લોભાણા જોઈ નાથજી, ઉર ઉપર ડોલરિયાના હાર. હો કો૦ ૧
મરમાળી મોહન તારી આંખડી, જુવો છો જીવન જોઈ પેર;
વહાલી લાગે વહાલાજી તારી મૂરતિ, લાગે છે સંસારીયો ઝેર. હો કો૦ ૨
સગાં કુટુંબ થયાં છે અળખામણાં, પ્રીત લાગી છે
પ્રીતમ તમ સાથ;
જોઈ મગન રહી છું તારા રૂપને, પ્રેમાનંદના જીવન નાથ. હો કો૦ ૩

પદ ૬૪૪ મું

અલબેલા ચતુર નંદલાલ, હો લાડીલા છેલ મોહી તારે છોગલે;
મારું ચિતડું ચોરે છે તારી ચાલ; હો લા૦ ટેક.
છોગાવાળા છબીલા તારાં છોગલાં, જોવાને કેડે કેડે ડોલું;
વહાલાજી વધાવું મોંઘે મોતીડે, ઘણી ખમા ખમા કહી બોલું. હો લા૦ ૧

સામું જોઇને હસો છો હરિ હેતમાં, વહાલાજી વાધે છે બહુ પ્રીત;
ગુણવંતા ગમો છો બહુ ચિતમાં, મારી પાડોસણના મીત. હો લા૦ ૨
વહાલા ફુલડે ભરી છે તારી પાઘડી, રૂડાં છોગાં
ખોસ્યાં છે બેઉ કાન;
ઓઢી ઉભા સોનેરી શેલું શામળા, પ્રેમાનંદ જોઇને ગુલતાન. હો લા૦ ૩

પદ ૬૪૫ મું

રંગભીના રસિલા ગિરિધારી, હો કાનુડા જીવન છોજી મારા પ્રાણના;
તારી મધુરી મૂરતપર વારી; હો કા૦ ટેક.
શામલીયા સનેહી મારા પ્રાણ છો, મારા આતમના આધાર;
સુખ સંપત સલોણી છબી શામળા, નટનાગર હિયાના છો હાર. હો કા૦ ૧
મારાં નેણાં તણું ફળ નાથજી, તમે પ્રગટ પૂરણ મહારાજ;
મારે તપ તિરથ તમે લાડીલા, મારું કુટુંબ કીરતિ જગ લાજ. હો કા૦ ૨
તારું રૂપ જોબન ગુણ જાદવા, મારે જોગ સમાધિ નિરાંત;
તારું જોવું હસીને મીઠું બોલવું, પ્રેમાનંદને પરમ સિદ્ધાંત. હો કા૦ ૩

પદ ૬૪૬ મું

મન માન્યા પ્રીતમ પ્રાણ નાથ, હો મીઠડા માવ મોહી તારે મોલીડે;
વનમાળી વેચાણી તારે હાથ; હો મી૦ ટેક.
વહાલા વાલપ લગાડી મીઠાં વેણની, નેણામાં લગાડ્યો છે સનેડો;
વહાલા હસીને હર્યા છે મારા પ્રાણને, ખુંતો ચિતમાં
પાઘડલીનો છેડો. હો મી૦ ૧
હું તો હારીને દારી છું હરિ તાયરી, તારા નામ ઉપર કુરબાણ;
તારા ચરણ તણી છું રજ માવજી, તમે પ્રીતમ સનેહી મારા પ્રાણ. હો મી૦ ૨
વહાલા આળસ મોડીને થાઓ ઉભલા, મને મળો પ્રસન્ન
થઈ મીત;
પ્રેમાનંદ કહે છે અતિ આદરે, વહાલા અખંડ બિરાજો
મારે ચીત. હો મી૦ ૩

પદ ૬૪૭ મું-રાગ ગરબી

હું તો જાઇશ ગિરિધર જોવારે, મા મુને વારીશ માં;
મારા ઉરમાં છબીલાજીને પ્રોવારે, મેણે મારીશ માં; મા મુ૦ ટેક.
જાઇશ જોવા હું તો નંદજીનો લાલો, હારે મારો પરમ
સનેહી લાગે વહાલોરે. મા મુ૦ ૧
છેલ છબીલો વહાલો કુંજવિહારી, હાંરે એતો જીવનદોરી
છે મારીરે. મા મુ૦ ૨
વારીશ માં તને કહુંછુંરે વેહેલું, હાંરે હું તો માથું જાતાં
નહી મેલુંરે. મા મુ૦ ૩
પ્રેમાનંદના સ્વામીને સારું, હાંરે કુરબાણ કર્યું જીવિત મારુંરે. મા મુ૦ ૪

પદ ૬૪૮ મું

હારે મેંતો જોયા ચતુર નંદલાલરે, ઉભા ઓસરિયે;
હારે કર્યાં તિલક કેશરના ભાલરે, સુંદર વર હરિયે; ઉભા૦ ટેક.
શ્વેત પાઘ શીર ઉપર શોભે, હારિ જોઈ છોગલીયાં ચિત્ત લોભેરે. ઉભા૦ ૧
શ્વેત હાર પેર્યા ઉરપર કાજુ, હાંરે બાંધ્યા શ્વેત ફુલાંના બાજુરે. ઉભા૦ ૨
શ્વેતાંબર સરવે અંગે બીરાજે, હાંરે જોઈ કોટીકામ છબીલાજેરે. ઉભા૦ ૩
પ્રેમાનંદ કહે પલવટ વાળી, હાંરે ચડતા ઘોડલડે વનમાળીરે. ઉભા૦ ૪

પદ ૬૪૯ મું

વહાલો ઘોડલા ખેલાવે ઘનશ્યામરે, બાઈ મારે આંગણીયે;
મારાં ચિતડાં ચોરે છે સુખધામરે, આંખડલીની અણીયે. બાઈ૦ ટેક.
ઘોડલાં ફેરેને વહાલો મુજ સામું હેરે, હાંરે મને ન્યાલ
કીધી આણે ફેરેરે. બાઈ૦ ૧
ચપલ તુરંગ અતિ વેગે ફરે છે, હાંરે એતો ગરૂડનો ગર્વ હરે છેરે. બાઈ૦ ૨
સુર નર મુનિજન નિરખે છે પ્રીતે, હાંરે જાણે ચિત્ર
આલેખ્યાં છે ભીંતેરે. બાઈ૦ ૩
રૂડો લાગે છે ખભે ફરકે છે પટકો, હાંરે રીજ્યો
પ્રેમાનંદ જોઈ લટકોરે. બાઈ૦ ૪

પદ ૬૫૦ મું

હાંરે સખી ન્હાવા પધારે મહારાજરે, જીવન જમુનામેં;
સાથ લીધો સરવે સમાજરે, વ્રજને વીસામેં; જીવ૦ ટેક.
હલવારે હલવા વહાલો હાલે બજારે, હાંરે ઉભા નગ્રવાસી
પ્રાણ વારેરે. જીવ૦ ૧
છત્ર ચમર શિર ઉપર રાજે, હાંરે આગે અગણિત વાજાં વાજેરે. જીવ૦ ૨
ઉતર્યા ગોવિંદ જમુનામેં ન્હાવા, હાંરે આવી સુરમુનિ
પુષ્પે વધાવેરે. જીવ૦ ૩
ગિરિધર ન્હાયેને ગોપીયુંરે ગાયે, હાંરે જોઈ પ્રેમાનંદ વારી જાયેરે. જીવ૦ ૪

પદ ૬૫૧ મું–રાગ ગરબી

મોહન મૂર્તિ તારીરે વહાલી લાગે છે, મોહન મૂર્તિ તારી;
નિમખ ન મેલું ન્યારીરે, વહાલી લાગે છે મોહન મૂર્તિ તારી; વહાલી૦ ટેક.
સુંદર વર અતિ શોભે છે સારા, ઉરપર હાર હજારીરે. વહાલી૦ ૧
પાંપણ ઉપર શોભી રહી છે, પાઘડલી ઘણી સારીરે. વહાલી૦ ૨
છેલ છબીલા તારાં છોગલાં જોઇને, મોહી છે પાડોસણ મારીરે. વહાલી૦ ૩
પ્રેમસખી કે' નાથજી તમને, રાખું રુદામાં ધારીરે. વહાલી૦ ૪

પદ ૬૫૨ મું

મોહી પાઘડલીને છેડેરે, ગિરિધરજી મોહી પાઘડલીને છેડે;
મનડું ફરે તમ કેડેરે; ગિરિ૦ ટેક.
નણુદી મારી સાન કરે છે, મોહન મળવાને તેડેરે. ગિરિ૦ ૧
સાસુ સસરો ગામ ગયા છે, આવો અગાશીને મેડેરે. ગિરિ૦ ૨
ભુજ ભરી ભેટોને દુખડાં મેટો, વરસો વહાલા રંગરેડેરે. ગિરિ૦ ૩
પ્રેમસખી કે' પ્રીતે વધાવું, નાથજી નવલ સનેહડેરે. ગિરિ૦ ૪

પદ ૬૫૩ મું

નંદને છેલ ગુમાનીરે, મન મોહ્યું નંદને છેલ ગુમાની;
મોહની નાંખી છાનીરે; મન૦ ટેક.
જોવું તારે મને જંપ થાય છે, દીઠા વિના દિવાનીરે. મન૦ ૧

વારે તો વસમું બહુ લાગે, જોતાં રૂપનિધાનીરે. મન૦ ૨
સાસુ કહે શામળીયાને જોતાં, ઘેલી થઈ વહુ નાનીરે. મન૦ ૩
પ્રેમસખી કે' પ્રાણજીવનપર, તન મન ધન કુરબાનીરે. મન૦ ૪

પદ ૬૫૪ મું

મોહી છું મોહન લટકેરે, લટકાલા મોહન મોહી છું લટકે;
પીતાંબરને પટકેરે; લટ૦ ટેક.
જરકસી પાઘ કેશરિયો જામો, ચોળ કસુંબી ચટકેરે. લટ૦ ૧
કેશર તિલક કપુરની માળા, મોહી છું મુખને મટકેરે. લટ૦ ૨
છોગાળા વર છોગલાં ઉપર, ભમર થઈને મન ભટકેરે. લટ૦ ૩
પ્રેમસખી કે' શોભા જોઇને, જનમ ખોયો નવ ખટકેરે. લટ૦ ૪

પદ ૬૫૫ મું–રાગ ગરબી

મુને મળીયારે સહજાનંદસ્વામી, મારા જનમ સંગાથી અંતરજામી; મુને૦ ટેક.
માથે લીધુંરે મે'ણું હું થઈ ચાવી, હું તો સહજાનંદસ્વામીની કહાવી. મુને૦ ૧
મારી ઝાલીરે બાંહડલી નાથે, હું તો વેચાણી સ્વામીને હાથે. મુને૦ ૨
મારાં સર્વેરે કારજડાં સરીયાં, રંગભીનો સહજાનંદજી વરીયા. મુને૦ ૩
પ્રેમાનંદનારે સ્વામિનારાયણ, મને કીધી વહાલેજી પ્રભુ પારાયણ. મુને૦ ૪

પદ ૬૫૬ મું

મારે લાગોરે હરિવરથી નેડો, સાહ્યો સહજાનંદસ્વામિનો છેડો; મારે૦ ટેક.
નેડો લાગોરે હવે નવ છુટે, જેમ હીરો તે ફોડતા કેદી ન ફુટે. મારે૦ ૧
હું તો વળગીરે હરિવરની બેલી, જેમ કલ્પતરૂ સાથે વેલી. મારે૦ ૨
મારા વહાલાથી હું નવ થાઉં અલગી, જેમ મેઘ સંગાથે
ચપળા વળગી. મારે૦ ૩
પ્રેમાનંદનીરે પ્રીતિ હરિ સાથે, જેમ રેખા તે ખેંચી વજ્રને માથે. મારે૦ ૪

પદ ૬૫૭ મું

નહી મેલુંરે પ્રીતમજી પ્યારા, હું તો દાસી તમારી તમે સ્વામિ મારા; નહી૦ ટેક.
તમ કાજેરે થાશે જે થાતાં, કુરબાન કર્યા છે મેં તો સૌ માથાં. નહી૦ ૧

નહિ લાજુંરે લોકતણી લાજે, કીધું તન ધન તૃણસમ તમ કાજે. નહી૦ ૨
હું તો બેઠીરે ધણી તમને ધારી, માથું કુટીને રહેશે દુરીજન હારી. નહી૦ ૩
શું કરશેરે દુરિજનીયાં પાજી, પ્રેમાનંદના સ્વામિને રાખીશ રાજી. નહી૦ ૪

પદ ૬૫૮ મું

આવો રાખુંરે નેણામાં ચોરી, તારી મૂર્તિ મારે જીવન દોરી; આવો૦ ટેક.
હું તો હીંડુંરે હરિ તમને જોતી, કરી રાખું મારી નથડીના મોતી. આવો૦ ૧
હું તો મોહીરે મોહન તમ સાથે, કરી બાજુ કાજુને બાંધુ હાથે. આવો૦ ૨
વહાલા લાગોરે વહાલમ ગિરિધરિયા, મારા ઉર આભુષણ નવસરિયા. આવો૦ ૩
પ્રેમાનંદનારે સ્વામિ છો લે'રી, મારું રૂપ જોબન ગુણ વારુ ફેરી. આવો૦ ૪

પદ ૬૫૯ મું–રાગ ગરબી

આવોને અલબેલારે અલબેલા, મંદિરિયે મારે છેલારે; આવો૦ ટેક.
શેરડિયું સુંદર વાળું, ઓસરીયે ઢોલીડો ઢાળુંરે. આવો૦ ૧
કેશર ચંદન સરસ રીતે, ચતુર વર ચરચું પ્રીતેરે. આવો૦ ૨
હલવા રહી હાર પેરાવું, કહોતો વાલમ આગે ગાવુંરે. આવો૦ ૩
વહાલા પ્રેમાનંદ એ માગે, રે'જો આંખડલીને આગેરે. આવો૦ ૪

પદ ૬૬૦ મું

છેલવર છોગાળારે છોગાળા, મરમાળા નેણાના ચાળારે; છેલ૦ ટેક.
આંખડલી કામણગારી, જાઉં મોહન મુખપર વારીરે. છેલ૦ ૧
મુખડાંની મીઠી વાણી, હું તો લાવણ્યમાં લોભાણીરે. છેલ૦ ૨
મેંતો રૂપ તમારું જોયું, જોઇને મન મારું મોહ્યુંરે. છેલ૦ ૩
પ્રેમાનંદ કહે તન મન વારું, જીવનજી ઉરમાં ધારુંરે. છેલ૦ ૪

પદ ૬૬૧ મું

મોહી છું મરકલડેરે મરકલડે, ગિરિધરજી ગમીયા દલડેરે; મોહી૦ ટેક.
મુખનો મરકલડો મીઠો, તેતો જાણે જેણે દીઠોરે. મોહી૦ ૧
મોહનજી મોહની છાની, ઘર ઘાલ્યું છેલ ગુમાનીરે. મોહી૦ ૨
નટવરજી ને'ડો લાગો, સંસારનો તોડ્યો ધાગોરે. મોહી૦ ૩
પ્રેમાનંદ કહે પ્રાતમ પ્યારા, છો આંખડલીના તારારે. મોહી૦ ૪

પદ ૬૬૨ મું

માંડી મને જોવાદેરે જોવાદે, મોહનમાં મનડું પ્રોવાદેરે; માડી૦ ટેક.
સુંદર વર શોભે કેવા, મારા મનમાં રાખ્યા જેવારે. માડી૦ ૧
આ જોને સામો આવે, મને હેત કરી બોલાવેરે. માડી૦ ૨
મારા આંગણીયામાં ઉભો, કરે મળવાનો મનસુબોરે. માડી૦ ૩
જોઈ મોહી છે વ્રજની નારી, જાયે પ્રેમાનંદ બલિહારીરે. માડી૦ ૪

પદ ૬૬૩ મું-રાગ ગરબી

મીટડલી મારી માવે, એ ઢાળ.

સહજાનંદ સ્વામી, આવ્યા. મારે સહજાનંદ સ્વામી; આવ્યા૦ ટેક.
સદ્‌ગુરૂ રૂપે શ્રીપુરૂષોત્તમ, પ્રગટ બહુનામી. આવ્યા૦ ૧
શુકનારદ સનકાદિક સંગે, શોભે સુખધામી. આવ્યા૦ ૨
મંગલ થાળ ભરી મેં વધાવ્યા, હરિ અંતરજામી. આવ્યા૦ ૩
મંદિરમાં પધરાવ્યા પ્રીતે, ચરણે શિર નામી. આવ્યા૦ ૪
પ્રેમાનંદના સ્વામીને મળતાં, પુરણ સુખ પામી. આવ્યા૦ ૫

પદ ૬૬૪ મું

મંદિર મોરારી આવ્યા, મારે મંદિર મોરારી; આવ્યા૦ ટેક.
શોભે સંત રૂડા હરિ સંગે, નૈષ્ઠિક વ્રત ધારી. આવ્યા૦ ૧
નિર્લોભી નિષ્કામી મોટા, નિરખે નહી નારી. આવ્યા૦ ૨
નિર્માની નિસ્પ્રેહી રૂડા, નિર્સ્વાદી ભારી. આવ્યા૦ ૩
ચૌદ ભુવનમાં મગન ફરે છે, મન ઈંદ્રી મારી. આવ્યા૦ ૪
પ્રેમાનંદ એ સંતો ઉપર, સરવસ જાઉં વારી. આવ્યા૦ ૫

પદ ૬૬૫ મું

પરુણા આવ્યા, પ્રભુ મારે પરુણા આવ્યા; પ્રભુ૦ ટેક.
શ્રીનારાયણ નૌતમ રૂપે, ભુધર મનુ ભાવ્યા. પ્રભુ૦ ૧
પ્રીતે પોખ્યા સુંદર વરને, મોતીડે વધાવ્યા. પ્રભુ૦ ૨
ઢોલીડો ઢાળી મંદિરમાં, પ્રીતે પધરાવ્યા. પ્રભુ૦ ૩

ચંદન ચરચીને હાર પેરાવ્યા, તોરા લટકાવ્યા. પ્રભુ૦ ૪
પ્રેમાનંદના સ્વામીને મળતાં, ત્રિભુવન જશ ગાવ્યા. પ્રભુ૦ ૫

પદ ૬૬૬ મું

મંદિરીયે મારે, બેઠા હરિ મંદિરીયે મારે; બેઠા૦ ટેક.
અલખ નિરંજન શ્રીપુરુષોત્તમ, નિગમ તે નિરધારે. બેઠા૦ ૧
શિવબ્રહ્માદિક શુક જેવા જોગી, પ્રાણ લેઈ વારે. બેઠા૦ ૨
જેને કાજે ઘરબાર તજીને, વનમાં દેહ જારે. બેઠા૦ ૩
ખટ દરશનમાં ખોળ્યા ન લાધે, પોથીયું પોકારે. બેઠા૦ ૪
પ્રેમાનંદનો સ્વામિ પ્રગટ, નેણા મારા ઠારે. બેઠા૦ ૫

પદ ૬૬૭ મું–રાગ ગરબી

રસિયા આવોરે અલબેલા, રાખું આંખડલીમાં છેલા. ૧
ઓરા આવોરે એકાંતે, તમને જોવુંરે હરિ ખાંતે. ૨
સામા આવોરે શામળીયા, પ્રીતે પૂજુંરે પાતલીયા. ૩
આવો અલબેલા વર ઓરા, ખોસું પાઘડલીમાં તોરા. ૪
આવો શામળીયાજી સામા, પેરી જરકસના હરિ જામા. ૫
આવો પ્રેમસખીના પ્યારા, છો મારી આંખડલીના તારા. ૬

પદ ૬૬૮ મું

ઓરા આવોરે ગિરિધારી, જાઉં તારા મુખડા ઉપર વારી. ૧
નેહડો લાગોરે નંદલાલા, છો મને પ્રાણથકી હરિ વહાલા. ૨
ઓરા આવોરે હરિ લે'રી, આજ બનાવું કેશર કેરી. ૩
વહાલા મને બોલાવો હરિ વહાલે, ચાંદલો ચોડુંરે હરિ ભાલે. ૪
મુખમાં આપુંરે હરિ બીડી, આવો હરિ ભેટું ભુજમાં બીડી. ૫
ઓરા આવોરે અલબેલા, રસિયા પ્રેમસખીના છેલા. ૬

પદ ૬૬૯ મું

મોહન મુખડુંરે તમારું, જોતાં લાગે છે ઘણું સારું. ૧
લાલચ લાગીરે હરિ તારી, વહાલા મને ગમીયા છો ગિરિધારી. ૨
મનડું માન્યુંરે તમ સંગે, આવો હરિ અતર ચરચું અંગે. ૩
આવો હરિ હાર પેરાવું હૈયે, વહાલા મારા મનની વાતું કહીયે. ૪

વહાલા મારે મંદિર આવો દહાડી, જોઉં હરિ ઘુંઘટડો ઉઘાડી. ૫
આવો હરિ મળીયે અંતરજામી, રસિયા પ્રેમ સખીના સ્વામી. ૬

પદ ૬૭૦ મું

વહાલા લાગોરે વનમાળી, આવો વહાલા મળીયે લીજે તાળી. ૧
વહાલા લાગોરે હરિ પ્યારા, ન કરું જીવડલાથી ન્યારા. ૨
મીઠી લાગે મુખની વાણી, મોહન લીધુંરે મન તાણી. ૩
જોયા જેવા છો અલબેલા, આવો ઓરા મલીયે સુંદર છેલા. ૪
ચટકી લાગીરે હરિ તારી, છો મારા શિર સાટે ગિરિધારી. ૫
હવે નહિ મેલુંરે બહુ નામી, રસિયા પ્રેમસખીના સ્વામી. ૬

પદ ૬૭૧ મું-રાગ ગરબી

લટકાલો લટકંતો આવે, એ ઢાળ.

ઘેર આવોને ગુણવંત વહાલા, ગોવિંદ ગોઠડી કીજે; ઘેર૦ ૧
હેત કરીને મળીયે મોહન, રંગભર તાળી લીજે. ઘેર૦ ૨
નીતમ રીતે ને પુરણ પ્રીતે, પ્રેમે અધર રસ પીજે. ઘેર૦ ૩
એકાંતે અલબેલારે વહાલા, દલડું તે તમને દીજે. ઘેર૦ ૪
અંગો તે અંગ આલિંગન લેતાં, મોહન મનડું તે ભીંજે. ઘેર૦ ૫
મનગમતું માણો મોહનજી, કોઇથી મનમાં ન બ્હીજે. ઘેર૦ ૬
પ્રેમસખીકે' પ્રીતમ તમપર, તન મન ધન વારી જીજે. ઘેર૦ ૭

પદ ૬૭૨ મું

આવોરે મરમાળા મોહન, મંદિર મારે માણોરે. આવો૦ ૧
અમે અબલા હરિ દાસ તમારા, અમથી ભ્રાંત માં આણોરે. આવો૦ ૨
અમે તમારા ને તમે અમારા, એમાં તે ફેર માં જાણોરે. આવો૦ ૩
જીવ અમારો તમ સંગ બાંધ્યો, હાથ તમારે વેચાણોરે. આવો૦ ૪
દરશન આપો ને દુખડાંરે કાપો, વાત કરી શું વખાણોરે. આવો૦ ૫
શા કારણ શામળીયારે વહાલા, પરઘર નેતરાં તાણોરે. આવો૦ ૬
પ્રેમસખી કહે વાંકવિના હરિ, દુધમાં પોરા શું છાણોરે. આવો૦ ૭

પદ ૬૭૩ મું

સાચું કહોને શામળીયારે વહાલા, અમ ઘર હરિ કેમ
ના આવોરે. સાચું૦ ૧
વહાલમ વહાલ વધાર્યું છે બીજે, અમશું બંધાણો છે દાવોરે. સાચું૦ ૨
નેણામાં નેહ ન દીસે મોહન, ભુધર શું ભરમાવોરે. સાચું૦ ૩
પરઘર પ્રીત કરી હરિ નૌતમ, શાને ખોટા સમ ખાવોરે. સાચું૦ ૪
આવડો શો વાંક અમારો છે વહાલા, બોલ દઈ ન બોલાવોરે. સાચું૦ ૫
મોહનજી મન માન્યું છે બીજે, તે સારું અમથી રીસાવોરે. સાચું૦ ૬
પ્રેમસખી કહે નૈ તમને કહીયે, મન માને ત્યાં જાવોરે. સાચું૦ ૭

પદ ૬૭૪ મું

મારા સમ મોહનજી તમને, પ્રીત કરી નવ તોડોરે; મારા૦ ૧
નેહ નીભાવણ નાથ અમારા, બાંહ ગ્રહી નવ છોડોરે. મારા૦ ૨
અમૃત પાઇને ઉછેર્યાંરે વહાલા, તે વનને નવ ગોડોરે. મારા૦ ૩
પ્રીતની પાળ બાંધી હરિ પેહેલી, તે તમખી નવ ફોડોરે. મારા૦ ૪
જેવા તેવા તમારારે વહાલા, શું કઇને કુવખોડોરે. મારા૦ ૫
હૈયામાં હરિ સમજીને રહીએ, બાહર મુખડું ન મોડોરે. મારા૦ ૬
પ્રેમસખી કે' નાથ શીખામણ, પરઘર પ્રીત માં જોડોરે. મારા૦ ૭

પદ ૬૭૫ મું–રાગ ગરબી

ઓરા આવોને અમ પાસે શામળીયાજી, એ ઢાળ.

આવ્યા રૂડા રંગભીનો, સહજાનંદજી; પુરણ સુખના સાગર સ્યામ; સહ૦ ટેક.
અકળ કળ્યામાં ન આવે સહજાનંદજી; કોઈ નવ જાણે પુરણકામ. સહ૦ ૧
પડી ચિંતામણી ચોકમાં, સહજાનંદજી, નવ જાણે કોઈ ભેદ ને ભાવ; સહ૦
પુરુષોત્તમ પુરણ પોતે, સહજાનંદજી; શેરડીયે કાંઈ આવી
ઉભા માવ. સહ૦ ૨
પે'લા વે'લા પ્રભુજી, સહજાનંદજી; આવ્યા હરિ લોઢવા ગામ; સહ૦
એક પતિવ્રતા તે ગામમાં, સહજાનંદજી; ચારણ જાતી
લખુબાઈ નામ. સહ૦ ૩

હેત કરી ઝાલી હાથે, સહજાનંદજી; લેઈ ચાલી હરિ પોતાને ઘેર; સહ૦
ભાગ્યવંતીના ભાગ્ય ઘણા સહજાનંદજી, પ્રેમાનંદને સ્વામી
કીધી મે'ર. સહ૦ ૪

પદ ૬૭૬ મું

પધરાવ્યા બહુ પ્રીત કરી, પુરુષોત્તમજી; સદ્ગુરુ રૂપે શ્રીભગવાન; પુરુ૦ ટેક.
પૂજ્યા હરિને હેત કરી, પુરુષોત્તમજી; સેવા મેવા સુંદર
ભોજન પાન. પુરુ૦ ૧
ચંદન તો ચરચ્યાં અંગે, પુરુષોત્તમજી; પેરાવી છે પ્રેમે તુલસી માળ; પુરુ૦
સરવસ હરિને સમરપીયું, પુરષોત્તમજી; વધાવ્યા ભરી
મંગલ મોતી થાલ. પુરુ૦ ૨
જનમ ધર્યાનું ફલ પામી, પુરુષોત્તમજી; લીધો લીધો
લાખેણો લાવ; પુરુ૦
ધન ચતુરાની ચતુરાઈ, પુરુષોત્તમજી; પ્રીતે પોંખી રાખ્યા
મંદિર માવ. પુરુ૦ ૩
હાવભાવ બહુ હેત કરી, પુરુષોત્તમજી; ઘણા દિવસ લગી
સેવ્યા સુંદર શ્યામ; પુરુ૦
ગમતું કીધું નવ દુભ્યાં, પુરુષોત્તમજી; પ્રેમાનંદનો સ્વામી પુરણકામ. પુરુ૦ ૪

પદ ૬૭૭ મું

લોજ પધાર્યા લટકાળો, સદ્ગુરુ રૂપે; શિવ સનકાદિક
બ્રહ્માદિકના ભુપ; સદ્૦ ટેક
મોટા મુનિવર ધ્યાન ધરે, સદ્ગુરુ રૂપે; નાથ નિરંજન
સુંદર નૌતમ રૂપ. સદ્૦ ૧
ઉપવીત અનુપમ પે'રયું છે, સદ્ગુરુ રૂપે; માથે સુંદર
ઝીણા પીળા કેશ; સદ્૦
કંથા ફાટી કોટમાં, સદ્ગુરુ રૂપે; નટવર ગિરિધર સુંદર
નૌતમ વેશ. સદ્૦ ૨
કાંખમાં કુંડી ઘોટો, સદ્ગુરુ રૂપે; પંચ રતનની પોથી
બાંધી કોટ; સદ્૦

ત્યાગ વૈરાગ્યની મૂર્તિ, સદ્દગુરુ રૂપે; નીરખતાં નવ લાગે
જમની ચોટ. સદ્દ૰ ૩
એ લીલા છે લોજતણી, સદ્દગુરુ રૂપે; સાંભળજો નરનારી
હરિના દાસ; સદ્દ૰
પ્રેમાનંદ ગાયે પ્રીતે, સદ્દગુરુ રૂપે; સાંભળતામાં છૂટે
ભવના પાસ. સદ્દ૰ ૪

પદ ૬૭૮ મું

સંત સભામાં શોભે છે, સદ્દગુરુ સ્વામી; રંગભીનો સહજાનંદ રાય; સદ્દ૰ ટેક.
ઉગ્યા આદિત્ય ગ્યાન તણા, સદ્દગુરુ સ્વામી; શેષ સહસ્ર
મુખ સારદ નારદ ગાય. સદ્દ૰ ૧
અનુભવ ખાણ્યું ઉઘાડી, સદ્દગુરુ સ્વામી; ધ્યાન ધારણા
સમાધીનો જોગ; સદ્દ૰
રીતી અલૌકિક ઓલખાવી, સદ્દગુરુ સ્વામી; ઉઘડ્યા* વહાલો
આનંદ ઓઘ. સદ્દ૰ ૨
નર નારીને મન વસીયા, સદ્દગુરુ સ્વામી; પુરુષોત્તમજી
પોતે મુરતિમાન; સદ્દ૰
ઘર ઘર ભક્તિ ભાવ ઘણો, સદ્દગુરુ સ્વામી; ઉપજાવ્યું વહાલે
આતમ અનુભવ ગ્યાન. સદ્દ૰ ૩
સંત સભા શીતલ કીધી, સદ્દગુરુ સ્વામી; કામ ક્રોધનાં
કાપ્યાં છે મૂળ; સદ્દ૰
પાપરૂપ મત વાદીનું, સદ્દગુરુ સ્વામી; પ્રેમાનંદને સ્વામી
કાઢ્યું શૂળ. સદ્દ૰ ૪

પદ ૬૭૯ મું–રા ગરબી

તું તો રંગભર રમવા આવ્ય, રસના રંગીલા. એ ઢાળ.
પુરુષોત્તમ પુરણ બ્રહ્મ, સહજાનંદ સ્વામી;
જેને ભજતાં છૂટે કરમ, સહજાનંદ સ્વામી. ૧

* "ઉલટ્યા" એવો પાઠ છે.

હરિકૃષ્ન નારાયણુ દેવ, સહજાનંદ સ્વામી;
કરીએ નિત્ય જેની સેવ, સહજાનંદ સ્વામી. ૨
જેનો ગોલોકમાં વાસ, સહજાનંદ સ્વામી;
સુમરિયે સ્વાસ ઉસ્વાસ, સહજાનંદ સ્વામી. ૩
જેને નિગમ નેતિ કરી ગાયે, સહજાનંદ સ્વામી;
જેને શિવ બ્રહ્માદિક ધ્યાયે, સહજાનંદ સ્વામી. ૪
જેનો પાર ન પામે શેષ, સહજાનંદ સ્વામી;
કીધો નર નાટક વેશ, સહજાનંદ સ્વામી. ૫
થયા સદ્‌ગુરુ રૂપે આજ, સહજાનંદ સ્વામી;
હરિ પ્રેમાનંદને કાજ, સહજાનંદ સ્વામી. ૬

પદ ૬૮૦ મું

પુરવમાં ધર્યો અવતાર, સહજાનંદ સ્વામી;
કરી લીલા અનંત અપાર, સહજાનંદ સ્વામી. ૧
કર્યો પાવન પુરવ દેશ, સહજાનંદ સ્વામી;
હરિ ફર્યા તપસીને વેશ, સહજાનંદ સ્વામી. ૨
કૌતકમય બાળ ચરિત્ર, સહજાનંદ સ્વામી;
સાંભળતા થઇએ પવિત્ર, સહજાનંદ સ્વામી. ૩
ધરી બાળ રૂપ મહારાજ, સહજાનંદ સ્વામી;
વિચર્યા સુરમુનિ શિરતાજ, સહજાનંદ સ્વામી. ૪
કોઈ ગ્રામ નગર દરબાર, સહજાનંદ સ્વામી;
કર્યાં અનંત જીવ ઓધાર, સહજાનંદ સ્વામી. ૫
ઓધાર્યાં પશુ નરનાર, સહજાનંદ સ્વામી;
પ્રેમાનંદ તારણુહાર, સહજાનંદ સ્વામી. ૬

પદ ૬૮૧ મું

ફર્યા દેશ વિદેશે નાથ, સહજાનંદ સ્વામી;
બહુ મુનિ વૃંદ લઈ સાથ, સહજાનંદ સ્વામી. ૧
ફર્યા વન પરવતમાં વીર, સહજાનંદ સ્વામી;
કઈ નદી તલાવને તીર, સહજાનંદ સ્વામી. ૨

અવધુત અલક્ષને વેશ, સહજાનંદ સ્વામી;
ઉપવીત અનુપમ કેશ, સહજાનંદ સ્વામી. ૩
એક રાખે મૃગાજીન, સહજાનંદ સ્વામી;
વલકલની કરી કોપીન, સહજાનંદ સ્વામી. ૪
હરિ ત્યાગ વૈરાગ્યે જુક્ત, સહજાનંદ સ્વામી;
જાણે કોઈ વિરલા મુક્ત, સહજાનંદ સ્વામી. ૫
હરિ જોગ કળાના જાણ, સહજાનંદ સ્વામી;
વહાલો પ્રેમાનંદના પ્રાણ, સહજાનંદ સ્વામી. ૬

પદ ૬૮૨ મું

એ રીતે શ્યામ સુજાણ, સહજાનંદ સ્વામી;
વિચર્યા હરિ જીવનપ્રાણ, સહજાનંદ સ્વામી. ૧
વય વરસ અગ્યાર બાર, સહજાનંદ સ્વામી;
દેહે અતિ કૃશ મોરાર, સહજાનંદ સ્વામી. ૨
કરે કંદ મૂલનો હાર, સહજાનંદ સ્વામી;
ક્યારે રહે વાયુ આધાર, સહજાનંદ સ્વામી. ૩
ક્યારે કરે તે જલના પાન, સહજાનંદ સ્વામી;
વિચરે નહિ દેહનું ભાન, સહજાનંદ સ્વામી. ૪
નાસાપર દષ્ટ નિશાન, સહજાનંદ સ્વામી;
નાનકડા બીને વાન, સહજાનંદ સ્વામી. ૫
દીસંતા અતિ ઉદાસ, સહજાનંદ સ્વામી;
કર્યો પ્રેમાનંદ ઉર વાસ, સહજાનંદ સ્વામી. ૬

પદ ૬૮૩ મું

હરિ શોભાના છે પૂર, સહજાનંદ સ્વામી;
વૈરાગ્ય ત્યાગમાં પૂર,* સહજાનંદ સ્વામી. ૧
હરિ ગ્યાન તણા દરિઆવ, સહજાનંદ સ્વામી;
જાણે જોગ કળાના દાવ, સહજાનંદ સ્વામી. ૨

* "શૂર" એવો પાઠ પણ ગવાય છે.

નાનકડા દીસે બાળ, સહજાનંદ સ્વામી;
જોઇને અતિ કંપે કાળ, સહજાનંદ સ્વામી. ૩
હાર શોભે સદા સ્વરાટ, સહજાનંદ સ્વામી;
ધરી સુંદરવર નર નાટ, સહજાનંદ સ્વામી. ૪
ફર્યા તિરથ બહુ મહારાજ, સહજાનંદ સ્વામી;
મુમુક્ષુ જનને કાજ, સહજાનંદ સ્વામી. ૫
એમ વિચર્યાં ત્રિભુવનવંદ, સહજાનંદ સ્વામી;
બલિહારી પ્રેમાનંદ, સહજાનંદ સ્વામી. ૬

પદ ૬૮૪ મું

એની લીલાનો લવલેશ, સહજાનંદ સ્વામી;
થાકે કહી સારદ શેષ, સહજાનંદ સ્વામી. ૧
એના ગુણનો માપ ન થાયે, સહજાનંદ સ્વામી;
કવિ કોવીદ કેમ કરી ગાયે, સહજાનંદ સ્વામી. ૨
હરિ પુરબથી જદુરાય, સહજાનંદ સ્વામી;
પધાર્યા દક્ષિણમાંય, સહજાનંદ સ્વામી. ૩
કર્યાં દક્ષિણ ચરિત્ર અપાર, સહજાનંદ સ્વામી;
કહેતાં નવ થાયે નિરધાર, સહજાનંદ સ્વામી. ૪
પધાર્યા તૈલંગ આપ, સહજાનંદ સ્વામી;
લીધી તોતાદ્રિયે છાપ, સહજાનંદ સ્વામી. ૫
દક્ષિણમાં સરવે ધામ, સહજાનંદ સ્વામી;
ફર્યાં પ્રેમાનંદનો શ્યામ, સહજાનંદ સ્વામી. ૬

પદ ૬૮૫ મું

મેલ્યો દક્ષિણનો સાથ, સહજાનંદ સ્વામી;
કરી સુરત દ્વારિકા નાથ, સહજાનંદ સ્વામી. ૧
અણલીંગી અવધુત વેશ, સહજાનંદ સ્વામી;
પધાર્યાં પશ્ચિમ દેશ, સહજાનંદ સ્વામી. ૨
કર્યો પશ્ચિમ પાવન રૂપ, સહજાનંદ સ્વામી;
પધાર્યાં સુરમુનભૂપ, સહજાનંદ સ્વામી. ૩

થયા નદીએ નિરમલ નીર, સહજાનંદ સ્વામી;
આવ્યા નારાયણ ધીર, સહજાનંદ સ્વામી. ૪
પશુ પક્ષી નર ને નાર, સહજાનંદ સ્વામી;
કરે ભક્તિ જ્ઞાન વિચાર, સહજાનંદ સ્વામી. ૫
પ્રેમાનંદ કે' આવ્યા આપ, સહજાનંદ સ્વામી;
છાયો પશ્ચિમ પરતાપ, સહજાનંદ સ્વામી. ૬

પદ ૬૮૬ મું

પધાર્યા સુરત શેહેર, સહજાનંદ સ્વામી;
હરિ કરતા લીલાલેહેર, સહજાનંદ સ્વામી. ૧
રેવા મહી ઉતર્યા ઘાટ, સહજાનંદ સ્વામી;
હરિ આવ્યા હરિજન માટ, સહજાનંદ સ્વામી. ૨
સાબરમતી ઉતર્યા શ્યામ, સહજાનંદ સ્વામી;
હરિ પાવન પુરણકામ, સહજાનંદ સ્વામી. ૩
આવ્યા ભાવપુરી ભગવાન, સહજાનંદ સ્વામી;
સર્વે સામૃથ નહિ ઉર માન, સહજાનંદ સ્વામી. ૪
પંચતિરથીમાં એક ગામ, સહજાનંદ સ્વામી;
તેનું શેહેર લોઢવા નામ, સહજાનંદ સ્વામી. ૫
ત્યાં આવ્યા પુરણચંદ, સહજાનંદ સ્વામી;
બલિહારી પ્રેમાનંદ, સહજાનંદ સ્વામી. ૬

પદ ૬૮૭ મું-રાગ ગરબી

હરિ હૈયાના હાર છો, એ ઢાળ.

આવો તો ગોઠડી કીજે, ગોવિંદ ઘેર આવો તો ગોઠડી કીજે;
મુખડું જોઇને સુખ લીજે, ગોવિંદ ઘેર આવો તો ગોઠડી કીજે; ગોવિં૦ ટેક.
ઘેર આવો તો કહો તેમ કીજેરે, તન મન તમને દીજે. ગોવિં૦ ૧
અંગો તે અંગ આલિંગન લઇનેરે, પ્રેમ અધર રસ પીજે. ગોવિં૦ ૨
રંગભીના વહાલા તારા રંગમાંરે, મન મારું અતિ ભીંજે. ગોવિં૦ ૩
છેલ છબીલા તારા છોગલા જોઇનેરે, પ્રેમ સખી ઘણી રીજે. ગોવિં૦ ૪

પદ ૬૮૮ મું

આવોને મંદિર મારે, સુંદરવર આવોને મંદિર મારે;
મોહી છું લટકે તારે, સુંદરવર આવોને મંદિર મારે; સુંદ૦ ટેક.
લટકામાં લાલચ ઘણી લાગીરે, જોઈ જોઈ વહાલ વધારે. સુંદ૦ ૧
મન માન્યું મુખને મરકલડેરે, નેણે તે કામણગારે. સુંદ૦ ૨
વાતલડી વહાલી ઘણી લાગેરે, સુણતાં દલડું ઠારે. સુંદ૦ ૩
અલબેલા આવો મંદિરીએરે, પ્રેમસખી પ્રાણ વારે. સુંદ૦ ૪.

પદ ૬૮૯ મું

ગુણવંતા ગિરિધારી, આવોને ઓરા ગુણવંતા ગિરિધારી;
જાઉં તારા મુખપર વારી, આવોને ઓરા ગુણવંતા ગિરિધારી; આવો૦ ટેક.
મનમોહનજી મૂરતી તમારીરે, લાગે છે મને અતિ પ્યારી. આવો૦ ૧
અલબેલા આંખડલીમાં રાખુંરે, સુંદરવર સુખકારી. આવો૦ ૨
પ્રાણજીવન છો પ્રાણથી વહાલારે, જીવનદોરી છો મારી. આવો૦ ૩
પ્રેમસખી કહે પ્રાણ વધાવુંરે, લાડકડા લાલ વિહારી. આવો૦ ૪

પદ ૬૯૦ મું

મૂર્તિ મારે મન માની, મોહન તારી મૂર્તિ મારે મન માની;
રાખું નેણામાં છાની, મોહન તારી મૂર્તિ મારે મન માની; મોહ૦ ટેક.
છાની રાખું કોઇને નવ દાખુંરે, રસિયા છેલ ગુમાની. મોહ૦ ૧
નટનાગર હરિ રૂપ ઉજાગરરે, સુંદરવર સુખખાની. મોહ૦ ૨
મુખ મંદહાસ અધર બિંબ રાતારે, રેખા ઉઠે છે નાની નાની. મોહ૦ ૩
પ્રેમસખી એ શોભા નિરખીરે, રાત દિવસ દિવાની. મોહ૦ ૪

પદ ૬૯૧ મું–રાગ ગરબી

રઘુપતિ રામ રુદામાં રેજ્યોરે, એ ઢાળ છે.

વહાલા તારી મૂર્તિ મન માનીરે, વશ કીધી છેલ ગુમાની; વહાલા૦ ટેક.
મનમોહન મોરલીવાળારે, મરમાળા આંખડલીના ચાળારે;
કામણગારા છેલ છોગાળા. વહાલા૦ ૧

વહાલી લાગે છે મુખની વાણીરે, તેણે લીધું છે મન મારું
તાણીરે; હું તો હાથ તમારે વેચાણી. વહાલા૦ ૨
હું તો હારીને દોરી તમારીરે, જાઉં તન મન ધન બલિહારીરે;
મને ગમીવા છો ગિરિધારી. વહાલા૦ ૩
તમે છો મારા પ્રાણ આધારારે, મારી આંખડલીના તારારે;
છો પ્રેમસખીને પ્યારા. વહાલા૦ ૪

પદ ૬૯૨ મું

વહાલા તારી વાતડી વહાલી લાગેરે, મારું સાંભળતાં
દુઃખ ભાગે; વહાલા૦ ટેક.
તારા મુખમાં મોહન વેલીરે,* સાંભળતાં થઈ હું તો ઘેલીરે;
તમે વાળી છે રંગડાની રેલી. વહાલા૦ ૧
જોઈ તમને તે જાદવરાયરે, મારું હેડું તે ટાઢું થાયરે;
મારું મન મળવાને ચ્હાય. વહાલા૦ ૨
તારી વાતું લાગે મને વહાલીરે, હું તો કેમ કરી આવું ચાલીરે;
તારે બોલે બાંધી મને ઝાલી. વહાલા૦ ૩
અલબેલા મંદિર મારે આવરે, વાતું સાંભળવાનો છે ભાવરે;
વહાલા પ્રેમસખીના નાવ. વહાલા૦ ૪

પદ ૬૯૩ મું

છેલા તારા છોગલાપર વારીરે, વહાલી લાગે છે મૂરતિ તારી; છેલા૦ ટેક.
પાતળિયા પલવટ વાળીરે, આવી ઉભા છો વનમાળીરે;
ઓરા આવોને લીજે તાળી. છેલા૦ ૧
તારા ઉરપર મોતિની માળારે, રૂડા લાગો છો નાથ રૂપાળારે;
ચિત ચોરે છે નેણુના ચાળા. છેલા૦ ૨

---

* મોહ પમાડનારી વેલી. એ અર્થ દીસે છે પરંતુ "તારા મુખમાં મોહ નવેલીરે' તારા મુખમાં નવલ પ્રકારનો અજબ મોહ રહેલો છે. એવો પાઠ હોય તો વધારે બંધબેસ્તો થાય.

મન માન્યા છો અલબેલારે, વહાલા લાગો છો રંગના રેલારે;
આવો મળીયે સુંદરવર છેલા. છેલા૦ ૩
હું તો મોહી પાઘડલીને છેડેરે, મારું મનડું ફરે તમ કેડેરે;
પ્રેમસખી તે મળવાને તેડે. છેલા૦ ૪

પદ ૬૯૪ મું

નેણામાં નાથજી આવો રાખુંરે, મારા પ્રાણ વારી વારી નાંખું; નેણા૦ ટેક.
હવે નિમિષ ન મેલું ન્યારારે, છો જીવન પ્રાણ હમારારે;
મારો જનમ સુધારોને પ્યારા. નેણા૦ ૧
મારે તમથી વહાલું નહિ કોઇરે, રાખું જીવડલામાં પ્રોઇરે;
તમ વીના મરું હું તો રોઈ. નેણા૦ ૨
મારો સુફલ જન્મ તમે કીધોરે, રૂડી રીતે મેં લ્હાવો લીધોરે;
જગ ઉપર તેં ડંકો દીધો. નેણા૦ ૩
મેં તો સહુથી ટાળી પ્રીતિરે, વહાલા જાણી તમારી રીતિરે;
હવે પ્રેમસખી જગ જીતી. નેણા૦ ૪

પદ ૬૯૫ મું

આંખડલીમાં આકળા મા થાજ્યોરે, વહાલા મોરલડી
મીઠી વાજ્યો; આંખ૦ ટેક.
મારા નેણાં તમારું ધામરે, અલબેલા રહો આઠો જામરે;
નવ આવીયાં ક્રોધને કામ. આંખ૦ ૧
તમ વીના બીજું નહી ભાળુંરે, એવી આંટી હું મનમાં વાળુંરે;
તમે કરજ્યો મારું ઉપરાલું. આંખ૦ ૨
તારી મૂરતિ મનમાં ધારુંરે, હુશિયાર રહું નહિ હારુંરે;
કામ ક્રોધને ગરદન મારું. આંખ૦ ૩
વહાલા તમ ચરણે શિર નામીરે, એવા વિચારને હું પામીરે;
મળ્યા પ્રેમસખીના સ્વામી. આંખ૦ ૪

પદ ૬૯૬ મું

મનોહર વેગળા નહી મેલુંરે, મેં તો બાંધ્યું છે તમ સંગ બેલું; મનો૦ ટેક
વહાલા એક ટક રહું હું તો જોઇરે, ચિતવૃત્તિ તે તમમાં પ્રોઇરે;
તારી મૂરતિમાં હું તો મોહી. મનો૦ ૧

વહાલા રૂદિયાકમલમાં ધાલીરે, બાંધુ પ્રેમ દોરિયે ઝાલીરે;
નટવરજી ન શકો ચાલી. મનો૦ ૨
શા સારું મોહ્યું મન પે'લુંરે, વાલમ ન વિચાર્યું વે'લુંરે;
હવે ક્ષણું એક ખ્યાલ ન મેલું. મનો૦ ૩
તારું રૂપ હ્રદામાં ધારીરે, નહિ પરણી હું રહી છું કુંવારીરે;
વહાલા પ્રેમસખી છે તમારી. મનો૦ ૪

પદ ૬૯૭ મું

મોહન મારી પ્રીત તમ સંગ લાગીરે, હવે થઈ હું પુરણ બડભાગી; મોહ૦ ટેક.
મારે સરવસ સુંદર શ્યામરે, તમ વીના તે બીજું હરામરે;
મન માન્યા છો પુરણકામ. મોહ૦ ૧
તમે ચાલો છો સુંદર ચાલેરે, હેતે હસીને હેરો છો વહાલેરે;
મને એ સુખ નિશદિન સાલે. મોહ૦ ૨
તમ દીઠે ઘણું સુખ થાયેરે, અણુદીઠે તે દલડું દુખાયેરે;
વહાલા વિના હવે ન રહેવાયે. મોહ૦ ૩
મારે અખંડ રહો ગિરિધારીરે, મારા અવગુણીયાને વિસારીરે;
પ્રેમસખી છે તમારી. મોહ૦ ૪

પદ ૬૯૮ મું

લાડીલા લાલજી આવો ઓરારે, ખોસું પાઘડલીમાં તોરા; લાડી૦ ટેક.
શૂરા પુરા છો શ્યામ સંગાથીરે, એવડા શુંરે ડરો અબળાથીરે;
ઓરા આવો કઠણુ કરી છાતી. લાડી૦ ૧
વહાલા આવોને પ્રાણુઆધારરે, દેખાડું અનૂપમ સારરે;
એક નાનકડી છે નાર. લાડી૦ ૨
રૂપાળી છે સુંદર તનમાંરે, તમ કાજે કરે તપ વનમાંરે;
તમને વરવાનું છે મનમાં. લાડી૦ ૩
વહાલા ચિતવૃત્તિ એનું નામરે, એને પરણે તે પૂરણ કામરે;
વહાલા પ્રેમસખીના શ્યામ. લાડી૦ ૪

પદ ૬૯૯ મું–રાગ ગરબી

આજ મારે હરિ પરોણા ઘેર આવ્યા, હારે મેં તો મોતીડાંને
લેરખે વધાવ્યારે; આજ૦ ટેક.
શિવ સનકાદિક શુક જેવા જોગી, પૂરણ બ્રહ્મપદ રસનારે ભોગી;
હાંરે આવા સંત સંગાથે લાવ્યારે. આજ૦ ૧
શિવ વિરંચી જેનો પાર ન પાવે, શેષ સહસ્ર મુખ શારદા ગાવે;
હાંરે જેના નિગમાગમે જશ ગાવ્યારે. આજ૦ ૨
સંત હરિને હું તો નયણેરે નિરખી, પ્રેમ મગન મારા હૈડામાં હરખી;
હાંરે મેં તો ઓરડાની ઓસરી પધરાવ્યારે. આજ૦ ૩
આઠે પહોર આનંદ જેના અંગમાં, રમે ગોવિંદ એવા
સંતનારે સંગમાં; હાંરે વહાલો પ્રેમસખીને મન ભાવ્યારે. આજ૦ ૪

પદ ૭૦૦ મું

એવા સંત તે હરિને ગમે, હાંરે વહાલો પ્રેમે તેને સંગ રમેરે; એવા૦ ટેક.
બ્રહ્મરૂપ થઈ ભજે ગિરિધારી, ભક્તિ ભજન કરે નિરહંકારી;
હાંરે ત્યાગ વૈરાગ્ય સહિત વન ભમેરે. એવા૦ ૧
નિસ્પ્રેહી નિર્લોભી નિષ્કામ, નિર્માની થઈ ભજે તે રામ;
હાંરે મળે ફળ ફુલ અન્ન તે જમેરે. એવા૦ ૨
કપટરહિત લેશ દંભ ના રાખે, જેમ રહે તેમ મુખથીરે ભાખે;
હાંરે તેને ત્રિભુવનવાસી નમેરે. એવા૦ ૩
પુરુષોત્તમ પદ રજનારે સંગી, સત્ય વચન દ્રઢ નિયમ અભંગી;
હારે પ્રેમસખીનો નાથ કહે તે ખમેરે. એવા૦ ૪

પદ ૭૦૧ મું

એવા સંત હરિને પ્યારારે, હાંરે તેથી ઘડીએ ન રહે
વહાલો ન્યારારે; એવા૦ ટેક.
મહિમા હરિનોરે સારી પેઠે જાણે, મન અભિમાન તેનો લેશ ન આણે;
હાંરે રહે બ્રહ્મસ્વરૂપ મતવાલારે. એવા૦ ૧
નાના મોટા ભજે જે હરિને, મન ક્રમ વચને દ્રઢ કરીને;
હરિ તેને પોતાના કરતાં જાણે સારારે. એવા૦ ૨

એવા તે સંતને વસિયેરે પાસે, જન્મ મરણનો સંભવ નાસે;
હરિ વરસે અખંડ તે બ્રહ્મરસ ધારારે. એવા૦ ૩
એ સંતને તે સેવે જે પ્રાણી, પ્રેમ પ્રતિતી ઉરમાંરે આણી;
હરિ પ્રેમસખી કહે ઉતારે ભવ પારારે. એવા૦ ૪

પદ ૭૦૨ મું

એવા સંતની બલિહારીરે, હાંરે જેને ગુણે રિઝયા ગિરિધારીરે; એવા૦ ટેક.
કામ ક્રોધ લોભ મનમાં ન આણે, સોનુંને ધૂળ તે સમ કરી જાણે;
હાંરે જેને ગીતાજી ગાય છે પોકારીરે. એવા૦ ૧
હરિ વીના બીજે ધાટ ન લાગે, લોભ લહરનો લેશ ન લાગે;
હાંરે નારી ન શકે નયણ બાણ મારીરે. એવા૦ ૨
બ્રહ્મવિદ્યા જેને દ્રઢ કરી સાંધી, પિંડ બ્રહ્માંડની તજીરે ઉપાધી;
હાંરે ભૂતપ્રાણીતણા હેતકારીરે. એવા૦ ૩
બ્રહ્મ સ્વરૂપમાં રહે નિત્ય ન્હાયા, પ્રગટ હરિ ગુણમાં
ચિતડાં હરાર્યાં; હાંરે પ્રેમસખી એવા સંતો ઉપર વારીરે. એવા૦ ૪

પદ ૭૦૩ મું–રાગ ગરબી

વહાલીને લાગેરે વહાલાજીની મૂરતિરે,
કે બેની હુંતો નિમખ ન મેલું ઉરથીરે; વહાલી૦ ટેક.
કે બેની હુંતો હરિવર જોઇને લોભાણી,
કે બેની મને વહાલેજી બોલાવી મીઠી વાણી;
કે બેની મારા ચિતને લીધું છે તાણી,
કે બેની હુંતો ઠાવકી વહાલાની ઠેરાણીરે. વહાલી૦ ૧
કે બેની મારા શિરસાટે ગિરિધારી,
કે બેની હુંતો ન રહું કોઇની વારી;
કે બેની મને શું કરશે સંસારી,
કે બેની મારે મન વસીયા મોરારીરે. વહાલી૦ ૨
કે બેની હુંતો મોહન રૂપમાં મોહી,
કે બેની મારે વહાલાજીથી વહાલુ નહી કોઈ;

કે બેની ભજું લોક કુટુંબ લાજ ખોઈ,
કે બેની રીઝી પ્રેમાનદનો નાથ જોઈરે. વહાલી૦ ૩

પદ ૭૦૪ મું

શામળિયો સનેહીરે જીવનપ્રાણ છેરે,
કે રંગનો રસિયો ચતુર સુજાણ છેરે; શામ૦ ટેક.
કે લાગો મારે નટવર સાથે નેડો,
કે હવે હુંતો કેમ કરી મેલું કેડો;
કે બેની મેંતો સાહ્યો શામળિયાનો છેડો,
કે વહાલે મારો પાર ઉતાર્યો ભવ બેડોરે. શામ૦ ૧
કે બેની હુંતો કોયની નહી ઓશીયાળી,
કે બેની મેંતો વર્યા વિઠ્ઠલ વનમાળી;
કે બેની મારી સરવે બીક વહાલે ટાળી,
કે બેની હુંતો જીવું વહાલાને ભાળી ભાળીરે. શામ૦ ૨
કે બેની મારા શિરપર શ્યામ બીરાજે,
કે બેની મારે નીરભે નોબત વાજે;
કે બેની હુંતો નથી બ્હીતી લોક લાજે,
કે બેની પ્રેમાનંદના નાથ કાજેરે. શામ૦ ૩

પદ ૭૦૫ મું

ફુલડેને છાઇરે છેલાજીની પાઘડીરે,
કે વારીને જાઉં વહાલાપર આ ઘડીરે; ફુલ૦ ટેક.
કે બેની વહાલે ફુલની ઓઢી છે પછેડી,
કે બેની મોતી માળા તે ઉરમાં બેવડી;
કે બેની વહાલે પાઘમાં ખોશી છે કેવડી,
કે બેની ગોપી જોવા આવી છે તેને તેવડીરે. ફુલ૦ ૧
કે બેની વહાલે ફુલના બાજુ બાંધ્યા હાથે,
કે બેની વહાલો ઉભા ગોવાળીયાની સાથે;

કે એની બહુ રૂપ જણાય છે નાથે,
કે એની ચાલ મળીયે મોહન ઘાલી બાથેરે. ફુલ૦ ૨
કે એની હુંતો જીવન જોઇને થઈ ઘેલી,
કે એની મારી વાત સાંભળ સાહેલી;
કે એની હુંતો વહાલા વિના ન રહું અકેલી,
કે એની પ્રેમાનંદના વહાલાની વળગું બેલીરે. ફુલ૦ ૩

પદ ૭૦૬ હું

લોચનીયાં લોભાણુરિ ગિરિધરલાલમાંરે,
કે એની હુંતો વશ થઈ ગઈ એની ચાલમાંરે; લોચ૦ ટેક.
કે એની મારે આંગણિયે આવીને ઉભા કાલે,
કે એની વહાલો ચાલ ચટકતી ચાલે;
કે એની મને મારી આંખડલીને ભાલે,
કે એની મને ઘાયલ કીધી નંદલાલેરે. લોચ૦ ૧
કે એની વહાલો હસતા હસતા આવે,
કે એની મને હેત કરીને બોલાવે;
કે એની મારે આંગણિયે તાળી દેઈ ગાવે,
કે એની મારા મનમાં અતિ ઘણા ભાવેરે. લોચ૦ ૨
કે એની વહાલો ચરિત્ર કરે અતિ ભારી,
કે એની વહાલે વશ કીધી વ્રજનારી;
કે એની મારા મનમાં ગમ્યા ગિરિધારી,
કે એની નિત્ય પ્રેમાનંદ જાય બલિહારીરે. લોચ૦ ૩

પદ ૭૦૭ મું-રાગ ગરબી

ચાલો જોવા રસિયા રણછોડનેરે, દ્વારિકાના વાસી ભગવાન;
પુરુષોત્તમ પધાર્યા વરતાલમાંરે;
જેના દરશન દુર્લભ દેવનેરે, શિવ બ્રહ્મા ધરે નિત્ય ધ્યાન. પુરુ૦ ૧
જેને કાજે જોગી વનમાં વસેરે, તપ કરેને ખાય મુલ કંદ; પુરુ૦
જેને નિગમ ગાયે નેતિ કહીરે, ખોળે શુકમુનિ સનક સનંદ. પુરુ૦ ૨

જેણે ગોકુલમાં લીલા કરીરે, માર્યા દૈત્ય દાનવને અપાર; પુરુ૦
વહાલે જઈને વાસી પછે દ્વારિકાંરે, વર્યા અષ્ટ કુલવંતિ નાર. પુરુ૦ ૩
થયા અર્જુન સખા અલબેલડોરે, પુર્યા ભક્તતણા સરવે કોડ; પુરુ૦
હવે આવ્યા વહાલો વરતાલમાંરે, પ્રેમાનંદને વહાલો શ્રીરણછોડ. પુરુ૦ ૪

પદ ૭૦૮ મું

વરતાલે આવ્યા સખી શામળોરે, દ્વારકાના પતિ દીનાનાથ;
રુકિમણીરમણ રણછોડજીરે; રુક૦ ટેક.
નેણાં ભરીને નિરખીએ નાથનેરે, ચાલો સરવે સૈયરનો સાથ. રુક૦ ૧
કૃપા કરીને કેશવ પધારિયારે, સહુ તેડી પોતાનો સમાજ; રુક૦
શંખ ચક્ર ગદા પદ્મ ગોમતીરે, રુકિમણી સહિત જદુરાજ. રુક૦ ૨
જન આવે જોવાને દેશ દેશનારે, ન્હાયે ગોમતીને લે સહુ છાપ; રુક૦
નેણે નિરખી રુકિમણી રણછોડનેરે, બાળે અનેક જનમના પાપ. રુક૦ ૩
આવિ વસ્યા અખંડ અલબેલડોરે, દ્વારાવતિ કીધી વરતાલ; રુક૦
પ્રેમાનંદનો વહાલો રંગ છેલડોરે, કીધાં નરનારીને નિહાલ. રુક૦ ૪

પદ ૭૦૯ મું

વારી જાઉં રંગીલા રણછોડનેરે, વહાલો ભક્તતણા પ્રતિપાલ;
આવી અખંડ વસ્યા વરતાલમાંરે; આવી૦ ટેક.
આવ્યા દીનતણા દુઃખ કાપવારે, થયા પ્રગટ શ્રીદીનદયાલ. આવી૦ ૧
શોભે સ્યામ સ્વરૂપ અલબેલડોરે, મરમાળી તે મૂરતિ અનૂપ; આવી૦
રુકિમણીને શ્રીરણછોડજીરે, કહીયે લક્ષ્મીનારાયણ રૂપ. આવી૦ ૨
વહાલો રાજાધીરાજપણે રાજતારે, શોભે કોટીક શોભા સુર; આવી૦
કરે અખંડ લીલા વરતાલમાંરે, વહાલો ભક્તમનોરથપૂર. આવી૦ ૩
ગાયે ધોળ મંગળ પુરવિનતારે, થાએ ઓચ્છવ આઠે જામ; આવી૦
વાજે નોબત નગારાં ગડગડેરે, પ્રેમાનંદનો વહાલો શોભે સ્યામ. આવી૦ ૪

પદ ૭૧૦ મું

શોભા શીરે વખાણું સ્યામનીરે, મુખે વરણુન કરી નવ જાયે;
મારાં નેણાં લોભાણાં જોઈ નાથનેરે; મારા૦ ટેક.

કોટી કંદર્પ વારું લેઈ વારણેરે, શેષસારદ નિગમ નેત ગાય. મારા૦ ૧
મરમાળો મનોહર મૂરતિરે, વહાલો તેજતણા અંબાર; મારા૦
શંખ ચક્ર ગદા પદ્મ હાથમાંરે, શોભે પેહેરી રૂડા શણુગાર. મારા૦ ૨
હરિનું હસતું વદન સોહામણુંરે, કરચું કેશર તિલક ભાલ; મારા૦
હરિની આંખડલી કમલ કેરી પાંખડીરે, નિરખંતા
વાધે ઘણું વાલ. મારા૦ ૩
હરિને માથે મુગટ તે જડાવનોરે, કાને કુંડલ મકરાકાર; મારા૦
અંતરમાંથી ક્ષણુંએ ન વિસરેરે, પ્રેમાનંદ જાય બલિહાર. મારા૦ ૪

"ભક્તિવિલાસ-પ્રગટ મહિમા"

પદ ૭૧૧ મું-રાગ ગરબી

શ્યામ પધારો ઘનશ્યામ પધારો, શ્યામ પધારો ફુલવાડીયેરે; ઘન૦ ટેક.
ફુલડાં ભરીને બાંધ્યો ફુલ હિંડોલો, હરિવર હેતે ઝુલાડીયેરે. ઘન૦ ૧
પ્રીતડી કરીને બહુ પાક બનાવ્યા, જીવન જુગતે જમાડીયેરે. ઘન૦ ૨
ફુલોના હાર તોરા ગજરા પેહેરાવીએ, ફુલની પછેડી ઓઢાડીયેરે. ઘન૦ ૩
પ્રેમાનંદ કે' ગાઈ ગુણ તમારા, તાલ મૃદંગ બજાડીયેરે. ઘન૦ ૪

પદ ૭૧૨ મું

નાથ પધાર્યા મારો નાથ પધાર્યા, ત્રિભુવન આનંદ કરતારે; મારો૦ ટેક.
હાથમાં લાકડલીને પે'રી છે ચાંખડલી, ધીરે ધીરે પગ ધરતારે. મારો૦ ૧
શેરી વાળીને મેં તો સજ્જ કરી છે, વેર્યાં છે ફુલડાં ફરતાંરે. મારો૦ ૨
હસતા, રમતા ને હેત વધારતા, હરિજનના મન હરતારે. મારો૦ ૩
પ્રેમાનંદનો પ્રાણજીવન ધન્ય, રાણી રાધાનો ભરતારે. મારો૦ ૪

પદ ૭૧૩ મું

શ્યામ સનેહી ઘનશ્યામ સનેહી, હેતે હરિ ઘેર આવીયારે; ઘન૦ ટેક.
સામૈયું લઇને શ્યામસુંદરને, મોઘે મોતીડે વધાવીયારે. ઘન૦ ૧
દૂધડે ચરણ પખાલ્યા પ્રભુના, પાટ ઉપર પધરાવીયારે. ઘન૦ ૨
બંગલા ઉપર બાંધી હિંડોલો, હરિવરને હિંચકાવીયારે. ઘન૦ ૩
પ્રેમાનંદનો નાથ મનોહર, મોહન મારે મન ભાવીયારે. ઘન૦ ૪

પદ ૭૧૪ મું

શ્યામ છબીલો ઘનશ્યામ છબીલો, નેણાં લોભાણાં મારાં જોઇનેરે; ઘન૦ ટેક.
કંદર્પ કોટી વારું લઈ વારણે, રહી છું અંગોઅંગ મોહીનેરે. ઘન૦ ૧
છેલ છબીલાની પાગને તોરે, રાખ્યું છે મન મારું ટોઇનેરે. ઘન૦ ૨
નવલ મનોહર નટનાગરને, રાખું જીવડલામાં પ્રોઇનેરે. ઘન૦ ૩
પ્રેમાનંદ કહે શ્રી ઘનશ્યામના, પીઉં ચરણ નિત્ય ધોઇનેરે. ઘન૦ ૪

પદ ૭૧૫ મું–રાગ ગરબી

આદિત્ય ઉદિયારે, સહજાનંદજી જગવંદ;
પતિત ઉધારવારે, હરિ પ્રગટ થયા સુખકંદ. ૧
ઉઘડતા અરવિંદરે, સહજાનંદ સુરજ નિરખી;
સંત હરિ જનનાંરે, થયાં પ્રફુલ્લિત હૈડાં હરખી. ૨
અજ્ઞાન અંધારુંરે, જેણે ટાળ્યું જ્ઞાન પ્રકાશી;
મૂળ ઉખેડતાંરે, કલિમલ મતના અવિનાશી. ૩
ધરમ ધરા પરરે, શુદ્ધ કરી થાપ્યો બહુનામી;
ભક્તિધર્મસુતરે, એવા પ્રેમાનંદના સ્વામી; ૪

પદ ૭૧૬ મું

સોમ સરીખારે, શીતલ સ્વામિ સુખદાઈ;
હરિજન નિરખેરે, ચકોર જેમ ચિત લગાઈ. ૧
દીનજન ઉપરરે, અમૃત દ્રષ્ટે અતિ વરસે;
તાપ સમાવેરે, તનમનના માંઈ દરસે. ૨
શીલ સ્વભાવેરે, દેતા બહુ દાન ઉદાર;
કામ ક્રોધાદિકરે, શત્રુના મારણહાર. ૩
લોહ ચમક જેમરે, ચિતની વરતીને તાણે;
પ્રેમાનંદનોરે, સ્વામી અંતર ગતની જાણે. ૪

પદ ૭૧૭ મું

મંગલકારીરે, સ્વામી શ્રી સહજાનંદ;
અધમ ઓધારણરે, પ્રગટ્યા મેટણ ભવફંદ. ૧
જે શ્રીકૃષ્ણરે, કહાવે અક્ષર આધાર;
તે અવતરીયારે, સ્વામિ શ્રીધર્મકુમાર. ૨
નિગમ ન જાણેરે, જ્યાં ન પહોંચે મન વાણી;
ભક્તિધર્મ ગૃહેરે, આવ્યા તે સારંગપાણી. ૩
પુરુષોત્તમજીરે, સહજાનંદ જગ વિખ્યાતા;
પ્રેમાનંદ કહેરે, કૈવલ્ય મુક્તિના દાતા. ૪

પદ ૭૧૮ મું

શુદ્ધ વિચારેરે, જેનો મહિમા વારમવાર;
શુક નારદ શિવરે, સનકાદિક સનતકુમાર. ૧
વ્યાસ વિરંચીરે, શારદ શેષાદિક ગાવે;
કવિ કોવીદ મુનીરે, જેના ગુણનો પાર ના પામે. ૨
જે હરિ રહેછેરે, માયા પ્રપંચને પાર;
તે સતસંગમાંરે, પ્રગટ છે પ્રાણઆધાર. ૩
નામ સહજાનંદરે, નારાયણ નરતનુધારી;
એ હરિ ઉપરરે, પ્રેમાનંદ જાયે બલિહારી. ૪

પદ ૭૧૯ મું

ગુરુ પરમેશ્વરરે, જે સેવે સાચે મને;
ઓળખીને અરપેરે, મન કર્મ વચને તન ધનને. ૧
કપટ ન રાખેરે, શુદ્ધ ભાવે મહિમા જાણે;
હરિ વિના બીજીરે, મનમાં ઇચ્છા નવ આણે. ૨
વચન પરમાણેરે, વરતે તે હરિજન કહાવે;
ભવ સાગરમાંરે, તે ફરવા પાછો ન આવે. ૩
મનના મનોરથરે, સરવે તેના હરિ પૂરે;
પ્રેમાનંદ કહેરે, તેને હરિ રહે હજુરે. ૪

પદ ૭૨૦ મું

શુક સરીખોરે, સ્વભાવ હોય તે નહી સારો;
હરિને ભજતાંરે, કરે આડ તે કષ્ટ નઠારો. ૧
માતા પિતા સુતરે, બંધુ ગુરુ હોય જો ભરતા;
તજવો તેનેરે, જાણી મૃત્યુનો કરતા. ૨
જેને જોઇનેરે, વધે પ્રિત હરિને ચરણે;
પ્રગટ હરિનારે, ગુણને સંભળાવે કરણે. ૩
તેને નમુંરે, મન કર્મ વચને કરી પ્યાર;
પ્રેમાનંદ કહેરે, તે પ્રાણ હૈયાનો હાર. ૪

પદ ૭૨૧ મું

શનીચર સરખારે, નરની સોબત નવ કરીયે;
જનમ બગાડેરે, મહા દુઃખ પામીને મરીયે. ૧
મુવા કેડેરે, તેને દૈત્ય તણા દેહ આવે;
હરિના દ્રોહીરે, મહા પાપી દુષ્ટ કહાવે. ૨
નરતન પામીરે, શ્રીધર્મકુંવરને ભજવા;
સંત સમાગમરે, કરી સર્વ વિષય રસ તજવા. ૩
વારે વારેરે, અવસર નહિ આવે આવો;
પ્રેમાનંદ કહેરે, પછે બહુ થાશે પસ્તાવો. ૪

પદ ૭૨૨ મું

આ પદ માંહીરે, ગાયા છે સાતે વાર;
જે કોઈ શીખેરે, સાંભળશે કરીને પ્યાર. ૧
તેને વધશેરે, હરિ ચરણે પ્રેમ અપાર;
દરશન દેશેરે, પ્રભુ સહજાનંદ સાકાર. ૨
સહજાનંદજીરે, શ્રીકૃષ્ણ તણો અવતાર;
સમ ખાઈ કહું છુંરે, ખોટી મા જાણો લગાર. ૩
એમાં પ્રીતિરે, જે કોઈ કરશે નરનાર;
પ્રેમાનંદ કહેછેરે, નિશ્ચે થાશે ઓધાર. ૪

પદ ૭૨૩ મું–રાગ ગરબો

વંદુ શ્રી સ્વામીરે, ધર્મકુળ મુગટ મણિ;
પ્રણુતિ ઉરધારોરે, દયાનિધિ દાસ તણી. ૧
તમે ભક્ત કલ્પતરુરે, ભક્ત ભયભંજન છો;
તમે ભક્ત ચિંતામણિરે, ભક્ત મનરંજન છો. ૨
તમે ભક્ત નયન રવિરે, ભક્ત ઉર ભૂષણ છો;
તમે ભક્ત પ્રાણપતિરે, હરણ ભવ દૂષણ છો. ૩
તમે ભક્ત મીન મનનેરે, પયોનિધિ પ્યારા છો;
તમે ભક્ત ચકોરનેરે, શશિ સુખ સારા છો. ૪

તમે ભક્ત ચાતકનેરે, સ્વાતિ સુખસાગર છો;
તમે ભક્ત મયુરનેરે, ઘટા નવનાગર છો. ૫
તમે નીજ જનને અરથેરે, વિધિ વિધિ રૂપ ધરી;
પ્રેમાનંદ કહે જનનારે, હરો બહુ વિઘન હરિ. ૬

પદ ૭૨૪ મું

તમે ભક્તને અરથેરે, ધરી તનુ મીન તણી;
ધાર્યો ગિરિ મંદરરે, પ્રભુ તમે કૂર્મ બની. ૧
અવની ઓધારીરે, વરાહ વપુ ધારી;
પ્રહ્લાદ ઉગાર્યોરે, દાનવ મોટો મારી. ૨
વામન વપુ ધાર્યુંરે, તમે બલિને છલવા;
ફરસી કર ધારીરે, વીરવનને દલવા. ૩
તમે રઘુકુળ પ્રગટીરે, રાવણ કુળ નાશ કર્યું;
તમે કંસ નિકંદનરે, કે કૃષ્ણ સ્વરૂપ ધર્યું. ૪
તમે અસુરવિમોહનરે, કે બુદ્ધ સ્વરૂપ થયા;
તમે કૌતુક કલકીરે, હરિ નવ જાઓ કહ્યા. ૫
એમ જુગ જુગ માંહીરે, ધરો રૂપ બહુનામી;
તમે કારણ સહુનારે, પ્રેમાનંદના સ્વામી. ૬

પદ ૭૨૫ મું

સ્વામી પુરુષોત્તમરે, તમે છો કૃષ્ણ હરિ;
બહુ નામ તમારારે, ફરો બહુ રૂપ ધરી. ૧
તમે રુક્મિણિ સંગેરે, લક્ષ્મીનારાયણ;
તમે રાધાકૃષ્નરે, પતિત ભવતારાયણ. ૨
તમે અર્જુન સંગેરે, કે નરનારાયણ કહાવો;
તમે બલભદ્ર સંગેરે, ભક્તજન મન ભાવો. ૩
તમે ભક્તિ ધર્મનીરે, કે અરજી ઉર ધારી;
તમે મુનિના મનનીરે, કે વાત હરિ વિચારી. ૪

તમે સુર મુનિ દ્વિજનારે, કે કારજ કરવાને;
તમે પ્રગટ થયાછોરે, ભુમિ ભાર હરવાને. ૫
તમે ધર્યું ધર્મકુળરે, કે નરવપુ બહુનામી;
પ્રેમાનંદના ઇષ્ટદેવરે, કે સહજાનંદ સ્વામી. ૬

પદ ૭૨૬ મું

તમે ભલે અવતરિયારે, કે દ્વિજ કુલ દીનબંધુ;
અધર્મ ઉછેદનરે, કર્યો કરુણાસિંધુ. ૧
અધમને દિતિ સુતરે, કલિ ભેગા થઇને;
પાપિયે બોળ્યુંરે, બ્રહ્માંડ બાધું લઇને. ૨
થયા ગુરુ નૃપ વેશેરે, કે મતપંથ બહુ બાંધી;
કલિના પરપંચનીરે, કે જુક્તિયો બહુ સાંધી. ૩
જે ધર્મ સનાતનરે, શ્રુતિ મત મેલીને;
કીધાં વરણ અઢારેરે, કે ભેગા ઠેલીને. ૪
મદ્ય માંસ ને ચોરીરે, કે પરનારી સંગ;
નિરંકુશ થઇનેરે, કરે અતિ ઉમંગે. ૫
પ્રતાપ તમારોરે, દેખી હવે કંપ્યાં છે;
પ્રેમાનંદ કહે જ્યાં ત્યાંરે, હવે જઈ જંપ્યાં છે. ૬

પદ ૭૨૭ મું-રાગ ગરબી

ધન્ય ધર્મકુમાર વારવાર ઘનસ્યામને જાઉં હું તો વારણે;
કૃષ્ણ કૃપાનિધિ પ્રગટયા નિજજન કારણે; ધન્ય૦ ટેક.
ધર્યો કૃષ્ણ અવતાર શ્રી મહારાજે, સુખ દેવા શ્રી ગોપી જનને
કાજે; કર્યું વિઘન વચ્ચે અસુરે ઝાઝે. ધન્ય૦ ૧
પછી દૈત્ય સમુહ હરિયે સંઘાર્યો, વહાલે અવનીભાર સરવે
ઉતાર્યો; પાછો ધર્મકુળે અવતાર ધર્યો. ધન્ય૦ ૨
શુભ કૌશલ દેશમાં જન્મ ધરી, શુદ્ધ સરવરિયા દ્વિજ ઘેર હરિ;
તજ્યું કુટુંબ તે વરણિનો વેશ કરી. ધન્ય૦ ૩

ફર્યા દેશ વિદેશ વિકટ જાગે, સર્વે તીર્થ પાવન કર્યાં અનુરાગે;
આવ્યા સોરઠ પ્રેમાનંદને ભાગે. ધન્ય૦ ૪

પદ ૭૨૮ મું

ધન્ય ધન્ય લીલા એક રસનાયે શું વર્ણવું અંત ન આવે;
કરી સોરઠ માંહ્ય શેષ શારદ શુક નારદ પાર ન પાવે; ધન્ય૦ ટેક.
આવ્યા ફરતા દુરગપુર બહુનામી, ખોળતા નિજ જન અંતર જામી;
વસ્યા ગઢપુર કરી કરુણા સ્વામી. ધન્ય૦ ૧
કીધી કૃપા ઉત્તમ નૃપને માથે, નિજ ભક્ત જાણીને ઝાલ્યો હાથે;
કર્યું પાવન તેનું મંદિર નાથે. ધન્ય૦ ૨
જેમ રહેતા નંદઘેર કરી પ્રીતે, તેમ રમવા જમવા રસ રીતે;
વહાલો વરસે કૃપારસ નીત નીતે. ધન્ય૦ ૩
નીત સાથે લઈ મુનિના વૃંદ, કરે લીલા દુરગપુર સુખકંદ;
બલિહારી જાયે પ્રેમાનંદ. ધન્ય૦ ૪

પદ ૭૨૯ મું

ધન્ય ગઢપુર ધામ એક રસનાયે માહમા કવિ શું વરણન કરે;
ધન્ય ઉત્તમ નરેશ પ્રિત કરી હરિ વસીયા નીત જેને ઘરે; ધન્ય૦ ટેક.
જેનું શિવબ્રહ્માદિક ધ્યાન ધરે, જેને મહા મુનિવર ખોળતા જ ફરે;
જેના રાધા રમા ઘણા જતન કરે. ધન્ય૦ ૧
જે અખીલ ભુવનના એક સ્વામિ, જે અક્ષરધામ તણા ધામી;
તે વસીયા ઉત્તમ ઘેર બહુનામી. ધન્ય૦ ૨
અતિ સુંદર મૂરતિ શોભે નાથ, કરે લીલા મુનિ હરિજન સાથ;
નીત જમે જમાડે મુનિ નિજ હાથ. ધન્ય૦ ૩
ધન્ય નૃપ ઉત્તમનો દરબાર, જ્યાં પ્રગટ બીરાજે જગ આધાર;
જોઈ પ્રેમાનંદ જાયે બલિહાર. ધન્ય૦ ૪

પદ ૭૩૦ મું

ધન્ય ધન્ય ધરણી ઉત્તમના દરબારની વાત નવ જાયે કહી;
અતિ મુક્તિ રૂપ ચરણ કમલ અંકિત જે રજ પસરી રહી; ધન્ય૦ ટેક.

ધન્ય ધન્ય અતિ પાવન ઓસરિયું, નીત રાગ રંગ કથા રસ ભરિયું;
વહાલે ગોલોક બ્રહ્મમહોલ તુલ્ય કરિયું. ધન્ય૦ ૧
શોભે વસ્ત્ર આભુષણ અંગ ધરતાં, ઘોડા ખેલાવે લિંબતરુ ફરતાં;
થાયે નેણાં શીતલ દરશન કરતાં. ધન્ય૦ ૨
ધન્ય સજ્યાં હરિ જ્યાં વસે વાસ, ધન્ય ચોક મુનિ જ્યાં રમે રાસ;
કરી વાતું હરિએ છાયો આકાશ. ધન્ય૦ ૩
ધન્ય કેસર ચંદન ચરચી અંગે, ફુલ હાર તોરા ધારી ઉમંગે;
પ્રેમાનંદ કે' રમે મુનિવર સંગે. ધન્ય૦ ૪

પદ ૭૩૧ મું

ધન્ય દુર્ગનગર શેરીયે શેરીયે વિચર્યા સહજાનંદજી;
ધન્ય ઉન્મત્તગંગ ખળખળીયે નિત્ય ન્હાતાં આનંદકંદજી; ધન્ય૦ ટેક.
ધન ધન ગઢપુરની ધરણીને, ધન નરનારીની કરણીને;
હેતે નિરખ્યા સહજાનંદ વરણીને. ધન્ય૦ ૧
ધન્ય ધન્ય ધરણી લક્ષ્મી વાડી, વહાલો ઘોડે બેસીને જાતાં દહાડી;
ત્યાં જોતા જીવન મેવા જમાડી. ધન્ય૦ ૨
ધન્ય ધન્ય ભોમી રાધા વાવ્ય તણી, ત્યાં જાતા વહાલો અતિ
બનીરે ઠણી; પોતે ખોદાવી કરી પ્રીત ઘણી. ધન્ય૦ ૩
ન્હાવા જાતાં નારાયણહૃદને ઘાટે, રથ હાંકતા હરિવર એ વાટે;
પ્રેમાનંદ કે' સંભારતાં હૈયું ફાટે. ધન્ય૦ ૪

પદ ૭૩૨ મું

ધન્ય ઉત્તમ ભૂપ અતિ જતને ઘેર રાખ્યા સહજાનંદ હરિ;
નવ દુભ્યા જરી ફુલતણી પેરે રાખ્યા અનિ પ્રીતિ કરી; ધન્ય૦ ટેક.
જમાડતાં ભોજન કરીને પ્યારાં, પે'રાવતાં વસન જરકસી સારાં;
અંગો અંગ ધરાવતાં ભુષણ ન્યારાં. ધન્ય૦ ૧
ધન્ય ઉત્તમના પરિવારને, જેણે રાજી કર્યા કરતારને;
વાર્યું હરિ પર લઈ ઘરબારને. ધન્ય૦ ૨

ધન્ય જન્મ ધર્યાનું ફલ લીધું, ધન્ય સર્વ લઈ હરિને દીધું;
નૃપે એક હરિનું ગમતું કીધું. ધન્ય૦ ૩
ધન્ય વેચાણા હરિને હાથે, જ્યાં જાયે ત્યાં પ્રભુજીને સાથે;
પ્રેમાનંદ કે' કૃતારથ કીધા નાથે. ધન્ય૦ ૪

પદ ૭૩૩ મું

ધન્ય ધન્ય ગઢરાજ આજ સમે અવનીપર ધામ એવું નથી;
ધન્ય ધન્ય દરબાર ઉત્તમ રાવનો પ્રભુજીયે કીધો પાવન અતિ; ધન્ય૦ ટેક.
ત્યાં લીલા કરી અતિ મહારાજે, નીજ એકાંતિક જનને કાજે;
એનો મહિમા ત્રિભુવનમાં ગાજે. ધન્ય૦ ૧
ત્યાં અખંડ બિરાજે હજી અવિનાશી, શ્રીગોપીનાથ રૂપ સુખ રાશી;
આવે દરશન કરવા ત્રિભુવનવાસી. ધન્ય૦ ૨
જેના મંદિર અતિ શોભા સુર, કરે દરશન તેના પાતક દૂર;
પામે ધર્મ અર્થ મોક્ષ જરૂર. ધન્ય૦ ૩
સર્વે ધામ થકી એ અધિક ધામ, સર્વે તિર્થ બીરાજે એ ઠામ;
પ્રેમાનંદ કે' મુક્તિરૂપ કર્યું શ્યામ. ધન્ય૦ ૪

પદ ૭૩૪ મું

ધન્ય ધન્ય હરિજન ગઢપુરના વાસીનો શું મહિમા કહું;
એ થકી અધિક ચૌદ લોકમાં ન મલે કેની ઉપમા દઉં; ધન્ય૦ ટેક.
મુખ રટે સ્વામિનારાયણ નામ, રમે દ્રષ્ટિ આગે શ્રીઘનશ્યામ;
વાર્યું પ્રભુપર ધર્મ અર્થ કામ. ધન્ય૦ ૧
પડ્યાં મેલી ઘરના કામ કાજ, નિરખે નેણાં ભરી મહારાજ;
પામે અતિ આનંદ તજી લોક લાજ. ધન્ય૦ ૨
કરી ભોજન જમાડ્યા હરિ નિજ હાથે, નીત હાર પે'રાવ્યા
તોરા ખોશી માથે; પ્રભુ જાયે ત્યાં ફરે સાથે સાથે. ધન્ય૦ ૩
વહાલે ધાર્યું હતું તે સર્વે સત્ય કીધું, સહુ નિજ જનને અતિ સુખ દીધું;
પ્રેમાનંદે આ ફેરે ભલું સુખ લીધું. ધન્ય૦ ૪

પદ ૭૩૫ મું-રાગ ગરબી

ઓરા આવોને ધર્મકુમારરે, રાખું મારાં નેણામાં; ટેક.
તમે છો મારા પ્રાણ આધારરે. રાખુંo ૧
જેવું રસિક સુંદરવર રૂપરે, રાખુંo છે પાવન પરમ અનુપરે. રાખુંo ૨
તમે પ્રગટ્યા અમારે કાજરે, રાખુંo દીન બંધુ છો ગરીબ નિવાજરે. રાખુંo ૩
હરિકૃષ્ણ હરિ ઘનસ્યામરે, રાખુંo નીલકંઠ નારાયણ નામરે. રાખુંo ૪
પુરુષોત્તમ પુરણકામરે, રાખુંo પ્રેમાનંદના છો સુખધામરે. રાખુંo ૫

પદ ૭૩૬ મું

તમે રસિયાજી રાજીવ નેણરે, જોઈ હું તો લોભાણી; ટેક.
મુખ બોલો મનોહર વેણરે. જોઈo ૧
શોભે સુંદર ભાલ વિશાલરે, જોઈo હરિ ચાલો છો હંસગતિ ચાલરે. જોઈo ૨
શોભે પાઘડલી છબીદારરે, જોઈo જાઉં વારણે વારમવારરે. જોઈo ૩
જોઈ વદન કમલ છબી પૂરરે, જોઈo વારું વારણે કોટી શશિ સૂરરે. જોઈo ૪
ભરી ભ્રુકુટીતણો મરોડરે, જોઈo પ્રેમાનંદના પુરો કોડરે. જોઈo ૫

પદ ૭૩૭ મું

મારી લાગી છે તમ સંગ પ્રીતરે, સુંદર શામળિયા; ટેક.
છો મનમોહન મારા ચીતરે. સુંદરo ૧
કરી રાખું હૈયાના હારરે, સુંદરo રંગ છેલડા ધર્મકુમારરે. સુંદરo ૨
મારું મન માન્યું તમ સાથરે, સુંદરo મને મળો હરિ ભરી બાથરે. સુંદરo ૩
તમે છો મારા જીવન પ્રાણરે, સુંદરo હું તો નાથ તમારે વેચાણરે. સુંદરo ૪
મને રાખો હરિ તમ પાસરે, સુંદરo પુરો પ્રેમાનંદની આશરે. સુંદરo ૫

પદ ૭૩૮ મું

મને વહાલા લાગો છો મહારાજરે, જોઈ જોઈ જીવું છું; ટેક.
તમે સાર્યાં મારાં સરવે કાજરે. જોઈo ૧
તારી મૂર્તિ મનોહર માવરે, જોઈo મારે ભેટ્યાનો ઘણો ભાવરે. જોઈo ૨
તારું બોલવું ને હસવું છેલરે, જોઈo કરો નટવર નૌતમ ખેલરે. જોઈo ૩

તારા કરના લટકાં કહાનરે, જોઈં ભુધરજી ભીને વાનરે. જોઈ૦ ૪
તમે જીવન જોબન ભરપૂરરે, જોઈં રહો પ્રેમાનંદને ઉરરે. જોઈ૦ ૫

પદ ૭૩૯ મું

હુંતો રાચી તમારે રૂપરે, બીજું મારે નહિ જોઇયે; ટેક.
રહો ઉરમેં પરમ અનૂપરે. બીજું૦ ૧
મારે સુખ સંપત ઘનશ્યામરે, બીજું૦ તમ વિના બીજું
સરવે હરામરે. બીજું૦ ૨
મન માન્યા છો અલબેલરે, બીજું૦ તમે ધર્મકુંવર રંગ છેલરે. બીજું૦ ૩
નીત રાખો હરિ મુજપર હેતરે, બીજું૦ તમે અવિચલ
સુખના નિકેતરે. બીજું૦ ૪
ગુણ ગાવું બેસીને હજુરરે, બીજું૦ પ્રેમાનંદને આપો જરૂરરે. બીજું૦ ૫

પદ ૭૪૦ મું

તમારી મૂર્તિ વિના મારા નાથરે, બીજું મને આપશો માં; ટેક.
હુંતો એજ માગું છું જોડી હાથરે. બીજું૦ ૧
આપો તમારા જનનો સંગરે, બીજું૦ મારા જીવમાં એજ ઉમંગરે. બીજું૦ ૨
મારા ઉરમાં કરો નિવાસરે, બીજું૦ મને રાખો રસિયા તમ પાસરે. બીજું૦ ૩
એજ અરજી દયા નિધિ દેવરે, બીજું૦ આપો ચરણ
કમલની સેવરે. બીજું૦ ૪
કરો ઇતર વાસના દૂરરે, બીજું૦ રાખો પ્રેમાનંદને હજૂરરે. બીજું૦ ૫

પદ ૭૪૧ મું-રાગ ગરબી

પ્રગટ હરિ મુજને મલ્યારે લોલ,
કાંઇ કહ્યામાં નાવે વાત મારી બેની; પ્રગ૦ ટેક.
આજ દીનબંધુ અઢળ ઢળ્યારે લોલ,
પોતે પુરુષોત્તમ સાક્ષાત, મારી બેની. પ્રગ૦ ૧
એતો પ્રકૃતિ પુરુષથી પર છેરે લોલ,
એતો અક્ષરતણા આધાર, મારી બેની; પ્રગ૦
એતો રાધા રમાના વર છેરે લોલ,
એનો નિગમ ન પામે પાર, મારી બેની. પ્રગ૦ ૨

એતો રાજાધિરાજપણે રાજતારે લોલ,
એતો ત્રિભુવનપતિ ભગવાન, મારી બેની; પ્રગ૦
એતોસુરનર મુનિ શીર છાજતારે લોલ,
મનમોહન રૂપનિધાન, મારી બેની. પ્રગ૦ ૩
મહા મુક્ત પૂજે જેની પાદુકારે લોલ,
એવા પરમ પુરુષ મહારાજ, મારી બેની; પ્રગ૦
જેને ઘડીયે ન મેલે રમા રાધિકારે લોલ,
એવા દુર્લભ સુલભ થયા આજ, મારી બેની. પ્રગ૦ ૪
નર વિગ્રહ ધર્યો કરુણા કરીરે લોલ,
લીધો દ્વિજકુળે અવતાર, મારી બેની; પ્રગ૦
પ્રેમાનંદનો સ્વામી આજ શ્રી હરિરે લોલ,
મુક્તિ આપી કરે ભવપાર, મારી બેની. પ્રગ૦ ૫

પદ ૭૪૨ મું

પ્રભુ પ્રગટ થયા છે આ સમેરે લોલ,
શ્રીકૃષ્ણ કમળદળનેણ, અવિનાશી; પ્રગ૦ ટેક.
જેને સુરપતિ નરપતિ સહુ નમેરે લોલ,
એવા ધર્મકુંવર સુખદેણ, અવિનાશી. પ્રગ૦ ૧
જે ગોકુલચંદ નંદલાડીલોરે લોલ,
તેજ ભક્તિધર્મસુત શ્યામ, અવિનાશી; પ્રગ૦
તેણે મુક્તિનો દ્વાર ઉઘાડિયોરે લોલ,
નરનારીને દેવા નિજધામ, અવિનાશી. પ્રગ૦ ૨
શુદ્ધ ધર્મ ધરાપર થાપવારે લોલ,
ઉખાડવા અધર્મનાં મૂળ, અવિનાશી; પ્રગ૦
નિજ જનને અખંડ સુખ આપવારે લોલ,
પાવન કરવા ભક્તિધર્મકુળ, અવિનાશી. પ્રગ૦ ૩
આજ મોક્ષ આપવાને આવિયારે લોલ,
બ્રહ્મમહોલવાસી હરિરાય, અવિનાશી; પ્રગ૦
મોટા મુક્ત મુનિ સાથે લાવિયારે લોલ,
જેના દરશન કરી પાપ જાય, અવિનાશી. પ્રગ૦ ૪

મોક્ષપતિ કુંવર ભક્તિધર્મનારે લોલ,
હરિકૃષ્ણ નારાયણ નામ, અવિનાશી; પ્રગ૦
વહાલો તરત કાપે છે બંધ કર્મનારે લોલ,
પ્રેમાનંદનો સ્વામિ ઘનશ્યામ, અવિનાશી. પ્રગ૦ ૫

પદ ૭૪૩ મું

જેને જોઇયે તે આવો મોક્ષ માગવારે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર, નરનારી; જોઈ૦ ટેક.
આવો પ્રગટ પ્રભુને પગે લાગવારે લોલ,
વહાલો તરત ઉતારે ભવપાર, નરનારી. જોઈ૦ ૧
જન્મ મૃત્યુના ભયથકી છૂટવારે લોલ,
શરણે આવો મુમુક્ષુ જન, નરનારી; જોઈ૦
શીદ જાઓ છો બીજે શિર કૂટવારે લોલ,
ત્યાં તો તરત થાશો પાવન, નરનારી. જોઈ૦ ૨
ભુંડા શીદ ભટકો છો મત પંથમાંરે લોલ,
આવો સતસંગ મેલીને મોક્ષ રૂપ, નરનારી; જોઈ૦
આણો પ્રેમ પ્રતીત સાચા સંતમાંરે લોલ,
થાશે મોક્ષ અતિશે અનૂપ, નરનારી. જોઈ૦ ૩
જુવો આંખ ઉઘાડીને વિવેકનીરે લોલ,
શીદ કરો છો ગોલ ખોલ એક પાડ, નરનારી; જોઈ૦
લીધી લાજ બીજા ગુરુ ભેખનીરે લોલ,
કામ ક્રોધે લગાડી છે રાડ, નરનારી. જોઈ૦ ૪
એવા અજ્ઞાની ગુરુના વિશ્વાસથીરે લોલ,
જાશો નરકે વગાડતાં ઢોલ, નરનારી; જોઈ૦
વહાલો તરત છોડાવે કાળ પાસથીરે લોલ,
પ્રેમાનંદ કહે આપે છે હરિ કોલ, નરનારી. જોઈ૦ ૫

પદ ૭૪૪ મું

જાઉં ધર્મકુંવરને વારણેરે લોલ,
ભવ બુડતાં ઝાલી મારી બાંહ, અલબેલે; ધર્મ૦ ટેક.

બાંહ્ય ઝાલી તાણી લીધી બારણેરે લોલ,
નહિ તો વહીને જાતી ક્યાંની ક્યાંય, અલબેલે. ધર્મ૦ ૧
વહાલે ઘોર કલિમે કરુણા કરીરે લોલ,
લીધો ધર્મ ગૃહે અવતાર, અલબેલે; ધર્મ૦
પોતે અક્ષરપતિ આવ્યા હરિરે લોલ,
કરવા અધમતણો ઓધાર, અલબેલે. ધર્મ૦ ૨
વહાલે પ્રગટ પ્રતાપ જણાવીયોરે લોલ,
મેટયા લખ્યા વિધાતાના લેખ, અલબેલે; ધર્મ૦
જીવ જમના તે હાથથી છોડાવીયારે લોલ,
મારી કરમની રેખપર મેખ, અલબેલે. ધર્મ૦ ૩
ચાર વર્ણને આશ્રમ ચારનારે લોલ,
થાપ્યા અચલ ધરાપર ધર્મ, અલબેલે; ધર્મ૦
મદ્ય માંસ ચોરી ફેલ જારનારે લોલ,
નરનારીનાં મેલાવ્યાં કર્મ, અલબેલે. ધર્મ૦ ૪
કીધાં શુદ્ધ અંતર નરનારીનાંરે લોલ,
ધર્મ ભક્તિ પધરાવ્યા માંહ્ય, અલબેલે; ધર્મ૦
એવાં દિવ્ય ચરિત્ર ગિરિધારીનાંરે લોલ,
પ્રેમાનંદ જોઇને વારી જાય, અલબેલે. ધર્મ૦ ૫

પદ ૭૪૫ મું–રાગ ગરબી

શામળિયા સુંદરવર મારે, મંદિર પધારો રાજ;
મંદિરીએ પધારો મારા વહાલારે, આશરો એક તમારો રાજ. શામ૦ ૧
આશરો એક તમારો મારા વહાલા, હુંતો જીવું તમને જોઈ રાજ;
જીવું તમને જોઈ મારા વહાલા, મારે તમથી વહાલું ન કોઈ રાજ. શામ૦ ૨
તમથી વહાલું ન કોઈ મારા વહાલા, રાખું જીવડલામાં પ્રોઈ રાજ;
જીવડલામાં પ્રોઈ મારા વહાલા, સુંદર મુખ જોઈ મોહી રાજ. શામ૦ ૩
સુંદર મુખ જોઈ મોહી મારા વહાલા, તમ સંગ લાગી પ્રીતિ રાજ;
તમ સંગ લાગી પ્રીતિ મારા વહાલા, કોયથકી નથી બ્હીતી રાજ. શામ૦ ૪

કોય થકી નથી બ્હીતી મારા વહાલા, શીરસાટે સહી કીધા રાજ;
શીરસાટે સહી કીધા મારા વહાલા, જીવ સાથે જડી લીધા રાજ. શામ૦ ૫
જીવ સાથે જડીલીધા મારા વહાલા, નિમખ ન મેલું ન્યારા રાજ;
નિમખ ન મેલું ન્યારા મારા વહાલા, પ્રેમાનંદના પ્યારા રાજ. શામ૦ ૬

પદ ૭૪૬ મું

કેસરિયા શ્રીકૃષ્ન મનોહર, મોહન મુજને વહાલા કહાન;
મોહન મુજને વહાલા વનમાળી, ભક્તિધર્મના લાલા કહાન. કેશ૦ ૧
ભક્તિધર્મનાલાલા મારા વહાલા, ઘણા દિવસમાં મળીયા કહાન;
ઘણા દિવસમાં મળીયા મારા વહાલા, બોલે તમારે પળીયા કહાન. કેશ૦ ૨
બોલે તમારે પળીયા મારા વહાલા, હવે નહી દેશું જાવા કહાન;
હવે નહિ દેશું જાવા મારા વહાલા, રાખશું આવાને આવા કહાન. કેશ૦ ૩
રાખશું આવાને આવા મારા વહાલા, જેમ કહેશો તેમ કરશું કહાન;
જેમ કહેશો તેમ કરશું મારા વહાલા, કેડે કેડે ફરશું કહાન. કેશ૦ ૪
કેડે કેડે ફરશું મારા વહાલા, જુગતે કરી જમાડું કહાન;
જુગતે કરી જમાડું મારા વહાલા, રૂદિયા ઉપર રમાડું કહાન. કેશ૦ ૫
રૂદિયા ઉપર રમાડું મારા વહાલા, છો મારા અંતરજામી કહાન;
છો મારા અંતરજામી મારા વહાલા, પ્રેમાનંદના સ્વામી કહાન. કેશ૦ ૬

પદ ૭૪૭ મું

લટકાલા લાડકડા મારા, લોચનીયામાં રાખું લાલ;
લોચનીયામાં રાખું મારા વહાલા, પ્રાણ વારી વારી નાખું લાલ. લટ૦ ૧
પ્રાણ વારી વારી નાખું મારા વહાલા, કરી રાખું ઉર હાર લાલ;
કરી રાખું ઉર હાર મારા વહાલા, નેણ તણા શણગાર લાલ. લટ૦ ૨
નેણ તણા શણગાર મારા વહાલા, નથડી કેરું મોતી લાલ;
નથડી કેરું મોતી મારા વહાલા, હીંડું જોતી જોતી લાલ. લટ૦ ૩
હીંડું જોતી જોતી મારા વહાલા, દુર્લભ છો તે સારું લાલ;
દુર્લભ છો તે સારું મારા વહાલા, જીવિત તનપર વારું લાલ. લટ૦ ૪

જીવિત તમપર વારૂં મારા વહાલા, મારૂં જીવતર તમે સુધાર્યું લાલ;
જીવતર તમે સુધાર્યું મારા વહાલા, મારૂં કારજ સરવે સાર્યું લાલ. લટ૦ ૫
કારજ સર્વે સાર્યું મારા વહાલા, હુંતો છું વેચાણુ તમારી લાલ;
છું વેચાણુ તમારી મારા વહાલા, જાયે પ્રેમાનંદ બલિહારી લાલ. લટ૦ ૬

પદ ૭૪૮ મું

કૃષ્ન કમલદળ નેણ તમારાં, લટકામાં લોભાણી લાલ;
લટકામાં લોભાણી મારા વહાલા, સુણી મુખની મીઠી વાણી લાલ. લો૦ ૧
મુખની મીઠી વાણી મારા વહાલા, મોહી છું ગજ ગતિ ચાલે લાલ;
મોહીછું ગજ ગતિ ચાલે મારા વહાલા, બોલાવો છો બહુ વહાલે લાલ. લો૦ ૨
બોલાવો છો બહુ વહાલે મારા વહાલા, હેરો છો અમૃત નજરે લાલ;
હેરો છો અમૃત નજરે મારા વહાલા, મોહી છું ગુલાબી ગજરે લાલ. લો૦ ૩
મોહી છું ગુલાબી ગજરે મારા વહાલા, જોઇને પાઘ પેચાળી લાલ;
જોઇને પાઘ પેચાળી મારા વહાલા, છોગલાંની છબી ભાળી લાલ. લો૦ ૪
છોગલાંની છબી ભાળી મારા વહાલા, મુખ જોઇ મોહિની લાગી લાલ;
મુખ જોઈ મોહિની લાગી મારા વહાલા, સરવે ભ્રમણા ભાંગી લાલ. લો૦ ૫
સરવે ભ્રમણા ભાંગી મારા વહાલા, ભલે મળીયા બહુનામી લાલ;
ભલે મળીયા બહુનામી મારા વહાલા, પ્રેમાનંદના સ્વામી લાલ. લો૦ ૬

પદ ૭૪૯ મું-રાગ ગરબી

જીવન જોયા જેવારે કેસરિયાજી; જોયાના પડતા હેવારે, રંગ ભરિયાજી;
વહાલારે મારા આવો ઓરા છબી જોઈ, નેણાંમે રાખું પ્રોઇરે. કેસ૦ ૧
વહાલારે મારા હોંશ ઘણી છે જો હેયે, કેને વાત કહીયેરે. કેસ૦ ૨
વહાલારે મારા મનડું આતુર મળવા કાજે, લાજું છું લોક લાજેરે. કેસ૦ ૩
વહાલારે મારા ઘરમાં સાસુની બ્હીક ભારી, નણંદલ છે નઠારીરે. કેસ૦ ૪
વહાલારે મારા વાટે ઘાટે મ્હેણાં દે છે, કાનુડાવાળી કેછેરે. કેસ૦ ૫
વહાલારે મારા આજ આવી છું હુંતો છાની, એક વાત છે પુછવાનીરે. કેસ૦ ૬

વહાલારે મારા પાડોસણુને છે પ્યાર, આવોને એક વારરે. કેસ૦ ૭
વહાલારે મારા પ્રેમાનંદના અલબેલા, એકાંતે આવો છેલારે. કેસ૦ ૮

પદ ૭૫૦ મું

વહાલપ ઘણી વાતરે, અલબેલડાજી; સભારું દીનરાતરે, રંગછેલડાજી;
વહાલારે મારા એક ભરોસો તમારો, વહાલપ મા વિસારોરે. અલ૦ ૧
વહાલારે મારા તમે છોજી ચતુર સુજાણુ, પ્રેમી જનના પ્રાણુરે. અલ૦ ૨
વહાલારે મારા અમેરે પરાધીન નારી, દુરિજન ડર ભારીરે. અલ૦ ૩
વહાલારે મારા તમે છો શામળિયાજી શૂરા, પ્રીતડલીમાં પૂરારે. અલ૦ ૪
વહાલારે મારા કરજો કહાના એવું જોઈ, બીજું ન જાણે કોઈરે. અલ૦ ૫
વહાલારે મારા પ્રીતડી રહે નવી નીત, ચતુરની એ રીતરે. અલ૦ ૬
વહાલારે મારા આપો આલિંગન શ્યામ, જાવુંરે છે ઘેર કામરે. અલ૦ ૭
વહાલારે મારા પ્રેમાનંદના પ્રાણુ પ્યારા, આંખડલીના તારારે. અલ૦ ૮

પદ ૭૫૧ મું–રાગ ગરબી

સહજાનંદજી સનેહી સુખધામ છે જો,
સત ચિદ આનંદ જેનું નામ છે જો. સહ૦ ૧
દિવ્ય ચેતન્ય અક્ષર જેનું ધર છે જો,
ક્ષર અક્ષર થકી એતો પર છે જો. સહ૦ ૨
દિવ્ય દ્વિભુજ સદા સાકાર છે જો,
સર્વ કર્ત્તા પ્રેરકને આધાર છે જો. સહ૦ ૩
મેઘશ્યામ સુંદર નટવેશ છે જો,
કોટી કંદર્પ લાવણ્યતા ઉદ્દેશ છે જો. સહ૦ ૪
નવ રસમય મુરતિ અનૂપ છે જો,
રૂપ શીલ ને સ્વભાવ સુખરૂપ છે જો. સહ૦ ૫
એવા પ્રગટ થયા જન કારણે જો,
પ્રેમાનંદ જાયે વારમવાર વારણે જો. સહ૦ ૬

પદ ૭૫૨ મું

કરુણાના સાગર કુંવર ધર્મના જો,
કરી કરુણા કાપ્યા બંધ કર્મના જો. કરુ૦ ૧

વહાલો કરુણા કરીને હરિ અવતર્યા જો,
કરી કરુણા વહાલેજી ભવ દુઃખ હર્યાં જો. કરુ૦ ૨
અતિ કરુણામય છે એની મૂર્તિ જો,
પ્રેમી જન નવ મેલે ઘડી ઉરથી જો. કરુ૦ ૩
અતિ કરુણામય છે એની વાતડી જો,
સાંભળીને ઠરે છે મારી છાતડી જો. કરુ૦ ૪
અતિ કરુણામય છે એની આંખડી જો,
જાણે શરદ કમલ કેરી પાંખડી જો. કરુ૦ ૫
અતિ કરુણામય વહાલાની ચાલ છે જો,
પ્રેમાનંદ નીત નિરખીને નિહાલ છે જો. કરુ૦ ૬

પદ ૭૫૩ મું

સહજાનંદજી સનેહી જીવનપ્રાણ છે જો,
ભક્ત પ્રાણપતિ પરમ સુજાણ છે જો. સહ૦ ૧
ભક્તનાથ ભક્ત જીવન ભગવાન છે જો,
ભક્તવછલ હરિ કરુણાના નિધાન છે જો. સહ૦ ૨
ભક્તનેણ રવિ ભક્ત ઉર ભૂષણ જો,
ભક્ત લોચન હરે ભવ દૂષણ જો. સહ૦ ૩
ભક્ત કલ્પતરુ કામધેનુ છે હરિ જો,
ભક્ત અર્થે આવીને આજ દેહ ધરી જો. સહ૦ ૪
ભક્ત તેજ તપ દૈવત નિવાસ છે જો,
ભક્ત આનંદ સુખ સદા અવિનાશ છે જો. સહ૦ ૫
ભક્ત વલ્લભને ભક્ત પુરણકામ છે જો,
પ્રેમાનંદ કહે એવા સહજાનંદ સ્યામ છે જો. સહ૦ ૬

પદ ૭૫૪ મું

ઘનશ્યામ નામને હું જાઉં વારણે જો,
પુરુષોત્તમ પ્રગટ્યા અમ કારણે જો. ઘન૦ ૧
આવ્યા દીનતણા દુઃખ કાપવા જો,
નીજ જનને વાંછિત સુખ આપવા જો. ઘન૦ ૨

આવ્યા અધર્મના મૂળ ઉખાડવા જો,
કલિમળ રૂપ મતને પાછો પાડવા જો. ધન૦ ૩
ધરી મૂર્તિ મુનિ મનમોહની જો,
જાદુગારી વહાલાજીની જોહની જો. ધન૦ ૪
વશિકરણુ ભર્યાં એનાં વેણુ છે જો,
સ્નેહ કરુણા ભર્યાં એનાં નેણુ છે જો. ધન૦ ૫
અધમ ઓધારણુ ભક્ત વત્સલ ટેક છે જો,
પ્રેમાનંદના સ્વામિ એવા એક છે જો. ધન૦ ૬

પદ ૭૫૫ મું-રાગ ગરબી

શ્રી પુરુષોત્તમ બહુ નામીરે, મુને મળીયા; અનંત કોટી મુક્તના સ્વામીરે. મુને૦ ૧
એતો અક્ષરપતિ અવિનાશીરે, મુને૦ માયા પુરુષ પ્રેરક સુખ રાશીરે. મુને૦ ૨
અનંતકોટી બ્રહ્માંડના કરતારે, મુને૦ અનંત શકિત કલાના ધરતારે. મુને૦ ૩
સહુના રાજાધિરાજ કહાવેરે, મુને૦ નેતિ નેતિ કહી વેદ ગાવેરે. મુને૦ ૪
ઘનશ્યામ છે મૂર્તિ કિશોરરે, મુને૦ કોટી કંદર્પના ચિત ચોરરે. મુને૦ ૫
દિવ્યભૂષણુ વસ્ત્રને પે'રીરે, મુને૦ આપે દરશન લટકાલો લે'રીરે. મુને૦ ૬
એવા શ્રી ઘનશ્યામ સુજાણુરે, મુને૦ પ્રેમાનંદના જીવન પ્રાણુરે. મુને૦ ૭

પદ ૭૫૬ મું

જે અક્ષરપર પરિબ્રહ્મરે, નેણે નિરખ્યાં; જેનો જાણે વિરલા મર્મરે. નેણે૦ ૧
જેનું શિવ બ્રહ્મા ધરે ધ્યાનરે, નેણે૦ શેષ નારદ કરે નીત ગાનરે. નેણે૦ ૨
જેનું સુરનર મુનિ રટે નામરે, નેણે૦ જેનું દિવ્ય અક્ષર છે ધામરે. નેણે૦ ૩
જેને રાધા રમા ઉર ધારેરે, નેણે૦ મોટા મુક્ત પ્રાણુ લઈ વારેરે. નેણે૦ ૪
જેને સેવે અનંત રિદ્ધિ સિદ્ધિરે, નેણે૦ ધર્મ જ્ઞાન વૈરાગ્યના નિધિરે. નેણે૦ ૫
જે અનંત અવતારના ધરતારે, નેણે૦ તે પ્રગટ પ્રમાણુ વિચરતારે. નેણે૦ ૬
એવા સર્વના કારણુ હરિરે, નેણે૦ પ્રેમાનંદને મળ્યા કૃપા કરીરે. નેણે૦ ૭

પદ ૭૫૭ મું

એવા પુરુષોત્તમ મહારાજરે, અવતરિયા; અનંત જીવોના
કરવા કાજરે. અવ૦ ૧
નિજધર્મ ધરાપર થાપ્યોરે, અવ૦ દુરાચાર જગતમાંથી કાપ્યોરે. અવ૦ ૨
નિજજનને મહા સુખ દેવારે, અવ૦ અવર જીવોના પાપ લેવારે. અવ૦ ૩
કલિના મતને ટાળવારે, અવ૦ નારદ નિગમનાં વચન પાળવારે. અવ૦ ૪
નિજ દિવ્ય પ્રતાપ વિસ્તાર્યોરે, અવ૦ કામ શત્રુને ગરદન માર્યોરે. અવ૦ ૫
જ્ઞાન વૈરાગ્ય ધર્મ પ્રકાશકરે, અવ૦ માયા કાળ કર્મ ભય નાશકરે. અવ૦ ૬
એવા ભક્તિધર્મના બાલરે, અવ૦ પ્રેમાનંદતણા પ્રતિપાલરે. અવ૦ ૭

પદ ૭૫૮ મું

હારે એતો આદિ પુરુષ નારાયણરે, લેજ્યો ઓળખી;
કરવા આવ્યા છે ભવપારાયણરે. લેજ્યો૦ ૧
થયા પ્રગટ ધરી દિવ્ય રૂપરે, લેજ્યો૦ રૂપ શીલ ઉદાર અનૂપરે. લેજ્યો૦ ૨
તપ ત્યાગ ધર્મ જ્ઞાન ઈંદુરે, લેજ્યો૦ ક્ષમા દયાતણા સુખસિંધુરે. લેજ્યો૦ ૩
આવ્યા અભય દેવા મોરારીરે, લેજ્યો૦ કરવા નિષ્પાપ નરનારીરે. લેજ્યો૦ ૪
એવા નીલકંઠ ઘનશ્યામરે, લેજ્યો૦ હરિકૃષ્ણ નારાયણ નામરે. લેજ્યો૦ ૫
કલિમધ્ય કૃપા બહુ કીધીરે, લેજ્યો૦ નીજ મુક્તિ
અધમને દીધીરે. લેજ્યો૦ ૬
આજ અઢલ ઢળ્યા બહુનામીરે, લેજ્યો૦ એવા
પ્રેમાનંદના સ્વામીરે. લેજ્યો૦ ૭

પદ ૭૫૯ મું–રાગ ગરબી

મરમાળા મારે મોહોલ આવો. અલબેલા–એ ઢાલ છે.

છોગાળા સુંદર છેલ, નંદના નંદનજી; ઓરા આવોને અલબેલ. નંદ૦ ૧
છો પતિત પાવન નામ, નંદ૦ દીસો છો પુરણકામ. નંદ૦ ૨
મુખ બોલો અમૃત વેણ, નંદ૦ રૂપાળા રાજીવ નેણ. નંદ૦ ૩
કોડીલા કુંવર કહાન, નંદ૦ ભુધર છો ભીને વાન. નંદ૦ ૪
તમે છોજી ચતુર સુજાણ, નંદ૦ હસીને હરો છો પ્રાણ. નંદ૦ ૫

લાવણ્યતા બહુ છે લાલ, નંદ૦ વળી ચટક રંગીલી ચાલ. નંદ૦ ૬
નેણુમાં ઘણો સ્નેહ, નંદ૦ વેણે વરસો અમૃત મેહ. નંદ૦ ૭
દીસે અંગમાં અજબ મરોડ, નંદ૦ પૂરો પ્રેમાનંદના કોડ. નંદ૦ ૮

પદ ૭૬૦ મું

મોહ્યું છે મનડું માવ, મુખને મરકલડે; રંગભીના વ્રજના રાવ. મુખ૦ ૧
મુખનો મરકલડો જોર, મુખ૦ છોજી ચિતડાંના ચોર. મુખ૦ ૨
વશ કીધી વ્રજની નાર, મુખ૦ બોલાવી વારમવાર. મુખ૦ ૩
દિવાની આઠો જામ, મુખ૦ નવ સુઝે ઘરના કામ. મુખ૦ ૪
થઈ ગોપી ઘેલી તૂર, મુખ૦ નવ ગમે રહેવું દૂર. મુખ૦ ૫
કીધાં ઘેલાં વ્રજના લોક, મુખ૦ તેના ટાળ્યા સંશય શોક. મુખ૦ ૬
કીધી કમળા ચંચલ થીર, મુખ૦ મોહ્યાં મોટા મુનિવર ધીર. મુખ૦ ૭
કાંઈ કામણુ કીધાં લાલ, મુખ૦ પ્રેમાનંદ થયો નીહાલ. મુખ૦ ૮

પદ ૭૬૧ મું

કામણુ છે મોરલી માંહ્ય, કામણુગારાજી; સાભળતામાં વશ થાય. કામ૦ ૧
તમે કામણુગારા કહાન, કામ૦ ગાવે કામણુગારી તાન. કામ૦ ૨
વાઈ વંશી કામણુગારી, કામ૦ મોહ્યાં ત્રિભુવનનાં નરનારી. કામ૦ ૩
રૂપાળાં લોચન જોડ, કામ૦ ભર્યાં કામણુ લાખ કરોડ. કામ૦ ૪
જોવું ને હસવું તમારું, કામ૦ દુઃખસાગરનું હરનારું. કામ૦ ૫
કર લટકાં કામણુ રૂપ, કામ૦ મોહ્યાં સુર નર મુનિ વર ભૂપ. કામ૦ ૬
ભર્યાં કામણુ નખ શિખ શ્યામ, કામ૦ મૂર્તિમાં અતિ અભિરામ. કામ૦ ૭
કામણુગારી ચાલ ચતુર, કામ૦ જોઈ પ્રેમાનંદ ચકચૂર. કામ૦ ૮

પદ ૭૬૨ મું

અલબેલા આનંદકંદ, વહાલા લાગો છો; મારા મેટતા ભવના ફંદ. વહાલા૦ ૧
મારા પ્રાણુ તણા છો પ્રાણુ, વહાલા૦ શામળિયા ચતુર સુજાણુ. વહાલા૦ ૨
મારી આંખડલીના સૂર,* વહાલા૦ નહિ મેલું નટવર દૂર. વહાલા૦ ૩

* "નૂર" એવો પાઠ પણુ ગવાય છે.

મારાં નેણુ તણા શણગાર, વહાલા૦ છો હરિ હૈયાના હાર. વહાલા૦ ૪
મારા તનડાના તાવીત, વહાલા૦ રાખું ઉરમાંહી કરી પ્રીત. વહાલા૦ ૫
હું વર માગું તમ પાસ, વહાલા૦ મને રાખો પાસ કરી દાસ. વહાલા૦ ૬
હું એ વર માગું મીત, વહાલા૦ રેજ્યો રાજી મુજપર નીત. વહાલા૦ ૭
પ્રેમાનંદની વિનતિ નાથ, વહાલા૦ મને સદાયે રાખજ્યો સાથ. વહાલા૦ ૮

પદ ૭૬૩ મું–રાગ ગરબી રાગ બીજો

મારો મત કહું તે સાંભલો વ્રજવાસીજી, એ ઢાલ છે.
એમ અગણિત વિશ્વ રચાય છે, સહજાનંદજી;
સહુના પાલણુ પોષણુ થાય છે, સહજાનંદજી. ૧
નાથ ભ્રુકુટી તણો વિલાસ છે, સહજાનંદજી;
એવી અનંત શક્તિ તમ પાસ છે, સહજાનંદજી. ૨
ક્ષર અક્ષર સહિત સ્રજી લય કરો, સહજાનંદજી;
વળી સ્વતંત્ર થકા એક વિચરો, સહજાનંદજી. ૩
એવા યોગ કલાનિધિ આપ છો, સહજાનંદજી;
વળી વ્યાપક થકા નિષ્પાપ છો, સહજાનંદજી. ૪
શું વર્ણવું બુદ્ધિ અતિ બાલ છે, સહજાનંદજી;
મહિમા સાગર વિશાલ છે, સહજાનંદજી. ૫
મેં તો એમ જ મૂઢ નિશ્ચય કર્યો, સહજાનંદજી;
બીજો વિવેક સર્વે મેલ્યો ધર્યો, સહજાનંદજી. ૬
આ પ્રગટ તમારો આકાર છે, સહજાનંદજી;
સર્વે સાર તણો એ સાર છે, સહજાનંદજી. ૭
મારી સમજણુનો એ સિદ્ધાંત છે, સહજાનંદજી;
મારું તત્ત્વ એ વેદ વેદાંત છે, સહજાનંદજી. ૮
તમ વીના ન ઇચ્છું બીજું એક રતિ, સહજાનંદજી;
બીજા લોક ભોગ સુખ સંપતિ, સહજાનંદજી. ૯
એક મૂર્તિ તમારી મારે એજ ધણી, સહજાનંદજી;
મારે કલ્પતરુ એ ચિંતામણી, સહજાનંદજી. ૧૦

મારે એજ મુક્તિ સર્વે ધામ છે, સહજાનંદજી;
મારે બીજાનું શું કામ છે, સહજાનંદજી. ૧૧
તજી અમૃત કોણ પીયે છાશને, સહજાનંદજી;
તજી મણિ કોણ લીયે કાચને, સહજાનંદજી. ૧૨
એવા ધર્મતનય સુખધામ છો, સહજાનંદજી;
ભક્તકલ્પતરુ પૂરણકામ છો, સહજાનંદજી. ૧૩
મહા દિવ્ય પ્રતાપ છપાવીને, સહજાનંદજી;
થયા નાથજી નર ભુવિ આવીને, સહજાનંદજી. ૧૪
દીનબંધુ દયા ઉર આણીને, સહજાનંદજી;
આવ્યા તારવા પાપી પ્રાણીને, સહજાનંદજી. ૧૫
મતવાદી જાણી નવ શકે, સહજાનંદજી;
મહા પાપી મુખે જેમ તેમ બકે, સહજાનંદજી. ૧૬
જોઈ વૃષકુળરવિ દુઃખ દૂર ગયાં, સહજાનંદજી;
નિજજન મન પંક પ્રફુલ્લિત થયાં, સહજાનંદજી. ૧૭
મહા પ્રથીત પ્રતાપ વિસ્તારીયો, સહજાનંદજી;
કવિ સહસ્ર વદને નવ જાયે કહ્યો, સહજાનંદજી. ૧૮
મહામત્ત સઘન તમ કાપીયો, સહજાનંદજી;
ભુવિ એકાંતિક ધર્મ થાપીયો, સહજાનંદજી. ૧૯
સર્વે ગુરુ આચાર્ય જોઈ કંપીયા, સહજાનંદજી;
સખી મરમ અલોકીક જંપીયા, સહજાનંદજી. ૨૦
કેનો ભાર જે કોઇનો પગ ટકે, સહજાનંદજી;
કોઈ મુખથી વાત કરી નવ શકે, સહજાનંદજી. ૨૧
જોઈ ધ્યાન સમાધિ ધારણા, સહજાનંદજી;
પામ્યા અચરજ રાજા લોક ઘણા, સહજાનંદજી. ૨૨
થાયે પરચા દેશ વિદેશમાં, સહજાનંદજી;
વળી ઘરઘર ભક્ત નરેશમાં, સહજાનંદજી. ૨૩
વળી એક અનેક રૂપ થઈ તમે, સહજાનંદજી;
જાઓ તેડવા ભક્તને અંત સમે, સહજાનંદજી. ૨૪

મહા બળિયા કામ ક્રોધ કહાવીયા, સહજાનંદજી;
જેણે બ્રહ્માદિકને કંપાવીયા, સહજાનંદજી. ૨૫
એવા અસુર પકડી કર્યા હાથમાં, સહજાનંદજી;
જીતી લીધા વાતની વાતમાં, સહજાનંદજી. ૨૬
એવાં અલૌકિક ઐશ્વર્ય દેખાડીયાં, સહજાનંદજી;
મતવાદીનાં મૂળ ખોદી કાઢીયાં, સહજાનંદજી. ૨૭
બીજા અસુર માયાવી અતિ ઘણા, સહજાનંદજી;
સર્વે પૂત રાજસ તામસતણા, સહજાનંદજી. ૨૮
ધરી રૂપ વિધ વિધે આવિયા, સહજાનંદજી;
તેને સામ ડંડ ભેદે સમજાવીયા, સહજાનંદજી. ૨૯
દ્રૌણીનાં વચન તે સત્ય કર્યાં, સહજાનંદજી;
કેદી શસ્ત્ર અસ્ત્ર તે નવ ધર્યાં, સહજાનંદજી. ૩૦
એવાં દિવ્ય ચરિત્ર નવ જાયે કહ્યાં, સહજાનંદજી;
આપ ઇચ્છાએ જે જે થયાં, સહજાનંદજી. ૩૧
અતિ વૃષકુળ જશ વિસ્તારિયો, સહજાનંદજી;
ગાઈ પ્રેમાનંદે ઉર ધારીયો, સહજાનંદજી. ૩૨

પદ ૭૬૪ મું–રાગ ગરબો ઢાલ ત્રીજો

સજની પુછોને નંદજીનો લાલ કે કેમ ચંચલ થયારે લોલ, એ ઢાલ છે.

ભાકતધર્મકુંવર હરિકૃષ્ણને જાઉં વારણેરે લોલ;
પ્રગટ્યા પુરુષોત્તમ પરબ્રહ્મ કે નીજ જન કારણેરે લોલ. ૧
બીજા અનેક પતિતજનકેરાં કારજ સારીયાંરે લોલ;
નાના મત રૂપી ભવમાં બુડતાં જન તારીયાંરે લોલ. ૨
આવ્યા અક્ષરપતિ અવિનાશ તે છાનાં કેમ રહેરે લોલ;
જેનાં પ્રાક્રમ પ્રબલઅનલસમ જનકલ્મિષ દહેરે લોલ. ૩
સાભળી હરિ કેસરીની હાંક કે નાડીયું ત્રુટીયુંરે લોલ;
કંપ્યા મતવાદી કરિ કોટી કે આયુષ ખુટીયુંરે લોલ. ૪
વાગ્યા દેશ વિદેશે ડંકા દેશીક ડોલીયારે લોલ;
માર્યા માર્યા મોત વિનાના મુખથી બોલીયારે લોલ. ૫

લીધી લીધી સહુની લાજ કે, શું મુખ લઈ જીવેરે લોલ;
માગો ઈશ્વર પાસે મોત કે વિષ ઘોળી પીયેરે લોલ. ૬
આવ્યા આવ્યા જીવનમુક્ત કે હવે નહિં ઉગરૂંરે લોલ;
લીધા લીધા સહુના શીશ કે હવે શાને પેટ ભરૂંરે લોલ. ૭
એવા શિષ્ણોદરપરાયણ બહુ વિનતિ કરેરે લોલ;
મેલી મત પંથ કેરું માન વચન દીન ઓચરેરે લોલ. ૮
આપ્યું હરિએ અભય વચન કે માં થાઓ દુખીયાંરે લોલ;
કરો સ્વામિનારાયણ ભજન તો થાશો સુખીયાંરે લોલ. ૯
આ સમે સ્વામિનારાયણ શરણ, વિના સુખ ક્યાંઈ નથીરે લોલ;
શીદને કુટો ઠાલાં થોથાં કે મરો વારિ મથીરે લોલ. ૧૦
એમ હરિ બોલ્યા અશરણ શરણ દયા દીનપર કરીરે લોલ;
એવા સદય હ્રદય સુખસિંધુ કે વૃષસુત શ્રીહરિરે લોલ. ૧૧
પર દુઃખ દેખી ન શકે લગાર કે કુંવર ધર્મનારે લોલ;
જે જન શરણે આવે તેના કાપે બંધ કર્મનારે લોલ. ૧૨
આપે ભુક્તિ મુક્તિ ચારે કે રાખે શરણમાંરે લોલ;
ભરિયા ઓઘ દયાના અપાર કે અંતઃકરણમાંરે લોલ. ૧૩
એવા દીન દયાળુ દેવ ધર્મસુત એક છેરે લોલ;
હરિની અશરણશરણ અધમઓધારણ ટેક છેરે લોલ. ૧૪
આજ તો પંચ મહાપાતકજુત જન બહુ તારીયારે લોલ;
એવા કોમળ હ્રદય દયાનિધિ પોતે પધારિયારે લોલ. ૧૫
ન ગણી જાત વરણ કોઈ કરણી કે નરનારી તણીરે લોલ;
આપે મોક્ષ પશુ પિશાચને, હરિ ત્રિભુવનધણીરે લોલ. ૧૬
એવા થયા ન થાશે કોઈ કે અવતાર ભુવિ ફરીરે લોલ;
આજ તો અઢળક ઢળીયા નાથ કે દયા અતિશે કરીરે લોલ. ૧૭
વર્ણવ્યો નવ જાયે પ્રતાપ દયાનિધિ આજનોરે લોલ;
બુદ્ધિ અલ્પને મહીમા મોટો શ્રીમહારાજનોરે લોલ. ૧૮
કેવળ કરુણારસમય મૂર્તિ શ્રીમહારાજનીરે લોલ;
કરુણારસભરી કોમળ વાણી કે ગરીબાનવાજનીરે લોલ. ૧૯

અતિશે કરુણા ભરીયાં લોચન ધર્મકુમારનારે લોલ;
શીતલ થાયે તનમન પ્રાણ કે છબી ઉર ધારતાંરે લોલ. ૨૦
હરિની અભય ઉદાર ભુજા છે અતિ કરુણા ભરીરે લોલ;
સુંદર કરનાં લટકાં ઉપર હું જાઉં મરીરે લોલ. ૨૧
રુડી કરુણારસ ભરી ચાલ કે સુંદર શોભતીરે લોલ;
લાજે જોઇને ગજરાજ* કે મુનિમન લોભતીરે લોલ. ૨૨
હરિનું હસવું જોઈ ઉદાર મુનિમન મોહી રહ્યાંરે લોલ;
વરસે વેણે અમૃતધાર કે જોઈ પાતક ગયાંરે લોલ. ૨૩
હરિની ભાળ છબી ભવમોચન તિલક શોભા ઘણીરે લોલ;
હરિના શ્રવણ અતિ સુખ રૂપ કે નાસિકા નમણીરે લોલ. ૨૪
હરિનો શંખ સરીખો કંઠ કે છાતી વિશાલ છેરે લોલ;
સુંદર શીતલ ઉદર અનુપ કે ત્રિવલીનો તાલ છેરે લોલ. ૨૫
રસ ભરી નાભી ગોળ ગંભીર કે, કટિ લંક શ્યામ છેરે લોલ;
હરિના સાથળ ઘુંટણ પીંડી શોભા ધામ છેરે લોલ. ૨૬
હરિના ચરણ કમલની જોડ પૂરે કોડ મન તણારે લોલ;
કોમલ કરુણાના ભંડાર કે ભક્તવલ્લભ ઘણારે લોલ. ૨૭
કેવળ અશરણકેરા શરણ કે પાપના કાળ છેરે લોલ;
આપે પામર પતિતને અભય કે પરમ કૃપાલ છેરે લોલ. ૨૮
નિરખી સુંદર ઘુંટી પાની કે મન મોહી રહ્યુંરે લોલ;
ઉપન્યું કૂણા આંગળીયું ચાંપી સુખ તે નવ જાયે કહ્યુંરે લોલ. ૨૯
સુંદર સોળે ચિહ્ન સહિત તળાં અતિ રક્ત છેરે લોલ;
ચોપે ચોળે અત્તર સરસ જે પ્રેમી ભક્ત છેરે લોલ. ૩૦
રહેજ્યો ઉર્ધ્વરેખામાંહી મન કરી નીત વાસનેરે લોલ;
આપો કરુણાસિંધુ કૃપાલ કે એ વર દાસનેરે લોલ. ૩૧
વર્ણવ્યું પુરણ પ્રગટ પ્રતાપ કે નખશીખ રૂપનેરે લોલ;
પ્રેમાનંદ થયો પુરણકામ મળી મુનિ ભુપનેરે લોલ. ૩૨

---

* હાથી.

પદ ૭૬૫ મું–રાગ ગરબી

ધર્મકુંવર ઘનશ્યામજી, અક્ષરપતિ અવિનાશ;
પુરુષોત્તમજી પધારિયા, શ્રી હરિ ધર્મનિવાસ. ધર્મ૦ ૧
ધરી મનોહર મૂર્તિ, કરુણામય કીરંતાર;
રૂપ શીલ ગુણ વરણવતા, શેષ ન પામે પાર. ધર્મ૦ ૨
કલિમાં અતિ કરુણા કરી, દીનપર દીનોનાથ;
મુક્ત મોટા નીજધામના, આવ્યા સરવે લેઈ સાથ. ધર્મ૦ ૩
આવી અખાડો માંડીયો, અવનીપર અલબેલ;
જુદો રચ્યો સર્વ જગતથી, અતિ અલૌકિક ખેલ. ધર્મ૦ ૪
સુર નર અસુર વિમાસીયા, જોવા મળ્યાં સર્વે જન;
નીજ મૂર્તિમાં નરનારીનાં, તાણી લેવા લાગ્યાં મન. ધર્મ૦ ૫
પડયું ભંગાણુ સરવે ભેખમાં, મત પંથે દીધો માગ;
પ્રેમાનંદ સરવે જીવને, શરણે થયાનો આવ્યો લાગ. ધર્મ૦ ૬

પદ ૭૬૬ મું

દિવ્ય અલૌકિક ઐશ્વર્ય, પ્રગટ કર્યું પરબ્રહ્મ;
ધ્યાન સમાધિ ધારણા, જાણે મોટા મુની મર્મ. દિવ્ય૦ ૧
પ્રગટ પ્રતાપ દેખાડીયો, પશ્ચિમ પ્રગટ થઈ ઈશ;
દીધી સર્વે નરનારીને, બ્રહ્મ ગતિ જગદીશ. દિવ્ય૦ ૨
અષ્ટાંગ યોગ શ્રમ વિના, નીજ પ્રતાપે શ્યામ;
નિરાવરણ દૃષ્ટિ કરી, દેખાડ્યાં નીજ ધામ. દિવ્ય૦ ૩
ગોલોક વૈકુંઠ બ્રહ્મપુર, અષ્ટ આવરણને પાર;
જુવે સ્વછંદ નરનારી જાઈ, જરાએ ન લાગે વાર. દિવ્ય૦ ૪
ચાર આશ્રમ વરણ ચારના, જે કોઈ હોયે જંત;
શૈવ શાક્ત કૌલ વૈષ્ણવ, જે હોયે મતને પંથ. દિવ્ય૦ ૫
સહુસહુના ઈષ્ટ દેવને, દેખાડે જગવંદ;
એવા દયાનિધિ નાથપર, વારી જાયે પ્રેમાનંદ. દિવ્ય૦ ૬

પદ ૭૬૭ મું

અનંત કળા અનંત રૂપ,* અનંત શક્તિધર શ્યામ;
પ્રગટ થયા પ્રભુ આ સમે, પરબ્રહ્મ પૂરણકામ. અનંત૦ ૧
અનંત અવતાર અવિનાશના, થઈ ગયા થાશે અનંત;
આજ સમાની રીતને, જાણે વિરલા સંત. અનંત૦ ૨
એક રસનાએ શું વર્ણવું, લીલા કીર્તિ કરી પ્યાર;
વ્યાસ વિરંચી શેષ સારદા, કોયે ન પામે પાર. અનંત૦ ૩
આજ અલૌકિક ભાતની, પ્રગટ કરી હરિ રીત;
ના દેખી ના સાંભળી, શ્રવણે પરમ પુનીત. અનંત૦ ૪
ઓળખાવ્યો સઉ જનને, આજ એકાંતિક ધર્મ;
બાળ્યાં અસંખ્ય નરનારીનાં, નિજ પ્રતાપે કર્મ. અનંત૦ ૫
લીધા અનંત જીવ છોડવી, મત પંથમાંથી આજ;
પ્રેમાનંદ કે દેખાડીયો, પ્રબળ પ્રતાપ મહારાજ. અનંત૦ ૬

પદ ૭૬૮ મું

પુરુષોત્તમ પોતે પ્રગટ્યા, સ્વયં મૂર્તિ સાક્ષાત;
સોળે કળા સંપુરણ, કહ્યામાં નાવે વાત. પુરુ૦ ૧
મારી પે'લીવે'લી આવીને, મત પંથ માથે મેખ;
મેલાવ્યાં માન મહંતનાં, અસદ ભેખ ગુરુ ટેક. પુરુ૦ ૨
ધર્મ એકાંતીક થાપીયો, ધરા ઉપર ધર્મ લાલ;
ઉખેડ્યાં મૂળ અધર્મનાં, કામને કીધો બેહાલ. પુરુ૦ ૩
કામ ક્રોધ લોભ મોહ માન, વાંકા મેવાસી અસૂર;
જીતી બ્રહ્મા ભવ ઇંદ્રને, માનમાં ફરે મગરૂર. પુરુ૦ ૪
એવા અસૂર આજ મારીયા, શું જાણે મતિમંદ;
પ્રબળ પ્રતાપ દેખાડીયો, સ્વામિ સહજાનંદ. પુરુ૦ ૫
અનંત જીવને ઓધારિયા, શરણે આવ્યા જોડી હાથ;
મહા સુખ દીધાં નીજ જનને, પ્રેમાનંદને નાથ. પુરુ૦ ૬

---

* "અનંત કળા ઐશ્વર્ય" એવો પાઠાન્તર છે.

પદ ૭૬૯ મું-રાગ ગરબી

ॐ નમો પરિબ્રહ્મરાયરે, કરી વિનયને લાગું પાયરે. ૧
સદા સાકાર વિગ્રહ વાસુદેવરે, કોટી કૈવલ્ય મુકત કરે સેવરે. ૨
કાળ માયા પુરુષ પરધાનરે, મહા વિષ્ણુ વેરાજ ભગવાનરે. ૩
નીજ દૃષ્ટિ પામીને સ્રજે લોકરે, પાળે નાશ કરે અવિશોકરે. ૪
મહા તેજોમય મૂર્તિ વિરાજેરે, કોટી રવિ ચંદ્ર અગ્નિ જોઈ લાજેરે. ૫
સદા દ્વિભુજ કિશોર ઘનસ્યામરે, જોઈ સુંદરતા લાજે કોટી કામરે. ૬
સગુણ નિર્ગુણને કર્ત્તા અકર્ત્તારે, નિરાકારને સાકાર દુઃખ હરતારે. ૭
એવા અક્ષરધામના ધામીરે, મળ્યા પ્રેમાનંદના સ્વામિરે. ૮

પદ ૭૭૦ મું

સખી સાંભળ અલૌકિક વાતરે, પ્રભુ મળ્યા પ્રગટ સાક્ષાતરે. ૧
વહાલો અક્ષરપતિ અવિનાશરે, શ્રી કૃષ્ન કમળાનિવાસરે. ૨
સુર મુનિના ધ્યાનમાં નાવેરે, શેષ સારદ નિગમ નેતિ ગાવેરે. ૩
શ્રીપુરુષોત્તમ બહુનામીરે, સચરાચર અંતરજામીરે. ૪
માયા કાળ કરમ વશ જેનેરે, સુરનર મુનિ ભજે સહુ તેનેરે. ૫
કોટી બ્રહ્માંડ ભાંજે ઘડે પાળેરે, કંપે કાળ જેની આંખને ઉલાળેરે. ૬
એવા હરિકૃષ્ણ ઘનસ્યામરે, પ્રભુ પ્રગટ્યા તે પુરણકામરે. ૭
આવ્યા કૃપા કરી મહારાજરે, પ્રેમાનંદને ઓધારવા કાજરે. ૮

પદ ૭૭૧ મું

ધર્યો નર વિગ્રહ વનમાળીરે, ઓપે અંગમાં લક્ષણ ઓગણચાલીરે. ૧
નવરસમય મૂર્તિ સોહેરે, કોટી કંદર્પતણા મન મોહેરે. ૨
કરે લીલા નટવર નાથરે, મોટા મુકત મુનિ લઈ સાથરે. ૩
નીજ ઐશ્વર્ય પ્રતાપને ઢાંકીરે, ફરે જગમાં કુમતિ વેણુ સાંખીરે. ૪
થયા મનુષ્ય જેવા મોરારીરે, જેણે ઓળખ્યા તે ધન્ય નરનારીરે. ૫
આવો અમૂલ્ય અવસર જાશેરે, નહી માને તે પછી પછતાસેરે. ૬
એતો આવ્યા છે અખંડ સુખ દેવારે, નરનારીના કર્મને મેલવારે. ૭
પ્રેમાનંદકે ગરીબનિવાજરે, દીન ઉપર અઢળ ઢળ્યા આજરે. ૮

પદ ૭૭૨ મું

એના પ્રગટ ચરિત્ર ગુણ ગાઉંરે, એના નામને હું વારણે જાઉંરે. ૧
એનું નામ સહજાનંદસ્વામીરે, મારા પ્રાણ આધાર અંતરજામીરે. ૨
થયા ભક્તિધર્મના બાળરે, નીજ જનની કરવા પ્રતિપાલરે. ૩
કરે અનંત લીલા કલ્યાણકારીરે, ગાયે શેષ શ્રુતિ અજ ત્રિપુરારીરે. ૪
એના ચરિત્ર જોઇને અઘહારીરે, પામ્યાં અસંખ્ય
મુક્તિ નરનારીરે. ૫
ગયા કાળને માથે પગ મેલીરે, પોતા અક્ષરધામની ડેલીરે. ૬
હરિ પ્રગટ્યા ધરી એવી ટેકરે, મારી કર્મની રેખપર મેખરે. ૭
ઝાઝું શું કહી વર્ણવું વિશેકરે, પ્રેમાનંદના સ્વામિ એવા એકરે. ૮

પદ ૭૭૩ મું—રાગ ગરબી

મંદિર મુરારી, પધારો મારે મંદિર મુરારી; પધા૦ ટેક.
નટવરનાગર સુખના સાગર, કેશવ કંસારી. પધા૦ ૧
પુરણબ્રહ્મ પ્રગટ પુરુષોત્તમ, ગોવિંદ ગિરિધારી. પધા૦ ૨
મદન મનોહર મૂર્તિ તમારી, લાગે અતિ પ્યારી. પધા૦ ૩
નેણા ભરીને નિરખું નટવર, જાઉં મુખપર વારી. પધા૦ ૪
મંદિરમાં પધરાવું પ્રીતે, આરતિ ઉતારી. પધા૦ ૫
પ્રેમાનંદના નાથજી તમપર, તન મન બલહારી. પધા૦ ૬

પદ ૭૭૪ મું

લટકાલા લે'રી, પધારો લાલ લટકાલા લે'રી; પધા૦ ટેક.
શેરી વળાવીને સજ્જ કરાવી, ફુલડાં મેલ્યાં વેરી. પધા૦ ૧
પ્રીત કરી જગજીવન જામા, જરકસીયા પેરી. પધા૦ ૨
પાલખીયે બેસીને પધારો, હરિ મારી શેરી. પધા૦ ૩
વાજા વાગે આગે ઓછવ થાયે, ઝાલરયું ઝણણેરી. પધા૦ ૪
ઉભી વધાવા થાળ ભરીને, ગજ મોતી કેરી. પધા૦ ૫
પ્રેમાનંદ આનંદ અતિશે, સુંદર મુખે હેરી. પધા૦ ૬

પદ ૭૭૫ મું

મંદિરિયે મારે, પધારો પ્રભુ મંદિરિયે મારે; પધા૦ ટેક.
વાટ જોઇને ઉભી છું વધાવા, હરિ ઘર આવે ક્યારે. પધા૦ ૧
ઓરડીયા અજવાળ્યા સુંદર, કેસરની ગારે. પધા૦ ૨
શેરી વાળીને ફુલ વેરાવ્યાં, ઉભી બજારે. પધા૦ ૩
જે હરિને ખોળે સુર નર મુનિવર, તે પ્રભુ પધારે. પધા૦ ૪
પ્રીત કરી વધાવું વહાલાને, ઘણે ઘણે ઉપચારે. પધા૦ ૫
પ્રેમાનંદ ઘનશ્યામ નાથપર, તન મન પ્રાણુ વારે. પધા૦ ૬

પદ ૭૭૬ મું

પગલા પ્રેમતણાં માંડો, પ્રભુ પગલા પ્રેમતણાં માંડો; માંડો૦ ટેક.
પાધરા પધારજો ઓરડાયેહરિ, સામે દીસે આપણા. માંડો૦ ૧
આગે જાઇને લાવું સામૈયું, હરખ ભરી હમણા. માંડો૦ ૨
અક્ષત શ્રીફલ ચંદન પુષ્પ, મેલી માંહી દક્ષણા. માંડો૦ ૩
થાળ ભરીને મોતીડે વધાવી, લીયું વહાલા વારણા. માંડો૦ ૪
પ્રીત કરી પધરાવું પલંગપર, જતન કરીશ ઘણા. માંડો૦ ૫
પ્રેમાનંદના નાથ તમારી, લાગી રહી છે રટણા. માંડો૦ ૬

પદ ૭૭૭ મું–રાગ ગરબી

શ્રીપુરુષોત્તમજી પધારિયા, પોતે અક્ષરપતિ અવિનાશ;
સુંદર શ્રીઘનશ્યામજી;
જેના એક રોમમાંરે ઉગી રહ્યો, કોટી ચંદ્ર સુરજનો પ્રકાશ. સુંદર૦ ૧
એવા દિવ્ય સાકાર સદા હરિ, નવ જોબન નવલ કિશોર; સુંદર૦
કોટી કંદર્પ વારું લઈ વારણે, એવા સુંદરવર ચિત ચોર. સુંદર૦ ૨
માયા કાળ કર્મના પ્રેરક પોતે, મહા મુક્તતણા સિરદાર; સુંદર૦
કોટી વિશ્વ રચે ને પાળે ભાંગે, એવી લીલા એની અવિકાર. સુંદર૦ ૩
એની શિવ ને બ્રહ્મા પૂજે પાદુકા, શુક સનકાદિક ધરે ધ્યાન; સુંદર૦
શેષ સારદ નારદ વ્યાસજી, કરે નિગમ નવીન ગુણ ગાન. સુંદર૦ ૪

અક્ષર કોટીનારે અધિપતિ, સર્વકારણ સર્વાધાર; સુંદર૦
સુર નર મુનિને મોંઘા ઘણા, જેનો મહિમા અપરમપાર. સુંદર૦ ૫
એવા પરમ પુરુષ તે પ્રગટ થયા, ધર્યો નરવર વિગ્રહ નાથ; સુંદર૦
પ્રેમાનંદકે પતિત જન તારવા, આવ્યા મુક્ત મુનિ લઈ સાથ. સુંદર૦ ૬

પદ ૭૭૮ મું

આવી અધરમને તે ઉથાપીયો, થાપ્યો ધર્મ ધરાપર શુદ્ધ;
ધર્મસુત શ્રીહરિ;
માયીક મતને તે પાછા પાડીયા, અતિ નિગમ થકી વિરુદ્ધ.* ધર્મ૦ ૧
બાંધી પાજ પરમ મોટી મોક્ષની, ઉતારવા પતિત ભવ પાર; ધર્મ૦
વર્તમાન અગ્યાર પ્રગટ કર્યાં, મોક્ષ રૂપ સકલ શ્રુતિસાર. ધર્મ૦ ૨
રૂડી રીત સનાતન મોક્ષની, કરી પ્રગટ પરિબ્રહ્મ રાય; ધર્મ૦
વરણ ચારને આશ્રમ ચારને, દેવા દિવ્ય ગતિ હીત લાય. ધર્મ૦ ૩
મોટો પ્રબળ પ્રતાપ દેખાડીયો, કલિમાંહે ધર્મસુત ધીર; ધર્મ૦
નરનારીના ઉરથી ઉખાડીયાં, કામ ક્રોધ આદિક મહાવીર. ધર્મ૦ ૪
આપી અષ્ટાંગજોગ શ્રમ વિના, નીજ મૂર્તિને પરતાપ; ધર્મ૦
દેખાડતાં દિવ્ય નીજ ધામને, બાળી ત્રણ્ય પ્રકારના પાપ. ધર્મ૦ ૫
કીધો પુષ્ટ ધર્મ ભક્તિ પંથને, કાપી કલિ કૃત્ય અતિ અંધકાર; ધર્મ૦
એવા સામૃથ શ્રીહરિકૃષ્ણજી, પ્રેમાનંદ જાયે બલિહાર. ધર્મ૦ ૬

પદ ૭૭૯ મું

સર્વે સદ્ગુણસંપન્ન શ્રીહરિ, રૂપ શીલ ઉદાર ગંભીર;
પ્રગટ શ્રીનાથજી;
ક્ષમા દયાતણાનો સાગર, સદા ઓગણચાળી
ગુણે જુક્ત ધીર. પ્રગ૦ ૧
નવ રસમય મૂર્તિ મોહની, સર્વે સુંદરતાનું ધામ; પ્રગ૦
અંગો અંગની છબી ઘનશ્યામની, જોઈ લાજે કોટીક કામ. પ્રગ૦ ૨
મોટા દેવ દાનવ મુનિ માનવી, હરિના રોમને તુલ્ય ન હોયે; પ્રગ૦
એના ચરણ કમળને સંભારતાં, જન જીવ મટીને શિવ હોયે. પ્રગ૦ ૩

* "અવિરુદ્ધ" એવો પાઠ પણ છે.

જેણે નખશીખ નિરખ્યા હોયે હરિ, તેને જનમ
મરણ નવ થાયે; પ્રગ૦
જેણે મહિમા સહિત સમજી લીધા, તે તો અક્ષર તુલ્ય કેવાયે. પ્રગ૦ ૪
એવા દિવ્ય વપુ દીનોનાથજી, એના દિવ્ય ચરિત્ર અનૂપ; પ્રગ૦
ગાતાં સાંભળતામાં ઘેલા થયા, તજી ભોગ ગયા વન ભૂપ. પ્રગ૦ ૫
એવા ધર્મકુંવર શ્રીકૃષ્ણજી, કીધો ધર્મનો વંશ પાવન; પ્રગ૦
થયો પાવન પ્રગટ ગુણ ગાવતાં, પ્રેમાનંદ અતિ ધન્ય ધન્ય. પ્રગ૦ ૬

પદ ૭૮૦ મું

સખી શું રે વખાણું સુંદરતાઈ, ધર્મકુંવરની કહી નવ જાયે;
મનોહર મૂર્તિ;
શેષ સારદને નિગમ મળી, એનું રૂપ લાવણ્યતાને ગાયે. મનો૦ ૧
એના ચરણ કમળ અતિ કોમળ, સોળે ચિહ્ને
સહિત સુખ રૂપ; મનો૦
એની ચાલ ત્રિલોકથી વેગળી, જોઈ મોહ્યા સુરમુનિ ભૂપ. મનો૦ ૨
એનું નીલકલેવર નીરખતાં, મળવા મુનિવરને હરખ અપાર; મનો૦
પે'રયું પિતાંબર કટી શોભતું, જોઈ મદન જાયે બલિહાર. મનો૦ ૩
એના ઉદરમાં ત્રિવળી ઓપી રહી, છાતી ઉપડતી અભિરામ; મનો૦
કંઠે કૌસ્તુભ શ્રીવત્સ શોભતું, ઉરમાં ગજ મોતીની દામ. મનો૦ ૪
હરિની ભુજા જોઇને ભય પામતાં, સદા કામ ક્રોધાદિક ચોર; મનો૦
હરિનું હસતું શશિ મુખ જોઇને, મોહ્યા અગણિત
મુનિવર ચકોર. મનો૦ ૫
હરિની આંખડી કમળ કેરી પાંખડી, વાંકી ભ્રકુટી
જોઈ ભાળ વિશાલ; મનો૦
પ્રેમાનંદકે એવાને એવા નાથજી, રે'જો ઉરમાંહી દીનદયાળ. મનો૦ ૬

પદ ૭૮૧ મું-રાગ ગરબી

મરમાળા મારે મોહોલ આવો અલબેલા, એ ઢાળ છે.

અથ બાર રાશિ લિખ્યતે

મેષ ન મારે મટકું મુનિવર વિગ્યાની; જોઈ ધર્મકુંવર રંગ ચટકું. મુનિ૦ ૧
વૃષસુતનું વદન વિલોકી, મુનિ૦ રાખી ઉર મૂર્તિ રોકી. મુનિ૦ ૨

મિથુન ફરે મુનિ રાસે, મુનિ૦ જોઈ ધર્મકુંવર દુઃખ નાસે. મુનિ૦ ૩
કરી કરીને નેહ નવિનો, મુનિ૦ વશ કીધો રંગનો ભીનો. મુનિ૦ ૪
સિંઘ સરખા શૂરા પૂરા, મુનિ૦ કરે મન ઈંદ્રિના ચૂરા. મુનિ૦ ૫
કન્યા નીજ વ્રત્તિ સાથે, મુનિ૦ કીધું સગપણુ શ્યામ સંગાથે. મુનિ૦ ૬
તુલ જોડ હરિની બાંધી, મુનિ૦ નિરખે એક દ્દષ્ટિ સાંધી. મુનિ૦ ૭
વૃશ્ચિક સમ તજી સ્વભાવ, મુનિ૦ વશ કીધાં વૃષ કુલરાવ. મુનિ૦ ૮
ધન્યકીર્તિ વ્યાસ વખાણે, મુનિ૦ લખ્યો મહીમા સ્મૃતિ પુરાણે. મુનિ૦ ૯
મકર છલ કપટ વિસારી, મુનિ૦ ભજે ધર્મકુંવર સુખકારી. મુનિ૦ ૧૦
કુંભજ મુનિ હરિ ઉરધારી, મુનિ૦ કીધો પાન સિંધુ મહા ભારી. મુનિ૦ ૧૧
મીન સરખી પ્રીત કરીને, મુનિ૦ વશ કીધા હેતે હરીને. મુનિ૦ ૧૨
એ પદમાં બારે રાશી, મુનિ૦ પ્રેમાનંદ ગાય અવિનાશી. મુનિ૦ ૧૩

બાર રાશિ સંપૂર્ણ

પદ ૭૮૨ મું–રાગ ગરબી

અથ સાતવાર લિખ્યતે

રે સ્વામિનારાયણ સાંભરે, ગાતાં તે સાતે વારરે;
રે વાણી તે રસ ભરી આપજે, ધર્મતણા કુમારરે. સ્વામિ૦ ૧
રે આદિત્ય સહજાનંદ ઉદીયા, કરવા પતિત ભવ પારરે. સ્વામિ૦ ૨
રે સોમ સરખા શીતળ સદા, ક્રુરતા ન મળે લગારરે. સ્વામિ૦ ૩
રે મંગળકારી મૂર્તિ, ધર્મકુંવર કીરતારરે. સ્વામિ૦ ૪
રે બુધ પુજે જેની પાદુકા, હરખ ભર્યા વારવારરે. સ્વામિ૦ ૫
રે ગુરુ સુર મુનિ ભુપના, સહજાનંદજી સરદારરે. સ્વામિ૦ ૬
રે શુક્ર સરખા સ્વભાવના, રિપુ સદા સુખ સારરે. સ્વામિ૦ ૭
રે શનિ સરખા નરનારનો, કીધો તે આજ આધારરે. સ્વામિ૦ ૮
રે આ પદ ગાયે ને શીખે સાંભળે, વાધે પ્રભુ પદ પ્યારરે. સ્વામિ૦ ૯
રે સ્વામિનારાયણુ નામપર, પ્રેમાનંદ જાય બલિહારરે. સ્વામિ૦ ૧૦

પદ ૭૮૩ મું–રાગ ગરબી ઘોળ

મને મળીયા સહજાનંદ સ્વામિ, સચ્ચિદાનંદ અંતરજામી. ૧
હું તો થઇ છું હવે સતસંગી, મારે પ્રભુ સાથે પ્રીત અભંગી. ૨

મારાં સરવે તે કારજ સિધ્યાં, વ્રતમાન સ્વામિજીના લીધાં. ૩
મારે માથે સ્વામિની છાપ, સરવે પુરુષ કીધા ભાઈ બાપ. ૪
દુરિજનીયાંને વેણે ન દાઝું, સ્વામિનારાયણ કે'તાં ન લાજું. ૫
હુંતો બેઠી છું હરિવર ધારી, પ્રેમાનંદના સ્વામિપર વારી. ૬

પદ ૭૮૪ મું

મારે સ્વામિનારાયણ ભજવા, દુરિજનીયાના સંગને તજવા. ૧
મેં તો મેલ્યો સંસારીયો માડી, જોવા સ્વામિનારાયણ દાડી. ૨
મને સ્વામિનારાયણ ભાવે, લોક સ્વામિની કહીને બોલાવે. ૩
વાટે ઘાટે ને જાતાં વળતાં, સ્વામિનારાયણ શ્રવણે સાંભળતાં. ૪
મુખે સ્વામિનારાયણ ગાઉં, લોક લાજ થકી ન લજાઉં. ૫
પ્રેમસખીકે સ્વામીને સારું, કુરબાન કરયું શિર મારું. ૬

પદ ૭૮૫ મું

સખી ચાલ હરિ જોવા જાઇયે, નિરખી પ્રભુ પાવન થાઇયે. ૧
સખી નેનતણું ફળ એ છે, વેદ પુરાણ તે એમ કે' છે. ૨
જેને નિગમ નેતિ કહી ગાવે, શિવ બ્રહ્મા તે પાર ન પાવે. ૩
એ છે કૃષ્ણ નારાયણ દેવ, સુરમુનિ કરે નિત્ય સેવ. ૪
એ છે પુરુષોત્તમ મહારાજ, પ્રભુ પ્રગટ્યા તે આપ કાજ. ૫
પ્રેમસખી કહે સ્વામિને હેલી, વરીયા અંતર આંટી મેલી. ૬

પદ ૭૮૬ મું

મારા પુન્યતણો નહિ પાર, વર મળીયા તે જગદાધાર. ૧
મારા ઉરમાં કીધો વહાલે વાસ, હુંતો થઈ છું સ્વામિજીની દાસ. ૨
મને અખંડ એવાતન આપ્યું, મારું જનમ મરણ દુઃખ કાપ્યું. ૩
મારો સફળ જનમ વહાલે કીધો, મેંતો હરિ સાથે લાવો લીધો. ૪
હુંતો અખંડ હરિ ગુણ ગાવું, હવે પાછી તે ભવમાં ન આવું. ૫
મળ્યા પુરુષોત્તમ બહુનામી, વહાલો પ્રેમસખીનો સ્વામી. ૬

પદ ૭૮૭ મું-રાગ દોહા

સ્વામિ સહજાનંદના, વંદુ ચરણ નખ ચંદ;
કરું વિનય કર જોડી જુગ, માંગું વર સુખકંદ. ૧

આપો અચલ વર નાથજી, ધરો શિશ જુગ પાણી;
રાખો નીજ મન ચરણુમાં, ગાવું રસ ભરી વાણી. ૨

પદ ૭૮૮ મું–રાગ ધોળની ગરબી

વહાલા વંદન કરી પદ પાવન, માંગું વારમવારરે;
વહાલા દીન ઉપર દયા કરી, આપો ધર્મકુમારરે. વહાલા૦ ૧
વહાલા સર્વ નિશ્ચયથકી ઉત્તમ, નિર્વિકલ્પ નાથરે;
વહાલા નિશ્ચે તમારા સ્વરૂપનો, આપો રાખીને સાથરે. વહાલા૦ ૨
વહાલા તમારા સંબંધથકી ઉપન્યું, સુખ આપો સોયરે;
વહાલા તે વીના બીજું સુખ તે, ક્યારે આપશોમાં મોયરે. વહાલા૦ ૩
વહાલા તમારા આકાર વીના માયીક, બીજા આકાર માત્રરે;
વહાલા થાઓ દુઃખ રૂપ તુછ તે, જેવું નરકનું પાત્રરે. વહાલા૦ ૪
વહાલા મહાત્મ જ્ઞાને જુક્ત જે, સહુથી ઉત્તમ એકાંતરે;
વહાલા ભક્તિ તમારી એવી આપજો, માંગું કરીને ખાંતરે. વહાલા૦ ૫
વહાલા હે સ્વામિ હે કૃષ્ણ હે હરિ, ભક્તિધર્મના બાળરે;
વહાલા પ્રેમાનંદની પ્રણુતી, સાંભળોને કૃપાળરે. વહાલા૦ ૬

પદ ૭૮૯ મું

વહાલા કામ ક્રોધ લોભ સ્વાદ જે, સ્નેહ માનને મોહરે;
વહાલા એ આદી જે દોષ રૂપ, તે સર્ગ અધરમનોહરે. વહાલા૦ ૧
વહાલા ભક્તિ તમારી એકાંતિક, તેમાં વિઘ્ન કરનારરે;
વહાલા એવો અધર્મ ગણુ તે થકી, રક્ષા કરજો મોરારરે. વહાલા૦ ૨
વહાલા જ્ઞાન વૈરાગ્ય બ્રહ્મચર્ય જે, શ્રદ્ધા અહિંસા વિવેકરે;
વહાલા એ આદિ ગુણુ રૂડા તે રૂપ, ધર્મસર્ગ વિશેકરે. વહાલા૦ ૩
વહાલા ભક્તિ તમારી એકાંતિક, તેમાં છે સહાય રૂપરે;
વહાલા તે ધર્મસર્ગમાં મુજને, રાખો સદા મુનિ ભુપરે. વહાલા૦ ૪
વહાલા તમને વહાલા એવા સંતનો, જે સમાગમ નાથરે;
વહાલા આપો નિરંતર શ્રીહરિ, માંગું જોડીને હાથરે. વહાલા૦ ૫
વહાલા તમથી વિમુખ બ્રહ્મજ્ઞાની જે, નાસ્તિક કૌલને વામરે;
વહાલા એમનો સંગ ક્યારે ના થાયે, માંગે પ્રેમાનંદ શ્યામરે. વહાલા૦ ૬

પદ ૭૯૦ મું

હે નાથ મુને તમારું ભક્તપણું, તેમાં કોઈ પ્રકારરે;
નાથ દોષ ન રહે કોઈ જાતનો, આપો પ્રાણુ આધારરે. નાથ૦ ૧
હે નાથ તમે ને તમારા જે ભક્ત, તે નિર્દોષ સદાયરે;
નાથ તેનો દ્રોહ કયારે ન થાયે, એ માંગું સુરરાયરે. નાથ૦ ૨
હે નાથ તમારા ચરણુની સેવા વિના, બીજી ઇચ્છા જે કોયરે;
નાથ માયિક પદારથની વાસના, બાળો સરવસ સોયરે. નાથ૦ ૩
હે નાથ ચિંતવન રાતદિન મહારાજનું, બીજે ન કરે મન ધાટરે;
નાથ રસના રટે એક નામને, બીજા મેલી ઉચાટરે. નાથ૦ ૪
હે નાથ દીન જાણી મુજ ઉપરે, દયા કરજો જરૂરરે;
નાથ ભક્ત મનોરથ પૂરણુ, કરો શોભા સૂરરે. નાથ૦ ૫
હે નાથ સ્થૂલ સૂક્ષ્મને કારણુ, એ મારા ત્રણુ દેહરે;
નાથ પ્રેમાનંદ કહે તેહમાં, માં થાઓ અહંબુદ્ધિ નેહરે. નાથ૦ ૬

પદ ૭૯૧ મું

હે નાથ દેહના સંબંધી જનમાં, મમતા થાઓ માં કોઈ કાળરે;
નાથ અહંને મમતા થાઓ સંતમાં, જે તમને વહાલા દયાળરે. નાથ૦ ૧
હે નાથ બ્રહ્મ સાથે એક ભાવને, પામી થઈ બ્રહ્મ રૂપરે;
નાથ પરબ્રહ્મ એવા જે તમે તે સાથે, થાઓ પ્રીતિ અનૂપરે. નાથ૦ ૨
હે નાથ દાસ તમારા દાસનો, મુજને રાખીને પાસરે;
નાથ દર્શન દેજો નિરંતર, મારે એટલી છે આશરે. નાથ૦ ૩
હે નાથ પ્રાર્થના નીજ દાસની, સાંભળીને સુજાણુરે;
નાથ માંગ્યાં મેં સર્વે ગુણુ તેને, આપો જીવનપ્રાણુરે. નાથ૦ ૪
હે નાથ એજ નિરંતર આપજો, બીજું દેશો માં કાંયરે;
નાથ પ્રાર્થના પ્રેમાનંદની, ધરજો ઉર હરિરાયરે. નાથ૦ ૫

પદ ૭૯૨ મું-રાગ છંદ ચર્ચરી

જય જય મહારાજ રાજ, ધર્મકુંવર ગુન જહાજ;
સુંદર તનુ સંત કાજ, ધારે ધારે.

મહિમા તવ અતિ અપાર, રટત શેષ મુખ હજાર;
નેતિ નિગમ બાર બાર, કહત રહત હારી;
બરનત કવિ મુનિ અનંત, લહત ન બ્રહ્માદિ અંત;
નારદ સનકાદી સંત, જાત પ્રાણ વારી;
ઉજ્જ્વલ પાવન પ્રતાપ, ત્રિભુવન રહ્યો અમીત વ્યાપ;
જપત જાપ ત્રિવિધ તાપ, ટારે ટારે. જય જય૦ ૧
જાકે એક રોમ કુપ, બ્રહ્મ શિવ સહિત ભુપ;
ઇંડ કોટી અતિ અનુપ, ઉડત હે અપારા;
ઐસો અક્ષર પ્રતાપ, અણું અણું પ્રાત રહ્યો સુવ્યાપ;
જાકું શ્રુતિ કહે અમાપ, સબહિંનસોં ન્યારા;
કોટી ઇન્દુ સમ પ્રકાશ, માયા તમ કરત નાશ;
રહત તામે કરી નિવાસ, પ્યારે પ્યારે. જય જય૦ ૨
અક્ષર સમ સરસ સાર, અનંત શકિત ધરનહાર;
પ્રગટે ભુવ વૃષકુમાર, અવની ભાર હરહીં;
ધરી હરિ શુભ સંત વેષ, જીતે શત્રુ અશેષ;
બાંધી ધર્મ સેતુ બેષ,* જન અનેક તરહીં;
કરત ચરિત્રં અતિ પુનિત, સુનત બિમલ હોત ચીત;
કામાદીક રિપુહીં જીત, મારે મારે. જય જય૦ ૩
કલીમલ મત કરન ચૂર, ઉદયો અતિ અમલ સુર;
દિતિસુતકુલધ્વાંત ક્રુર, પ્યારો સ્વામિ;
વિવિધી ભાંતિ મત સમૂહ, સંજુત કલિ કામકૂહ;
નાસે જહું અર્ક રુહ, નાસ્તિકાદી વામી;
એસે શ્રીધર્મકુંવર, અધરમકુલ કીનજું હર;
વહનહાર ધર્મ ધુંદર, ભારે ભારે. જય જય૦ ૪
ઇશકે ઇશ સ્યામ, પાવન પ્રભુ પુરનકામ;
વાસી ગોલોક ધામ, ધર્મકે દુલારે;

* "બેશ"–સુંદર.

કીનો કલિ ભુવ પ્રવેશ, દિતિસુત કીન સંત ભેશ;
કરીકે કષ્ટ ઉપદેશ, જીવનકું બહુત ડારે;
જાની કરુના નિકેત, આયે નીજ જન સમેત;
અગનીત નરનારી પ્રેત, તારે તારે. જય જય૦ ૫
મેટન ભવબંધન ફંદ, નિજ જન આનંદ કંદ;
સહજાનંદ વંદ ચંદ, સંતન સુખદાની;
કેવલ કરુનાનિધાન, નિજ જન મન કંજ ભાન;
દમન કામ ક્રોધ માન, મંગલ મૃદુ બાની;
સુનતેં ઘનસ્યામ નામ, થરર થરર કંપત કામ;
નામ ઉપર વારી પ્રાન, ડારે ડારે. જય જય૦ ૬
નિજ જન મન કમલ ચારુ, પ્રફુલ્લિત ભયે છબી નીહારું;
ધર્મકુંવર રવિ ઉદારું, અવિચલ સુખ દાતા;
કાલ બ્યાલ અતિ કરાલ, ગ્રસીત તરુંન વૃદ્ધ બાલ;
નારી નર અતિ બેહાલ, શરણાગત ત્રાતા;
સેવત પદ પદ્મ પ્રીત, પામર હોવત પુનિત;
નીત નીત ચીત પ્રેમ કીત, ન્યારે ન્યારે. જય જય૦ ૭
વરણી વેષ ધર્મલાલ, અંગ અંગ છબી રસાલ;
ભુજ વિશાલ ગતિ મરાલ, ચટક ચાલ સોહે;
શ્વેત બસન સજ સુધાર, ભુખન તન સુમન સાર;
બન ઠન માનું રસ સીંગાર, બિહરત મન મોહે;
નખશીખ છબી ધામ શ્યામ, નિજજન મનકે વિશ્રામ;
પ્રેમાનંદ કોટી કામ, વારે વારે. જય જય૦ ૮

ઇતિ છંદ સંપૂર્ણ

પદ ૭૯૩ મું–રાગ ઠુમરી

મોરે મહારાજ મેં તો તેરી બલહારીરે; મોરે૦ ટેક.
કરી કરુના ધર્યો માનુષ વિગ્રહ, પ્રગટે હો કલિમેં શ્રીકૃષ્ન મોરારીરે. મોરે૦ ૧
અતિ મતિ દુષ્ટ કુકર્મી કુજાતી, તારે સકલ કલિકે નરનારીરે. મોરે૦ ૨

નાગીની જાત બરન કછુ કરની, પશુ પક્ષી જડ લીને હો તારીરે. મારે૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ તુમારી, બાનકપર બલહારીરે. મારે૦ ૪

પદ ૭૯૪ મું

ધર્મકુંવર તેરી બલબલ જાઉંરે; ધર્મ૦ ટેક.
કહા બરનું કરુનાધન કરુના, કહા કહી વિનય સુનાઉંરે. ધર્મ૦ ૧
તુમ જેસે એક તુમહિં મહાપ્રભુ, દુસરા કોઉ ન પાઉંરે. ધર્મ૦ ૨
પરમ કૃપાલ પરમ હિતકારી, સદય સદા હરિ સરલ સુભાઉંરે. ધર્મ૦ ૩
પ્રેમાનંદ તજી અન્ય આસરો, દ્વારે પર્યો ગુન ગાઉંરે. ધર્મ૦ ૪

પદ ૭૯૫ મું

મેં તો તેરે બરદ ભરોંસે સ્વામી; મેંતો૦ ટેક.
નહીં સાધન બળ બુદ્ધિ ચાતુરી, એક શરણુ બળ અંતરજામી. મેંતો૦ ૧
જુગ જુગપ્રતિ તનું ધારી મોરારી, તારે અનંત ખળ કુટીલ રુકામી. મેંતો૦ ૨
યેહી બાત સુની આયો શરન પ્રભુ, શરણાંગત વચ્છલ સુખધામી. મેંતો૦ ૩
પ્રેમાનંદ શિર ધરો પદ પંકજ, જાનહું નીજ કિંકર બહુનામી. મેંતો૦ ૪

પદ ૭૯૬ મું

તુમ બીના પ્રભુ મેરે ઓર ન કોઈ; તુમ૦ ટેક.
ધર્મકુંવર ઘનશ્યામ દયાનિધિ, જાનોઉં કિંકર રાવરો મોઈ. તુમ૦ ૧
તુમહીં માત તાત પતિ બંધુ, લાજ શરમ મેરી હે અબ તોઈ. તુમ૦ ૨
ઔગુન દોષ વિસારી પ્રાનપતિ, ધરહું શિશ કર પંકજ દોઈ. તુમ૦ ૩
પ્રેમાનંદકે નાથ પુરો મનોરથ, કરું સેવકાઈ પદ કિંકર હોઈ. તુમ૦ ૪

પદ ૭૯૭ મું–રાગ ઠુમરી

તેરી મુસકનીમેં મન લાગી રહ્યોરે, બીસરત નાહી
ઘનશ્યામપીયા; તેરી૦ ટેક
મુસકની બંક બીલોકની નીરખી, હાંરે પીયા રતિપતિ અતિ
સકુચીત ભયોરે. બીસ૦ ૧
નીરખી બદન હાસ જુત સુંદર, હાંરે મોરે ઉઠત હે પ્રેમ
સો નયો નયોરે. બીસ૦ ૨

જબ તુમ હસ શ્યામ મોહે હેરત, હાંરે પીયા સો સુખ મુખ
નહિ જાત કહ્યોરે. બીસ૦ ૩
સુંદર હસિત બદન છબી ઉપર, હાંરે પુલકીત પ્રેમાનંદ
બલિહારી ગયોરે. બીસ૦ ૪

પદ ૭૯૮ મું

તેરી ચીતવની મેરો ચીત ચોર લીયોરે, કેસી કરું અબ કલ ન પરે; તેરી૦ ટેક.
જબતે શ્યામ સુંદર મોયે હેરી, હાંરે તબહીતે જગ સુખ
બીખ સમ કીયોરે. કેસી૦ ૧
ચંચલ ચીતવની બીસરત નાહીં, હાંરે બીનું દેખે તપત
નીત મોરો હીયોરે. કેસી૦ ૨
ભ્રુકુટી કુટીલ ચપલ ચિતવનીમેં, હાંરે કરી જાદુ જીવન બસ
કીયો જીયારે. કેસી૦ ૩
પ્રેમાનંદકે સકલ સુખ સંપત, હાંરે તેરી માધુરી મૂરત
ઘનશ્યામ પીયારે. કેસી૦ ૪

પદ ૭૯૯ મું

તેરી ચલની સો મોરે દીલ આય બસીરે, લલિત ગતિ
લખી થકીત ભઈ; તેરી૦ ટેક.
મંદ મંદ ગતિ ચલત મનોહર, હાંરે બસ કર લીનો મન મેરો
હસી હસીરે. લલિ૦ ૧
ગતિ નિરખી વ્રજનારી દિવાની, હાંરે તન બસન સુમન
શિર જાત ખસીરે. લલિ૦ ૨
ગજગતિ ચલત ભુખન તન સજકે, હારે પ્યારે પીત બસન
કટી લીયો કસીરે. લલિ૦ ૩
પ્રેમાનંદ છબીપર બારત, હાંરે પ્યારે કોટી મદન કોટી
રવિ શશિરે. લલિ૦ ૪

પદ ૮૦૦ મું

તેરી બાનકડીપેં બલહારી જાઉરે, ધર્મકુંવર મોહન રસીયા; તેરી૦ ટેક.
કોટી મદન વારું છબી ઉપર, હાંરે મેં તો નીરખી નીરખી
અતિ હરખાઉરે. ધર્મ૦ ૧

કરુનારસ બરસત નેનમેં, હાંરે મુખ બચન સુનત ત્રપતી
ન પાઉંરે. ધર્મં૦ ૨
સામલ બરન મૃદુલ તન સુંદર, હાંરે મેં તો મીલન કાજ
ઉઠી ઉઠી ધાઉંરે. ધર્મં૦ ૩
પ્રેમાનંદ કે' રૂપસાગર હરિ, હાંરે મેં તો એક રસના કેસે
કરી ગાઉંરે. ધર્મં૦ ૪

પદ ૮૦૧ મું–રાગ ઠુમરી

મેં દેખી છબી સાંવરી; મેં દે૦ ટેક.
સ્વપ્નેમેં દેખી સાંવરી સુરત, લટક લટક ચાલ ચલત ઉતાવરી. મેં દે૦ ૧
લાલ સુરવાલ પેરે લાલ અંગરખી, કમર કસી હે લાલ
રેંટે પગ પાવરી. મેં દે૦ ૨
શ્વેત પાઘ શિર સોહત સુંદર, ચિતવની ચંચલ મન લલચાવરી. મેં દે૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ છબીપર, તન મન પ્રાન લે કરત નોછાવરી. મેં દે૦ ૪

પદ ૮૦૨ મું

મેરે મન બસ ગેયાં; મેરે૦ ટેક.
સુંદર મુરતિ સ્યામ સુંદરકી, નીરખી નીરખી અખીયાં છકરેયાં મન૦ ૧
સુંદર ચલની સુંદર ચીતવની, સુંદર મુસકનીપર બલજૈયાં. મન૦ ૨
ગુંભીર થોરી ચલે બદન મરોરી, રૂપ સુધાનિધિ સ્યામ સુખદૈયાં. મન૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ લટક લખી, કોટીક મનમથ પરત હે પૈયાં. મન૦ ૪

પદ ૮૦૩ મું

દોઉં નેના રતનારે; દોઉં૦ ટેક.
નેન સલોને ભરે બીચ ટોંને, બસ કર લીને પ્રાન હમારે. નેના૦ ૧
ચીતવની તરછી મારત માનું બરછી, કસત કરેજે
અતિ અનીયારે. નેના૦ ૨
રસ ભરી રેખે કલ ન બીનું દેખે, બીનું અંજન બીચ સોહત કારે. નેના૦ ૩
શ્રીઘનશ્યામકી દ્રગન છટાપર, પ્રેમાનંદ પુલકી પ્રાન વારે. નેના૦ ૪

પદ ૮૦૪ મું

મેં જાઉં બલિહારીયાં; મેં જા૦ ટેક.
કોટીક કામ છબી ત્રિભુવનકી, શ્યામ બદનપર વારી ફેરી ડારીયાં. મેં જા૦ ૧
કમનીય રૂપ છટાપર મોહી, સાગરતનયા સબ વ્રજનારીયાં. મેં જા૦ ૨
યેહી છબી કારન મુની વિગ્યાની, કરત જતન પરપંચ બીસારીયાં. મેં જા૦ ૩
પ્રેમાનંદ કુરબાન પ્રાન કરી, શ્રીહરિકૃષ્ણ છબી ઉર ધારીયાં. મેં જા૦ ૪

પદ ૮૦૫ મું-રાગ ઠુમરી

મેરા તો મન માધોજીસું માનારે; મેરો૦ ટેક.
મન માના ધનશ્યામ નાથસું, તજ દીયા ઓર ઠીકાના. મેરો૦ ૧
અખિલભુવનપતિ લખી પુરુષોત્તમ, ધર્મકુંવર ઉર આના. મેરો૦ ૨
સુખસાગર હરિકૃષ્ન મણિ તજી, કો ગ્રહે કાચ પખાના. મેરો૦ ૩
પ્રેમાનંદ ધનશ્યામ ચરનપર, ત્રિભુવન કીયો કુરબાના. મેરો૦ ૪

પદ ૮૦૬ ઠું

મેરે તો મન બસી ગયો માધોરે; મેરે૦ ટેક.
માધવ મધુસૂદન ધર્માત્મજ, કૃષ્ન જગતપતિ જાદો. મેરે૦ ૧
કીની કૃપા કમલાવર કેશવ, અમૃત વરસો ભાદો. મેરે૦ ૨
કીયો પાન અમૃતરસ માધો, દૂર કીયો જગ કાદો. મેરે૦ ૩
પ્રેમાનંદ ભયો કરતારથ, મીલ ગયે સાચે સાધો. મેરે૦ ૪

પદ ૮૦૭ મું

મેરે તો પરમેશ્વર સ્વામીરે; મેરે૦ ટેક.
ભક્તિધર્મસુત શ્રીપુરુષોત્તમ, અક્ષરધામકે ધામી. મેરે૦ ૧
ભવસાગરતેં કાઢી લીયો મોયે, બાંહ પકરી બહુનામી. મેરે૦ ૨
અધર્મ મૂલ ઉખારન પ્રગટે, ઈશ્વર અંતરજામી. મેરે૦ ૩
પ્રેમાનંદકે પ્રાનનાથ પ્રભુ, ગોવિંદ ગરુડગામી. મેરે૦ ૪

પદ ૮૦૮ મું

જપું મેં યાકે નામકી માળારે; જપું૦ ટેક.
નીલકંઠ હરિકૃષ્ન કૃષ્નહરિ, નારાયણ ધર્મલાલા. જપું૦ ૧

થાપન ધર્મ અધર્મ ઉથાપન, કલિમેં પ્રગટે કૃપાલા. જપું૦ ૨
અધમઓધાર પતિતજનપાવન, દીનાનાથ દયાલા. જપું૦ ૩
પ્રેમાનંદ તારન ભવસિંધો, મેટન ભવ જંજાલા. જપું૦ ૪

પદ ૮૦૯ મું–રાગ ઠુમરી

મેરે એક આસરા તેરારે, ધરમકુંવર મહારાજ રાજ; મેરે૦ ટેક.
મેં ચાકર તેરે ચરનકમલકા, તેં પરમેશ્વર મેરારે. ધર્મ૦ ૧
તેરે ચરન શરન બીનું સ્વામી, કઉં સુખ નહીં હેરારે;
સ્વર્ગ મૃત્યુ પાતાલ દશો દિશ, સબહી કાલને ઘેરારે. ધર્મ૦ ૨
ત્રિભુવન ભ્રમત ભ્રમત પચી હાર્યો, પાયો મેં દુઃખ ઘનેરારે;
અચલ નિકેત એક નહી પાયો, તુમ બીના ધર્મકિશોરારે. ધર્મ૦ ૩
અમરપતિ નર નાગ અસુર સુર, સબ માયાકે ચેરારે;
પ્રેમાનંદ જાની સબ દુઃખમય, દીયો* ચરન તેરે ડેરારે. ધર્મ૦ ૪

પદ ૮૧૦ મું

તેરે દ્વારે પર્યો ગુન ગાઉંરે, ધર્મકુંવર ઘનશ્યામ નાથ; તેરે૦ ટેક.
અધમઓધાર શરણાગતપાલક, નાથ રહું તેરા નાઉંરે. ધર્મ૦ ૧
અખિલલોકપતિ પરમ પુરુષ તુમ, તુમકું ગાઈ રીઝાવુંરે;
તુમ બીના તુમ મોયે ઓર ન દૈયો, યેહી મોજ મેં પાઉંરે. ધર્મ૦ ૨
કરો ક્ષમા અપરાધ નાથ મેરો, શ્યામ તેરી બલજાઉંરે;
યેહી બીનય મેરા કરુનાસાગર, ઓર કછુ નહી ચાઉંરે. ધર્મ૦ ૩
નિત્ય નિત્ય નીરખું વદન કમલ છબી, ઉરમહીં આનંદ વટાઉંરે;
પ્રેમાનંદ યેહી વર માંગત, દાસ રાવરો કહાઉંરે. ધર્મ૦ ૪

પદ ૮૧૧ મું

મેરે તુમ બીના ઓર ન કોઈરે, સત્ય કહું સોં ખાઈ નાથ; મેરે૦ ટેક.
પરમ પુરુષ તેરે ચરન કમલતેં, દૂર ના તજી હો મોઈરે. સત્ય૦ ૧
નાથ તુમારે જન એકાંતિક, તીનસું પ્રીતિ હોઈરે;
દૂર કરો મેરી ઇતર વાસના, રહું રૂપ તવ જોઈરે. સત્ય૦ ૨

---

* "કીયો" પાઠાન્તર.

કોન પુન્યતેં પ્રાપ્ત ભયે પ્રભુ, અબ ના તજીહું તોઇરે;
દુર્લભ દેવ નિગમ તોયે ગાવત, શ્યામ મીલે મોયે સોઇરે. સત્ય૦ ૩
દીનાનાથ દીનકી બીનતી, સુની રાખો ઉર ગોઇરે;
પ્રેમાનંદ કહે ચરન ચિહ્ન છબી, રહું નેનનમેં પ્રોઇરે. સત્ય૦ ૪

પદ ૮૧૨ મું

ધર્મકુંવર કરુનાનિધાન, એક સુનીયો બીનતી મેરીરે; ધર્મ૦ ટેક.
અખંડ રહે મેરે નેનકે આગે, નાથ મૂરતી તેરીરે. ધર્મ૦ ૧
યેહી સાધન મેરે પરમ ચતુર વર, રહું સુંદર છબી હેરીરે;
પરીહરી ઔર બીચાર બાંહબલ, હોઈ રહું તેરી ચેરીરે. ધર્મ૦ ૨
સુંદરશ્યામ કામમદમોચન, બસન ભુષન તન પે'રીરે;
નવલાકશોર મનોહર સુંદર, રહો અખંડ દ્રગ હેરીરે. ધર્મ૦ ૩
સુંદર બદન કમલ છબી નીરખું, જયું ચકોર ચંદ કેરીરે;
પ્રેમાનંદ કહે નાથ રહો મોરે, નેનનમેં રંગ લેરીરે. ધર્મ૦ ૪

પદ ૮૧૩ મું-રાગ ઠુમરી

ભક્તસોં અધિક આન કોઉ નાહી, હરિકે ભક્તસાં અધિક
આન કોઉ નાહી, યેહી સ્વભાવ સદાઈ; ભક્ત૦ ટેક.
કૃષ્ન કૃપાળ ભક્તકે કારન, દેહ ધરતહે આઈ;
કૃપાસિંધુ ભક્તકે પાછે, ફીરત જયું દેહકી છાઈ. ભક્ત૦ ૧
તનીક કષ્ટ કોઉ દેત ભક્તકું, દેખીકે જાત દુખાઈ;
તાકો મૂલ ઉખારી હરિવર, કરત ભક્તકી સહાઈ. ભક્ત૦ ૨
અમરીષ નીજ ભક્તકું દીનો, દુઃખ દુર્વાસા જાઈ;
તાકે પાછે છોડી સુદરશન, જાઇરી કેકુક પરાઈ.* ભક્ત૦ ૩
ખંભ ફારી હરનાકુસ માર્યો, લીયો પ્રહ્લાદ બચાઈ;
પ્રેમાનંદ શ્રીધર્મકુંવરકી, ભક્તવત્સલતા ગાઈ. ભક્ત૦ ૪

પદ ૮૧૪ મું

કરત હરિ હરિજનકી રખવારી, કરત હરિ હરિજનકી રખવારી;
સદય રુદય સુખકારી; કર૦ ટેક.

---

* સ્પષ્ટ નથી. તેને જ પગે પડાવ્યો એવા અર્થમાં કાંઈ હોવું જોઇએ.

નીજ જન કારન સદા સાંવરો, સહત કષ્ટ અતિ ભારી;
કરત સહાય સદા નીજ જનકી, રૂપ વિધ્ર વિધ ધારી. કર૦ ૧
બુડતહી વ્રજ રાખી લીયો હરિ, અહિ નાથ્યો ગહી કારી;
કુંતીસુતહીત લઈ લરાઈ, રથ ચઢી કૃષ્ન મોરારી. કર૦ ૨
બાંધી સેતુ સિંધુપર મહાબલ, કપિ સંગ કીની યારી;
મહા સંગ્રામ કરી હરિ સીતા, લાયે લંકપતિ મારી. કર૦ ૩
ધર્‍યો રૂપ નરસિંઘ ભક્તહીત, બલી છળ્યો હોય ભીખારી;
પ્રેમાનંદ ઘનસ્યામ તીહારી, કરુનાપર બલિહારી. કર૦ ૪

પદ ૮૧૫ મું

હરિ તુમ સાચે ગરીબનિવાજ, હરિ તુમ સાચે ગરીબનિવાજ;
યહ સત્ય જાની મેં આજ; હરિ ટેક.
કષ્ટ સમે જાય સદ્ય છુરાયો, આતુર હોઈ ગજરાજ;
કૌરવ કુટીલ સભામેં રાખી, જાય દ્રુપદીકી લાજ. હરિ૦ ૧
જાય જરાસંધ મથી મહાબલ, છોડે ભુપ સમાજ;
સોલ સહસ્ત્ર કન્યા રાજનકી, સાર્‍યો તીનકો કાજ. હરિ૦ ૨
જીમે જાય વિદુર ઘર ભાજી, તજી કૌરવ સુખ સાજ;
રંક સુદામા કીયો ઈંદ્ર સમ, જય જય કૃપાજહાજ. હરિ૦ ૩
દીનાનાથ દીનકે બંધુ, શિવ બ્રહ્મા શિરતાજ;
પ્રેમાનંદ દીનકું દરસન દેકે, આજ મીટાવો દાજ. હરિ૦ ૪

પદ ૮૧૬ મું

શરનાગત સુખખાની, હરિ તુમ શરનાગત સુખખાની;
યહ રીત રાવકી જાની; હરિ૦ ટેક.
મન ક્રમ વચ કરી કપટ રહિત કોઉ, આવત શરને પ્રાની;
બીન સેવા બીન સાધન તાપર, દ્રવતહો સારંગપાની. હરિ૦ ૧
અવિનાશી સુખ દેત કરત તાકી, ઇતર વાસના હાની;
શુદ્ધ કરી સેવામેં રાખત, ગિરિધર છેલ ગુમાની. હરિ૦ ૨
એકાંતિક હોય સેવત તુમકું, તુમ સંગ લગની લગાની;
તાસું તુમ નહીં રાખત મહાપ્રભુ, કોઉ બાત કછુ છાની. હરિ૦ ૩

મેરે મનમેં યેહી વાસના, સુફલ કરો સુખદાની;
પ્રેમાનંદ કહે અખંડ રહો દ્રગ, ટારો વાસના આંની. હરિ૦ ૪

પદ ૮૧૭ મું-રાગ ઠુમરી

હમારે ભક્તિ ધર્મસુત શ્યામ, હમારે૦ એજું પ્રગટ ભયે
સુખધામ; હમા૦ ટેક.
દિવ્ય ભુવનપતિ, દિવ્ય તનુ અતિ, દિવ્ય નીલકંઠ નામ. હમા૦ ૧
દિવ્ય ચંદન અંગ, દિવ્ય સખા સંગ, દિવ્ય જનકે વિશ્રામ. હમા૦ ૨
દિવ્ય પુષ્પ ધરી, દિવ્ય હસત હરિ, દિવ્ય ભજે આઠો જામ. હમા૦ ૩
દિવ્ય પાઘ બાંધે, દિવ્ય શાલ કાંધે, પ્રેમાનંદ વારી કોટી કામ. હમા૦ ૪

પદ ૮૧૮ મું

બેઠે દિવ્ય સભાપતિ રાય, બેઠે૦ એજું નીરખત સબ દુઃખ જાય; બેઠે૦ ટેક.
દિવ્ય સિંહાસન, દિવ્ય સુખાસન, દિવ્ય તેજકે માંય. બેઠે૦ ૧
દિવ્ય રમાપતિ, દિવ્ય કરત રતિ, દિવ્ય ચરન ચીત લાય. બેઠે૦ ૨
દિવ્ય રતન જરે, દિવ્ય મુગટ ધરે, દિવ્ય પરત નીત પાય. બેઠે૦ ૩
દિવ્ય છત્ર ધરે, દિવ્ય ચમર ઢરે, પ્રેમાનંદ આગે ગાય. બેઠે૦ ૪

પદ ૮૧૯ મું

હમારે સતસંગકે ઉજીયારે, હમારે૦ એજું સહજાનંદ પ્રાન પ્યારે; હમા૦ ટેક.
ભવ બિરંચી, સનકાદિક નારદ, છીન છીનમેં પ્રાન વારે. હમા૦ ૧
ત્રિભુવનનાયક, સબ સુખદાયક, જુગ જુગ પ્રતિ તનુ ધારે. હમા૦ ૨
થાપત ધર્મ, અધર્મ ઉથાપત, ગૌબ્રાહ્મણ પ્રતીપારે. હમા૦ ૩
ધર્મ સુનંદન, સબ જગબંદન, પ્રેમાનંદકે દ્રગ તારે. હમા૦ ૪

પદ ૮૨૦ મું

હમારે ભક્તિધર્મસુત પ્રાન, હમારે૦ એજું કેશવ કૃપાનિધાન. હમા૦ ટેક.
પ્રાન હમારે, જીયસોં ન્યારે, હોન ન દેહો કહાન. હમા૦ ૧
ભક્ત સુરંજન, ભવદુઃખભંજન, ગંજન રીપુકો માન. હમા૦ ૨
કૃપાસિંધુ, દીનકે બંધુ, ગાવત વેદ પુરાન. હમા૦ ૩
યેહી છબી ભાવત, નીશદિન ગાવત, પ્રેમાનંદ ગુન ગાન. હમા૦ ૪

પદ ૮૨૧ મું–રાગ ઠુમરી ખ્યાલ

અંખીયા ફરકન લાગીરે, અબરે સૈંયાં મોરી; અંખી૦ ટેક.
દ્રગ ફરકત મોરી અંગીયાં તરકત, સખી મેં સોવત જાગીરે. અબ૦ ૧
સગુણ* હોત મોયે પીયા મીલનકે, પ્રેમ અંગ અનુરાગીરે. અબ૦ ૨
લ્યાવે વધાઈ કોઈ પીયા આવનકી, દેઉં મોજ મુખ માગીરે. અબ૦ ૩
પ્રેમાનંદ કહે હરિકૃષ્ણ કુંવર છબી, નીરખું મેં નેણા આગીરે. અબ૦ ૪

પદ ૮૨૨ મું

તનકી તપત ગઇરે, અબરે ગુઇયાં મોરી; તન૦ ટેક.
નંદકુંવર મોયે અંક ભરી ભેટે, છતિયાં શીતલ ભઇરે. અબ૦ ૧
રસ ભરી મૂરત દ્રગ ભરી દેખી, પલકે પરત નઇરે. અબ૦ ૨
મીલી પીયા સુખપૂર આનંદ ન માત ઉર, બાત ન જાત કઇરે. અબ૦ ૩
પ્રેમાનંદ રંગભીની આનંદી કરદીની, મુખકો તંબોલ દઇરે. અબ૦ ૪

પદ ૮૨૩ મું

નેહરો નિભાય લીજેરે, અબરે છેલા મેરો નેહરો; નેહ૦ ટેક.
સુની અરજી અબલાકી કેશવ, અખંડ દરશ દીજેરે. અબ૦ ૧
પ્રાણનાથ મોયે રાખો ચરણમેં, કબહુ ન દૂર કીજેરે. અબ૦ ૨
પ્રેમ સુધારસ અપને જનકો, પ્રીતસું પ્યારે પીજેરે. અબ૦ ૩
પ્રેમાનંદ પ્રભુ દેત આશિશ નીત, કોટી બરિસોં જીજેરે. અબ૦ ૪

પદ ૮૨૪ મું

લેવું બલૈયાં તેરીરે, અબરે કનૈયા મોરા; લેવું૦ ટેક.
મેં તોરી દાસી પીયા ચરણ કમલકી, તુમહો જીવન દોરીરે. અબ૦ ૧
નીરખું બદન છબી ચંદ જયું ચકોરી, એક ટક દ્રગ જોરીરે. અબ૦ ૨
બહી જાતી ભવ પૂરમેં આયકે, પકરી બૈયાં મોરીરે. અબ૦ ૩
કહા બરનું કરુણા કમલાવર, પ્રેમાનંદ મત થોરીરે. અબ૦ ૪

પદ ૮૨૫ મું–રાગ ઠુમરી ખ્યાલ

રે સનેહી નેહા ભુલી ના જેયો રે; રે સ૦ ટેક.
ઓરસેં તોરી તુમ સંગ જોરી, કરી તન ધન તૃણ તૂલી. ના જે૦ ૧

---

* શુકન.

મન ક્રમ વચ વિશ્વાસ આની ઉર, દૃઢ કરી ગહી પદ મૂલી. ના જૈ૦ ૨
સબહી પ્રકાર સુખદ તુમકું લખી, કીયો ત્રિભુવન સુખ શૂલી. ના જૈ૦ ૩
પ્રેમાનંદ કહે પ્રભુ અબ ના છોડું, શ્યામ રીરંગી સંગ ફૂલી. ના જૈ૦ ૪

પદ ૮૨૬ મું

રે લગની દિન રાત લગી રહીરે; રે લ૦ ટેક.
જબતેં શ્યામ સીધારે તબતેં, ના પઠઈ કોઈ પાતી. લગી૦ ૧
બાલાપનેકી પ્રીતિ પ્યારે, બીસરે બાલ સંગાતી. લગી૦ ૨
બીરહા સતાવે કછુ ના સોહાવે, જરત રેન દિન છાતી. લગી૦ ૩
પ્રેમાનંદકે નાથકી પ્યારી, કર મીડત પીછતાતી. લગી૦ ૪

પદ ૮૨૭ મું

રે સાંવરીયા તોરી દાસી દીન ભઈરે; સાંવ૦ ટેક.
ઇતનો સંદેશો જાય કહો કોઈ, શ્યામસુંદરકે પાસી. દીન૦ ૧
કોનહી ચૂક બીસારી પ્યારે, ચરનકમલ વિશ્વાસી. દીન૦ ૨
ખાન પાન તજી ચીતવે ચરણુ છબી, બન બન ફીરત ઉદાસી. દીન૦ ૩
પ્રેમાનંદકે નાથ સુધ લીજે, દીજે દરસ અવિનાશી. દીન૦ ૪

પદ ૮૨૮ મું

રે વિદેશી સુધ મોરી બિસરી ગયોરે; વિદે૦ ટેક.
જાય લોભાય ભયો દાસી વશ, પ્રીત પુરાની તોરી. બિસ૦ ૧
મીલી કો ઠગારી સોક હમારી, ચંચલ નેન ચકોરી. બિસ૦ ૨
પહેલે હમસું એ નિરદૈયાં, કીની પ્રીત બરજોરી. બિસ૦ ૩
પ્રેમાનંદકો પ્યારો નેનાકો તારો, યાર હે મતલબકોરી. બિસ૦ ૪

પદ ૮૨૯ મું–રાગ બીહાગની ઠુમરી

પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટેરે; પ્યારે૦ ટેક.
લગી હે પ્રીત તોસું શ્યામસુંદર જેસે હીરા ફોરચો ન ફૂટેરે. પ્યારે૦ ૧
સમજી વિચારી પ્યારે તોસું જોરી કાહુકી તોરાઇ ન તૂટેરે. પ્યારે૦ ૨
જોરી પ્રીત જાની સાચે સનેહી ઓર સનેહી સબ જૂઠેરે. પ્યારે૦ ૩
પ્રેમાનંદકે પ્યારે અબ ના છોડુ છાને જગત શિર ફૂટેરે. પ્યારે૦ ૪

પદ ૮૩૦ મું

તોરી મોરી લગની લાગીરે લાલા; તોરી૦ ટેક.
લાગી લગન તોસેં જીવન જેસેં સોના મીલત સોહાગીરે. લાલા૦ ૧
લગન લગત મેરો સુફલ જનમ ભયો દુરમતિ સબ દૂર ભાગીરે. લાલા૦ ૨
શ્યામ મીલત સબ કાજ સુધરી ગયો બાત બની ગઈ આગીરે. લાલા૦ ૩
પ્રેમાનંદકે નાથ અખંડ રહો દ્રગ યેહી દેહો મોજ માગીરે. લાલા૦ ૪

પદ ૮૩૧ મું

તોસું મોર મનવા માન્યોરે પ્યારે; તોસું૦ ટેક.
મન ક્રમ બચ અબ ભઇહું તીહારી અંતર રંચ ન આન્યોરે. પ્યારે૦ ૧
પરમ સત્ય એક શ્યામસુંદર તુમ ઓર સ્વપન સમ જાન્યોરે. પ્યારે૦ ૨
મન માન્યો મોહન તુમ ચરને સબ જગસું પછતાન્યોરે. પ્યારે૦ ૩
પ્રેમાનંદકે નાથ અબ ના છોડું ચરને ચીત અટકાન્યોરે. પ્યારે૦ ૪

પદ ૮૩૨ મું

તોરા મોરા જીયરા એકરે પ્યારે; તોરા૦ ટેક.
તુમજું રહત મોરે જીયમેં જેસે કાચમેં કંચન રેખરે. પ્યારે૦ ૧
તુમ તો પ્યારે મોરે જીયકે જીવન સબ વિધિ સુખદાયેકરે. પ્યારે૦ ૨
તુમ મેરે સ્વામી મેં ચેરી ચરનકી યેહી અચલ મેરી ટેકરે. પ્યારે૦ ૩
પ્રેમાનંદકે નાથ ચરનતેં દૂર ન રહુંગી મેં નેકરે. પ્યારે૦ ૪

પદ ૮૩૩ મું–રાગ તીલાના

તાદીમ્ તનનામ્ તાદીમ્ તનનામ્ તાદીમ્ તાના તાદીમ્ તનનામ્;
યે તીલાના સુનો સકલ શુભ ગુની જન, ઇસકી જો સમજ બુઝ સાધી;
સકલ બીધી વારવાર શું સમજી બિચારીકે દીલોંકે બીચ મન નામ્. તા૦ ૧
ઓર જો અકલવંત ગુનીજનસું મીલી ગુનીસું ગુનનકી
સમુજ લે ભલી ભલી;
ઓર જો અનેક બાત ગુનીનકે ઘરકી સમુજી સાધીલે
અપને અરથકી;
જહાં જહાં જહાં જહાં પાવે મોજ ગુનીજન મજલસમેં પ્રેમ
મગન ઉન ગુનીસું ગનનામ્. તા૦ ૨

પદ ૮૩૪ મું

તાનુમ્ તાદીરે તાનુમ્ તાદીરે તાનુમ્ તાદી તાનુમ્ તાદીરે;
હોય તું ઉલાસ હું ખુલાસ દીલ ખુસી હું મેં, અવલ ઉસ્તાદ પાસ;
ભલી ભાતસું તજી ગુમાની માન તાન તીલાનેકી સકલ
વિધ સાધીરે. તા૦ ૧
ઓર જો અનેક રૂપ રાગ રંગ તાલ તાન પાવત સયાન
નિજ બુદ્ધિહુંકે પરમાન;
કેતેહુંકે પાસ વિદ્યા વાદ વિવાદ સાંધી, કેતેહુંકે પાસ વિદ્યા
આદ અનાદીરે;
યુંહી વિચારી યુંહી વિચારી શુદ્ધ સંગત શુદ્ધ બાનીહુંસે;
ગાવના પ્રેમપૂરન ગુન ગાયલે અગાધીરે. તા૦ ૨

પદ ૮૩૫ મું–રાગ દાદરા

હો સાંવરા સોભા બરની ન જાઈ; હો સાં૦ ટેક.
છબી બરનત ઘનસ્યામ તિહારી, શેષ સારદા સકુચાઈ. હો સાં૦ ૧
અખિલભુવનકી સુંદરતા સબ, ઉદય ભઈહે આઈ. હો સાં૦ ૨
નીરખી નટવરનાગર શોભા, રતિપતિ મતિ ભરમાઈ. હો સાં૦ ૩
પ્રેમાનંદ હરિકૃષ્ણ નવલ છબી, બરનતહેં પુલકાઈ. હો સાં૦ ૪

પદ ૮૩૬ મું

હો બલમા બદન કમલપર વારી; હો બ૦ ટેક.
મનમથ કોટીક વારુ બદન પર, ઉડુપતિ લાખ હજારી. હો બ૦ ૧
હસની ચલની ચીતવની સુંદર, દેખી મોહી બ્રજનારી. હો બ૦ ૨
સિંધુસુતા રતિ સચી ગિરીજા સતી, બાંનકપર બલહારી. હો બ૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામકુંવર છબી, નીત રાખત ઉર ધારી. હો બ૦ ૪

પદ ૮૩૭ મું

હો રસિયા રાજીવ નેના સલોને; હો ર૦ ટેક.
ચંચલ ચીતવની દેખી લજાને, ખજન મીન મ્રગ છોને. હો ર૦ ૧
અંબુજ લોચન રસ ભરી રેખેં, અતિ અનીયારે ઓને. હો ર૦ ૨

તરુણુ ત્રિયા મનહરન મનોહર, અંજન બીચ ભરે ટોને. હો ર૦ ૩
પ્રેમાનંદ કહે પલ ન બીસારું, જો અબ હોયેગી સો હોને. હો ર૦ ૪

પદ ૮૩૮ મું—રાગ દાદરા

મેં જાની પીયા મોરા રે પીયા મોરા; મેં જા૦ ટેક.
કોન કોનકે દીલમેં બસીયા, કોનસું જીયરા જોરારે. પીયા૦ ૧
સાંવરા ગુમાની પ્રીત નહી છાની, અબ હમસું નેહા તોરારે. પીયા૦ ૨
સાચી કહો ઘનશ્યામ સનેહી, કોન બસ ભયે ચીતચોરારે.* પીયા૦ ૩
પ્રેમાનંદ હરિકૃષ્ણ છબી તેરી, ચીતવત ચંદ જ્યું ચકોરારે. પીયા૦ ૪

પદ ૮૩૯ મું

અબ કોન તોસે જોરેરે જીયા જોરેરે; અબ૦ ટેક.
કોટી જતન કરી જોરે સનેહા, છીન એકમેં લે તોરેરે. જીયા૦ ૧
કરત હો પ્રીત મીત મતલબકે, અરથ સાધી રહો કોરેરે. જીયા૦ ૨
પહેલે પાય સુધારસ મોહન, પીછેતે બીખ ઘોરેરે. જીયા૦ ૩
પ્રેમાનંદ કહે હરિ હમારે એક તુમ, તુમરે તો લાખ કરોરેરે. જીયા૦ ૪

પદ ૮૪૦ મું

મેં ભુલી નેહા કીનોરે નેહા કીનો; મેં ભુ૦ ટેક.
કીનો નેહ તોસેં રહી મેં ભરોસેં, તુમ તો તુરત છેહ દીનોરે. નેહા૦ ૧
સાંવરા ગુમાની એસી નાહી જાની, સબ સુખ મેરો હરલીનોરે. નેહા૦ ૨
શ્યામબીહારી બીનું મોત મારી, બેદરદી રંગ ભીનોરે. નેહા૦ ૩
પ્રેમાનંદકે પીયા તુમ બીના મેરો જીયા, જેસેં જલ બીના મીનોરે. નેહા૦ ૪

પદ ૮૪૧ મું

મેં તોસેં પ્રીત જોરીરે પ્રીત જોરી; મેં તો૦ ટેક.
ભઈ મેંતો દાસી પરમ વિસવાસી, યેહી ચૂક પીયા મોરીરે. પ્રીત૦ ૧
તુમ અલબેલે અંતર મેલે, મેંતો પીયા મતિ ભોરીરે. પ્રીત૦ ૨
હમસું તોરી અંત જાય જોરી, કહા હમ કીની ચોરીરે. પ્રીત૦ ૩
પ્રેમાનંદ કહે વારી નાથ તિહારી, દગાબાજી નહીં થોરીરે. પ્રીત૦ ૪

---

* "કોન બસ ગઈ ચીત તોરારે" પાઠાન્તર છે.

પદ ૮૪૨ મું–દોહા

નિર્વિકલ્પ અતિ ઉત્તમ, નિશ્ચય તવ ઘનસ્યામ;
માહાત્મ્ય જ્ઞાન જુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ. ૧
મોહીમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતકો, સુનીયો ધર્મકુમાર. ૨
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહી હોય;
એકાંતિક તવ દાસકો દીજે સમાગમ મોય. ૩
નાથ નિરંતર દરસ તવ, તવ દાસનકો દાસ;
એહી માંગું કરી વિનય હરિ, સદા રાખીયો પાસ. ૪
હે કૃપાળુ હે ભક્તપતિ, ભક્તવત્સલ સુનું બાત;
દયાસિંધુ સ્તવન કરી, માંગુ વસ્તુ સાત. ૫
સહજાનંદ મહારાજકે, સબ સત્સંગી સુજાન;
તાકું હોય દઢ વતનો, શિક્ષાપત્રી પ્રમાન. ૬
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિગતી કહતહું, સુનીયો સબ ચિત્ત પ્રોય. ૭
*હિંસા ન કરની જંતકી, પરત્રિય સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડ ભાગ. ૮
વિધવાકું સ્પર્શત નહિ, કરત નહિ આતમઘાત;
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઉકું લગાત. ૯
નિંદત નહીં કોઈ દેવકું, બીન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનતેં, કથા સુની નહી જાત. ૧૦
એહી વિધિ ધર્મકે† નિયમમેં, બરતો સબ હરિ દાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આસ. ૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગ જીત. ૧૨

---

* "હિંસા ન કરની કાહુકી" "કરની ન હિંસા જંતુકી" પાઠાન્તરો ગવાય છે.

† "એહી વિધિ સબ નિયમમેં" પાઠાન્તર.

પદ ૮૪૩ મું–દોહા

જય જય મંગલ કરન પ્રભુ, મંગલમય તવ નામ;
હરત અમંગલ ભક્તકે, શ્વેતભુવનપતિ શ્યામ. ૧
જટા છત્ર મૃગ ચમર ધર, ઉર્ધ્વ બાહુ મૃદુ હાસ;
નીજ જનહીત નીત કરત તપ, જય જય મૂર્તિ પ્રકાસ. ૨
શ્વેતાભિધ નીજ દ્વીપપર, મુનિ વૃંદ લીયે સાથ;
ઉર્ધ બાહુ રત ઉગ્ર તપ, કરત નિરંતર નાથ. ૩
એકાંત ધર્મ આશ્રિત સદા, શ્વેત પુરુષ નીજ દાસ;
તિનકી તુમ પ્રભુ કરત સદા, ઈતર વાસના નાસ. ૪
શ્વેતાંબર સુસ્મિત વદન, શ્વેત સુલેપન અંગ;
શ્વેત ભુવન રાજત સદા, શ્વેત પુરુષકે સંગ. ૫
સદાનંદ અરવિંદ પદ, પ્રફુલ્લિત વદન સરોજ;
દયા સુધા પૂરીત નયન, મોહીત કોટી મનોજ. ૬
શ્વેત નામ તવ શ્વેત વપુ, શ્વેત પુષ્પ ઉર હાર;
શ્વેત પુરુષ વલ્લભ સદા, શ્વેત બંધુ કરતાર. ૭
શાંત સદા તેજોમય, મુક્ત નિરંજ અપાર;
પૂજત ચરન સરોજ તવ, લીયે વિવિધ ઉપચાર. ૮
કોટીક ઈંદુ કાંતિ સમ, શોભીત સદા સુરેશ;
કલાનિધિ નૈષ્ઠિક પ્રભુ, જય જય વર્ણિ વેષ. ૯
શાંતી દાંતી જપ તપ કરી, હોત હો પ્રગટ અનૂપ;
ચતુ સનાનંદન* સુખદ, જય જય શાન્ત સ્વરૂપ. ૧૦
જુગ જુગ પ્રતિ પ્રભુ ધરતતુમ, લીલા રૂપ અપાર;
ભક્તિ સહિત સદા ધર્મકો, પાલત વારમવાર. ૧૧
નીજ આશ્રીતકુ બ્રહ્મ ગતિ, દેત હો શ્યામ સુજાન;
પ્રગટત પ્રતિ યુગ નાથ તુમ, નીજ જ્ઞાન કમલકે ભાન. ૧૨

---

* આ લીટી અર્થ વગરની લાગે છે. પણ "ચતુરાનંદપ્રદ સુખદ" એવો પાઠ હોય તો અર્થ સંભવે છે. ચારે પ્રકારના આનંદને આપવાવાળા, સુખને દેવાવાળા.

કર્મપાસ નાનાવિધિ, બાંધે જીવ અનંત;
મુક્તિ કારન તુમહિં હો, સહજાનંદ ભગવંત. ૧૩
સુપર્ણ* તુમ યોગેશ્વર, ધર્મવંશ પ્રતિપાલ;
હંસ વિષ્નુ મહાપુરુષ તુમ, પૂરન પરમ દયાલ. ૧૪
વૈકુંઠ સત્ય અક્ષર તુમ, પુરુષોત્તમ પદ શ્યામ;
બ્રહ્મલોકપતિ નાથ તુમ, નીલકંઠ સુખ ધામ. ૧૫

પદ ૮૪૪ મું-રાગ ધોળ

ધર્મકુવર હરિકૃષ્ન ચરણુ નખ ચંદ્રને,
મન કર્મ વચને વંદુ વારમવારજો;
આ અવસર અલબેલાજી અઢળક ઢળ્યા,
કરવા વહાલો અનેક પતિત ભવપારજો. ધર્મ૰ ૧
શું કહી વર્ણવું પાવન પ્રથિત પ્રતાપને,
ભવ બ્રહ્મા શેષ નિગમ નેતિ કહી ગાયજો;
અક્ષરનિવાસી મુક્ત પૂજે જેની પાદુકા,
અખીલભુવનપતિ શ્રીપુરુષોત્તમરાયજો. ધર્મ૰ ૨
સદા સાકાર છે દિવ્ય નરાકૃતિ નાથજી,
માયા કાળ પુરુષના પ્રેરક એહજો;
જગત જન્મ પાલન લય લીલા જેહની,
તે અવિનાશી ધર્યો સુંદર નર દેહજો. ધર્મ૰ ૩
ઉપનિષદના શિર ઉપર જે શોભતા;
રમારમણ શ્રીઅક્ષરપર અવિનાશજો;
અનેક અધમ ઓધાર્યાની દીક્ષા ગ્રહી,
પ્રેમાનંદકે આવ્યા ધર્મનિવાસજો. ધર્મ૰ ૪

પદ ૮૪૫ મું

પરમ પુરુષ પુરુષોત્તમ પૂરણકામ છે,
દિવ્યાકાર સ્વરાટ સદા ઘનશ્યામજો;

* "સુવર્ણ" પાઠાન્તર.

એકાંતિકજનવલ્લભ શ્રીઅક્ષરપતિ,
વાસુદેવ વિષ્ણુ નારાયણ નામજો. પરમ૦ ૧
અનંત કલ્યાણકારી ગુણમંડીત વિગ્રહ,
અનંત શક્તિધર અનંત પ્રતાપ નિવાસજો;
અનંત કલાનિધિ અનંતભુવનપતિ શ્રીહરિ,
ભક્તિધર્મસુત કૃષ્નહરિ અવિનાશજો. પરમ૦ ૨
ક્ષર અક્ષરના જીવન પ્રાણપતિ પ્રભુ,
અવતારીએ છે આજ ધર્યો અવતારજો;
દિવ્યપણામાં મનુષ્યપણું પ્રગટ કર્યું,
મનુષ્યથકા છે દિવ્ય સદા સાકારજો. પરમ૦ ૩
નિર્ગુણ સગુણ બે શક્તિ છે પોતાની;
કર્તાથકા છે અકર્તા જોગનિધાનજો;
નિરાકાર સાકાર કલાનિધિ શ્રીહરિ,
પ્રેમાનંદનો સ્વામિ શ્રીભગવાનજો. પરમ૦ ૪

પદ ૮૪૬ મું

એવા શ્રીહરિ સ્વામિ સહજાનંદજી,
દિવ્ય સગુણ સાકાર દિવ્ય કલાનિધિ નાથજો;
દિવ્ય શક્તિપતિ પુરુષોત્તમ પ્રગટ થયા,
દિવ્ય મુક્ત લઇને આવ્યા હરિ સાથજો. એવા૦ ૧
આવીને નીજ દિવ્ય પ્રતાપ પ્રગટ કર્યો,
થાપ્યો ધર્મ એકાંતિક અવનીમાંયજો;
આચરજકારી અનંત ચરિત્ર નવ જાય કહ્યાં,
શેષાદિક કવિ નિત્ય નવા કેટલાંક ગાયજો. એવા૦ ૨
ધ્યાન ધારણા સમાધી બહુ ભાંતની,
નવ જાણે કોઈ મુક્ત મુનિવર દેવજો;
અનંત જીવના એક કાળે પ્રાણ તાણવા,*
દેખાડે નીજધામ અનંત તતખેવજો. એવા૦ ૩

* "તાણીને" પાઠાન્તર છે.

અંતકાલે ધરી અનંતરૂપ શ્રીનાથજી,
તેડવા જાયે નીજ જનને મહારાજજો;
ગરુડ વિમાન અશ્વ ગજ રથ લઈ પાલખી,
પ્રેમાનંદનો સ્વામી ગરીબાનવાજજો. એવા૦ ૪

પદ ૮૪૭ મું

સ્વામિનારાયણ આજ પ્રગટ મહા મંત્ર છે,
શ્રવણે સાંભળતાં કંપે દિનકર દૂતજો;
ભવનાં બંધન સદ્ય કાપી સુખીયાં કરે,
શું કહી દાખું મહીમા અતિ અદભૂત જો. સ્વામિ૦ ૧
અનેક પતિત ઓધાર્યા પૂરવે આ મંત્ર થકી,
અજામેલ ગનીકા આદિક અપારજો;
તે મંત્ર આજ મહારાજે પ્રગટ કર્યો,
કલિમાં કરવા અનેક પતિત ભવ પારજો. સ્વામિ૦ ૨
સકામી જન સુમરી પામે ત્રિવર્ગને,
નિષ્કામી જન પામે પદ નિર્વાણજો;
નામતણા નામી સ્વામિ પ્રગટ મલ્યા,
તે જનના શું કરું મુખે વખાણજો. સ્વામિ૦ ૩
ભવ બ્રહ્મા મુનિ મુક્ત જપે આ મંત્રને,
તે સહુ પામ્યા મન વાંછીત સુખ સાજજો;
પ્રેમાનંદ કહે કર જોડી સહુ જનને,
ભૂલશો માં અવસર આવ્યો છે આજજો. સ્વામિ૦ ૪

પદ ૮૪૮ મું-રાગ ધોળ

વંદું ધર્મકુંવર હરિકૃષ્ણનેરે, લાગું પ્રગટ પ્રભુજીને પાયરે;
બીરાજે બ્રહ્મમહોલમાંરે;
સદા દ્વિભુજ સાકાર શ્રીનાથજીરે, જેને નિગમ નેતિ કહી ગાયરે. બીરા૦ ૧
કોટી રવિ ચંદ્ર અનલ સરીખડુંરે, દિવ્ય અક્ષરબ્રહ્મ છે જેનું ધામરે; બીરા૦
જેને પરમપદને બ્રહ્મપુર કહેરે, જેના સત ચિદ આનંદ નામરે. બીરા૦ ૨

એવા અમૃત ધામમાં સદા રાજતારે, નારાયણુ હરિ
કૃષ્ણુ સુખધામરે; બીરા૦
પુરુષોત્તમ વિષ્ણુ પરમાતમારે, એવા અનંત નામના
નામી શ્યામરે. બીરા૦ ૩
સર્વકર્ત્તા નિયંતા સર્વકારણુરે, અંતરજામી નિર્ગુણુ સદા
સ્વપ્રકાશરે; બીરા૦
બ્રહ્મ રૂપ કોટી મુક્ત સેવે પાદુકારે, એવા સ્વામીનો
પ્રેમાનંદ દાસરે. બીરા૦ ૪

પદ ૮૪૯ મું

મહીમા શુંરે વખાણું મહારાજનોરે, શેષ સારદ વેદ ન પામે પારરે;
નૌતમ શ્રીનાથજીરે;
અનંત ભુવન સ્રજે પાળે ને નાશ કરેરે, એ રૂપ જેની
લીલા સુખસારરે. નૌત૦ ૧
માયા કાળ પુરુષ તત્વ ચોવીશરે, એવી અનંત શક્તિના
પ્રેરક નાથરે; નૌત૦
ધર્મ જ્ઞાન વૈરાગ્ય આદિ ઐશ્વર્જરે, રિદ્ધિ સિદ્ધિ સેવે ચરણુ
જોડી હાથરે. નૌત૦ ૨
સદા રાજાધિરાજપણે રાજતારે, ઘનશ્યામ છે મૂરતિ કિશોરરે; નૌત૦
કોટી કંદર્પ લાજે જોઈ રૂપનેરે, એવા સુંદર રસિક ચીત ચોરરે; નૌત૦ ૩
નંદ સુનંદ શ્રીદામાદિ સેવ કરે, સુદર્શન આદી આયુધ
મૂર્તિમાનરે; નૌત૦
સદા ઉભા છે પાસે જોડી હાથનેરે, એવા પ્રેમાનંદના
સ્વામી ભગવાનરે. નૌત૦ ૪

પદ ૮૫૦ મું

એવા અક્ષરધામના પતિ શ્રીહરિરે, સદા સુખનિધિ
શોભાના ભંડારરે;
પ્રગટ થયા આ સમેરે;
કોટી કલ્યાણુકારી ગુણે જુગ્ત છેરે, જેને ગાયે મૂર્તિમાન
વેદ ચારરે. પ્રગ૦ ૧

વાસુદેવાદિક વ્યુહના કારણરે, કેશવાદિક રૂપ ચોવીશરે; પ્રગ૦
મચ્છ કચ્છાદિક દશ અવતારનારે, ધરનારા પોતે પ્રભુ જગદીશરે. પ્રગ૦ ૨
એવા શ્રીપુરુષોત્તમ પધારીયારે, નીજ ઐશ્વર્ય સર્વે લેઈ સાથરે; પ્રગ૦
આવ્યા એકાંતિક ધર્મ પ્રવરતાવવારે, કરવા અનંત જીવુંને સનાથરે. પ્રગ૦ ૩
ભાક્તધર્મને મરીચ્યાદિક દ્વિજતણીરે, રક્ષા કરવાને
અધમઓધારરે; પ્રગ૦
એવા પ્રગટ પુરુષોત્તમ ઉપરેરે, પ્રેમાનંદ બલિહારી વારંવારરે. પ્રગ૦ ૪

પદ ૮૫૧ મું

દયા કરી દીનાનાથ કૌશલદેશમાંરે, ગામ છુપૈયા છે અવધ સમીપરે;
સહજાનંદ સ્વામી પ્રગટ્યારે;
માતા ભક્તિને તાત ધર્મદેવજીરે, પાંડે અડક છે સરવરિયા અધિપરે. સહ૦ ૧
વેદ સામને શાખા છે કૌથુમીરે, ગોત્ર સાવરણી ને પ્રવર છે તીનરે; સહ૦
સંવત અઢાર સાડત્રીસ મધુ માસમાંરે, તિથિ અજવાળી
નવમી ચંદ્ર દિનરે. સહ૦ ૨
વર્ષ આઠમે પામી ઉપવીતનેરે, વર્ષ એકાદશે તજી ઘરબારરે; સહ૦
વર્ણિ વેષ ગ્રહીને ચાલી નિસર્યારે, ફર્યા ઉત્તર દક્ષિણ
કરી પ્યારરે. સહ૦ ૩
પછી પશ્ચિમ દેશમાં પધારીયારે, કીધાં પાવન પશ્ચિમ
વાસી જનરે; સહ૦
ગુર્જર સોરઠ વાસી જનને દરશન દઈરે, પ્રેમાનંદ કહે
કીધલાં પાવનરે. સહ૦ ૪

પદ ૮૫૨ મું

એવા સમરથ શ્રીસહજાનંદજીરે, દયા કરીને પધાર્યા દીનાનાથરે;
સ્વામીને જાઉં વારણેરે;
વહ્યા જાતાતાં જીવ ભવપૂરમાંરે, વહાલે તાણી કાઢ્યાં બા'રે
ઝાલી હાથરે; સ્વામી૦ ૧
વહાલે મુક્તિનો દ્વાર તે ઉઘાડીયોરે, દેખાડ્યો અતિ
પ્રબલ પ્રતાપરે; સ્વામી૦

ઘોર કલિ મધ્યે સતજુગ થાપીયોરે, નહિ માને તેના
પૂરણુ પાપરે. સ્વામી૦ ૨
મોટા મત પંથ રૂપી જાડી જાળમાંરે, ઘણાં ગુંચવી
રાખ્યાતાં નરનારરે; સ્વામી૦
કાપી જાળને કાઢી લીધાં બારણેરે, આપી જ્ઞાનને
ઉતાર્યાં ભવ પારરે. સ્વામી૦ ૩
આજ જ્ઞાન દિવાકર પ્રગટતારે,* કીધો ભક્તિ ધર્મ જ્ઞાન પ્રકાશરે: સ્વામી૦
વહાલે અજ્ઞાન અંધારું સમાવીયુંરે, દીધો પ્રેમાનંદને
ચરણે નિવાસરે. સ્વામી૦ ૪

પદ ૮૫૩ મું-રાગ ધોળ

ગોકુલ ગામ અતિ શોભતાં, શોભીતા મંદિર માળીયા. એ ઢાળ છે.

પ્રથમ નમું પરબ્રહ્મને લાગું સંત જનને પાયેરે;
વાણી તે રસભરી આપજો બુદ્ધિ તે નિર્મળ થાયેરે. ૧
પ્રગટ નારાયણુના ગુણુ વર્ણુવું જે આનંદનું ધામરે;
ગાતાં સાંભળતાંમાં નરત્રિય હરિજન થાયે તે નિષ્કામરે. ૨
આજ અનોપમ ઓચ્છવ આવ્યો આનંદનો દિનરે;
પ્રભુજી પરોણુલા આવશે આપણે મંદિર જીવનરે. ૩
ઓરડીયા અજવાળો આંગણીયે મંડપ રચાવોરે;
મોતીડે ચોક પૂરાવોને માનુની મંગલ ગાવોરે. ૪
શેરડીયું વળાવોને ફુલડાં વેરાવો વાટરે;
તોરણુ બંધાવો બારણે ઢાળો હિંડોળા ખાટરે. ૫
આવશે માણુકીયે ચડી મોહન આનંદકંદરે;
નીરખશે નેણુ ભરી પ્રેમાનંદ પામશે આનંદરે. ૬

પદ ૮૫૪ મું

આજ અભિનવો આનંદ હેડે હરખ ન માયરે;
મોટા મુનિવર સાથે આવે છે જાદવરાયરે. ૧

* "પ્રગટ્યારે" એવો પણુ પાઠ છે.

વહાલાની આવી વધામણી આનંદ વાધ્યો છે અપારરે;
પૂરો સોહાગણ સાથીયા પે'રો સોળે તે શંણગારરે. ૨
કુમકુમ કેશર છાંટીયે છાંટણાં આંગણીયે અનૂપરે;
મંગલ કુંભ ભરી ધરો કરો દીપક ધૂપરે. ૩
ઢોલ નગારા વગડાવો કરાવો ઓચ્છવ સારરે;
થાલ ભરો ગજ મોતીયે ચંદન પુષ્પના હારરે. ૪
સામૈયું લઈ ચાલો સાહેલી વધાવાને મહારાજરે;
નેણા સુફલ કરો નીરખીને અવસર આવ્યો છે આજરે. ૫
ઘોડલાંની ધુમરે આવે વિંટાણા અબળાનો આધારરે;
પ્રેમાનંદ છબી નીરખીને હરખે છે વારમવારરે. ૬

પદ ૮૫૫ મું

પુરુષોત્તમજી પધારિયા સુરનર મુનિના ઇશરે;
નરત્રિયા વૃંદ નીસરીયાં વેગે જોવાને મુનીશરે. ૧
આવે અસવારી વહાલાજીની શોભા વર્ણવી ન જાયેરે;
દેવ દાનવ આદિ સુરપતિ નરપતિ ઉપમા ન દેવાયેરે. ૨
અગણિત ગજ રથ અશ્વ ને પાલખી પાળાનો નહી પારરે;
અગણિત મુનિવર હરિજન સાથે પરમ ઉદારરે. ૩
વાજા વાગે આગે વિધવિધ ભાતના ઓચ્છવ થાયેરે;
પડેરે નગારાંની ધોંસ* માનનીયો મંગલ ગાયેરે. ૪
ચમર ઢળે શિર છત્ર રાજે આગે બોલે છે છડીદારરે;
ઉડેરે નિશાન જરીના ગજપર સોનેરી શણગારરે. ૫
શ્રીઘનશ્યામજી શોભે છે જાણીયે પૂરણચંદરે;
શ્રીહરિકૃષ્ણ છબી જોઈ પ્રફુલ્લિત પ્રેમાનંદરે. ૬

પદ ૮૫૬ મું

રસિક છેલ ઘનશ્યામની શોભા છે ત્રિભુવનથી ન્યારીરે;
મોહી રહ્યા જોઈ સુરનર મુનિવર સુરપુરની નારીરે. ૧

* "ધોંસ" પણ ગાય છે.

ત્રિભુવનની શોભા ઉદય થઈ આવી હરિવરને અંગરે;
હરખ ભર્યાં બોલે જય જય હરિજન શ્યામને સંગરે. ૨
કરુણા રસ વહાલો વરસે નેણે વેણે શાંતિને હાસરે;
શૃંગારરસે આવી કીધલો હરિના અંગમાં નિવાસરે. ૩
વસ્ત્ર આભૂષણ ઝળમળે અંગે તેજનો અંબારરે;
ઉદય થયા આવી સામટા જાણીયે તરણિ* તે હજારરે. ૪
તરુણ કિશોર મનોહર મૂર્તિ લાગે છે પ્યારીરે;
અંગોઅંગપર નાંખીયે કોટીક કંદર્પ વારીરે. ૫
હસતું વદન હરિનું જોઈ મોહ્યો છે મુનિવરનો સાથરે;
પ્રેમાનંદ કહે નિમખ ન મેલીયે નેણાથી નટવર નાથરે. ૬

પદ ૮૫૭ મું–રાગ ધોળ

વંદુ હરિકૃષ્ણ પ્રગટ પરમેશ્વર જીહો, કૃપા કરીને મુજને મળ્યા;
હાંરે જેને સેવે મુનિ મુક્ત અજ શંકર જીહો તે અઢળક ઢળ્યા. કૃપા૦ ૧
હાંરે કાળ માયા જીવ ઈશ્વર સર્વના, હાંરે પોતે પ્રેરક છે
ટાળણ ગર્વના જીહો. કૃપા૦ ૨
હાંરે વિશ્વ કોટી ઉપજાવીને પાળે હરે, હાંરે પોતે પરબ્રહ્મ
એવી લીલા કરે જીહો. કૃપા૦ ૩
હાંરે જેની અનંત શક્તિ તેજ પ્રતાપ છે, હાંરે એવા
સમરથ હરિકૃષ્ણ પોતે આપ છે જીહો. કૃપા૦ ૪
હાંરે જેને વેદ ન ઉપનષદ ગાય છે, હાંરે પ્રેમાનંદ તેને
નીરખી રાજી થાયે છે જીહો. કૃપા૦ ૫

પદ ૮૫૮ મું

હાંરે મેંતો નીરખ્યા નેણાં ભરી નાથને જીહો, જનમ સુફલ
થયો માયેરો;
હાંરે મારો ઝાલી હરિવરે હાથને જીહો, તાણી લીધો ભવ બાહેરો. જન૦ ૧
હાંરે પુરુષોત્તમ પ્રગટ મુજને મળ્યા, હાંરે મારા જનમ
મરણ દુખડાં ટળ્યાં જીહો. જન૦ ૨

---

* સૂરજ

હાંરે મેંતો જપ તપ વ્રત કાંઈ ન કર્યાં, હાંરે ઘેર બેઠાં મારાં
કારજ સર્વે સર્યાં જીહો. જન૦ ૩
હાંરે મેંતો લોકતણી લાજને મેલી પરી, હાંરે મેંતો શિરને
સાટે વર્યા હરિ જીહો. જન૦ ૪
હાંરે પ્રેમાનંદના નાથની મૂર્તિ, હાંરે હવે નિમખ ન મેલું
મારા ઉરથી જીહો. જન૦ ૫

પદ ૮૫૯ મું

મારે લગની લાગી છે ઘનશ્યામની જીહો, નહીરે ડરું લોકલાજથી;
હાંરે મારે રટના લાગી છે એના નામની જીહો, નિર્લે થઈ
હુંતો આજથી. નહી ૧
હાંરે મારા પ્રાણના જીવન ઘનશ્યામ છે, હાંરે મારે સુખ
સંપત એનું નામ છે જીહો. નહી૦ ૨
હાંરે મારે એક આસ છે ઘનશ્યામની, હાંરે હુંતો માળા
જપું છું એના નામની જીહો. નહી૦ ૩
હાંરે મારે સરવસ શ્રીઘનશ્યામ છે, હાંરે મારે એ વીના
બીજું હરામ છે જીહો. નહી૦ ૪
હાંરે મારે ઈષ્ટ ઘનશ્યામ સુખધામ છે, હાંરે પ્રેમાનંદ જોઈ
જોઈ પૂરણકામ છે જીહો. નહી૦ ૫

પદ ૮૬૦ મું

એવા દુલ્લભ શ્રીકૃષ્ણ ભગવાનને જીહો, જીવમાં રાખીશ
જતન કરી;
હાંરે સુખસાગર કૃપાના નિધાનને જીહો, નિખમ ન મેલું
ઉરથી જરિ. જીવ૦ ૧
હાંરે એતો અખિલભુવનપતિ એક છે, હાંરે એની
અધમઓધારણ એવી ટેક છે જીહો. જીવ૦ ૨
હાંરે જોગી વનમાં વસે એ કારણે, હાંરે મુક્ત કોટીક જાયે
છે એને વારણે જીહો. જીવ૦ ૩

હાંરે જેનો કેડ નથી મેલતી રાધા રમા, હાંરે પ્રાણુ પાથરે
કરે છે ખમા ખમા જીહો. જીવ૦ ૪
હાંરે એવા મોંઘા હરિ તે સોંઘા થયા, હાંરે પ્રેમાનંદને
ઉપર કીધી દયા જીહો. જીવ૦ ૫

પદ ૮૬૧ મું

મારા ઉરમાં વસ્યા છે અલબેલડો જીહો, છેલ છબીલો
કુંવર ધર્મનો;
હાંરે હરિ રસિક ચતુર રંગછેલડો જીહો, પાશ કાપ્યોછે
મારા કર્મનો. છેલ૦ ૧
હાંરે નવરસમય મૂર્તિ મોહની, હાંરે કાંઈ કાંમણગારી છે
એની જોહની જીહો. છેલ૦ ૨
હાંરે વશિકરણ મંત્ર છે એના વેણમાં, હાંરે કાંઇક જાદુ
ભર્યા છે એના નેણમાં જીહો. છેલ૦ ૩
હાંરે એની ચીતવની ચલની અમોલની, હાંરે બહુ પ્યારી
લાગે છે એની બોલની જીહો. છેલ૦ ૪
હાંરે રૂપ શીલને ઉદાર સુખસાગર, હાંરે પ્રેમાનંદનો પ્યારો
નટવરનાગર જીહો. છેલ૦ ૫

પદ ૮૬૨ મું

હાંરે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે જીહો, જોઇને જીવું છું
સુંદર મૂર્તિ;
હાંરે મારાં નેણાતણો શણગાર છે જીહો, અળગો ન મેલું
હવે ઉરથી. જોઈ૦ ૧
હાંરે મારું ચીતડું ચોરાણું એની ચાલમાં, હાંરે હુંતો વશ
થઈ છું એના વહાલમાં જીહો. જોઈ૦ ૨
હાંરે મારા ઉરમાં ખુંતો છે છેડો પાઘનો, હાંરે કંઈ પાર નહિ
મારા ભાગ્યનો જીરો. જોઈ૦ ૩
હાંરે હુંતો દાસી છું કૃપાનિધાનની, હાંરે મને ચાવીને આપી
છે બીડી પાનની જીહો. જોઈ૦ ૪

હરિ દયા હેતનો ભર્યો છે અલબેલડો, હાંરે પ્રેમાનંદનો
વહાલો રંગછેલડો જીહો. જોઈ૦ ૫

પદ ૮૬૩ મું–રાગ ધોળ

સખી ધન્ય ધન્યરે ભૂતળ ભગવાન, પ્રગટ થઈ શ્રીહરિ વિચરે;
વહાલો ગોલોકનારે અધિપતિ, રાધાજીવનરે રસિયો વર કહાન. પ્રગ૦ ૧
જેના શિવરે બ્રહ્મા સેવે પાવલા, શુક નારદરે ધરે ધ્યાન હમેશ; પ્રગ૦
તેતો પ્રગટ થયારે ભક્તિ ધર્મથી, મનુષ્યાકૃતિરે ધરી શ્યામ સુરેશ. પ્રગ૦ ૨
વહાલે પશ્ચિમ દેશ પાવન કર્યો, ઓધાર્યારે નરનારી અનંત; પ્રગ૦
ધરી કૃષ્ણ મૂર્તિ મોહની, કરુણામયરે ભીર ધારે સંત. પ્રગ૦ ૩
વહાલે પાજ બાંધી મોટી મોક્ષની, કીધાં કલિમાંરે ભક્તિ
ધર્મને પુષ્ટ; પ્રગ૦
વહાલે પાખંડ મત બહુ ખંડીયા, મોહ્યા મોટારે અસુર અતિ દુષ્ટ. પ્રગ૦ ૪
વહાલે સાધુ દેવ દ્વિજ ધર્મની, કીધી રક્ષારે કળીમાં તતકાલ; પ્રગ૦
પ્રેમાનંદ કે' ધર્મકુળનો, જશ વિસ્તાર્યોરે ત્રિભુવનમાં વિશાલ. પ્રગ૦ ૫

પદ ૮૬૪ મું

સાંભળજોરે સતસંગી સુજાણ, ધર્મવંશને કહી વર્ણવું;
ત્રણ પુત્ર શ્રીભક્તિધર્મના, તેના ગુણનારે કરે નિગમ વખાણ. ધર્મ૦ ૧
મોટા પુત્ર શ્રીરામપ્રતાપજી, તેથી વચેટરે શ્રીનારાયણ નામ; ધર્મ૦
તેથી નાના શ્રીઇચ્છારામજી, ત્રણે ભાઇરે મુક્તિના ધામ. ધર્મ૦ ૨
રામપ્રતાપજી મહારાજના, ત્રણ પુત્રરે ગુણસાગર સાર; ધર્મ૦
નંદરામજી ઠાકોરરામજી, અજોધ્યાપ્રસાદ ઉદાર. ધર્મ૦ ૩
ઇચ્છારામજીના પુત્ર પાંચ છે, ગોપાલજીરે રઘુવીર મહાધીર; ધર્મ૦
વંદ્રાવનજી સીતારામ મહામતિ, બદ્રીનાથજીરે ગુણવાન ગંભીર. ધર્મ૦ ૪
નારાયણ નૈષ્ટિક જનમથી, પુરુષોત્તમરે ધર્મપુત્ર વચેટ; ધર્મ૦
પ્રેમાનંદ કહે ધરમકુલભૂષણ, ભલે પ્રગટ્યારે ભવબંધનમેટ. ધર્મ૦ ૫

પદ ૮૬૫ મું

ચાલો ચાલોરે ધર્મવંશાને દ્વાર, સાહેલી માગીયે મોક્ષને;
આજ એ વિના મોક્ષ બીજે નથી, એ છે કળીમાંરે મુક્તિના દેનાર. સાહે૦ ૧

ભક્તિ ધર્મનો પ્રગટ પ્રતાપ છે, આજ પ્રગટરે ધર્મસુત ઘનસ્યામ; સાહે૦
આપે મોક્ષ સર્વ નરનારીને, કાપી કર્મને આપે નિજ ધામ. સાહે૦ ૨
સખી થઇએ ધર્મકુળ આસરે, નહિતો મારશેરે જમ બાંધીને માર; સાહે૦
ધર્મવંશી વિના આ સંસારમાં, બીજો નથીરે છોડાવણ હાર. સાહે૦ ૩
બીજા પંથને મત બહુ ખોળીયા, દેવ દેવીરે પૂજ્યાં કરી પ્રીત; સાહે૦
ધર્મવંશી વિના ત્રણલોકમાં, કયાંયે ન મળેરે કલ્યાણની રીત. સાહે૦ ૪
એમ જાણી મોટા સંત ભૂપતિ, સેવે પ્રીતેરે ધર્મવંશીના ચરણ; સાહે૦
પ્રેમાનંદનો સ્વામિ ધર્મવંશમાં, આજ પ્રગટરે પ્રભુ ભવદુ:ખહરણ. સાહે૦ ૫

પદ ૮૯૬ મું

પધાર્યારે મારે મંદિર આજ, આચારજ શ્રી ધર્મવંશના;
મેંતો થાલ ભરી ગજ મોતીયે, વધાવ્યારે પાંડેજી મહારાજ. આચા૦ ૧
સનમાન કરી રૂડી રીતસું, પધરાવ્યારે કરી બહુ પ્યાર; આચા૦
મેંતો પૂજ્યા ષોડશ ઉપચારસું, જાણીનેરે મુક્તિના દાતાર. આચા૦ ૨
રૂડા પાક કરાવી જમાડીયા, ધન વસ્ત્રરે આપી અલંકાર; આચા૦
રથ અશ્વ ધેનુ આપી દૂજણી, પાયે લાગીરે ભાગ્ય માની અપાર. આચા૦ ૩
હુંતો સર્વ તિરથ નાહી પ્રેમસું, મેંતો પૂજયારે સાધુ દ્વિજરાજ; આચા૦
હુંતો થઈ રહી ધર્મકુળ આશરે, મારાં સરીયાંરે બેની સર્વે કાજ. આચા૦ ૪
ધર્મવંશી કયાંથી મારે બારણે, જેને પૂજેરે શિવ બ્રહ્મ શેષ; આચા૦
પ્રેમાનંદનો સ્વામિ જેના કુળમાં, થયા પ્રગટરે શ્રી કૃષ્ણ દીનેશ. આચા૦ ૫

પદ ૮૯૭ મું-રાગ ધોળ

વારી જાઉં વહાલાજીને વારણે, સુખદાયકરે વહાલો સુંદર સ્યામ; જાઉં૦ ટેક.
મારા ઉરમાં વશ્યો અલબેલડો, મને કીધીરે વહાલે પૂરણકામ. જાઉં૦ ૧
હુંતો ન ગઈ ગંગા ગોદાવરી, હુંતો ન ગઇરે કાશી કેદાર; જાઉં૦
ઘેર બેઠા મળ્યા મને માવજી, મારા પુન્યનોરે નહિ વારને પાર. જાઉં૦ ૨
મારે અડસઠ તિરથ સર્વે મળ્યા, વર પામીરે પુરુષોત્તમ નાથ; જાઉં૦
મારે પાર આવ્યો ભવ પંથનો, મારો સાહ્યોરે શામળીયેજી હાથ. જાઉં૦ ૩
સુખ આપ્યું અખંડ અલબેલડે, પધાર્યારે મારે મંદિર આજ; જાઉં૦
પ્રેમાનંદના નાથને ભેટતાં, મારાં સરીયાંરે બેની સર્વે કાજ. જાઉં૦ ૪

પદ ૮૬૮ મું

જેના દર્શન દુર્લ્લભ દેવને, જેને નિગમરે નેતિ કહી ગાય; દર્શ૦ ટેક.
તેતો પ્રગટ થયા સુખ આપવા, વ્રજજીવનરે વહાલો વેકુંઠરાય. દર્શ૦ ૧
આ ઉભા હરિ મારે આંગણે, જગજીવનરે જગનો આધાર; દર્શ૦
મેંતો નિરખીને રાખ્યા નેણુમાં, મનમોહનરે મારા હૈડાનો હાર. દર્શ૦ ૨
જેનું શિવ સનકાદિ ધ્યાન ધરે, શુક નારદરે સેવે જેના ચરણ; દર્શ૦
જેને શારદ શેષ રટે નીત, તેને નિરખીરે ઠરે મારાં નેણ. દર્શ૦ ૩
વહાલો અધમ ઓધારણ પ્રગટ્યા, પતિતોનેરે ઉતારવા પાર; દર્શ૦
પ્રેમાનંદ વહાલાજીને વારણે, વારે તન મનરે ધન વારમવાર. દર્શ૦ ૪

પદ ૮૬૯ મું

મારાં નેણા શીતલ જોઈ નાથને, મારે મંદિરરે આવ્યા અલબેલ; નેણા૦ ટેક.
વહાલો જરકસી જામા પે'રીને, પાઘડલીમાંરે છોગાં ખોસીને છેલ. નેણા૦ ૧
હુંતો ઉઠી ઉતાવળી આકળી, વધાવ્યારે ભરી મોતીના થાળ; નેણા૦
મેંતો લીધાં વહાલાજીના વારણાં, આરોપીનેરે કંઠે મોતીની માળ. નેણા૦ ૨
મેંતો હાથ સાહીને હેતમાં, બોલાવ્યારે બાઈ કરીને ભાવ; નેણા૦
મેંતો આસન આપ્યાં બેસવા, દુધડીયેરે પખાળ્યા પાવ. નેણા૦ ૩
મેંતો રાંધ્યાં ભોજન બહુ ભાતનાં, જમાડ્યારે જગનો જીવન; નેણા૦
પ્રેમાનંદના નાથને ઉપરે, લઈ વાર્યુંરે મેંતો તન મન ધન. નેણા૦ ૪

પદ ૮૭૦ મું

મારા નાથ રહો મારા નેણમાં, હુંતો રીઝીરે રસિયા તારે રૂપ; નાથ૦ ટેક.
મારા મનમાં ખુંચી તારી મૂરતિ, ચીત ચોટ્યુંરે જોઈ રૂપ અનુપ. નાથ૦ ૧
આવી વાગી વહાલા તારી આંખડી, લઈ વેધ્યુંરે વહાલા મારું ચીત; નાથ૦
હુંતો ઘેલી ફરું ઘર આંગણે, મારે લાગીરે તમ સાથે પ્રીત. નાથ૦ ૨
તારે હસવે હર્યું મારા ચીતને, મરકલડેરે મોહ્યું મારું મન; નાથ૦
જ્યારે નિમખ ન દેખું નાથને, અકળાઉંરે ઘરમાં જીવન. નાથ૦ ૩
હુંતો હારી દોરી તારા હેતમાં, તુજ ઉપરરે વારું તન મન પ્રાણ; નાથ૦
મારે તમથી વહાલું બીજું કોઈ નહિ, પ્રેમાનંદનારે વહાલા
શ્યામ સુજાણ. નાથ૦ ૪

અથ ગરબાના પદ

પદ ૮૭૧ મું–રાગ દોહા

પરમ પુરુષ અક્ષરપતિ, સ્વામિ સહજાનંદ;
દિવ્ય નરાકૃતિ પ્રગટકે, વંદુ ચરન નખ ચંદ. ૧
અનંત કોટી બ્રહ્માંડપતિ, અખીલ શક્તિધર શ્યામ;
ભક્તિધર્મસુત સુખસદન, સહજાનંદ વર નામ. ૨
ધર્મધુરંધર ધર્મધર, અધર્મ કરન વિનાસ;
ધર્મતનય પ્રભુ ધર્મજુત, મમ ઉર કરઉ નિવાસ. ૩
બરનું વિશદ ગુણ ગણ વિમલ, વિદિત પ્રગટ પરમાન;
પ્રેરઉ બાની સુરસ ભરી, દહહું તિમીર અગ્યાન. ૪
મૂક ચહત બાની વિમલ, પંગુ ઉલંઘે સુમેરુ;
ઉભય દોષ જુત લખી મોય, હોવહું નાથ મમ ભેરુ. ૫
નહિ બુદ્ધિ બળ ચાતુરી, તવ પ્રતાપ ઉર આની;
પ્રેમાનંદ કહે યથામતિ, બરનુ ગુન અઘહાની. ૬

પદ ૮૭૨ મું–રાગ ધોળ

પુરુષોતમ પ્રાણુથી પ્યારારે, આવો અંતરજામી. એ ઢાળ છે.

કરું પ્રથમ પ્રણામ સંભારીરે, સહજાનંદ સ્વામી;
વંદુ જુગલ ચરણ ઉર ધારીરે, સહજાનંદ સ્વામી. ૧
તમે ભલે પ્રગટ્યા ભવમોચનરે, સહજાનંદ સ્વામી;
તમે નિજ જન આનંદ લોચનરે, સહજાનંદ સ્વામી. ૨
થયા કરુણા કરી દ્રગ ગોચરરે, સહજાનંદ સ્વામી;
સહુ જાણે ખેચર ભૂચરરે, સહજાનંદ સ્વામી. ૩
તમે પુરુષોત્તમ સુખકારીરે, સહજાનંદ સ્વામી;
સદા અક્ષરધામ નિવાસીરે,* સહજાનંદ સ્વામી. ૪
તમે સર્વોપરી સુખકંદરે, સહજાનંદ સ્વામી;
તમને સેવે મુક્ત મુનિ વૃંદરે, સહજાનંદ સ્વામી. ૫

* "આધારીરે" એવો પણ પાઠ છે.

તમે ક્ષર અક્ષરના સ્વામીરે, સહજાનંદ સ્વામી;
સર્વ વ્યાપક અંતરજામીરે, સહજાનંદ સ્વામી. ૬
તમે કૈવલ્યપતિ સુખરૂપરે, સહજાનંદ સ્વામી;
સર્વે મુક્તતણા છો ભુપરે, સહજાનંદ સ્વામી. ૭
તમે દિવ્ય તનુ સાકારરે, સહજાનંદ સ્વામી;
મહા તેજ તણા આગારરે, સહજાનંદ સ્વામી. ૮
આત દિવ્યને આચરજકારીરે, સહજાનંદ સ્વામી;
એક બેઠક નાથ તમારીરે, સહજાનંદ સ્વામી. ૯
એક તેજ સમૂહ અતિ ભારીરે, સહજાનંદ સ્વામી;
અધો ઉર્ધ્વ મધ્ય દિશી ચારીરે, સહજાનંદ સ્વામી. ૧૦
અવિતર્ક્ય અતિ અપ્રમાણરે, સહજાનંદ સ્વામી;
એ તેજ સમુહ સુજાણરે, સહજાનંદ સ્વામી. ૧૧
તે તેજમાં એક છબી ધામરે, સહજાનંદ સ્વામી;
દિવ્ય રત્ન મંડપ અભિરામરે, સહજાનંદ સ્વામી. ૧૨
તેમાં દિવ્ય પલંગ છબી ન્યારીરે, સહજાનંદ સ્વામી;
નિજ જન લોચન અઘહારીરે, સહજાનંદ સ્વામી. ૧૩
તેમાં આપ બીરાજો છો રાજરે, સહજાનંદ સ્વામી;
ચારે પાસ મહા મુક્ત સમાજરે, સહજાનંદ સ્વામી. ૧૪
લઈ ષોડશ પૂજા પ્રકારરે, સહજાનંદ સ્વામી;
તમને પૂજે છે કરી પ્યારરે, સહજાનંદ સ્વામી. ૧૫
પઠી પુરુષસુક્ત મહામંત્રરે, સહજાનંદ સ્વામી;
કરે સ્તવન સર્વે સ્વતંત્રરે, સહજાનંદ સ્વામી. ૧૬
એ ધામ છે સહુથી આઘુંરે, સહજાનંદ સ્વામી;
નહિ કાલ માયાનું ત્યાં લાગુંરે, સહજાનંદ સ્વામી. ૧૭
સર્વે ધામથી શ્રેષ્ઠ વિશેષેરે, સહજાનંદ સ્વામી;
સુર મુનિ સ્વપને નવ દેખેરે, સહજાનંદ સ્વામી. ૧૮
એતો અક્ષરમાંહી છબી નોખીરે, સહજાનંદ સ્વામી;
ત્યાં આપ બીરાજો છો શોખીરે, સહજાનંદ સ્વામી. ૧૯

મહા દુર્લભ દરશન દેવરે, સહજાનંદ સ્વામી;
જાણે વિરલા કોઇક ભેવરે, સહજાનંદ સ્વામી. ૨૦
શું વર્ણવું મહિમા અગાધરે, સહજાનંદ સ્વામી;
નવ પહોંચે મન વાણી વિવાદરે, સહજાનંદ સ્વામી. ૨૧
બીજા અસંખ્ય ધામ ઓરા એથીરે, સહજાનંદ સ્વામી;
તે સારુ નિગમ કહે નેતિરે, સહજાનંદ સ્વામી. ૨૨
ત્યાંથી આપ પધાર્યા નાથરે, સહજાનંદ સ્વામી;
મોટી કૃપા કીધી અમ માથરે, સહજાનંદ સ્વામી. ૨૩
જડ ચીદ પ્રકૃતિ બે કહાવેરે, સહજાનંદ સ્વામી;
અપાર છે પાર ન પાવેરે, સહજાનંદ સ્વામી. ૨૪
તેના આત્મા છો અંતરજામીરે, સહજાનંદ સ્વામી;
કર્તા હર્તા પાળક બહુનામીરે, સહજાનંદ સ્વામી. ૨૫
કાળ માયા પુરુષ પ્રધાનરે, સહજાનંદ સ્વામી;
તેના કારણ અતિ ગુણવાનરે, સહજાનંદ સ્વામી. ૨૬
મહાતત્વથકી ત્રણ ગુણરે, સહજાનંદ સ્વામી;
સર્ગ કારણ અતિ નિપુણરે, સહજાનંદ સ્વામી. ૨૭
ત્રણ ગુણથકી તત્વ ચોવીશરે, સહજાનંદ સ્વામી;
વ્યષ્ટિ સમષ્ટિ દેહ જગદીશરે, સહજાનંદ સ્વામી. ૨૮
એમ ઉત્પત્તિ સ્થિતિ લય રૂપરે, સહજાનંદ સ્વામી;
એવી લીલા તમારી અનુપરે, સહજાનંદ સ્વામી. ૨૯
સર્વ કારણ કર્તા આધારરે, સહજાનંદ સ્વામી;
એક તમે છો ધર્મકુમારરે, સહજાનંદ સ્વામી. ૩૦
મહા દિવ્ય ઐશ્વર્ય જુક્ત શ્યામરે, સહજાનંદ સ્વામી;
આ મૂર્તિ તમારી સુખધામરે, સહજાનંદ સ્વામી. ૩૧
સર્વે દિવ્ય સામૃથીને છપાવીરે, સહજાનંદ સ્વામી;
પ્રેમાનંદ કહે પ્રગટ થયા આવીરે, સહજાનંદ સ્વામી. ૩૨

પદ ૮૭૩ મું–રાગ મંગલ

વંદુ શ્રીરાધાકૃષ્ણ સકલજગકારન;
જુગ જુગ પ્રગટત શ્યામ પતિતજનતારન. ૧
નામ રૂપ જાકે કર્મ નિગમ કહી ગાવહીં;
સારદ નારદ શેષ પાર નહી પાવહીં. ૨
મચ્છ વપુ ધારી લાયે વેદ દૈત્ય મારેઉ;
કમઠ તનુ ધરી પીઠ મંદરગિરિ ધારેઉં. ૩
ભયે શ્વેત વારાહ દશનપર ભુવ ધરી;
ધર્યો રૂપ નરસિંધ દૈત્ય માર્યો હરિ. ૪
ધરી હરિ વામન રૂપ ભૂપ બલિકું છળ્યો;
ફરસી ધરી હરિ હાથ ક્ષત્રિઅનકું દળ્યો. ૫
ભયે પ્રગટ રઘુવીર દશાનન છેદક;
યદુકુલનલીનદિનેશ કંસકુલભેદક. ૬
ભયે બુદ્ધ સોઈ કૃષ્ણ યદુકુલનંદન;
ધરી હે કલકી રૂપ સો દુષ્ટનિકંદન. ૭
ભક્તિધર્મ ગ્રહે આયે કૃષ્ણ કરુના કરી;
પ્રેમાનંદ ઘનશ્યામ રૂપ પ્રગટે હરિ. ૮

પદ ૮૭૪ મું

પૂરબ અવધ સમીપ છપૈયા ગામહે;
તહાં વસે ધરમ સ્વરૂપ હરિપ્રસાદ નામહે. ૧
શ્યામ બેદ સરવરીયા ગ્નાતિ બિચારકે;
સુરનેતરાયકુલપુજ્યહે પાંડે ઇટારકે. ૨
દંપતિ ભક્તિધર્મ વ્રંદાવન જાયકે;
તપ કીનો અતિ ઉગ્ર કૃષ્ણ ઉરલાયકે. ૩
રીઝે ગોકુલચંદ આય દરશન દીયો;
પુત્ર હોઉ તુમ નાથ એહી વર માગીયો. ૪
પ્રગટ ભયે શ્રીકૃષ્ણ કમલદલલોચન;
ભક્ત ધર્મ ગ્રહે આય પતિતભવમોચન. ૫

બાલ ચંદ્ર સમ બઢત અધિક પ્રતાપહે;
કોટી બ્રહ્માંડ આધાર સો ઠાકુર આપહે. ૬
બાલ રૂપ ધરી કીને ચરિત્ર અનુપજ્યું;
પુરે મનકે મનોરથ સબ સુખરૂપજ્યું. ૭
ભયે બરસ જબ આઠ દીયો ઉપવીતજ્યું;
પ્રેમાનંદ કહે તોડી કુટુંબસું પ્રીતજ્યું. ૮

પદ ૮૭૫ મું

ગૃહસોં નીકસ્યે શ્યામ ઉતર દિશી પ્રતિ ચલે;
એકાએકીહે નાથ સાથ કોઉ ના મીલે. ૧
પીત બની શિર પાઘ ઝંગુલીયાં પીતહે;
હે વરવાકો વેષ તપસીખે ચીતહે. ૨
માત તાત પુનિ ભ્રાત કુટુંબ સબ હેરત;
કહાં જ્યું ગયે ઘનશ્યામ રૂદન કરી ટેરત. ૩
બરની બાલસ્વરૂપ ગયે મહાબનમાંહી;
સિંઘ વ્યાઘ્ર ગજ ભાલુકો મનમેં ડર નાહી. ૪
મીલતહે ભુત પિશાચ અસુર બીકરાલ જ્યું;
દરસ કરત તેહી જોની છુટત તતકાલ જ્યું. ૫
દિવ્ય દેહ ધરી કરત વિનય જાત ધામકો;
એહી વિધિ સિદ્ધ સુરેશ પૂજત ઘનશ્યામકો. ૬
કરત ઉગ્ર અભ્યાસ કઠીન તપ શ્રીહરિ;
જીત્યો દેહ મન પ્રાનકો ધર્મ સો હઠ કરી. ૭
ઉત્તર દક્ષિણુ બીચરે દેહ સુધ પરહરી;
પ્રેમાનંદ કહે પશ્ચિમ પધારે કૃપા કરી. ૮

પદ ૮૭૬ મું

આયે સહજાનંદ સિદ્ધ મુનિ વૃંદ સંગ લઈ;
આનંદ મંગલ જુક્ત પશ્ચિમ ભોમી ભઈ. ૧
ઉદયો સહજાનંદ રવિ ભયો જેજેકારહે;
ઘર ઘર ભક્તિ ગ્યાન વૈરાગ્ય વિસ્યારહે. ૨

ફૂલે ભક્ત અરવિંદ છાયો પ્રતાપજ્યું;
માયા તમ ભયો નાશ મતાંતર પાપજ્યું. ૩
બીચરત પુર બન ગામ ગ્યાનઘન સુરજ્યું;
બ્રહ્મ વિદ્યા ઝરી બરખી ચલાયે પૂરજ્યું. ૪
દ્રગ ભરી દેખત રૂપ સહજાનંદ શ્યામકો;
હોત સમાધિ ધ્યાન દેખત સબ ધામકો. ૫
ગોલોક વૈકુંઠ બ્રહ્મપુર જાયકે;
તેજોમય હરિ રૂપ દેખત મુદ પાયકે. ૬
આશ્રિત ભયે નરનારી સો અનંત અપારજ્યું;
ભવસાગરસોં બચાય કીયો ઉદ્ધારજ્યું. ૭
સ્વામિનારાયણુ ભજન કોઉ જન કરતહે;
પ્રેમાનંદ કહે કષ્ટ માત્ર તાકે ટરતહે. ૮

પદ ૮૭૭ મું–રાગ રેખતા

આશકોંદી યારીવે, માશુક ન જાના ભૂલી; માશુ૰ ટેક.
સુંન સાંવરે સાહેબા મોહબત હમારીવે;
ખાવંદ ખુશી હોય રખના દીલમેં વિચારીવે. માશુ૰ ૧
એક તેરાહે આસરા કહે કયા પુકારીવે;
પરવરદીગાર દીલકી તું જાનતાં સારીવે. માશુ૰ ૨
સુરત લગી કદમોસેં ન ટરેંગી ટારીવે;
પ્રેમાનંદકે પ્યારે હમકું લેના સંભારીવે. માશુ૰ ૩

પદ ૮૭૮ મું

દીખલા દીદાર પ્યારા, મેહેબુબ હમારા; મેહે૰ ટેક.
માશુક જરા દે દેના નેનોકા નજારા;
ઇતનેમેં તો હોવેગા આશકુંદા ગુજારા. મેહે૰ ૧
કુરબાન કીયા તેરે નામપર ઘરબાર સંસારા;
ફકીરી લેકે ફીરતાહું કરનેકું દીદારા. મેહે૰ ૨
તકસીર માફ કરના સુંન સરજનહારા;
પ્રેમાનંદકું મુલાખાત દેના નંદદુલારા. મેહે૰ ૩

પદ ૮૭૯ મું–રાગ સોરઠ

ગમીયોરે મારે મન ગિરિધારી; ગમી૦ ટેક.
નટવરનાગર સુખનો સાગર, હરિવર હૈડાનો હાર હજારી. ગમી૦ ૧
કોટી કામ વારુ છબી ઉપર, રંગ રસિયો ઘનસ્યામ વિહારી. ગમી૦ ૨
સુખ સંપત શામળીયો મારે, એને ભજું બીજું સર્વે વિસારી. ગમી૦ ૩
પ્રેમાનંદનો નાથ મનોહર, ધર્મકુંવર સુંદર સુખકારી. ગમી૦ ૪

પદ ૮૮૦ મું

માડીરે મને મોહન પ્યારો; માડી૦ ટેક.
પ્રાણુથકી વહાલો વિઠ્ઠલ વર, નિમખ ન મેલું હવે નાથને ન્યારો. માડી૦ ૧
નંદકુંવરને હું તો જોઈ જોઈ જીવું, કરી રાખું આંખડલીનો તારો. માડી૦ ૨
હરિવર હાર હિયાનો સુંદર, નવલ મનોહર નંદદુલારો. માડી૦ ૩
પ્રેમાનંદનો જીવન વહાલો, જન્મ સંગાથી છે શ્યામ હમારો. માડી૦ ૪

પદ ૮૮૧ મું

વહાલીરે વહાલાજીની વાતું; વહા૦ ટેક.
વાતું સાંભળવા હું વશ થઈ સજની, મેલ્યું મોહનજીને ચરણે માથું. વહા૦ ૧
સુંદર શશિમુખ જોવા સારું, તોડયું લોક કુટુંબનું નાતું. વહા૦ ૨
વાતું સુણીને વહાલાના મુખની, બીજે હવે ક્યાંઈ નથી સુખ થાતું. વહા૦ ૩
પ્રેમાનંદના નાથને નિરખી, મગન રહે મન નીત હરખાતું. વહા૦ ૪

પદ ૮૮૨ મું

જીવનરે જોઇ જોઇને લોભાણી; જીવ૦ ટેક.
શી કહું શોભા સુંદર મુખની, નિરખી રવિ શશિ જોત લજાણી. જીવ૦ ૧
કામ કાજ ઘર ધંધો ભૂલી, ફૂલી સુણી મીઠી મુખની વાણી. જીવ૦ ૨
હરિવર સાથે મારું હેત બંધાણું, દામ વિના એને હાથ વેચાણી. જીવ૦ ૩
પ્રેમાનંદ કહે નાથજી મારું, પ્રીત કરી લીધું ચીતડું તાણી. જીવ૦ ૪

પદ ૮૮૩ મું–રાગ સોરઠ

શામળીયા બેગા આજયોજી, મોહોલે આજયોરે, શામળીયા; બેગા૦ ટેક.
નંદકુંવર થાને અરજ કરે છે પ્યારી, સુંદર બદન દેખાજયોજી. બેગા૦ ૧

સેજ સંવારી વાટ જુવે છે થારી, રસિયાવર રસ પાજ્યોજી. બેગા૦ ૨
નટવરનાગર સેજ પધારો પ્યારા, અમૃત મેહ બરસાજ્યોજી. બેગા૦ ૩
પ્રેમાનંદરા નાથ છબીલા, છેલા હેત કરી બોલાજ્યોજી. બેગા૦ ૪

પદ ૮૮૪ મું

રસિયા રંગ માણોજી, રંગ માણોરે રસિયા; રંગ૦ ટેક.
મંદિર પધારો મોહન વર મરમાળા, ઇતની અરજ ઉર આણોજી. રંગ૦ ૧
રાજેન્દ્ર રંગભીના પ્યારા, માને દાસી રાવલી જાણોજી. રંગ૦ ૨
દુરીજનીયારા બોલ સુણીને પ્યારા, કાંઈ થાને ભરમ ભરાણોજી. રંગ૦ ૩
પ્રેમાનંદરા નાથ મેં જાણું, થારો અલગે જીવ બંધાણોજી. રંગ૦ ૪

પદ ૮૮૫ મું

અબ ના દેસાંરે જાવા ના દેસાં કેશરીયા, જાવા ના દેસાં; જાવા૦ ટેક.
નટવર થાને નેણુમાં રાખાં, રસિયા હેત કરી હૈયા પર લેસાં. જાવા૦ ૧
જ્યું કે'સો યું કરસાં પ્રીતમ પ્યારા, હાથ જોડીને હાજર રે'સાં. જાવા૦ ૨
કાંઈ કરવા ડરપોછો સુંદર છેલા, કઠણ વચન થાને ના કે'સાં. જાવા૦ ૩
પ્રેમાનંદરા નાથજી થેતો, માને જે કે'સો તે સે'સાં. જાવા૦ ૪

પદ ૮૮૬ મું

જાદુડો કીનો છે રાજ, કાંઈ કીનો છે શામળીયા;
જાદુડો કીનો છે; જાદુ૦ ટેક.
મોરલડીમાં કેશરીયા વર મારો, મનડો તો હર લીનો છે. જાદુ૦ ૧
પ્રીત કરીને શામળીયાજી માને, પ્રાનનમેં કાંઈ દીનો છે. જાદુ૦ ૨
તે દીથી માને નટવર છેલ છબીલા, નીત નીત નેહ નવીનો છે. જાદુ૦ ૩
પ્રેમાનંદરા નાથ થારા રંગમાં, મનડો મારો રંગભીનો છે. જાદુ૦ ૪

પદ ૮૮૭ મું-રાગ સોરઠ

નેના મોરે ઉરઝે રૂપ રસાલ; નેના૦ ટેક.
અવલોકત લલચાયે લુબ્ધ જ્યું, દેખી રસીલો લાલ. નેના૦ ૧
ભ્રકુટી કુટીલ નેન મન રંજન, ઉર રાજત બનમાલ;
એ છબી દેખી ભયે બસ દોઉં, જ્યું મૃગ ખંજન જાલ. નેના૦ ૨

આવત દેખે સ્યામ મનોહર, રસિક મંદગતિ ચાલ;
પ્રેમાનંદ સરસ રસ લોભી, માનહું મધુકર બાલ. નેના૦ ૩

પદ ૮૮૮ મું

મોરે લોચન લાલચી ભારી; મોરે૦ ટેક.
શ્રીવ્રજલાલ બદન છબી ચીતવત, હોત ન છીનું એક ન્યારી. મોરે૦ ૧
જ્યોં ચંદા ચકોર મન માન્યો, મીન મગન જ્યું વારી;
ત્યું એ શ્યામ સુંદરસું રસબસ, ભેટત ભુજાઉં પસારી. મોરે૦ ૨
કુલ અપમાન કરત નીશવાસર, લોક લાજસોં ન હારી;
પ્રેમાનંદ પુલકી અવિલોકત, ગુણનિધાન ગિરિધારી. મોરે૦ ૩

પદ ૮૮૯ મું

અંખીયા ઓટ ભયે અકુલાત; અંખી૦ ટેક.
સજલ સરોજ સરસ મોહન મુખ, નિરખી નિરખી ન અઘાત. અંખી૦ ૧
પરમ ચતુર રસિક વર નિરખી, આનંદ ઉર ન સમાત;
કમનિય કમલનયન માધો છબી, તજી અંત નહિ જાત. અંખી૦ ૨
ચિતવત ચરન રસિક ચિંતામની, જપત જાપ દિન રાત;
પ્રેમાનંદ વાસ પદપંકજ, જહાં ન એકું ઘાત. અંખી૦ ૩

પદ ૮૯૦ મું

મોરે લોચન અતહીં અધીર; મોરે૦ ટેક.
તનુ એક કમલનયન બીનુ દેખે, ભરી આવત પલુ નીર. મોરે૦ ૧
હું જબ મંદિર કૃષ્ણ કૃષ્ણ કહી, પ્રાત પઢાવતી કીર;
તેહી બચન સુની હોત અતિ દુઃખ, ચાહત છબી બલબીર. મોરે૦ ૨
ઘુંઘટ ઓટ રહત નહી રાખે, છીનું છીનું ફારત ચીર;
પ્રેમાનંદ સ્યામ મુખ ચીતવત, તબહીં મીટત સબ પીર. મોરે૦ ૩

પદ ૮૯૧ મું–રાગ સોરઠ

વારને જાું વારને જાું વારને જાઉંરી ઘનસ્યામ વદનપર વારને; જાઉં૦ ટેક.
તેજોમય ગોલોકનિવાસી, પ્રગટે અધમ ઓધારને. જાઉં૦ ૧
નિજ જન સહિત પધારે શ્રીહરિ, અનેક પતિત ભવતારને. જાઉં૦ ૨

દીનાનાથ દયાકે સાગર, ઓગુન અનેક બીસારને. જાઉં૦ ૩
પુરુષોત્તમ પ્રગટ ભયે કળીમેં, પ્રેમાનંદકે કારને. જાઉં૦ ૪

પદ ૮૯૨ મું

શ્યામકીજું શ્યામકીજું શ્યામકી જાઉંરી બલિહારી
નવલ ઘનશ્યામકી; જાઉં૦ ટેક.
અનેક અધમ ઓધારને, કળીમેં કીની હે નૌકા નામકી. જાઉં૦ ૧
દેતહેં સબકું શ્રીપુરુષોત્તમ, પરમ ગતિ નિજ ધામકી. જાઉં૦ ૨
માયીક મતકું છેદન કીને, લીની હે લાજ આજ કામકી. જાઉં૦ ૩
પ્રેમાનંદ મગન હોઈ ગાવત, કિરતી જન વિશ્રામકી. જાઉં૦ ૪

પદ ૮૯૩ મું

ભાવનીજું ભાવનીજું ભાવની સખીરી ઘનશ્યામ મૂરત
મન ભાવની; સખી૦ ટેક.
શ્રીઘનશ્યામ માધુરી મૂરત, ત્રિવિધ તાપ નસાવની. સખી૦ ૧
અંબુજ નેન અલૌકિક મૂર્તિ, ચીતવની ચીત લલચાવની. સખી૦ ૨
શ્રવન સુનત અતહી સુખ ઉપજત, બતીયાં પરમ સોહાવની. સખી૦ ૩
પ્રેમાનંદ બલિહારી લટકપર, ચલની પરમ પદ પાવની. સખી૦ ૪

પદ ૮૯૪ મું

ઉરમેંજું ઉરમેંજું ઉરમેં રહોજું ઘનશ્યામ મૂરત મેરે ઉરમેં; રહો૦ ટેક.
રહો ઉરમેં ઘનશ્યામ સુંદર વર, નાથ ન રહો અબ દૂરમેં. રહો૦ ૧
નિરખું એક ટક રૂપ મનોહર, મગન રહુંગી મગરુરમેં. રહો૦ ૨
શ્યામ તિહારી દાસી ચરનકી, રહુંગી રાજ હજૂરમેં. રહો૦ ૩
પ્રેમાનંદ ભયો કરતારથ, ચરન શરન સુખપૂરમેં. રહો૦ ૪

પદ ૮૯૫ મું–રાગ સોરઠ

હો સુંદર શ્યામ મારે મોહોલે આજો રાજ, મારે મોહોલે
આજો રાજ; હો સું૦ ટેક.
આછી આલાપકે સોરઠી, મીઠી તાન ગાજો રાજ. મારે૦ ૧
અધર સુધારસ સાહેબા, માને આજ પાજો રાજ;
પ્રેમાનંદરા નાથજી, હસીકે બોલાજો રાજ. મારે૦ ૨

પદ ૮૯૬ મું

હો રાજેન્દ્ર રેન મારે મોહોલે માણો રાજ, મારે મોહોલે
માણો રાજ; હો રા૦ ટેક.
દામ વિનારી દાસી માને રાવલી જાણો રાજ. મારે૦ ૧
આજથકી અલબેલ, મારું અંતર નાણો રાજ;
પ્રેમાનંદકે શ્યામ પુરવરી, પ્રીત પીછાણો રાજ. મારે૦ ૨

પદ ૮૯૭ મું

હો મોહન મૂર્તિ થારી આછી લાગે રાજ, માને આછી
લાગે રાજ; હો મો૦ ટેક.
નાગર થાને નિરખતાં દુઃખ દૂર ભાગે રાજ, માને આછી૦ ૧
નટવર સુંદર મૂરતિ, રહો નેણાં આગે રાજ;
એ વર દેજ્યો સાહેબા, પ્રેમાનંદ માગે રાજ, માને આછી૦ ૨

પદ ૮૯૮ મું

હો સુંદર છેલ મારો મનડો મોહ્યો રાજ, મારો મનડો મોહ્યો રાજ; હો સું૦ ટેક.
હસતા હરિવર હેતમેં, મુજ સામું જોયો રાજ, મારો મનડો૦ ૧
નટવર નેણુરી સેનમેં, મારો ચીતડો પ્રોયો રાજ;
પ્રેમાનંદરા નાથજી, દુઃખ દૂર ખોયો રાજ, મારો મનડો૦ ૨

પદ ૮૯૯ મું–રાગ સોરઠ

ધર્મસુત જીવન પ્રાન હમારે; ધર્મ૦ ટેક.
શ્રીઘનશ્યામ ધર્મકુલભૂખન, નટવર નેનાઉંકે તારે. ધર્મ૦ ૧
હિયકો હાર હરિવર સુંદર, ધર્મકુંવર પ્રાન પ્યારે;
કમલનયન હરિકૃષ્ણ છબીપર, પ્રેમાનંદ બલિહારે. ધર્મ૦ ૨

પદ ૯૦૦ મું

ધર્મસુત જીવનમૂરી હમારી; ધર્મ૦ ટેક.
સંજીવની ઘનશ્યામ મૂર્તિ, ભવસંભવ ભયહારી. ધર્મ૦ ૧
નિરખે નેહ સહિત નારાયણ, ઇતર વાસના ટારી;
પ્રેમાનંદ હરિકૃષ્ણ રૂપ છટા, રાખત ઉર બીચ ધારી. ધર્મ૦ ૨

પદ ૯૦૧ મું

હમારે ધન ધર્મકુંવર રંગ ભીનો; હમા૦ ટેક.
ધર્મસુતુપર ત્રિભુવનકો સુખ, વારી ફેરી ત્યજી દીનો. હમા૦ ૧
પરમ ચતુર હરિકૃષ્ણ પ્રાનપતિ, પ્રેમ સહિત ઉર લીનો;
પ્રેમાનંદ ધનશ્યામ ચરનપર, તન કુરબાન લે કીનો. હમા૦ ૨

પદ ૯૦૨ મું

હમારે એક જીવન ધર્મદુલારો; હમા૦ ટેક.
જીવનપ્રાન સબેં હરિજનકો, સતસંગકો ઉજીયારો. હમા૦ ૧
યોગ યજ્ઞ સાધન સુક્રિત જસ, ધર્માત્મજ પ્રાન પ્યારો;
પ્રેમાનંદ ધનશ્યામ મૂર્તિ, પરમ સિદ્ધાંત હમારો. હમા૦ ૨

પદ ૯૦૩ મું–રાગ સોરઠ

અબ તો સનેહી સુધ લીજે જરી; અબ૦ ટેક.
બાંહ ગહી બીછુરે ના બનેગી, કૃપાસિંધુ હરિ. સુધ૦ ૧
પરિહરી અવગુન હેરો કરુણાધન, અમૃત નજરે ભરી. સુધ૦ ૨
નિજ જન કારણ શ્રીનારાયણ, આયે દેહ ધરી. સુધ૦ ૩
પ્રેમાનંદકે પ્રભુ દર્શન દીજે, હમપર કરુના કરી. સુધ૦ ૪

પદ ૯૦૪ મું

અબતો તનિક હેરો હમરી ઓર; અબ૦ ટેક.
કરુના કરો કરુણાનિધિ કેશવ, શ્રીહરિ ધર્મકિશોર. હેરો૦ ૧
કારણ કવન કઠિન ભયે અમપર, ચંચલ દૃગ ચીતચોર. હેરો૦ ૨
સદય હૃદય સુખસાગર હમસું, કયું તોરી બરજોર. હેરો૦ ૩
પ્રેમાનંદકે નાથ કહા કહે તુમકું, વક ભયો વિધિ મોર. હેરો૦ ૪

પદ ૯૦૫ મું

હમતો હરિ જું તોરે શરન પરે; હમ૦ ટેક.
કહા ઉગરેગો કરુણાસાગર, રંકસું રીસ કરે. તોરે૦ ૧
અશરણશરણ શરણાંગતવત્સલ, યહ પનું ક્યોં બીસરે. તોરે૦ ૨
શરણાંગતહીત બહુત સહી પ્રભુ, જુગ જુગ દેહ ધરે. તોરે૦ ૩
પ્રેમાનંદકે નાથજી હમસું, તોરી ક્યોં બીચરે. તોરે૦ ૪

પદ ૯૦૬ હું

તુમ તો બિહારી નાહીં કીની ભલી; તુમ૦ ટેક.
અપને પનકું ખોટ લગાઇ, એ નઈ રીત ચલી. ના૦હીં ૧
વ્યાસ વિરંચી શેષ શુક નારદ, બાંચત બીરદાવળી. નાહીં૦ ૨
સત્ય પ્રતિજ્ઞા સુને હમ સંતત, નિઠુરતા નાહીં કળી. નાહીં૦ ૩
અબ કરુણા કીજે કરુણાધન, પ્રેમાનંદ જાત બલી. નાહીં૦ ૪

થાલ

પદ ૯૦૭ મું–રાગ સારંગ રાજભોગનો થાલ

જીમીયે જન સુખદાઈ, ભોજન જીમીયે જન સુખદાઈ; ભોજ૦ ટેક.
ખટરસ ચાર પ્રકાર સુધારકે, ભક્તિ માત લે આઈ. ભોજ૦ ૧
પુર્‌યો કનક થાર અતિ સુંદર, કંચન પાટ બીછાઈ;
છપ્પન ભોગ છતીસહું બિંજન, રચના કહી ન જાઈ. ભોજ૦ ૨
લડુવા બહુત પ્રકારકે નૌતમ, પેંડા બરફી બનાઈ;
ઘેવર ખાજા સરસ જલેબી, સૂત્રફેણી મન ભાઈ. ભોજ૦ ૩
મરકી મેંસુબ સાટા ગુંજા, ગુલાબપાક ગુનદાઈ;
લુચઈ પુરી ઠોર કચોરી, બરની ન સકયો મીઠાઈ. ભોજ૦ ૪
ધ્રણી પાપડી પાપડ પૂડા, માલપૂવા અધિકાઈ;
સેવ સુંવારી ખીર ખાંડ ઘ્રત, જીમીયે નાથ અઘાઈ. ભોજ૦ ૫
મધુ મેવા અરુ માખન મીસરી, સિખરન બીરંજ સોહાઈ;
ભજીયા વડા ગુલ ગુલાબકળી ભલી, ગીનત પાર કો પાઈ. ભોજ૦ ૬
કેરી આદા નીંબુ મિરચી, ખારક દ્રાખ તીખાઈ;
અથાનેકો અંત નહી તબ, રહ્યો કહત સકુચાઈ. ભોજ૦ ૭
ભાજી સુંદર સરસ બની પ્રભુ, જીમો દેઉં બતાઈ;
કાશીફલ કંકોડા પરવર, સુરનકી સરસાઈ. ભોજ૦ ૮

વાલોરી વૃંતાક કરેલા, કીતની કરું બડાઈ;
નયાંકો અતિ સરસ રાયતો, તુલ્ય પરીહે રાઈ. ભોજ૦ ૯
કઢી વડી અરુ ચના તરેલકો, સ્વાદ હે સરસ સવાઈ;
બથુવા મેથી સુવા ટાંકા, ભાજી સરસ રંધાઈ. ભોજ૦ ૧૦
દાર ભાત જીમીયે સુંદર, મીસરી ગોરસમાઈ;
હોરે હોરે ગ્રાસ ભરો પ્રભુ, લાવું દૂધ ઓટાઈ. ભોજ૦ ૧૧
અતિ આનંદ હોય જીમો જીવન, થાર સુનાવું ગાઈ;
પ્રેમાનંદ પનવારો જુંઠકો, દીજે પાસ બોલાઈ. ભોજ૦ ૧૨

પદ ૯૦૮ મું–રાગ સારંગ રાજભોગકો થાલ

ભોજન જીમીયે નાથ હમારે; ભોજ૦ ટેક.
કંચન કલશ લીયે શીતલ જલ, સનક સનંદન ઠારે. ભોજ૦ ૧
છપ્પન ભોગ છતીસહું બિંજન, વિવિધ પ્રકાર સંવારે;
કરજોરે કમલા લીયે થારી, જીમીયે પ્રાનસોં પ્યારે. ભોજ૦ ૨
દધી માખન પકવાન મીઠાઈ, ખટ રસ ખાટે ખારે;
રુચી રુચી ગ્રાસ ભરો મોરે જીવન, પરત હું પૈયાં તુમારે. ભોજ૦ ૩
ગોલોકપતિ કૃષ્ણદેવ પ્રભુ, નિજ જન હીત તનુ ધારે;
પ્રેમાનંદ પનવારો જુંઠકો, માંગત ઠાડો દ્વારે. ભોજ૦ ૪

પદ ૯૦૯ મું–રાગ સારંગ રાજભોગનો થાલ

આરોગો અવિનાશી, ભોજન આરોગો અવિનાશી: ભોજ૦ ટેક.
વિંજન વિવિધ પ્રકાર સંવારે, તુમ કારન સુખરાશી. ભોજ૦ ૧
મોતીચુર જલેબી સુંદર, પેંડા બરફી ખાસી;
વિધવિધકે પકવાન મીઠાઈ, ગીનત અંત નહી આસી. ભોજ૦ ૨
દૂધપાક દધી ઓદન મીસરી, જીમો કુંજવિલાસી;
નિરખી સુંદર બદન કમલ છબી, મીટે સકલ ભવ ફાંસી. ભોજ૦ ૩
અતિ પ્રસન્ન હોય જીમો જીવન, મગન હોત વ્રીજવાસી;
પ્રેમાનંદકું શીત પ્રસાદી, દીજે બોલાયકેં પાસી. ભોજ૦ ૪

પદ ૯૧૦ મું

ભોજન કીજે નંદદુલારે; ભોજ૦ ટેક.
શ્રીઘનસ્યામ જસોદાજીવન, ગોપીજન દ્રગ તારે. ભોજ૦ ૧
નાનાવિધ પકવાન મીઠાઈ, બીંજન ખાટે ખારે;
રુચી ઉપજાય રસિક વર જીમો, પ્રીતમ પ્રાનસોં પ્યારે. ભોજ૦ ૨
પુરી ઠોર કચોરી સુંદર, બરા દધીમહીં ડારે;
કઢી વડી ભાજી અતિ સારી, ભરે કટોરે ન્યારે. ભોજ૦ ૩
સુંદર દાર ભાત દધી મીસરી, જીમો જગ ઉજીયારે;
નિરખી સુંદર ચવન ચાતુરી, વારોં પ્રાન હમારે. ભોજ૦ ૪
ઉપર ઓટ્યો દૂધ રું મીસરી, પીયો મોહન મતવારે;
બચે સો પ્રેમાનંદકું દીજે, માંગત ઠાડો દ્વારે. ભોજ૦ ૫

પદ ૯૧૧ મું–રાગ સારંગ

બીરી લીજે શ્યામ સુખકારી; બીરી૦ ટેક.
વાસુદેવ નારાયણુ વિષ્ણુ, ત્રિભુવન મંગલકારી. બીરી૦ ૧
નાગરબેલીકે પાન મનોહર, લાઈ હું સરસ ઉતારી;
તજ એલાયચી જાવંત્રી જાયફલ, કતરીહેં સરસ સોપારી. બીરી૦ ૨
ચુનો દીયો ગુલાબી કાથો, ચુરન અતિ સુખકારી;
પરમ પ્રીતસોં બીરી બનાઈ, લોંગન ખીલ સંવારી. બીરી૦ ૩
રમારમન કછુ હસે મંદ છબી, લીની હાથ પસારી;
ગોલોકપતિ નાથ ચરનપર, પ્રેમાનંદ બલિહારી. બીરી૦ ૪

પદ ૯૧૨ મું–રાગ કાફી થાલ

જમોને ગોપીનાથજી સુંદર લાડુ રે; જમો૦ ટેક.
ઘૃત શાકરમાંહી ઝાઝા ભેળીને, હરિવર હેતે હું જમાડું રે. જમો૦ ૧
જગજીવન મારે હાથે જમો તો, ઘણું ઘણું માનીશ હું સપાડું રે. જમો૦ ૨
સુંદર મુખડું હું જમતાં રે જોવું, થાયે મારા અંતરમાંહી ટાઢું રે. જમો૦ ૩
પ્રેમાનંદ ઉભો આશ કરીને, જમીને આપો પનવાડું રે. જમો૦ ૪

પદ ૯૧૩ મું

જમોને ઘનસ્યામજી પુરી શીરો રે; જમો૦ ટેક.
બહુ પકવાન તમ કાજ કર્યાં છે, બીરંજ હરીસો શાકર કેરો રે. જમો૦ ૧

લાવી છું ડોલરીયાના હાર ગુંથીને, જમીને જીવન તમે પેરોરે. જમો૦ ૨
જીવન તમને જમતાં જોવું તો, મટે મારા ભવફેરા ફેરારે. જમો૦ ૩
પ્રેમાનંદને શીત પ્રસાદી, દીયો તો રાજી છે ઘણેરારે. જમો૦ ૪

પદ ૯૧૪ મું

લીયોને ગોપીનાથજી મુખવાસરે; લીયો૦ ટેક.
તજ એલાયચી જાવંત્રી જાયફલ, હાજર ઉભી છું લૈને પાસરે. લીયો૦ ૧
કાથો ચુનો તજ લવીંગ સોપારી, બીડી મેં વાળી છે કરી ઉલાસરે. લીયો૦ ૨
મારે હાથે હું બીડી મુખમાંરે આપું, આજ મારે
આવ્યો સાવકાશરે. લીયો૦ ૩
મુખ તંબોલ લીધાનીરે મોહન, પ્રેમાનંદને છે ઘણી આશરે. લીયો૦ ૪

પદ ૯૨૫ મું

આપું છું બીડી પાનની હું બનાવીરે; આપું૦ ટેક.
નાગરવેલીના પાન મનોહર, પાકાં પાકાં જોઇને આખાં લાવીરે. આપું૦ ૧
કાથો ચુનો ને લવીંગ એલાયચી, વાંકડી સોપારી કતરાવીરે. આપું૦ ૨
પ્રીત કરીને સુંદર બીડી મેં વાળી, મુખમાં મેલું પાસે આવીરે. આપું૦ ૩
પ્રેમાનંદને કૃપા કરીને, મુખ તંબોલ આલો ચાવીરે. આપું૦ ૪

પદ ૯૨૬ મું–રાગ બીહાગ

વ્યારુ કરત નંદકે લાલ, કરત નંદકે લાલ વ્યારુ કરત નંદકે લાલ; લાલ૦ ટેક.
ખટ રસ ચાર પ્રકાર જસોદા, લાઈ પરોસી થાલ. વ્યારુ૦ ૧
મધુ મેવા પકવાન મીઠાઈ, બિંજન વિવિધ રસાલ;
જીમત કરત વિનોદ પરસપર, હલધર મદનગોપાલ. વ્યારુ૦ ૨
દધી ઓદનમહીં મિસરી મીલાયકે, જીમત દીનદયાલ;
નિરખત નંદ મુખારબિંદ છબી, હરખી હોત નિહાલ. વ્યારુ૦ ૩
પરમ પ્રીતસોં જીમીકે ઉઠે, કર મુખ કમલ પખાલ;
પ્રેમાનંદ પ્રાન નોછાવર, કરત નિરખી છબી ચાલ. વ્યારુ૦ ૪

પદ ૯૧૭ મું

જીમત શ્યામ જીમાવત પ્યારી; જીમ૦ ટેક.
કુંચન થાર પરોસી ખટ રસ, ભરી શીતલ જમુના જળ ઝારી. જીમ૦ ૧
કરી કરી કોર દેતી પીયા મુખમેં, ચિતવતી બદન સો
નિમિખ નિવારી;
કરતી વિનોદ હસી હસી પીયસોં, સુચવતી સેંન ગૂઢ રસ ભારી. જીમ૦ ૨
આસપાસ લલિતાદિક સહચરી, ગાવતી હસી હસી મીઠી
મીઠી ગારી;
પ્રેમાનંદકો નાથ મુદિત મન, કરત વિયારુ શ્રીકુંજબિહારી. જીમ૦ ૩

પદ ૯૧૮ મું

ગિરિધરલાલ બિયારુ કીજે; ગિરિ૦ ટેક.
સુંદર હોર કચોરી પૂરી, બહુત પ્રકાર અનોખી ચીજે. ગિરિ૦ ૧
માનભોગ સેવે અતિ સુંદર, મીઠો ભાત માંગીકે લીજે;
રુચિ અનુસાર આરોગો જીવન, નિરખી બદન છબી બલી
બલી જીજે. ગિરિ૦ ૨
સુંદરસ્યામ અઘાયકે જીમો, પય શાકર કછુ ઉપર પીજે;
જો કછુ બચે આપકો જુંઠો, પ્રેમાનંદકું બોલાયકે દીજે. ગિરિ૦ ૩

પદ ૯૧૯ મું

પીયકું દુધ કટોરે પાવે; પીય૦ ટેક.
પ્રેમ વિવશ બ્રખુભાન લાડીલી, ચીતવતી બદન નેના ભરી આવે. પીય૦ ૧
બીરી દેતી બનાયકે મુખમેં, ભુજ ભરી હરિકું કંઠ લગાવે;
લે લે દરસ પરસ સુખ નૌતમ, પુરબ વિરહકે તાપ સમાવે. પીય૦ ૨
કબહુંક કુંડળ પાઘ સમારે, કબહુંક ઉર લે હાર પૈરાવે;
પ્રેમાનંદકે નાથકું પ્યારી, બોલી મધુર પ્રીતિ ઉપજાવે. પીય૦ ૩

પદ ૯૨૦ મું–રાગ બીહાગ થાલ

મદનમોહનલાલ કીજે બ્યારુ; મદ૦ ટેક.
કરજોરે ઠાડી કબહીકી, દુલહની રસીક રાધા સુકુમારુ. મદ૦ ૧

કંચન થાર પરોસી લાઈ, પૂરી ઠાર કચોરી લારુ;
માનભોગ સેવે અતિ સ્વાદુ, આરોગો પ્રભુ અભય ઉદારુ. મદ૦ ૨
મીઠા બીરંજ હરીસો સુંદર, દૂધપાક કીનો તુમસારુ;
ઓરહીં બહુત પ્રકારકે બિંજન, જો માંગો સો તરત તિયારુ. મદ૦ ૩
દૂધ ભાત મિસરી મનમોહન, જીમો ચંચલ લોચન ચારુ;
આચમન કર દીજે દુ:ખમોચન, પ્રેમાનંદકું પ્રસાદી પ્યારુ. મદ૦ ૪

પદ ૯૨૧ મું

મદનમોહન બીરી લેઉ પ્યારે; મદ૦ ટેક.
કરજોરે બ્રખુભાન લાડીલી, મધુર મધુર મુખ બચન ઉચારે. મદ૦ ૧
લીજે અખિલ લોક સુરનાયક, લીજે જીવન પ્રાન હમારે;
લીજે મદનમોહન મનરંજન, નંદકુંવર નેનનકે તારે. મદ૦ ૨
પાકે પાન નાગરવેલીકે, ચુનો કાથો ગુલાબી ડારે;
તજ એલાયચી જાવંત્રી જાયફલ, ધરી લોંગન કેરી ખીલ સંવારે. મદ૦ ૩
મંદ મંદ મુસકાયકે મોહન, બીરી કારન હાથ પસારે;
પ્રેમાનંદ બીરી દે પ્યારી, ચિતવતી બદન પલક નહીં પારે. મદ૦ ૪

પદ ૯૨૨ મું–રાગ બીહાગ થાલ

જીજીયે બલીજાઉં, વ્યારુ, કીજીયે બલીજાઉં; વ્યારુ૦ ટેક.
નરનારાયણુ નાથ તુમારે, ચરન કમલ શિર નાઉં. વ્યારુ૦ ૧
વિધવિધકે પકવાન મીઠાઈ, પ્રીત સહિત જીમાઉં;
ઓટચો દુધ ભાત અતિ સુંદર, મિસરી માંહ્ય મીલાઉં. વ્યારુ૦ ૨
તુમ જીમો હું નિરખું જીવન, નિરખી નિરખી સુખ પાઉં;
પ્રેમાનંદ જુંઠકો લાલચી, આગે ઠાડો ગાઉં. વ્યારુ૦ ૩

પદ ૯૨૩ મું

બીરી લીજીયે બદ્રિનાથજીરે; બીરી૦ ટેક.
નાગરબેલીકે પાન મનોહર, ચુનો ગુલાબી કાથજીરે. બીરી૦ ૧
તજ એલાયચી જાવંત્રી જાયફલ, કતરી સોપારી મોરે હાથજીરે. બીરી૦ ૨

પ્રેમ પ્રીતસું બીડી બનાઈ, લીજે શ્યામ સુખપાથજીરે. બીરી૦ ૩
પ્રેમાનંદ કે' હસ્તકમલ દોઉં, ધરીયે સદા મોરે માથજીરે. બીરી૦ ૪

પદ ૯૨૪ મું–રાગ બીહાગ

મારે મંદિર પધારો પ્રભુ પ્રીત કરી; મારે૦ ટેક.
શંકા કોયની ધરશો માં, આવો મગન થકા છોગાં શીશ ધરી. મારે૦ ૧
વિધવિધનાં પકવાન કર્યાં છે, પીરસી મેલ્યો છે મેં તો થાલ ભરી;
મોતીયા સેવૈયા સાટા જલેબી પેંડા, બરફી ને બીરંજ હરીસો હરિ. મારે૦ ૨
શાક પાક બહુ ભાતે કર્યાં છે, કસર નથી માંહી કસીયે જરી;
જેજે ગમે તે જમજો હરિ મારા, માગી લેજો ઉપર મીઠું રે મરી. મારે૦ ૩
સર્વે મનોરથ પૂરો પ્રભુ મારા, આવો નહીં આવે મારે લાગ ફરી;
પ્રેમાનંદના નાથ ધર્મકુંવર પીયા, મન ક્રમ વચને હું તમને વરી. મારે૦ ૪

પદ ૯૨૫ મું

મારે ભુવન પધારો હરિવર હસતા; મારે૦ ટેક.
પ્રીત કરીને પ્રીતમ તમને, લાડવા જમાડું સુંદર લસલસતા. મારે૦ ૧
વસન આભૂષણ પેરીને પધારો, ગૂઢો રેંટો કમરે કસતા;
ચાખડીયો પે'રીને ચટકતી, લટકતી ચાલે મારે ઉર વસતા. મારે૦ ૨
ડોલરીયાના ઉર હાર પેરીને, અંતર ફુલેલમાં મસમસતા;
આવંતા ઉર શંક ન ધરશો, દુરિજન દેખીને છોને ભસતા. મારે૦ ૩
જમતાં જીવન લટકાં કરીને, નરનારીના ઉરમાં ધસતા;
નેણાં ભરીને નિરખું નટવર, પ્રેમાનંદને લાડુ પીરસતા. મારે૦ ૪

પદ ૯૨૬ મું

તમે જમો જમો મારા ઠાકરીયા; તમે૦ ટેક.
હરિવર મારે હાથે જમાડું, સુંદર લાડુ શાકરીયા. તમે૦ ૧
પેંડા બરફી ખાજાં જલેબી, મરકી મેસુબને ઘેબરીયા;
શીરો પુરી કંસાર હરીસો, બીરંજ જમો કહાના કેશરીયા. તમે૦ ૨
ભજીયા વડાં તળ્યાં છે પાપડ, મીઠું જીરુ નાંખીને મરીયાં;
શાક પાક સુંદર વર જમજો, રાયતડાં સુંદર દેથરીયા. તમે૦ ૩

આંબામોરનો ભાત અનોપમ, દૂધ શાકર જમો ગિરિધરિયા;
વધે તે પ્રેમાનંદને આપો, ધર્મકુંવર રંગના ભરીયા. તમે૦ ૪

પદ ૯૨૭ મું

આપું પાન બીડી જમો ભક્તપતિ; આપું૦ ટેક.
ધર્મકુંવર ઘનશ્યામ સુંદર વર, તમથી વહાલું મારે કોઈ નથી. આપું૦ ૧
નાગરવેલીના પાન મનોહર, કાથો ચુનો મેલી રતીરે રતી;
તજ એલાયચી માંહી લવીંગ સોપારી, બીડી વાળી છે વહાલા
સરસ અતિ. આપું૦ ૨
સુંદર મુખમાં બીડી આપું, નિરખું ચકોર જ્યું ચંદ ગતિ;
પીકદાની કરું હાથ તણી મારે, ઘણારે દિવસની આશ હતી. આપું૦ ૩
તન મન વારું આરતિ ઉતારું. એ વર માગું કરી વિનતિ;
ધર્મકુંવર ઘનશ્યામ ચરણમાં, પ્રેમાનંદની રહો અચલ મતિ. આપું૦ ૪

પદ ૯૨૮ મું-રાગ બીહાગ થાલ

નરનારાયણ પ્યારે, જીમત, નરનારાયણ પ્યારે; જીમ૦ ટેક.
સનકાદિક સરસ જળ શીતળ, કનક કલશ ભરી ઠારે. જીમ૦ ૧
માત મૂરતિ પરમ પ્રીતસું, વિંજન વિવિધ સંવારે;
ખટ રસ ચાર પ્રકાર થાર ભરી, કનક પીઠપર ધારે. જીમ૦ ૨
તાત ધર્મ અતિ પરમ નેહ વસ, ભરી આયે દ્રગ તારે;
સનમુખ આય વિલોકી લેત સુખ, કરત ન પલકસું ન્યારે. જીમ૦ ૩
મંદ મંદ મુસકાત પરસપર, ભરત ગ્રાસ રસ સારે;
નારદ કરત વિનોદ મરમ હસી, જુંઠનકે અધિકારે. જીમ૦ ૪
મંગલ રૂપ મોદક જીમ કર, કર મુખ કમલ પખારે;
પ્રેમાનંદ જુંઠકો લાલચી, માંગત ઠાડો દ્વારે. જીમ૦ ૫

પદ ૯૨૯ મું-રાગ સોહની

બીરી લીજે લાલ ગિરિધારીરે, ગિરિધારી ગિરિધારીરે;
બીરી લીજે લાલ ગિરિધારીરે; બીરી૦ ટેક.
નાગરવેલીકે પાન મનોહર, કાથો ચુનો સોપારીરે. બીરી૦ ૧

તજ એલાયચી જાવંત્રી મેલી માંહી, લૌંગન ખીલ સંવારીરે. બીરી૦ ૨
બીરી પાન પરમ સુખદાઇ, જીમીયે કુંજબિહારીરે. બીરી૦ ૩
પ્રેમાનંદ કહે પાન પીકકી, ડારે શ્યામ પિચકારીરે. બીરી૦ ૪

પદ ૯૩૦ મું

બીરી દેત બનાયકે પાનકી, પાનકી પાનકી પાનકી;
બીરી દેત બનાયકે પાનકી; બીરી૦ ટેક.
લે કરમેં કરજોરે ઠાડી, પ્યારી કુંવરી ભ્રખુભાનકી. બીરી૦ ૧
બીનય બચન કહી બાંહ ગહી હસી, કછુક સકુચ મુખ માનકી. બીરી૦ ૨
દેત બીરી મુખમેં બરજોરી, મેલી શંકા તજી આનકી. બીરી૦ ૩
પ્રેમાનંદ મગન છબી ચીતવત, સુંદરશ્યામ સુજાનકી. બીરી૦ ૪

પદ ૯૩૧ મું-રાગ વસંત થાલ

ધન્ય ધન્ય આજ સપરમો દહાડો, મોહન મંદિર પધાર્યાં;
અમ ઘેર આવતાં વહાલાને, સોકલડીયે બહુ વાર્યાં. ધન્ય૦ ૧
આજ મારા ભાગ્ય કહ્યામાં ના આવે, મુખડું જોઈ જોઈ ફુલી;
શું શું કરું શામળીયા સારું, દેહ દિશા સુધ ભુલી. ધન્ય૦ ૨
ઉઠી ઉતાવળી પ્રેમ વિવશ થઈ, દૂધડે ચરણ પખાળ્યા;
દુખડાં લઇને મોતીડે વધાવ્યા, તાપ હૈયાના ટાળ્યા. ધન્ય૦ ૩
છપર પલંગપર સેજ સંવારી, પધરાવ્યા શ્યામ સોહાગી;
જીવન કહે છે લાવો જમ્યાનું, ભુખડલી બહુ લાગી. ધન્ય૦ ૪
છપન ભોગ છત્રીશેં વીંજન, લાવીને પૂર્યા થાળ;
જમવા બેઠા હરિવર હેતે, શરણાંગત પ્રતિપાળ. ધન્ય૦ ૫
લાડુ જલેબી ઘેબર સાટા, બરફી પેંડા બહુ સારા;
દળ મગદળને બીરંજ હરીસા, જમજો પ્રીતમજી પ્યારા. ધન્ય૦ ૬
વિધ વિધનાં પકવાન કર્યાં છે, ગણતાં પાર ન આવે;
જીવન જમજો સારાં સારાં, જે જે તમને ભાવે. ધન્ય૦ ૭
ખારક દ્રાક્ષને ચીરીયો રાયતી, આથણાં બહુ ભાંતે;
ભજીયા વડાં ને પાપડ પુડલા, જમજો હરિ કરી ખાંતે. ધન્ય૦ ૮

દૂધપાક ને શ્રીખંડ બાસુદી, શીરો પુરી ને કંસાર;
ભાત ભાતના શાક કર્યાં છે, કઢી વડી રાયતા ત્યાર. ધન્ય૦ ૯
દાળ ભાત જમી દૂધ શાકર પીધાં, હામ હૈયાની વહાલે પૂરી;
ચળું કરાવીને મુખવાસ આપે, પ્રેમાનંદ હજૂરી. ધન્ય૦ ૧૦

પદ ૯૩૨ મું-રાગ વસંત થાલ

આજ સખી શામળીયો વહાલો, પરોણા ઘેર આવ્યા;
થાળ ભરીને મેં તો મોટે મોતીડે વધાવ્યા; આજ૦ ટેક.
કર સાહીને કૃષ્ણ જીવનને, મંદિરમાં પધરાવ્યા;
નોતરીયા નારાયણ મેં તો, બહુ વિધ પાક બનાવ્યા. આજ૦ ૧
ખટ રસ ચાર પ્રકાર સુધારી, થાળ ભરીને લાવ્યા;
કંચન કલશ ભરીને શીતળ, જળ જમુનાના પાવ્યા. આજ૦ ૨
લાડુ પેંડા જલેબી ઘેબર, બહુ પકવાન પિરસાવ્યાં;
શાક પુર્યાં બહુ કનક કટોરે, જે હરિને મન ભાવ્યાં. આજ૦ ૩
ભજીયાં વડાં ફાફડા પાપડ, તળેલ તાતાં તાવ્યાં;
લીંબુ આદા કેરીના બહુ, આથણાં મગાવ્યાં. આજ૦ ૪
દાળ ભાત પિરસીને શાકર, નાંખી દૂધ ઓટાવ્યાં;
દૂધ ભાત જમાડી હરિને, હેતે ચળું કરાવ્યાં. આજ૦ ૫
પાન બીડાં અમારા હરિયે, હાથો હાથ લઈ ચાવ્યાં;
પ્રેમાનંદના નાથને ભેટી, તનના તાપ સમાવ્યા. આજ૦ ૬

પદ ૯૩૩ મું-રાગ ઠુમરી થાલ ત્રિતાલ

જીમત પીયા પ્રાન જીમાવતી પ્યારીરે; જીમા૦ ટેક.
કંચન થાર પરોસી લાઈ, બિંજન વિવિધ સંવારી. જીમા૦ ૧
મોતીચુર જલેબી સુંદર, દૂધપાક સુખકારી. જીમા૦ ૨
માનભોગ મીઠીપૂરી કચોરી, બરા દધીમહીં ડારી. જીમા૦ ૩
પ્રેમાનંદકું પ્યારો શીત પ્રસાદી, દેતહે પાસ બેસારી. જીમા૦ ૪

પદ ૯૩૪ મું

લાડીલો લાલ જીમત પૂરી દૂધપાક; લાડી૦ ટેક.
વિધ વિધકે પકવાન મીઠાઈ, બહુત પ્રકારકે શાક. લાડી૦ ૧

જીમત મેવા શ્યામ મનોહર, કદલીફલ અરુ દ્રાક. લાડી૦ ૨
આસપાસ બેઠી સખા મંડલી, સબહીકું દેત ચાખ ચાખ. લાડી૦ ૩
પ્રેમાનંદ માગે જુંઠ પ્રસાદી, બહુત અંતર અભીલાખ. લાડી૦ ૪

પદ ૯૩૫ મું

શીરા પૂરીરે આરોગો અવિનાશી; શીરો૦ ટેક.
મોતીચુર જલેબી ઘેબર, પેંડા બરફી ખાસી. શીરો૦ ૧
મીઠો બીરંજ હરીસો સુંદર, દૂધપાક સુખરાશી. શીરો૦ ૨
ઓટચો દૂધ ભાત ઝીનવાકો, મીસરી માંહી મીલાસી. શીરો૦ ૩
કહ્યુ એક જુંઠ પ્રસાદી માંગત, પ્રેમસખી નિજ દાસી. શીરો૦ ૪

પદ ૯૩૬ મું

લાલ બ્યારુ કીજીયે મેં લાગું તોરે પૈયાં; લાલ૦ ટેક.
દૂધપાક સંજ્યાવ સુંવારી, સેવે સરસ બનૈયાં. લાલ૦ ૧
ઘૃત કંસાર લાપસી પ્યારે, સુખદા અતિ સુખદૈયાં. લાલ૦ ૨
બીરંજ બાસુદી સીખરન સુંદર, મિસરી દૂધ મલૈયાં. લાલ૦ ૩
શ્રીઘનશ્યામ બદન છબી ઉપર, પ્રેમસખી બલજૈયાં. લાલ૦ ૪

પદ ૯૩૭ મું–રાગ ગરબી થાલ

પધારો લાલ, નંદજીના કુંવર અલબેલડા;
પધારો લાલ, જમવા સારું રંગછેલડા. ૧
પધારો લાલ, વાટડી જોવું છું ઉભી કયારની;
પધારો લાલ, વિલંબ ન કરશો લગારની. ૨
પધારો લાલ, શેરી વાળીને સારી કરી;
પધારો લાલ, ફુલડાં મેલ્યાં છે વાટે પાથરી. ૩
પધારો લાલ, ચાખડીયે ચઢીને ચટકંતા;
પધારો લાલ, લટકાં કરીને લટકંતા. ૪
પધારો લાલ, રસોઈ કરી છે ઘણી જુગતસું;
પધારો લાલ, વેહેલા વીંટાણું મુનિ મુક્તસું. ૫
પધારો લાલ, તેલ ફુલેલ અંગે ચોળીયે;
પધારો લાલ, વિંઝણે વહાલાને વા ઢોળીયે. ૬

પધારો લાલ, વાટ જોઉં છું પધરાવીએ;
પધારો લાલ, નીરે ઊને તે નવરાવીએ. ૭
પધારો લાલ, અંગ તો અંગોછીયે રૂમાલસું;
પધારો લાલ, પેરાવું પીતાંબર વહાલસું. ૮
પધારો લાલ, કેશર તિલક કરું ભાલમાં;
પધારો લાલ, મોહી છું જીવન જોઈ ચાલમાં. ૯
પધારો લાલ, હાર તો પેરાવું ઉર લેકતા;
પધારો લાલ, ગજરા ગુલાબી બહુ બેકતા. ૧૦
પધારો લાલ, ચંદન ગારે તે ચોકો કર્યો;
પધારો લાલ, કંચન બાજોટ તે વચ્ચે ધર્યો. ૧૧
પધારો લાલ, ફરતો પુર્યો છે ચોક મોતીયે;
પધારો લાલ, શોભે છે રતન મણિ જોતીયે. ૧૨
પધારો લાલ, સુગંધ બળે છે ધૂપ બાતીયું;
પધારો લાલ, તમને જોઇને ઠરે છાતીયું. ૧૩
પધારો લાલ, શીતલ તે જાગ જમુના તણાં;
પધારો લાલ, કનક કલશ ભર્યા નહિ મણા. ૧૪
પધારો લાલ, ઉગમણા ઓરડાની ઓસરી;
પધારો લાલ, ઉલેચ મૂક્યાં ઉપર તો જરી. ૧૫
પધારો લાલ, આવડી તે વાર તમે શી કરી;
પધારો લાલ, પાક જાશે તો પછે ઠરી. ૧૬
પધારો લાલ, બાજોઠ ઉપર બિરાજો આવીને;
પધારો લાલ, પીરસી મૂકયો છે થાળ લાવીને. ૧૭
પધારો લાલ, પ્રેમાનંદના હો નાથજી;
પધારો લાલ, પ્રીતે જમાડું મારે હાથજી. ૧૮

પદ ૯૩૮ મું

જમોને જીવન, રસોઈ કરી છે રૂડી રીતસું;
જમોને જીવન, પીરસી લાવી છું થાળ પ્રીતસું. ૧

જમોને જીવન, મોતીયા સેવૈયા લાખણસાઈ છે;
જમોને જીવન, શાકર ને દ્રાખ ઝાઝી માંહી છે. ૨
જમોને જીવન, દળના લાડુ ને ખાજાં ખુરમાં;
જમોને જીવન, મગદળ ને સેવદળ ચૂરમાં. ૩
જમોને જીવન, જલેબી પેંડા ને બરફી હરિ;
જમોને જીવન, ઘેબર સાટા તે પ્રીતી કરી. ૪
જમોને જીવન, પતાસાંને મેસુબ પછે;
જમોને જીવન, સુતરફેણી તે અનુપ છે. ૫
જમોને જીવન, ગુંદવડાં ગગનગાંઠીયા ઘણા;
જમોને જીવન, એલચીદાણા ને સાકરીયા ચણા. ૬
જમોને જીવન, ગુલાબપાક ને ગુંદરપાક છે;
જમોને જીવન, ટોપરાપાકમાં શાકર દ્રાખ છે. ૭
જમોને જીવન, સકરપારા તે શાકરતણા;
જમોને જીવન, લાપસી કંસાર માંહી ઘી ઘણા. ૮
જમોને જીવન, શીરો પૂરી ને સેવ શાકર;
જમોને જીવન, હરીસો બીરંજ મારા ઠાકર. ૯
જમોને જીવન, દૂધપાક શ્રીખંડ બાસુદી;
જમોને જીવન, ખીર ખાંડ ઘી વડાં ને દધી. ૧૦
જમોને જીવન, માલપુવા ને પૂરણપોળીયું;
જમોને જીવન, ખાંડ ને રોટલી ઘીમાં બોળીયું. ૧૧
જમોને જીવન, પૂરી ને કચોરી પાપડ પુડલા;
જમોને જીવન, બાજરાની પોળી બાટી બે ભલા. ૧૨
જમોને જીવન, તલસાંકળી ને ગલપાપડી;
જમોને જીવન, તળીયા ચણા તળી ફુલવડી. ૧૩
જમોને જીવન, ગાંઠીયા કળી ને ભજીયાં વડાં;
જમોને જીવન, મઠીયાં ગુંજા ને તીખા ફાફડા. ૧૪
જમોને જીવન, કનક કટોરે પાણી પીજીયે;
જમોને જીવન, જે જે જોઇયે તે માંગી લીજીયે. ૧૫

જમોને જીવન, રસ રોટલીમાં શાકર પીરસું;
જમોને જીવન, ખાંડ ને કેલાં તે જમો ધીરસું. ૧૬
જમોને જીવન, મુરબા કર્યા છે કેરી દ્રાખના;
જમોને જીવન, કટોરા પુર્યા છે આઝા શાકના. ૧૭
જમોને જીવન, સુરણુ તળ્યાં છે તમ કારણે;
જમોને જીવન, અળવી રતાળું જાઉં વારણે. ૧૮
જમોને જીવન, વાળોલ વંત્યાક તળ્યાં પરવર;
જમોને જીવન, કારેલાં કંકોડાં કોલાં સુંદર. ૧૯
જમોને જીવન, ગલકાં તુરીયાં ભીંડાની ફળી;
જમોને જીવન, ચોળા વાળોલ તે સુંદર તળી. ૨૦
જમોને જીવન, ગુવારફળી ડોંડાં દુધીયાં;
જમોને જીવન, લીલવા વઘાર્યા તે સુંદર થીયા. ૨૧
જમોને જીવન, નૈયાના રાયતાં અમોલ છે;
જમોને જીવન, રાઈ ને મીઠું તે સમતોલ છે. ૨૨
જમોને જીવન, કડી વડી સુંદર વઘારી છે;
જમોને જીવન, તાંદલીયા મેથીની ભાજી સારી છે. ૨૩
જમોને જીવન, સુવાની ભાજી ને મૂળાં મોગરી;
જમોને જીવન, ચણેચી ડોંડી ને લૂણી કરી. ૨૪
જમોને જીવન, પાર નથી શાક પાકના;
જમોને જીવન, અચાર છે ખારેક દ્રાખના. ૨૫
જમોને જીવન, આદાં બીલાનાં અથાણાં કર્યાં;
જમોને જીવન, લીંબુ મરચાંમાં મસાલા ભર્યા. ૨૬
જમોને જીવન, કેરાં કરમદા ને તળી કાચલી;
જમોને જીવન, વાંસના અથાણાં સુંદર ગરમરી. ૨૭
જમોને જીવન, પંખાલીનો ભાત બહું ફોરનો;
જમોને જીવન, એલાયચી અનુપ આંબામોરનો. ૨૮
જમોને જીવન, લચકો કરી છે દાળ તુરની;
જમોને જીવન, ફરસી લાગે છે તે મસુરની. ૨૯

જમોને જીવન, ધોઈ દાળ મગ અડદાં તણી;
જમોને જીવન, ચણા ને ચોળાની તે સુંદર બણી. ૩૦
જમોને જીવન, ધોયેલ શાકર દહી ઘોળીને;
જમોને જીવન, શાકર ને દૂધ ભાત ચોળીને. ૩૧
જમોને જીવન, સારી પેઠે પ્રાણઆધારજી;
જમોને જીવન, કસર ન રાખશો લગારજી. ૩૨
જમોને જીવન, આચમન કરોને મારા નાથજી;
જમોને જીવન, ચંદનગારે ધોવારું હાથજી. ૩૩
જમોને જીવન, જાયફલ જાવંત્રી ને તજ છે;
જમોને જીવન, એલચી લવીંગ સુધજ છે. ૩૪
જમોને જીવન, કાથો ચુનો સોપારી વાંકડી;
જમોને જીવન, સુંદર વાળી છે પાનની બીડી. ૩૫
જમોને જીવન, પાન બીડી લ્યોને સુંદર શામળા;
જમોને જીવન, નાથજી ન થાશો ઉતાવળા. ૩૬
જમોને જીવન, પ્રેમાનંદ પ્રીતે થાળ ગાય છે;
આપોને જીવન, થાળની પ્રસાદી બહુ ચ્હાયે છે. ૩૭

પદ ૯૩૯ મું–રાગ થાલ

અવિનાશી આવોરે, જમવા કૃષ્ણ હરિ;
શ્રીભક્તિધર્મસુતરે, જમાડું પ્રીત કરી. ૧
શેરડીયું વાળીરે, ફુલડાં વેર્યાં છે;
મલીયાગરે મંદિરરે, લીપ્યાં લેર્યાં છે. ૨
ચાંખડીયું પે'રીરે, પધારો ચટકંતા;
મંદિરીયે મારેરે, પ્રભુજી લટકંતા. ૩
બાજોઠ બેસારીરે, ચરણ કમળ ધોવું;
પાંપણીયે પ્રભુજીરે, પાવલીયા લોવું. ૪
ફુલેલ સુગંધીરે, ચોળું હું શરીરે;
હેતે નવરાવુંરે, હરિ ઉંને નીરે. ૫

પે'રાવું પ્રીતેરે, પીતાંબર ધોતી;
ઉપરણી ઓઢાડુંરે, અતિ ઝીણા પોતી. ६
કેશર ચંદનનુંરે, ભાળે તિલક કરું;
વંદન કરી વિષ્ણુરે, ચરણે શિશ ધરું. ७
ઉર હાર ગુલાબીરે, ગજરા બાંધીને;
નિરખું નારાયણુરે, દૃષ્ટિ સાંધીને. ८
શીતલ સુગંધીરે, કલશ ભર્યા જળના;
ઉલેચ બાંધ્યા છે રે, ઉપર મખમલના. ९
કંચન બાજોઠરે, બીરાજો બહુનામી;
પકવાન ને પીરસીરે, થાળ લાવું સ્વામિ. १०
મોતૈયા લાડુરે, સેવૈયા સારા;
તમ કાજ કર્યા છેરે, લાખણુસાઈ પ્યારા. ११
મગદળ ને સેવદળરે, લાડુ દળના છે;
ખાજાં ને ખુરમાંરે, ચૂરમા ગોળના છે. १२
જલેબી ઘેબરરે, બરફી બહુ સારી;
પેંડા ને પતાસારે, સાટા સુખકારી. १३
મરકી ને મેસુબરે, જમો જગવંદનજી;
સુતરફેણી છેરે, ભક્તિનંદનજી. १४
ગગન ને ગાંઠીયારે, ગુંદવડાં વહાલા;
ગુલાબપાક જમજોરે, ધર્મ તણા લાલા. १५
એલાયચીદાણારે, ચણા છે શાકરીયા;
ગુંદરપાક સુંદરરે, જમજો ઠાકરીયા. १६
ટોપરાપાક ટાઢોરે, સકરપારા સારા;
સેવો ઘી શાકરરે, તમે છો જમનારા. १७
કેસરિયો બીરંજરે, ગળ્યો ને મોળો છે;
શાકરનો શીરોરે, હરીસો ધોળો છે. १८
લાપસી કંસારમાંરે, ઘી બહુ રસબસ છે;
ખીર ખાંડ ઘી રોટલીરે, જમો બહુ સરસ છે. १९

બદામ ચારોળીરે, દ્રાખ તે નાંખીને;
દૂધપાક કર્યો છેરે, જુવો હરિ ચાખીને. ૨૦
પૂરી ને કચોરીરે, પૂરણપોળી છે;
રોટલીયું ઝીણીરે, ઘીમાં ઝબકોળી છે. ૨૧
પાપડ ને પુડલારે, મીઠા માલપૂડા;
માંખણ ને મિસરીરે, માવો દહીં ચુડા. ૨૨
ઘઉંની છે બાટીરે, બાજરાની પોળી;
ઝાઝીવાર ઘીમાંરે, હરિ મેં ઝબકોળી. ૨૩
તલસાંકળી સુંદરરે, બીજી ગળપાપડી;
ગાંઠીયા ને કળીરે, ત્રીજી ફુલવડી. ૨૪
ભજીયાં ને વડાંરે, સુંદર દૈંથરીયાં;
વઘાર્યા ચણારે, માંહી મીઠું મરીયાં. ૨૫
ગુંજા ને મઠીયાંરે, ફાફડાં ફરસા છે;
અળવી આદાંનારે, ભજીયાં સરસાં છે. ૨૬
કંચન કટોરેરે, પાણી પીજોજી;
જે જે કાંઈ જોઇયે રે, તે માંગી લેજોજી. ૨૭
રોટલી રસ શાકરરે, જમજો અલબેલા;
રાયણ ને રોટલીરે, ખાંડ કેળાં છેલા. ૨૮
મોરબા કર્યા છેરે, કેરી દ્રાખ તણા;
સુંદર વર જમજોરે, રાખશો માં મણા. ૨૯
કટોરા પૂર્યારે, સુંદર શાકાના;
કેટલાક ગણાવુંરે, છે ઝાઝા વાના. ૩૦
સુરણ તળ્યાં છે રે, સુંદર ઘી ઝાઝે;
અળવીને રતાળુરે, તળ્યાં છે તમ કાજે. ૩૧
મેં પ્રીત કરીનેરે, પરવળ તળીયાં છે;
વંત્યાકને વાળોલરે, ભેળાં ભળીયાં છે. ૩૨
કંકોડાં કોળાંરે, કેળાં કારેલાં;
ગલકા ને તુરીયાંરે, રુડાં વઘારેલાં. ૩૩

ચોળી વાળોલોરે, પ્રીત કરી તળીયો;
દુધીયાં ને ડોંડાંરે, ગુવારની ફળીયો. ૩૪
લીલવા વઘાર્યારે, થયા છે બહુ સારા;
ભીંડાની ફળીયોરે, તળીયો હરિ મારા. ૩૫
ટાંકા તાંદલીયોરે, મેથીની ભાજી;
મૂળા મોગરીયોરે, સુવાની તાજી. ૩૬
ચણેચી ને ડોંડીરે, ભાજી સારી છે;
કઢી ને વડીરે, સુંદર વઘારી છે. ૩૭
નૈયાના રાયતાંરે, અતિ અનુપમ છે;
મીઠું ને રાઇરે, માંહી બે સમ છે. ૩૮
કેટલાંક ગણાવુંરે, પાર તો નહિ આવે;
સારું સારું જમજોરે, જે તમને ભાવે. ૩૯
ખારું ને મોળુંરે, હરિવર કે'જોજી;
મીઠું મરી ચટણીરે, માંગી લેજોજી. ૪૦
અથાણું જમજોરે, સુંદર સ્વાદુ છે;
લીંબુ ને મરચાંરે, આમળા આદુ છે. ૪૧
રાયતી કેરીરે, કેરી બોળ કરી;
ખારેક ને રાઇમાંરે, નાખ્યાં લવીંગ મરી. ૪૨
કેરાં ને કરમદાંરે, તળી છે કાચરીયો;
બીલાં બહુ સારાંરે, વાંસ ને ગરમરીયો. ૪૩
દાળ ને ભાત જમજોરે, તમને ભાવે છે;
ચતુરાઇ જમતાંરે, પ્રીતિ ઉપજાવે છે. ૪૪
પખાલીના ભાતમાંરે, સુંદર સુગંધ ઘણો;
એલાયચીનો પીરસ્યોરે, આંબામોર તણો. ૪૫
મેં કઠણ કરી છે રે, દાળ હરિ તુરની;
પાતળી પીરસી છે રે, કે દાળ મસુરની. ૪૬
મગ ને અડદનીરે, કરી છે ધોઇને;
ચોળા ને ચણાનીરે, ઘીમાં કરમોઇને. ૪૭

દહીં ને ભાત જમજોરે, શાકર નાંખી છે;
દૂધ ને ભાત સારુંરે, શાકર રાખી છે. ૪૮
દૂધની તર શાકરરે, ભાત જમજો પે'લા;
શાકર નાંખીનેરે, દૂધ પીજો છેલા. ૪૯
જે જે કાંઈ જોઈયેરે, તે કે'જોજી અમને;
કાંઈ કસર રાખોતોરે, મારા સમ તમને. ૫૦
જીવન જમીનેરે, ચળું કરો નાથ;
ચંદનગારેસુંરે, ધોવરાવું હું હાથ. ૫૧
તજ એલચી જાયફલરે, જાવંત્રી સારી;
કાથો ને ચુનોરે, સરસ છે સોપારી. ૫૨
નાગરવેલીનારે, પાન લાવી પાકાં;
ધોઈને લૂછ્યાછેરે, અનોપમ છે આખાં. ૫૩
માંહી ચૂરણ મેલીરે, બીડી વાળી છે;
લલીત લવીંગનીરે, ખીલી રસાળી છે. ૫૪
મુખમાં હું મેલુંરે, બીડી પ્રીત કરી;
આરતિ ઉતારુંરે, પ્રભુજી ભાવ ભરી. ૫૫
પુલ સેજ બીછાવીરે, પોઢો પ્રાણપતિ;
પાવલીયા ચાંપુરે, હેડે હરખ અતિ. ૫૬
થાલ ગાયો પ્રીતેરે, ધર્મકુળ મુકુટમણી;
આપો પ્રેમાનંદનેરે, પ્રસાદી થાલ તણી. ૫૭

પદ ૯૪૦ મું–રાગ ઠુમરી

લીજયો લીજ્યોરે બિહારી બીરી પ્રાનદી; લીજયો૦ ટેક
પાન કપુરી કાથો ગુલાબી, મૃગમદ હે અનુમાનદી. લીજયો૦ ૧
લોંગ સોપારી જાવંત્રી જાયફલ, તજ એલચી હે બખાનદી. લીજયો૦ ૨
લે કરમેં કરત મનુહારી, પ્યારી કુંવરી વૃકુભાનદી. લીજયો૦ ૩
પ્રેમાનંદ પીયાકુ બીરી દે, ચીતવતી છબી પિયા પ્રાનદી. લીજયો૦ ૪

પદ ૯૪૧ મું

પિયાકું કર દેતી આછી પાન બીરી; આછી૦ ટેક.
પાન સોપારી કાથો ચુનો, મૃગમદ મેલ રતીરી. આછી૦ ૧
તજ એલાચી જાવંત્રી જાયફળ, ચૂરન સરસ ધરીરી. આછી૦ ૨
કરી પ્રનામ લે બીરી ખવાવતી, પાવતી આનંદ ઘનીરી. આછી૦ ૩
પ્રેમાનંદ કહે ભેટતી ભુજ ભરી, ભર છતિયાં કર સીરી. આછી૦ ૪

પદ ૯૪૨ મું

પ્યારી બીરી દેત બનાયે બનાયે; પ્યારી૦ ટેક.
પાકે પાન શ્રીનાગરબેલીકે, કાથો ચુનો લગાયે. પ્યારી૦ ૧
લોંગ સોપારી જાવંત્રી જાયફલ, મૃગમદ રતીક મીલાયે. પ્યારી૦ ૨
શ્રીઘનસ્યામ પિયા આરોગત, રાધા દેતી મુખમાયે. પ્યારી૦ ૩
મુખ તાંબોલકે કારન ઠાડો, પ્રેમાનંદ લલચાયે. પ્યારી૦ ૪

પદ ૯૪૩ મું

લાલ બીરી લીજીયે સાંવરીયા મનભાઈ; લાલ૦ ટેક.
એક આરોગો સ્યામ સનેહી, દુસરી દેઉંગી બનાઈ. લાલ૦ ૧
તજ એલાચી જાવંત્રી જાયફલ, ચૂરનકી ચતુરાઈ. લાલ૦ ૨
સરસ સુગંધી મૃગમદ ડાર્યો, આજ સ્વાદ અધીકાઈ. લાલ૦ ૩
પ્રેમાનંદ પીક લેત પાનકો, કર અંજુલીકે માઈ. લાલ૦ ૪

આરતિઓ

પદ ૯૪૪ મું-રાગ ભાટ

મંગળ આરતિ મુરલીધરકી, રાધાવર ઘનસ્યામ સુંદરકી; મંગ૦ ટેક.
મંગળ મુખ નિરખ નંદરાની, આરતિ કરત ભાગ્ય બડમાની. મંગ૦ ૧
મંગળ રૂપ સ્યામ મન સોહે, નિરખી રતિપતિ કોટીક મોહે. મંગ૦ ૨
મંગળ મોર મુકુટ બનમાળા, મંગળ સ્યામ રૂપ નંદલાલા. મંગ૦ ૩

મંગળ મોરલી મધુરી ધુની બાજે, મંગળ કટિ પીતપટ છાજે. મંગ૦ ૪
મંગળ ગોપી ગ્વાલ ઉર ધારે, પ્રેમાનંદ પ્રાણુ લે વારે. મંગ૦ ૫

પદ ૯૪૫ મું–રાગ ખટ

મંગળ આરતિ મદનમોહનકી, રાધાવર પિયા પ્રાણુજીવનકી; મંગ૦ ટેક.
મંગળ મદનમોહન બનવારી, મંગળ છબી વ્રખુભાણુ દુલારી. મંગ૦ ૧
મંગળ રતન સિંઘાસન સોહે, મંગળ જુગલ રૂપ મન મોહે. મંગ૦ ૨
મંગળ બસન ભુસન અંગ છાજે, નિરખી રતિપતિ કોટીક લાજે. મંગ૦ ૩
મંગળ બદન છબી ઉર ધારે, પ્રેમાનંદ પ્રાણુ લે વારે. મંગ૦ ૪

પદ ૯૪૬ મું–રાગ આરતિ

મંગળ આરતિ કીજે નીકી, નરનારાયણુ બદ્રિપતિકી; મંગ૦ ટેક.
મંગળ શ્યામ રૂપ નરવીરા, શોભીત નર અતિ ગૌર શરીરા. મંગ૦ ૧
મંગળ જટા મુકુટ શીર શોભે, ભાલ તિલક મુનિજન મન લોભે. મંગ૦ ૨
મંગળ ધનુષ બાંન કર રાજે, મંગળ અસન બસન સબ છાજે. મંગ૦ ૩
મંગળ ધર્મદેવ મુનિ તાતા, આરતિ કરત અહિંસા માતા. મંગ૦ ૪
મંગળ રૂપ ધાર્યો મન ભાયો, મંગળ જશ સુરનર મુનિ ગાયો. મંગ૦ ૫
મંગળ નરનારાયણુ જોરી, પ્રેમાનંદ ઉર અખંડ બસ્યોરી. મંગ૦ ૬

પદ ૯૪૭ મું–રાગ બિલાવલ

આરતિ કરત શૃંગાર બનાઈ; આર૦ ટેક.
માત જસોદા મદનમોહન પર, તન મન પ્રાન નોછાવરી જાઈ. આર૦ ૧
કિરીટ મુકુટ કુંડલ છબી કાનન, કીનો તિલક ભાલ બીચમાઈ;
ભ્રુકુટી કુટીલ નેન અતિ ચંચલ, બંસી અધર બાજત સુખદાઈ. આર૦ ૨
અંગ અંગ પ્રતિ અમિત સુભગતા, ઉર બનમાલ લસત મનભાઈ;
પહિરે પીત બસન કટી કીંકાની, નુપુર જુગલ ચરન છબી છાઈ. આર૦ ૩
મંદ મંદ મુખ હસત મનોહર, ચિતવનીમેં ચીત લેત ચોરાઈ;
નખશિખ નિરખી સ્યામ છબી સુંદર, પુલકિત પ્રેમાનંદ
લેત બલાઈ. આર૦ ૪

પદ ૯૪૮ મું–રાગ બિલાવલ

કર શૃંગાર આરતિ ઉતારું; કર૦ ટેક.
નખશિખ રૂપ વિલોકી નાથકો, પ્રીત સહિત લે ઉરમાહીં ધારું. કર૦ ૧
શ્યામ રૂપ શ્રીભક્તિધર્મસુત, તરુન તનુ અતિ રાજકુમારું;
સેવત શુક સનકાદિક નારદ, મુક્ત મુનીશ્વર પરઉપગારું. કર૦ ૨
રતન જડીત શિર મોર મુકુટ ધરે, ભાલ તિલક મકાકૃતિ ચારું;
ચંચલ નેન મંદ મુસકનીપર, કંદ્રપ કોટી કોટી લે વારું. કર૦ ૩
અભય ઉદાર ભુજ બાંધે અંગદ, ત્રિવિધ તાપ નિરખી કે ટારું;
કર પોંચી મુદ્રિકા મનોહર, કર વર કંકન અભય ઉદારું. કર૦ ૪
જામો જરકસી પીત બસન કટી, ઉર મુક્તામની માળ નીહારું;
કટી કીંકીની પાયન છબી નુપુર, નિરખું નેના ભરી પલ ન વિસારું. કર૦ ૫
જારુ ધુપ લે વિવિધ બાસના, બાતી પંચ પ્રકારકી બારું;
પ્રેમાનંદ કહે નાથ છબીપર, વિશ્વ વારને વારીકે ડારું. કર૦ ૬

પદ ૯૪૯ મું–રાગ બિલાવલ

કરત શૃંગાર આરતિ માઈ; કર૦ ટેક.
ગોપીનાથ બદનકી શોભા, નિરખી રતિ પતિ કોટી લજાઈ. કર૦ ૧
નખશિખ સજી સિંગાર જસોદા, આરતિ થાર સજી લે આઈ;
વાજત બાજા કરત આરતિ, નિરખત સુર વિમાન નભ છાઈ. કર૦ ૨
મોર મુગટ મકરાકૃતિ કુંડલ, ભાલ તિલક છબી અતિ મનભાઈ;
ભ્રકુટી કુટીલ ચપલ ખંજન દ્રગ, નિરખી બદન છબી મન લલચાઈ. કર૦ ૩
ઉર બનમાલ ધરે કર મોરલી, કટી પટ પીત કનક દ્યુતિ લાઈ;
પ્રેમાનંદ નિરાજનકી છબી નિરખી, મુદિત મન આરતિ ગાઈ. કર૦ ૪

પદ ૯૫૦ મું

આરતિ ઉતારત મૈયા; આર૦ ટેક.
સજી સિંગાર ઠાડે મનમોહન, નિરખી બદન છબી લેત બલૈયા. આર૦ ૧
કેશર તિલક કાનમેં મોતી, કરવર મોરલી અધર ધરૈયા;
ઉર બનમાલ પીતપટ કટીતટ, નિરખી છબી રવિ ચંદ લજૈયા. આર૦ ૨

ગોપી પ્રાણનાથ નટનાગર, ગોપી મનરંજન સુખદૈયા;
પ્રેમાનંદકો નાથ હરત મન, હસત મંદ છબી કુંવર કનૈયા. આર૦ ૩

પદ ૯૫૧ મું–રાગ સારંગ–આરતિ રાજભોગકી

કરત રાજભોગકી આરતિ; કર૦ ટેક.
નિરખી છબી ઘનસ્યામ લાલકી, માત જસોદા ઉતારતી. કર૦ ૧
અગરકો ધૂપ કપુરકી બાતી, દીપત અનલ પ્રજારતી;
તન મન પ્રાન સ્યામ સુંદરપર, નોછાવરી લે વારતી. કર૦ ૨
પ્રેમ પુલકી વ્રજનારી બદન છબી, નિરાજન સહિત નીહારતી;
નખશિખ રૂપ નિરખી ગિરિધરકો, અંતરમહીં લે ધારતી. કર૦ ૩
નાચત નભ સુરનારી નિરખી છબી, જય જય શબ્દ ઉચ્ચારતી;
પ્રેમાનંદ થકીત સુર વિનતા, નિરખત પલક ન પારતી. કર૦ ૪

પદ ૯૫૨ મું–રાગ સારંગ

આરતિ રાજભોગકી સાજે; આર૦ ટેક.
મુદત ઉતારતી માત જસોદા, બાજા બહુ બીધ બાજે. આર૦ ૧
રતન સિંઘાસન ઉપર સુંદર, રાધા સ્યામ બીરાજે;
કહા કહું છબી મદનમોહનકી, ઉપમા અગનિત લાજે. આર૦ ૨
બોલત જય જય ગ્વાલ બાલ ધુની, ગોકુલ સગરો ગાજે;
શ્રીઘનસ્યામકો નામ સુનત સમ, કોટી જનમ અઘ ભાજે. આર૦ ૩
બરખત વિબુધ કુસુમકી બરખા, છત્ર ચમર શીર છાજે;
પ્રેમાનંદકો નાથ પ્રગટ ભયે, કંસ વંશ હત કાજે. આર૦ ૪

પદ ૯૫૩ મું–રાગ સંધ્યા આરતિ

સંધ્યા આરતિ રાધાવરકી, કૃષ્ણ મનોહર મોરલીધરકી; સંધ્યા૦ ટેક.
નીલ જલદ તન સ્યામ મનોહર, દ્યુતિ દામિની છબી રાધા સુંદર. સંધ્યા૦
રતન સિંઘાસન ઉપર સોહે, નિરખી રતિપતિ કોટીક મોહે. સંધ્યા૦ ૨
રાધા સ્યામ બદન શશી શોભા, નિરખી સુરનર મુનિ મન લોભા. સંધ્યા૦ ૩
રૂપ જુગલ શોભા ઉર ધારી, પ્રેમાનંદ જાત બલિહારી. સંધ્યા૦ ૪

પદ ૯૫૪ મું–રાગ સંધ્યા આરતિ

સંધ્યા આરતિ શ્યામ તુમારી, મદન મોહન પીયા કુંજબિહારી; સંધ્યા૰ ટેક.
આરતિ કીજે ચરન ચિત ધારી, આય બસો ઉર અખંડ મોરારી. સંધ્યા૰ ૧
શ્યામ રૂપસેં તન સુખકારી, રૂપનિધી બ્રખુભાન દુલારી. સંધ્યા૰ ૨
શ્રીઘનશ્યામ ઈશ અવતારી, હરો હરિ ભવ સંકટ ભારી. સંધ્યા૰ ૩
કૃપાસિંધુ કૃષ્ણ કંસારી, જાત પ્રેમાનંદ સરવસ વારી. સંધ્યા૰ ૪

પદ ૯૫૫ મું–રાગ ગોડી સંધ્યાકી આરતિ

સંધ્યા આરતિ શ્રીસ્વામિની, સહજાનંદ પ્રભુ બહુનામીની; સંધ્યા૰ ટેક.
અતિ આનંદે આરતિ ઉતારું, શ્રીમહારાજ રૂપ ઉર ધારું. સંધ્યા૰ ૧
સ્વામિનારાયણ નામ ઉચારું, તન મન પ્રાણ પ્રભુપર વારું. સંધ્યા૰ ૨
પ્રેમ સહિત હરિ વદન નિહારું, રાખું રૂદામાંહી પલ ન વિસારું. સંધ્યા૰ ૩
પ્રેમાનંદનો સ્વામિ અભય ઉદારું, વહાલે સર્વ કારજ સુધાર્યું મારું. સંધ્યા૰ ૪

પદ ૯૫૬ મું

સંધ્યા આરતિ સહજાનંદની, ભક્તિધર્મસુત આનંદકંદની; સંધ્યા૰ ટેક.
જુગ જુગ પ્રગટ થાય અવિનાશી; નિજ જન કાજ
શ્યામ સુખરાશી. સંધ્યા૰ ૧
કળી મધ્ય કૃપા કરી બહુનામી, ધર્મકુળ પ્રગટ્યા
સહજાનંદ સ્વામી. સંધ્યા૰ ૨
થાપ્યો ધર્મ અધર્મ ઉથાપ્યો, મત પંથ રૂપ માયા તમ કાપ્યો. સંધ્યા૰ ૩
અનેક જીવ વહાલે લીધા ઉગારી, પ્રેમાનંદ ચરણપર વારી. સંધ્યા૰ ૪

પદ ૯૫૭ મું–રાગ સંધ્યા આરતિ

સંધ્યા આરતિ શ્યામ સુંદરકી, વાસુદેવ પ્રભુ રુકિમણિવરકી; સંધ્યા૰ ટેક.
રતન સિંહાસન ઉપર રાજે, રતિપતિ કોટી નિરખી છબી લાજે. સંધ્યા૰ ૧
૫ અનુપમ જુગલ કિશોરી, રુકિમણિ લક્ષ્મદેવકી જોરી. સંધ્યા૰ ૨
ભવ બ્રહ્મા સનકાદિક નારદ, આરતિ કરત શેષ અરૂ સારદ. સંધ્યા૰ ૩
રુકિમણિ કૃષ્ણ કૃષ્ણ જે ગાવે, આ ભવ ભટકન બહોરી ન આવે. સંધ્યા૰ ૪
જુગલ રૂપ રહો ઉર બીચ આઈ, પ્રેમાનંદ મુદિત બલજાઈ. સંધ્યા૰ ૫

પદ ૯૫૮ મું-રાગ સંધ્યા આરતિ

આરતિ કીજે શ્રીકમલાવરકી, પરમ પુરુષ ઘનશ્યામ સુંદરકી; આર૦ ટેક.
સંખ ચક્ર ગદા પદ્મ બીરાજે, નિરખી રતિ પતિ કોટીક લાજે. આર૦ ૧
દિવ્યાંબર ભૂષિત ભવમોચન, નિરખત ભક્ત ભરી ભરી લોચન. આર૦ ૨
વામાંગે રુકિમણિ મહારાણી, રાજત રસિક રૂપ રસ ખાની. આર૦ ૩
અંગો અંગ છબી બરની ન જાઈ, કોટી રવી શશી રહત લજાઈ. આર૦ ૪
જુગલ રૂપ રહો નેનકે આગે, પ્રેમાનંદ નીત યહ વર માગે. આર૦ ૫

પદ ૯૫૯ મું-રાગ સંધ્યા આરતિ

જયદેવ જયદેવ, જય જન સુખકારી (૨);
કમલ નયન કમલાવર (૨), ભકત ભયહારી; જય૦ ટેક.
લક્ષ્મીનાથ નારાયણ, ત્રિભુવન જન સ્વામી (૨);
મેઘ સ્યામ મનોહર (૨), હરિ ગરુડ ગામી. જય૦ ૧
કિરીટ મુકુટ મકરાકૃત, પીતાંબર ધારી (૨);
શ્રીવચ્છ ભ્રગુપદ કૌસ્તુભ (૨), વનમાળા પ્યારી. જય૦ ૨
દિવ્ય સ્વરૂપ દયાનિધિ, સુરનર મુનિ ત્રાતા (૨);
ભક્તમનોરથ પૂરક (૨), વાંછીત વરદાતા. જય૦ ૩
નાના રત્ન વિભૂષણ, ભૂષિત મુરારી (૨);
સુંદર હસિત વદનપર (૨), પ્રેમાનંદ વારી. જય૦ ૪

પદ ૯૬૦ મું

જય અંતરજામી જય અંતરજામી એ ઢાળ છે.

જયદેવ જયદેવ, જય હરિવર સ્વામી, જય હરિવર સ્વામી;
સુંદર મુખ નિરખીને (૨), અવિચલ સુખ પામી; જય૦ ટેક.
સહજાનંદ સુખકારી, કરુણા બહુ કીધી (૨);
ભવસાગરમાં બુડતાં (૨), બાંહ્ય ગ્રહી લીધી. જય૦ ૧
શ્રીઘનસ્યામ મનોહર, મૂરતિ મરમાળી (૨);
કૃપા કરી નિજજનના (૨), દુઃખ નાંખ્યાં ટાળી. જય૦ ૨
નીલકંઠ નારાયણ, હરિ કૃષ્ણ સ્વામી (૨);
નામ રટી રટી બહુ જન (૨), થઈ ગયાં નિષ્કામી. જય૦ ૩

ધર્મકુંવર કરુણાનિધિ, કરુણા ઉર લાવી (૨);
પ્રેમાનંદના ઉરમાં (૨), અખંડ રહો આવી. જય૦ ૪

પદ ૯૬૧ મું

જય સ્વામિ વહાલા, જય સ્વામિ વહાલા;
આરતિ ઉતારું (૨), ધર્મતણા લાલા; જય૦ ટેક.
મહા મનોહર મૂર્તિ, નિરખી દુઃખ જાય (૨);
ચરણ કમલ ઉર ધરતાં (૨), મન શીતલ થાયે. જય૦ ૧
કૃષ્ણ કમલદલલોચન, મોચન ભવ પીડા (૨);
દીનાનાથ તમારી (૨), નીત નૌતમ ક્રીડા. જય૦ ૨
કરુણામય તનુ ધારી, કરુણા બહુ કીધી (૨);
મુક્તતણી જે પદવી (૨), અનાથને દીધી. જય૦ ૩
આ અવતાર ધર્યો સ્વામી, ગરીબોને સારુ (૨);
પ્રેમાનંદકે તન મન (૨), લઈ તમ પર વારું. જય૦ ૪

પદ ૯૬૨ મું

જયદેવ જયદેવ, જય સ્વામી મહારાજ (૨);
સહજાનંદ દયાલુ (૨), જય જય ગરીબ નિવાજ; જય૦ ટેક.
પતિત પાવન અધમ ઓધ્ધારણ, મુક્તિના દાતા (૨);
દીનતણા દુઃખભંજન (૨), શરણાંગત ત્રાતા. જય૦ ૧
કરુણા રસમય મૂર્તિ, કરુણામય વાણી (૨);
કરુણામય કર લટકે (૨), લીધાં મન તાણી. જય૦ ૨
બહુ સુખ દીધાં જનને, કરુણા ઉર આણી (૨);
માયા મદ અભિમાની (૨), તે ન શક્યાં જાણી. જય૦ ૩
ભક્તતણા ઉર ભૂષણ, મુનિને મન વસીયા (૨);
પ્રેમાનંદના જીવન (૨), સહજાનંદ રસીયા. જય૦ ૪

પદ ૯૬૩ મું-રાગ આરતિ

આરતિ નારાયણસ્વામીકી, અક્ષર પ્રભુ બહુ નામીકી; આર૦ ટેક.
પુરુષોત્તમ પ્રગટ ભયે આઈ, નારાયણ નિજજન સુખદાઈ. આર૦ ૧

નખશિખ રૂપ અનુપમ સોહે, નિરખત સુરનર મુનિ મન મોહે. આર૦ ૨
ચરન કમલ નખ ચંદ્ર છબીપર, વારત પ્રાન વિરંચી મુનિ હર. આર૦ ૩
કટીપટ પીત કનક પટ ભૂખન, ઉર બનમાલ હરત સબ દુખન. આર૦ ૪
કિરીટ મુગટ કુંડલ છબી રાજે, રતિ પતિ કોટી નિરખી છબી લાજે. આર૦ ૫
આરતિ સુર મુનિ નિત્ય ઉતારે, પ્રેમાનંદ મુદિત છબી ધારે. આર૦ ૬

પદ ૯૬૪ મું–રાગ આરતિ

જયદેવ જયદેવ, જય જન સુખકારી (૨);
આરતિ ઉતારું (૨), ચરણે ચીત ધારી; જય૦ ટેક.
નારાયણુ પુરુષોત્તમ, વંદાવનવાસી (૨);
પતિત પાવન પ્રગટ્યા (૨), નિજ જન સુખરાશી. જય૦ ૧
માયા કાળ કર્મના, પ્રેરક હરિ કહાતે (૨);
સારદ નારદ શુક મુનિ (૨), નિગમાગમ ગાતે. જય૦ ૨
જુગ જુગ હરિ નિજ જન હીત, સુંદર તનુ ધરતાં (૨);
લીલા રસ વરસાવી (૨), ભક્ત આનંદ કરતાં. જય૦
કરુણા કરી નિજ જન હીત, નારાયણુસ્વામી (૨);
અધમ ઓધારણુ પ્રગટ્યા (૨), કળીમાં બહુનામી. જય૦ ૪
જે જન નયણે નિરખી, હેતે કરી ગાવે (૨);
પ્રેમાનંદ કહે પાછો (૨), ગર્ભવાસ નાવે. જય૦ ૫

પદ ૯૬૫ મું–રાગ બિહાગ

માત જસોદા ઉતારે આરતિ, માત જસોદા ઉતારે; આર૦ ટેક.
સિતલ આરતિ મદનમોહનકી, બાર બાર લે વારે. આર૦ ૧
ગ્વાલબાલ વ્રજબાસી પ્રેમ જુત, જય જય શબ્દ ઉચારે;
નિરખત બદન શ્રીમદનમોહનકો, રૂપ છટા ઉર ધારે. આર૦ ૨
આય વિબુધ વિમાન બેઠીકે, નંદકુંવરકું નિહારે;
હરખત મુદિત કુસુમ ઝરી બરખત, કરત ન નેનસે ન્યારે. આર૦ ૩
મદનગોપાલ માધુરી મૂરત, ચિતવત સબ દુઃખ ટારે;
પ્રેમાનંદ ઘનશ્યામ રૂપકું, ઉરતેં પલ ન બિસારે. આર૦ ૪

પદ ૯૬૬ મું–રાગ બિહાગ આરતિ

સિતલ આરતિ કીજે, પ્રભુજીકી સિતલ આરતિ કીજે; પ્રભુ૦ ટેક.
સિતલ રૂપ શ્રીનરનારાયણ, નિરખી નિરખી સુખ લીજે. પ્રભુ૦ ૧
રૂપ સુધાનિધિ નિરખી નાથ દોઉ, અંતરમાંહી ધરીજે. પ્રભુ૦ ૨
હોય આધીન જોરી કર આગે, તન મન પ્રભુજીકું દીજે. પ્રભુ૦ ૩
પ્રેમાનંદકે નાથ છબીપર, બાર બાર બલી લીજે. પ્રભુ૦ ૪

પદ ૯૬૭ મું–રાગ બિહાગ આરતિ

કરત મૂરતિ મૈયા, આરતિ કરત મૂરતિ મૈયા; આર૦ ટેક.
રતન જડીત સિંધાસન ઉપર, રાજત વર દોઉ ભૈયા. આર૦ ૧
સિતલ આરતિ કરત મહતારી, નિરખીસું સિતલ હૈયા;
ગદ ગદ કંઠ સજલ દોઉ લોચન, હસી હસી લેત બલૈયા. આર૦ ૨
વ્યાસ વિરંચી ચમર છત્ર લીયે, ઉધવ ચરન સેવૈયા;
ધર્મદેવ સનકાદિક મુનિવર, પુની પુની પરતહે પૈયા. આર૦ ૩
બાજત બાજા અનંત ભાંત, ધુની સુનત સકલ સુખ યા;
નારદ જંત્ર બજાવત ગાવત, નાચત થેઈ થેઈ થૈયા. આર૦ ૪
બરખત સુમન દેવ મુનિ સકલ, ઝુકી વિમાન નભ છૈયા;
નિરખત કરત પ્રાન નોછાવર, પ્રેમાનંદ બલ જૈયા. આર૦ ૫

પદ ૯૬૮ મું–રાગ બિહાગ

કરત જસોદા મયા આરતિ, કરત જસોદા મયા; આર૦ ટેક.
સિતલ આરતિ શ્યામ સુંદરકી, ઉતારીકે લેત બલૈયા. આર૦ ૧
બાજત ઝાંઝ મૃદંગ ઝાલરી, ઘંટા રવ સુખદૈયા;
બોલત જય જય ગ્વાલબાલ સબ, સુની મન હરખ બધૈયા. આર૦ ૨
બરખત હરખી સુમન ઝરી સુરપતિ, સુર વિમાન નભ છયા;
પ્રમુદીત દેવ બજાય દુંદુભી, નાચત થઈ થઇ થયા. આર૦
શ્રીઘનશ્યામ બદનકી શોભા, નિરખી મગન નંદરૈયા;
તન મન પ્રાન કરત નોછાવર, પ્રેમાનંદ બલિ જૈયા. આર૦ ૪

પદ ૯૬૯ મું

સિતલ આરતી કીજેં, શ્યામકી સિતલ આરતિ કીજેં. શ્યામ૦ ટેક.
નિરખી બદન ઘનશ્યામ લાલકો, તન મન ધન બલિ જીજેં. શ્યામ૦ ૧

શ્રીઘનશ્યામ રૂપકી રચના, અંતરમાં લખી લીજેં;
નિરખી બદન ચંદ ચકવાકીજયું, પ્રેમ સુધારસ પીજેં. શ્યામ૦ ૨
શીતલ બદન શ્યામકો નિરખી, તન મન તાપ સમિજેં;
ગદગદ કંઠ ગાય ગુન કીરતન, પુલકી નયન જલ ભીંજે. શ્યામ૦ ૩
કરી સાષ્ટાંગ વિનય કરજોરી, સબ ઓગુન બગસીજેં;
પ્રેમાનંદ કહે નાથ ચરનપર, પુલકી શિશધરી દીજેં. શ્યામ૦ ૪

પદ ૯૭૦ મું–રાગ બિહાગડો

પોઢે સુખસેજ કૃપાનિધાન; પોઢે૦ ટેક.
પોઢે નરનારાયણુ નામ સુમરે, હોત ભવ દુઃખ હાન. પોઢે૦ ૧
દિવ્ય રૂપ અનંત જાકે, ગાવત વેદપુરાન;
શુક સનક બ્રહ્માદી મુનીગન કરત નીત ગુન ગાન. પોઢે૦ ૨
અક્ષર આદીક મુકત મુનિવર ચાર રસકી ખાન;
સેવત ચરન સરોજ નિસદીન, મુદીત મન તજી આન. પોઢે૦ ૩
દીનબંધુ દયાલ જનહીત, પ્રગટ ભયે ભગવાન;
પ્રેમાનંદ એ રૂપ નિધીપર વારત તન મન પ્રાન. પોઢે૦ ૪

પદ ૯૭૧ મું

પોઢે રંગ મોહોલ રાજકુમાર; પોઢે૦ ટેક.
ધર્મસુત શ્રીનરનારાયણુ, વિશ્વકે આધાર. પોઢે૦ ૧
શ્વેતદ્વિપનિવાસી શ્રીપતિ, વાસુદેવ કિરતાર;
નરનારાયણુ રૂપ પ્રગટે, તારન ભવસંસાર. પોઢે૦ ૨
ભક્તિધર્મ ગૃહે પ્રગટ ભયે, ચહુ રૂપ જન હિતકાર;
નરનારાયણુ કરત તપ, દ્રઢ વ્રત ધરી બ્રહ્મચાર. પોઢે૦ ૩
હરિ સદા વૈકુંઠ રાજત, રમાકાંત મોરાર;
કૃષ્ણચંદ્ર ગોલોકબાસી, પ્રેમાનંદ બલિહાર. પોઢે૦ ૪

પદ ૯૭૨ મું–રાગ બિહાગ

પોઢીયે સુખદેન, સેજમેં, પોઢીયે સુખદેન; સેજમેં૦ ટેક.
શ્રીઘનશ્યામ છબીલે મોહન, નિદ્રા વ્યાપિહે નેન. સેજમેં૦ ૧

રંગ મોહોલકી અટા ઘટાસમ, મની દીપક છબી એન;
સરસ સુમનકી સેજ સંવારી, નિરખી લાજ્યોહે મેન. સેજમેં૦ ૨
બાજત તાલ મૃદંગ તંબુરો, સુનિ ઉપજત સુખચેન;
ગાવત તાન બિહાગ ગુનિજન, ભગ સોહાઇહે રેન. સેજમેં૦ ૩
દુગ્ધફેન સમ સેજ પલંગપર, સ્યામ કરો સુખસેન;
પ્રેમાનંદ કહે શીઘ્ર ભોર ઉઠી, દુહોજ્યું શ્યામ ધોરી ધેન. સેજમેં૦ ૪

પદ ૯૭૩ મું

સેજ સંવારતિ શ્યામા પ્યારી. સેજ૦ ટેક.
ચુનચુન કલીયા સેજ બીછાવતિ,પ્રેમ પુલકીત બ્રખુભાનદુલારી. સેજ૦ ૧
મલયાગરકો પલંગ મનોહર, પાટી હીર ભરી અતિભારી;
તાપર સેજ સંવારી સુમનકી, ઓછાડી ઝીની ચોતારી. સેજ૦ ૨
નાના બીધીકે કુસુમ સુગંધી, રચીહે કુંજ ઝરોખા બારી;
ધુપ રુ દીપ સુગંધી અંતર, ઉઠત તરંગે ન્યારી ન્યારી. સેજ૦ ૩
પલંગ સમીપ ફુવારે છુટત, શિતલ મંદ પવન સુખકારી;
પ્રેમાનંદ ગ્રિષ્મ ઋતુ બરનન, પોઢતહેં ઘનસ્યામ બિહારી. સેજ૦ ૪

પદ ૯૭૪ મું-રાગ બિહાગ

સેજ બીછાયકે પંથ નિહારે, સેજ૦ ટેક.
કબ આવે ઘનસ્યામ સેજપર, ઠાડીકર દીપક લે બારે. સેજ૦ ૧
શ્રીબ્રકુભાન લાડિલી રાધા, દીપકસુત લે નેન સંવારે;
પ્રેમાનંદકો નાથ સ્યામ ઘન, બેઠ પાલખી મોહોલ પધારે. સેજ૦ ૨

પદ ૯૭૫ મું

પોઢત લાલ લાડિલી દોઉ; પોઢ૦ ટેક.
પોપ ફુલકી સેજ સંવારતી, રાધા પ્રેમ મગન મન હોઉ. પોઢ૦ ૧
ઢોરતી પવન લલીતા લે પંખો, ત્રપતી ન હોતી બદન છબી જોઉ;
પ્રેમાનંદ ઘનસ્યામ મૂરતી, રાખતહે નેનનમેં પ્રોઉ. પોઢ૦ ૨

પદ ૯૭૬ મું-રાગ બિહાગડો

પોઢે સુખસેજ શ્રીઘનસ્યામ; પોઢે૦ ટેક.
નંદનંદન જકતવંદન, ભકતપૂરનકામ. પોઢે૦ ૧

હાંરેહો સારદ નારદ શેષ શુક, જાકો રટત નિશદીન નામ;
સુર મુનિ સનકાદી ધરતહે, ધ્યાન આઠોં જામ. પોઢે૦ ૨
હરિહો સર્વભૂતનિવાસી શ્રીપતિ, સંતનકે વિશ્રામ;
દિવ્ય રૂપ નરાકૃતિ ધરી, બસત ગોકુલ ગામ. પોઢે૦ ૩
હાંરેહો સુમન સેજ સંવારી પ્યારી, ગોકુલરાજકે ધામ;
પ્રેમાનંદકો નાથ પોઢત, રાધીકા ઉર દામ. પોઢે૦ ૪

પદ ૯૭૭ મું

પોઢે યદુનાથ રાજ ભવન; પોઢે૦ ટેક.
સુમન સેજ સંવારી સુંદર, ચલત મંદ પવન. પોઢે૦ ૧
હાંરેહો ભવ બ્રહ્મા સુરરાજ ઇનકો, કરત નિત્ય સ્તવન;
સૂર્ય શશી ધરી શિષ આજ્ઞા, કરત નિત્યપ્રતિ ગવન. પોઢે૦ ૨
હાંરેહો અવનિ ભાર ઉતારનકું, પ્રગટે રુકિમનિરમન;
મારે અસુર કંસાદી અગનિત, જારયો કાલજવન. પોઢે૦ ૩
હાંરેહો પતિતપાવન શ્યામ બીના, એસો ઓર કવન;
પ્રેમાનંદ કહે વિપ્ર સુદામા, કીનો ઇંદ્ર સમન. પોઢે૦ ૪

પદ ૯૭૮ મું

પોઢીયે મહારાજ સેજ. પોઢી૦ ટેક
સરસ સુમનકી સેજ સવારી, નાથ તીહારી કાજ. સેજ૦ ૧
રતન જડીતકો પલંગ મનોહર, ઓર સુભગ સબ સાજ;
તાપર શયન કરો અવિનાશી, ધન્ય ઘડી દિન આજ. સેજ૦ ૨
બાજત તાલ મૃદંગ તંબુરા, ગાવત ગુનિન સમાજ;
નારદ સુંદર સુજશ બખાનત, અજીત ઇશ શિરતાજ. સેજ૦ ૩
આયો કામ સેનબલ સંજુત, ગયો વ્યર્થ તજી લાજ;
પ્રેમાનંદકે નાથ અજીત સદા, જય જય ગરીબ નિવાજ. સેજ૦ ૪

પદ ૯૭૯ મું

પલંગપર પોઢીયેં નરવીર; પલંગ૦ ટેક.
આઇ નિંદ નેનમે ઠાકોર, ગઇ રેનિ ઘનિ ધીર. પલંગ૦ ૧

નવરંગ રતન જડીત અતિસુંદર, પલંગ ભર્યો લે હીર;
મખમલ સેજ સંવારી સુંદર, શ્વેત ઓછાડ્યો ચીર. પલંગ૦ ૨
ગેંદુવા ગાલ મસુરીયા નૌતમ, ધરે પલંગકે તીર;
ઓસીસા લે ધરું અનોપમ, શિતલ ઢારું સમિર. પલંગ૦ ૩
ગાવત કીરતી વ્યાસ વિરંચી, ઓર નારદ મુનિકીર;
પ્રેમાનંદ કરત પદ સેવા, તજત સકલ દુઃખ પીર. પલંગ૦ ૪

પદ ૯૮૦ મું-રાગ બિહાગડો

પોઢે પ્રભુ મદનમોહનરાય; પોઢે૦ ટેક.
રંગમોહોલમેં રાધિકા સંગ, કેલિ રસ ઉપજાય. પોઢે૦ ૧
હાંરેહો દિવ્ય રત્ન રચિત મંદીર, રત્નથંભ રચાય;
રત્ન દીપક ઝગમગે, છબી રત્નમય રહી છાય. પોઢે૦ ૨
હાંરેહો રત્નમની પચરંગકો, પરયંક સુભગ સોહાય;
તાપર સેજ સમારી સુંદર, દુકુલ કોમલ લાય. પોઢે૦ ૩
હાંરેહો ડારી પરદા કર અંગિઠી, દીયે કીવાર લગાય;
પ્રેમાનંદ એ રસિક રૂપકું, રાખત નેનની માય. પોઢે૦ ૪

પદ ૯૮૧ મું

પોઢે રંગમોહોલ જુગલકિશોર; પોઢે૦ ટેક.
રસકી રાશી રાધિકા, પીયા રસિક વર રસ ચોર. પોઢે૦ ૧
હાંરેહો રંગમોહોલમેં રચી સજ્જા, આનંદ રસકો ઠોર;
દિવ્ય ચિત્ર વિચિત્ર બાંધી, ચાંદની ચહુ ઓર. પોઢે૦ ૨
હાંરેહો દ્વાર દેકેં ડારે પરદા, શરદ રુતુકો જોર;
અંગિઠીસું લગાય આગી, ધરી શ્યામ સમોર. પોઢે૦ ૩
હાંરેહો લલિતા આદિક સહચરી, ગુન ગાવત તાન તતોર;
પ્રેમાનંદ એ રસિક પીયકું, રાખત નેનની કોર. પોઢે૦ ૪

પદ ૯૮૨ મું

પોઢે દોઉ રાધા મદનગોપાલ; પોઢે૦ ટેક.
ચંદ્રવરણની રાધિકા, અરૂત્ત બનિ નંદલાલ. પોઢે૦ ૧

હાંરિહો ભુવન ભીતર સંવારી સજ્યા, જાનીકે શરદ કાલ;
કનકમનિમય મંચ પંચરંગ, પાટી રચી વિશાલ. પોઢે૦ ૨
હાંરિહો મખમલકો ડાર્યો ગલીચો, ઉપર શ્વેત ઓછાલ;
અતલસકે ઓસીશા સુંદર, તલે મસુરીયા ગાલ. પોઢે૦ ૩
હાંરિહો ઉપર જુગલ રજાઈ રુઈ ભરી, ઓઢે શ્યામ તમાલ;
પ્રેમાનંદ બલિહારી છબીપર, સ્વર્ગ મૃત્યુ પાતાલ. પોઢે૦ ૪

પદ ૯૮૩ મું

પોઢે પ્રભુ મદનમોહનદેવ; પોઢે૦ ટેક.
કરત રાધા પ્રેમ પુલકિત, ચરન પંકજ સેવ. પોઢે૦ ૧
હાંરિહો તેજપુંજનિવાસી શ્રીહરિ, જાનત મહામુનિ ભેવ;
ભૂકો ભાર ઉતારને હરિ, મનુષ્ય રૂપ ભયેવ. પોઢે૦ ૨
હાંરિહો કૃપાસિંધુ દયાલ પ્રભુકી, યેહી નિરંતર ટેવ:
પતિત કેસોઉં આવત શરને, તારત હેં તતખેવ. પોઢે૦ ૩
હાંરિહો અજામેલ ગનિકા આદિ, અધમ અનંત તરેવ;
પ્રેમાનંદ કહે પાયે મહાસુખ, હરિ ચરન સુખરેવ. પોઢે૦ ૪

પદ ૯૮૪ મું—રાગ બીલાવલ

માઈ મોરો જીવન કુંજવિહારી, ગોપીનાથ ગોવરધનધારી. માઈ૦ ટેક.
ગોપીનાથ જશોદાજીવન, મદનગોપાલ લાલ બનવારી. માઈ૦ ૧
બરહાપીત ધરેં કર મોરલી, પીતાંબર ઓઢેં કામરી કારી. માઈ૦ ૨
નટવર નાગર રૂપ ઉજાગર, મોરલી બજાય મોહી વ્રજનારી. માઈ૦ ૩
નંદાનંદન કંસ નિકંદન, પ્રેમાનંદકો નાથ મુરારી. માઈ૦ ૪

પદ ૯૮૫ મું

નિરખી છબી મોરે નૈના લોભાને, ગોપીનાથ પિયા મન માને. નિર૦ ટેક.
તરુન મયુર ચંદ્રિકા શિરપર, મકરાકૃત કુંડલ દોઉ કાને. નિર૦ ૧
ચંદન ચરચીત નીલ જળદ તન, પીત બસન કટીપર લે તાને. નિર૦ ૨
ભાલ વિશાલ લલીત દ્રગ ચંચલ, નિરખી ખંજન મીન લજાને. નિર૦ ૩
ગોપીનાથ પિયાકી શોભા, પ્રેમાનંદ લખી ઉર આને. નિર૦ ૪

પદ ૯૮૬ મું

ઠાકોર શ્રીગોપીનાથ હમારે, સુંદર શ્યામ પ્રાનસોં પ્યારે; ઠાકો૦ ટેક.
ગોપીપ્રાણુ ગોપીકાજીવન, ગોપીજનવલ્લભ દ્રગ તારે. ઠાકો૦ ૧
ગોપીજન સુખદાયક મોહન, વ્રજજનહીત ગોવરધન ધારે. ઠાકો૦ ૨
નટવર રૂપ મદનમદગંજન, ગોપીરંજન નંદદુલારે. ઠાકો૦ ૩
પ્રેમાનંદ ત્રિભંગી લાલપર, નોછાવર તન મન લે વારે. ઠાકો૦ ૪

પદ ૯૮૭ મું

શ્રીગોપીનાથ રૂપ રંગ રાતે, ગોકુલવાસી પ્રીરત મદમાતે; શ્રીગોપી૦ ટેક.
બાલ રુ વૃદ્ધ તરુન નર નારી, છાકે પ્રીરત ગીનત નહીં કાતે. શ્રીગોપી૦ ૧
લોકપાલ સુરરાજ સબહિકું, જાનતહે અતિ દીન દુખાતે. શ્રીગોપી૦ ૨
અષ્ટ સિદ્ધિ નવ નિધિ ચતુર્ધાં, વારત લે હરિપર હરખાતે. શ્રીગોપી૦ ૩
પ્રેમાનંદ ગોપીનાથ બદન છબી, ચીતવત મગન પ્રીરત
ગુન ગાતે. શ્રીગોપી૦ ૪

પદ ૯૮૮ મું-રાગ કાનડો મારુ

ગોપીનાથ બદનપર વારુ; ગોપી૦ ટેક.
કોટીક કામ છબી ત્રિભોવનકી, શ્યામ બદનપર વારીકે ડારુ. ગોપી૦ ૧
ભાલ વિશાલ તિલક કેશરકો, કુંડલ કરન મકાકૃતિ ચારુ;
ભ્રકુટી કુટીલ લલીત છબી લોચન, બંક બિલોકની નેન નિહારુ. ગોપી૦ ૨
અધર પ્રવાલ સુભગ નાસા શુક, મુસકની મંદ મદ ઉર ધારુ;
મધુર મધુર સ્વર બેન બજાવત, ગાવત રાગ કાનરો મારુ. ગોપી૦ ૩
ઉર બનમાલ પીતપટ કાછે, નંદકુવર ઘનસ્યામ ઉદારુ;
મોહનલાલ મોહની મૂરત, પ્રેમાનંદ કહે પલ ન વિસારુ. ગોપી૦ ૪

પદ ૯૮૯ મું

શ્રીગોપીનાથ નિરખી લલચાઈ; શ્રીગો૦ ટેક.
પરબસ ભઈ પ્રીરુ પાછે, લગ ગઈ નેન સેન ઉરમાંઈ. શ્રીગો૦ ૧
કહા કહું ઘનસ્યામ રૂપકી, રચના મોંપે કહી ન જાઈ;
કંદ્રપ કોટી ઓટી ગહી ડાડે, નિરખત રૂપ છટા હરખાઈ. શ્રીગો૦ ૨

અંગોઅંગ અમીત ત્રિભોવન, ઉદય ભઇ સબ સુંદરતાઈ;
મોહીદેખી સકલ સુર વનિતા, થકીત ભઇ તન સુધ બીસરાઈ. શ્રીગો૦ ૩
કરત આલાપ અધર ધરી બંસી, રાગ કાનરો જન સુખદાઈ;
ગોપીપ્રાણનાથપર તંન મન, પ્રેમાનંદ કરત નોછાઇ. શ્રીગો૦ ૪

પદ ૯૯૦ મું

શ્રીઠાકોર શ્રીગોપીનાથ હમારે; શ્રીઠા૦ ટેક.
મન કર્મ બચન પાદાંબુજ સેવે, નોછાવરી તન મન લે વારે. શ્રીઠા૦ ૧
નિરખે બદન કમલ છીન છીન પ્રતિ, સુંદર નેન ચપલ દોઉ તારે;
વિહસત મંદ દસન દ્યુતિ દમકત, દુ:ખમોચન મુખ બચન ઉચારે. શ્રીઠા૦ ૨
સુનત બચન સંતાપ મીટત સબ, ઉપજત ઉર આનંદ અપારે;
કરુના રસ સિંચત કમલાવર, ગોપીનાથ પ્રાનસો પ્યારે. શ્રીઠા૦ ૩
ગોપી ઉર આભુખન મોહન, ગોપી જીવન નંદદુલારે;
ગોપીપ્રાણનાથકો ઉરતેં, પ્રેમાનંદ પલ છીન ન વિસારે. શ્રીઠા૦ ૪

પદ ૯૯૧ મું

શ્રીગોપીનાથ ગોવરધનધારી; શ્રીગો૦ ટેક.
ત્રિભંગી મોરલીધર મોહન, રહો મોરે નેનમેં કુંજબિહારી. શ્રીગો૦ ૧
બરહી પીછ કરન મકાકૃત, સુંદર ભાલ તિલક છબી ન્યારી;
ભ્રકુટી કુટીલ ચપલ લોચનપર, ખંજન મીન કમલ જાઉં વારી. શ્રીગો૦ ૨
અધર પ્રવાલ સુભગ નાસાશુક, દસન ચંદ્રિકા દમકત ભારી;
મુસકની મંદ રુ બંક બિલોકની, નિરખી મોઇ સબે વ્રજનારી. શ્રીગો૦ ૩
ઉર બનમાલ પીત પટ કાછે, મોરલી અધર બાજત સુખકારી;
પ્રેમાનંદ કહે અખડ રહો ઉર, ગોપીવર ગોપાલ મોરારી. શ્રીગો૦ ૪

પદ ૯૯૨ મું–રાગ ગરબી

વંદુ દુર્ગપુરધામ, સુંદર શોભે ઘનસ્યામનું જો;
પરમ પાવન અભિરામ, કૃષ્ણ પૂરણકામનું જો. ૧
પ્રગટ પુરુષોત્તમરાય, રાજે ગઢપુરમાં શ્રીહરિ જો;
જેને નિગમ નેતિ ગાયે, નિજ ઇચ્છાયે દેહ ધરી જો. ૨

અક્ષરપતિ અવિનાશ, આવ્યા કરુણા કરી અતિ જો;
કીધો ગઢપુર નિવાસ, વરણી વેશે નૈષ્ટિક જતિ જો. ૩
ધન્ય ઉત્તમ નરદેવ, ઘેર રાખ્યા ઘનશ્યામને જો;
પરીપુરણ કરી સેવ, વશ કીધા સુખધામને જો. ૪
ઉત્તમ જાણીને નિજ ભક્ત, વશ થયા નિજ દાસને જો;
વરણી અતિશેં વિરક્ત, રહ્યા અખંડ કરી વાસને જો. ૫
કીધું અધીક ગઢપુર સાત પુરી, ચાર ધામથી જો;
પ્રેમાનંદ કે' જમ દૂર, ભાગે ગોપીનાથ નામથી જો. ૬

પદ ૯૯૩ મું

ધન્ય ઉત્તમ દરબાર, ધન્ય ઓરડાની ઓસરી જો;
થયો મુક્તિ દાતાર, અખંડ રાજે ત્યાં શ્રીહરિ જો. ૧
ધન્ય ઓરડી અનૂપ, પ્રીતે પોઢે ભગવાન જ્યાં જો;
થઈ અક્ષર સ્વરૂપ, સંત ધારે નિત્ય ધ્યાન ત્યાં જો. ૨
ધન્ય નિંબ વૃક્ષ છાંય, ઘોડી ફેરે હરિ ફરતા જો;
જન ત્રપત ન થાયે, ધન્ય દરશન કરતાં જો. ૩
ધન્ય ધરણીનાં ભાગ્ય, ધન્ય ગઢપુર ધામને જો;
ધન્ય હરિજન ગૃહ ત્યાગ, કરી નિરખે ઘનશ્યામને જો. ૪
ધન્ય ગઢપુરનાં લોક, ધન્ય હરિજન નરનારીને જો;
થયાં સરવે અતિશોક, પ્રગટ નિરખ્યા ગિરિધારીને જો. ૫
ધન્ય પૂજ્યા કરી પ્યાર, ધર્મકુંવર સુખકંદને જો;
પ્રીતે પે'રાવ્યા હાર, ધન્ય ધન્ય પ્રેમાનંદને જો. ૬

પદ ૯૯૪ મું

ધન્ય દુર્ગપુર ધામ, ધન્ય ઉત્તમ નરેશજી જો;
મહિમા અધિક અભીરામ, ગુણ ગાય જેના શેષજી જો. ૧
ધન્ય ગઢપુરની શેરી, ધન્ય ગઢપુરના વાસને જો;
હરિ ચાંખડિયું પેરી, ચાલી જાય ઘેર દાસને જો. ૨
ધન્ય ગંગા ઉન્મત્ત, નિત્ય ન્હાયે હરિ નીરમાં જો;
સંગે મુનિવર સમરથ, લઈ રમે હરિ તીરમાં જો. ૩

કરે લીલા બહુ ભાત, બેસી ગંગા મધ્ય પૂરમાં જો;
ગાયે કિરતન કરી ખાંત, પાડે તાળી બહુ સૂરમાં જો. ૪
ધન્ય ગંગાનો ઘાટ, ધન્ય ખળખળિય નામને જો;
ધન્ય નારાયણ હ્રદની વાટ, રથ હાંકવો ઘનશ્યામને જો. ૫
ન્હાયીને મુનિવર લઈ સાથ, હરિ આવે નિજ મંદ્રમાં જો;
શોભે પ્રેમાનંદનો નાથ, જેમ તારા મધ્ય ચંદ્રમાં જો. ૬

પદ ૯૯૫ મું

ધન્ય પુરની બજાર, ધન્ય લક્ષ્મીનો બાગ છે જો;
થઇને અશ્વ અસવાર, જાયે જીવન જોયા લાગ છે જો. ૧
ધન્ય આંબાની છાંય, ધન્ય બેઠક બેસે હરિ જો;
સંત કિર્તન ત્યાં ગાય, નિરખે નાથને નેણાં ભરી જો. ૨
ગુંથી ગુલાબના હાર, સંત પેરાવે પ્રિતસું જો;
બાંધે બાજુ કરી પ્યાર, ધાલે ગજરા રસ રીતસું જો. ૩
સંત ગાયે કિર્તન વાજે, દોકડ સારંગીયો જો;
મેવા જમે જીવન, કેળાં દ્રાક્ષ નારંગીયો જો. ૪
ધન્ય રાધાની વાવ, ધન્ય બાગ રાધાતણો જો;
હરિ જાય કરી ભાવ, અતિ મહિમા તેનો ઘણો જો. ૫
પૂરણપુરુષોત્તમ દેવ, એમ વિચરે ગઢપુરમાં જો;
મોટા મુનિવર કરે સેવ, પ્રેમાનંદ તો હજૂરમાં જો. ૬

પદ ૯૯૬ મું

રાજે ગઢપુર મહારાજ, પૂરણબ્રહ્મ પરમાતમા જો;
આવ્યા ગરીબનિવાજ, એતો અક્ષરના આતમા જો. ૧
છાયો પ્રબલ પ્રતાપ, કહ્યો નવ જાયે રસના જો;
કીધો અધર્મ ઉથાપ, વાગ્યા ડંકા અતિ જશના જો. ૨
માર્યા અસુર અપાર, કામ ક્રોધાદિક વાંકડા જો;
સુર અસુર નરનાર, જેને આગે સહુ રાંકડા જો. ૩
મત પંથને માથે મેખ, મારી લીધા જન છોડવી જો;
મુંડતા કેઇક ગુરુ ભેખ, પાડતા માહંતને ગોડવી જો. ૪

આપી પરચા અનૂપ, માયીક મતને ઉખાડીયા જો;
જીવ માયા બ્રહ્મ રૂપ, જથારથ તે દેખાડીયા જો. ૫
સમાધિમાં સહુ ધામ, દેખાડ્યાં નર નારને જો;
એવા સહજાનંદ શ્યામ, પ્રગટ્યા પ્રેમાનંદ કારણે જો. ૬

પદ ૯૯૭ મું શ્રીગોપીનાથજીનો ગરબો

વંદુ ગિરિધર ગોકુલચંદ, ગોપીનાથજીરે;
વંદુ ત્રિભુવન આનંદકંદ, ગોપીનાથજીરે. ૧
ગાવું ગરબે ગુણ અભીરામ, ગોપીનાથજીરે;
આપો બુદ્ધિ સુંદર શ્યામ, ગોપીનાથજીરે. ૨
તમે ગોલોકધામનિવાસી, ગોપીનાથજીરે;
તમે છો વૃંદાવનવિલાસી, ગોપીનાથજીરે. ૩
તમારો મહિમા અપરમપાર, ગોપીનાથજીરે;
તમારો નિગમ ન કરે નિરધાર, ગોપીનાથજીરે. ૪
તમારું શિવ બ્રહ્મા ધરે ધ્યાન, ગોપીનાથજીરે;
તમારું સહસ્રવદન કરે ગાન, ગોપીનાથજીરે. ૫
તમને મહા મુનિ ઉર ધારે, ગોપીનાથજીરે;
શુકસનકાદિક પળ ન વિસારે, ગોપીનાથજીરે. ૬
તમે છો અખિલ લોક પતિ ઈશ, ગોપીનાથજીરે;
તમે હરિ રચ્યાં તત્ત્વ ચોવીશ, ગોપીનાથજીરે. ૭
તમે છો અનંત બ્રહ્માંડના કરતા, ગોપીનાથજીરે;
તમે છો સહુના ભર્તા હરતા, ગોપીનાથજીરે. ૮
તમે હરિ જુગ જુગ દિવ્ય સ્વરૂપ, ગોપીનાથજીરે;
ધરો અગણિત રૂપ અનૂપ, ગોપીનાથજીરે. ૯
તમે હરિ કમલાકાંત કહાવો, ગોપીનાથજીરે;
રાધારમણ ભક્ત મન ભાવો, ગોપીનાથજીરે. ૧૦
તમે હરિ ગઢપુર ભલે પધાર્યા, ગોપીનાથજીરે;
તમે સહુ જનના કારજ સાર્યા, ગોપીનાથજીરે. ૧૧

કીધું ગઢપુર ગોકુલ ધામ, ગોપીનાથજીરે;
ઘેલો જમુના પાવન નામ, ગોપીનાથજીરે. ૧૨
ધન્ય ધન્ય ઉત્તમનો દરબાર, ગોપીનાથજીરે;
કીધો મુક્તિનો દાતાર, ગોપીનાથજીરે. ૧૩
તમારે દરશને દુઃખ જાય, ગોપીનાથજીરે;
જનના પાતક પ્રલ્લે થાય, ગોપીનાથજીરે. ૧૪
તમારું નામ જપે નર કોય, ગોપીનાથજીરે;
તેને જનમ મરણ નવ હોય, ગોપીનાથજીરે. ૧૫
તમારો દીઠો બહુ પ્રતાપ, ગોપીનાથજીરે;
કીધાં નરનારી નિષ્પાપ, ગોપીનાથજીરે. ૧૬
જે જન દરશન કરવા આવે, ગોપીનાથજીરે;
ડગળે કોટી જગન ફલ પાવે, ગોપીનાથજીરે. ૧૭
તમે છો દીનતણા દુઃખભંજન, ગોપીનાથજીરે;
તમે છો માનીના મદગંજન, ગોપીનાથજીરે. ૧૮
તમે છો દીનતણા પ્રતિપાળ, ગોપીનાથજીરે;
તમે છો કાળતણા હરિ કાળ, ગોપીનાથજીરે. ૧૯
તમને ભજે સકામી જન, ગોપીનાથજીરે;
આપો મન વાંછીત જીવન, ગોપીનાથજીરે. ૨૦
આપો ધન પુત્ર ને પરિવાર, ગોપીનાથજીરે;
કાપો દુઃખ દારિદ્ર અપાર, ગોપીનાથજીરે. ૨૧
આપો રિધ સિધ બહુ ભોગ, ગોપીનાથજીરે;
ટાળો ત્રિવિધ તાપ ને રોગ, ગોપીનાથજીરે. ૨૨
તમે છો કલ્પતરુ ભગવાન, ગોપીનાથજીરે;
આપો ઇચ્છિત કૃપાનિધાન, ગોપીનાથજીરે. ૨૩
તમે છો કામધેનુ સુખપૂર, ગોપીનાથજીરે;
તમે છો ચિંતામણિ ચતુર, ગોપીનાથજીરે. ૨૪
તમને મેલીને અભિમાની, ગોપીનાથજીરે;
સેવે ભૈરવ ભૂત અગ્યાની, ગોપીનાથજીરે. ૨૫

જ્યાં ત્યાં વછ જેમ ઘાલે માથું, ગોપીનાથજીરે;
પામે નિજ માતા વીન લાતું, ગોપીનાથજીરે. ૨૬
સાચા માત પિતા છો તમે, ગોપીનાથજીરે;
સુખીયો થાયે તમને નમે, ગોપીનાથજીરે. ૨૭
તમને નમ્યા વિનાનો પ્રાણી, ગોપીનાથજીરે;
ભોગવે નરક ફરે ચાર ખાણી, ગોપીનાથજીરે. ૨૮
મૂરખ મનુષ્યતણી દેહ પામી, ગોપીનાથજીરે;
તમને ન ભજે તેટલું હરામી, ગોપીનાથજીરે. ૨૯
જાશે જમપુરમાં અભાગી, ગોપીનાથજીરે;
લીધા નર્કકુંડ દુઃખ માંગી, ગોપીનાથજીરે. ૩૦
જમની આજ્ઞામાં નિત્ય રહેશે, ગોપીનાથજીરે;
કાળ કર્મ વશ મહા દુઃખ સહેશે, ગોપીનાથજીરે. ૩૧
જે જન તમારા કે'વાયા, ગોપીનાથજીરે;
તેનું નામ ન લે કાળ માયા, ગોપીનાથજીરે. ૩૨
તમારા ભુજદંડને અનુસરીયા, ગોપીનાથજીરે;
તેણે મહા શત્રુ વશ કરીયા, ગોપીનાથજીરે. ૩૩
તે નર મહા સુખીયા સુખ માણે, ગોપીનાથજીરે;
કોઇની બીક ન મનમાં આણે, ગોપીનાથજીરે. ૩૪
તમને નિષ્કામી જન પ્યારા, ગોપીનાથજીરે;
તે જન ન રહે તમથી ન્યારા, ગોપીનાથજીરે. ૩૫
તમારા ચરણ કમળ વિના બીજે, ગોપીનાથજીરે;
તેનું મન ક્યાંઈ નવ રીઝે, ગોપીનાથજીરે. ૩૬
તમારી સેવા વીના બડ ભાગી, ગોપીનાથજીરે;
બીજું કાંઈ નવ ઇચ્છે ત્યાગી, ગોપીનાથજીરે. ૩૭
બીજાં લોક ભોગ સુખ સારા, ગોપીનાથજીરે;
જાણે નર્ક તુલ્ય નઠારા, ગોપીનાથજીરે. ૩૮
રિદ્ધિ સિદ્ધિ જોગ વિભુતિ, ગોપીનાથજીરે;
સર્વે જાણે માયા દૂતિ, ગોપીનાથજીરે. ૩૯

એવા સંતતણી બલિહારી, ગોપીનાથજીરે;
સરવસ જાયે પ્રેમાનંદ વારી, ગોપીનાથજીરે. ૪૦

પદ ૯૯૮ મું અથ શ્રીગોપીનાથજીનો ગરબો રાગ પરજ-દેશી

ચરણ વંદન કરી વર્ણવું શ્રીગોપીનાથ;
ગાવું ગરબો અભીરામરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
ઉન્મત્તગંગા ત્રટે શોભતું શ્રીગોપીનાથ;
દુર્ગપત્તન છબી ધામરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧
ઇન્દ્ર ભુવન સમ શોભતો શ્રીગોપીનાથ;
ઉત્તમ રાયતણો દરબારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
ઉત્તમ દરબારના મધ્યમાં શ્રીગોપીનાથ;
મંદિર વિમાન આકારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૨
મંદિર શોભા તે શું વણવું શ્રીગોપીનાથ;
રવિ રથ સરખો પ્રકાશરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
કનક કલશ ઉપર ઝળમળે શ્રીગોપીનાથ;
કનક ધ્વજા ઉડે આકાશરે જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૩
નિત્ય ત્રાંબાલુ નોબત ગડગડે શ્રીગોપીનાથ;
પણુવ ત્રાંસાં સરણાઇરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
વાજે દુકડ સારંગીયું શ્રીગોપીનાથ;
ગાયે ગુણી આનંદ વધાઇરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૪

ચિત્ર વિચિત્ર શોભે મંડપ શ્રીગોપીનાથ;
શોભા કહી નવ જાયેરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
કનક કાચના ઝાડ હાંડીયું શ્રીગોપીનાથ;
શોભા રહિ અતિ છાયરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૫
રત્ન સિંહાસન શોભતું શ્રીગોપીનાથ;
હીરા માણુકના જડાવરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
સોના રૂપાની રચના ઘણી શ્રીગોપીનાથ;
રત્ન તોરણુ બણુાવરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૬
શોભા સાગર તમે શ્રીહરિ શ્રીગોપીનાથ;
બિરાજે રાધાજી સહિતરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
શું રે વખાણું શોભા રાજની શ્રીગોપીનાથ;
શણુગાર શોભા નવી નિત્યરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૭
એક દહાડાની છબી વર્ણવું શ્રીગોપીનાથ;
સાંભળતાં જન રાજી થાયરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
રત્ન મુગટ માથે શોભતો શ્રીગોપીનાથ;
નિરખી રવિ ચંદ્ર લજાયરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૮
રત્ન જડિત કાને કુંડલ શ્રીગોપીનાથ;
કેશર તિલક શોભે ભાલરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
પાન બીડીયું ચાવતાં શ્રીગોપીનાથ;

શોભે અધર અરુણુ રસાલરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૯
ગળે ગળબંધ રત્ને જડ્યો શ્રીગોપીનાથ;
કનક કંઠી છબીદારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
કનક કંઠલો હેમ હાંસડી શ્રીગોપીનાથ;
ઉરમાં ઉતરી રત્ન હારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૦
મોતી માળા ઉર દુગદુગી શ્રીગોપીનાથ;
ચંદનહારની શોભા સારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
કૌસ્તુભ મણિ ને શ્રીવત્સ શોભતું શ્રીગોપીનાથ;
ઉરમાં અનેક અલંકારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૧
બાજુ કાજુ તે રત્ને જડ્યાં શ્રીગોપીનાથ;
કનક પોંચી તે રત્ને જટિતરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
કનક કડાં ને સોના સાંકળાં શ્રીગોપીનાથ;
વેઢ વિટીયું ઘટિતરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૨
કેડે કંદોરો કટિમેખલા શ્રીગોપીનાથ;
ચરણે ઝાંઝર ઝમકારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
સોના તોડો સરસ શોભતો શ્રીગોપીનાથ;
ચરણે ચાખડિયું ઉદારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૩
નખ શીખ આભૂષણુ ઓપતાં શ્રીગોપીનાથ;
શોભો છો શોભા ધામરે, જાદવરાય;

પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
જરી પટકા ને જામા જરકસી શ્રીગોપીનાથ;
નિરખી લાજે કોટિક કામરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૪
સુંદર ત્રિભંગી લાલ વાંકડા શ્રીગોપીનાથ;
શોભાતણા નિધાનરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
અંતર ફેરે બહુ બહેકતા શ્રીગોપીનાથ;
રસિક સુંદર ભીનેવાનરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૫
તરુણ મનોહર મૂરતિ શ્રીગોપીનાથ;
સરસ ફુલે ગરકાવરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
ગુચ્છ તોરા કલંગી વાંકડી શ્રીગોપીનાથ;
સરવે સુમન સરપાવરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૬
સરસ વૈજંતીમાલ શોભતી શ્રીગોપીનાથ;
ગજરા બાજુ ગળે હારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
કનક કટાર કેડે વાંકડો શ્રીગોપીનાથ;
સોનેરી ઢાલ તરવારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૭
કનક મોરલી અધર ધરી શ્રીગોપીનાથ;
કનક છડી કરમાંહ્યરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
નખ શીખ શોભા વર્ણવતાં શ્રીગોપીનાથ;
શેષ શારદ નારદ લજાયેરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૮

શોભા જોઇને જન ઘેલડાં શ્રીગોપીનાથ;
ગઢપુરવાસી નરનારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
આવે જોવાને દેશો દેશનાં શ્રીગોપીનાથ;
નારી પુરુષ તે અપારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૯
ભીડ ભરાય બહુ જનની શ્રીગોપીનાથ;
નિત્ય સમૈયો આઠોજામરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
નિરખી શોભાના સુરને શ્રીગોપીનાથ;
પ્રેમાનંદ થયો પૂરણકામરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૨૦

પદ ૯૯૯ મું

વામે અંગરાજે રાણી રાધીકા શ્રીગોપીનાથ;
શોભા સાગર વાસુદેવરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
નરપતિ નમે આવી દેશના શ્રીગોપીનાથ;
ભાવે સહિત કરે સેવરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧
આવે અમરપતિ દરશને શ્રીગોપીનાથ;
દેવાંગનાએ સહિતરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
શિવ બ્રહ્મા ને શુક આદિક શ્રીગોપીનાથ;
બેસી વિમાને આવે નિત્યરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૨
પ્રફુલ્લિત થઇને વારે તન મન શ્રીગોપીનાથ;
કરે પુષ્પનો વરસાતરે, જાદવરાય;

પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
ઉતરી વિમાનમાંથી હેઠલે શ્રીગોપીનાથ;
શોભા જોઇને રળિયાતરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૩
મહા મંત્ર ભણી કરે વિનતિ શ્રીગોપીનાથ;
પઢે પ્રબંધ મુખે છંદરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
વર્ણવે પ્રતાપ જોઈ પ્રગટ શ્રીગોપીનાથ;
કહે ધન્ય સચ્ચિદાનંદરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૪
ધર્યો નટવર નર વિગ્રહ શ્રીગોપીનાથ;
ગૂઢ ગતિ છો પૂરણકામરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
અનંતભુવનપતિ આપ છો શ્રીગોપીનાથ;
તજી અક્ષર નિજ ધામરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૫
આવી વિરાજ્યા ગઢપુરમાં શ્રીગોપીનાથ;
નિજ જનને અર્થે અવિનાશરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
અનંત ઐશ્વર્ય શક્તિ સહિત શ્રીગોપીનાથ;
પધાર્યા ધર્મ નિવાસરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ.
વિનતી કરીને ગયા નિર્જરા શ્રીગોપીનાથ;
આવ્યા મહા મુનિ વિગ્યાનરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
નારદ સનકાદિ શુક વ્યાસજી શ્રીગોપીનાથ;
આવ્યા દરશને તજી ધ્યાનરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૭

કરે કર જોડી ઉભા પ્રણુતી શ્રીગોપીનાથ;
દીધાં દરશન દયાલરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ;
અધરમના વંશ માયીક મતને શ્રીગોપીનાથ;
કાઢયા કાપીને કૃપાલરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ. ૮
કીધી રક્ષા ધર્મવંશની શ્રીગોપીનાથ;
ધર્મભક્તિના કુમારરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ;
આપ્યાં મહા સુખ નિજ દાસને શ્રીગોપીનાથ;
કીધાં બહુ અધમના ઓધારરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ. ૯
અમિત પ્રતાપ વિસ્તારિયો શ્રીગોપીનાથ;
થાયે પરચા ગામો ગામરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ;
કરો કોડ તેના પૂરણુ શ્રીગોપીનાથ;
આપો ઇચ્છિત અભીરામરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૦
નિષ્કામી જનને આપો નિજ પદ શ્રીગોપીનાથ;
સકામી જનને સારા ભોગરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ;
તમને ભજે તે પ્રાણીના શ્રીગોપીનાથ;
નાશે તનના ત્રિવિધ રોગરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૧
ધર્મભક્તિની શોભા શી કહું શ્રીગોપીનાથ;
નિરખી નર નારી નિહાલરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ;
જુગલ મનોહર મૂરતિ શ્રીગોપીનાથ;

શાંત છે પરમ કૃપાલરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૨
ધર્મભક્તિએ દયા બહુ કરી શ્રીગોપીનાથ;
દેખાડ્યો પ્રગટ પ્રતાપરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
કંક કિરાત આદિ બહુ જન શ્રીગોપીનાથ;
કીધાં સરવે નિષ્પાપરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૩
સુરા માંસ ચોરી પરત્રિયા શ્રીગોપીનાથ;
મેલ્યાં નિંદિત કર્મરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
અહિંસા આદિ નિજ સ્વધર્મ શ્રીગોપીનાથ;
વેદ વિહિત થાપ્યો ધર્મરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૪
અધર્મી ગુરુ નૃપ ભેખને શ્રીગોપીનાથ;
પાડ્યા પાછા મારી મેખરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
લીધાં સહુનાં શિષ્ય છોડવી શ્રીગોપીનાથ;
મેટ્યા વિધાતાના લેખરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૫
મહિમા અપાર જશ કીર્તિ શ્રીગોપીનાથ;
નિગમ ન પામે પારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ;
ધન્ય ધર્મ ભક્તિમાતને શ્રીગોપીનાથ;
કરે સહુ ભક્તિ નરનારરે, જાદવરાય;
પ્રગટ બિરાજે આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૬
મોટો પ્રતાપ ધર્મભક્તિનો શ્રીગોપીનાથ;
તેમના પુત્ર તમે શ્યામરે, જાદવરાય;

પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ;
કાળ માયા જમ કિંકર શ્રીગોપીનાથ;
કંપે તમારુ સુણી નામરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૭
ગાયો ગરબો પૂરણ પ્રીતસું શ્રીગોપીનાથ;
કરવા સુફળ અવતારરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ;
રાજી રહેજો સંત શ્રીહરિ શ્રીગોપીનાથ;
ભક્તિધર્મ પરિવારરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૮
જે કોઈ ગાયે ને પ્રીતે સાંભળે શ્રીગોપીનાથ;
પામે ધર્મ અર્થ મોક્ષ કામરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ;
નાશે દારિદ્ર દુઃખ દુર્મતિ શ્રીગોપીનાથ;
પામે વાંછિત સ્વર્ગ ધામરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ. ૧૯
ચરણ ચાલીસ પદ બેયમાં શ્રીગોપીનાથ;
ગાયો મહિમા શણગારરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ;
અખંડ બિરાજો એવા ઉરમાં શ્રીગોપીનાથ;
પ્રેમાનંદ માગે કરી પ્યારરે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ. ૨૦

ઇતિ શ્રીગોપીનાથજીનો ગરબો સંપૂર્ણ

પદ ૧૦૦૦ મું–રાગ ગરબી

રંગભીનો રણછોડરાય, આવ્યા વરતાલે;
જેને નિગમ નેતિ કહી ગાય, આવ્યા વરતાલે. ૧
હરિ દ્વારિકાના દેવ, આવ્યા વરતાલે;
સુર મુનિ કરે નિત્ય સેવ, આવ્યા વરતાલે. ૨

શ્રીપુરુષોત્તમ મહારાજ, આવ્યા વરતાલે;
કરવા સૌ જનનાં કાજ, આવ્યા વરતાલે. ૩
વહાલો ચરોતરને ચોક, આવ્યા વરતાલે;
પ્રભુજી પોતાની શોખ, આવ્યા વરતાલે. ૪
રુક્મિણિરમણ રણછોડ, આવ્યા વરતાલે;
નિજ જનના પૂરવા કોડ, આવ્યા વરતાલે. ૫
કરી પ્રીત મુનિવર સાથ, આવ્યા વરતાલે;
વહાલો પ્રેમાનંદનો નાથ, આવ્યા વરતાલે. ૬

પદ ૧૦૦૧ મું

નિત્ય આપે રણછોડ રાય, પરચા વરતાલે;
જન જોઈ જોઈ અચરજ થાય, પરચા વરતાલે. ૧
નિજ દૃષ્ટિ આગલ દાસ, પરચા વરતાલે;
ભીડભંજન હનુમાન પાસ, પરચા વરતાલે. ૨
કીધો લીંબડો મીઠો દૂધ, પરચા વરતાલે;
ફલ ફુલ પાન કરી શુદ્ધ, પરચા વરતાલે. ૩
જન તોડી પત્ર હમેશ, પરચા વરતાલે;
લઈ જાયે દેશ વિદેશ, પરચા વરતાલે. ૪
વર્ષ એકનો આંબો બાળ, પરચા વરતાલે;
ફુલ્યો ફલ્યો સરવે ડાળ, પરચા વરતાલે. ૫
તે જોવા ગોમતી તીર, પરચા વરતાલે;
પ્રેમાનંદ કે' થાય બહુ ભીડ, પરચા વરતાલે. ૬

પદ ૧૦૦૨ મું

વરતાલે રણછોડ રાય, લીલાલેહેર કરે;
નિત્ય આનંદ ઓચ્છવ થાય, લીલાલેહેર કરે. ૧
જન આવે અપરમપાર, લીલાલેહેર કરે;
અતિ પ્રેમ ભર્યાં નર નાર, લીલાલેહેર કરે. ૨
સહુ પામે જોઈ આનંદ, લીલાલેહેર કરે;
વહાલો ટાળે ભવના ફંદ, લીલાલેહેર કરે. ૩

વહાલે કીધાં જન નિષ્પાપ, લીલાલેહેર કરે;
જગ છાયો અતિ પરતાપ, લીલાલેહેર કરે. ૪
વહાલો પ્રગટ પ્રમાણુની પેસ્ય, લીલાલેહેર કરે;
આપે પરચા ઘેરા ઘેસ્ય, લીલાલેહેર કરે. ૫
કોઈ પ્રેમીજનને સાથ, લીલાલેહેર કરે:
બોલે પ્રેમાનંદનો નાથ, લીલાલેહેર કરે. ૬

પદ ૧૦૦૩ મું

વહાલો ભક્તિધર્મસુત શ્યામ, વરતાલના વાસી;
તેનું રણછોડ કેશવ નામ, વરતાલના વાસી. ૧
તેમને પરતાપે જીવ, વરતાલના વાસી;
થયા જીવ મટીને શિવ, વરતાલના વાસી. ૨
જે જન સેવે કરી પ્યાર, વરતાલના વાસી;
આપે ધર્માદીક ફલ ચાર, વરતાલના વાસી. ૩
જેમ સાત પુરી ચાર ધામ, વરતાલના વાસી;
તેમ વરતાલ કીધી શ્યામ, વરતાલના વાસી. ૪
કીધી વરતાલ વૈકુંઠ તુલ્ય, વરતાલના વાસી;
મુક્તિમય ધામ અમૂલ્ય, વરતાલના વાસી. ૫
પ્રેમાનંદ કહે નરનારી, વરતાલના વાસી;
ભજે વૃંદાવનવિહારી, વરતાલના વાસી. ૬

પદ ૧૦૦૪ મું–રાગ ધોળ

ધન્યરે ભાગ્ય ભૃગુક્ષેત્રનાં, હરિકૃષ્ણ પધાર્યા;
દરશન દેઈ અલબેલડે, તન તાપ નિવાર્યા. ૧
બલભદ્ર કૃષ્ણ પધારિયાં, અનાથના નાથ;
ભવસાગરમાં બૂડતાં, ઝાલવાને હાથ. ૨
રેવતીરમણે કૃપા કરી, કળીજુગમાં ભારી;
ભૃગુપુરમાં એ પધારિયા, તારવા નરનારી. ૩
અખિલભુવનપતિ આવિયા, હરિકૃષ્ણ મહારાજ;
ભૃગુપુરવાસી પ્રાણિના, સારવાને કાજ. ૪

જેરે સાંભળતાં પુરાણમાં, તે આ દીઠા નેણે;
શા કહું શોભા શ્યામની, વર્ણવું શું વેણે. ૫
વૃંદાવનવાસી આવીયા, ભૃગુપુર બેઉ ભાઈ;
દીનાનાથ દયા કરી, દીન ઉપર ધાઈ. ૬
ધન્ય ધન્યરે નદી નર્મદા, ધન્ય ભૃગુપુર ધામ;
ભલેરે પધારિયા શ્રીપતિ, પ્રેમાનંદના શ્યામ. ૭

પદ ૧૦૦૫ મું

રોહિણીકુંવર શ્રીરામનાં, પ્રાક્રમ અતિ ભારી;
એક રસનાયે શું વર્ણવું, રહે શેષ વિચારી. ૧
નામ પાવન બળરામ છે, બહુ બળી તે માટે;
પ્રલંબાસુરને સંહારિયો, મારી એક થાપાટે. ૨
ધેનુકનો વધ કીધલો, ગ્રહી ચરણ પછાડ્યો;
મુષ્ટિક મલ્લ તોશલ્લનો, વંશ હલધરે કાઢ્યો. ૩
દ્વિવિદ વાનર વધ કીધલો, રેવતાચલમાંઈ;
તે સંકર્ષણ આવિયા, ભૃગુપુર સુખદાઈ. ૪
હસ્તિનાપુર તે વાંકું કર્યું, જમુનાને તાણી;
પ્રાક્રમ રેવતીનાથના, કહું કેટલાં વખાણી. ૫
બહુ બળી વાતાપી દૈત્યને, ક્ષણમે નાખ્યો મારી;
નેમિષારણ્યવાસી વિપ્રના, દીધાં કાજ સુધારી. ૬
રાધાપતિ રેવતીપતિ, વૃંદાવનવાસી;
પ્રેમાનંદકે પધારિયા, ભૃગુપુર અવિનાશી. ૭

પદ ૧૦૦૬ ઠું

કમલનયન શ્રીકૃષ્ણની, જાઉં બલિહારી;
પતિતપાવન ક્યાં પધારિયા, તે સુણો નરનારી. ૧
કાનમ દેશ પાવન ઘણો, ધન્ય રેવાનાં ભાગ્ય;
દશ અશ્વમેધ તે કીધલા, નૃપ બલિએ એ જાગ્ય. ૨
આશ્રમ છે ભૃગુદેવનો, ઋષિ વૃંદ ત્યાં રે'તા;
તપ કરતા હરિ કારણે, કથા પ્રભુજીની કે'તા. ૩

એરે ઇચ્છા સહુને હતી, એકવાર હરિ આવે;
આવી આશ્રમ પાવન કરે, તનના તાપ મીટાવે. ૪
તેરે સમે શ્રીકૃષ્ણને, દૈત્ય માર્યાનું કામ;
તે અવસર ન આવી શક્યા, વહાલો સુંદર શ્યામ. ૫
તે વારતા ઉર ધારીને, રાખી અંતરજામી;
આરે સમે કરુણા કરી, રસિયે બહુનામી. ૬
તેરે સમે દીધો હતો, દ્વિજ વૃંદને કોલ;
પ્રેમાનંદને નાથજી, તે પાળ્યો આજ બોલ. ૭

પદ ૧૦૦૭ મું

એ વાત છે અતિ મર્મની, જાણે ચતુર સુજાણ;
ભૃગુ ઋષિએ પધરાવીયા, પ્રભુજી જીવનપ્રાણ. ૧
ધર્મકુંવરની મૂરતિ, હરિકૃષ્ણ બળદેવ;
ભાગ્ય હશે તે માનશે, કરશે પ્રીતે સેવ. ૨
પ્રેમ કરીને જે પૂજશે, ભાવ રાખીને સાચો;
તે સુકૃતિ જન નહિ ભમે, ચોરાસીમાં પાછો. ૩
પ્રગટ હરિ બળરામની, મૂરતિયો જાણી;
પૂજશે તે થાશે સુખીયો, સત્ય માનજો વાણી. ૪
ભજશે પૂજશે પ્રગટ પ્રભુ, ઘનશ્યામ મુરારી;
ધર્મ અર્થ કામ મોક્ષ ફળ, પામશે નરનારી. ૫
કાનમવાસીને કારણે, કરુણા કીધી સ્વામી;
ભૃગુપુરમાંહે બિરાજીયા, આવી અંતરજામી. ૬
એ પદ શીખે ને સાંભળે, ગાશે વારમવાર;
પ્રેમાનંદ કે' રાજી તેપર, થાશે ધર્મકુમાર. ૭

પદ ૧૦૦૮ મું—રાગ ગરબી

પાયે લાગું પરબ્રહ્મને જીરે, જેને નિગમ નેતિ કહી ગાય; સુખધામરે૦ ટેક.
જેના દર્શન દુર્લભ દેવને જીરે, જે દિવ્યભુવનપતિરાય. સુખ૦ ૧
જે સદા રહે શ્વેત તેજમાં જીરે, જે દિવ્ય સ્વરૂપ સાકાર; સુખ૦
જેના ચરણ તે સેવે મહામુનિ જીરે, શેષ સારદ ન પામે પાર. સુખ૦ ૨

શુક નારદ જેનો મહિમા કહે જીરે, શિવ બ્રહ્મા ધરે નિત્ય ધ્યાન; સુખ૦
જે કારણ કે'વાય છે વિશ્વના જીરે, જે પુરુષોત્તમ ભગવાન. સુખ૦ ૩
જે સદા રહે અક્ષરધામમાં જીરે, જે દિવ્ય પુરુષને સાથ; સુખ૦
તે પ્રગટ થયા સુખ આપવા જીરે, વહાલો પ્રેમાનંદનો નાથ. સુખ૦ ૪

પદ ૧૦૦૯ મું

જેની બ્રહ્મઋષિએ વિનતી કરી જીરે, ઉતારવા અવનિ ભાર; કિરતારે૦ ટેક.
તે પ્રગટ થયા પ્રભુ ત્યાંથકી જીરે, ધર્યું રૂપ અનોપમ સાર. કિર૦ ૧
ભક્તિધર્મથકી હરિ અવતર્યા જીરે, શ્રીનારાયણ હરિકૃષ્ણ નામ; કિર૦
એનાં રૂપ અભેદપણે જાણવા જીરે, રાધા સંગે તે રાધાશ્યામ; કિર૦ ૨
રુકિમણિ સંગે તે લક્ષ્મીનાથજીરે, અર્જુન સંગે તે નરનારાયણ; કિર૦
રહે બદ્રિકાશ્રમમાં હરિ જીરે, તપ કરે સદા બેઉ જન. કિર૦ ૩
હવે મહિમા વખાણું બદ્રિનાથનો જીરે, સાંભળતામાં સુખ થાય; કિર૦
નરનારાયણ દેવને જીરે, પ્રેમાનંદ પ્રીતે કરી ગાય. કિર૦ ૪

પદ ૧૦૧૦ મું

બદ્રિપતિ નરનારાયણ જીરે, વહાલો બ્રહ્મચારીને વેશ; સુખરૂપે૦ ટેક.
શોભે દંડ કમંડલુ હાથમાં જીરે, માથે શોભે અનુપમ કેશ. સુખ૦ ૧
વલ્કલ પે'ર્યા છે વહાલે અંગમાં જીરે, મૃગછાલા ને માળા હાથ; સુખ૦
શોભે મુનિના સાથમાં જીરે, વહાલો નરનારાયણ નાથ. સુખ૦ ૨
કરે કઠણ તપ શ્રીહરિ જીરે, એક પગે ઉભા નિરાધાર; સુખ૦
તપ ફળ લઇને અરપણ કરે જીરે, તમે લ્યો સહુ નર ને નાર. સુખ૦ ૩
હરિ ભજે ને સૌ સુખીયાં થાઓ જીરે, એમ દે છે સદા આશીર્વાદ; સુખ૦
નરનારી નારાયણને ઓળખો જીરે, પ્રેમાનંદ કે' છે પાડી સાદ. સુખ૦ ૪

પદ ૧૦૧૧ મું

ભૂનો તે ભાર ઉતારવા જીરે, કરવાને સહુના કલ્યાણ; અવિનાશરે; ટેક.
કુરુ જદુના કુળમાં જીરે, બેઉ પ્રગટ્યા તે પરમ સુજાણ. અવિ૦ ૧
નરનારાયણ શ્રીહરિ જીરે, થયા અર્જુન શ્રીકૃષ્ણ સ્વરૂપ; અવિ૦
ધર્યાં ગાંડીવ સારંગ ધનુષ કરમાં જીરે, કીધાં રણ સંગ્રામ અનુપ. અવિ૦ ૨

શંખ ચક્ર ગદા હરિ હાથમાં જીરે, કીધો દૈત્ય દાનવનો સંહાર; અવિ૦
પછી કૌરવ જાદવ બેઉ કુળને જીરે, વહાલે તરત પમાડ્યાં પાર. અવિ૦ ૩
પછી નવરા થઈને નરનાથજી જીરે, આવ્યા અમદાવાદ ને માંહી; અવિ૦
પ્રેમાનંદ કહે સત્ય માનજો જીરે, હું તો સત્ય કહુંછું સમ ખાઈ. અવિ૦ ૪

પદ ૧૦૧૨ મું

અમદાતેવાદમાં આવયા જીરે, વહાલો નરનારાયણ નાથ; મુનિરાયરે; ટેક.
વહાલો સહુ જનને મન ભાવિયાજીરે, વહાલો સંત મંડલ લઈ સાથ;*મુનિ૦ ૧
વહાલો અધમ ઓધારવા આવિયા જીરે, ઉતારવા પતિત ભવપાર; મુનિ૦
વહાલો બદ્રિપતિ પધાર્યાજીરે, વહાલો ભક્તતણા આધાર. મુનિ૦ ૨
વહાલે ગુર્જર તે દેશ પાવન કર્યો જીરે, પાવનકીધું અમદાવાદ શેહેર; મુનિ૦
વહાલો બદ્રિપતિ શ્યામ મલિયો જીરે, આપ ઇચ્છાયે આવ્યા
ચાલી ઘેર. મુનિ૦ ૩
વહાલે અમદાતેવાદમાં આવી જીરે, પ્રગટ કીધું શ્રીબદ્રિધામ; મુનિ૦
જન આવે જોવાને દેશ દેશના જીરે, શોભે પ્રેમાનંદનો શ્યામ. મુનિ૦ ૪

પદ ૧૦૧૩ મું

શીરે વખાણું છબી શ્યામની જીરે, વહાલો શાંત સ્વરૂપ
મુનિભુપ; સુખરૂપરે૦ ટેક.
માથે મુગટ ધર્યો છે જડાવનો જીરે, કાને મકરાકાર અનુપ. સુખ૦ ૧
કેશર તિલક કર્યું છે ભાલમાં જીરે, રુડાં લાગે છે ચંચલ નેણ; સુખ૦
જાણે હસતા આવીને હરિ ભેટશે જીરે, મુખ બોલશે મનહર વેણ. સુખ૦ ૨
ભુજા લાંબી મનોહર શોભતી જીરે, બાંહે બાંધ્યા છે બાજુબંધ; સુખ૦
શંખ ચક્ર ગદા પદ્મ હાથમાં જીરે, ધરી ઉભા છે આનંદકંદ. સુખ૦ ૩
છાતી ઉંચી અનોપમ દીપતી જીરે, કંઠે કૌસ્તુભ મુક્તા હાર; સુખ૦
કરુણાના સાગર કુંવર ધર્મના જીરે, પ્રેમાનંદના પ્રાણ આધાર. સુખ૦ ૪

પદ ૧૦૧૪ મું

ભલે પધાર્યા હરિ ભાવતા જીરે, વહાલો તેજતણા અંબાર; બલિહારરે ટેક.
જરકસી તે જામા ઝળહળે જીરે, ગળે વૈજયંતી અતિ સાર. બલિ૦ ૧

* "શ્યામ" એવો પાઠ પણ છે.

શોભે હેમકડાં બેઉ હાથમાં જીરે, કર પોંચી તે નંગ જડીત; બલિ૦
વેઢ વિંટી શોભે દશે આંગળી જીરે, જોતાં ત્રપત થાતું નથી ચીત. બલિ૦ ૨
કટીમેખલા ને નુપુર પગમાં જીરે, બાજે ઘુઘરડીનો ઘોર; બલિ૦
ઉભા તોડ મરોડમાં ત્રિકમો જીરે, જોયાની લાવણ્યતા જોર. બલિ૦ ૩
વહાલે નરનારીને ઘેલાં કર્યાં જીરે, કાંઈ સુઝે ન ઘરનું કામ; બલિ૦
પ્રેમાનંદ કહે પ્રેમ ઉપનો જીરે, સહુ રટે નારાયણ નામ. બલિ૦ ૪

પદ ૧૦૧૫ મું

પ્રભુ પધાર્યા શેહેરમાં જીરે, નરનારાયણ દેવ; સાક્ષાતરે૦ ટેક.
પુન્યવાળાં તે જન જોવા મળ્યાં જીરે, મતિમંદ ન જાણે ભેવ. સાક્ષા૦ ૧
અમદાવાદ અલૌકીક કીધલું જીરે, કીધો નવો વાસ સુખરૂપ; સાક્ષા૦
હરિ ભક્ત આવી વસ્યા હેતમાં જીરે, જાણે આશ્રમ બદ્રિ અનુપ. સાક્ષા૦ ૨
વાજે ઢોલ નગારાં નોબતો જીરે, થાયે ઓચ્છવ ઠામો ઠામ; સાક્ષા૦
ગાયે ઘોળ મંગલ પુરમાનની જીરે, ફુલી પ્રેમ મગન આઠો જામ. સાક્ષા૦ ૩
ઉંચાં મંદિર અનોપમ ઓરડા જીરે, માંહે મુનિ કરે છે કલોલ; સાક્ષા૦
રટે નરનારાયણ નામને જીરે, પ્રેમાનંદ કહે ઝાકમઝોલ. સાક્ષા૦ ૪

પદ ૧૦૧૬ મું-રાગ ગરબી

અલબેલો અમદાવાદરે, આવ્યા અવિનાશી;
જેનો મહિમા અગમ અગાધરે. આવ્યા૦ ટેક.
મહિમા જેનો કહી સંભળાવું, સાંભળજો નરનારરે;
ગોલોકપતિ કૃષ્ણચંદ્ર છે, અખિલ ભુવન આધાર. આવ્યા૦ ૧
કારણ સૌના તે કે'વાયે, દિવ્ય રૂપ અવતારીરે;
નેતિ નેતિ તેને કે' છે, વેદ પુરાણ વિચારી. આવ્યા૦ ૨
તે પુરુષોત્તમ પ્રગટ થયા બેઉ, નરનારાયણ દેવરે;
પિતા ધર્મ ને માતા મૂર્તિ, વિરલા જાણે ભેવ. આવ્યા૦ ૩
બ્રહ્મચારીને વેશ બિરાજે, બદ્રિઆશ્રમમાંયરે;
નરનારાયણ નામ ઉપર, પ્રેમાનંદ વારી જાય. આવ્યા૦ ૪

પદ ૧૦૧૭ મું

નરનારાયણ તે અનુપરે, પુરણ પુરુષોત્તમ;
થયા કેશવ અર્જુન રૂપરે. પુર૦ ટેક.
કેશવ અર્જુન રૂપ થઇને, જાદવ પાંડવ કા'વ્યારે;
નરનારાયણ જોડ મનોહર, ભકતતણે મન ભાવ્યા. પુર૦ ૧
નારાયણ મથુરા ગોકુલમાં, અવતર્યા સુખદાઈરે;
નર કુંતાની કુખે પ્રગટયા, હસ્તિનાપુરને માંઈ. પુર૦ ૨
નારાયણનાં બાળચરિત્ર, કહી સંભળાવું લગારરે;
સંપુરણ કે'વાને શારદ, શેષ ના પામે પાર. પુર૦ ૩
ગોકુલમાં જાઈ પે'લી પૂતના, ત્રણાવંત બે માર્યારે;
પ્રેમાનંદ કે' શકટ ઢિસ્યો, જમલાર્જુન તાર્યા. પુર૦ ૪

પદ ૧૦૧૮ મું

ગોકુલમાં ગોપ સ્વરુપરે, નટવર નારાયણ;
સુર અસુર ઈશ શિર ભુપરે. નટ૦ ટેક
આપ ઇચ્છાએ બાલ રૂપ ધરી, ગોઠણીયાં પડી ચાલેરે;
એક સમે માતાને મુખમાં, વિશ્વ દેખાડયું વહાલે. નટ૦ ૧
પાંચ વરસના થઈ પરમેશ્વર, કાલિંદીને તીરેરે;
વાછરડાંની કેડે ફરતા, ડોલે ધીરે ધીરે. નટ૦ ૨
વછ વૃષભ બગ વેરી વનમાં, આવ્યા જોઇને બાલરે;
પળમાં પ્રાણ રહિત કરી દીધા, કેશવ કાળના કાળ. નટ૦ ૩
નિત્ય નૌતમ લીલા ગોકુલમાં, કરે શ્રીગોકુલચંદરે;
પ્રેમાનંદ કે' શું કહી દાખું, પાર ન પામે છંદ. નટ૦ ૪

પદ ૧૦૧૯ મું

અવિનાશી થયા આહિરરે, ગિરિધર ગોવાળો;
રમે કાલિંદીને તીરરે. ગિરિ૦ ટેક.
મોર મુગટ ગુંજામણી ભૂખણ, કટી પીતાંબર સોહેરે;
વનમાળી વાંસલડી વાઇને, વ્રજ વિનતાને* મોહે. ગિરિ૦ ૧

---

* "વનિતા" એવો પણ પાઠ છે.

કૌતુક જોઈ કેશવનાં મોટા, બ્રહ્માદિક સુર ઇશરે;
અઘ કેશી ધેનુક પ્રલંબને, મેલ્યા દક્ષિણ દિશ. ગિરિ૦ ૨
ગોપ વાછરુ હર્યાં બ્રહ્માયે, નવા રચ્યાં વનમાળીરે;
દાવાનલનું પાન કરીને, નાથ્યો નાગ તે કાળી. ગિરિ૦ ૩
વાંસલડી વાઈ વન તેડ્યાં,* ગોપી રાસ રમાવ્યારે;
પ્રેમાનંદનો નાથ નારાયણ, કામ વિજયી કા'વ્યા. ગિરિ૦ ૪

પદ ૧૦૨૦ મું

કરે લીલા અગમ અપારરે, પુરણ બ્રહ્મ પોતે;
ઉતારવા ભવ સંસારરે.† પુર૦ ટેક.
નંદ છોડાવ્યા વ્રજવાસીને, દેખાડ્યું વૈકુંઠ ધામરે;
માન ઉતાર્યું મઘવાનું, ધરી કર ગોવરધન શ્યામ. પુર૦ ૧
અગ્યાર વરસ ને બાવન દિન, રહ્યા ગોકુલમાં ગિરિધારીરે;
તે લીલાનો લેશ તે ગાયો, વ્યાસ મુનિ વિચારી. પુર૦ ૨
ગિરિધારી ગોકુલ મેલીને, મોહન મથુરાં આવ્યારે;
ગોપીનાથ મટીને ગોવિંદ, કુબ્જા કાંત કા'વ્યા. પુર૦ ૩
ચાણુર મુષ્ટિક મલ્લ મારીને, કંસના કારજ કીધાંરે;
પ્રેમાનંદને નાથ રાજ્ય લેઈ, ઉગ્રસેનને દીધાં. પુર૦ ૪

પદ ૧૦૨૧ મું

જગજીવન જાદવરાયરે, માધવ મથુરામાં;
જેને વ્યાસ વિરિંચી ગાયેરે. માધ૦ ટેક.
ખબર સાંભળી કંસને માર્યો, જરાસંધ ચઢી આવ્યોરે;
મહા અભિમાની મથુરા ઉપર, એ સંગ્રામ મચાવ્યોરે. માધ૦ ૧
છુટ્યાં સારંગ ધનુષ્યમાંથી, માધવરાયનાં બાણરે;
સેના સરવે નાશ પમાડી, ભાગ્યો લઇને પ્રાણ. માધ૦ ૨
સત્તર વાર વઢ્યા તે સાથે, ભાગ્યા અઢારમી વારરે;
જાઇને વસ્યા પુરી દ્વારિકા, વિશ્વતણો કિરતાર. માધ૦ ૩

---

* "તેડીને" પાઠાન્તર ગવાય છે. † "પારરે" પાઠાન્તર છે.

પટરાણી પરણ્યા કુલવંતિ, આઠ અનોપમ નારરે;
પ્રેમાનંદ કહે લાવ્યા બીજી, એક સો સોળ હજાર. માધ૦ ૪

પદ ૧૦૨૨ મું

એ લીલા પરમ પુનિતરે, નરનારાયણુની;
સાંભળજો સહુ દઈ ચીતરે. નર૦ ટેક.
થોડામાં કહી દાખું નરની, લીલા અતિ નિષ્પાપરે;
જે રીતે નરનારાયણુનો, થયો જ્યાહાં મિલાપ. નર૦ ૧
રચ્યો સ્વયંવર રાજા દ્રુપદ, સહુ રાજાને તેડાવ્યારે;
જાદવ કૌરવ શિશુપાળાદિક, પૃથવિપતિ ત્યાં આવ્યા. નર૦ ૨
પણ લીધું દ્રુપદ રાજાએ, મચ્છ વેધ જે કરશેરે;
દ્રુપદી નામે કન્યા મારી, તે રાજાને વરશે. નર૦ ૩
બ્રહ્મઋષિને રાજઋષિ સૌ, બેઠા સભા ભરાઈરે;
પ્રેમાનંદ કહે નર અર્જુનને, ખોળે કેશવ ભાઈ. નર૦ ૪

પદ ૧૦૨૩ મું

એક દીઠા શ્યામ સ્વરૂપરે, બ્રહ્મચારી વેશે;
અતિ શોભા પરમ અનુપરે. બ્રહ્મ૦ ટેક.
બ્રહ્મ સભામાં બેઠા પાંચે, બ્રહ્મચારીને વેશરે;
વલ્કલ વસન બિરાજે અંગે, માથે સુંદર કેશ. બ્રહ્મ૦ ૧
નજરે જોઇને કરે લક્ષણુ,* કેશવ સભાને વિચેરે;
આ યુધિષ્ઠિર આ તે ભીમને, આ અર્જુન છે નિશ્ચે. બ્રહ્મ૦ ૨
કટી પાતળી છાતી ઉંચી, લાંબી ભુજા વિશાળરે;
મોટાં લોચન ભાલ મનોહર, જાણીયે કેશરી બાળ. બ્રહ્મ૦ ૩
અર્જુન જુએ કૃષ્ણુચંદ્રને, જાદવ સભાને માંયરે;
પ્રેમાનંદ કહે બે ભાઇને, પ્રથમ મેલાવો થાય. બ્રહ્મ૦ ૪

---

* "કહે લક્ષણુ" "કરે નિશ્ચય" એમ પણુ ગાય છે.

પદ ૧૦૨૪ મું

નૃપ બોલ્યા દ્રુપદરાયરે, સાંભળો કહું વાણી;
જે મોટા ભુપતિ કે'વાયરે. સાંભ૦ ટેક.
ભીષ્મ કર્ણ દુર્યોધન જાદવ, શિશુપાળાદિ અપારરે;
તેમાંથી કોઈ થાઓ ઉભા, મચ્છ વિંધવા તિયાર. સાંભ૦ ૧
પણ ખોટું ન થાયે મારું, લાજ ન જાયે તમારીરે;
ધનુર્વિદ્યામાં જે હો પૂરા, ઉઠો સુરત સંભારી. સાંભ૦ ૨
જગમાં સહુ કોઈ કે'શે તમને, થયા છે ઠાલા ભેળારે;
મચ્છવેધ તે થયો ન કોઇથી, મૂવા નપુંસક ખેલા. સાંભ૦ ૩
એમ કહે ભુપતિ કર જોડી, સાંભળે સહુ દઈ કાનરે;
પ્રેમાનંદ કહે એક બીજાને, કરે નેણુની સાન. સાંભ૦ ૪

પદ ૧૦૨૫ મું

નવ ઉઠતા રાજ કોઇરે, મચ્છ વિંધવા સારુ;
રહ્યા એક બીજાને જોઇરે. મચ્છ૦ ટેક.
કહે પરસ્પર એ કેમ થાયે, સાંભળજો સહુ ભાઇરે;
જોતું હેઠું વિંધવું ઉંચું, લાજ ગયાની સગાઈ. મચ્છ૦ ૧
બેઠા સભા ભરાઈ ભુપતિ, લોક જોવા બહુ આવેરે;
હેઠા જોઇને રાજા સરવે, માથા રહ્યા ડોલાવે. મચ્છ૦ ૨
રાજામાંથી કોઈ નવ ઉઠ્યા, એ મચ્છ વિંધવા સારુરે;
દ્રુપદ કહે કોઈ બ્રહ્મઋષિમાં, રાખો પણ તે મારું. મચ્છ૦ ૩
ઉઠ્યા અર્જુન તરુણુ મનોહર, હરિને શિશ નમાવીરે;
પ્રેમાનંદ કહે ધનુષ્ય ગ્રહી કર, કીધા ટંકાર ચઢાવી. મચ્છ૦ ૪

પદ ૧૦૨૬ મું

ઉભા ધનુષ ગ્રહી કર ધીરરે, નર અર્જુન રૂપે;
જુવે મુનિ ભુપ મહા વીરરે. નર૦ ટેક.

કોઈ કહે જે આ શું કરશે, બાલક ખોશે લાજરે;
કોઈ તો કહે જુવો શું થાએ, અકળગતિ મહારાજ. નર૦ ૧
સહુ દેખંતા સાવધાન થઈ, દ્રષ્ટ સુરત એક બાંધીરે;
મછ પ્રતિબિંબ જોઈ કુંડમાં, માર્યું બાણ તે સાંધી. નર૦ ૨
જેજેકાર થયો ત્રિભુવનમાં, ઋષિ રહ્યા હરખાઇરે;
કાળા મુખને માન ભંગ સૌ, રાજા રહ્યા લજ્જાઈ. નર૦ ૩
બ્રહ્મ તેજ વખાણે મુનિવર, હરખ્યા નર ને નારીરે;
પ્રેમાનંદ કહે વરમાળા, પે'રાવે દ્રુપદી પ્યારી.* નર૦ ૪

---

* "દ્રુપદ કુમારી" પાઠાન્તર છે.

"લીલા વર્ણન"

પદ ૧૦૨૭ મું–રાગ "માલકોશ"

મદનરસ છાકે નેનાં છેલ, છાકે નેનાં છેલ જીત્યો અનંગ ખેલ. મદ૦ ટેક.
અરુન કમલદળ લોચન કે બીચ, રેખે રસકી ભરેલ. મદ૦ ૧
ઉર નખરેખ કપોલની પીકલીક, અધર અંજન અલબેલ. મદ૦ ૨
ઉઠત તરંગે અંગપ્રતિ મોહન, અંતર જખ* ફુલેલ. મદ૦ ૩
પ્રેમાનંદ પ્રભુ ભોર મત્તજ્યોં, છાકે ડોલત ગેલ. મદ૦ ૪

પદ ૧૦૨૮ મું

મદનમદ તોર્યો મદનગોપાલ, મદનગોપાલ પિયા નંદલાલ. મદ૦ ટેક.
જીત્યો સુભગ મનોજ શ્યામ આજ, અંબુજ નેન વિશાલ. મદ૦ ૧
શ્રમજલ જુકત શિથિલ તનુ સુંદર, સોહત શ્યામ તમાલ. મદ૦ ૨
ભોરા ભયે આયે મનમોહન, હસત હંસગતિ ચાલ. મદ૦ ૩
પ્રેમાનંદ કહે દેખી નીલાંબર, હસિહે શ્યામ વ્રજબાલ. મદ૦ ૪

પદ ૧૦૨૯ મું

છબીલે નેના સરસ સોહાત, સરસ સોહાત જીય લલચાત. છબી૦ ટેક.
પ્રફુલિત શરદ કમલસમ તાબીચ, રેખેં રસ ચુચવાત. છબી૦ ૧
કુંતલ કુટીલ કમલપર માનો, અલિગણુ ઉપરી ઉડાત. છબી૦ ૨
કુટીલ ભોંહબીચ તિલક રેખ છબી, દેખી મદન લજાત. છબી૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ પિયા છબી, દેખત નાંહિ અઘાત. છબી૦ ૪

પદ ૧૦૩૦ મું

ગહે લાલ ગોપી મીલી દશ પાંચ, મીલી દશ પાચ કહો પિયા સાંચ. ગહે૦ ટેક.
પ્રેમ કથાકી પોથી પ્યારે, કહાં જયું સુનાઈ બાંચ. ગહે૦ ૧
કાન સંગ જાગે કહાં અનુરાગે, કોન† દઈ કછુ લાંચ. ગહે૦ ૨
જૈસી હોય કહો સબ તેસી, જુઠ ન બોલો રાંચ. ગહે૦ ૩
પ્રેમાનંદ કહે શ્યામ આજ સખી, બહુત કરાયો નાંચ. ગહે૦ ૪

---

* "તેલ" "નખ" એમ પણ મૂળમાં વાંચી શકાય છે.
† "કાને" છે કે "કોન" છે કે "કાન" છે તે સ્પષ્ટ નથી.

પદ ૧૦૩૧ મું

બેદરદી મોરે સૈંયારે, મોરે સૈંયારે હું પરી પૈયાંરે. ટેક.
ગોકુલ છોડી ચલે મધુપુરમેં, માનત નૈયાંરે. બેદ૦ ૧
બીનુ દેખે જીવોગી કેસેં, ગોકુલમૈયારે. બેદ૦ ૨
કોઅબ જાય ઉતારે રથસોં, પકરીકે બૈયાંરે. બેદ૦ ૩
પ્રેમાનંદકો નાથ ચલે સબ, રોવતી રૈયાંરે. બેદ૦ ૪

પદ ૧૦૩૨ મું

ગો કુલ છાંડી ગયો ઘનશ્યામ, ગયો ઘનશ્યામ સહિત બલરામ.* ગોકુ૦ ટેક.
જેસેં દેહ પ્રાન બીન સુંનો, તેસે યહ ગોકુલ ગામ. ગોકુ૦ ૧
બિરહ બિથા બ્યાકુલ બ્રજનારી, બાવરી ફીરે આઠોં જામ. ગોકુ૦ ૨
નેંનન નીર ધીર નહિ અંતર, રટત શ્યામ સુખધામ. ગોકુ૦ ૩
પ્રેમાનંદકો નાથ કોન બીધિ, મીલીહે પૂરનકામ. ગોકુ૦ ૪

પદ ૧૦૩૩ મું

દરસ બીન બ્યાકુલ મોરે નેન, ભયે મોરે નેન પરત નાહીં ચેંન. દરસ૦ ટેક.
અંજનહીન મલીન દોઉ કર,† સજલ રહત દિન રેંન. દરસ૦ ૧
ચીતવત પંથ પલક બીન એક ટક, સુખેં ‡મુખતેં બેંન. દરસ૦ ૨
જબતેં શ્યામ સીધારે તબતેં, બિરહ લગો દુઃખ દેન. દરસ૦ ૩
પ્રેમાનંદ પ્રભુ બિસરત નાહીં, કમલનેંનકી સેંન. દરસ૦ ૪

પદ ૧૦૩૪ મું

દરસબીન પલ છીન જુગસમ જાય, જુગસમ જાય નેનાં અકુલાય. દરસ૦ ટેક.
ખાન પાન તજી ભ્રમત કુંજમેં, ટેરત કૃષ્ણબોલાય. દરસ૦ ૧
છીન બંસિબટ છીન જમુનાતટ, ઘર અંગના ન સોહાય. દરસ૦ ૨
બોલત મોર કોકિલા તબહિ, શ્રવન§ સુનત ઉઠી ધાય. દરસ૦ ૩
પ્રેમાનંદ બ્રજનાથ દરસબીન, બ્રજ બની ‖અતિ બિલખાય. દરસ૦ ૪

---

* "બલિરામ" પણ ગાય છે. † "સુર" પાઠાન્તર છે. ‡ "સુખેં" એટલે સૂકાયા. મુખમાંથી વાણી સુકાઈ ગઈ કહેતાં ઉડી ગઈ. § "શ્રવન" ને બદલે "શબ્દ" એવો પાઠ પણ છે. ‖ "બની" વનિતા.

પદ ૧૦૩૫ મું–રાગ માલકોશ. તાલ સુલફાકી.

આવન કહ ગયે ક્યોં નહિં આયે લાલ, કહાં અનુરાગે આજ
સગરી રેન. આવ૦ ટેક.
કહાં જાય રનધીર જીત્યો રતિનાયક, શિથિલ શ્રમિત અંગ રાતે નૈન. આવ૦ ૧
અધ ની અંજન પિકલીક સો હે ગાલ, ઉર નખ રેખા લાલ તોતરાત બૈન;
પ્રેમાનંદ કે' પિયા થરથર હોત હિયા, સકુચ ન માનો જીયા કરો
લાલ સુખચૈન. આવ૦ ૨

પદ ૧૦૩૬ મું

ભલે તુમ આયે મેરે મન ભાયે લાલ, તુમ કારન મેંતો સબ નિશ જાગી. ભલે૦ ટેક.
કુસુમકી સેજ સંવારીકે સુંદર, ચીતવતિ પંથ પલકઉ ન જાગી.* ભલે૦ ૧
દૈકેં કાલ અવધી કહી આવન, તાકારન હુંતો અતિ અનુરાગી;
પ્રેમાનંદ કહે પિયા તુમકું ન કછું લાજ, કહો મહારાજ શ્યામ સોહાગી. ભલે૦ ૨

પદ ૧૦૩૭ મું

મોહન પ્યારે તુમ બીના મેરો મન, રહી ન સકત પિયા પલ એક ન્યારે. મોહ૦ ટેક.
આવો જું પ્રિતમપ્રાન જીવનપિયા,† કરી રાખું મોરે નેનકે તારે. મોહ૦ ૧
હુંતો તિહારે ચરનકી દાસી, તુમહો પ્રીતમ પ્રાન હમારે;
પ્રેમાનંદ કહે પિયા તુમપર વારું, તન મન ધન પ્રાન નંદદુલારે. મોહ૦ ૨

પદ ૧૦૩૮ મું

નટવરનાગર સુખસાગર પિયા, મેરે મન માને મીત‡ ગીરધરલાલ. નટ૦ ટેક.
કહાં રતિપતિ સાથ કીયો સંગ્રામ નાથ, આયેહો લલિત ચાલ
રૂપ રસાલ. નટ૦ ૧
અવલોકનીમેં અમી બરસત પિયા, મુસકનીમેં મન હરત ગોપાલ;
પ્રેમાનંદ કહે પ્યારે અંગ અંગ રંગ છાયો, સોહત રસિક તરુ તરુન
તમાલ. નટ૦ ૨

---

* પલક વગર જાગીને. † "આવોજું પ્રિતમ પ્રાણજીવનપિયા" એમ વાંચી શકાય છે. ‡ મિત્ર.

પદ ૧૦૩૯ મું–રાગ સોહની

*બંદ્રાબનમેં બજાઈ કહાને બાંસુરી, બંદ્રા૦ ટેક.
શ્રવન સુનત મોયે સુખ ન રહી કછુ, છેદ કરેજા બેંધી† પાંસરી,
એરી બેંધી પાંસરી. બંદ્રા૦ ૧
બિરહ બીથામેં બ્યાકુલ ભાઈ હું, બહત અખંડ દ્રગ આંસુરી
એરી દ્રગ આંસુરી. બંદ્રા૦ ૨
કૈસી કરું મોયે કલ ન પરે અબ, નિકસત નાહિં પાપી સાંસુરી
એરી પાપી સાંસુરી. બંદ્રા૦ ૩
પ્રેમાનંદ કહે સુભગ સાંવરે, ડારી પ્રેમ ગલે ફાંસુરી,
એરી ગલે ફાંસુરી. બંદ્રા૦ ૪

પદ ૧૦૪૦ મું

હો મોરી સૈયાં લીના મન સાંવરેને, હો મોહી૦ ટેક.
શ્યામ સુંદર બ્રજરાજ લાડીલે, વહસોં બજાઇ વો ઉતાવરેને હાંરે
હો ઉતાવરેને. હો૦ ૧
મોહની તાન બજાયકેં સોહની, ગાઈ છબીલે છેલે રાવરેને હાંરે
છેલે રાવરેને. હો૦ ૨
જુગ સમ રજની ભઈ મોરી સજની, પરવસ કીની કહાન
બાવરેને હાંરે કહાન બાવરેને. હો૦ ૩
પ્રેમાનંદ કહે બંસી બજાયકે, સુધ હર લીની નંદ દાવરેને હાંરે
નંદ દાવરેને. હો૦ ૪

પદ ૧૦૪૧ મું

એરી મોરી લાગી સુરત નંદલાલસોં, એરી૦ ટેક.
જબતેં શ્રવન સુની મધુરી ધુની, જીય બસ ભયો બ્રજ ગ્વાલ સોં
એરી બ્રજ ગ્વાલસોં. એરી૦ ૧
સે મન દૂત મીલ્યો અંતરગત, રસબસ રૂપ રસાલ સોં
યે રસાલસોં. એરી૦ ૨

---

* "બિંદાબનમેં બજાઈ કહાન બાંસુરી" તથા "બૃંદાબનમેં બજાઈ કાંને બાંસુરી" એમ પણ પાઠાન્તર છે. † વિંધી.

અટકયો જાય લોભાય લાલસોં, હટકયો મન ગજ લાલસોં*
એરી ગજ લાલસોં એરી૦ ૩
પ્રેમાનંદકે નાથસોં ભીંજી, રિઝી તરુન તમાલસોં એરીએ તમાલસોં. એરી૦ ૪

પદ ૧૦૪૨ મું

એરી બ્રજચંદા ગોબિંદા બીનું બાવરી; એરી૦ ટેક.
બીનું દેખે મોહે કલ ન પરે અબ, બસ ગઈ જીય છબી સાંવરી, એરી
છબી સાંવરી. બ્ર૦ ૧
રહી ન શકું કેશવ બીનું દેખેં, પર ગયો યેહિ સ્વભાવરી, એરી
સ્વભાવરી. બ્ર૦ ૨
જબ દેખું નંદલાલ નેંન ભરી, આનંદ ઉર ન સમાવરી, એરી
ન સમાવરી. બ્ર૦ ૩
પ્રેમાનંદ કહે પ્રાનનાથપર, તન મન કરત નોછાવરી, એરી
એ નોછાવરી. બ્ર૦ ૪

પદ ૧૦૪૩ મું-રાગ સોહની

રાસયાજી ઓલું થારી આવે રાજ, થાંકા બીના મદનડો
સતાવે રાજ; રસિ૦ ટેક.
બ્યાકુલ ફરાંછાં માને કાંઇએ ન સુઝે, બિરહ અગનિ તન
તાવે રાજ. રસિ૦ ૧
અટકી રયો છે મન થારાં ચરનાં પર, ઓર માંને કાંઈ ન
સોહાવે રાજ. રસિ૦ ૨
રાત દિવસ થારી વાટ જોવાંછાં, તલખી તલખી જીવ
જાવે રાજ. રસિ૦ ૩
પ્રેમસખી થાંને બિનતિ કરે છે, કરજોરીકે સમુજાવે રાજ. રસિ૦ ૪

પદ ૧૦૪૪ મું

સાંવરાજી વદન દેખાવો રાજ, માંને અબલાને કાંઈ
તરસાવો રાજ; સાંવ૦ ટેક.

---

* "વ્રજલાલસોં" એવો પાઠ પણ છે.

સુખરો સદન થારો બદન બિહારીજી, મારા તનડારા તાપ
સમાવો રાજ. સાંવ૦ ૧
નેણું તો થારાં પ્યારાં અમીરસ ભરીયાં, અમૃતરા મેઉલા
વરસાવો રાજ. સાંવ૦ ૨
હું થાંકી દાસી વારી બીના મોલરી, મારા અવગુણ દૂર
ગમાવો રાજ. સાંવ૦ ૩
પ્રેમસખી થાંને અરજ કરે છે, અધુર અમૃત બેગા પાવો રાજ. સાંવ૦ ૪

પદ ૧૦૪૫ મું–રાગ સોહની

નજરાંરા મેલા દીજોરે, નજ૦ ઇતની અરજ માની લીજોરે; નજ૦ ટેક.
સાંવરા ગુમાની થાંને અરજ કરાંછાં રાજા, રસિયાજી માંપર રીઝોરે. નજ૦ ૧
હું થારી દાસી થારે હાથ બેકાંની, થાંને ગમે જ્યું કીજોરે. નજ૦ ૨
એક વાર માને બદન દેખાવો, રસિયાજી રીઝો કે ખીજોરે. નજ૦ ૩
પ્રેમસખી કહે તપત બુજાવો, પાઈ ને અધુર રસ પીજોરે. નજ૦ ૪

પદ ૧૦૪૬ મું

થારાં નજરાંને ઘેલી કીધી, થારાં૦ હરિ સાંવરાજી સુધ હરી લીધી; થારાં૦ ટેક.
બાવરી ફરુંછું મારો વસ નહિ જીવડો, લોક કહેછે લીલી પીધી. થારાં૦ ૧
ચૌદ લોક સુખ ચાહ ગઈ છે, આસ તજી છે રિધિ સિધિ. થારાં૦ ૨
મગન હોઈ થારી લાર ફરુંછું, લોક લાજ તજી દીધી. થારાં૦ ૩
પ્રેમસખી કે' થાંને અબ નહિં છોડું, જયું કૃપણકે ધર નિધિ. થારાં૦ ૪

પદ ૧૦૪૭ મું

નજરાંરા નેડા લાગોરે, નજ૦ જનમ મરણરો ભય ભાગોરે; નજ૦ ટેક.
થારાં તો નેણાં છેલા નવ રસ ભરિયાં, નિરખી મગન મન
અનુરાગોરે. નજ૦ ૧
લોક લાજ સંસારકો નાતો, તોડ દિયોછે જેસોં ધાગોરે. નજ૦ ૨
નેડા લાગો છે નાથ અબ નહિ છૂટે, જ્યું સોના સંગ સોહાગોરે. નજ૦ ૩
પ્રેમસખી થારાં નજરાં આગલ, અખંડ રહે એ વર માંગોરે. નજ૦ ૪

પદ ૧૦૪૮ મું

લટકાલા લાલ બિહારીરે, લટકાલા૦ થારાં લટકાપર જાઉં વારીરે. લટ૦ ટેક.

લટકા તમારા છેલા લાગી ગયા છે, કીધી માંને જગથી ન્યારીરે. લટ૦ ૧
લટકારે સાટે લોક લાજ તજીને, મેલ્યો છે શિશ ઉતારીરે. લટ૦ ૨
લટકા સહિત થાંને લાલ વરીછાં, મન ક્રમ વચને મોરારીરે. લટ૦ ૩
પ્રેમસખી કે' સુખ સંપત છે, હસની બોલની ચલની થારીરે. લટ૦ ૪

પદ ૧૦૪૯ મું–રાગ સોહની

રેન કહાં જાગે હો બાલમ રેન કહાં જાગે;
શોભીત છબી અનુરાગે હો બાલમ રેન કહાં જાગે; ટેક.
કોન તમાસેમેં જાગે મનમોહન, રસ ભર કોન ગલે લાગે. હો બા૦ ૧
અટપટી પાઘ અરુન દોઉ લોચન, અધરન પીકલીક દાગે. હો બા૦ ૨
કહાં જાયે તુઠે કોન તુમે લૂટે, સોતો સુખ પ્રેમસખી માંગે. હો બા૦ ૩

પદ ૧૦૫૦ મું

મેરે મન માને હો મોહન મેરે મન માને,
ભલે મેરે આયે સકુચાંને, હો મોહન મેરે મન માને; ટેક.
કામકે કોલ ભરે નેનનમેં, બોલત બેન અયાને. હો મો૦ ૧
કોન ચતુર નાર તુમે બસ કીને, રેનભર રહી લપટાને. હો મો૦ ૨
સાચી કહો પિયા કહાં રેન જાગે, પ્રેમસખી પુછત છાને. હો મો૦ ૩

પદ ૧૦૫૧ મું–રાગ સોહની

જીવન તુમ સુધ કયું ન જાઓ બાલમ મોરે,
હમસું નાહક રાર બઢાઓ; જીવ૦ ટેક.
વાટ ઘાટ જયાં મીલત મનોહર, જયું બોલો જયું ચાઓ. જીવ૦ ૧
મારગ રોકી રહે મનમોહન, યેહી લછન ગારી ખાઓ. જીવ૦ ૨
જો તુમ ભયે ગોકુલકે રાજા, તો કાહેકું ધેન ચરાઓ. જીવ૦ ૩
પ્રેમસખી નીકે તુમ સીખે, નંદ જસોદા કયું લજાઓ. જીવ૦ ૪

પદ ૧૦૫૨ મું

મુરકી ગઈ બૈયાં મોરીરે મોહન કહાના, નાજુક ચુરીયાં ફોરીરે; મુર૦ ટેક.
નિપટ ઝપટ મોરી અંગીયાં ફારી, મોતીન માલા તોરીરે. મુર૦ ૧
કુચમર્દન પરિરંભણુ નખક્ષત, ઝટક પટકકે રોરીરે. મુર૦ ૨

ઘુંઘટ પટ ખોલકે ઘૂરત, મુખ ચુંબન લે છોરીરે. મુર૦ ૩
પ્રેમસખી રસિકકી બતિયાં, વિષયીકો સોમલ ગોરીરે. મુર૦ ૪

પદ ૧૦૫૩ મું

મીજાજીડાસોં કહીયો કોઈ જાયે, ગુમાનીડાસોં કહીયો કોઈ
જાયે સંદેશા મોરા
જીવન કહાં તુમ રહે બિલમાયે; મીજા૦ ટેક.
જબતેં હમસોં વિછુરે મોહન, તબતેં કછુ ન સોહાયે. મીજા૦ ૧
મેરે પ્રાણુ જીવાવન પ્રિતમ, તુમ બીના કોન સહાયે. મીજા૦ ૨
તુમ બીના મદન વ્યાધી નિશી ઘેરકે, તાડત ધનુસ ચઢાયે. મીજા૦ ૩
પ્રેમસખી પિયા બિરહ સિંધસેં, તુમહિં છોડાવો ધાયે. મીજા૦ ૪

પદ ૧૦૫૪ મું–રાગ સોહની

બેરન બાજીવો મા બેરન બાંસરી, નાગનીસી ડસી ભઈ રાજીવો મા; બેરન૦ ટેક.
શ્રવનનિ હોયે ડસ્યો મન મેરો, બેરન ખીજકે ગાજીવો મા બેરન૦ ૧
સાંવરી લહર ચઢી તન મેરે, ઘુમત નેક ન લાજીવો મા બેરન૦ ૨
પ્રેમસખી સ્યામ ગતી મેરી, જીવત સબહી તાજીવો મા બેરન૦ ૩

પદ ૧૦૫૫ મું

બેરપરી હો મેરે બેરન બાંસરી, બાજત બિરહ ભરી; હો મેરે૦ ટેક.
કહા રી કરું મોહે કલ ન પરે અબ, ખટકત સુલ સરી. હો મેરે૦ ૧
જબતેં અધર ધારી મનમોહન, તબતેં હોત ખરી. હો મેરે૦ ૨
પ્રેમસખી પિયા બિરહસિંધુમેં, બીતત કઠીન ઘરી. હો મેરે૦ ૩

પદ ૧૦૫૬ મું

જમુનાકે તીર ફેર બજાઈ, અજબ બજાઈ બલબીર; જમુ૦ ટેક.
ખગ મૃગ તૃણુ તજી એક ટક ઠાડે, માનું મુનિ મન ધરી ધીર. જમુ૦ ૧
ચિત ધરી સુનત થકીત યમુના જલ, બહત ન મલય સમીર. જમુ૦ ૨
પ્રેમસખી ધુની સુની સબ બ્રજબની, સુધ ન રહીહે શરીર. જમુ૦ ૩

પદ ૧૦૫૭ મું–રાગ સોહની

માનની માન ભરી, માનત નાહીં મોરારી; માન૦ ટેક.
જોરી પાની શિર અરપી ચરનમેં, કર કર વિનય હુ હારી. માન૦ ૧

બુદ્ધિ ઉપાય ચાતુરી બહુ બીધી, કીની લાખ હજારી;
પ્રેમાનંદ પ્રભુ એક ન માની, લીની કઠીન હઠ ભારી. માન૦ ૨

પદ ૧૦૫૮ મું

લાલન લાખ કહી, મેરી ન એક ગહી; લાલ૦ ટેક.
જ્યું જ્યું સીખ દેત ગઈ ત્યું ત્યું, બુંદતઇકી ભઈ. લાલ૦ ૧
રીસ ભરી ભોંહ સજલ દગ સુંદર, કરત બિલાપ રઈ;
પ્રેમાનંદ પ્રભુ આપ મનાવો, હસીકર કોલ દઈ. લાલ૦ ૨

પદ ૧૦૫૯ મું

આપન જાયકે, લાલન લીજીયે મનાય; આપ૦ ટેક.
હું તો કોટી જતન કર હારી, પ્યારીકે લાગત પાય. આપ૦ ૧
રસિક લાલ કહી રસકી બતિયાં, દીજે રસ ઉપજાય;
પ્રેમાનંદ પ્રભુ દરસ પરસ દે, લીજે કંઠ લગાય. આપ૦ ૨

પદ ૧૦૬૦ મું

માધવ માન હનો લાલન, ચાલીયે જરુર; માધ૦ ટેક.
બદન સરોજ દેખાયકે સુંદર, દુઃખ સબ કીજીયે દૂર. માધ૦ ૧
મોહન જાય માનગઢ તોરી, લીજે લગાયકે ઉર;
પ્રેમાનંદ પ્રભુ પ્રીતસું પીજે, અધર સુધા ભરપૂર. માધ૦ ૨

પદ ૧૦૬૧ મું-રાગ સોહની

અંખીયાં રૂપ લોભાની રસિયાવરકે; અંખી૦ ટેક.
ધરમકુંવર સુંદર વર છેલો, નિરખી નિરખી હરખાની. અંખી૦ ૧
ભાલ વિશાળ ભોંહે ભવમોચની, લોચન રૂપનિધાની. અંખી૦ ૨
વામ શ્રવણુબીચ શ્યામ બિંદુ લખી, ભઇ હે સકલ દુઃખહાની. અંખી૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ બદનપર, કોટીકામ કુરબાની. અંખી૦ ૪

પદ ૧૦૬૨ મું

અંખીયાં અટકી રહી લખી છબી નટકી; અંખી૦ ટેક.
શોભાસાગર નટવરનાગર, નિરખી થકીત ભઈ. અંખી૦ ૧
ચિતવનીમે મેરો મન વશ કીનો, મુસકની મોહે લઈ. અંખી૦ ૨

ધરમકિશોર મનોહર મોહન, નીત છબી અંગ નઈ. અંખી૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ લટકપર, બારબાર બલ ગઈ. અંખી૦ ૪

પદ ૧૦૬૩ મું

મોપેં ડારી મોહની ઇન મોહનાને. મોપેં૦ ટેક.
મધુરે સ્વર અલાપકેં મોહન, સુંદર ગાઈ સોહની. મોપેં૦ ૧
શ્રવન સુનત મોરી સુધબુધ વિસરી, ભૂલ ગઈ દોહની. મોપેં૦ ૨
મન વશકરની મોહની મૂરત, જાદુગારી જોહની. મોપેં૦ ૩
પ્રેમાનંદ કહે બીસરત નાહીં, મૂરતી મન ઠોહની. મોપેં૦ ૪

પદ ૧૦૬૪ મું

નેના નેહભરે રી મન મોહનકેં. નેના૦ ટેક.
નેહ સહિત અવિલોકત કેશવ, દુઃખ સંતાપ હરે રી નેના૦ ૧
કરુના રસ બરસત નીજ જનપર, માનું ઇંદુ અમૃત ઝરે રી નેના૦ ૨
અંગ અંગ આનંદ રસ ઉપજત, જબ હરિ કરુના કરે રી નેના૦ ૩
પ્રેમાનંદ પુલકી ઘનસ્યામકે, પુનિ પુનિ ચરન પરે રી નેના૦ ૪

પદ ૧૦૬૫ મું-રાગ સોહની

માન ન કીજે પ્યારી, રસિક લાલ ગિરધારી બિહારીસું; માન૦ ટેક.
જેહી લાલકે કારન સજની, બિલખતી સોચતી ભારી. બિહા૦ ૧
જાકો મુખ દેખન નીત હેરતી, ચઢી ચઢી ગોખ અટારી. બિહા૦ ૨
રાખતી હરિ ઉર કુસુમ હાર જ્યું, હોત ન ક્ષણું એક ન્યારી. બિહા૦ ૩
પ્રેમાનંદ કે' નાથસું મીલીએ, માન રીપુકું મારી. બિહા૦ ૪

પદ ૧૦૬૬ મું

મેરી માનની માન માન;
કછુ સમજ સાનમેં સયાન, સલોની* માનની માન માન; મેરી૦ ટેક.
તરનીતનયા તીર કદમ તરે, ઠાડે કૃપાનિધાન સલોની માન૦ ૧
સુન શ્રવને હરિ બંસી બજાવત, ગાવત મધુરીસી તાન સલોની માન૦ ૨
રાધે રાધે રટત બંસીમેં, ત્રિભુવનપતિ ભગવાન સલોની માન૦ ૩
પ્રેમાનંદ કહે ઘનસ્યામ નામપર, કર તન મન કુરબાન સલોની માન૦ ૪

* "સલુણી" પાઠાન્તર છે.

પદ ૧૦૬૭ મું

મોરે લાગતી પૈયાં પૈયાં;
કરી કરી બહુત બલૈયાં, સખી મોરે લાગતી પૈયાં પૈયાં; મોરે૦ ટેક.
દોરીદોરી આવતી મોહે મનાવતી, કહા હું તેરી ચેરી ભૈયાં.* સખી૦ ૧
તોહી પઠાવત વે કયું ન આવત, ઉનકે પાયન મેંદી દૈયાં.† સખી૦ ૨
જા તું દાસી અપને ભુવનકું, સો બાતકી એક કૈયાં. સખી૦ ૩
પ્રેમાનંદ કહે સુની પ્યારીકે વચન બાન, લલિતા સ્યામપે ગૈયાં. સખી૦ ૪

પદ ૧૦૬૮ મું

પ્યારી માનતી નાંઈ નાંઈ;
બહુત ભાંતી સમુજાઈ, માનની માનતી નાંઈ નાંઈ; પ્યારી૦ ટેક.
મેંતો મેરો પ્રાક્રમ કરી હારી, શ્યામ તુમારી દુહાઈ. માન૦ ૧
એકકી દો ભઈ નાંહી માનની, કીને કોટી ઉપાઈ. માન૦ ૨
લાલન આપન ચલીએ મીલીએ, લીજે કંઠ લગાઈ. માન૦ ૩
પ્રેમાનંદકે પ્રભુ તુમહીં યાકી, જીવન મૂરી સુખદાઈ. માન૦ ૪

પદ ૧૦૬૯ મું-રાગ સોહની ધ્રુપદ ચોતાલ

એરી તોહે બેર બેર કહત સકુચૈયે રી જીય પ્યારી,
તુતો હઠીલી હઠ છોડબેકી નાઈ; તોહે૦ ટેક.
એસો કહા તેરો હઠ મનાયો ન માને સઠ,
સોનેકી કટારી તો કહા મારીયે પેટમાઈ. તોહે૦ ૧
આનહીંકું દેત સીખ આપ ખેંચ બેઠી લીક,
ઓરકી બુઝાવે કહા જર તેર માઈ;‡
પ્રેમાનંદ કે' સયાન નેક મેરી માન માન,
પિયા જીવનપ્રાનકું તું કંઠ લે લગાઈ. તોહે૦ ૨

---

* શું હું ત્હારી દાસી થઈ છું; એવા અર્થમાં. † એને પગે શું મેંદી મુકેલી છે, એવો અર્થ છે. ‡ "જરે તેરે માઈ" એવો કંઇક પાઠ હોવો જોઇએ. આપેલ પાઠનો અર્થ સ્પષ્ટ થતો નથી. બીજાનું હોલવવાથી શું થવાનું છે તુંતો તેલમાં બળી રહી છે, અથવા ત્હારા અંતરમાં તો સળગી રહેલું છે. એવો અર્થ ભાસે છે.

પદ ૧૦૭૦ મું

એરી મોહે બેર બેર આવતહે અતહિ અચંબો ઉર,
પિયાસું રીસાય બેઠી* એસી કોન ત્રિયા. મોહે૦ ટેક.
કેસો વાકો નેમ પ્રેમ કેસો પાતિવ્રત ધર્મ,
જીવત હૈ કેસેં પિયાપ્રાનબીન પ્રિયાં. મોહે૦ ૧
નારીકો હે સેવા ધર્મ એસો નાહી જાને મર્મ,
કુલકું લગાવે કર્મ એસી હીન ક્રીયા;
રીસકું સમાવે ઘનસ્યામકું રીઝાવે પ્યારી,
પ્રેમાનંદ સોઈ પ્રિયા કંઠકી દુલિયા.† મોહે૦ ૨

પદ ૧૦૭૧ મું–રાગ પરજ હોરી

એક દો તીન મીલી, ચાર પાંચો ભઈ, છઠી અરુ સાતમી દોરી આઈ; એક૦ ટેક.
આઠ નવ દશ મીલી, કુંજમેં લે ચલી, કમલ લોચન બ્રજચંદ બોલાઈ. એક૦ ૧
મીલી એકાદશી, અંકભર બારવી, તેરે ચૌદે ભઈ પંદરવાઈ;
સોર સત્તર અઠાર ઉન્નીસ મીલી, પ્રીતસું પ્રેમાનંદ વીસ ગાઈ. એક૦ ૨

પદ ૧૦૭૨ મું

કુંજમેં કરત રસ કેલિ વ્રજનારી સંગ, મદનમોહન નંદલાલ પ્યારે; કુંજ૦ ટેક.
કંઠ ભુજ મેલી કરી પરસ કુચ સરસ, હરિ દેત અધરામૃત કૃષ્ણ કારે. કુંજ૦ ૧
મદન મદહરન‡ કરી રાસ લલના સંગ, રાખ્યો બ્રહ્મચર્જ
દૃઢ નંદદુલારે;
એસેં નિષ્કામ ઘનસ્યામકે નાંવ પર, પુલકી પ્રેમાનંદ પ્રાન વારે. કુંજ૦ ૨

પદ ૧૦૭૩ મું–રાગ પરજ

શોભાત સહજાનંદ દેખો આજ શોભાત સહજાનંદ. દેખો૦ ટેક.
પ્રફુલ્લીત બદન બેઠે કનકાસન, કરુનાનિધિ સુખકંદ. દેખો૦ ૧
પ્રથમ અરગજ્યા લેપન કીને, મલય સહિત સુગંદ;
ઉર સોહત કરપુરકી માળા, કુંડળ અરુ બાજુબંદ. દેખો૦ ૨

---

* "બેસે" પાઠાન્તર. † "પ્રેમાનંદ કહે સોઈ પીયા કંઠકી દુલિયા અથવા દુલહૈયા" પાઠાન્તર. ‡ "મદ હર્યો કરી રાસ લલના સંગ" પાઠાન્તર.

ફેંટા ગુલાબી તોરા સોહે, નટવર ત્રિભુવનવંદ;
લલિત ચરન કર કંકન શોભીત, કહા બરનું મતિમંદ. દેખો૦ ૩
અંગોઅંગ ચંદનકી શોભા, માનુ કીરન ઈંદ;
ઉડગન પરમહંસ મીલી નિરખત, નિમીષ નિવારી પલદ્વંદ. દેખો૦ ૪
મંગલ ગાવત કરત આરતી, સુર બરખત આનંદ;
પ્રેમાનંદ લખી શોભા ઉર, પુરન ગોકુલ ચંદ. દેખો૦ ૫

પદ ૧૦૭૪ મું–રાગ પરજ

એરી મોહે લૂટી ઇન મોહન ચોરવાને; એરી૦ ટેક.
દધી મેરા ખાય મટુકી મેરી ફોરી, નટવર નિર્લજ નિઠોરવાને. એરી૦ ૧
નિપટ ઝપટકે હાથ હીયે ડાર્યો, મોતીન માળા મોરી તોરવાને. એરી૦ ૨
ઐયાં મરોરી મોરી ચુરીયાં ફોરી, ભુજકો બાજુબંધ છોરવાને. એરી૦ ૩
પ્રેમાનંદકે પ્યારે મન હર લીનો, ચંચલ નેન ચકોરવાને. એરી૦ ૪

પદ ૧૦૭૫ મું

એરી મેંતો ના જાઉં અબ દધી બેચવા; એરી૦ ટેક.
ઇત ગોકુલ ઉત મથુરા નગરી, બિચહી પરાવે નીત ચેંચવા. એરી૦ ૧
નંદ મહરકો કુંવર સાંવરો, નિપટ નિર્લજ બડા નેંચવા. એરી૦ ૨
આઈ અચાનક હાથ હીયે ડારત, ઉરકો અંચરવા મેરો એંચવા. એરી૦ ૩
પ્રેમાનંદ બ્રહ્માદિક સુર મુનિ, કોઉ ન જાને યાકે પેંચવા. એરી૦ ૪

પદ ૧૦૭૬ મું

એરીવા મેં સાંવરે રૂપ લોભાની; એરી૦ ટેક.
શ્યામ સુંદરકી સાંવરી સુરત, મોહનિ મૂરત મનમાની. એરી૦ ૧
મનમાની છબી શ્યામ સુંદરકી, સાંવલડે હાથ બેકાની. એરી૦ ૨
તરુન કિશોર મનોહર મુખપર, ઉઠત રેખું નાની નાની. એરી૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ છબીપર, કોટી કામ કુરબાની. એરી૦ ૪

પદ ૧૦૭૭ મું

એરી બસી ગઈ મોરે જીયે છબી સાંવરી; એરી૦ ટેક.
બાંસુરી બજાયે પરજ મીઠી ગાયકે, કર દીની મોયે બાવરી. એરી૦ ૧
કટી પટપીત અધર ધરી મોરલી, મધુરીસી તાન સુનાવરી. એરી૦ ૨

ઉર બનમાલ રુમાલ હાથમેં, ચલતહેં ચાલ ઉતાવરી. એરી૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ મૂરતિ, બીનુ દેખેં દ્રગ ભરી આવરી. એરી૦ ૪

પદ ૧૦૭૮ મું–રાગ પરજ

મારો મારગ મેલોને રસિયારે, રંગ છેલ છબિલા; રંગછે૦ ટેક.
અમે જમુના જળ ભરવારે જૈયે, શીદને આવોછો ધસીયારે. રંગછે૦ ૧
સરખી સૈયરને જોઇને જીવન, મીઠડા બોલા મન હસીયારે. રંગછે૦ ૨
અલબેલા શીદ આળ કરો છો, ગિરિધર ગોકુલ સસીયારે. રંગછે૦ ૩
બહુનામી બાજો મારે અમને, પ્રેમાનંદ ઉર વસીયારે. રંગછે૦ ૪

પદ ૧૦૭૯ મું

તમે કહાન કુંવર કેશરિયારે, દાણ શ્યાના માંગો છો; દાણ૦ ટેક.
સમજી વિચારીને શ્યામ મનોહર, વેતાં રોકો નટવરિયારે. દાણ૦ ૧
કે–દીના* દાણી છો મોહનજી, કીયારે ગામના ઠાકરિયારે. દાણ૦ ૨
કંસ રાયના રાજમાં કહાના, ફેલ ન કરીએ ડોલરિયારે. દાણ૦ ૩
પ્રેમાનંદના નાથ હલકાઈ, નવ શીખો દીલ દરિયારે. દાણ૦ ૪

પદ ૧૦૮૦ મું

મારો પાલવડો પાતળિયારે, મેલોને માણીગર;
છેટે રેજ્યો છેલ છબીલા તમે, ધુતારા હવે કળિયારે. મેલો૦ ૧
પરનારીને વશ કરવા તમે, વેણુ વાઓછો છળિયારે. મેલો૦ ૨
મતલબના ગરજી છો મોહન, હેતે હરિવર હળિયારે. મેલો૦ ૩
પ્રેમાનંદ કે' વ્રજનારીપર, આજ અઢલક ઢળિયારે. મેલો૦ ૪

પદ ૧૦૮૧ મું

કેશવ કહુંછું ક્યારનીરે, કેડો મેલો કાનુડા;
આવી અચાનક તોડી મારી માળા, લાખ હજારનીરે. કેડો૦ ૧
કંસને જઇને કહીશ ત્યારે, ચિંતા થાશે ઘરબારનીરે. કેડો૦ ૨
નિર્લજ નવરા થઇને ડોલો, લાજ તજી સંસારનીરે. કેડો૦ ૩
પ્રેમાનંદના નાથજી માનો, કહીએ વાત વિચારનીરે. કેડો૦ ૪

---

* "કેદ્દી" કેટલાક દિવસના.

પદ ૧૦૮૨ મું–રાગ પરજ દેશી

છેલ જોઇરે રંગછેલ જોઈ;
મારા લોચનીયાં લોભાણારે, રંગછેલ જોઈ. મારા૦ ટેક.
નટવરનાગર વહાલોરે શોભાસાગર, ડોલરિયોરે અલબેલ કોઈ. મારા૦ ૧
જમુનાની તીરે ઉભો વેણુ વજાડે, નેણુંને ચાળે ચીત લીધું પ્રોઈ. મારા૦ ૨
મીઠડા બોલોરે મરમાળો મોહન, કામણગારાંરે એના નેણાં દોઈ. મારા૦ ૩
નંદકુંવર ઘનસ્યામ છબીપર, પ્રેમાનંદ કુરબાન હોઈ. મારા૦ ૪

પદ ૧૦૮૩ મું

મરમાળોરે મોરલીવાળો, મને વહાલોરે લાગે મોહન વર મરમાળો; ટેક.
કહાનકેશરીઆને રંગડાનો ભરીઓ, મરમ ભર્યોરે નેણુંનો ચાળો. મને૦ ૧
વંશી મનોહર વાય સુંદર વર, પરજ તણોરે લાવે ઢાળો. મને૦ ૨
ડોલરિયોરે મારે મનડેરે વસિયો, મીઠા બોલોરે છેલો છોગાળો. મને૦ ૩
પ્રેમાનંદનો નાથ મનોહર, રાજીવ લોચન રૂપાળો. મને૦ ૪

પદ ૧૦૮૪ મું

મન વસીયોરે મારે મન વસીયો;
જશોદાનોરે જીવન, બાઈ મારે મન વસિયો. જશો૦ ટેક.
નંવ ઘન સુંદર મદન મનોહર, નટવરનાગર રંગ રસિયો. જશો૦ ૧
મોર મુગટ મકરાકૃત કુંડલ, નવસરિયોરે હાર ઉર લસિયો. જશો૦ ૨
ઉર વનમાળ બાજુબંધ ગજરા, પીતાંબર કમરે કસિયો. જશો૦ ૩
પ્રેમાનંદનોરે નાથ રસિલો, મુજ સામુરે જોઇને હસિયો. જશો૦ ૪

પદ ૧૦૮૫ મું

મન હરવારે મારું મન હરવા;
મારા નેણુંને આગે, ઉભા હરિ મન હરવા. મારા૦ ટેક.
વારે વારેરે મુજ સામું હેરે, મોહન મારું મન વશ કરવા. મારા૦ ૧
હેત ઘણેરે મને હસીને બોલાવે, મરમાળોરે મુજને વરવા. મારા૦ ૨
વાલપ આણી બહુ વાત બનાવે, ગીરધર મારા ઉરમાં ગરવા. મારા૦ ૩
પ્રેમાનંદના નાથની થઈ હુતો, કોઇની મારે હવે નહિ પરવા. મારા૦ ૪

પદ ૧૦૮૬ મું–રાગ પરજ વિવાહનો ઢાળ

જાદવરાય જીવે મોતીયા વાળો, ઘણા મૂલાને ઘણી ખમા,
ઘણું જીવો ઘણી ખમા;
છેલવર આવેરે છોગાળો, રાજેશ્વરને ચરણે નમા,
જગજીવનને ચરણે નમા. જાદ૦ ૧
માણીગર માણકીયેરે રાજે, શોભા જોઈ કામ લાજે;
ચમર ઢળેરે છત્ર છાજે, આગે ઘણા વાજાં વાજે. જાદ૦ ૨
કેશરિયાને કોડે કોડે જોઇયે, જોઈ જોઈ દુઃખ ભાગે;
માથે મોતીડાંનો ઝુડો રુડો, વિઠ્ઠલવર વહાલો લાગે. જાદ૦ ૩
કેશર તિલકરે કીધાં ભાલે, કાને કુંડલ શોભે કાજુ;
સોનેરી વાઘોરે શોભે અંગે, બાંયે નંગ જડીયલ બાજુ. જાદ૦ ૪
ઉરમાં ઉતરીયુંરે રૂપાળી, ભાળી ભાળી નેણાં ઠરે;
હાર હજારો કમરે કટારો, પ્રેમાનંદના મનડાં હરે. જાદ૦ ૫

પદ ૧૦૮૭ મું

કહાનવર કેશરિયાની શોભા, જન સહુ જોવા મળ્યા,
દેવ મુનિ જોવા મળ્યા;
જગના જીવનનેરે જોઇ, જનમ મરણ દુઃખ ટળ્યાં,
ભવસાગરના દુઃખ ટળ્યાં. કહાન૦ ૧
કેશરિયે વાઘે કસુંબલ પાઘે, માથે મોતીડાનો સેરો;
સોનેરી છેડે રેંટો કેડે, ગરક કસુંબી ઘેરો. કહાન૦ ૨
સુરવાલ શોભેરે સોનેરી, નાડી કાજુ હીર કેરી;
ફરતે છેડે દોરયુંરે સોનેરી, ઉપર પછેડી પે'રી. કહાન૦ ૩
રાતી મખમલનીરે મોજડીયું, રતન મોતીડે જડીયું;
મોજડીયું પે'રીરે હરિ આવ્યા, સોનાકેરે ફુલે વધાવ્યા. કહાન૦ ૪
સુંદર સ્યામ શોભા ધામ, મળી હુતો ભાવે ભરી;
મુખડું જોઈ દુખડાં લીધાં, પ્રેમાનંદ કે' પ્રીતે કરી. કહાન૦ ૫

પદ ૧૦૮૮ મું

છોગાવાળો છેલો જીવે અલબેલો, રંગડાનો રેલો હરિ,
જીવે વહાલો રંગડાનો રેલો હરિ;

નંદનો કુંવર શોભે સુંદર, રાખું ઉર જતન કરી,
ધરું ધ્યાન જતન કરી. છોગા૦ ૧
મંદિર પધારે રાજ અમારે, વદન્યાં લેઉ વાલીડાના;
દુધડે પખાલુંરે પાવલીયા, નટવર નાવલીયાના. છોગા૦ ૨
તન મન મારું વાલીડાપર વારું, ડોલરિયાંને જોઈ જીવું;
ઉર્ધ્વરેખાવાળા ચરણ રૂપાળા, ધર્મસુતના ધોઈ પીવું. છોગા૦ ૩
રેખું માંહી રાતીરે રૂપાળી, મરમાળી માણીગરની;
જોયામાંહી જાદુરે બહુ જાણે, તાંણે ચીત ચતુર વરની. છોગા૦ ૪
જોઈ જોઈ ચાલ થઈ હું નિહાલ, કંકોલેલ કાજું નેણાં;
હસીને બોલાવે પ્રેમાનંદને ભાવે, વાલપના ભરિયાં વેણાં. છોગા૦ ૫

પદ ૧૦૮૯ મું

રાધાજી તમારેરે નાવલીયો, નેણા ભરી નિરખ્યાં જેવો,
ચીત ધરી નિરખ્યાં જેવો;
મંદિરીયામાં રાખોરે દઇ માન, હવે નહિરે જાવા દેવો,
કદી નહિ જાવા દેવો; રાધા૦ ૧
કમળા એના કરેરે જતન, હાંજી હાંજી કરતી ડોલે;
મીટેથી પલક ન મેલે, ખમા ખમા કહિને બોલે. રાધા૦ ૨
દેવત્રિયા તલસેરે ઘણી જોવા, મુનિદેવને દુર્લભ ઘણા;
એવા એ મુંત્રા નટવરનાગર, સાગર શોભાતણા. રાધા૦ ૩
નવલ સનેહીરે નંદલાલો, વહાલો સહુને વ્રજપતિ;
હૈડાનો હાર નેણનો શણગાર, રાખો ઉર કરી વિનતિ. રાધા૦ ૪
રાધાજી તમારેરે ઓરડીયે, જાદવરાયના જતન કરો;
રાધામાધવ જોડ પુરો કોડ, પ્રેમાનંદના તાપ હરો. રાધા૦ ૫

પદ ૧૦૯૦ મું–રાગ પરજ

નેણે નિરખ્યારે, મારા વહાલાને, મારા વહાલાને,
વહાલાને વહાલાને વહાલાનેરે, મારા વહાલાને; નેણે૦ ટેક.
ઘોડલાની ધૂમરમાં ઘેર્યોરે, લાડીલા ધર્મના લાલાનેરે. મારા૦ ૧

મુખ નિરખીને માયા લાગીરે, મેલ્યો મેં જગ જંજાળાનેરે. મારા૦ ૨
લોચન લાભ અલૌકિક લીધોરે, મોહન જોઈ મરમાળાનેરે. મારા૦ ૩
પ્રેમાનંદ કે' પૂજ્યા પ્રીતેરે, પ્રીતમ જન પ્રતિપાળાનેરે. મારા૦ ૪

પદ ૧૦૯૧ મું

માવો મરમાળોરે, જીવન જોયા મેં, જીવન જોયા મેં,
જોયા મેં જોયા મેં જોયા મેંરે, જીવન જોયા મેં; માવો૦ ટેક.
જોઈ કરીને મેંતો જીવનજીનેરે, પ્રીત કરી નેણામાં પ્રોયા મેંરે. જીવ૦ ૧
જતન કરી હરિ અંતરજામીરે, ઠીક ઠરી જીવડલામાં ઠોયા મેંરે. જીવ૦ ૨
શાક ઓછવ કરી નીત નીત સ્વામીરે, લાડ લડાવ્યા બહુ
લોભાવ્યા મેંરે. જીવ૦ ૩
પ્રેમાનંદ કે' પ્રીતમ ભેટીરે, દોયલા દિવસ તે ખોયા મેંરે. જીવ૦ ૪

પદ ૧૦૯૨ મું

ઘોડો ઘનસ્યામરે. ફેરે ફળીયામાં, ફેરે ફળીયામાં;
ફળીયામાં ફળીયામાં ફળીયામાંરે, ફેરે ફળીયામાં; ઘોડો૦ ટેક.
માણુકી મોહનને મનમાનીરે, બલવંતી બહુ બળીયામાંરે. ફેરે૦ ૧
તાજણની અસવારી તેવીરે, છળવંતી અતિ છળીયામાંરે. ફેરે૦ ૨
કેશ્વર વાજ વખાણે કાજુરે, વિધિ બહુ જાણે વસવળીયામાંરે. ફેરે૦ ૩
પ્રેમાનંદ કે' પ્રીતમ પ્યારોરે, કોઇને ના આવે વહાલો કળીયામાંરે. ફેરે૦ ૪

પદ ૧૦૯૩ મું

કીધી વશ કહાનેરે, મુને નેણામાં, મુને નેણામાં,
નેણામાં નેણામાં નેણામાંરે, મુને નેણામાં; કીધી૦ ટેક.
કમલ સરીખાં શોભે કેવાંરે, ડોલરિયાના સુખદેણાંમાંરે. મુને૦ ૧
લાવણમાં વહાલે વશ કરી લીધીરે, કામણ ભરેલા બહુ કેણાંમાંરે. મુને૦ ૨
બલવંતે બહુ રીતે બોલાવીરે, વાલપ વધારી વારી વેણાંમાંરે. મુને૦ ૩
પ્રેમાનંદ કે' પુરણ પ્રીતેરે, અલૌકિક લાભ લીધા લેણાંમાંરે. મુને૦ ૪

પદ ૧૦૯૪ મું—રાગ પરજ દેશી

વેરણરે વાંસલડી વાગી, વાંસલડી વાગી હું ઝબકીને જાગી; વેર૦ ટેક.
વાંસલીએ મારી પાંસલી વેંધી, પેઠી કાળજડામાં આવીરે. વાંસ૦ ૧

સાંભળતામાં સુધ બુધ વિસરી, ચીતડાંમાં ચટપટી લાગીરે. વાંસ૦ ૨
ઉઠી ઉતાવળી આકળી થઇને, જોવા શ્યામ સોહાગીરે. વાંસ૦ ૩
પ્રેમાનંદના નાથને મળવા, લોક લાજ સરવે ત્યાગીરે. વાંસ૦ ૪

પદ ૧૦૯૫ મું

જાઇશરે જોવા ગિરિધારી, જોવા ગિરિધારી શ્રીકુંજવિહારી; જાઈ૦ ટેક.
વંદારેવનમાં વેણુ વજાડે, મધુસુદન મોરારીરે. જોવા૦ ૧
જાઇશ જોવા જગના જીવનને, વારીશ માં માડી મારીરે. જોવા૦ ૨
શું કરશે સરવે મળી સાસરીયાં, નહીં રહું કોઇની વારીરે. જોવા૦ ૩
પ્રેમાનંદના નાથને મળવા, ચાલ્યાં સરવે વ્રજનારીરે. જોવા૦ ૪

પદ ૧૦૯૬ મું

જોઇરે જાદવરાય જોઈ, જાદવરાય જોઈ ગોપી રહ્યાં મોઈ*; જોઈ૦ ટેક.
એકલડા ઉભા જમુનાની તીરે, બીજું પાસે નહીં કોઇરે. જાદ૦ ૧
નટવર સુંદર નાથને નિરખી, નેણાં ત્રપત થયાં દોઇરે. જાદ૦ ૨
સુંદર શ્યામ મનોહર મોહન, રાખ્યા નેણામાં પ્રોઇરે. જાદ૦ ૩
પ્રેમાનંદના નાથને ભેટતા, લોક કુટુંબ લાજ તે ખોઈરે. જાદ૦ ૪

પદ ૧૦૯૭ મું

લોભાણાંરે લોચનીયાં લોભાણાં, લોચનીયાં લોભાણાં
વહાલાના કે'વાણાં; લોભા૦ ટેક.
રસિક સુંદરની રૂપ જાળમાં, જુરાયાં થઇને ભરાણાંરે. લોચ૦ ૧
નવલ મનોહર મોહનજીને, નેણુને બાણે વેંધાણાંરે. લોચ૦ ૨
તન મન ધન પેહેલું અરપણ કરીને, હાથ હરિને વેચાણાંરે. લોચ૦ ૩
પ્રેમાનંદ કે' મોહન મળતાં, ઉઘડતાં ભાગ અમાંણાંરે. લોચ૦ ૪

પદ ૧૦૯૮ મું—રાગ પરજ દેશી

રાજેશ્વર રંગના ભીના;
રંગના ભીના છેલ નવિના, માણકીના અસવાર હો છેલા રાજે૦ ટેક.
માણકીયે ચઢી મલપતા આવો, સુંદર શોભા ધામ;
જીવન જોઇ નેણા ઠરેછે, કેશવ પૂરણકામ હો છેલા રાજે૦ ૧

* "મોહી" ને બદલે "મોઇ" લખેલો છે.

માથે સુંદર મોલીયું જોઇને, સોનાકેરું શ્યામ;
દલડું મારું ડોલતું રહ્યું, મન પામ્યું વિશ્રામ હો છેલા રાજે૦ ૨
કાનમાં કાજુ કુંડલ, ઉરમાં ઉતરિયું અભિરામ;
પ્રેમાનંદ તો નિરખી ડોલે, ઘેલડો આઠો જામ હો છેલા રાજે૦ ૩

પદ ૧૦૯૯ મું

માણીગર મોતીયાવાળા;
મોતીયાવાળા રાજ રૂપાળા, રસિયા જાદવરાય હો મોહન માણી૦ ટેક.
રૂપ જોઇને રાજીવ લોચન, રમા થઈ ચકચૂર;
મુનિવર લાખું વાંસે ભમેછે, જોવા શોભા સુર હો મોહન માણી૦ ૧
ચંચલ નેણુની ચતુરાઇમાં, ચોર્યાં સહુનાં ચીત;
નરનારીને પરવશ કીધાં, મીટડલીમાં મીત હો મોહન માણી૦ ૨
કરનાં લટકાં કામણગારાં, હૈડું કીધું હાથ;
આવી વસ્યા વહાલા અંતરમાંહી, પ્રેમાનંદના નાથ હો મોહન માણી૦ ૩

પદ ૧૧૦૦ મું

વહાલી લાગે વાતડી તારી;
વાતડી તારી જાદુગારી ઘેલડું કીધું મન હો માવા વહાલી૦ ટેક.
વાતડી સુણતાં છાતડી ઠરી, છૂટી ગયો સંસાર;
શું જાણું તેં શું કરી દીધું, કોડીલા વૃષકુમાર હો માવા વહાલી૦ ૧
જોવું ત્યારે મુને જંપ વળેછે, અણદીઠે અકળાઉં;
ચંદ્ર સરીખું મુખડું જોઈ, જીવન રાજી થાઉં હો માવા વહાલી૦ ૨
લોકને કુટુંબ કહી કહી થાકયાં, તદપિ ટેવ ન જાય;
પ્રેમાનંદ કે' મનડું તમસંગ, માન્યું મોહનરાય હો માવા વહાલી૦ ૩

પદ ૧૧૦૧ મું

મનોહર મૂર્તિ તારી;
મૂર્તિ તારી લાગે છે પ્યારી, હૈડા કેરા હાર હો પ્યારા મનો૦ ટેક.
આંખડલીથી અળગા ન મેલું, નેણુતણા શણગાર;
તમપર તન મન જીવન મારું, વારું વાર હજાર હો પ્યારા મનો૦ ૧

રાજીવ લોચન રાજી રહો, મુજ ઉપર પ્રાણુ આધાર;
બીજું કાંઈ ન માંગું મારા, શામળિયા સરદાર હો પ્યારા મનો૦ ૨
દામ વિનાની દાસી તમારી, રાખો રાજ હજૂર;
પ્રેમાનંદની વિનતિ વાલમ, સાંભળો શ્યામ જરૂર હો પ્યારા મનો૦ ૩

પદ ૧૧૦૨ મું–રાગ પરજ

વારણીયે જાઉંરે વાલમ વારણીયે જાઉંરે,
વારણીયે જાઉં વદન ઉપરે મોહનજી;
અમલ કમળદળ અમલ કમળદળ,
લોચન નિરખીને રાજી થાઉં મોહનજી. ૧
મુખડાની મીઠી મોહન મુખડાની મીઠી,
વાતું વહાલી મુને લાગે મોહનજી;
મરમાળી રૂપાળી મૂરત મરમાળી રૂપાળી,
ભાળીને દુઃખ દૂર ભાગે મોહનજી. ૨
નેણુમાં રાખું મારા નેણુમાં રાખું નાથ,
નેણુથી ન્યારા નહિ મેલું મોહનજી;
જોયા વિનાનું જીવન જોયા વિનાનું,
મોહન ફરે છે મન ઘેલું મોહનજી. ૩
હૈડાના હાર હરિ હૈડાના હાર મારા,
નેણુના શણુગાર કરી રાખું મોહનજી;
તનમન પ્રાણુ પ્યારા તનમન પ્રાણુ મારા,
પ્રેમાનંદ કહે વારી નાખું મોહનજી. ૪

પદ ૧૧૦૩ મું

મનડું માન્યું છે મોહન મનડું માન્યું છે,
મારું મનડું માન્યું છે તમ સાથે શામળિયા;
ઘોળી જાઉંરે હું તો ઘોળી જાઉંરે,
ઘોળી જાઉં તમ માથે શામળિયા. ૧
વાલપની વાતું વાલમ વાલપની વાતું,
વાલપની વાતું છેજો ન્યારી શામળિયા;

ન મળે નાથ નાણે ટાંણે ન મળે નાથ નાણે,
શું જાણે જન સંસારી શામળિયા. ૨
આવો અલબેલા વહાલા આવો અલબેલા,
અમ ઘેર આવો તો ઘણું સારું શામળિયા;
તનમન મારું મોહન તન મન મારું,
જાણો જીવન તે તમારું શામળિયા. ૩
છેલછબીલા કહાન છેલછબીલા,
રસના રંગીલા પ્રાણ પ્યારા શામળિયા;
તનનું તાવીત મોહન મનનું માંદલિયું,
પ્રેમાનંદના છો દૃગ તારા શામળિયા. ૪

પદ ૧૧૦૪ મું

કહાન કેશરિયા કુંવર કહાન કેશરિયા,
કહાન કેશરિયા દીલ દરિયા ડોલરિયા;
રંગડાના ભરિયા રાજ રંગડાના ભરિયા,
રંગડાના ભરિયા ગીરધરિયા ડોલરિયા. ૧
ધર્મકુમાર હરિ ધર્મ ધર્મકુમાર હરિ,
આદિ અવતાર કરતાર ડોલરિયા;
જગના આધાર જીવન જગના આધાર છો,
જગના આધાર સુખસાગર ડોલરિયા. ૨
કરના લટકામાં કહાના કરના લટકામાં,
કરના લટકામાં લોભાણી ડોલરિયા;
વહાલી લાગે છે વાલમ વહાલી લાગે છે,
વહાલી લાગે છે મુખની વાણી ડોલરિયા.
હસવું તમારું હરિ હસવું તમારું,
હસવું તમારું જોઈ જોઈ ડોલરિયા;
રસિયા રહ્યું છે રાજ રસિયા રહ્યું છે,
પ્રેમાનંદનું મન મોહી ડોલરિયા. ૪

પદ ૧૧૦૫ મું

નેણા અણીયાળાં નાથ નેણા અણીયાળાં,
નેણા અણીયાળાં જોયા જેવાં જીવનજી;
કામણગારા કંકોલેલ કામણગારા કહાના,
કામણગારા છે કહિયે તેવાં જીવનજી. ૧
નેણાનો નજારો જીવન નેણાનો નજારો,
નેણાનો નજારો જાદુગારો જીવનજી;
કોડે જુવોછો કહાન કોડે કોડે રાખતા,
સુફલ થાયે જનમ મારો જીવનજી. ૨
શ્યામ શરીર છેલા શામ શરીર છો,
શ્યામ શરીર શોભા ધામ જીવનજી;
વરણાગી જોઇને વાલમ વરણાગી જોઇને,
મોહ પામ્યા છે કોટિ કામ જીવનજી. ૩
આવાને આવા વાલમ આવાને આવા,
આવા રે'જ્યો નેણાને આગે જીવનજી:
વિનતિ કરીને કેશવ વિનતિ કરીને;
પ્રીતેં પ્રેમાનંદ એ માગે જીવનજી. ૪

પદ ૧૧૦૬ હું—રાગ પરજ દેશી

મારગડે રોકોમાં મોહન મારગડે રોકોમાં,
મારગડે રોકી શાંને કાજે ગોવાળિયા;
લાજતો નથી કહાના લાજતો નથી,
જરા લાજતો નથી લોક લાજે ગોવાળિયા. ૧
ગોરસ પાને અલી ગોરસ પાને,
ગોરસડાવાલી ગોરસ પાને ગોવાલણી;
દાણ અમારું અલી દાણ અમારું,
દાણ દઇને ચાલી જાને ગોવાલણી. ૨
કાંકરડી માર માં કહાના કાંકરડી માર માં,

મહીની મટુકી નંદાશે ગોવાળિયા;
પાલવડો મેલને મોહન પાલવડો મેલને,
નહિતો મનમાની ગાળ્યું ખાશે ગોવાળિયા. ૩
અદકું શું બોલે આલી અદકું શું બોલે,
અદકું બોલ્યામાં શું આવે ગોવાલણી;
આંખ્યું અણિયાળી તારી આંખ્યું અણિયાળી,
આંખ્યું કાઢીને બીવરાવે ગોવાલણી. ૪
ગાવડલી ચારને ઘેલા ગાવડલી ચારને,
ગાયું ચારી જાને ટાંણે ગોવાળિયા;
વનનો રહેનાર કહાના વનનો રહેનાર તું,
વનચર તે દાણમાં શું જાણે ગોવાળિયા. ૫
ગોરસવાળી અલી ગોરસવાળી,
ગુજરી તું જાત ગમાર ગોવાલણી;
માન મેલીને અલી માન મેલીને,
ગોરસ પાને ગોળી ઉતારી ગોવાલણી. ૬
મીટડલી માર માં મોહન મીટડલી માર માં,
માર માં મીટડલીની ચોંટ ગોવાળિયા;
ગોરસ પીશો કુંવર ગોરસ પીશો,
પીશો કરીને લાંબો હોઠ ગોવાળિયા. ૭
મહીની મટુકી અલી મહીની મટુકી,
ફુટશે ને હાર તારો તુટશે ગોવાલણી;
ગોરસ પાઇશ અલી ગોરસ પાઇશ,
ત્યારે પાલવડો છૂટશે ગોવાલણી. ૮
આવડા અકળાઓ માં કુંવર આવડા અકળાઓ માં,
આકળા થઇને ઘર ખોશો ગોવાળિયા;
પછે પછતાશો કુંવર પછે પછતાશો,
પછતાઇને આંસુડાં લોશો* ગોવાળિયા. ૯

* લ્હોશો—લુછશો.

મરમાળી બહુ છે અલી મરમાળી બહુ છે,
મરમ તણાં વેણ મારે ગોવાલણી;
જેનું બળ હોયે તારે જેનું બળ હોયે,
તેને ચઢાવી લાવ આ ઠારે ગોવાલણી. ૧૦
શીદને ફુલો છો કુંવર શીદને ફુલો છો,
નાશી છૂટ્યા છો અડધી રાતે ગોવાળિયા;
છોને* માર્યા છે બંધવ છોને માર્યા છે,
બંદીખાને પડ્યા માતતાત ગોવાળિયા. ૧૧
મેણુલા તું માર માં અલી મેણુલા તું માર માં,
ખબર પડશે થોડે કાળ ગોવાલણી;
ખેદ ન મેલે અલી ખેદ ન મેલે,
સિંધને ક્ષત્રિતણા બાળ ગોવાલણી.† ૧૨
શિખવ્યા ન બોલીયે કોઇના શિખવ્યા ન બોલીયે,
સાંભળશે કંસતણા દૂત ગોવાળિયા;
બાંધી લઇ જાશે કુંવર બાંધી લઈ જાશે,
પછે જણાશો ક્ષત્રીપૂત ગોવાળિયા. ૧૩
દાણ અમારું અલી દાણ અમારું,
આપીને જા તું કરવા જાણ ગોવાલણી;
મહીડું વિંખાશે તારું મહીડું વિંખાશે,
હાંસી કરતા થાશે હાણ ગોવાલણી. ૧૪
બોલીયે વિચારી કહાના બોલીયે વિચારી,
આવ્યું નથી ઘેર રાજ ગોવાળિયા;
પારકે ઘેરરે કહાના પારકે ઘેરરે,
પેટ ભરો છો તજી લાજ ગોવાળિયા. ૧૫

* ૭ બંધવોને માર્યા છે. "છોને" એટલે "છને."
† સિંહના ને ક્ષત્રીના બાલકો શોક મૂકીને ને કેડો છોડતાં નથી.

જોબનનું જોર અલી જોબનનું જોર તારે,
જોબનનું જોર નથી માતું ગોવાલણી;
દાણ અમારું અલી દાણ અમારલું,
દેવાનું મન નથી થાતું ગોવાલણી. ૧૬
કે દી લીધું છે કહાના કે દી લીધું છે,
દાણ તેં ને તારે બાપે ગોવાળિયા;
ફેલ ન કરીએ ઝાઝા ફેલ ન કરીયે,
રહીએ પોતાને માપે ગોવાળિયા. ૧૭
ગોરસ પાને અલી ગોરસ પાને,
મેલીને વાદ વિવાદ ગોવાલણી;
ભાવના ભુખ્યા તારા ભાવના ભુખ્યા અમે,
જોઇયે મેલવણીનો સ્વાદ ગોવાલણી. ૧૮
હેતે ને પ્રીતે કહાના હેતે ને પ્રીતે,
પ્રીતે તો પ્રાણ લઈ આપું ગોવાળિયા;
જોર જોરાઇયે કહાના જોર જોરાઇયે,
જોરાઇયે નાપું એક ચાંપું ગોવાળિયા. ૧૯
રીસ તે ઉતરી હરિની રીસ તે ઉતરી,
રીસ ઉતરીને રંગ જામ્યો ગોવાળિયા;
પ્રીતડલી વાધી ચરણે પ્રીતડલી વાધી,
પ્રીતડી વાધી ને કલેશ વામ્યો ગોવાળિયા. ૨૦
પૂરણ પ્રીતે ગોપી પૂરણ પ્રીતે,
પૂરણ પ્રીતે ગોરસ પાયે ગોવાલણી;
દાણ લીલા હરિની દાણ લીલા એ,
પ્રીતે પ્રેમાનંદ ગાયે ગોવાલણી. ૨૧
ગાશે સાંભળશે જે કોઈ ગાશે સાંભળશે,
તેનાપર હરિ રાજી થાશે ગોવાલણી;
વાંછીત વર પામશે જન વાંછીત વર પામશે,
જનમ મરણ દુઃખ જાશે ગોવાલણી. ૨૨

પદ ૧૧૦૭ મું-રાગ પરજની ગરબી

મનમાં વસી છે તારી મૂર્તિ મોહનજી,
સુંદર તે શોભા ધામરે ધર્માત્મજ,
આવોને રાખું મારા નેણુમાં હો નાથજી; આવોને૰ ટેક.
વહાલી લાગે છે તારી વાતડી વાલમજી;
સાંભળીને થઈ પૂરણુકામરે ધર્માત્મજ. આવોને૰ ૧
ચાલ ચતુરાઈ જોઈને જીવનજી,
લાજે ગજરાજ રાજહંસરે ધર્માત્મજ; આવોને૰
કરના લટકાં જોઈ રીઝિયા હો રસિયા,
મુનીને નૈષ્ટિક ધર્મવંશરે ધર્માત્મજ. આવોને૰ ૨
કટી જોઈને લાજે કેસરી કેશરીયા,
નિરખી ત્રિવળી ઉદર માંયરે ધર્માત્મજ; આવોને૰
છાતી ઉપડતીમાં મોતી માળાયું એવડી,
પ્રેમાનંદ નિરખી વારી જાયેરે ધર્માત્મજ. આવોને૰ ૩

પદ ૧૧૦૮ મું

ચરણુકમળ છબી નિરખી હો નાથજી,
હૈડે વાઘ્યું છે અતિ હેતરે હરિ કૃષ્ણુ હરિ;
પ્રીતે પધરાવું મારા ઉરમાં હો નાથજી; પ્રીતે૰ ટેક.
અરુણુ તળામાંહિ સોળ ચિહ્ન શોભતાં;
ઉર્ધ્વરેખાએ સમેતરે હરિ કૃષ્ણુ હરિ. પ્રીતે૰ ૧
પાની ઘુંટીને કૂણુા અંગોઠા આંગળીપર,
સુંદર ચાંખડિયુનાં ચિહ્નરે હરિ કૃષ્ણુ હરિ; પ્રીતે૰
રાતા ચડિયાતા દશે આંગળીના નખ છે,
જોવા મનડું મારું દીનરે હરિ કૃષ્ણુ હરિ. પ્રીતે૰ ૨
પિંડીઉ ગોળ જાનું જંઘા રંભાસમ,
શ્યામકટી છે છબી ધામરે હરિ કૃષ્ણુ હરિ; પ્રીતે૰
ઉંડી નાભી ને ત્રિવળી સુંદર ઉદરમાં,
પ્રેમાનંદ નિરખી પૂરણુકામરે હરિ કૃષ્ણુ હરિ. પ્રીતે૰ ૩

પદ ૧૧૦૯ મું

અનેક જનમનાં મારા પુન્ય આજ ઉગીયાં,
ચિંતવન તમારૂં મારે ધ્યાનરે નારાયણ સ્વામી,
પ્રગટ બિરાજો મારી આંખડીને આગળે; પ્રગટ૦ ટેક.
સુરનરમુનિને તમે નહિં મળો સ્વપને;
અક્ષરપતિ ભગવાનરે નારાયણ સ્વામી. પ્રગટ૦ ૧
હૃદયકમળમાંહી શ્રીવચ્છ ચિહ્ન છે,
છાપ ચિહ્ન છે જોયા લાગરે નારાયણ સ્વામી; પ્રગટ૦
વામ બાહુને પાસે તીલ રુડા ચાર છે,
જોવા ઉપજે છે અનુરાગરે નારાયણ સ્વામી. પ્રગટ૦ ૨
કરિ કર સરખી ભુજા અભય ઉદાર છે,
ચિહ્નતણો ભંડારરે નારાયણ સ્વામી; પ્રગટ૦
કંબુ સરીખો કંઠ ચિબુક વદનપર,
પ્રેમાનંદ જાય બલિહારરે નારાયણ સ્વામી. પ્રગટ૦ ૩

પદ ૧૧૧૦ મું

વદન ઉપર જાઉં કોટિ શશિ વારણે,
નેણાપર નવ લખ સૂરરે હરિ ધર્મકુંવર,
શોભાસાગર તમે શ્રીસહજાનંદજી; શોભા૦ ટેક.
ગોળ કપોલ નાસા તિલપુલ સરખી;
નિરખી મદન ચકચૂરરે હરિ ધર્મકુંવર. શોભા૦ ૧
શ્રવણ છબીપર વારું દશે દિગપતિ,
ભ્રકુટીપર ભોયંગ રાજરે હરિ ધર્મકુંવર; શોભા૦
ભાલ વિશાળમાંહી કેશર તિલકપર,
વારું મારા પ્રાણ તજી લાજરે હરિ ધર્મકુંવર. શોભા૦ ૨
શીશ સોનેરી રેંટો બુરાનપુરનો,
વાધો સોનેરી સુરવાલરે હરિ ધર્મકુંવર; શોભા૦
ઉરમાં ઉતરી કર કડાં સોનાસાંકલાં,
નખશીખા ઝાકઝમાલરે હરિ ધર્મકુંવર. શોભા૦ ૩

અનેક કલ્યાણકારી ગુણના સમુદ્ર છો,
કરુણાનિધાન ભગવાનરે હરિ ધર્મકુંવર શોભા૦
પ્રેમાનંદ કહે રૂપ શીલ ને ઉદારતા,
યથામતિ ગાઇને નિહાલરે હરિ ધર્મકુંવર. શોભા૦ ૪

પદ ૧૧૧૧ મું–રાગ પરજ દેશી

સોનેરી મોલીયું સુંદર સોનેરી મોલીયું, ધર્મકુંવરનું;
મોતીડે મોરીયું સુંદર મોતીડે મોરીયુંરે, રસીક સુંદરનું. ૧
ભાલ વિશાળમાં સુંદર ભાલ વિશાળમાંઈ, તિલક કેશરનું;
ભ્રકુટી સુંદર જાણીયે ભ્રકુટી સુંદરરે, ધર મધુકરનું. ૨
કરણે કુંડલિયા કાજુ કરણે કુંડલિયારે, જડીયલ મોતિયે;
ગોળ કપોળમાં ઝળકે ગોળ કપોળમાંરે, ઝળળળ જ્યોતિયે. ૩
નેણાં રંગીલાં લાલ નેણાં રંગીલાંરે, લાલ કમળની પાંખડી;
પ્રેમાનંદ નિરખી છબી પ્રેમાનંદ નિરખીરે, ઠરી છે આંખડી. ૪

પદ ૧૧૧૨ મું

નાસિકા નમણી હરિની નાસિકા નમણી, પોપટ સરીખડી;
નિરખી વદન ચંદ્ર નિરખી વદન ચંદ્ર, કિરણું ઝાંખી પડી. ૧
કંઠ નિરખી હરિનો કંઠ નિરખીરે, વાધી છે પ્રીતડી;
છાતી ઉપડતીમાંહી છાતી ઉપડતીમાંહી, મોતી માળ બેવડી. ૨
સુંદર ઉદર હરિના સુંદર ઉદરમાં, પડે છે ત્રિવળી;
નાભી ગંભીર ગોલ નાભી ગંભીર જોઈ, મનડું ગયું ગળી. ૩
કટિ લંક નિરખી હરિનો કટિ લંક નિરખી, મોહ પામ્યો કેશરી;
પ્રેમાનંદ નિરખી છબી પ્રેમાનંદ નિરખીરે, નટવર વેષરી. ૪

પદ ૧૧૧૩ મું

લટકંતા આવે લાલ લટકંતા આવે, મારે મંદિર મોરારી;
ગજગતિ ચાલ સુંદર ગજગતિ ચાલરે, જોઇને બલિહારી. ૧
સાથલ ઘૂંટણુ સુંદર સાથલ ઘૂંટણુ જોઈ, પિંડીને પાનીયું;
ઘુંટી પેનીની છબી ઘુંટી પેનીનીરે, મારે મન માનીયું. ૨

અરુણુ તળાં સુંદર અરુણુ તળાંમાંહી, સોળ ચિહ્ન શોભતાં;
ઉર્ધ્વરેખામેં રુડી ઉર્ધ્વરેખામેંરે, મુનિ મન લોભતાં. ૩
મૂરતી મહારાજની શ્રીમૂરતી મહારાજનીરે, ગાઇ પ્રીતે કરી;
પ્રેમાનંદ કહે નાથ પ્રેમાનંદ કહેરે, અંતરમાં રહો શ્રીહરિ. ૪

પદ ૧૧૧૪ મું*

પુલડે ગરકાવ પુલ્યા પુલડે ગરકાવ પુલ્યા, આવો ડોલરિયા;
અત્તરની ફોરમાં પ્યારા અત્તરની ફોરમાંરે, ભીના રંગભરિયા. ૧
હાર હજારો ઊર હાર હજારોરે, ગુચ્છ બે કાનમાં;
બાજુ કાજુ છે બાંહ્યે બાજુ કાજુ છેરે, નિરખું નિત્ય ધ્યાનમાં. ૨
ગજરા ગુલાબી કરમાં ગજરા ગુલાબી કરમાં, ખુતા મારા ચીતમાં;
જીવન જાણો છો બહુ જીવન જાણો છોરે, પાતળિયા પ્રીતમાં. ૩
મોહી છું માણીગર હુંતો મોહી છું માણીગર, મુખને મરકલડે;
ગમીયા છો ગિરિધર ગમીયા છો ગિરિધર, પ્રેમાનંદને દલડે. ૪

પદ ૧૧૧૫ મું–રાગ મારુ

લલિત ગતિ લટકત આવે લાલ; લલિ૦ ટેક.
ધર્મકુંવર ઘનસ્યામ મનોહર, સુંદર રૂપ રસાલ. લલિ૦ ૧
વામ પાણી ધરે વામ કટિપર, લીયે કર દક્ષિણ રુમાલ. લલિ૦ ૨
શ્વેત બસન તન સુમન આભૂષન, કરુણાસિંધુ કૃપાલ. લલિ૦ ૩
પ્રેમાનંદ વારે અવલોકનીપર, કોટીક મૃગપતિબાલ. લલિ૦ ૪

પદ ૧૧૧૬ મું

મૂર્તિ મોરે મનમેં આય બસી; મૂર્તિ૦ ટેક.
ચંદન ચરચીત નીલ કલેવર, મુખ માનું પૂરન શશી. મૂર્તિ૦ ૧

---

* આ પદની ઘણી ખરી લીટીઓમાં પાઠાન્તર આવે છે, જે લેખક કે ગાયકને હાથે પણ ઉદ્દભવ્યો હોય એ સંભવિત છે. પાઠાન્તર નીચે મુજબ.

લીટી ૧ લી "ફુલડે ગરકાવ ફુલ્યા ફુલડે ગરકાવરે."
લીટી ૫ મી "ગજરા ગુલાબી કરમાં ગજરા ગુલાબીરે."
લીટી ૭ મી "મોહી છું માણીગર હું તો મોહી રહી છુંરે."
લીટી ૮ મી "ગમિયા છો ગિરિધર ગમિયા છો ગિરિધર, પ્રેમાનંદને દીલડે."

સુમન પાઘ શિર સુમન આભૂષણ, કટિપટ પીત કસી. મૂર્તિ૦ ૨
ચિતવની ચલની મધુરી મીઠી બોલની, જીય મેરે આયે લસી. મૂર્તિ૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ સુંદર છબી, અવિગત ઉરમાં ઘસી. મૂર્તિ૦ ૪

પદ ૧૧૧૭ મું

બદનપર વારું ચંદ કરોર; બદન૦ ટેક.
સ્મિત વદન શ્રીમદનમોહનકો, લોચન હે ચીતચોર. બદન૦ ૧
પેચ સાંકરે અટકે બાંધી, બાંકી પાઘ મરોર. બદન૦ ૨
ભાલ વિશાળ તિલક કેસરકો, કુંડળ કરને જોર. બદન૦ ૩
વામ શ્રવણમેં તીલ છબી નિરખત, પ્રેમાનંદ ચકોર. બદન૦ ૪

પદ ૧૧૧૮ મું

આજ છબી નિરખી થકીત ભઈ; આજ૦ ટેક.
સુંદરતા સબ અખીલભુવનકી, શ્રીહરિ છીન લઈ. આજ૦ ૧
શ્રીહરિકૃષ્ણ રૂપકી રચના, નાહી ન જાત કઈ. આજ૦ ૨
રસ શૃંગાર આપ માનું પ્રગટી, વિચરત મૂરત મઈ.* આજ૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ રૂપ મની, ચીતવત ચીત દઈ. આજ૦ ૪

પદ ૧૧૧૯ મું-રાગ મારુ

મોરલિયે મનડાં હર્યા વહાલાજી તારી મોરલિયે મનડાં હર્યા; વહાલા૦ ટેક.
અતિ ઘણો તાપ થયો તનડામાં, જાણીયે હમણા મર્યા. વહાલા૦ ૧
સગાં કુટુંબ પિયર સાસરિયાં, સર્વે અમે વિસર્યા. વહાલા૦ ૨
સાંભળતામાં ચટકીરે લાગી, આવ્યાં અમે આશ ભર્યા. વહાલા૦ ૩
પ્રેમાનંદના વહાલા તમને મળતાં, હૈડાં અમારા ઠર્યા. વહાલા૦ ૪

પદ ૧૧૨૦ મું

વશ કીધી વ્રજનારી વહાલાજી વશ કીધીરે વ્રજનારી; વહાલા૦ ટેક.
મોરલડીમાં વહાલા મોહ પમાડ્યા, ગુણવંતા ગિરિધારી. વહાલા૦ ૧
રાત દિવસ વહાલા હરતા ને ફરતા, રટના તે તમારી. વહાલા૦ ૨

---

* "મઈ" એટલે મહીમાં-ભુવિમાં.

તમ કારણ વહાલા તનડા તપે છે, મળવાને મોરારી. વહાલા૦ ૩
લટકાળા તારા લટકાં ઉપર, પ્રેમાનંદ વારી. વહાલા૦ ૪

પદ ૧૧૨૧ મું

અમને રમાડોને રાસ શામળિયા વહાલા અમને રમાડોને રાસ; શામ૦ ટેક.
અમથી અંતર ન કરશોરે વહાલા, અમેરે તમારી દાસ. શામ૦ ૧
રાસ રમ્યાના કોડ ઘણા છે, ઘણારે દિવસની આશ. શામ૦ ૨
રસિયા રસમાં પૂરણ કરીને, રાખો તમારી પાસ. શામ૦ ૩
પ્રેમાનંદ કહે નાથ ચરણમાં, દીજયો અવિચલ વાસ. શામ૦ ૪

પદ ૧૧૨૨ મું

મુગટપર વારીરે સુંદર શ્યામ વારીરે સુંદર શ્યામ વારીરે; મુગ૦ ટેક.
હરખ ભર્યા આવ્યા હરિ રમવા, પાવન પૂરણકામ. મુગ૦ ૧
આસપાસ ગોપીયું ને વચમાં વિહારિજી, લટકાં કરે વ્રજભામ. મુગ૦ ૨
ભુજ ભરી મળીયાંને દુખડાંરે ટળીયાં, પૂરી વહાલે હૈડાની હામ. મુગ૦ ૩
પ્રેમાનંદ કહે વહાલા એ છબી ઉરમાં, અખંડ રહો કરી ધામ. મુગ૦ ૪

પદ ૧૧૨૩ મું–રાગ મારુ

વહાલો મોરલી મનોહર વાયે રે મા, માંહી રાગ અનુપમ ગાયે રે મા. ૧
સૂર સપ્ત ને ત્રણ ગ્રામ અલાપે રે મા, વ્રજજુવતીને મદન સંતાપે રે મા. ૨
વહાલે મોરલીમાં ત્રિભોવન મોહ્યા રે મા, વે'તા જળ જમુનાજીના ઠોયા રે મા. ૩
મોહ્યા સુરનર ગંધર્વ મુની રે મા, મોહ્યા ખગ મૃગ તૃણચર મુની* રે મા. ૪
પ્રેમાનંદને નાથ વિહારી રે મા, તેડી મોરલીમાં વ્રજનારી રે મા. ૫

પદ ૧૧૨૪ મું

માવે મોરલી વાઇને મન લીધું રે મા, કહાને કામણ મુજને કીધું રે મા. ૧
મને વ્હની વેદના ભારી રે મા, હું તો જાઇશ જોવા ગિરિધારી રે મા. ૨
મારું તનડું તપે છે એ સારું રે મા, મને બીજું સર્વે લાગે છે ખારું રે મા. ૩

---

* આ શબ્દ "ધુની" મૂળ હોય એમ વંચાય છે.

મને સાસરીયે નૈ સોહાયે રે મા, પિયરીએ સુખ નવ થાએ રે મા. ૪
મારા મનડામાં ચટકી લગાડી રે મા, પ્રેમાનંદને નાથ વજાડી રે મા. ૫

પદ ૧૧૨૫ મું

વ્રજજીવન જમુના તીરે રે મા, વહાલો વાંસલી વાયે છે ધીરે ધીરે રે મા. ૧
ધર્યો મોરમુગટ વનમાળા રે મા, કાને કુંડલ અધિક રસાળા રે મા. ૨
પેર્યા પીતાંબર અતિ સોહે રે મા, ધરી મોરલી અધુર મન મોહે રે મા. ૩
વહાલે ચંદન ચરચ્યાં અંગે રે મા, બાં બાજુ તે જડીયા નંગે રે મા. ૪
પ્રેમાનંદનો નાથ બીરાજે રે મા, જોઈ કોટી કામ છબી લાજે રે મા. ૫

પદ ૧૧૨૬ મું

વહાલો શોભે છે નટવર વેશે રે મા, જોવા જાઉં હું તો પાણીડાની
મીશે રે *મા. ૧
મારે હૈડે હરખ ન માય રે મા, મારે જોવા તે જાદવરાય રે મા. ૨
મારું મન ઘરમાં અકળાયે રે મા, મુને ક્ષણુ એક ન રેવાયે રે મા. ૩
વહાલો મોરલીમાં મારુ ગાયે રે મા, મને સાંભળીને સુખ નવ† થાયે રે મા. ૪
પ્રેમાનંદના નાથને દેખું રે મા, મારો જનમ સુફલ તારે લેખું રે મા. ૫

પદ ૧૧૨૭ મું–રાગ કાલીંગડો ખ્યાલ

છબ બની વિલોકન લાગરે; છબ૦ ટેક.
અમિત માધુરી મનમોહનકી, અમિત ભરે અનુરાગરે. છબ૦ ૧
સાંકરે પેચ છીય રહી ભોંહસું, બાંધી મરોરકે પાગરે. છબ૦ ૨
સુમન શિખર બીચ ધોર ચંદ્રિકા, થરક રહી વામ ભાગરે. છબ૦ ૩
પ્રેમાનંદ કે' વિલોકી પર્યો પદ, મદન માન કરી ત્યાગરે. છબ૦ ૪

પદ ૧૧૨૮ મું

રતનારે નેંનોહીં રેખરે; રતના૦ ટેક.
હસત હસત મોયે રસ ભરી રેખેં, કસી મારી નટ ભેખરે. રતના૦ ૧
ચંચલ ચિતવની મધુરીસી બોલની, મગન ભઈ દેખ દેખરે. રતના૦ ૨

* "પાણીડાંને મેશેરે મા" પાઠાન્તર છે.
† "બહુ થાયેરે મા" પાઠાન્તર છે.

બદન પ્રભા છબી કહા કહું સજની, કોટીક ચંદ્ર વિશેખરે. રતના० ૩
પ્રેમાનંદ કહે નાથ ગહી કર, મેટ્યો વિધાતા લેખરે. રતના० ૪

પદ ૧૧૨૯ મું

લગ ગઈ નેનોદીં સેનરે; લગ० ટેક.
મેં ઘરસેં કર ગહી દોહનીરે, જાતી દોહાવન ધેનરે. લગ० ૧
ચંચલ દૃગ ભરી મોયે વિલોકી, શ્યામ સુંદર સુખદેનરે. લગ० ૨
કસ ગઈ નેનકી સેન કરેજે, પરત નાંહી પલ ચેનરે. લગ० ૩
પ્રેમાનંદ ઘનશ્યામ દૃગનપર, વારત કોટીક મેનરે. લગ० ૪

પદ ૧૧૩૦ મું

કર દીની દિવાની કહાનરે; કર० ટેક.
કહા જાનું કેસો જાદુ કીનો, સુંદર શ્યામ સુજાનરે. કર० ૧
કેસી કરું મેં જસોમતી ઘર બીના, રહી ન શકું પલ આનરે. કર० ૨
જબ તેં જીયા મેરો ફટકી ગિયો હે, સુની બંસીકી તાનરે. કર० ૩
પ્રેમાનંદ કે' નાથ સાંવરે, હર લીને મન પ્રાનરે. કર० ૪

પદ ૧૧૩૧ મું–રાગ કાલીંગડો

હો રસીયા કોન બેરન બસ કીને; હો ર० ટેક.
કોન મંત્ર પઢ ડાર્યો તુમપર, કહા જાને કહા દીને. હો ર० ૧
મીઠે મીઠે બેન બનાયકે મોહન, લગન લગાયકે લીને. હો ર० ૨
પ્રેમસખી પીયા કહા સમુઝાવું, ચતુર સુઘર પરબીને. હો ર० ૩

પદ ૧૧૩૨ મું

કોન બેરન મન માની, હો બાલમ કોન બેરન મન માની; હો બા० ટેક.
*સેંનનમેં લપટાંને પ્રીતમ, રસિક નેનકે પાની. હો બા० ૧
જબ તેં હમસોં પ્રીત બીસારી, તબહી પીયા હમ જાની. હો બા० ૨
પ્રેમસખી લાગે પીયા ચસકે, પ્રેમ પ્રીત ઉર આની. હો બા० ૩

પદ ૧૧૩૩ મું

હો મોહન કહા તુમે ટેવ પરી; હો મો० ટેક.
*ગીધે કનક ચોર જ્યું આતુર, રહત ન એક ઘરી. હો મો० ૧

---

* અર્થ સ્પષ્ટ નથી.

દ્વારે દ્વારે જાત વાકો મુખ હેરત, આવત ન લાજ જરી. હો મો૦ ૨
પ્રેમસખી પીયા ચતુર સુઘર તુમ, કહા સમુઝાવું લરી. હો મો૦ ૩

પદ ૧૧૩૪ મું

હો રસિયા બાલમ મેરી સુનત બાત; હો ર૦ ટેક.
પ્રાન જીવન પીયા મેરે મન ભાવન, તુમ બીના જોબન જાત. હો ર૦ ૧
ખટકત શ્યામ કામ નહિ સૂઝત, વિકલ ફીરું દિન રાત. હો ર૦ ૨
પ્રેમસખી પીયા જનમ સુધારન, તુમ બીના નહી કુસલાત. હો ર૦ ૩

પદ ૧૧૩૫ મું–રાગ કાલિંગડો

કુંવર મત પકરો કર બરજોરી, બેરન દેખત પરોસન મોરી; કુંવ૦ ટેક.
પનીયાંકે મીસ આઈ મુખ દેખન, સાસુનનંદકી ચોરી. કુંવ૦ ૧
ધરકે લોક મોરે બહુત બુરે હેં, ચુગલ લોક બ્રજકોરી. કુંવ૦ ૨
કરજોરે ઠાડી કરત બિનતી, ચંચલ નેન ચકોરી. કુંવ૦ ૩
પ્રેમાનંદ કે' ભેટી ભુજ ભરી, ચલી બ્રખભાનકિશોરી. કુંવ૦ ૪

પદ ૧૧૩૬ મું

બદન બીનું દેખે વ્યાકુલ નેન, અબ પરત નાહીં પલ ચેન; બદ૦ ટેક.
સુંદર બદન શ્રીનંદનંદનકો, અમૃત સમ મૃદુ બેન. બદ૦ ૧
ચિતવની ચારુ ઉદાર હાસ મુખ, ચપલ દૃગનકી સેન. બદ૦ ૨
લોક લાજ મરજાદ પીંજરે, પરે જયું ખંજન દિન રેન. બદ૦ ૩
પ્રેમાનંદ ધનશ્યામ પીયા બીન, બીરહા લગો દુઃખ દેન. બદ૦ ૪

પદ ૧૧૩૭ મું

દરદ ન જાને મેરો કોય, મોયે બીતત નિશદિન રોય; દર૦ ટેક.
શ્રીહરિકૃષ્ણ બદન બીનુ દેખે, જુગ સમ પલ છીન હોય. દર૦ ૧
રેન દિના બિરહા તન તાવે, ના આવે સુખ સોય. દર૦ ૨
શ્રીધનશ્યામ પિયાકી સુરત, બિસરત નાહીં ન મોય. દર૦ ૩
પ્રેમાનંદકો નાથ મીલે તો, રાખુંગી ઉર બીચ પ્રોય. દર૦ ૪

પદ ૧૧૩૮ મું

બેરન મોરી બાજત બિરહ ભરી, મેરો જાત જીયા નિકરી; બેર૦ ટેક.
બિરહા સતાવે નિંદ ન આવે, બાંસુરી બેર* પરી. બેર૦ ૧

* "ફેર" પાઠાન્તર.

બાજત બાંસરી કસત પાંસરી, નીકસત જાત સાંસરી. બેર૦ ૨
જબતેં અધર ધરી તબતેં, છીન છીન હોત ખરી. બેર૦
પ્રેમાનંદ ઘનશ્યામ પીયા બીનું, જુગ સમ જાત ઘરી. બેર૦ ૪

પદ ૧૧૩૯ મું

લગન લરકૈયાં* લાગ ગઈ, અબ છુટનકી નઈ; લગ૦ ટેક.
લાગી લગન ઘનશ્યામ પીયા સંગ, જ્યું ચકોર ચંદઈ. લગ૦ ૧
નયો જોબન નયે શ્યામ મનોહર, નિત નઈ પ્રીત ઠઈ. લગ૦ ૨
લોક કુટુંબ સબહી મીલી ત્રાસત, ત્યું ત્યું અડગ ભઈ. લગ૦
પ્રેમાનંદ કરત નોછાવર, હરિપર પ્રાન લઈ. લગ૦ ૪

પદ ૧૧૪૦ મું

લટક મન બસ ગઈ લાલનકી, લાલનકીરે ગોપાલનકી; લટ૦ ટેક.
લટકત આવત દ્દગ લલચાવત, ગાવત તાન ખ્યાલનકી. લટ૦ ૧
શ્વેત પાગ બીચ લટકત શેખર, તિલક રૂચિર છબી ભાલનકી. લટ૦ ૨
સુમન હાર ભુજબંધ રૂ કંકન, ઓઢત જોરી દુશાલનકી. લટ૦ ૩
પ્રેમાનંદ વામ કર કટિપર, એક કર લટક રુમાલનકી. લટ૦ ૪

પદ ૧૧૪૧ મું–રાગ કાલીંગડાની ગરબી

આંખડલી રસ રંગે રાતી, રેખુંમાંહી રસિક મદન મદમાતી; આંખ૦ ટેક.
દીસો છોજી શ્યામ શિથિલ સરવે અંગે, ચોલાણા છો છેલ
ચતુર કેને સંગે; રંગાણા છે અધર તંબોલને રંગે. આંખ૦ ૧
મદનસર વાગો છે મરમ ઠેકાણે, વેંધાણા છો નટવર નેણાને બાણે;
ઘાયેલની ગત ઘાયેલ હોયે તે જાણે. આંખ૦ ૨
અમારે તો કશોયે નથી દર દાવો, તમારું મનરે માને ત્યાં જાઓ;
સાચું કહોને શીદને ખોટા સમ ખાઓ. આંખ૦ ૩
તન દુઃખ કરની નાડીયે જણાયે, મનનું તો વેણુ બોલે ત્યાં કળાયે;
પ્રેમાનંદ કે' અંતરનું નેણામાંસે. આંખ૦ ૪

---

* આ શબ્દ "લરકૈયાં કે "સરકૈયાં" જેવો દીસે છે. એકેનો અર્થ સમજાતો નથી.

પદ ૧૧૪૨ મું

ભાતડલી ભલી ઉઠી છે હૈયે, રેખાવળી નખ નારાચની કૈયે; ભાત૦ ટેક.
અધર વર આંજણે ક્યાંથી અંજાણા, કપોલ તે પીકલીક રંગે
.. રંગાણા; ભુધર તમે ક્યાં જાઇ આજ ભરાણા. ભાત૦ ૧
પિતાંબર ક્યારે જાઈ પલટાવ્યાં, લીલાંબર કેનું ઓઢીને આવ્યા;
મોરલી સાટે વેલણુ કેનુંરે લાવ્યા. ભાત૦ ૨
પ્રીતમ તમે આવી દશા ક્યાંથી પામ્યા, લાડીલા લાજ ખોઇને
શું કામ્યા; કેશવરાય કેની બાથડલીમાં સામ્યા. ભાત૦ ૩
સુંદર વર આજ શોભા બની સારી, જોઈ જોઈ હસે છે
ગોપકુમારી; પ્રેમાનંદ જાયે બાનકપર વારી. ભાત૦ ૪

પદ ૧૧૪૩ મું

પ્રિતડલી જુની જીવન તોડી, નટવર નવલી કેને સંગ જોડી; પ્રીત૦ ટેક.
નેણામાંથી નાથજી નેહ સૂકાણાં, હિયામાંથી હેતડલાં તે ચોરાણાં;
મોહનરાય મનડાં બીજે પ્રોવાણાં. પ્રીત૦ ૧
ચતુર હોય તે ચતુરાઈ ઘણીરે જણાવે, ઉપરથી વાતું મીઠીરે
બનાવે; હિયાનું તો તરત જાણ્યામાં આવે. પ્રીત૦ ૨
શાને કાજે થાઓ છો આવડા ઓશાળા,* અમે નથી કેતાં
ગોરા કે કાળા; પડે જેવાં બીબાં હોયે તેવા ઢાળા. પ્રીત૦ ૩
જાણો છો જીવન રસની રીતિ, પરાણે પ્રીતમ ન હોયે પ્રીતિ;
પ્રેમાનંદના નાથ ભણ્યા છો નીતિ. પ્રીત૦ ૪

પદ ૧૧૪૪ મું

વિનતડી વાલમજી એ છે, જોડી કર અબળા સર્વે એમ કે' છે; વિન૦ ટેક.
અમે તો હાથ તમારે વેચાણી, જીવનદોરી છોજી સારંગપાણી;
પ્રીતમ ના તોડશો પ્રીત પુરાણી. વિન૦ ૧
તમે તો એક છો નાથ અમારે, અમ જેવા અગણિત
શ્યામ તમારે, તે સારુ વિસારશો માં ક્યારે. વિન૦ ૨

---

* "ઓશિયાળા" પાઠાન્તર.

જાણો છોજી અંતરગતની સરવે, શું થાયે ચતુરને ઘણું કે'વે કરવે;
સનેહીને સારું નહિ પરહરવે. વિન૦ ૩
અમારો અવગુણ નાથ વિસારી, પ્રપન્નપણું પાળજો દેવ મુરારી;
પ્રેમાનંદ જાયે પ્રાણ વારી વારી. વિન૦ ૪

પદ ૧૧૪૫ મું–રાગ લલિત–ધ્રુપદ–ચૌતાલ

એરીએ કહાન કુંવર પિયા અબહિં સોવત ઉઠ આયે; એરી૦ ટેક.
દેખરી અનોખી છબ, કબહુ ન દેખી એસી, આજ મોહન
મન ભાયે. એરી૦ ૧
ઉર નખરેખા લાલ, પીકલીક સોહે ગાલ, ઓઢે નિચોલ નીલ
અધરન કજરાયે;
પ્રેમાનંદ પ્રાત છબી, દેખીકે હસત સખી, તબ પીયા
કછુ સકુચાયે. એરી૦ ૨

પદ ૧૧૪૬ મું

મોહનલાલ સાચી કહો પીયા કોન સંગ જાયકે જાગે; મોહ૦ ટેક.
એસી કો ચતુર ત્રિયા, જાકે બસ ભયે પીયા, રતિ રસ
અતિ અનુરાગે. મોહ૦ ૧
જાગે હો તમાસેમેં, જાગે ખેલ પાસેમેં, કહે બીના ભ્રમ
કેસે ભાગે;
પ્રેમાનંદ કહે પીયા, એ છબી નિરખી,* મુસકાની સખી
પાયન લાગે. મોહ૦ ૨

પદ ૧૧૪૭ મું

એ દોઉ નેના શરદકમલસમ પ્રફુલિત રતિરસ રાતે; એ દો૦ ટેક.
નેન કમલપર ભ્રકુટી ભમર છાયે, લલચાયે મકરસ માતે. એ દો૦ ૧
મિન મધુપ મ્રગ ખંજન લાજે, ઠાડે અજીર બીચ લાલ મુસકાતે;
પ્રેમાનંદ એ નેના નવલ પીયાજ્યુંકે, જુવતી મન મોદ બઢાતે. એ દો૦ ૨

---

* "નિરખી હીયા" એવો પાઠાન્તર સાંભળ્યો છે.

પદ ૧૧૪૮ મું-રાગ લલિત

આયે હો રસીલે પીયા મેરે મન ભાયે; આયે૦ ટેક.
હું બલિહારી આજ આવનીપર, ચપલ નેનાજ્યું સોહાયે. આયે૦ ૧
કહાં જ્યોં કઠીન બીતિ, કોન જંગ જીત આયે, કોનહિં
પ્રેમ રિઝાયે;
નોબત બજાયવેકું, ઓર ઠોર જા સંખ પુરવેકું, મેરે આયે. આયે૦ ૨
રેન કેઉં નિંદે લાલ, શોભીત દ્રગ લાલ, પ્રેમ નેહ કહાં બરસાયે;
પ્રેમસખી ભાગકી બાતે, મિટત લેખ્ લીખાયે. આયે૦ ૩

પદ ૧૧૪૯ મું

ભલે જ્યું મોહન પીયા આવન કીનો; ભલે૦ ટેક.
આવન કહ ગયે, અંત બીલમ રહે, નાહક કોલ કયું દીનો. ભલે૦ ૧
આલસ ભરે હો લાલ, કજરા લગ્યો હે ગાલ, શ્રમ જલ
કહાં પટ ભીનો;
કહાં જાગે રાત, કહોજ્યું રિઝકી બાત, કહાં જ્યું અધર
રસ પીનો. ભલે૦ ૨
ઇત તોરત, ઉત જોરત, મોહન ઘર ઘર નેહ નવીનો;
હિયે કછુ ઓર, જીયે કછુ ઓર, સો પ્રેમસખી લખ લીનો. ભલે૦ ૩

પદ ૧૧૫૦ મું-રાગ લલિત તાલ આદી

મોહન બેન બજાઈ ગ્રહ તજી બન આઈ બન આઈ; મોહ૦ ટેક.
ગિરિધર બંસી સુની કાની, તનકી સુધ બુધ સબ બીસરાની;
બરજત માત પિતા નહિં માની, ઉઠ ચલી બેગાની બેગાની. મોહ૦ ૧
બાન મારે માબાપે મુને વારી, કેછે તું કયાં જાયછે કુંવારી;
બન તેડી તરછોડત મોરારી, શી વલે અમારી અમારી. મોહ૦ ૨
તબ બોલી એક મરમાલી, મારાજ વાત હાંભલો માલી;
આજ હુંતો આ દિસા વનમાલી, હઉ લીની કર તાલી કર તાલી. મોહ૦ ૩
સૈયર કાય સાંગું મી આતાં, કુઠે ગેલે પહાતાં પહાતાં;
કુઠે ગેલે ન જાને કુંની જાતાં, માઝે સંગ ગાતા સંગ ગાતા. મોહ૦ ૪

પ્રભુજી મૈંતો થાકી દાસી, ઠાકોર હાંસીમાં જીવ જાસી;
પ્રેમસખી કંઠ લગાસી, આય મીલો બનવાસી બનવાસી. મોહ૦ ૫

પદ ૧૧૫૧ મું

ભયે અંતરધ્યાન મોરારી બ્યાકુલ બ્રજનારી બ્રજનારી; ભયે૦ ટેક.
હે હરિ હે સબ કષ્ટ નિવારણ, હે પ્રભુ કામાદિક રિપુમારણ;
ભઈ હમ સબહી તુમ પારાયણ, સ્વામિનારાયણ નારાયણ. ભયે૦ ૧
કરન બ્રજ રછન ગિરિ ધારે, મહા દુષ્ટ કંસાદિક રિપુ મારે;
અગનિત બાલચરિત્ર તુમારે, કહતે કવિ હારે કવિ હારે. ભયે૦ ૨
પુછે હરિ દેખે દ્રુમ બેલી, ચિતવતી જુગલ ચરન અલબેલી;
એકલે ગયે બાળા ભેલી, સાયેલી અકેલી અકેલી. ભયે૦ ૩
સુન સખીબળિ સરવસલે વાસ્યો, બાલી બધીક પ્રાન સંહાર્યો;
સુર્પનખા નાક સુધાર્યો, એહી હાલ તિહાર્યો તિહાર્યો. ભયે૦ ૪
બ્રહની ભઈ સબહી મતવારી, ગાવતી મંગલ ચરિત્ર સંભારી;
ઉંચે સ્વર નાથ નાથ પોકારી, સુનીહો બનવારી બનવારી. ભયે૦ ૫
બિનતી સુની અંતરજામી, જીવન આયે આનંદ પામી;
કીયો રંગ પ્રેમસખીકે સ્વામી, કેશવ બહુનામી બહુનામી. ભયે૦ ૬

પદ ૧૧૫૨ મું–રાગ લલિત

જીયરા લે ગયો મોહન છેલ; જીય૦ ટેક.
શ્રીઘનશ્યામ ભુવન મોરે આયે, હસત હસત અલબેલ. જીય૦ ૧
ગ્વાલ બાલ કોઉ સંગ નાંહી, આપહિ આપ અકેલ;
ચીતવનીમેં મેરો ચીત હરલીનો, એસો કછુ કીનો ખેલ. જીય૦ ૨
ભુજ ભરી ભેટી બીરા મોયે દીનો, કછુએક તામહિં મેલ;
તબતેં જીયા મેરો ફટકી ગયો હે, કેસી કરું મોરી હો સહેલ. જીય૦ ૩
કોટીક ચંદ બદનકી શોભા, લોચન રસસું ભરેલ;
પ્રેમાનંદ હંસગતિ નિરખી, મનમથ પાયન પરેલ. જીય૦ ૪

પદ ૧૧૫૩ મું

મેરે મન બસ ગયો માખન ચોર; મેરે૦ ટેક.
શ્રીઘનશ્યામ રૂપસાગર લખી, થકીત ભઈ મતિ મોર. મેરે૦ ૧

સાંવલ બરન પિતપટ કટિતટ, કીને ચંદન ખોર;
મુસકની બંક બિલોકની ઉપર, વારું મદન કરોર. મેરે૦ ૨
સુંદર બદન ચંદ્રકી શોભા, નિરખત નેન ચકોર;
પુલકીત પરબસ ભયે પ્રાન મન, મીલી હસી અંકભરી દોર. મેરે૦ ૩
અબ મોયે બીસરત નાહીં સખીરી, નવ ઘન નંદકિશોર;
મન ક્રમ બચન બસ ભઈ પ્રેમાનંદ, તજી ઓર સબ ઠોર. મેરે૦ ૪

પદ ૧૧૫૪ મું

નટવર દે ગયો નેનાંઉકી ચોટ; નટ૦ ટેક.
સુંદર નેન સેન કસી મારી, કરી દીની લોટ પોટ. નટ૦ ૧
બનઠનકે બનઉંતે આવત, સંગ સખા છોટ છોટ;
બાંસુરી બજાવત સુંદર ગાવત, હસત અરુન દોઉ હોટ. નટ૦ ૨
કહા બરનું સુંદરતા સજની, ઉપમાકી પરી ખોટ;
એક એર ચીતવનીપર વારું, મનમથ લે શતકોટ. નટ૦ ૩
સુની ધુની બંસીકી શ્રવને, ઉઠ ધાઈ દે દોટ;
પ્રેમાનંદ ઘનસ્યામ બિલોકે, પરિહરિ ઘુંઘટ ઓટ. નટ૦ ૪

પદ ૧૧૫૫ મું

ચેટક દે ગયો ચંચલ નેન; ચેટ૦ ટેક.
ચિતવની ચારુ ઉદારુ હાસ મુખ, ચલની અતિ સુખદેન. ચેટ૦ ૧
શ્રીઘનશ્યામ માધુરી મુરત, અંબુજ લોચન એન;
કુટીલ કટાક્ષમેં કછુએક સુચવી, બોલીકે મંજુલ બેન. ચેટ૦ ૨
મોસું કહે ગેંદુ દે મેરી, આયો હું અબ લેન;
ગોરી તે ચોરી ધરી અંગીયામેં, કહા સમુઝાવતી સેન. ચેટ૦ ૩
સુની બતીયાં છતીયાં તરકાંની, તનમન વ્યાપ્યો મેન;
પ્રેમાનંદ ઘનશ્યામ પિયા બીના, પરત નાહીં પલ ચેન. ચેટ૦ ૪

પદ ૧૧૫૬ મું–રાગ વિભાસ કવિત

જાઓજ્યું જાઓજ્યું જુઠે બોલકે બોલેયા કહાના,
તુમકુંતો ઠગારે લાલ જાને હમ આજતે;

કાહેકું દીયોથો કોલ બોલકો ઠીકાનો નાહીં,
વાંહી કયું ન રહે કુર જાગે જહાં બિરાજતે.
અંજન અધરનપર ખંજનસે ચંચલ નેના,
રાતી નખરેખ ઉર લાગી કોન કાજતે;
પિતાંબર છાંડકે લીલાંબર ઓઢી આયે લાલ,
પ્રેમાનંદઉકે શ્યામ લાજે નાહીં લાજતે.

પદ ૧૧૫૭ મું

રહોજ્યું રહોજ્યું અનબોલે મત બોલો મોસે,
નખતેં સીખાલોં કીતવ કુરતે ભરેહો જ્યું;
મીઠે મીઠે બોલી બોલ ભલોહી મનાવો પ્યારે,
અંતરસોં ન્યારે કારે ખરેતે ખરેહો જ્યું;
જાનીજ્યું તિહારી પ્રીત પુરી ભરી પાયે મીત,
એસે નાંહી જાને સબ ધાતસેં ધરેહો જ્યું;
ભલેજ્યું ઠગારે પ્રેમાનંદઉંકે પ્યારે,
પ્રિતમ રસઉંકે લોભી લાલ લોભમેં પરેહો જ્યું.

પદ ૧૧૫૮ મું–રાગ વિભાસ

શ્યામા શ્યામ પ્રાત ઉઠકે દોઉ, અપનો અપનો સજત સિંગાર; શ્યામા૦ ટેક.
મોહન પહેરે મોતિનકી માળા, પ્યારીજ્યું પહેરે ચંદન હાર. શ્યામા૦ ૧
બાંધત પાઘ બનાયકે કેશવ, ધરત કલંગી અતિ છબીદાર;
ઉપરના ઓઢે કેશરિયો, પિતપટ પે'રે નંદકુમાર. શ્યામા૦ ૨
છુટે કેશ સંવારત શ્યામા, પે'રત કુંચુકી બેસર સાર;
ઓઢત નવરંગ ચુનર ઝીની, નિરખી લાજત અનંગ અપાર. શ્યામા૦ ૩
કર સિંગાર દંપતી દોઉ બેઠે, બિહરત રુચિ રુચિ કરી બહુ પ્યાર;
પ્રેમાનંદ જુગલકી શોભા, નિરખી રાખત નેનાઉમેં ધાર. શ્યામા૦ ૪

પદ ૧૧૫૯ મું

શ્યામા શ્યામ સેજ ઉઠી બેઠે, ઉદયે માનું જુગલ શશિ જોર; શ્યામા૦ ટેક.
એક શશિ હે શ્યામ ઘન જેસો, એક શશિકી ગતિ હે ગોર. શ્યામા૦ ૧

કરલે મુકર જુગ બદન બિલોકત, અંજન પીકલીક જુત
ચીતચોર;
છૂટી કચલટ લટકી જ્યું બદનપર, માનું દ્રવત હે શશિ
કલંક કઠોર. શ્યામા૦ ૨
ઉરઝી લટ કુંડલ બેસરસું, સુરઝાવત સખી મીલી જુગ ઓર;
ભયો એક ઠોર ચાર શશિ જોટા, કહા કહું ઉપમા
મતિ અતિ થોર. શ્યામા૦ ૩
યહ છબી અવિલોકત નિજજન મન, પ્રફુલિત ભયે જ્યું
કુમુદ ચકોર;
પ્રેમાનંદ ધનસ્યામ સુધાધર, આનંદદાયક નેનની મોર. શ્યામા૦ ૪

પદ ૧૧૬૦ મું

પ્રાત સમે શોભા અતિ અદ્‌ભૂત, અવિલોકત મનસિજ સકુચાયે; પ્રીત૦ ટેક.
ઉરઝ રહી બૈયાંમેં બૈયાં, કુંડલસું લટ લટ રહી ઉરઝાયે. પ્રીત૦ ૧
પિતપટસું નીલપટ ઉરઝાયો, હારઉમેં બનમાલા ઉરઝીહે આયે;
કામકે કોહોલ છૂટે સેજઉકે સુખ લૂટે, પ્યારે પ્યારીકી
છબી કહીહ ન જાયે. પ્રીત૦ ૨
આય સહચરી ગાય જગાવતી, ઉઠે શબ્દ સુની ત્રિભોવનરાયે;
અતિ આતુર ઓઢે નિલાંબર, પિતપટ પ્યારી અંગ રહ્યો
છબી છાયે. પ્રીત૦ ૩
વ્રજબનિતા અવિલોકી જુગલ છબી, હસતી પરસપર
અતિ મુદ પાયે;
સકુચાને ધનસ્યામ પિયા તબ, પ્રેમાનંદ લીયે ઉરમેં સમાયે. પ્રીત૦ ૪

પદ ૧૧૬૧ મું

સ્યામા સ્યામ બદન શોભાને, હરલીનો મનમથકો માન; શ્યામા૦ ટેક.
જુગલ શશિ માનું સોવત ઉઠે, તરુન મનોહર રુપનિધાન. શ્યામા૦ ૧
અતહિ અચંચલ શિથિલ સુધાધર, ગૌર સ્યામ જુગ
જન સુખખાન;

હસત પરસપર સુખમાં પ્રસરત, હરત તિમિર
નિજજન અજ્ઞાન. શ્યામા૦ ૨
શ્યામશશિસંગ શ્યામ શુક ખંજન, કુંદ પ્રવાલ અલિ
પરમ સુજાન;
ગૌરશશિસંગ ગૌર શુક ખંજન, કુંદ પ્રવાલ અલિ
ગુંજત ગાન. શ્યામા૦ ૩
અરુણ ઉદય નિરખી યહ શોભા, સકુચી સદન કીયો
મદન પ્રયાન;
પ્રેમાનંદ ઘનશ્યામ બદનકો, પ્રમુદિત ધરતહું નિશદિન ધ્યાન. શ્યામા૦ ૪

પદ ૧૧૬૨ મું—રાગ વિભાસ

કોન કામનીકે બસ ભયે હો શ્યામ, સગરી રેન જાગે વાહીકે ધામ; કોન૦ ટેક.
વાહીકો ગ્યાન ધ્યાન, હોત જીયા ગુલતાન, વાહીકો રટત
હો રસના નામ. કોન૦ ૧
રતિરસ લુબ્ધ, અરુન દ્રગ ખંજન, અંગ અંગ ચિહ્ન
અંકિત અભિરામ;
ઉર નખરેખા, કપોલ પીકલેખા, પ્રેમાનંદકે પ્રભુ જીતી આયે કામ. કોન૦ ૨

પદ ૧૧૬૩ મું

કોન માનનીકે મન માને હો પીયા, સગરી રેન કહાં જાગે હો પ્યારે; કોન૦ ટેક.
હમકું જ્યું દેકે કોલ, જાગે ઓરઉંકે મોહોલ, સબ નિશ
બીતી મોય ગીનત તારે. કોન૦ ૧
વાહીપે જાઓ નાથ, જાકે સંગ જાગે રાત, વાહીકો મનાવો
ભલો નંદદુલારે;
પ્રેમાનંદઉંકે નાથ, જાનીજ્યું તિહારી બાત, અંતરસું ન્યારે
કારે મિત્ર હમારે. કોન૦ ૨

પદ ૧૧૬૪ મું

જાગે હો તમાસેમેં, જાગે ખેલ પાસેમેં, કાહેતેહું નિંદે નેના
આલસ ભરેહો; જાગે૦ ટેક.

સાચી કહો મોસું પિયા, થરથર હોત હિયા, કોન સંગ
જાગે કહાં અઢર ઢરેહો. જાગે૦ ૧
શિથિલ શ્રમીત અંગ, જીતેહો બીજેઈ જંગ, દેખીયત પ્રગટ
કઉ કુપેચ* પરેહો;
અધર અંજન પીકલીક, ઉર નખરેખા, પ્રેમાનંદ કહે
રતિનાથસું લરેહો. જાગે૦ ૨

પદ ૧૧૬૫ મું

કાહુકે ભોરાયે ઉઠી આયેહો રસિક પીયા, જાતઉતે ઓર
ઠોર ભૂલ ગયે ગેલવા; કાહુ૦ ટેક.
નીલપટ અંગ નયો, પિતપટ કહા ભયો, સબ અંગ શિથિલ
શ્રમીત રંગ છેલવા. કાહુ૦ ૧
શ્રમજલભર ઉર, સોહાત હો સુખપૂર, સોંધે કીત રંગ
અંગ ઉઠે રંગરેલવા;
બોલો તોતરીસી બાની, પ્રેમાનંદ મનમાની, ભલે જ્યું
સનેહી પ્રાત આયે અલબેલવા. કાહુ૦ ૨

પદ ૧૧૬૬ મું-રાગ વિભાસ પ્રભાતી

જોઇને જાદવરાય મુને લાલચ લાગીરે; એ ઢાળ છે.
શોભાસાગર શ્યામ તમારી, મૂરતિ પ્યારીરે;
મૂરતિ પ્યારીરે, નાખું મારા પ્રાણુ વારીરે; શોભા૦ ટેક.
સુંદરતા જોઈ મુખની, શશિ સુર લજાઇરે;
મુખ દેખાડી નવ શક્યા, વસ્યા ગગન જાઇરે. શોભા૦ ૧
માન હણ્યું મણિધરનું, શિખા કેશ કાળેરે;
અવનિ ઉપર રહી નવ શકયા, ગયા પાતાળેરે. શોભા૦ ૨
ચંચલ લોચન જોઇને, લજ્યા પામ્યાં તીનરે;
ખંજન કુરંગ વન વસ્યા, જલ બૂડ્યાં મીનરે. શોભા૦ ૩

---

* "કઉકુ પેચ પરેહો" "કઉકુંપે ચપરેહો" પાઠ સ્પષ્ટ સમજાતો નથી.

ચાલ ચતુરાઈ જોઇને, ગજ કહે ધિક્કારરે;
પ્રેમાનંદકે શિર નાંખે, ધૂલ વારવારરે. શોભા० ૪

પદ ૧૧૬૭ મું

વહાલી લાગે વાલમ તારા, મુખની વાણીરે;
મુખની વાણીરે, શ્રવણે સુણી લોભાણીરે. વહાલી० ટેક.
મુખની વાણી સાંભળી, તજી ચંચલતાઇરે;
થીર થઇને સેવે, ચરણ રમા ડાહીરે. વહાલી० ૧
મુખની વાણી સાંભળી, રાચ્યા સુંદર રુપેરે;
જગત સુખને પરહરિ, લીધા ભેખ ભુપેરે. વહાલી० ૨
વાણી સાંભળી સનકાદિકે, લીધી હૈયે ધારીરે;
ઘરથી ઘર ન માંડ્યાં, રહ્યા બ્રહ્મચારીરે. વહાલી० ૩
મુખની વાણી સાંભળી, મ્હારે પ્રીત બંધાણીરે;
પ્રેમાનંદ કે' તન મન, કરું કુરબાણીરે. વહાલી० ૪

પદ ૧૧૬૮ મું

ઓરા આવો છેલ તમારું, છોગલું જોવુંરે;
છોગલું જોવુંરે છેલા, મ્હારા મનમાં પ્રોવુંરે; ઓરા० ટેક.
છોગલું તારું અટક્યું, મ્હારા ઉરમાં આવીરે;
મોહન તારી મૂરતિ, મ્હારા મનમાં ભાવીરે. ઓરા० ૧
મુખતણે મરકલડે, મુને ઘેલડી કીધીરે:
સામું જોઈ તમે શામળા, સુધ બુધ લીધીરે. ઓરા० ૨
સુધ ભુલી શરીરની, દિલ કયાં ન ગોઠેરે;
મનડું વિંધ્યું માહેરું, નેણાની ચોટેરે. ઓરા० ૩
એટલું હવે કરજો, માણીગર માવારે;
પ્રેમાનંદના નેણામાં, રહો આવાને આવારે. ઓરા० ૪

પદ ૧૧૬૯ મું

કહાન તમારે કારણે હું તો, ઘેલડી ડોલુંરે;
ઘેલડી ડોલુંરે, તમ વિના બીજું ન બોલુંરે; કહાન० ટેક.

લોકડીયાંની લાજ મેલી, સંસારથી તોડીરે;
મન કર્મ વચને માવજી, તમ સાથે જોડીરે. કહાન૦ ૧
બીક મેં તો સંસારની સરવે, કાઢી બારીરે;
રાજીવ લોચન રસિયા, થઈ રહી તમારીરે. કહાન૦ ૨
તમે મ્હારા તમારી હું, દુરિજન જાણેરે;
પ્રીતમ વાતું પ્રીતની, નવ મળે નાણેરે. કહાન૦ ૩
રાજી રહેજો રસિયા, કેવું ઘટે તે કહેજોરે;
પ્રેમાનંદના નાથજી, દરશન દેજોરે. કહાન૦ ૪

પદ ૧૧૭૦ મું–રાગ વિભાસ

આવો જ્યું બિરાજો કહાના મોરે નેના આગે; આવો૦ ટેક.
નિરખી કમલમુખ ઉપજત અતિ સુખ;
દુઃખકે સમુહ દેખી ઉરહુંસે* ભાગે. આવો૦ ૧
રૂપકી અનુપમતાઈ દેખી મન લાગ્યો ધાઈ;
નેના તો અરુન લાલ કહો કહાં જાગે. આવો૦ ૨
બોલો તોતરીસી બાની રેનકી નિશાની જાની;
અધર અંજન કપોલન પીક દાગે. આવો૦ ૩
સાચી કહો શ્યામ અનુરાગે કોનઉકે ધામ;
એહી છબી રહો ઉર પ્રેમાનંદ માગે. આવો૦ ૪

પદ ૧૧૭૧ મું

વારી હું બિહારી કહો રેનહુંકી બાતે; વારી૦ ટેક.
નેના તો રસાલહે ગુલાલઉતે આછે લાલ;
છૂટે પેચ પાઘઉકે બેન તોતરાતે. વારી૦ ૧
શ્રમજલ ભીનો પટ મોતીમાળા સોહે તટ;
સોંધિકી સુગંધ શ્યામ આવતહેં ગાતે. વારી૦ ૨
જીતેહો બીજેઈ જુધ નાહીં તનઉકી સુધ;
ઉર નખરેખ લાગી બિલસેંહો જાતે. વારી૦ ૩

* "દુરહુંસેં" એવો પાઠાન્તર છે.

પુછત સહેલી સાથ પ્રેમાનંદઉંકે નાથ;
આયેહો સનેહિજુ તરત ઉઠી પ્રાતે. વારી૦ ૪

પદ ૧૧૭૨ મું

રાતી રાતી રેખેં દેખેં ઉપજત ચેન; રાતી૦ ટેક.
ભોંહેતો કુટીલ વિલુલિત કચ સોહે લટ;
પ્રફુલિત પ્રાત દોઉ પંકજ નેન. રાતી૦ ૧
ચારુ ચિતવનીપર વારુ કોટી કામ ફેર;
મીન રુ મધુપતે ચંચલ સુખદેન. રાતી૦ ૨
વિચમેં હે સ્યાહી કારી મોહી યાસું વજનારી;
યામેં સામ દામ ગુન રહતહેં એન. રાતી૦ ૩
કુશળ કટાક્ષજુતે ભીજ રહે નેહઉતે;
પ્રેમાનંદ વારી ચિતવત દિનરેન. રાતી૦ ૪

પદ ૧૧૭૩ મું

નિરખી બદન કરું પ્રાન કુરબાન; નિરખી૦ ટેક.
આવો જ્યું બિહારી લાલ સોહે ગજગતિ ચાલ;
ભાલ તો વિશાલ દેખી ભઈ ગુલતાન. નિરખી૦ ૧
બાંકે પેચ પાઘઉંકે ભોંહપર આઈ ઝુકે;
મોતીકી અનુપ જ્યોતિ સોહતહેં કહાન. નિરખી૦ ૨
બોલત મધુરી બાની ચિતવની મનમાની;
હસતહો મંદ મંદ ચતુર સુજાન. નિરખી૦ ૩
નંદકે આનંદ કંદ બાંધે ભુજ બાજુબંધ;
પ્રેમાનંદ વારી અંગ કોટી શશિ ભાન. નિરખી૦ ૪

પદ ૧૧૭૪ મું–રાગ ભૈરવ

છબી સાંવરી છબી સાંવરી, એરી મેરે દિલમેં
બસી હે નટવર ગોકુલરાવરી; છબી૦ ટેક.
તન તમાલ લાલ ચાલ ચલે ઉતાવરી;
એરીએ સુરતિ સંગ અતિ ઉમંગ વ્રજમેં આવરી. છબી૦ ૧

કટિતટ પટ પીત ઓઢે કારી કાવરી;
એરી ઘનશ્યામ સુંદર બંસી અધરધર બજાવરી. છબી૦ ૨
કર અલાપ ત્રિવિધ તાપકું સમાવરી;
એરી બ્રજનારી વારી તન મન ધન કંઠ લગાવરી. છબી૦ ૩
શિવ વિરંચી મહામુનિકે ધ્યાન નાવરી;
એરી પ્રેમાનંદ પુરનકામ નિરખી સુખ પાવરી. છબી૦ ૪

પદ ૧૧૭૫ મું

નંદલાલસોં નંદલાલસોં, એરી મોરી પ્રીત લગી હે;
રસિયા રૂપ રસાલસોં; નંદ૦ ટેક.
લટક લટક આવત લાલ ગતિ મરાલસોં;
એરી મેરા મન લોભાનો ચીત ચોરાનો ચટક ચાલસોં. નંદ૦ ૧
લોચન વિશાલ લલિત તિલક ભાલસોં;
એરી હું થકીત લખીત કુંડલકી ઝલક ગાલસોં. નંદ૦ ૨
મધુર અધર સહિત અરુણ વર પ્રલાપસોં;
એરી શુભ ઉન્નત ઉર લસીત સઘન જલજ માલસોં. નંદ૦ ૩
હરખીત હું ધાય જાય મીલી ગોપાલસોં;
પ્રેમાનંદ નિરખી હરખી ભયો નિહાલસોં. નંદ૦ ૪

પદ ૧૧૭૬ મું–રાગ ભૈરવ

મૈયા તેરા લાલ બરજોરી, બછરુ છોરી ધવાય દીન; મૈયા૦ ટેક.
બછરુ ધવાયે બાલ રોવાયે, લે ચુંટી નખસોંરી;
ભાજન ભાંગી કુલેરા કીને, દધીકી મથનીયાં ફોરી. મૈયા૦ ૧
આજ મેં આય અચાનક પકર્યો, કરતે માખન ચોરી;
દધી કુલા મેરી આંખમેં ડારકે, ભજ્યો કુંજકી ઓરી. મૈયા૦ ૨
ઓર કામ યાકે કછુ નાહીં, ભોરહિં આવત દોરી;
પ્રેમાનંદકો નાથ નીઠુરતર, ના માને કાઉંકોરી. મૈયા૦ ૩

પદ ૧૧૭૭ મું

લાલ તરી લેઉરે બલૈયા, બલૈયા મેરા સુખદૈયા; લાલ૦ ટેક.

બલજાઉં તમ કાહેકું કરત હો, ચોરી કર્મ કનૈયા;
ગ્વાલની આયકે નિત્ય ઝગરત હે, કહત જસોદા મૈયા. લાલ૦ ૧
કોન કમી અપને ઘર મોહન, માખન ગોરસ મીઠૈયા;
ખાઓ ખીલાવો* જીતનો ચેયે, તુમ હલધર દોઉ ભૈયા. લાલ૦ ૨
તનીએક ગોરસ માખન કારન, ઘર ઘર નાચ નચૈયા;
પ્રેમાનંદકે નાથ તિહારી, એ કહા ટેવ પરૈયા. લાલ૦ ૩

પદ ૧૧૭૮ મું

પ્યારે તેરે મુખપર વારી, વારી જાઉં મોરે મોહન લાલ; પ્યારે૦ ટેક.
યાંહી ખેલો મોરે નેનની આગે, લરીકનકે સંગ બિહારી;
નિરખું બાલ વિનોદ તિહારે, સુંદર સુત સુખકારી. પ્યારે૦ ૧
ગજગતિ ચલની સિંધાવલોકની, મૃદુ મુસકની મોરારી;
પ્રેમપુલકી નિરખું લોચન ભરી, પલક દ્વંદ જુગ ટારી. પ્યારે૦ ૨
પૈરો બસન જરીકે મોહન, ઉરપર હાર હજારી;
પ્રેમાનંદ નિરખી છબી સુંદર, રાખત ઉર નિત્ય ધારી. પ્યારે૦ ૩

પદ ૧૧૭૯ મું

મોહનાને મન હરલીનો, જાદુગારે ચીત ચોર ચોર; મોહ૦ ટેક.
મોહની લગાયકે મન હરલીનો, કહા જાનું કછુ કીનો;
છીન એક જીયતે બિસરત નાહીં, રસિક છેલ રંગભીનો. મોહ૦ ૧
હસી મુસકાયકે નેહસું બોલાયકે, પાનનમેં કછુ દીનો;
તબતે જીયરા ફટકી ગયો હે, ચેન નાહિં પલ છીનો. મોહ૦ ૨
બીનું દેખે બિરહા તન તાવત, દેખે હરખ નવીનો;
પ્રેમાનંદ મગન હોઈ ડોલત, ચરન કમળ રસ પીનો. મોહ૦ ૩

પદ ૧૧૮૦ મું-રાગ ભૈરવ પ્રભાતિ

કીજીયે ધ્યાન શ્રીધર્મના કુંવરનું,
સર્વ પેહેલા ઉઠી પ્રાત કાળે; કીજીયે૦ ટેક.

---

* "ખીલાવો, ખીયાવો, ખીદાવો" પણ વાંચી શકાય છે.

નિરખીએ રૂપ નખશિખ મહારાજનું,
વાસના અશુભ તત્કાલ ટાળે. ફીજીયે૦ ૧
સંત હરિભક્ત સૌ ઉંઘ આલસ તજી,
ચિતવીયે ચરણુ અતિ પ્રીત આણી;
નિરખીયે નખમણિ સીમા શોભાતણી,
દુર્લભ દેવને એમ જાણી. ફીજીયે૦ ૨
જમણા તે ચરણુના અંગુઠા ઉપરે,
નખમાંહી ચિહ્ન તે જોઈ રે'વું;
ચિહ્નપર રક્ત રેખા અતિ શોભતી,
મન તેમાં લઈ પ્રોઈ દેવું. ફીજીયે૦ ૩
અંગુઠા આંગલિયું ઉપરે કેશ છે,
સૂક્ષ્મ ચિહ્ન છે ચાખડીના;
અંગુઠા પાસની આંગલીયે તીલ છે,
પ્રેમાનંદની જોયેલ આંખડીના. ફીજીયે૦ ૪

પદ ૧૧૮૧ મું

મંગલમૂળ મહારાજના ચરણુ છે,
ચિતવતા ચિત્તમાં શાંતિ થાયે; મંગલ૦ ટેક.
કામ ને ક્રોધ મદ લોભ વ્યાપે નહીં,
ઉરથકી સરવ અજ્ઞાન જાયે. મંગલ૦ ૧
જુગલ પદતલ વીશે ષોડશ ચિહ્ન છે,
નામ તેનાં હવે કહું વિચારી;
સ્વસ્તિ જવ જાંબુ ધ્વજ અંકુશ અંબુજ,
અષ્ટકુણુ વજ્ર ઉર્ધ્વરેખ પ્યારી. મંગલ૦ ૨
નવ ચિહ્ન ધારવાં જમણા તે ચરણુમાં,
વામ પદમાં બીજાં સાત શોભે;
મીન ત્રિકુણુને વ્યોમ ગોપદ કલશ,
અર્ધચંદ્ર ધનુષ ચિત્ત લોભે. મંગલ૦ ૩

જમણા તે ચરણની આંગળી છેલીએ,
તીલ એક અનુપમ આનંદકારી;
પાનીયું સુંદર ઘુંટી પિંડીપર,
પ્રેમાનંદ તન મન જાય વારી. મંગલ૦ ૪

પદ ૧૧૮૨ મું

નિરખતા નાથની જાનું છબી જીવમાં,
સુખ થાયે દુઃખ સહુ દૂરમાં વામે; નિરખતા૦ ટેક.
જમણી સાથલવિષે ચિહ્ન એક અનુપમ,
ચિંતવતાં ભક્ત મન મોદ પામે. નિરખતા૦ ૧
કેળના થંભ જેવા સાથળ સુંદર,
ગરૂડની પીઠ પાવનકારી;
કટિતટ પીતપટ કસ્યો કરુણાનિધિ,
શ્યામ શોભા કટી લાગે પ્યારી. નિરખતા૦ ૨
નલિન સમ નાભીપર ત્રિવલી છબી ઉદરમાં,
ઉન્નત ઉરમાંહી કેશ સોહે;
સ્તનપર શ્યામ છાપનાં ચિહ્ન છે,
તીલ એક ઉરવિષે ચિત્ત મોહે. નિરખતા૦ ૩
ઉરવિષે કૌસ્તુભ શ્રીવચ્છ ચિહ્ન છે,
વિનગુણ હારની શોભા સારી;
દક્ષિણ બાહુને નિકટ તીલ ચાર છે,
પ્રેમાનંદ જોઈ જોઈ જાય વારી. નિરખતા૦ ૪

પદ ૧૧૮૩ મું

અશરણશરણ ભુજ દંડ મહારાજના,
ચિહ્ન તેમાં હવે કહું વખાણી; અશરણ૦ ટેક.
ભુજામાં છાપનાં ચિહ્ન છે સુંદર,
કહોણીયું શ્યામ સુખધામ વાણી. અશરણ૦ ૧
પોંચાથી ઉપર છાપનાં ચિહ્ન છે,
કાંડાં છે કઠણ બળવાન ભારી;

કરભપર કેશ છે હથેલી રાતીયું,
રાતી રેખા તેમાં ન્યારી ન્યારી. અશરણ૦ ૨
રાતી છે આંગલીયું રાતા છે નખમણિ,
ઉપડતા તીખા અતિ જોયા જેવા;
એવા જે કરવર ધરત જન શિરપર,
આતુર અભય વરદાન દેવા. અશરણ૦ ૩
જાનુ પરજંત ભુજ સરસ ગજસુંડથી,
ભક્તને ભેટવા ઉભા થાયે;
એવા ઘનશ્યામની ભુજ છબી ઉપરે,
પ્રેમાનંદ તન મન વારી જાયે. અશરણ૦ ૪

પદ ૧૧૮૪ મું

ચિતવીએ ચિહ્ન મહારાજના અંગમાં,
ભક્તજન ભાવસું વારવાર; ચિતવીએ૦ ટેક.
વામ ભાગે વળી કંઠને ભુજ વચ્ચે,
ચૌદ તીલ સૂક્ષ્મ સરસ સાર. ચિતવીએ૦ ૧
ડાબે પડખે વળી નવ તીલ નૌતમ,
ત્રણ તીલ કાખમાં કહું છું જોઈ;
એક તીલ અનુપમ કંબુ કંઠને વીચે,
નિરખતાં ભક્ત મન રે'છે મોઈ. ચિતવીએ૦ ૨
ચિબુકને અધરપર કેશ રેખા છબી,
અધર પ્રવાલ જોઈ ચિત્ત લોભે;
કુંદની કળીસમ દીપ દશનાવળી,
કનકની રેખમાંહી સરસ શોભે. ચિતવીએ૦ ૩
ડાઢમાં ચિહ્ન છે શ્યામ સોહામણાં,
મંદ મુખહાસ જોઈ લાજે કામ;
ઘેર સાદે કરી બોલતા વચન હરિ,
પ્રેમાનંદનો સ્વામિ ઘનશ્યામ. ચિતવીએ૦ ૪

પદ ૧૧૮૫ મું

વારી જાઉં વારણે વદન શશિ ઉપરે,
નિરખતાં નેણુ નથી તૃપ્ત થાતાં; વારી૦ ટેક.
અમૃત વૃષ્ટિ કરે તાપ તનના હરે,
હરે હરે કહી હરિ છીંક ખાતાં. વારી૦ ૧
શોભા તે શી કહું નાસિકા શુકતણી,
ગોળ કપોલ બહુ લાગે રૂડા;
નાસિકા ઉપર શીળીનાં ચિહ્ન છે,
ચીતવતાં ઘાટ નવ થાયે કૂડા. વારી૦ ૨
જમણા કપોલમાં મોટો એક તીલ છે,
તીલ એક મોટો છે ડાબે કાને;
જે જન નિરખીને ધારી લે ચિત્તમાં,
તે નવ પડે માયા કાળ પાને. વારી૦ ૩
કાન વિંધ્યા તેનાં ચિહ્ન છે સુંદર,
ચંચલ દ્રગમાંહી રેખ રાતી;
પ્રેમાનંદ મીન અલિ ખંજન વારું લઈ,
ઉપમા દેવા નથી બુદ્ધિ થાતી. વારી૦ ૪

પદ ૧૧૮૬ મું

ભક્ત મનરંજન ભ્રકુટી ઘનસ્યામની,
કામની જેઇને મત થાય ઘેલી; ભક્ત૦ ટેક.
ભ્રકુટીને હેઠે ને નેત્રની ઉપરે,
રેખા ઉઠે અતિ રસ ભરેલી. ભક્ત૦ ૧
ભાલ વિશાળમાં પંચ રેખા ઉઠે,
ઉભી છે બે ને ત્રણ ચંદ્રાકાર;
જમણી કોરે એક ચિહ્ન છે ભાલમાં,
ભક્તજન નિરખે તે વારમવાર.* ભક્ત૦ ૨

---

* "વારવાર" પાઠાન્તર.

સુંદર મસ્તક શ્રીમહારાજનું,
શિખા સુંદર જેમાં જોઇજ રહીએ;
ત્રણ તીલ છે વળી શિખાને પાસલે,
વામ ભાગે તેને ધારી લઇયે. ભક્ત૦ ૩
મોટો એક તીલ છે વામ વાંસામાંહી,
મોટો એક કેશ છે તેને પાસે;
જમણા વાંસામાંહી આઘો એક તીલ છે,
પ્રેમાનંદ નિરખંતા દુઃખ નાસે. ભક્ત૦ ૪

પદ ૧૧૮૭ મું

નખશિખ નિરખીને ચિહ્ન વર્ણન કર્યાં,
સંત હરિભક્તને નિત્ય ગાવા; નખ૦ ટેક.
ભક્તના ઉર વિશે શ્રીમહારાજની,
સુંદર મૂરતિ સાક્ષાત થાવા. નખ૦ ૧
પુષ્પના ભૂષણ વસન મહારાજના,
એક પદમાં હવે કહું વખાણી;
ઉજવલ પાઘ શિર શ્વેત પટકો ખભે,
શ્વેત ધોતી પેરી પ્રિત આણી. નખ૦ ૨
પુષ્પના હાર ઉર કંકણ પુષ્પના,
પુષ્પના બાજુને બાંધ્યા બાંહે;
પુષ્પના ગુચ્છ તે ખોસ્યા બે કાનમાં,
તોરા લટકે સુંદર પાઘ માંહે. નખ૦ ૩
એ પદ જે કોઈ શિખે ને સાંભળે,
એ છબીનું નિત્ય ધ્યાન ધરશે;
પ્રેમાનંદ કહે તેના ઉરમાં આવીને,
સ્વામિ સહજાનંદ વાસ કરશે. નખ૦ ૪

પદ ૧૧૮૮ મું-રાગ ભૈરવ પ્રભાતી

પ્રાતસમે શ્રીસહજાનંદની, મૂરતિ મનમાં ધારુંરે; પ્રાત૦ ટેક.
નખશિખ નિરખી રૂપ અનોપમ, અંતરમાં ઉતારુંરે. પ્રાત૦ ૧

રૂપાળા બહુ રાજીવ લોચન, આવી વસ્યા મન મોરેરે;
પુષ્ટ તરુણુ તન ભીંને વાને, હંસગતિ ચીત ચોરેરે. પ્રાત૰ ૨
અંગોઅંગ અનોપમ ઝીણુા, શ્વેત વસ્ત્ર બહુ શોભેરે;
પુષ્પતણુા આભૂષણુ જોઈ જોઈ, ભક્તતણુા મન લોભેરે. પ્રાત૰ ૩
મેઘ સરીખેરે ઘેરે સાદે, બોલતાં બહુનામીરે;
ભક્ત મનોરથ પૂરણુ કરતા, પ્રેમાનંદના સ્વામિરે. પ્રાત૰ ૪

પદ ૧૧૮૯ મું

પ્રાતસમે શ્રીસ્વામિજીનાં, ચરણુ ચિહ્ન ચિતવિયેરે; પ્રાત૰ ટેક.
સ્વસ્તિ જવ જાંબુ ધ્વજ રેખા, અંતરમાં ગોઠવિયેરે. પ્રાત૰ ૧
કુલીશ કમલ અંકુશ અષ્ટખુણુ, જમણે ચરણે સંભારુંરે;
વામ પદે મચ્છ ત્રિખૂણુ કલશ ખરી, વ્યોમ ધનુષ શશિ ધારુંરે. પ્રાત૰ ૨
જમણે ચરણે અંગોઠા ઉપરે, નખમાંહી ચિહ્ન જોઇરે;
પે'લી ને છેલી આંગળીએ, તીલ તેમાં રાખું મન ઠોઈરે. પ્રાત૰ ૩
રાતા ને ચડિયાતા નખ દશે, આંગળિયુના જેવુંરે;
પ્રેમાનંદ જોઈ પાની ઘુંટી, પિંડીમાં મન પ્રોવુંરે. પ્રાત૰ ૪

પદ ૧૧૯૦ મું

પ્રાતસમે ઉઠી પુરુષોત્તમની, મૂરતિમાં મન ધરિયેરે; પ્રાત૰ ટેક.
એ અવસર જે આડ કરે તે, પાપ જાણી પરહરિયેરે. પ્રાત૰ ૧
જાનું જુગલ જોઇને સુંદર, સાથળ શોભા સારીરે;
વામ સાથળમાં ચિહ્ન એક નિરખું, શ્યામ કટિ લાગે પ્યારીરે. પ્રાત૰ ૨
કમળ સરિખી નાભી ઉંડી, ત્રિવળી ઉદરમાંહીરે;
ચડિયાતી છાતીમાં સુંદર, છાપ ચિહ્ન સુખદાઇરે. પ્રાત૰ ૩
ગજની સુંડ સરીખા ભુજદંડ, શોભાના ભંડારરે;
પ્રેમાનંદ કહે મનમાં ધારું, કરવર અભય ઉદારરે. પ્રાત૰ ૪

પદ ૧૧૯૧ મું

પ્રાતસમે ઉઠી સુંદર મુખની, શોભા મનમાં સંભારુંરે; પ્રાત૰ ટેક.
તન મન ધન શ્રીપુરુષોત્તમના, વદનકમળપર વારુંરે. પ્રાત૰ ૧

અધર બિંબફળ દસન કુંદકળી, નાસાશુક ચીત ચોરેરે;
ગોળ કપોલે શોભે સુંદર, તીલ એક જમણી કોરેરે. પ્રાત૦ ૨
લોચન લાલ કમળદળ સરખાં, રેખા માંહી રૂપાળીરે;
ભ્રકુટી કુટીલ વિશાળ ભાલમાં, તિલક કેસર મરમાળીરે. પ્રાત૦ ૩
સુંદર મસ્તક શિખા મનોહર, સંભારું હું જ્યારેરે;
પ્રેમાનંદ કહે સ્વામિ મારા, સદા દેખાજો ત્યારેરે. પ્રાત૦ ૪

પદ ૧૧૯૨ મું–રાગ રામકલી ઠુમરી

રસિક બર રાત સારી કહાં જાગે, કહાન કહાં અનુરાગે; રસિ૦ ટેક.
શ્રમજળ શીકત કલેવર સુંદર, અંગ અરગજે બાગે.* રસિ૦ ૧
ઉર નખરેખ અધરપર અંજન, કપોલન પીકલીક દાગે. રસિ૦ ૨
રેન કેઉ નિંદે લાલ શોભીત દ્રગ ભાલ, છુટે પેચ છબી પાગે. રસિ૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ પિયા છબી, નિરખી નિરખી દુઃખ ભાગે. રસિ૦ ૪

પદ ૧૧૯૩ મું

પરે આજ કોનકે બસ પ્યારે, કહોજી કહો કહાન કારે; પરે૦ ટેક.
આવન કહ ગયે અંતન વિલમી રહે, ભલે તુમ છેલ ઠગારે. પરે૦ ૧
તુમ કારન હુંતો સબ નિશ જાગી, રેન ગીનત ગઈ તારે. પરે૦ ૨
શિથિલ શ્રમીત અંગ શોભીત નવરંગ, રસિક નેના રતનારે. પરે૦ ૩
પ્રેમાનંદકે નાથ જાની જું તિહારી ઘાત, નટવર નંદદુલારે. પરે૦ ૪

પદ ૧૧૯૪ મું

સુંદર છબી સાંવરેકીરે, છેલ કુંવર બાવરેકી; સુંદર૦ ટેક.
કહા બરનું છબી કહી ન જાઈ, રાજકુંવર રાવરેકી. સુંદર૦ ૧
લટપટી પાઘ લટક રહી ભોંહપર, ભાત અનોખી આવરેકી. સુંદર૦ ૨
ચિતવનીમેં સકલ ત્રિયા મોહી, વાવરે ગોકુલ ગાંવરેકી. સુંદર૦ ૩
પ્રેમાનંદ કહે બસ ગઈ દીલમેં, ચલની નંદદાવરેકી. સુંદર૦ ૪

પદ ૧૧૯૫ મું

વદનપર વારી ડારુંરે, રતિપતિ લાખ હજારું; વદ૦ ટેક.
શ્રીઘનશ્યામ માધુરી મૂરત, રૂપ રાશિ સકુમારું. વદ૦ ૧

* "વાઘે" પાઠાન્તર.

રસભરી ચલની રસભરી ચિતવની, રસિક નેનાં રતનારું. વદ૦ ૨
મુસકની મંદ મધુરી મીઠી બોલની, ચંચલ ચિતવની ચારું. વદ૦ ૩
પ્રેમાનંદ કહે મીલું દોરીકે, ગ્રહી કર અભય ઉદારું. વદ૦ ૪

પદ ૧૧૯૬ મું—રાગ રામકલી

નેના રંગીલે નાથ તિહારે, રસકે ભરેહે રતિપતિસું જ્યો લરેહે; નેના૦ ટેક.
અતહિં વિશાળ અરુન બીચ રેખે, રેન કેઉં નિંદે પલકે ઢરેહે. નેના૦ ૧
શિથિલ શ્રમીત ચંચલતારે તજકે, માનું ખંજન પીંજરા પરેહે. નેના૦ ૨
જીત્યો જંગ રજની રતિવરસું, ગરવ ભરે માનું મત્ત જ્યું ફરેહે. નેના૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામકે નેનાં, સુંદરતા ત્રિભોવનકી હરેહે. નેના૦ ૪

પદ ૧૧૯૭ મું

શ્યામ સનેહી કોનસંગ જાગે, કહાં અનુરાગે,
રજની કહાં જ્યું બિહાની; શ્યામ૦ ટેક.
પ્રેમકી બતિયાં કહેકું ઉરાત*, રહો જ્યું પીયા સબહી હમ જાની. શ્યામ૦ ૧
શિથિલ શ્રમીત અંગ રાતેરે નેનાં, અધર અંજન મુખ
તોતરીસી બાની. શ્યામ૦ ૨
મદનકે શર છૂટે સેજઉંકે સુખ લૂટે, ઉરમેં પ્રગટ
નખક્ષતકી નિશાની. શ્યામ૦ ૩
પ્રેમાનંદકે પીયા તોસેં કોન જોરે જીયા, સબ કુટિલાઈ
નખશિખ લોં સમાની. શ્યામ૦ ૪

પદ ૧૧૯૮ મું

આજ અનોખીરી સુંદરતાઈ, કહીહ ન જાઈ, નેના રહત લોભાઈ; આજ૦ ટેક.
કહા બરનું છબી સ્યામ સુંદરકી, બરનત શેષ સારદ સકુચાઈ. આજ૦ ૧
રૂપમની માનુ રૂપસુધાતે, નિકસી બાહર ખેલન આઈ. આજ૦ ૨
અંગ અંગ પ્રતિ સકલ સુભગતા, પ્રગટ ભઈ અતહી અકુલાઈ. આજ૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ મૂરતિ, અખંડ રહો મોરે ઉરમેં સમાઈ. આજ૦ ૪

---

* "કહે કઉં રાત" "કાહેકું ઉરાત" એમ પણ વાંચી શકાય છે.

પદ ૧૧૯૯ મું

પ્રાતસમે સખી નિરખોરી પ્યારો, પીતપટવારો નવરંગ
નેનાકો તારો; પ્રાત૦ ટેક.
અરુનોદયે શ્યામ શોભારે બરનું, છાય રહ્યો પ્રેમ અંગ
અંગ ન્યારો. પ્રાત૦ ૧
લટપટી પાઘ શિર નીલાંબર ઓઢે, ઉર નવસરિયો હાર લે ધારો. પ્રાત૦ ૨
શ્રમજલ કરન ભર બદન કમલ છબી, નેના શિથિલ
કપોલની પીકગારો૦ પ્રાત૦ ૩
પ્રેમાનંદ છબી નિરખી હસત સખી, સકુચી ઠાડો
ત્રિભોવનકો ઉજારો. પ્રાત૦ ૪

પદ ૧૨૦૦ મું–રાગ રામકલી

અરુન ઉદયે ઉઠે પ્રિતમ પ્યારી, શ્રીનંદલાલ બ્રખુભાન દુલારી; અરુ૦ ટેક.
કુંડલમેં ઉરઝ રહી વર લરલટ, બેસરમેં ઉરઝીહે પાઘ કિનારી. અરુ૦ ૧
ઉરઝ રહ્યો નિલપટ પિતપટસું, હારઉમેં બનમાલા ઉરઝીહે ભારી;
સુરજાવતી લલિતા સખી ચતુરા, પ્રેમાનંદ નિરખી બલહારી. અરુ૦ ૨

પદ ૧૨૦૧ મું

અરુન ઉદયે દોઉ કરત સિંગાર, નિરખી રતિપતિ કોટિ બલિહાર; અરુ૦ ટેક.
રસકી રાશી રસિક રાધિકા, રૂપનિધિ પિયા નંદકુમાર. અરુ૦ ૧
અપને અપને અંબર ભૂખન, પે'રે રુચિ રુચિ સુભગ સુધાર;
પ્રેમાનંદ પ્રભુ લે કર દરપન, નિરખે બદનવિધુ કરી કરી પ્યાર. અરુ૦ ૨

પદ ૧૨૦૨ મું

અરસ પરસ દોઉ હોત ગુલતાન, નિજ નિજ મુખકો
કરત બખાન; અર૦ ટેક.
શ્યામ બદન તિહારો મોહન, ગૌર બદન મેરો ચંદ્ર સમાન. અર૦ ૧
ગૌર ચંદ્ર કલંક જુત પ્યારી, શ્યામ જલદ કરે સબ દુઃખ હાન;
પ્રેમાનંદ બિનોદ બચન કહી, હસત હસાવત રૂપનિધાન. અર૦ ૨

પદ ૧૨૦૩ મું

રૂપ અનોપમ સુંદર જોરી, શ્રીઘનશ્યામ રાધિકા ગોરી; રૂપ૦ ટેક.

રૂપ છટા નિરખી દંપતિકી, રતિપતિ આયેકે ચરન પર્યોરી. રૂપ૦ ૧
રતન સિંધાસન ઉપર રાજત, નંદકુંવર બ્રખુભાનકિશોરી;
પ્રેમાનંદ એ લાલ લાડીલી, અખિલભુવનકી હે જીવનદોરી. રૂપ૦ ૨

પદ ૧૨૦૪ મું–રાગ રામકલી પ્રભાતી

નાથજી નિરખીને મારાં લોચન લોભાણું,
મોહનજીની મૂરાતમાં મારાં મનડાં પ્રોવાણું; નાથજી૦ ટેક.
ઉભારે અલબેલો વહાલો આવીને આંગણિયે,
મુગટ જડીયોરે એનો મોતીને મણિયે. નાથજી૦ ૧
ઝીણી ને પછેડી ઓઢી નંદને લાલે,
પલવટ વાળી છે વહાલે પીળે દુશાલે. નાથજી૦ ૨
કોટમાં કંઠી ને કેશર તિલક કીધું,
મુખને મરકલડે મારું મન હરીને લીધું. નાથજી૦ ૩
દોવું ને વલોવું હું તો ગઈ છું ભૂલી,
પ્રેમાનંદના નાથનું મુખ જોઇને ફૂલી. નાથજી૦ ૪

પદ ૧૨૦૫ મું

આવોને નવરંગી નાથ નેણુમાં રાખું,
કોટીને કંદર્પ વદનપર વારીને નાંખું; આવોને૦ ટેક.
રાખીશ જીવન જતન કરીને જીવતણી પેરે,
લેરખડા વધાવું મોંઘા મોતીની લેરે. આવોને૦ ૧
આંખડલીના અગ્રથકી હરિ નહીંરે દીયું જાવા,
રાખું નેણામાં નાથજી તમને આવાને આવા. આવોને૦ ૨
નંદના કુંવર એક નિમખ ન મેલું મુખડું તમારું,
વારે વારે વાલમ તમપર પ્રાણ લેઈ વારું. આવોને૦ ૩
જોઈ રહું મારા જીવન તમને ચંદજયું ચકોરી,
પ્રેમાનંદના નાથજી મારી છો જીવનદોરી. આવોને૦ ૪

પદ ૧૨૦૬ ઠું

રહોને રંગભીના મારી આંખડલી આગે,
સુંદર વર તમને નિરખીને દુઃખ મારાં ભાગે; રહોને૦ ટેક.

સાંભળોની શામળિયા વહાલા વિનતડી મારી,
દામ વિનાની નાથજી છું દાસી તમારી. રહોને૦ ૧
દાસી ઉપર દયા કીજે બાંહ ગ્રહી લીજે,
છેલ છબીલા છોગાલા કેદી છેહ તે નવ દીજે. રહોને૦ ૨
પ્રિતમ તમને પૂજું પ્રિતે પાવલિયે લાગું,
અખંડ રહો મારા નાથ નેણુ એ વર માગું. રહોને૦ ૩
નાથ રહો મારા નેણા આગળ આવાને આવા,
પ્રેમાનંદ જાયે વારણે તારા નામ ઉપર માવા. રહોને૦ ૪

પદ ૧૨૦૭ મું

નેણા ભરીને નિરખો આલી નંદના કુંવરને,
નિરખીને અંતરમાં રાખો ગુણવંત ગિરિધરને; નેણા૦ ટેક.
નેણાતણું ફળ એ છે એમ નિગમ પોકારે,
મોહનજીનું મુખડું જોવું વારે ને વારે. નેણા૦ ૧
મોર મુગટ ને કાને કુંડળ પીતાંબર પે'રી,
આ ઉભા આંખડલી આગે લટકાલો લે'રી. નેણા૦ ૨
વાંસલડી કામલડી કોટે ગુંજાના ઘરેણા,
નટવર વેશે નાથ નિરખી ઠરે છે નેણા. નેણા૦ ૩
મોરલી અધર ધરીને કીધી ઘેલી વ્રજનારી,
રસિયા રૂપ રસાલપર જાયે પ્રેમાનંદ વારી. નેણા૦ ૪

પદ ૧૨૦૮ મું–રાગ ગુજરી

છાંડ ગળે બૈયાંરે કનૈયા; કનૈયા૦ ટેક.
હાંરે ઘર જાનન દે મોહે, બોલન લગી ચિરૈયાં;
બિનતી કરું મેં પરુ તોરે પૈયાં, લરીહે આજ મોરી મૈયા. કનૈ૦ ૧
બોલત તમ રિપુ કાગ કપોત, સુનો મધુર બછહીત હુંકત ગૈયાં;
પ્રેમાનંદકે નાથ નિંદ નિવારો, જાગો સ્યામ સુખદૈયાં. કનૈ૦ ૨

પદ ૧૨૦૯ મું

બઇરી ભોરવારે લંગરવા; લંગ૦ ટેક.
અરુન ઉદયો કરે સોર ચિરૈયાં, બોલત લોક ડગરવા;
લો અપની મોતીનકી માળા, લેન દો મોહે નવસરો હરવા. લંગ૦ ૧

મલીન સુધાકર શિથિલ રતિવર, છુટ ગયો મેરા નેન કજરવા;
પ્રેમાનંદકે નાથ કોન મિસ જાઉં ઘર, કરત ચવાઈ નગરવા. લંગ૦ ૨

પદ ૧૨૧૦ મું

જાગો દ્રગન તારે પિયારે; પિયા૦ ટેક.
ભોર ભઈ ગઈ રૈન સલોંને, બોલત કૌવા કારે;
આયે દરસ હીત સુર મુની કર પ્રીત, દેખો કૌતક દ્વારે. પિયા૦ ૧
સહસ્રાનન ચતુરાનન ષડાનન, પંચાનન ગજવદન અપારે;
દેહો દરસ દાન પ્રેમાનંદકે પ્રાન, નટવર નંદદુલારે. પિયા૦ ૨

પદ ૧૨૧૧ મું

રજની બીત ગઇરે ભોર ભઈ; ભોર૦ ટેક.
તનમન તાપ હરો શ્યામ, દરસ દઇરે;
અરુન ઉદય ભયો મુનિવર ઝલકયો, માનુની મથત મઇરે. ભોર૦ ૧
મધુકર ગુંજત વારિજ વિકસે, નલિની સકુચ રઇરે;
જાગો પુરનકામ પ્રેમાનંદકે શ્યામ, નિરખું બલૈયાં લઇરે. ભોર૦ ૨

પદ ૧૨૧૨ મું–રાગ દેવગંધાર

શ્યામ તેં તો બારો ભોરોરે; શ્યામ૦ ટેક.
જની જાઓ સુત મથુરા નગરમેં, માન કહ્યો તું મોરો. તેં તો૦ ૧
અતસુકુમાર કમલહિતેં કોમલ, નેક છોટાસો છોરો;
ભયે વરસ એકાદશ અબહિં, ઉઠત નેક મુખ દોરો. તેં તો૦ ૨
અરે મથુરામેં બડી રાછસી માયા, બડો રાછનકો જોરો;
કહત જસોદા સુન મોરે મોહન, કંસ બેરીહે તોરો. તેં તો૦ ૩
અરે યો તોયે મારન કંસ પઠાયે, અઘ બગ બછરુ ઘોરો;
પ્રેમાનંદકે નાથ ના કરીયે, પતિયાંર કાહુકો થોરો.* તેં તો૦ ૪

પદ ૧૨૧૩ મું

કંસ કહા કરે ગોરી મેરો; કંસ૦ ટેક.
મેં કછુ કંસકો નહિ લીયો, નાહિં કંસકે બાપકો ચેરો. કંસ૦ ૧

---

* "ભોરો" પાઠાન્તર.

મૈયા તું ડર મત માને, મોયે નાહિં ભય કાહુકેરો;
છોટો તોઉ મ્રગપતિકો છોના, હોય આગે ગજકો ઘેરો. કંસ૦ ૨
અરી તું જની જાને બારો ભોરો, હું તો સબ જગ બાસ બસેરો;
એક પલકમેં ત્રિભોવન તોરું, ફેર બસાવું ઘનેરો. કંસ૦ ૩
અરી મારું કંસ કરું ત્રિધવા અસુર ત્રિયા, તો મેં ધાયો દુધ તેરો;
માનંદકે પ્રભુ સત્ય પ્રતિજ્ઞા, દિયો મથુરા બીચ ડેરો. કંસ૦ ૪

પદ ૧૨૧૪ મું

કોન શિખાવેરે કહાન તોયે કોન શિખાવેરે; તોહે૦ ટેક.
એસી બાની ન બોલીયે સુત મેરે, કંસકે દૂત સુન પાવે. તોયે૦ ૧
અરે ચિત્ર લિખ્યો નાગ દેખી ડરતું હો, ઘર અંધિયારે ન જાવે;
છોટોસો ઢોઢા ગપેં મારતું હો, કેસે પ્રતીતિ આવે. તોયે૦ ૨
અરે છૂટે બછરુ થંભન ન જાને, દુધ દોહની ઢરકાવે;
નંદરાય તેરી અંગુરી પકરીકે, જમુનાપાર લગાવે. તોયે૦ ૩
સુત અપને તો કંસકી રૈયત, કંસકી કુશલ ચહાવે;
પ્રેમાનંદકે નાથકું જસોમતી, હિત ઉપદેશ સુનાવે. તોયે૦ ૪

પદ ૧૨૧૫ મું

સુનલે મેરીરી મૈયા, કછુ સુનલે મેરીરી; કછુ૦ ટેક.
યહહે મેરી સત્ય પ્રતિજ્ઞા, નિશ્ચે મારું કંસ બેરી. કછુ૦ ૧
અરી મારું મલ્લ કંસ કુમતિકું, ઓરઉ અસુર ઘનેરી;
વસુદેવ દેવકી બંધ છોરાવું, દિન તિસરે સુની લેરી. કછુ૦ ૨
અરી ઉગ્રસેન શિર છત્ર ધરું, સબ નગર દુહાઈ ફેરી;
જો મેં ઇતની નાહીં કરું તો, સોગન મૈયા તેરી. કછુ૦ ૩
એસી કહી ગહી મીલે જસોમતિકું, પ્રેમકી કહી ન બનેરી;
પ્રેમાનંદ પ્રભુ ચલે રથ બેઠી, લે જીયા ગોપીન કેરી. કછુ૦ ૪

પદ ૧૨૧૬ મું–રાગ બિલાવલ ધ્રુપદ ચૌતાલ

આલીરી આજતો છટા કછુ ઓરહી પ્રકારકી,
શોભા સિંગારકી કહી ન જાયે; આલી૦ ટેક.
અતહિં અદભૂત છબી દેખી લજાયો કામ, બરનત કવિ
શેષ સકુચાયે. આલી૦૧

અંગ અંગ સુંદરતાઈ, આપ બલ ઉમંગી આઈ, ચકીત
ભયે જન લોભાઈ ચિત્રમાં લીખાયે;
પ્રેમાનંદકો નાથ, નિરખી બ્રજકો સાથ, તન મન પ્રાન
લે લે બલિજાયે. આલી૦ ૨

પદ ૧૨૧૭ મું

માઈરી રસિક રસિલે નેના, રસ બરસત સેના, રસ ભરે
બેનાં બોલત શ્યામ; માઈ૦ ટેક.
રસિક બિહારીલાલ, રસિલી ચલત ચાલ, રસિક તિલક
ભાલ છબી ધામ. માઈ૦ ૧
રસિકલાલ નંદકુમાર, સોહત માને રસ સિંગાર, રસિલી
બ્રજકી નાર, નિરખત બારબાર પૂરનકામ;
રસિક ગોકુલચંદ, અવિલોકી પ્રેમાનંદ, ધરતહે ધ્યાન
નિત રટત નામ. માઈ૦ ૨

પદ ૧૨૧૮ મું

માઈરી પાઘ લાલ બાંધો લાલ, ઓઢત દુશાલો લાલ,
હાથમેં રુમાલ લાલ ચાવતહેં પાન; માઈ૦ ટેક.
ચરન લાલ નખ લાલ, પેરીહે પનૈયા લાલ, લટક ચલત ચાલ,
સાંવરો સુજાન. માઈ૦ ૧
તિલક વિશાળ ભાલ, કુંડલકી ઝલક લાલ, લોચન લાલ
દેખી ગોપી ગુલતાન;
અધર પ્રવાલ લાલ, ઉર સોહે બનમાલ, પ્રેમાનંદ
લાલપર કુરબાન. માઈ૦ ૨

પદ ૧૨૧૯ મું

માઈરી મોર મુગટ તિલક ભાલ, મકાકૃત કુંડલ કાન, બંસી
અધર બાજત રસાલ; માઈ૦ ટેક.
નીલ બરન ચંદનખોર, પહીરે ગુંજા ઢોર ઢોર, પીત
બસન ઉર બનમાલ. માઈ૦ ૧

નટ વેશ સુંદર શ્યામ, નિરખી લાજે કોટિક કામ, સોહતહૈં
છબી ધામ રસિક નંદલાલ;
કંસબંસ કર નિકંદ, બલિહારી પ્રેમાનંદ, રાજ કરો સદા
બ્રજગોપાલ. માઈ૦ ૨

પદ ૧૨૨૦ મું—રાગ બિલાવલ

બંસીવારો પ્યારો ધરમદુલારોરી; બંસી૦ ટેક.
શ્રીઘનસ્યામ કામમદમોચન, લોચન નિધિ દેહ મારોરી. બંસી૦ ૧
જીવનપ્રાન પ્રગટ પુરુષોત્તમ, નટવર નેનાઉંકો તારોરી. બંસી૦ ૨
સુંદર બદન સદન સબ સુખકો, ભવદુઃખમેટવહારોરી. બંસી૦ ૩
પ્રેમાનંદકો નાથ નારાયન, નેક ન કરું અબ ન્યારોરી. બંસી૦ ૪

પદ ૧૨૨૧ મું

છબી સાંવરી મોરે નેન બસીરી; છબી૦ ટેક.
નિલજલદતન ચરચિત ચંદન, પીત બસન કટિ કસીરી. છબી૦ ૧
સુમન પાગ શિર સુમન આભૂષન, સુમન માલ ઉર લસીરી. છબી૦ ૨
ધરમકુંવર સુંદર વર છેલો, હરત ચીત હસી હસીરી. છબી૦ ૩
પ્રેમાનંદ કહે પ્રિત જોરી મોસું, બરજોરી ઉર ધસીરી. છબી૦ ૪

પદ ૧૨૨૨ મું

મુસકનીમેં મેરો મન બસકીનોરે; મુસ૦ ટેક.
લલિત નલિનદલસમ નેનનકી, ચિતવની ચીત હરલીનોરી. મુસ૦ ૧
પરમ ચતુરવર ગિરિધર સુંદર, ધર્મકુંવર રંગભીનોરી. મુસ૦ ૨
નેહસું બોલાયકે ઉર લપટાયકે, મુખ તાંબુલ લે દીનોરી. મુસ૦ ૩
પ્રેમાનંદકો નાથ સાંવરો, પ્રિત કરન પરવિનોરી. મુસ૦ ૪

પદ ૧૨૨૩ મું

મોહનાને મોપેં મોહની ડારીરી; મોહ૦ ટેક.
મોહની લગાયકે મન હર લીનો, તન મન સુરત બિસારીરી. મોહ૦ ૧
કછુ ન સોહાયે મોરો જીવ અકુલાયે, બીનું દેખે કુંજબિહારીરી. મોહ૦ ૨
બસ ગઈ જીયમેં મધુરી મીઠી બોલની, ડોલની અતિ સુખકારીરી. મોહ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામછબીપર, તન મન સબ સુખવારીરી. મોહ૦ ૪

પદ ૧૨૨૪ મું–રાગ બિલાવલ–ત્રેતાલ

બને બ્રજરાજરે અનોખી છબી આજ; બને૦ ટેક.
અંગ અંગ પ્રતિ અતિ નિરખી સુંદરતા, રતિ પતિ ચલ્યો
તજી લાજરે. અનો૦ ૧
રસ શૃંગાર ગ્રહણુ તન કીનો, જન મન હરવે કાજરે. અનો૦ ૨
નયો મુગટ પીતાંબર ભૂખન, નયી મોરલી રહી ગાજરે. અનો૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ લાડીલો, સુર નર મુનિશિરતાજરે. અનો૦ ૪

પદ ૧૨૨૫ મું

બને બનવારીરે અનોખી છબી ન્યારી; બને૦ ટેક.
સુંદરતા સબ ત્રિભોવનકી, શ્યામ સુભગ તન ધારીરે. અનો૦ ૧
શોભાસિંધુ શ્યામ ઘનતનપર, કોટી કામ બલિહારીરે. અનો૦ ૨
સુંદર નીલ વરન ઊર ઉપર, વિલસત હાર હજારીરે. અનો૦ ૩
પ્રેમાનંદ ચપલ ચિતવનીમેં, ચોરત ચીત મોરારીરે. અનો૦ ૪

પદ ૧૨૨૬ મું

રાજ બરજોરરે લીનો છે ચીત ચોર; રાજ૦ ટેક.
ચિતવનીમેં મેરા ચીત હર લીનો, કમલ નયનકી કોરરે. લીનો૦ ૧
મુસકનીમેં માંને મોહની લગાડી, નાગર નવલકિશોરરે. લીનો૦ ૨
છેલકુંવર થારી બોલની અમોલની, જોબનકો અજબ મરોરરે. લીનો૦ ૩
પ્રેમાનંદરા નાથજી થાંને, મીલવા કરે છે મન દોરરે. લીનો૦ ૪

પદ ૧૨૨૭ મું

લાગો થાસું પ્યારરે મારા બાંકા શિરદાર; લાગો૦ ટેક.
બાંકી ચલની ચિતવની થાંકી, બાંકો સકલ સિંગારરે. મારા૦ ૧
બાંકી પાઘ બીચ બાંકી કલંગી, બાંકે નેનાં અનિયારરે. મારા૦ ૨
બાંકે અધરપર બાજત બંસી, મોઈ સકલ બ્રજનારરે. મારા૦ ૩
બાંકે છેલ ઘનશ્યામછબીપર, પ્રેમાનંદ બલિહારરે. મારા૦ ૪

પદ ૧૨૨૮ મું

નિરખન લાગરે બનાજી થારી પાઘ; બના૦ ટેક.
પાઘમાંઈ મન લાગી રહ્યો છે, ઉપજાવે છે અનુરાગરે. બના૦ ૧

કમલાવર થાકો પાઘ નિરખવા, કીનો મેં સબ સુખ ત્યાગરે. બના૦ ૨
પાઘકે પેંચમેં સુમન શેખર છબી, વિકસી રહ્યો છે ફુલ બાગરે. બના૦ ૩
પ્રેમપુલકી નીત નિરખે પાઘ છબી, પ્રેમાનંદ બડભાગરે. બના૦ ૪

પદ ૧૨૨૯ મું

રસિલા થારાં નેણુ અતિ સુખદેણુરે; રસિ૦ ટેક.
નેણાં તો થારાં પ્યારા કામણુગારાં, કીધો મારો મનડો મેણુરે. રસિ૦ ૧
રાતી રાતી રેખે દેખે બીના માંને, ચેન નહિં દિનરેણુરે. રસિ૦ ૨
નટવર નેણાં અમૃત ભરિયાં, મોહન મનોહર વેણુરે. રસિ૦ ૩
પ્રેમાનંદકેરા નાથ નહિં મેલાં થારો સાથ, શ્યામ સુંદર મારા સેણુરે. રસિ૦ ૪

પદ ૧૨૩૦ મું

ચિતવા મેરા ચોર લીયો હે ઇન સાંવરે માઇ; ચિત૦ ટેક.
ચોર લીયો ચીત શ્યામ સલોને, મધુરે મુસકાઇ. ચિત૦ ૧
નેનનમેં મોહે નેહ લગાયો, સેનમેં સમુઝાઇ. ચિત૦ ૨
સાંવરો બાવરો છેલ અનોખો, અબ બિસરત નાઇ. ચિત૦ ૩
પ્રેમાનંદ ધનશ્યામ છેલવા, અટકયોહે દીલ આઇ. ચિત૦ ૪

પદ ૧૨૩૧ મું

રસિયો રંગછેલ છબીલો ધર્મકુંવર પ્યારો; રસિ૦ ટેક.
સુખસાગર નાગર નવજોબન, મોહન મતવારો. રસિ૦ ૧
અતહિ ઉદાર હાર મેરે હિયકો, અબ ના કરીઉં ન્યારો. રસિ૦ ૨
પૂરનકામ શ્યામઘન સુંદર, નેનનકો તારો. રસિ૦ ૩
પ્રેમાનંદકો પ્રાન સનેહી, દુઃખ મેરો સબ ટારો. રસિ૦ ૪

પદ ૧૨૩૨ મું-રાગ બિલાવલ-ખ્યાલ

મેરો હરવા ડાર્યો તૂર, નિપટ નિલજ અહિરવા;
મેરી ગેલ ન છાંડે હાંરે મેરી ગેલ ન છાંડે કૂરરે;
રાજકુંવર રંગછેલ સાંવરે હરવા ડાર્યો તૂર. રાજ૦ ટેક.
સુરસુતાકે તટવા નટવા, મોહન જોબનપૂરરે;
આય અચાનક એંચ અંચરવા, નખ લે લગાયો ઉરરે. રાજ૦ ૧

પરી પેંચમેં નિકસ ન પાવું, ઘરબાર થો દૂરરે;
ગેડુરી લીન છીનકે, કીની ગગરી ચૂરચૂરરે. રાજ૦ ૨
જો મેં સુનૈઉ નેક જાયકે, રાજ કંસ હજૂરરે;
પ્રેમાનંદકો નાથ કનૈયા, પકરે જૈહે જરૂરરે. રાજ૦ ૩

પદ ૧૨૩૩ મું

મા બિગર્યો તેરે પ્યાર, નટવર લાલ બિહારી;
ફીની અંગીયાં મેરી હાંરે ફીની અંગીયાં તાર તારરે;
સમુજાવત નહીં સીખ લગાયકે. બિગ૦ ટેક.
નાહક નાહક રોકત ટોકત, બોલત બિના બિચાર મા;
ઘુંઘટ ખોલ બદન અવિલોકત, હંસત હંસત દે ગારરે. સમ૦ ૧
તરનીતનયાતટ પનઘટપર, ઠાડો નંદકુમાર મા;
કસી મારત કંકરી ગગરીમેં, બરજ બરજ રહી હારરે. સમ૦ ૨
બૈયાં મરોરે કસન બંધ છોરે, પકરી પકરી પરનાર મા;
પ્રેમાનંદકો નાથજી તેરો, લુંટાવહિં ઘરબારરે. સમ૦ ૩

પદ ૧૨૩૪ મું

રે ચોરવા લૂટે જાય, મહી માખન ગોરસવા મેરો;
કર બરજોરી હાંરે મેરો કરુ બરજોરી ખાયરે;
બ્રંદાબનકી કુંજ ગલીનમેં ચોરવા લૂટે જાય. મહી૦ ટેક.
નંદરાયકો ઢીટ લંગરવા, નિદુરે નિદુરે* આયરે;
નિપટ ઝપટકે શિરતેં મોરી, મટુકી લીની છીનાયરે. બ્રંદા૦ ૧
ઇત ગોકુલ ઉત મથુરા નગરી, બીચ ગ્વાલની ચિલ્લાયરે;
હોય નિશંક અંક ભરી ભેટત, ગોવિંદ ગોકુલરાયરે. બ્રંદા૦ ૨
માનત નહીં કંસ દુહૈયા,† હંસત મદ મુસકાયરે;
પ્રેમાનંદકો નાથ સાંવરો, છકયો છેલ બનમાયરે. બ્રંદા૦ ૩

---

* "નિઠુરે નિઠુરે" પાઠ વધારે સંભવે છે.

† "દુહાઇઆ" બોલે છે.

પદ ૧૨૩૫ મું

લંગરવા બડો ચોર, કૈસે બસીઉં ગોકુલનગર;
નાહીં કોઈ શ્યામ સરિખો, હાંરે કોઈ શ્યામ સરિખો ઓર રે;
યા ગોકુલમેં આય બસ્યો, લંગરવા બડો ચોર. કૈસે૦ ટેક.
ઘરમેં લૂટે બનમેં લૂટે, લૂટે ભોર દુપોર રે;
ના માને કાઉંકી નટવર, નિર્લજ નંદકિશોર રે. કૈસે૦ ૧
અલીયાં ગલીયાં ટેઢો ડોલે, બોલે બચન કઠોર રે;
અંગ મરોરે ચિતવા ચોરે, ચપલ નેનકી કોર રે. કૈસે૦ ૨
ચક્ષતેં સાંધે નેનાં બાંધે, પગીયાં પેંચ મરોર રે;
પ્રેમાનંદકો પ્યારો સાવરો, સુર નર મુનિ શિરમોર રે. કૈસે૦ ૩

પદ ૧૨૩૬ મું–રાગ રામગ્રી

નાથ રહો મારા નેણુમાં, હરિ આવા ને આવા;
તન મન જાઉં વારણે, તમ ઉપર માવા; નાથ૦ ટેક.
રાખીશ જતને જીવમાં, નહિ દેઉં જાવા;
દુર્લભ ઘણા છે રાજના, દરશન દેવને થાવા. નાથ૦ ૧
સુંદર મુખ છબી જોઇને, લોભાણાં છે નેણા;
વહાલાં લાગે છે મુખના, મીઠાં મીઠાં વેણા. નાથ૦ ૨
આંખડલી અમૃતે ભરી, રૂપાળી છે રેખું;
અતિ આનંદ સુખ ઉપજે, તમને જ્યારે દેખું. નાથ૦ ૩
નખશિખ શોભા અંગની, જોઈ લાજે છે કામ;
પ્રેમાનંદ જોઈ રાજને, આનંદ આઠો જામ. નાથ૦ ૪

પદ ૧૨૩૭ મું

ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણુતણા આધાર;
નિમખ ન મેલું વેગળા, મારા હૈડાના હાર; ધર્મ૦ ટેક.
જીવું છું જીવન જોઇને, નેણુંના શણુગાર;
જીવત સુખ મારું માવપર, વારું વારમવાર. ધર્મ૦ ૧
રૂપ શીલ ઉદારતા, ગંભીર ગુણુધામ;
મૂરતિ તમારી માવજી, ભક્ત પૂરણુકામ. ધર્મ૦ ૨

ભાગ્ય મારાં શું રે વર્ણવું, કહ્યામાં નાવે;
મુનિવરને મોંઘા ઘણા, તે ભેટયા મુને ભાવે. ધર્મ૦ ૩
અનેક જન્મને આદરે, આંખડી આગે;
આ ઉભા અલબેલડો, પ્રેમાનંદ પાય લાગે. ધર્મ૦ ૪

પદ ૧૨૩૮ મું

આજ સફલ થઈ આંખડી, જોઈ છબી સુખકારી;
શોભા શ્રીઘનશ્યામની, ત્રિભુવનથી ન્યારી; આજ૦ ટેક.
ભાલ વિશાળમાં શોભતી, કેશરકેરી આડ;
ચાંદલિયો કંકુતણો, જોયા કેરી ચાડ.* આજ૦ ૧
ભ્રકુટી વાંકી નાસા નમણી, લોચન રંગચોળ;
શોભે છે ચિતડું ચોરતા, રુડા કરણ કપોલ. આજ૦ ૨
નાની નાની મુછર ફુટતી, અધરબીંબ રુડા;
હસતું વદન જોઈ જીવમાં, ઘાટ નવ થાયે કૂડા. આજ૦ ૩
ચિબુકતણી શોભા ઘણી, કંઠ કંબુ સમાન;
ઉન્નત ઊર છબી નિરખે, પ્રેમાનંદ ધરી ધ્યાન. આજ૦ ૪

પદ ૧૨૩૯ મું

ધન્ય ધન્ય રસના માયરી, વર્ણવે રૂપ હરિનું:
આવાગમન એણે મટે, દુઃખ જમની પૂરિનું: ધન્ય૦ ટેક.
સંભારતાં સુખ ઉપજે, હરિના નખશિખ અંગ;
આનંદનિધિ સુખ ઉપજે, ચડે ચોગણો રંગ. ધન્ય૦ ૧
ભુજા જુગલ જગદીશની,† શોભે શોભા ધામ;
ચિહ્ન સહિત સંભારતાં, નવ વ્યાપે કામ. ધન્ય૦ ૨
ત્રિવળી સહિત શોભે ઘણું, ઉદર અતિ સુખકારી;
ઉંડી નાભી સંભારતાં, સુખ થાયે છે ભારી. ધન્ય૦ ૩
કટિ સુંદર શ્રીકૃષ્ણની, શોભા સાથળકેરી;
પ્રેમાનંદ કે' સંભારતાં, નાશે અધર્મવેરી. ધન્ય૦ ૪

---

* "જોયા કરી ચાડ" પણ મૂળમાં વાંચી શકાય છે.

† "જુગદીશ" પાઠાન્તર છે.

પદ ૧૨૪૦ મું

ધન્ય ધન્ય મારા મનને, સ્વામિને સંભારે;
અસત્ય આકારને પરહરી, સત્ય રૂપને ધારે; ધન્ય૦ ટેક.
મનરે વાણી પોં'ચે નહિ, નિગમ નવ જાણે;
તે મૂરતિના અંગને, ચિતવી ઉર આણે. ધન્ય૦ ૧
ઘુંટણુ શ્રીમહારાજના, પિંડી ઘુંટી ને પાની;
ફણાને આંગલીયું નખ સહિત, નિરખે ભાગ્ય માની. ધન્ય૦ ૨
જમણા અંગુઠાના નખમાં, ચિહ્ન રાખું સંભારી;
અરુણ તળામાં ઓપી રહી, ઉર્ધ્વરેખા છે પ્યારી. ધન્ય૦ ૩
સોળે ચિહ્ન શોભી રહ્યાં, તળામાંઈ વિશેખે;
અવર કવિ ક્યાંથી વરણવે, પ્રેમાનંદ નીત દેખે. ધન્ય૦ ૪

પદ ૧૨૪૧ મું

શોભા શ્રીઘનશ્યામની, વર્ણવ્યામાં નાવે;
નીત નવી વર્ણવે શેષજી, તોયે પાર ન પાવે; શોભા૦ ટેક.
શ્વેત વસન શોભે ઘણાં, સર્વે અંગે હરિને;
શ્વેત પાઘ શિર ઉપરે, બાંધી પ્રીત કરીને. શોભા૦ ૧
શ્વેત અંગરખી અંગમાં, ઓઢ્યો શ્વેત દુશાલો;
શ્વેત ધોતીને શોભાડતા, શોભે ધર્મનો લાલો. શોભા૦ ૨
શ્વેત હાર તોરા પાઘમાં, કડાં બાજુ બિરાજે;
શ્વેત શોભા સર્વે અંગમાં, જોઈ રતિપતિ લાજે. શોભા૦ ૩
શ્વેત વસન શ્વેત ભૂષણુ, સદા શ્રીહરિ ધારે;
એ છબી નીત નીત નિરખી, પ્રેમાનંદ પ્રાણુ વારે. શોભા૦ ૪

પદ ૧૨૪૨ મું-રાગ ભૈરવી

ચતુર નંદલાલ હો નેનોં મારી; ચતુર૦ ટેક.
આયે અચાનક ભૈયાં મરોરી, ઓર દઈ મોસું ગારી હો. નેનોં૦ ૧
મારી નજર મોરી સુધ હર લીની, કર દીની જગ ન્યારી હો. નેનોં૦ ૨

બીનુ દેખે મોયે કલ ન પરે અબ, રૂપ રસાલ બિહારી હો. નેનોં૦ ૩
પ્રેમાનંદ કહે રોકી દ્રગનમેં, અખંડ કરું રખવારી હો. નેનોં૦ ૪

પદ ૧૨૪૩ મું

સાંવરિયા ચીત ચોર હો બાલમ મોરો; સાંવ૦ ટેક.
બરજત ક્યોં નહીં શીખ લગાયકે, નિપટ જસોદા તેરો છોરો હો. બાલ૦ ૧
નટનાગર ગાગર મોરી ફોરી, હાર ઝપટકે તોરો હો. બાલ૦ ૨
બીચ ડગરમેં નગર સબ દેખત, ખોલ ઘુંઘટ કીયો ચોરો હો. બાલ૦ ૩
પ્રેમાનંદ કહે શ્યામ મનોહર, કરી રાખું પ્રાન દોરો હો. બાલ૦ ૪

પદ ૧૨૪૪ મું

કનૈયા બંસીવારે હો જાદુ કીનો; કન૦ ટેક.
કહા જાનું દઈયાં કોન કદરસોં, મનવા મોરો હર લીનો હો. જાદુ૦ ૧
છોટાસો છેલા કહાં જ્યોં પઢ્યોહે, અતહિ ચતુર રંગભીનો હો. જાદુ૦ ૨
ચંચલ ચતુર મધુરી મીઠી બોલની, ચિતવનીમેં પરવીનો હો. જાદુ૦ ૩
પ્રેમાનંદ પ્યારો રાખી દ્રગનમેં, ઓર સકલ તજ દીનો હો. જાદુ૦ ૪

પદ ૧૨૪૫ મું

મોહન મોહનીવારે હો મોહની ડારી; મોહ૦ ટેક.
નેહ લગાયકે મન હર લીનો, બસ કીની વ્રજનારી હો. મોહ૦ ૧
રોમ રોમ પ્યારો ખુંચી રહ્યો હે, નટવર લાલબિહારી હો. મોહ૦ ૨
લોક કુટુંબ સબ મીલી પચિહારે, ટરત નહિ અબ ટારી હો. મોહ૦ ૩
પ્રેમાનંદ છબીધામ શ્યામપર, તન મન ધન સબ વારી હો. મોહ૦ ૪

પદ ૧૨૪૬ મું—રાગ ભૈરવી

હારે રંગભીને મોહન મોરલી ફેર બજાવ રે; રંગ૦ ટેક.
મનમોહન મીઠી તાન સુનાયકે, તનકી તપત બુઝાવ રે. રંગ૦ ૧
શ્યામ સુંદર તેરી બંસી સુને બીના, કલ ન પરત મોયે નાવ રે. રંગ૦ ૨
લોક કુટુંબ સબ મીલી પચિહારે, પર્યો મેરો યેહી સુભાવ રે.* રંગ૦ ૩
પ્રેમાનંદ પિયા તેરે ચરનમેં, કીયો મેંતો અચલ ઠેરાવ રે. રંગ૦ ૪

---

* "સ્વભાવરે" એવો પાઠ પણ છે.

પદ ૧૨૪૭ મું

હાંરે મન લીનો મોરો રસિયા રાજીવ નેન રે; મન૦ ટેક.
મોર મુગટ બનમાલ પે'રી ઉર, શ્યામ અધર ધરી બેન રે. મન૦ ૧
બેન બજાયકે તાન સુનાઈ, શ્યામસુંદર સુખદેન રે. મન૦ ૨
નિરખી રૂપ ભૂલી જલ ભરવો, ઉર ઉપજ્યો અતિ ચેન રે. મન૦ ૩
પ્રેમાનંદ સકલ વ્રજ મોહ્યો, કરીકે નેનકી સેન રે. મન૦ ૪

પદ ૧૨૪૮ મું

હાંરે તેરે નેના લગી ગયે દીલમે મોહન મીત; હાંરે૦ ટેક.
લગ ગઈ નેનકી સેન કરેજે, બસ કીનો મેરો ચીત રે. તેરે૦ ૧
સુંદર નેન અરુન બીચ રેખે, દેખે ઉપજત પ્રીત રે. તેરે૦ ૨
ભાલ વિશાળ કુટિલ ભ્રકુટી બીચ, રાજત રેખ લલિત રે. તેરે૦ ૩
પ્રેમાનંદ કહે ઉરમેં અટકયો, શ્યામ સુંદર પટપીત રે. તેરે૦ ૪

પદ ૧૨૪૯ મું

હાંરે તેરો જાદુ બસ ગયો મનમેં મોરે પ્યાર રે; તેરો૦ ટેક.
મોહન જાદુ બસ ગયો દીલમેં, છૂટ ગયો સંસાર રે. તેરો૦ ૧
બીન દેખે મોયે કલ ન પરે અબ, શામળિયા શિરદાર રે. તેરો૦ ૨
જબ તોયે દેખું શ્યામ સલોંને, ઉપજતહે અતિ પ્યાર રે. તેરો૦ ૩
પ્રેમાનંદ કે' શ્યામ ચતુર પિયા, કરી રાખું ઉર હાર રે. તેરો૦ ૪

પદ ૧૨૫૦ મું–રાગ ભૈરવી

ઝગરો ના કીજે હો વ્રજરાજ; ઝગ૦ ટેક.
તુમ ઘનસ્યામ ઈશ ગોકુલપતિ, નેક ન આવત લાજ. ઝગ૦ ૧
મોહન તુમકું યા મગ દાની, નયે સુનેજી હમ આજ. ઝગ૦ ૨
હમ પરનારી વારી રાજ કંસકો, ના ઉરઝો બીન કાજ. ઝગ૦ ૩
પરમ ચતુર તુમ જાનત સબ વિધિ, પ્રેમાનંદ શિરતાજ. ઝગ૦ ૪

પદ ૧૨૫૧ મું

બરજ્યો માનો ચતુર ઘનસ્યામ; બર૦ ટેક.
જાકે ડર કંપત સુરભૂપતિ, નૃપતિ કંસકે નામ. બર૦ ૧

તાકે રાજ કરત અનહોની, બીનું કારજ સુખધામ. બર૦ ૨
લૂટત હરિ બનમેં મૈયારી, ફોરત દધીકો ઠામ. બર૦ ૩
પ્રેમાનંદ કહે એ લછનસું, તજી હો ગોકુલ ગામ. બર૦ ૪

પદ ૧૨૫૨ મું

બરજ્યો ના માને ચ્રીત ચોર; બર૦ ટેક.
બરજ રહી બરજ્યો ના માને, નાગર નંદકિશોર. બર૦ ૧
રોકયો ઘાટ વાટમહિં અટકયો, ઝટકયો પટ બરજોર. બર૦ ૨
બેનમેં દાવ ભાવ નેનનમેં, સૈનનમેં કછુ ઓર. બર૦ ૩
પ્રેમાનંદ કહે પ્રીત લગાઈ, કમલનેનકી કોર. બર૦ ૪

પદ ૧૨૫૩ મું

એરી મૈં બહુત કહી સમજાયે; એરી૦ ટેક.
સામ દામ ગુન ભેદ બતાયે, સોંહું નંદકી ખાયે. એરી૦ ૧
એક ના માની શીખ સાવરે, છીન છીન લાગી પાયે. એરી૦ ૨
દહી મેરો ખાયો મટુકી મેરી ફોરી, છોરી કંઠ લગાયે. એરી૦ ૩
પ્રેમાનંદ મગન કર દીની, મધુરીસી બેન બજાયે. એરી૦ ૪

પદ ૧૨૫૪ મું–રાગ ભૈરવી

બાંસુરી બજાય લીની રે, મેરી સુધ સાવરિયાને; મેરી૦ ટેક.
બહસોં બજાઈ મેરી સુધ બીસરાઈ, કીની બેરાગની બાવરિયાને. મેરી૦ ૧
મોરમુગટ પીતાંબર પે'રે, લટક ઓઢે કારી કામરિયાને. મેરી૦ ૨
બાંસુરી બજાવે ગૈયાં હેરી દે બોલાવે, ઘારી ઘુમરી
પીરી કાજરિયાને. મેરી૦ ૩
પ્રેમાનંદ કહે કબ દેખું દ્રગન ભરી, ચંચલ ચતુર ઉતાવરિયાને. મેરી૦ ૪

પદ ૧૨૫૫ મું

લંગરવા લગાય ગયોરે, જાદુ મોરા જીયરામેં; જાદુ૦ ટેક.
જાદુવે કર ગયો મન મેરો હર ગયો, કછુ એક દે ગયો બિયરામે. જાદુ૦ ૧
બાવરી ફીરું મોયે કછુ ન સોહાવે, ચીત અટકયો પટ પિયરામે. જાદુ૦ ૨
સુંદર સ્યામ સલોની મૂરત, ખટકત આયકે હિયરામે. જાદુ૦ ૩
પ્રેમાનંદ કહે સૂરત લગી હે, સુંદરસ્યામ સનેહરામે. જાદુ૦ ૪

પદ ૧૨૫૬ મું

મન મેરા લે ગયોરે, કહાનો કારી કામરીવારો; મન૦ ટેક
મન મેરા લે ગયો કછુએક કે' ગયો, ચેટક દે ગયો ચંચલ પ્યારો. કાનો૦ ૧
નંદદે સલોના મોયે પઢ પઢ ડાર્યો ટોના, બસ ગયો
જીયરામેં જાદુગારો. કાનો૦ ૨
હસી મુસકાયકે નેહસું બોલાયકે, ચીતઉં ચોરાયકે હો
ગયો ન્યારો. કાનો૦ ૩
પ્રેમાનંદ કહે અબ જો મીલે તો, કરી રાખું મોરે નેનકો તારો. કાનો૦ ૪

પદ ૧૨૫૭ મું

નેના મોરે લાગેરે મા, કુંજકે બિહારીજીસું; નેના૦ ટેક.
દેખી અંગ અંગ પ્રતિ અમિત સુભગતા, અટકે
લાલ ગિરિધારીજીસું. કુંજ૦ ૧
બરહાપીડ માલ મધુબનકી,* તન તમાલ બનમારીજીસું. કુંજ૦ ૨
કટિ પટપીત અધરપર મોરલી, મદનગોપાલ મોરારીજીસું. કુંજ૦ ૩
પ્રેમાનંદકો નાથ છબીલો, નેહ કરત બ્રજનારીજીસું. કુંજ૦ ૪

પદ ૧૨૫૮ મું-રાગ ભૈરવી

બૈયાં હમારી ના છુવોરે, બંસીવારે આહીર; બૈયાં૦ ટેક.
લોક લાજ મરજાદ ન માનત, ના જાનત પર પીર. બૈયાં૦ ૧
ધેન ચરાવત બેન બજાવત, ઠાડે જમુનાકે તીર. બૈયાં૦ ૨
પઢી પઢી ટોના ડારકે મારત, નટવર નેનુંદા તીર. બૈયાં૦ ૩
પ્રેમાનંદ કહે નાથ બજેરાને, સુંદર સ્યામ શરીર. બૈયાં૦ ૪

પદ ૧૨૫૯ મું

કહાના અનારી કહાં ગયો લો, હરવા મોરો તોરી; કહાના૦ ટેક.
હરવા તોરી હાથ હિયે ડાર્યો, નિપટ નિર્લજ બરજોરી. કહાના૦ ૧
હાથ હિયે ડારી અંગીયાં ફારી, નાજુક બૈયાં મરોરી. કહાના૦ ૨

---

* "બરહાપીછ માલ મધુવનકી" પાઠાન્તર છે.

ભૈયાં મરોરી ચુરીયાં ફોરી, બોલી બચન કઠોરી. કહાના૦ ૩
પ્રેમાનંદ કહે અબજ્યો મીલેતો, રાખું દ્રગનમહીં ચોરી. કહાના૦ ૪

પદ ૧૨૬૦ મું

બાંધી બનાયકે સાવરીયે, પગીયાં પચાદાર; બાંધી૦ ટેક.
બાંકી પાઘ બીચ સુમન શેખરપર, મધુપ કરત ગુંજાર. બાંધી૦ ૧
ભ્રકુટી કુટિલ કાનમેં સુંદર, કુંડલ મકરાકાર. બાંધી૦ ૨
નયન નલિન નાસા શુક સુંદર, બદન બિધુ અનુસાર. બાંધી૦ ૩
પ્રેમાનંદકો નાથ સાવરો, મોહન મીતવા હમાર. બાંધી૦ ૪

પદ ૧૨૬૧ મું

નેના નિહારી નાથ બહુરે રહે રૂપ લોભાય; નેના૦ ટેક.
નિરખી રૂપમની મનમોહન, થકિત ભયે બસ જાય. નેના૦ ૧
સુંદરશ્યામ મીલે મોયે મગમેં, હસે મંદ મુસકાય. નેના૦ ૨
બદનકમલપર મધુકર જ્યું દોઉ, લપટી રહે લલચાય. નેના૦ ૩
પ્રેમાનંદ બચન રસ અમૃત, પાન કરત ન અઘાય. નેના૦ ૪

પદ ૧૨૬૨ મું–રાગ ભૈરવી

શ્રીઘનશ્યામ છબીલેકી, છબી નાહીં ન જાત કઈ; છબી૦ ટેક.
અંગ અંગ પ્રતિ છબી ત્રિભોવનકી, આયકે ઉદે ભઈ. છબી૦ ૧
આજહિ ઓર કાલ પુની ઓરહિ, નિત્ય નિત્ય નઈરે નઈ. છબી૦ ૨
રૂપ છટા નિરખી રતિપતિકી, બુધી બેકાય ગઈ. છબી૦ ૩
પ્રેમાનંદ ભુજન ભરી ભેટીકે, હરખી બલૈયાં લઈ. છબી૦ ૪

પદ ૧૨૬૩ મું

છબી નેનન બીચ બસો, નટવર ધર્મદુલારેકી; છબી૦ ટેક.
ઉજવલ પાઘ ભાગપર લટકત, કટિ પટ શ્વેત કસો. છબી૦ ૧
સુંદર સરસ સુમન તન ભૂખન, પે'રી પ્યારે વિલસો. છબી૦ ૨
જબ દેખું તબ શ્યામ મનોહર, દીલમાહિં દરસો. છબી૦ ૩
પ્રેમાનંદ કહે અખંડ બસો ઉર, અંખીયન આગે હસો. છબી૦ ૪

પદ ૧૨૬૪ મું

છબી દેખોરી સખિયાં, સુંદર શ્યામ સલોનેકી; છબી૦ ટેક.
તરુન કિશોર મનોહર ઊર બીચ, સુમન માળ નખિયાં. છબી૦ ૧
કહા કહું વિધિ બુદ્ધિ અલપ લખ, ચાર ન દઈ અખિયાં. છબી૦ ૨
દો અખીયાં છબી દેખી લુબધ ભઈ, જ્યું મધુકી મખિયાં. છબી૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ સુંદર છબી, નેનનમેં રખિયાં. છબી૦ ૪

પદ ૧૨૬૫ મું

છબી દેખન લાગ બની, મનમોહન મતવારેકી; છબી૦ ટેક.
સુમન પાઘ બની સુભગ ભાગપર, સુમન પે'રી સુથની. છબી૦ ૧
રૂપસાગરસું નિકસી માનું, ડોલત રૂપમની. છબી૦ ૨
કોટિક મનમથ વારું છબીપર, કોટિ ઇન્દુ તરની. છબી૦ ૩
પ્રેમાનંદ ઊર અખંડ રહો છબી, કરતહે અરજ ધની. છબી૦ ૪

પદ ૧૨૬૬ મું–રાગ ભૈરવી–કવિત

પીરીસી પીછોરી તાપર ઓઢે પીરી સાલ જોરી,
પીરી પાઘ વામ ભાગ ઢરક રહી ઢીલીસી; પીરી૦ ટેક.
પે'રે પીરો સુરવાલ હાથમેં રૂમાલ પીરો,
ચટક ચટક ચલત પે'રે પાદુકા છબીલીસી. પીરી૦ ૧
પીરો ચંદન લેપ અંગ પે'રે હાર પીરે રંગ,
લીયે હાથ છરી પીરે રંગસું રંગીલીસી;
નિરખી છબી વ્રજચંદ વારત પ્રાન પ્રેમાનંદ,
હસત મંદ મંદ શ્યામ મૂરત રસીલીસી. પીરી૦ ૨

પદ ૧૨૬૭ મું

બને આજ લાલ લાલ ઓઢત દુશાલ લાલ,
થરક રહી લાલ પાઘ ઢરક વામ ભાલસું; બને૦ ટેક.
અંગમેં અંગરખી લાલ પે'રે લાલ સુરવાલ,
બાંધે કટી કસી લાલ રેશમી રૂમાલસું. બને૦ ૧
ચરન લાલ નખ લાલ પે'રીહેં પનૈયા લાલ,
ચલતહેં દયાલ રાજહંસ ગતિ ચાલસું;

લોચન વિશાળ લાલ અધર પ્રવાલ દેખી,
પ્રેમાનંદ ભયો નિહાલ મીલ મીલ ગોપાલસું. બને૦ ૨

પદ ૧૨૬૮ મું

હરે હરે રંગકે ભૂષન બસન પે'રે,
હરિ શાલ જોરી ઓરી હર્‍યો મેરે ચીતકું; હરે૦ ટેક.
હર્‍યો બાગો હરિ પાઘ હર્‍યો પીતાંબર કંઠી,
હરે નંગ જડિત હાર પે'રી જોરે પ્રીતકું. હરે૦ ૧
હરે રંગ જડિત નંગ અંગદ કંકન કર,
હરિ મોજરી ચરન પે'રી આવત ધ્રતકું;
હર્‍યો બાજ હર્‍યો સાજ ચઢે તાપર મહારાજ,
પ્રેમાનંદ થકિત ભયો લખી મોહન મીતકું. હરે૦ ૨

પદ ૧૨૬૯ મું

બાંધિ શ્વેત પાઘ બાંકી મોહન સુછિય* રહી,
તાપર શ્વેત ફુલનકો છાય રહ્યો સેહરા; બાંધિ૦ ટેક.
શ્વેત સૂક્ષ્મ વાગો પે'રે શ્વેત દુપટો ધરે,
શ્વેત હાર ગજરા પે'રે શામરો સનેહરા. બાંધિ૦ ૧
શ્વેતહે પલંગ ગાદી બેઠે તાપર શ્યામ સિદ્ધ,
શ્વેત તન તેજઉતે છાય રહ્યો ગેહરા;
શ્વેત સભા મધ્ય બેઠે કરતહે વિનોદ હાસ,
પ્રેમાનંદ કહે બરસત બચનામૃત મેહરા. બાંધિ૦ ૨

પદ ૧૨૭૦ મું-રાગ ભૈરવી

છબી અદ્‌ભુત દેખોરી, હો સૈયા મોરી; છબી૦ ટેક.
સુંદર નીલજલદ તન ઉપર, લેપ કેશરકોરી. છબી૦ ૧
તરુન કિશોર બદનપર ઉઠત, રેખ થોરી થોરી. છબી૦ ૨
ઉર બનમાલ કટિ પટ પીરો, શિર જરકસી ચીરોરી. છબી૦ ૩
પ્રેમાનંદ નિરખી અંગ અંગ છબી, રતિ પતિ લાજયોરી. છબી૦ ૪

* છાય કરી રહી.

પદ ૧૨૭૧ મું

છબી બરની ન જાવેરી, હો સૈયા મેરી; છબી૦ ટેક.
સહસ્ત્રબદન સકુચી ઉર સોચત, ઉપમાકું હેરી. છબી૦ ૧
શ્રીઘનશ્યામ આજ સખી સોહત, સરસ સુમન પે'રી. છબી૦ ૨
માનુ રીતુંરાજ તરુન તન સુંદર, ક્રીડત સજીકેરી. છબી૦ ૩
પ્રેમાનંદ વારે શ્યામ છબીપર, કામ કોટી ફેરી. છબી૦ ૪

પદ ૧૨૭૨ મું

લગી નંદલાલસું અખીયાં, હો મોરી સખિયાં; લગી૦ ટેક.
લગી અખિયાં ઘનશ્યામ સુંદરસું, પરત ન પલ પખિયાં. લગી૦ ૧
ચકીત ભઈ લખી રસિક છેલ છબી, જ્યું મધુકી મખિયાં. લગી૦ ૨
હોત ન ન્યારી લખી ગિરિધારી, જ્યું જલસેં કખિયાં. લગી૦ ૩
પ્રેમાનંદ હરિકૃષ્ણ સુંદર છબી, લખી દ્રગમેં રખિયાં. લગી૦ ૪

પદ ૧૨૭૩ મું

મેરે મન સાવરો બસીયો, હો રસિક રસિયો; મેરે૦ ટેક.
તરુન કિશોર મનોહર મોહન, માનું પૂરન સશિયો. મેરે૦ ૧
મોર મુગટ બનમાલ પીતપટ, સુંદર કટિ કસિયો. મેરે૦ ૨
ભુજ અંગદ કંકન કર સુંદર, હાર હિયે લસિયો. મેરે૦ ૩
પ્રેમાનંદકો નાથ પ્રીત કરી, અવિગત ઉર ધસિયો. મેરે૦ ૪

પદ ૧૨૭૪ મું–રાગ ભૈરવી–ઠુમરી

બૈયાં મોરીવે લંગરવા છુવો કહાના; બૈયાં૦ ટેક.
યા બ્રજકે સબ લોક ઠગારે, હમારો ભરમ મત ખુવો કહાના. બૈયાં૦ ૧
કામ બાન કસી કમલનેનમેં, હમારી ઓર મત જુવો કહાના. બૈયાં૦ ૨
પરનારી ઉપર મનમોહન, ચંચલ ચીત ન પરુવો કહાના. બૈયાં૦ ૩
પ્રેમાનંદકે નાથ લાલચ તજીકે, ઘર જાય સુખભર સુવો કહાના. બૈયાં૦ ૪

પદ ૧૨૭૫ મું

નજરિયાં મત મારો લાલ રસ ભરીવે; નજ૦ ટેક.
ચંચલ ચિતવની તરછી બરછી, ચિતવત જીયરા નિકારો લાલ. રસ૦ ૧

બસીકરન સાંધી નેનનમેં, હમપર નેના ન ડારો લાલ. રસ૦ ૨
તુમતો ઠાકોર નંદગામકે, મનમેં નેક બિચારો લાલ. રસ૦ ૩
પ્રેમાનંદ કે' પ્રભુ પરનારીકો, કાહેકું ઘુંઘટ ઉઘારો લાલ. રસ૦ ૪

પદ ૧૨૭૬ મું

ડગરવા મોરો રોકે શ્યામ બંસીવારોવે; ડગ૦ ટેક.
સુરસુતાકી બાટ ઘાટ મોયે, નાહક નાહક ટોકે શ્યામ. બંસી૦ ૧
ઘુંઘટપટ ખોલીકે ધુરત, બદન હમારો અવિલોકે શ્યામ. બંસી૦ ૨
કર કર નેનકી સૈંન સલોનો, મધુર બચનપરી પોખે શ્યામ. બંસી૦ ૩
પ્રેમાનંદકે પ્યારે બસ કર લીની, નટવર છેલ અનોખે શ્યામ. બંસી૦ ૪

પદ ૧૨૭૭ મું

જાદુ કછુ કીનો મા જાદુગારાનેવે; જાદુ૦ ટેક.
જાદુ વે કીનો વારી ટોંના વે કીનો, મનવા મેરો હર લીનો મા. જાદુ૦ ૧
નેહસું બોલાવે મન લલચાવે, પ્રીત કરન પરવીનો મા. જાદુ૦ ૨
ચાવત પાન કહાન કરી પ્રીતિ, પાનબીરા મોયે દીનો મા. જાદુ૦ ૩
પ્રેમાનંદકો પ્રભુ રૂપ સુધાધર, ઓઢત દુશાલો અતિ ઝીનો મા. જાદુ૦ ૪

પદ ૧૨૭૮ મું–રાગ ભૈરવી ઠુમરી

પનઘટવા ઠાડો છેલવા, છેલવા કે અલબેલવા; પન૦ ટેક.
કેસેં જાઉં ભરને જલ જમુના, શ્યામ પર્યો મોરે ગેલવા. પન૦ ૧
નંદરાયકો કુંવર કનૈયા, બોલત મોસું એલફેલવા. પન૦ ૨
ગ્વાલ બાલ લે બીચ ડગરમેં, મોહન મચાયો ખેલવા. પન૦ ૩
પ્રેમાનંદકો પ્રભુ પકરી અંચરવા, રોકત મોયે રંગરેલવા. પન૦ ૪

પદ ૧૨૭૯ મું

મોરી તિલરી મોહન તેં લઈ, તેં ન લઈ તબ કહાં ગઈ; મોરી૦ ટેક.
મેં જમુના તન મંજન આઈ, ઓર સખી સંગ ના રઈ. મોરી૦ ૧
ઉરસું ઉતારી ધરી ધરનીપર, બહુત બેર મોયે ના ભઈ. મોરી૦ ૨
જાની બાત ઘાત સબ તેરી, મોહન તસકર તેં સઈ. મોરી૦ ૩
પ્રેમાનંદકે નાથ અબ તોસું, નંદબાવાકી સોંહ દઈ. મોરી૦ ૪

પદ ૧૨૮૦ મું

અનવટવા લે ગયો સાવરો, સાવરો કે કહાન બાવરો; અન૦ ટેક.
મોરમુગટ પીતાંબર પેરે, ઓઢે ઉપર કારો કામરો. અન૦ ૧
કુંજબિહારી નિકારી ચરનતેં, સટક ગયો લે ઉતાવરો. અન૦ ૨
કાસું કહું ઔર કોઉ નાહીં, દૂર રહ્યો નંદગાવરો. અન૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ છબીલો, છકયો છેલ નંદરાવરો. અન૦ ૪

પદ ૧૨૮૧ મું

કીન દેખ્યો મોહન ચોરવા, ચોરવા નંદકિશોરવા; કીન૦ ટેક.
કર પકરી મેરો કંગના નિકાર્યો, લે ગયો કર બરજોરવા. કીન૦ ૧
હાથ હિય ડારી હાર મેરો તોર્યો, પરસી ઉરજ કઠોરવા. કીન૦ ૨
સનમુખ આયકે બદન બિલોકત, નટવર ચંદ જ્યું ચકોરવા. કીન૦ ૩
પ્રેમાનંદકો પ્યારો અબ જો મીલે તો, કરી રાખું પ્રાન દોરવા. કીન૦ ૪

પદ ૧૨૮૨ મું–રાગ ભૈરવી

ઉપરના ઓઢે કેશરિયા કોરરે, દેખોરે સખી પીયા મોર; ઉપ૦ ટેક.
નંદકુંવર છબી લટક મનોહર, ચલતહેં બદન મરોર. ઉપ૦ ૧
કમનીય સુંદર તરુનીઆનંદકર, ચંચલ દ્રગ ચિત ચોર. ઉપ૦ ૨
કરુનાસાગર નટવરનાગર, નવઘન નંદકિશોર. ઉપ૦ ૩
નિરખી બદન ત્રપતિ નહીં પાવત, પ્રેમાનંદ ચકોર. ઉપ૦ ૪

પદ ૧૨૮૩ મું

બાંસુરિયાં અધર ધરો એક બેરરે, સાવરે સુનાવો મીઠી ટેર; બાંસુ૦ ટેક.
બાંસુરી સુને બીના કલ ન પરે મોયે, બસ કીનો જીયા ઘેર. બાંસુ૦ ૧
બીકલ હોત મેરે પ્રાન સુને બીના, ના કીજે પિયા દેર. બાંસુ૦ ૨
તાન સુનાવો મીઠી સુખ ઉપજાવો, નેહ દ્રગન ભરી હેર. બાંસુ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ પિયા તેરી, લેઉં બલૈયા ફેર ફેર. બાંસુ૦ ૪

પદ ૧૨૮૪ મું

હસકે હર્યો મેરો ચીત સાવરીયા, ભલા બંસીવારે મોરે
મીતરે સાવરીયા; હસ૦ ટેક.

હસિ મુસકાયકે મન હર લીનો, કીનો જાદુ વિપરીત. સાંવ૦ ૧
હસની બોલની તેરી ચલની ચિતવની, ઉપજાવત અતિ પ્રીત. સાંવ૦ ૨
કસત કરેજે સુખ નાહીં સેજે, બોલની નેહ સહીત. સાંવ૦ ૩
પ્રેમાનંદ બલહારી તિહારી, બાંનકકી નિત્ય નિત્ય. સાંવ૦ ૪

પદ ૧૨૮૫ મું

કસકેં મારી મોયે સેન દ્રગનદી, રે સાવરે સલોને તેરે નેન; દ્રગ૦ ટેક.
રસભરે નેના રસરી સેના, ખટકતહેં દિન રેન. દ્રગ૦ ૧
જબ દેખું સુંદર દ્રગ રેખેં, તબ ઉપજત સુખ ચેન. દ્રગ૦ ૨
બીનુ દેખે મોયે કલ ન પરતહે, લગતહે બિરહ દુઃખદેન. દ્રગ૦ ૩
પ્રેમાનંદ બ્રજચંદ તિહારે, બિસરત નાહીં મીઠે બેન. દ્રગ૦ ૪

પદ ૧૨૮૬ મું–રાગ ભૈરવી

તેરી સામરી સુરતપર હો વારિયાં, મેરો મન બસ કીનો,
મેરો ચીત હર લીનો; તેરી૦ ટેક.
સ્યામ સુંદર તેરી રૂપછટા પર, કોટિ મદનછબી વારી ડારિયાં. તેરી૦ ૧
સુખકો સદન તેરો બદન સાવરો, અખિયાં કમલદલ અનુસારિયાં. તેરી૦ ૨
મુસકની મંદ ચપલ ચિતવનીમેં, બસ કીની સબ બ્રજનારિયાં. તેરી૦ ૩
પ્રેમાનંદ લખી લટક લાલ તેરી, ફીરત મગન નીત ઉર ધારિયાં. તેરી૦ ૪

પદ ૧૨૮૭ મું

પ્યારી લાગે પ્યારા તેરી હો બોલની, મેરે દીલમેં બસી
મેરે મનમેં લસી; પ્યારી૦ ટેક.
બોલનીમેં બસ ભઇહું સ્યામ મેંતો, મીટ ગઈ ચંચલ ચીતડોલની. પ્યારી૦ ૧
બોલની મીઠી સમ ઓર નહીં આવત, ત્રિભોવનકે
સુખહો તોલની. પ્યારી૦ ૨
હસની બોલની ચલની ચિતવની, જનકે પરમનિધિ અમોલની. પ્યારી૦ ૩
પ્રેમાનંદ નિરખી મતવારો, તીલ છબી કરન હો કપોલની. પ્યારી૦ ૪

પદ ૧૨૮૮ મું

રતનારે નેનાવારે હો સાવરે, મોરે નેનાઉંકે તારે મોરે
પ્રાનઉંતે પ્યારે; રત૦ ટેક

ગિરિધરનાગર સુખકે સાગર, એક બેર મોરે મંદિર આવરે. રત૦ ૧
આયકે નટવર મુખતે સુંદર, બચન ચાતુરી હો સુનાવરે. રત૦ ૨
માન સહિત એક તાન ભૈરવીકી, મોરલીમેં મધુરે મધુરે ગાવરે. રત૦ ૩
આનંદકંદ તોયે નિરખી પ્રેમાનંદ, તન મન કરતહે નોછાવરે. રત૦ ૪

પદ ૧૨૮૯ મું

મૈંતો તોહીસું લગાયા હો નેહરા, મેરા સામરા પિયા,
મેરે જીયકા જીયા; મૈંતો૦ ટેક.
નેહરા લગાયકે નેનમેં રાખું, વારી ડારું તન મન હોજી ગેહરા. મૈંતો૦ ૧
અખંડ રહો મોરે નેનકે આગે, બરસો બચન રહોજી મેહરા. મૈંતો૦ ૨
નખશિખ નિરખું ચકોર ચંદજ્યું, કરી રાખું ઉર હોજી તેહરા. મૈંતો૦ ૩
પ્રેમાનંદ કહે પે'રાવું પ્રીતસું, ગજરા ગુલાબી શિર સેહરા. મૈંતો૦ ૪

પદ ૧૨૯૦ મું–રાગ ભૈરવી

જા જા રે મધુરસ ચોર ચોર; જાજા૦ ટેક.
કોન પ્રયોજન હે અબ ગોકુલ, આવત હે પુની દોર દોર. જાજા૦ ૧
મધુરે ગાવત હમહીં રિઝાવત, કહા દઇયે અબ છોર છોર. જાજા૦ ૨
પ્રાન હમારે પે'લેહી લે ગયો, અબ ચાહત જીય મોર મોર. જાજા૦ ૩
પ્રેમાનંદ કે' નાથસું કહિયો, પ્રણુતી હમારી કર જોર જોર. જાજા૦ ૪

પદ ૧૨૯૧ મું

ના ના રે હમરે પરસ પાય; નાના૦ ટેક.
કીતવબંધો મધુપુરકી નારીકે, ગહઉ ચરન તુમ જાય જાય. નાના૦ ૧
સોક હમારી નારી મધુપુરકી, તીનહીં રિઝાઅઉ ગાય ગાય. નાના૦ ૨
સુંદર કુમ કુમ કુચમાલાકો, સો દેઇહેં તોયે ચાય ચાય. નાના૦ ૩
પ્રેમાનંદકે નાથસું કહિયો, કબ લૈયો સુધ આય આય. નાના૦ ૪

પદ ૧૨૯૨ મું–રાગ ભૈરવી

ચલત ડગર બીચ મીલોરે લંગરવા, પકરી બૈયાં મેરો
તોર્યો હે હરવા. ચલ૦ ટેક.
સનમુખ આયકે બદન બિલોકત, હસત હસત મોહે
મારત નજરવા. પકરી૦ ૧

શિર મેરે ગગરી દેખત સખી સગરી, આયકે એંચત
મેરે ઉરકો અંચરવા. પકરી૦ ૨
જસોમતીસુતકું મેં બરજત હારી, એસો કુટિલ નાહીં
લાજત લજરવા. પકરી૦ ૩
પ્રેમાનંદકો પ્રભુ છકયોહે જોબન મદ, કેસે બસીહુ અબ
ગોકુલનગરવા. પકરી૦ ૪

પદ ૧૨૯૩ મું

પનીયાં ભરત મત રોકોરે સાવરિયા, સીધો ચલોજા તેરી
ગેલ બાવરિયા; સીધો૦ ટેક.
કાહેકું પરસ કરત પરત્રિયકો, પરમ ચતુર માનો નંદકે બાવરિયા. સીધો૦ ૧
કંસકો રાજ ન કર અનહોની, લૂટી લઇહે ઘર નગર ગાવરિયા. સીધો૦ ૨
ઉર ગુંજાશિર મોરપીંછ ધરી, ફીરોબનબન પગ પે'રી પાવરિયા. સીધો૦ ૩
પ્રેમાનંદકે પ્રભુ સંપત વિચારો, હાથ લકુટી ઓઢો
કારી કામરિયા.* સીધો૦ ૪

પદ ૧૨૯૪ મું

અજબ સુરત તેરી બનીરે કનૈયા, કહા કહું કછુ બનત ન કૈયા; અજ૦ ટેક
અંગ અંગ પ્રતિ અમિત સુંદરતા, નિરખી રતિ પતિકોટિ લજૈયા. કહા૦ ૧
મુખ મંદ હસત અમીકન બરખત, ચિતવની ચંચલ
આત સુખદૈયા. કહા૦ ૨
કટિ પટપીત અધરપર મુરલી, લસત માલ ઉર મન હર લયા. કહા૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ લટકપર, બારત તન મન પરી પરી પૈયા. કહા૦ ૪

પદ ૧૨૯૫ મું

કમલ દ્રગ બીચ રેખેં રતનારી, મદન પાન છીંન લીયોરે બિહારી; કમ૦ ટેક.
નિરખી બદન ઉડુરાજ લજાનો, ભ્રમત ગગન પથ
તજી થીરતારી. મદ૦ ૧
મંદ મંદ ગતિ લખી સકુચાને, ગયે માનસર હંસ બિચારી. મદ૦ ૨

* "ફારી" પાઠાન્તર છે.

પીત બસન દ્યુતિ દેખી થકીત હોઈ, કનક અનલબીચ
દીયો તન જારી. મદ૦ ૩
પ્રેમાનંદ કહે દસન લખી સકુચી, રહે અનાર અધોમુખ ધારી. મદ૦ ૪

પદ ૧૨૯૬ મું–રાગ ભૈરવી

માનની મનાય લેને, પ્યારી તેરો પ્રાન પિયારો; માન૦ ટેક.
રાજીવ લોચન રસભરી મૂરત, રસિયો રસસું રીઝાયલેને. પ્યારી૦ ૧
પરમ પ્રીતસું ગ્રહી પદ પંકજ, વિનય બચનસું બોલાયલેને. પ્યારી૦ ૨
નેનમેં બેનમેં સેનમેં પ્રીતિ, કરી કરી કંઠ લગાયલેને. પ્યારી૦ ૩
પ્રેમાનંદ કે' નાથકું પ્યારી, અવિગત ઉરમેં સમાયલેને. પ્યારી૦ ૪

પદ ૧૨૯૭ મું

બાંસુરી બજાવેરી, બ્રંદાવન નંદ સલોનો; બાંસુ૦ ટેક.
સુનલે સંકેત ગૂઢ રસ સુચવત, પ્યારી તોયે તરત બોલાવેરી. બ્રંદા૦ ૧
તેરેરી નામકી માલારી ફેરત, બાંસુરીમેં રાધે રાધે ગાવેરી. બ્રંદા૦ ૨
ચિતવત પથ ચકિત દ્રગ વ્યાકુલ, તેરી છબી હરિ મન ભાવેરી. બ્રંદા૦ ૩
પ્રેમાનંદ કે' ચલ બલજાઉં, તેરે બીના રતી સુખ નાવેરી. બ્રંદા૦ ૪

પદ ૧૨૯૮ મું

ગિરિધરલાલકી, એસી છબી મો મન ભાવે; ગિરિ૦ ટેક.
ચંચલ ચિતવની મધુરીરી બોલની, માધવ મદન ગોપાલકી. એસી૦ ૧
ખંજન મીન વારૂં અલિ પંકજ, દેખી છબી નેન બિસાલકી. એસી૦ ૨
કોટિક દાધસુત દેખી લજાને, ભ્રકુટી સુંદર છબી ભાલકી. એસી૦ ૩
પ્રેમાનંદ કે' અટક રહી ઉરમેં, લટક લટક છબી ચાલકી. એસી૦ ૪

પદ ૧૨૯૯ મું

અંખિયાં લોભાનીરી, દેખી છબી કુંજબિહારી; અંખિ૦ ટેક.
સુંદરતાકી સીમા રસિયો, નટવર છેલ ગુમાનીરી. દેખી૦ ૧
ચંચલ લોચન સબ દુઃખમોચન, રોચન મુખ મૃદુ બાનીરી. દેખી૦ ૨
ગજગતિ દેખી મોહ્યો રતિકો પતિ, જાત મદન કુરબાનીરી. દેખી૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામકી મૂરતિ, નિરખી નિરખી ઉર આનીરી. દેખી૦ ૪

પદ ૧૩૦૦ મું–રાગ ભૈરવી

મનમોહનવાને વે, મોહની ડારી વે મોહની ડારી; મન૦ ટેક.
મોહની લગાયકે મન મેરા મોહ્યો, બસ કરડારી વે બસ કરડારી. મન૦ ૧
ચંચલ ચિતવનીમેં ઇને લીનો વે, જીયરા નિકારી વે જીયરા નિકારી. મન૦ ૨
સાંવરી સૂરત બસ ગઈ જીયમેં વે, હોત ન ન્યારી વે હોત ન ન્યારી. મન૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ પીયાપર વે, તન મન વારી વે તન મન વારી. મન૦ ૪

પદ ૧૩૦૧ મું

લાલ જસોદા તેરો વે, જાદુડા જાને વે જાદુડા જાને; ટેક.
કાલ દુપેરી મેરે મંદિર વે, આયો છાને વે આયો છાને. લાલ૦ ૧
હેતસું બોલાયકે બસ કરલીની વે, ગાઈ તાને વે ગાઈ તાને. લાલ૦ ૨
ચિતવનીમેં મોયે ઘાયલકીની વે, નેન બાને વે નેન બાને. લાલ૦ ૩
પ્રેમાનંદ કે' નાથબીના મોયે વે, રુચત ન આને વે રુચત ન આને. લાલ૦ ૪

પદ ૧૩૦૨ મું

સ્યામ સલોનવાને વે, બાવરી કીની વે બાવરી કીની; સ્યામ૦ ટેક.
મધુરે મધુરે સ્વર બાંસુરી બજાઇ વે, સુધ બુધ લીની વે
સુધ બુધ લીની. સ્યામ૦ ૧
ભૈરવી તાન સુનાય દીવાની વે, કર દીની વે કર દીની. સ્યામ૦ ૨
રાત દીન મેંતો બિરહ બીથામેં વે, ભઈ તનખીની વે તનખીની. સ્યામ૦ ૩
પ્રેમાનંદ કે' પિયા બીના બ્યાકુલ વે, રંગભીની વે રંગભીની. સ્યામ૦ ૪

પદ ૧૩૦૩ મું

અબમેં કૈસી કરુંવે, સૈયાં મોરીવે સૈયાં મોરી: અબ૦ ટેક.
નવલ મનોહર મોહન લીનો વે, ચિતવા ચોરી વે ચિતવા ચોરી. અબ૦ ૧
જમુના પુલિનપર ઠાડો નટવર વે, દેખન દોરી વે દેખન દોરી. અબ૦ ૨
વેતો નાગર નિપુન સુંદરવર વે, મેં મતિ ભોરી વે મતિ ભોરી. અબ૦ ૩
પ્રેમાનંદકે' નાથસું અબતો વે, બની ગઈ જોરી વે બની ગઈ જોરી. અબ૦ ૪

પદ ૧૩૦૪ મું–રાગ ભૈરવી ગરબી

મેંતો દીઠા શ્રીઘનસ્યામ સુંદર, શી કહું શોભા સાહેલી;
ધર્યો મોરમુગટ અભીરામ સુંદર, શી કહું શોભા સાહેલી. શી૦ ટેક.

કીધું કેશર તિલક ભાલ સુંદર, શી કહું શોભા સાહેલી;
ચાલે રાજ હંસગતિ ચાલ સુંદર, શી કહું શોભા સાહેલી. શી૦ ૧
કાને કુંડલ મકરાકાર સુંદર, શી કહું શોભા સાહેલી;
કોટે કૌસ્તુભ મણિના હાર સુંદર, શી કહું શોભા સાહેલી. શી૦ ૨
બાંયે બાજુ કડાં કરમાયે સુંદર, શી કહું શોભા સાહેલી;
જોતાં રવિ શશિ જ્યોત લજાયે સુંદર, શી કહું શોભા સાહેલી. શી૦ ૩
પેર્યાં પીતાંબર કટિ સાર સુંદર, શી કહું શોભા સાહેલી;
જાણે ઘનમાં વિજલી ઝબકાર સુંદર, શી કહું શોભા સાહેલી. શી૦ ૪
શોભે અંગો અંગ છબી ધામ સુંદર, શી કહું શોભા સાહેલી;
વારે પ્રેમાનંદ કોટિક કામ સુંદર, શી કહું શોભા સાહેલી. શી૦ ૫

પદ ૧૩૦૫ મું

હુંતો ભરવા ગઇતી નીર, નટવર દીઠા જમુનાની તીરે;
રમે રાસ રસિક બલવીર, નટવર દીઠા જમુનાની તીરે; દીઠા૦ ટેક.
વહાલો ગાયે મનોહર તાન, નટવર દીઠા જમુનાની તીરે;
મને બોલાવી દઈ માન, નટવર દીઠા જમુનાની તીરે. દીઠા૦ ૧
સામું જોઈ હસ્યાં વ્રજરાજ, નટવર દીઠા જમુનાની તીરે;
હુંતો શરમાણી કાઢી લાજ, નટવર દીઠા જમુનાની તીરે. દીઠા૦ ૨
મારે દુરિજનિયાંની બીક, નટવર દીઠા જમુનાની તીરે;
અંતર પ્રીતિ ઠીકાઠીક, નટવર દીઠા જમુનાની તીરે. દીઠા૦ ૩
વહાલે કૌતક કીધું ભારી, નટવર દીઠા જમુનાની તીરે;
બીજાં નવ જાણે નરનારી, નટવર દીઠા જમુનાની તીરે. દીઠા૦ ૪
હુંતો ભરવા લાગી હેલ, નટવર દીઠા જમુનાની તીરે;
જોયા જળમાંહિ રંગ છેલ, નટવર દીઠા જમુનાની તીરે. દીઠા૦ ૫
એવા પ્રેમાનંદના શ્યામ, નટવર દીઠા જમુનાની તીરે;
કીધાં ગોપી પૂરણકામ, નટવર દીઠા જમુનાની તીરે. દીઠા૦ ૬

પદ ૧૩૦૬ ઠું

રમે વૃંદાવન રસ રાસ રેણુ, રસિયો માડી મને જોવા જાવા દે;
ઉગ્યો શરદપુનમ સુખદેણુ, રસિયો માડી મને જોવા જાવા દે. મા૦ ટેક.

વહાલો વાયે મનોહર વેણુ, રસિયો માડી મને જોવા જાવા દે;
જોવા વ્યાકુલ મારાં નેણુ, રસિયો માડી મને જોવા જાવા દે. મા૦ ૧
રમે ગોપીજનને સંગ, રસિયો માડી મને જોવા જાવા દે;
કરે થૈ થૈ નવરંગ, રસિયો માડી મને જોવા જાવા દે. મા૦ ૨
વાજે તાલ મૃદંગ હરિ ગાય, રસિયો માડી મને જોવા જાવા દે;
મારો જોવા જીવ અકળાય, રસિયો માડી મને જોવા જાવા દે. મા૦ ૩
વહાલો ઉભલા જમુના તીર, રસિયો માડી મને જોવા જાવા દે;
શોભે સુંદર શ્યામ શરીર, રસિયો માડી મને જોવા જાવા દે. મા૦ ૪
ચાલ્યો જાય સૈયરનો સાથ, રસિયો માડી મને જોવા જાવા દે;
જોવા પ્રેમાનંદનો નાથ, રસિયો માડી મને જોવા જાવા દે. મા૦ ૫

પદ ૧૩૦૭ મું

મને કામણ કીધલાં કોય, કાનુડે મોહન મોરલી વાઇને;
મારું ચિતડું લીધું પ્રોય, કાનુડે મોહન મોરલી વાઇને. મો૦ ટેક.
મને માર્યાં વ્રહનાં બાણ, કાનુડે મોહન મોરલી વાઇને;
મારા પરવશ કીધાં પ્રાણ, કાનુડે મોહન મોરલી વાઇને. મો૦ ૧
મને કાંઈ નવ સુઝે કામ, કાનુડે મોહન મોરલી વાઇને;
મારે ઝંખના આઠો જામ, કાનુડે મોહન મોરલી વાઇને. મો૦ ૨
હુંતો ઘેલી ફરું છું ઘરમાંય, કાનુડે મોહન મોરલી વાઇને;
જોયા વિના તે જંપ ન થાય, કાનુડે મોહન મોરલી વાઇને. મો૦ ૩
વાઈ વાંસલડી કાંઈ ભાંત, કાનુડે મોહન મોરલી વાઇને;
મારે ન રહી દલડે નિરાંત, કાનુડે મોહન મોરલી વાઇને. મો૦ ૪
મારું મનડું કીધું હાથ, કાનુડે મોહન મોરલી વાઇને;
મળ્યા પ્રેમાનંદનો નાથ, કાનુડે મોહન મોરલી વાઇને. મો૦ ૫

પદ ૧૩૦૮ મું–રાગ ભૈરવી–પ્રભાત

આવો મારા હૈડા કેરા હાર, વાલમ વારણે જાઉંરે; આવો૦ ટેક.
મોહન મુખડું નિરખું સુંદર, શામળિયા શિરદાર;
તન મન પ્રાણ લેઇને વારું, વારણે વાર હજાર. વાલમ૦ ૧

રૂપાળા છો રાજીવ લોચન, નટવર નંદકુમાર;
નેણાં મારાં ત્રપત નથી થાતાં, નિરખી પ્રાણ આધાર. વાલમ૦ ૨
મનડું મારું મોહી રહ્યું છે, સુંદર જોઈ શણગાર;
માથે મુગટ રત્ન જડાઉ, કુંડલ મકરાકાર. વાલમ૦ ૩
નિલ કલેવર ચરચિત ચંદન, કટિ પટ પીત ઉદાર;
પ્રેમાનંદ કે' વારું વદનપર, કોટિ મદન વાર વાર. વાલમ૦ ૪

પદ ૧૩૦૯ મું

આવો મારા મીઠડા બોલા માવ, વાલમ વહાલા લાગોરે; આવો૦ ટેક.
વાલમ મુજને વહાલા લાગો, બહુ નટવર સુંદર નાવ;
હેત કરી હૈયાપર રાખું, રસિયા જાદવરાવ. વાલમ૦ ૧
પલંગ ઉપર પધરાવું પ્યારા, દૂધડે પખાળું પાવ;
ભૂધર ભેટું પ્રેમ કરી મારે, ઘણા દિવસનો ભાવ. વાલમ૦ ૨
કેશર ચંદન ચરચી કરું, ફુલડાંમાં ગરકાવ;
આંખડલીથી અલગા ન મેલું, શોભાના દરિયાવ. વાલમ૦ ૩
જેમ રાજી રહો તેમ કરું હરિ, ન જોવું ન્યાય અન્યાવ;
પ્રેમાનંદના નાથજી તમપર, પ્રાણ કરું નોછાવ. વાલમ૦ ૪

પદ ૧૩૧૦ મું

આવો ઓરા રસિયા રાજીવ નેણ, જીવન જોઇને જીવુંરે; આવો૦ ટેક.
નટવરનાગર શોભાના સાગર, સુંદરવર સુખદેણ;
આંખડલીમાં અમૃત વરસે, વહાલાં લાગે વેણ. જીવન૦ ૧
મુખની મીઠી વાતું સાંભળતાં, મનડું થયું છે મેણ;
કેશવ તમ કેડે ભમતું ફરે છે, જંપ નથી દિનરેણ. જીવન૦ ૨
લોક કુટુંબ સઉ ફૂટી થાક્યાં, કોઇનું ન માને કેણ;
પ્રિતમ તમ સંગ પ્રીત બંધાણી, જાણી સાચા સેણ. જીવન૦ ૩
સંસારિયાં સઉ ઝેર થયા જાણે, જેવું કડવું અફેણ;
પ્રેમાનંદના પ્યારા તમવિના, કયાંયે ન સુખચેણ. જીવન૦ ૪

પદ ૧૩૧૧ મું

માણિગર મોરલીવાળા મીત, ગિરિધર ઘેલડી કીધીરે; માણિગર૦ ટેક.

મુખતણાં મરકલડામાંઈ, પ્રિતમ જોડી પ્રીત;
નેણુતણે નજારે મારું, ચોરી લીધું ચીત. ગિરિધર૦ ૧
મોહન મોરલી અધર ધરીને, ગાઇને સુંદર ગીત;
આંગણિયે મારે ઉભા આવી, કરતા લટકાં લલીત. ગિરિધર૦ ૨
લાવણ્યતા જોઈ મોહી રહી જાણે, ચિત્ર આલેખ્યાં ભીંત;
એવાને એવા આવી વશ્યા મારા, અંતરમાંઈ અજીત. ગિરિધર૦ ૩
ગોવિંદ હવે ક્યાંઈ ન ગોઠે, વાત થઈ વિપરીત;
પ્રેમાનંદના નાથજી હાવે, રાખો હજૂરમાં નીત. ગિરિધર૦ ૪

પદ ૧૩૧૨ મું–રાગ બંગાલી

સાંવરીયાકે હું રૂપ દીવાની; સાંવ૦ ટેક.
રૂપમની ધનસ્યામ છબીલો, દેખત દુકિત ભયે સબ હાની. સાંવ૦ ૧
સુંદરતાકી ખાની સાંવરો, અટક્યો મન મેરો રતી માની. સાંવ૦ ૨
મુસકની મંદ વિલોકી પરી ફૂંદ, ચિતવનીમેં મન લીનો તાની. સાંવ૦ ૩
પ્રેમાનંદ કે' બદન છબીપર, રવિ શશી કોટી કરું કુરબાની. સાંવ૦ ૪

પદ ૧૩૧૩ મું

યા મોહને મન લીનો માઈ; યા મો૦ ટેક.
શ્રીવ્રજરાજ લાડીલે સજની, કીની એક સરસ ચતુરાઈ. યા મો૦ ૧
નેન પલ્લવી કરીકે નૌતમ, ગૂઢ ભાવ સેનન સમઝાઈ. યા મો૦ ૨
સાંવરીયે સંકેત કુંજકી, બાત બંસીમેં ગાઈ સુનાઈ. યા મો૦ ૩
પ્રેમાનંદ કે' નાથ સાંવરે, કીની વશ મોહે હસી મુસકાઈ. યા મો૦ ૪

પદ ૧૩૧૪ મું

રૂપ વિલોકી અનૂપ ભઇરી; રૂપ૦ ટેક.
નટવર રૂપ વિલોકી સ્યામકો, ગુન ગ્રન્થી સબ છુટ ગઇરી. રૂપ૦ ૧
ધર્મવંશ ચિંતામની ચિતવત, ઉપજ્યો સુખ નહિં જાત કહ્યરી. રૂપ૦ ૨
નિરખી નાથ ઘનસ્યામ લાડીલો, છીન છીન ઉપજત પ્રીત નઇરી. રૂપ૦ ૩
પ્રેમાનંદકે નાથકી છબીકી, શિવ બિરંચી બલિહારી લઇરી. રૂપ૦ ૪

પદ ૧૩૧૫ મું

વ્રજ લાડીલો ગુનરૂપકી રાસી; વ્રજ૦ ટેક.

યાકે રૂપમેં ત્રિભુવન મોહે, મોહીહે કમલા હો હી દાસી. વ્રજ૦ ૧
રૂપ બિલોકી ભયે બસ શંકર, ડૉલત સંગ તજી હર કાશી. વ્રજ૦ ૨
દશસત બદન રૂપ ગુન જાકે, રટત નિરંતર શ્વાસ ઉશ્વાસી. વ્રજ૦ ૩
પ્રેમાનંદ કે' રૂપસિંધુમેં, બુડે કુટુમ સહિત બ્રજવાસી. વ્રજ૦ ૪

પદ ૧૩૧૬ મું–રાગ બંગાલી

યે બાલક વસુદેવકે દોઉ આલી, ગોકુલ પ્રગટે નંદ
ઘર સોઉ આલી; યે બા૦ ટેક.
આલી એક સાવલ એક ગૌરહે, જુગલ મનોહર જોર આલી;
આલી નટવર વેશ કિશોરહેં, રતિ વનિતા ચીત ચોર આલી. યે બા૦ ૧
આલી ચિતવની ચલની દેખકે, લાજે કામ કરોર આલી;
આલી તન ચંદનકી ખોરહે, ચલતહે બદન મરોર આલી. યે બા૦ ૨
આલી ત્રિભોવનકી છબી આયકે, ઉદય ભઇ ઇનમાયે આલી;
આલી મદન રહ્યો સકુચાયકે, પરત આયકે પાયે આલી. યે બા૦ ૩
આલી ગુપ્ત રહે ઘર નંદકે, ગોવિંદ ગોકુલચંદ આલી;
આલી આયે અક્રુરપદ બંદકે, બલિહારી પ્રેમાનંદ આલી. યે બા૦ ૪

પદ ૧૩૧૭ મું

યે કુંવર દોઉ કમનીય નીકે આલી, લોચન સુખનિધિ
જીવન જીયકે આલી. યે કું૦ ટેક.
આલી કંસ બોલાયે યેહી કારન, નિરખન સુંદર રૂપ આલી;
આલી કોટિ મદન જાયે વારને, સુરનરમુનિશિર ભૂપ આલી. યે કું૦ ૧
આલી રાજમારગમહિ સોહત, માનું મૃગપતિબાલ આલી;
આલી પુરબિનતા મન મોહત, યે દોઉ રાજ મરાલ આલી. યે કું૦ ૨
આલી ગૌર તન પટ શ્યામહે, શ્યામ બદન પટ પીત આલી;
આલી સુમન અંગ અભીરામહે, ચિતવની ચોરત ચીત આલી. યે કું૦ ૩
આલી રંગઅખાડે જાતહેં, ઉભય અશંકિત છેલ આલી;
આલી આનંદ ઉર ન સમાતહેં, પ્રેમાનંદ કે' અલબેલ આલી. યે કું૦ ૪

પદ ૧૩૧૮ મું

યે જાદોકુલનલિનદિનેશ આલી, પંકજ લોચન નટવર
વેશ આલી; યે જા૦ ટેક.

આલી રૂપમની ઘનશ્યામહે, બલશાલી બલીરામ આલી;
આલી રૂપ શિલ ગુન ધામહે, ઉભયહે પૂરનકામ આલી. યે જા૦ ૧
આલી મધુપુરકે ધન્ય ભાગ્યહે, યે દોઉ આયે કુમાર આલી;
આલી રાજતખતકે લાગહે, શોભાસિંધુ ઉદાર આલી. યે જા૦ ૨
આલી કોન પુન્યકો ફલ દીયો, બિધના આજ જરુર આલી;
આલી સુફલ જનમ અપનો ભયો, નિરખે શોભાસૂર આલી. યે જા૦ ૩
આલી પરમ પુરુષ પરમાત્મા, ધર્યો નર વિગ્રહ નાથ આલી;
આલી સચરાચરકે આતમા, પ્રેમાનંદ સુખ પાથ આલી. યે જા૦ ૪

પદ ૧૩૧૯ મું

યે જાત દોઉ ભ્રાત સુંદર આલી, દીર્ઘ બાહુ છબી કોમલ
ગાત આલી; યે જા૦ ટેક.
આલી મરકત મણિ કલધૌતહેં, બરન જુગલ જસવંત આલી;
આલી શશિકુલકમલદીનેશહે, સેવત પદ સુર સંત આલી. યે જા૦ ૧
આલી સરસ સુભટ નટવેશહે, રાજહંસગતિ ચાલ આલી;
આલી માર્યો કૌલયાપીડકું, સબ દેખત તતકાલ આલી. યે જા૦ ૨
આલી મલ્લ સંગ દોઉ જાયકે, કરત જુદ્ધ સકુમાર આલી;
આલી ચાણુર મુષ્ટિક મારિયા, શલ તોશલ ભટ ચાર આલી. યે જા૦ ૩
આલી કચ ગ્રહી કંસ પછારીયો, કૃષ્ણ કમલદલનેન આલી;
આલી ઉભય અજીત અવિનાશહે, પ્રેમાનંદ સુખદેન આલી. યે જા૦ ૪

પદ ૧૩૨૦ મું–રાગ સામેરી

આવો મારા નાથજી નાના; આવો૦ ટેક.
ઓરા આવો અલબેલડા, આપું રમકડાં રમવાના. આવો૦ ૧
મોહન ખાશોમાં મારોડી છેટે જાઇને છાના;
શાકર નાખીને શ્યામને પાવું દૂધ દોઈ ગાના. આવો૦ ૨
જોવું જીવન તારા મુખમાં શું ખાધું છે કહાના;
મુખડું ઉઘાડ તું માવજી વેણુ માનીને માતાના*. આવો૦ ૩

* "માના" પાઠાન્તર છે.

મુખમાં દેખાડયું વિશ્વને મન ભ્રાંત જશોદાના;
પ્રેમાનંદ કે' જશોમતિ લીયે વારણા વહાલાના. આવો૦ ૪

પદ ૧૩૨૧ મું

લાલજીના લટકાપર વારી; લાલ૦ ટેક.
લટકા કરવા પ્રગટયા વહાલો ગોકુલ ગિરિધારી. લાલ૦ ૧
પાન કરતાં પયનું પેહેલી માસીને મારી;
શકટ વિદારણ કીધલું વહાલે ચરણને વિસ્તારી. લાલ૦ ૨
પોઢયા હતા હરિ પાલણે આવ્યો તૃણાવંત ભારી;
પ્રાણ તેના પોંચાડ્યા વહાલે પળમાં સ્વર્ગદ્વારી. લાલ૦ ૩
જમલાઅર્જુન તારીયા સઉ દેખતાં નરનારી;
પ્રેમાનંદ કહે ઉરમાં રહો કેશવ કંસારી. લાલ૦ ૪

પદ ૧૩૨૨ મું

ઘેલું કીધું ગોકુલ ગોવાળે; ઘેલું૦ ટેક.
વશ કીધી વ્રજ વનિતા વહાલે નેણતણે ચાળે. ઘેલું૦ ૧
ગોવરધન કહાને કર ધર્યો, રાખ્યું ગોકુલ ગોપાળે;
વછ વૃષભ વહાલે ભેદિયા, માર્યો કેશી કૃષ્ણ કાળે. ઘેલું૦ ૨
સરવે ગળ્યા ગોપ વાછરુરે, અઘાસુર વિકાળે;
મોહન મુખમાં પેશીને, સરવે છોડ્યાં* છોગાળે. ઘેલું૦ ૩
માર્યો અઘાસુર પળમાં, બક ચીર્યો તે સઉ ભાળે;
પ્રેમાનંદને નાથજી, વાઈ મોરલી તે મરમાળે. ઘેલું૦ ૪

પદ ૧૩૨૩ મું

વહાલા લાગે વિઠ્ઠલ વનમાળી; વહાલા૦ ટેક.
ચરિત્રકરે વહાલો વ્રજમાં મોહ્યા દેવ ભાળી ભાળી. વહાલા૦ ૧
વિધિયે હર્યાં ગાય વાછરું નર નાટક નિહાળી;
નવા રચ્યાં રંગભીનડે સરવે ગોવિંદે ગોવાળી. વહાલા૦ ૨
દાવાનળ વહાલે પીધલો નાથ્યો જમુનામાં કાળી;
નૃત્ય કીધું કાળીશિશપર વહાલે વજાડી તાળી. વહાલા૦ ૩

---

* "છોડવ્યાં" પાઠાન્તર છે.

વ્રજમાં તેડી વ્રજવિનતા વાઈ બંસી મરમાળી;
પ્રેમાનંદનો નાથજી રમ્યા મનમથમદ ટાળી. વહાલા૦ ૪

પદ ૧૩૨૪ મું-રાગ સામેરી

હો ગિરિધરલાલ, મારગડો મેલીને વેગળા રહોને;
શીદ રોકો છો, મહિ વેચવા મને મથુરા જાવા દોને. હો ગિ૦ ટેક.
તમે ડાહ્યા થઇને નંદલાલા, સહુ વ્રજવાસીને છો વહાલા;
શીદ બાઝો છો અમને ઠાલા. હો ગિ૦ ૧
મેલો પરનારીનો પાલવડો, મારે અંગે આવીને શીદ અડો;
અમણેથી હરડકો શો આવડો. હો ગિ૦ ૨
હજી નાના છો તમે નટવરજી, હમણેથી થયા આવડા ગરજી;
હજી તરુણપણું છેટે હરજી. હો ગિ૦ ૩
વહાલા અરીપરી વાત લેવાશે, એમાંથી અવળું બહુ થાશે;
પ્રેમાનંદ કે' નંદનું ઘર જાશે. હો ગિ૦ ૪

પદ ૧૩૨૫ મું

હો ગોવાલણી, જોબનિયાંને જોરે આવડી બોલે;
બહુ માનભરી, તૃણ બરાબર તું તો અમને તોલે. હો ગો૦ ટેક.
દાણ લાગે મહિનું આ જાગે, જેની રીત હોય તે તો માંગે;
તેમાં આવડું દુઃખ તને શીદ લાગે. હો ગો૦ ૧
મારું દાણ દઇને જા ચાલી, ત્યાં કુણ તને* રાખે ઝાલી;
પાછી ગરજ હોય તો આવજે આળી. હો ગો૦ ૨
આલી ઉતારય મહિકું આવ્ય ઓરી, નહિ આપીશ તો
લઇશું જોરી; દા'ડી જાતી દાણ ચોરી ચોરી. હો ગો૦ ૩
ત્રણે દા'ડે આવી છું આજ હાથે, થયો ઝગડો ગોવાલણીને સાથે;
સાહ્યો પાલવ પ્રેમાનંદને નાથે. હો ગો૦ ૪

પદ ૧૩૨૬ મું

હો મોહનજી, દાણતણી નવ કીજે નવલી રીતિઃ
તમે જાવા દો, એમાંથી બહુ થાશે મોટી ફજીતિ. હો મો૦ ટેક.

---

* "તુને" પાઠ છે.

અમે નીત જઇયે મહિ વેચવાને, નથી સાંભળ્યા દાણી
કયારે કાને; નવી રીત કરો છો તમે આજ શાને. હો મો૦ ૧
વહાલા છોકરવેડા તે નવ કરીયેં, જોઈ વિચારીને પગલાં ભરીયેં;
રાજા કંસ તણી બીકથી ડરીયેં. હો મો૦ ૨
તમે નંદના નંદન જાણીને, નથી બોલતી મલાજો આણીને;
જાઈ કહીશ જશોદા રાણીને. હો મો૦ ૩
તમે વનમાં ચારી જાણો ઢોરાં, શું જાણો દાણમાં ચીતચોરાં;
પ્રેમાનંદના વહાલા વિણી ખાઓ બોરાં. હો મો૦ ૪

પદ ૧૩૨૭ મું

હો મહિયારી, માનભરી બોલે છે મદની માતી;
તું મતવાળી, બીવરાવે મને આખું કાઢી રાતી. હો મહિ૦ ટેક.
તું ગુજરી ગમારી મત થોડી, બહુ બોલે મુખ બડબડ છોડી;
મહિ પા નહિ તો માટ નાંખીશ ફોડી. હો મહિ૦ ૧
તું કંસની દેખાડે બીક ભારી, તને મળશે તે શિક્ષા સારી;
તારા કંસને પુગાડીશ જમદ્વારી. હો મહિ૦ ૨
તારા કંસની બીકે કુણ ડરશે, તારો કંસ અમારું શું કરશે;
કાંઈ છોરાં નહિ જે બ્હી મરશે. હો મહિ૦ ૩
જાણી ગોપીએ વાત તે ખરાખરી, પાઈ ગોરસ રાજી
કીધા હરિ; પ્રેમાનંદના વહાલાને મળી બથ ભરી. હો મહિ૦ ૪

પદ ૧૩૨૮ મું—રાગ સોવત સારંગ

ભોજન કર પ્યારે કરત સૈન; ભોજ૦ ટેક.
પાદ સંવાહન કરત રાધિકા, સુખરાશી સુખદેન નેન. ભોજ૦ ૧
સુરનરમુનિજન પ્રેમ પુલકીકે આયે આતુર દરશન લેન;
પ્રેમાનંદ ઘનસ્યામ નાથકી શિશ ચઢાવત ચરન રેન. ભોજ૦ ૨

પદ ૧૩૨૯ મું

દ્વારપે જનકી ભયહે ભીર; દ્વાર૦ ટેક.
પાવન જસ ગાવત સુરમુનિગન નારદ બ્યાસ વિરંચી કીર. દ્વાર૦ ૧

સુનત કુલાહલ ઉઠે કમલદ્રગ દરશન દીનો શ્યામ શરીર;
પ્રેમાનંદ ઘનશ્યામ પિયાકો મુખ નિરખત સબ ગઇહે પીર. દ્વાર૦ ૨

પદ ૧૩૩૦ મું

બંસીવારો સોહે સરસ શ્યામ; બંસી૦ ટેક.
નિરખી નિરખી મુખ ચકિત ભયે જન વારત છબીપર કોટિ કામ. બંસી૦ ૧
ચિતવત હરત સંતાપ સબનકે મનમોહન પ્યારો શોભાધામ;
પ્રેમાનંદ ઉર ધારી શ્યામ છબી મગન રટત અષ્ટજામ નામ. બંસી૦ ૨

પદ ૧૩૩૧ મું

બોલનીમેં મેરો હરત પ્રાન; બોલ૦ ટેક.
મધુર મધુર મુસકાય બોલાવત કર હેલન પ્યારે રસિક કહાન. બોલ૦ ૧
નેનનકી સેનનમેં સજની બસ કર ડારત ચતુર સુજાન;
પ્રેમાનંદ કહે બીસરત નાહીં રૂપરાશી એ રસિક ખાન. બોલ૦ ૨

પદ ૧૩૩૨ મું

મોરલીમેં મોસોં કરત સેન; મોર૦ ટેક.
બંસીવટ સંકેત બજાવત કુંજભુવન સુખદેન એન. મોર૦ ૧
બંસી શ્રવન સુનત મોયે સજની રજનીદિન કછુ પરત ન ચેન;
પ્રેમાનંદ ઘનશ્યામ મીલનકું તન તાવત દુઃખ દેત મેન. મોર૦ ૨

પદ ૧૩૩૩ મું

મીલબેકી મોકું હોત પીર; મીલ૦ ટેક.
દૌર દૌર હેરું ચઢી અટર્યાં નંદકુંવર બલબીર ધીર. મીલ૦ ૧
અટકી રહ્યો મન રૂપ ભલમેં વિસરત નાહીં મોયે શ્યામ શરીર;
પ્રેમાનંદ ઘનશ્યામ મીલે બીના કલ ન પરત દ્રગ બહત નીર. મીલ૦ ૨

પદ ૧૩૩૪ મું

બનવારી ઠાડે સઘન કુંજ; બન૦ ટેક.
સુનરી વે બંસીમેં ગાવત સુખનિધાન રાધે તુંજ તુંજ. બન૦ ૧
વે તો આતુર સજે સુભગ તન પેરે ભુખન બસન રૂ ગુંજ;
પ્રેમાનંદકે નાથપેં ચલ સખી મીલિયે શ્યામ સુખપૂર પુંજ. બન૦ ૨

પદ ૧૩૩૫ મું

અલબેલી ચલત તું નવલ ચાલ; અલ૦ ટેક.
પઠઈ મોયે લેન તોયે સજની વે ઠાડે ઘનસ્યામલાલ. અલ૦ ૧
તેરે કારન વિણી કુસુમકળી ગુંફત ગજરા અરુ ફુલ માલ;
પ્રેમાનંદકે નાથસોં મીલિયે માન છાંડી વલી રૂપ જાલ. અલ૦ ૨

પદ ૧૩૩૬ મું–રાગ સારંગ મલ્હાર

મોરી બુંદન ભીંજત સારીરે, બિહારીલાલ ચલો કુંજનમેં; મોરી૦ ટેક.
ભીંજત સારી મોરી સાસ ડગારી, લરી લરી લાલા દેહે
મોયે ગારીરે. બીહા૦ ૧
દમક દામિની જીયરા ચમકત, બરસત ઘન ગરજત ભારીરે. બીહા૦ ૨
સુંદર વર મોયે પીતાંબરકી ઓટન, લેહો ભુજન પસારીરે. બીહા૦ ૩
રસિક ચતુર વર જુગલ છબીપર, તન મન ધન પ્રેમાનંદ વારીરે. બીહા૦ ૪

પદ ૧૩૩૭ મું

ધન મોરન સોર મચાયોરે, મોહન પિયા ઘન બરસન આયો; ઇન૦ ટેક
ગરજે ગગન ઘન દામિની દમકત, બોલત દાદુર ડર ઉપજાયોરે. મોહ૦ ૧
કમલનયન મોયે કંઠ લગાયો, કંપત તન મન અકુલાયોરે. મોહ૦ ૨
હરી હરી કુંજન ટપકત બુંદન, ભીંજત ચુંનર જીયરા ડરાયોરે. મોહ૦ ૩
પ્રેમાનંદ કહે શ્યામ સ્વામિની બીહરત, બન કરત મન ભાયોરે. મોહ૦ ૪

પદ ૧૩૩૮ મું

મોયે આજ લરેગી મોરી મેયારે, કનેયા છેલા ઘર જાનનદે મોયે; કને૦ ટેક.
બરસત સાવન ઘન બીજુરી ચમકે, બોલત દાદુર મોર બપૈયારે. કને૦ ૧
ભીંજત ચુંનર મોરી અંગીયાં અરુન રંગ, છાંડો જું છબીલા
લાલ મોરી બૈયાંરે. કને૦ ૨
કબકી મેં આઈ મોરે કામકે ઘરકો, તુમતો નિઠુર નાથ
નિરદૈયારે. કને૦ ૩
પ્રેમાનંદ કહે પ્રિતમ પ્યારી બિલસત, બન કદમઉકી છેયારે. કને૦ ૪

પદ ૧૩૩૯ મું

હો છબીલા છેલ ગુમાની સુખદાની, પીયા મોરી પીરન જાની; હો છ૦ ટેક.

નાહક રોકી મોયે રસિયા કુંજનમેં, ગરજત ઘન બરસત પાની. સુખ૦ ૧
અંગીયાં ભીજ ગઈ મોરી અતલસકી, નવરંગ ચુનર
અબહી આની. સુખ૦ ૨
બહુત બુરે મોરે ઘરકે લોગવા, અતહિં બુરીહે નનંદ જેઠાની. સુખ૦ ૩
પ્રેમાનંદકે નાથ કોન મિષ જાઉં ઘર, સકુચત જીયા
સુની લોક બાની. સુખ૦ ૪

પદ ૧૩૪૦ મું–રાગ સારંગ–ધ્રુપદ–ચોતાલ

બેઠે તરનીતનયા તીર, પિયા પ્યારી પરમ ધીર,
બાંસુરી બજાય શ્યામ સારંગ શુદ્ધ ગાયોરી; બેઠે૦ ટેક.
અતહિં પ્રવિન શ્યામ, સપ્ત સુર તિન ગ્રામ,
તાન માન મુરછના સુનાય રંગ છાયોરી. બેઠે૦ ૧
ગાંધ્રવીકળા પ્રવિન એક તાન અત નવિન,
પ્યારીને બનાય ગાય સાંવરો રિઝાયોરી;
રીઝે મીલે ગિરિધારી, એક માલ ઉર ડારી,
તન મન વારી પ્રેમાનંદ સુખ પાયોરી. બેઠે૦ ૨

પદ ૧૩૪૧ મું

સુર આયો શિશપર, સુનો શ્યામ મોરલીધર,
કહત ગ્વાલલાલ નેક સારંગ સુનાઇયે જ્યું; શુર૦ ટેક.
ભયોહે મધ્યાન કહાન, બીકલ હોત મન પ્રાન,
કૃપાનિધાન એક તાન બાંસુરીમેં ગાઇયે જ્યું. શુર૦ ૧
તબહિં ગોપાલલાલ, બંસી અધર ધર રસાલ,
સપ્ત સ્વર કર અલાપ આનંદ ઉપજાઇયે જ્યું;
ભલે જ્યું ભલે બિહારી, રિઝે ગોપ પ્રાન વારી,
પ્રેમાનંદ કહે ઊર રાખું પિયા આઇયે જ્યું. શુર૦ ૨

પદ ૧૩૪૨ મું

સઘન કુંજ શિતલ છાયે, પ્યારી ગલે ડારી બાંયે,
બેઠે સ્યામા શ્યામ દોઉ આનંદ રસ રંગમે; સઘ૦ ટેક.

લલિતા વિશાખા, ચંદ્રભાગા ચંદ્રાવલી આદી,
ગાવતીહે સખી રાગ સારંગ ઉમંગમે. સખ૦ ૧
પ્રફુલિત દ્રુમ બેલી, મગન ભઈ લખી સહેલી,
સરસ સુમન લાઈ સજત પિયા પ્યારીકે અંગમે;
રસવિલાસ કર સુજાન, હરત મદન માન કહાન,
પ્રેમાનંદકે પ્રાન રાજત બ્રજ રવની* સંગમે. સખ૦ ૨

પદ ૧૩૪૩ મું

બેઠે બંસીવટ શ્યામ, પ્યારી સંગ પૂરનકામ,
જામ જુગલ આયો તરની† ધરની જરન લાગીરી; બેઠે૦ ટેક.
સારંગકો કર આલાપ, અવની ઉર સમાયો તાપ,
શાંતિ રસ બરસાયો જરન દૂર ભાગીરી. બેઠે૦ ૧
પશુ પંખી દ્રુમ બેલી બન તૃન જન મન શાંત ભયે,
જીવ જંત સબે ત્રિવિધી તાપ ત્યાગીરી;
નિરખી નાથ સુખનિધાન, પ્રેમાનંદ વારે પ્રાન,
રાખત નીત નેનનમેં લેત મોજ માગીરી. બેઠે૦ ૨

પદ ૧૩૪૪ મું–રાગ સારંગ

કદમવાકી છૈયાં, ગિરિધરલાલ બીરાજે; કદ૦ ટેક.
તપતહેં તરની જાત ન બરની, ધરની અતિ ધક રૈયાં;
શીતલ મંદ સુગંધ સમિરા, ચલત શ્યામ સુખદૈયાં. ગિરિ૦ ૧
ઉડતહેં ઉરમી યમઅનુજામે, ચિતવત ચીત લલચૈયાં;
પ્રફુલિત પદ્મ સરસ વિરજાતટ,‡ અલિગન ઉપર ઉડૈયાં. ગિરિ૦ ૨
કહત ગ્વાલ કર જોરી કહાનસું, સુનો હરિ હલધર ભૈયાં;
સારંગ તાન સુનાએૌ પ્યારે, તનકી તપત મીટૈયાં. ગિરિ૦ ૩
તબ મોહન મુસકાય અધર ધરી, બંસીકે બજૈયા;
પ્રેમાનંદ ઘનશ્યામ લટકપર, બાર બાર બલજૈયા. ગિરિ૦ ૪

---

* "બ્રજ રમણી" પાઠ છે.
† "જાનું જુગલ આયે તરની" પાઠાન્તર છે.
‡ "રવિજા તટ" પાઠાન્તર છે.

પદ ૧૩૪૫ મું

બાંસુરીયાં બજાઈ, ગિરિધર કુંજબિહારીરે; બાંસુ૦ ટેક.
સપ્ત સ્વર તિન ગ્રામ મુર્છના, સારંગ તાન સુનાઈ;
થલચર જલચર થકીત ભયે સુની, સુરનરમુનિમન માઈ. ગિરિ૦ ૧
બંસી શ્રવન સુની સુરબનિતા, તનકી સુધ વિસરાઈ;
ઉલટ પુલટ પટ શિથલસું કચલટ, બીકલ સકલ ઉઠ ધાઈ. ગિરિ૦ ૨
ભવ બિરંચી સુરરાજ દેવ મુનિ, અવિલોકત નભ આઈ;
બરખત હરખી સુમન ઝરી હરિપર, રૂપ છટા ઉર લાઈ. ગિરિ૦ ૩
ગ્વાલ બાલ સુની સકલ પ્રશંસિત, પુની પુની પરતહેં પાઈ;
પ્રેમાનંદ ઘનસ્યામ લાલકું, લીને કંઠ લગાઈ. ગિરિ૦ ૪

પદ ૧૩૪૬ મું–રાગ સારંગ

માખન દધ ખાયો, ઇન મોહનાને હમરો; ઇન૦ ટેક.
મૈયા હમ દધ બેચન મધુપુર, જાતી દેખત ધાયો;
કર બરજોરી બૈયાં મરોરી, છતિયન નખ લગાયો. ઇન૦ ૧
મટુકી લીન છીનાય સાંવરે, કછુ ખાયો મન ભાયો;
લકુટી મારી મથનીયાં ફોરી, દધકો કીચ મચાયો. ઇન૦ ૨
માગત દાન આન નહીં માનત, ના સમઝે સમુઝાયો;
પ્રેમાનંદકો નાથ કુંજમે, ગીડુરી લે સટકાયો. ઇન૦ ૩

પદ ૧૩૪૭ મું

જસોદા લાલ તેરો, નીત ઉઠી હમસું ઝગરે; જસો૦ ટેક.
કહો મૈયા અબ કેસે બનીહે, બસવો ગોકુલ કેરો;
ફેરો આન દુહૈયા બ્રજમેં, રાજ તુમારો ઠેરો. નિત૦ ૧
હમ મધુપુર નીત જાયે દધી બેચન, નીત હરિ કરત બખેરો;
પકરત કર પરનારીનકે નીત, યામેં નહિ ભલેરો. નિત૦ ૨
જો યા બાત કંસ સુનીહે, તો પૈહો દુ:ખ ઘનેરો;
પ્રેમાનંદ કે' બ્યાહ લાલકો, કરો અબ સાંઝ સવેરો. નિત૦ ૩

પદ ૧૩૪૮ મું–રાગ સોરઠ મલ્હાર ધ્રુપદ ચૌતાલ

ખંજનનેની હે સ્યામા સમઝ સખેરી, કછુ ઘરી ઘરી ઘટત જાત
સબ રેની; ખંજ૦ ટેક.

તજદે માન ચલ સયાન, જાન જીયમેં પ્યારી, વારી જાઉં
તોપે પીકબેની. ખંજ૦ ૧
જાત રસકી ધરી અનુસર કુંવરી, પિયા સનમુખ સુખદેની;
પ્રેમાનંદ કહે પિયા બંસીમેં ટેરત, રાધે રાધે રટત બંસી
મદન અયેની. ખંજ૦ ૨

પદ ૧૩૪૯ મું

સમજ સયાની હે પ્યારી સાચી કહું હું તોયે, અબ તેરી
પ્રેમ પ્રીતિ કહાં બિલાની; સમ૦ ટેક.
જુગસમ જાત છીનું, પિયા મુખ દેખે બીનું, કોન સમજ
બેઠી રસકી ખાની. સમ૦ ૧
તેરી મત થોરી ત્રિયા, નિપટ નિઠોર હિયા, પ્રાન-
પતિસું અટકાની;
પ્રેમાનંદ કહે કહાન ઠાડે કૃપાકે નિધાન, ચિતવત મગ રાધે
રસનિધાની. સમ૦ ૨

પદ ૧૩૫૦ મું

ઉઠ અલબેલી હે રાધે કુંજમેં કમલનેન, તેરે હેત બિનત
પિયા ફુલ ચમેલી; ઉઠ૦ ટેક.
કુસુમ સેજ અત સંવારી, હેરત પંથ પિયા બિહારી, તેરીસોં
કરન તોસું રસ કેલી. ઉઠ૦ ૧
વે તો આતુર પિયા, જીયા લાગી રહ્યો તોસે, ઉઠ ચલ હસ
રસ રેલી;
પ્રેમાનંદ કહે પ્યારી, ઉર ધારી લે બિહારી, લૂટ અકેલી
રસ રસિક છેલી. ઉઠ૦ ૨

પદ ૧૩૫૧ મું

મોહન નાયક એહો, પિયા પચ પચ હારી હું, એકઉ ન
માન્યો મેરા વાયક; મોહ૦ ટેક.
અનેક જતન કરી, ગ્રહે ચરન જોરી, કહી કહીકે બચન સુખદાયક. મોહ૦ ૧

કેસી અબ કરું પિયા, મનાયી ન માને ત્રિયા, સુનીયે
સબ ગુનલાયક;
પ્રેમાનંદ કે' નાથ, બાતહે તિહારે હાથ, કીજીયે કછુક ઉપાયક. મોહ૦ ૨

પદ ૧૩૫૨ મું-રાગ સોરઠ મલ્હાર ધ્રુપદ ચૌતાલ

હે સખી આજકી છબી મોપે બરની ન જાઈ, નિરખી
છટા લાજે કોટિ કામ; હે સ૦ ટેક.
બરહાપિંછ શિશ સોહે કેશરકો તિલક હીયે, મકરાકાર
કુંડલ કરને છબીધામ. હે સ૦ ૧
અંગ અંગ કુસુમ ભુખન કટિતટ પીતપટ, મોરલી
અધરપર ધરે અભીરામ;
પ્રેમાનંદકો નાથ બિહરત જમુનાતીર, હરત ચીર ચિતવત
ઘનસ્યામ. હે સ૦ ૨

પદ ૧૩૫૩ મું

ચંચલ લોચન મોચન તાપ અનેક ભાંત, મુસકની
મંદ મંદ બદનકી; ચંચ૦ ટેક.
હસની બોલની ચલની ચારુ મોરે મન બસ ગઈ, સુંદર
છબી સુખસદનકી. ચંચ૦ ૧
એક એક રોમપર વારી ફેરી ડારુરી, સરસ છબી કોટિ મદનકી;
પ્રેમાનંદ સ્યામ રૂપ નિરખી થકીત ભઇ, ભૂલી ગઈ તન
સુધ અવનકી. ચંચ૦ ૨

પદ ૧૩૫૪ મું

હે માઇ નંદકુંવર વર નટવર સુંદર નેનકે નજારે મન હરલીનો; હે મા૦ ટેક.
નેનકી ચાતુરી કહા કહું સજની, કુટિલ કટાક્ષમેં કછુ કરદીનો. હે મા૦ ૧
અબ મોયે બીન દેખેં કલ ન પરત પળ, મુસકનીમે મોયે
ટોંનારી કીનો;
પ્રેમાનંદકો નાથ મીલે મોયે ભરી બાથ, તબતે બસી ગયો ઉર
રંગભીનો. હે મા૦ ૨

પદ ૧૩૫૫ મું

હે માઈ લેત તાન તનનનનનન સનનનનનન, સમ સ્વરકી;
હનનનન હરત પ્રાંન કહાન બાંસુરીમેં; હે મા૦ ટેક.
ગમમ ગારી રીગમ પમગારી ધનીસાની સસાનિનિ ધપમમ;
પપધની સાની સુને નીકસત સાંસુરીમેં. હે મા૦ ૧
તફ્રાધલા મૃદંગ ડધા ધી ત્રામધી ત્રામ ઝુમકટ તકદ્રુમિ
દ્રુમિતફ્ર ધોંગ થોંગ, બાજત પરનગત ટરત આંસુરીમેં;
નૃત્યત છુમ છુમ છુમ ઝનનનનનનનન નુપુર ઝમકત;
પ્રેમાનંદ સુની કસકત પાંસુરીમેં. હે મા૦ ૨

પદ ૧૩૫૬ મું–રાગ મલ્હાર

એ સરોજઉતે સરસ તિહરિ નૈના;
માધો જ્યું તિહારે નેના, નિરખત હોત મનરંજન. એ સ૦ ટેક.
અરુણુસેં ચંચલ રુચિર રસાલસેં ચતુર ચિતવનીપર
વારું મધુપ મીન ખંજન. એ સ૦ ૧
અધર મધુર બિંબ ચાહત નાસા શુક, કરત મનોરથ
ચિતવી સુચાપ મોહે ભયો મદભંજન;
પ્રેમાનંદ નિરખી છબી નૌતમ, મદન ભયો મદગંજન. એ સ૦ ૨

પદ ૧૩૫૭ મું

મરાલગતિ આવત હમારો પિયાપ્રાન;
હમારે પિયા મધુરીસી બાંસુરી બજાવત. મરા૦ ટેક.
નિલ કલેવર ચરચિત ચંદન કટિપર પીતપટ, ઉર બનમાલ
સોહાવત. મરા૦ ૧
મોર મુગટ શિશ કાનન કુંડલ, હરત સકલ દુઃખ મોરલીમેં
રાગ મલ્હારજ્યું ગાવત;
પ્રેમાનંદ ધુની સુની સબ બ્રિજબની, તનમન તાપ સમાવત. મરા૦ ૨

પદ ૧૩૫૮ મું

હર્યોરી મન ચોર ચતુર નંદકિશોર, કૃષ્ન રાસક રસચોર; હર્યો૦ ટેક.
બંક બિલોકની ભ્રકુટિ કટાક્ષમેં કરત જાદુકી, ગિરિધર
કવલનયનઉંકી કોર. હર્યો૦ ૧

મોહ્યો સકલ વ્રજ મોહન નાગર, હસત મનોહર
ચિતવત ચારુ ગત ચલત મરોર;
પ્રેમાનંદ પ્રિતમ પ્યારેપર, બલિ બલિ બલિ તન તોર. હસ્યો૦ ૨

પદ ૧૩૫૯ મું

બનેરી ઘનશ્યામ સલોનો સુખધામ સલોનો, સુખ બરસત
વ્રજ આઠો જામ; બને૦ ટેક.
મોર મુગટ શક્રચાપ સમાનરી ગરજત બંસી ધુન, મગન મયુર
વ્રજભામ. બને૦ ૧
દમકત દામિની કટિપર પીતપટ, લસત મનોહર બગપંક્તિ
મુક્તદામ ધરે અભિરામ;
નિરખી શ્યામઘનપુલકિત ગોપીજન, પ્રેમાનંદ ભયો પૂરનકામ. બને૦ ૨

પદ ૧૩૬૦ મું–રાગ ધનાશ્રી

મદનાતુર હે હરિ માનની; માન૦ ટેક.
બીરહા રાહુ ગ્રહી ગુન વાત, શ્રીવ્રજચંદ તોરી ચાંદની. મદ૦ ૧
કજ્જલ મલિન વિલોલ ત્રિલોચન, શિથિલ દ્દગન સર સાંધની. મદ૦ ૨
કલયતી મલય ગરલ સમ સુંદરી, ઈંદુ કિરન દહ પ્રાનની. મદ૦ ૩
પ્રેમાનંદ સુમન શર સજ્યા, તજી તન્વી ફીરે કાનની. મદ૦ ૪

પદ ૧૩૬૧ મું

માનની મધુસુદન માન ભરી; માન૦ ટેક.
માનતી નાહિં મોયે બતાવતી, ચાર નારીકો કંથ હરિ. માન૦ ૧
મોયે મન બતવે કયું ન આવત, ઉનકે પાયન કહા મેંદી ભરી. માન૦ ૨
પૈયા પરી પરી હારી હુંતો હરિ, હો તતઇકી બુંદ ખરી.* માન૦ ૩
પ્રેમાનંદ કે' પ્રભુ જાય મનાવો, ઉભય ઉરજપર ચરન ધરી. માન૦ ૪

પદ ૧૩૬૨ મું–રાગ ધનાશ્રી

અરી મા તેરો માધો જાદુ ડારી ગયો, એરી મા તેરો;
જાદુ ડારી ગયોરે નેનો મારી ગયો, ચીતચોર મોહન. તેરો૦ ટેક.

---

* અર્થ સ્પષ્ટ નથી. "હોત તઇકી બુંદ ખરી" પણ વંચાય છે. પણ તેનો પણ અર્થ સ્પષ્ટ નહિ હોવાથી પાઠ આમ જ રાખ્યો છે.

આય અચાનક બૈયાં મરોરી, મોરે કરકો કંગનવા નિકારી
ગયોરે; ચીત ચોર મોહન. તેરો૦ ૧
ચંચલ નેન સેંન કસી મારી, ગારી દે દે જીયા મેરા જારી ગયોરે;
ચીત ચોર મોહન. તેરો૦ ૨
બિગર્યો જશોદા તેરો કુંવર કનૈયા, નિરદૈયા મોરે હેયા નખ
મારી ગયોરે, ચીત ચોર મોહન. તેરો૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ પિયાપર, તન મન પ્રાન બલિહારી ગયોરે;
ચીત ચોર મોહન. તેરો૦ ૪

પદ ૧૩૬૩ મું

બંસીવારો મેરો તોરી ગયો હરવા, બંસીવારો મેરો;
હરવા તોરી ગયોરે ચીત ચોરી ગયો, દગાબાજ લંગર. બંસી૦ ટેક.
સુંદર સ્યામ રસિક રંગછેલો, મોરી નાહક બૈયાં મરોરી
ગયોરે, દગાબાજ લંગર. બંસી૦ ૧
બૈયાં મરોરી કસન બંધ તોરી, મોરી ભુજકો બાજુબંધ
છોરી ગયોરે, દગાબાજ લંગર. બંસી૦ ૨
કર કર ચોટ ઓટ રહી ચંચલ, જલકી ગગરિયાં ફોરી
ગયોરે, દગાબાજ લંગર. બંસી૦ ૩
પ્રેમાનંદકો પ્યારો કંઠ લગાય, બરજોરી પ્રીત મોસેં જોરી
ગયોરે, દગાબાજ લંગર. બંસી૦ ૪

પદ ૧૩૬૪ મું

મોરે બારે લાલા* તોસું કહા કહી ગ્વાલની, મોરે બારે;
છોટે કાના તોસું કહા કહી ગ્વાલની, તોસું કહા કહી કા
છીન લઈ, ધ્રજનાર નિલજ. બારે૦ ટેક.
ઇતનોકસો મેરો કુંવર કનૈયા, વે તો ભરજોબન નવરંગ
નઇરે; ધ્રજનાર નિલજ. બારે૦ ૧

* "મોરે બાલે લાલ" પાઠાન્તર છે.

ઉર નખ ચિહ્ન દેખાવતી ડોલતી, શ્યામ ચતુર તુંતો ભોરી
ભઈરે, બ્રજનાર નિલજ. બારે૦ ૨
નીત નીત આયકે કંઠ લગાવતી, મુખ ચુંબતી એક ટક
રઈરે, બ્રજનાર નિલજ. બારે૦ ૩
પ્રેમાનંદ જશોદા ઝગરત, હસત રાધે ઘુંઘટ દઈરે;
બ્રજનાર નિલજ. બારે૦ ૪

પદ ૧૩૬૫ મું

મેં ના લિયો યાકે કરકો કંગનવા, મેં ના લિયો;
કંગનવા યાકે કરકો રે હરવા ઉરકો, તેરી સોં મૈયારે; મેં ના૦* ટેક.
મિથ્યા બોલી મોયે દોષ લગાવતી, જાની છોટોસો લરીકારે;
તેરી સોં મૈયારે. મેં ના૦ ૧
મોસું કહે તોયે મોલકો લીનો, નહીં જશોમતિ નંદ મહરકોરે;
તેરી સોં મૈયારે. મેં ના૦ ૨
સુનત જશોદા કંઠ લગાયેકે, મુખ ચુંબતી ગિરિધરકોરે;
તેરી સોં મૈયારે. મેં ના૦ ૩
પ્રેમાનંદ બતિયાં સુની હરિકી, હસી ગ્વાલની ચલી ઘરકોરે;
તેરી સોં મૈયારે. મેં ના૦ ૪

પદ ૧૩૬૬ મું–રાગ ધનાશ્રી

ઓરા આવોને સુંદર શ્યામ, નિરખું નેણાં ભરી;
મારાં લોચનિયામાંહી માવ, રાખું જતને કરી. ઓરા૦ ટેક.
મસ્તક મુગટ જડાવનો, કાને કુંડલ મકરાકાર;
વદન ઉપર મારા નાથજી, વારું કોટિક અત્રિકુમાર. નિરખું૦ ૧
ભ્રકુટિના પ્રતાપને, જાણે મોટા મુનિવર ધીર;
કાલ માયાદિક થરથરે, કંપે સુર નર અસુર પ્રવીર. નિરખું૦ ૨
ચપળ દ્રગન છબી ઉપરે, વારું ખંજન મધુકર મીન;
સિંધુસુતા વાંસે ફરે, જેવા લોચન થઇને દીન. નિરખું૦ ૩

---

* "મેં ના લીયો યાકે કરકો કંગનવા. મેંના૦
ચાકે કરકો કંગનવા યાકે ઉરકોરે હરવા, તેરી સોં મૈયાના૦" પાઠાન્તર છે.

ગુચ્છ ગુલાબી ખોંશિયા, બેઉ કાન ઉપર વનમાળી;
પ્રેમાનંદ થયો ઘેલડો, તીલ વામ શ્રવણમાં ભાળી. નિરખું૦ ૪

પદ ૧૩૬૭ મું

તારું રૂપ જોઈ રંગ છેલ, લોચન લોભી રહ્યા;
ફરી વરણુન વારમવાર, પાતક ભવના ગયા. તારું૦ ટેક.
નાસા શુક શોભાનિધિ, રૂડા અધર બીંબ ચીતચોર;
ગોળ કપોલમાં શોભતો, રૂડો તીલ એક જમણીકોર. લોચ૦ ૧
હસતું વદન શોભે ઘણું, જાણે પુનેમ ચંદપ્રકાશ;
દાંત દાડમકળી દેખતાં, કરે શોકસિંધુનો નાશ. લોચ૦ ૨
ચીબુકતણી શોભા ઘણી, કંબુ કંઠ શોભે સુખરૂપ;
ઉન્નત ઉરમાં ઓપી રહ્યો, રૂડો વીનગુણ હાર અનૂપ. લોચ૦ ૩
હ્રદય કમળમાં શોભતું, ચિહ્ન શ્રીવચ્છ રતિ એક લાલ;
નિરખી ભુજ ભરી ભેટતાં, થયો પ્રેમાનંદ નિહાળ. લોચ૦ ૪

પદ ૧૩૬૮ મું

શોભા શી કહું શ્રીઘનસ્યામ, સુંદર વર તમતણી;
શું વર્ણવું રસના એક, લાવણ્યતા અતિ ઘણી. શોભા૦ ટેક.
સ્તન જુગલપર શોભતાં, બે છાપ ચિહ્ન છબીધામ;
નેણાં ભરીને નિરખતાં, નવ વ્યાપે ક્રોધ ને કામ. સુંદર૦ ૧
ભુજા જુગલ જગદીશજીની, શોભે હસ્તિ સુંડ સમાન;
છાપ ચિહ્ન મનકું હરે, શોભે કુણિયું બીને વાન. સુંદર૦ ૨
કાંડા કઠણ બલવંતજી, રાતી હથેલિયું સુખપૂર;
આંગલિયું નખ નિરખતાં, થાયે દુખડાં સર્વે દૂર. સુંદર૦ ૩
કરવર અભય ઉદાર તે, ધરો શિશ ઉપર મહારાજ;
પ્રેમાનંદ ત્યારે માનશે, થયો સફલ જનમ મારો આજ. સુંદર૦ ૪

પદ ૧૩૬૯ મું

તારી મૂરતિ શ્રીમહારાજ, જીવું છું જોઇને;
સંભારતાં સરવે અંગ, રહ્યું મન મોહીને. તારી૦ ટેક.

ત્રિવળી સહિત શોભે ઘણું, રુડું ઉદર અતિ અભિરામ;
ઉંડી નાભી નૌતમ, પૂરે સરવે મનની હામ. રહ્યું૦ ૧
કટિલંક અતિ રળિયામણો, શોભે સાથળ સુંદર જોડ;
જાનુ પિંડી નિરખતાં, પૂરે સરવે મનના કોડ. રહ્યું૦ ૨
ઘુંટી પાનીને પેખતાં, વાધે હૈડે પૂરણ પ્રીત;
જુગલ તળા સંભારતાં, રુડી ઉર્ધ્વરેખા ચોરે ચીત. રહ્યું૦ ૩
ફણા આંગલિયું ઓપતી, જમણા અંગોઠાના નખમઈ ચિહ્ન;
નખશિખ મૂરતિ સંભારતાં, પ્રેમાનંદ થયો લે'લિન. રહ્યું૦ ૪

પદ ૧૩૭૦ મું–રાગ ધનાશ્રી

માંકે મોલે મોહનજી થે આયા ક્યોં ની આજ.* માંકે૦ ટેક.
સેજડી બીછાઈ સારી દીપકકી જોત પ્યારી
વાટડી જોઈ મેં થારી નાયા હો મહારાજ. માંકે૦ ૧
મોસું જો દીયો કોલ દુજીસુંથે પાળ્યો બોલ
જાઓજી જાઓજી જુઠા જદુપતિ રાજ. માંકે૦ ૨
કણીરે થે ઘરે ગીયા થાંને જો બેહાલ કીયા
અધર અંજન કીયો ખોઈ થાકી લાજ. માંકે૦ ૩
પ્રેમાનંદરા નાથ પડ્યા થે કણેરે હાથ
રાખ્યા થાને નાથ રાત સાર્યો વાકો કાજ. માંકે૦ ૪

પદ ૧૩૭૧ મું

માંકે મોલે બાલમજી થે આયા છોજી રાત. માંકે૦ ટેક.
રમઝમ કરતા માંકે મોલ પધાર્યા
સખિયારો સાથ લેઈ આયા મુસકાત. માંકે૦ ૧
કમરે કટારો લાલ ઢલકતી સોહે ઢાલ
શિરોધરી શોભા માસું કહી નઈ જાત. માંકે૦ ૨
કસુંમલ જામો વારી થરકે કસુંબી પાઘ
અમલારા છાકયા માસું બોલોછોજી બાત. માંકે૦ ૩

* "માંકે મોહોલે મોહનજી થે આયા ક્યું નહિ આજ." પાઠાન્તર છે.

પ્રેમાનંદરા નાથ કપુર સુગંધી ગતિ
કેસરીયા બાલમજી પધાર્યા પરભાત. માંકે૦ ૪

પદ ૧૩૭૨ મું–રાગ કાફી હોરી

હાંરે હો અરજ મોરી માનોજી પ્યારે, સ્યામ સુંદર બંસી વારે; હાંરે૦ ટેક.
નાહક રોકી રહે હો સાંવરે, નાગર નંદદુલારે. અર૦ ૧
સાસુ નણંદ લરીહે પિયા મોસેં, વ્રજકે લોગ ઠગારે. અર૦ ૨
કબકી મેં ઠારી પિયા પાયે પરતહું, હાં હાં કરત હો ઠારે.* અર૦ ૩
પ્રેમસખી બલિ જાઉ સ્યામપર, કરી રાખું દ્રગતારે. અર૦ ૪

પદ ૧૩૭૩ મું

હાંરે હો સ્યામ કીની એ ગતિ મોરી, કહારેહસત દ્રગ જોરી; સ્યામ૦ ટેક.
મનમોહન મોરી અંગિયાં ભીજ ગઈ, મોતીનકી લર તોરી. સ્યામ૦ ૧
મેં અજાન પિયા કછુએ ન જાનું, ડારી મોરે શિર ચોરી. સ્યામ૦ ૨
હે ચીતચોર પીરઉં ન જાની, બાંહ પકર ઝકઝોરી. સ્યામ૦ ૩
પ્રેમસખી પિયા રસિક રૂપપર, વારત મદન કરોરી. સ્યામ૦ ૪

પદ ૧૩૭૪ મું–રાગ કાફી–હોરી–તાલ ચંપક

આવો મીલી બ્રજનારી, આજ પકરે† ગિરિધારી; આવો૦ ટેક.
ચંચલ ચપલ મીલત નાહિ કબહું, બહુત દિનન પચિહારી. આજ૦ ૧
એ છીન લૈહો‡ પીતાંબર મોરલી, પે'રાવો નઇ સારી. આજ૦ ૨
આંખી આંજી મુખ મીડી પિયાકો, નચવોરી દેકર તારી. આજ૦ ૩
પ્રેમસખી જી ન કહો રી કહાન કોઉં, સુંદર નંદદુલારી. આજ૦ ૪

પદ ૧૩૭૫ મું

એ મોહન પિયા પાયે, આજ કરીઉં મન ભાયે; એ મો૦ ટેક.
પેરાયી ચૂરી ચૂનરિયાં, અંજન દ્રગ કજરાયે. આજ૦ ૧

---

* "હારે" પાઠાન્તર છે.

† "પકરિએ" "પકરીહેં" પાઠાન્તર ગવાય છે.

‡ "લેહો" પાઠ વધારે સારો લાગે છે.

પ્રેમભરી મુખ ચુંબી ભામિની, ગાલન ગુલચા લગાયે. આજ૦ ૨
વ્રજવનિતા જોરી દ્રગસેં દ્રગ, નેનન સેંન શિખાયે. આજ૦ ૩
પ્રેમસખી એ નંદલલીકે, બીંદન ભાલ લગાયે. આજ૦ ૪

પદ ૧૩૭૬ મું

નીકી બની નંદલરકી, દેખો છબી સુંદરવરકી. નીકી૦ ટેક.
પેરાયી અંગિયાં અરુ ચૂંનર, રાજત ચૂરિયાં કરકી. દેખો૦ ૧
માંગ સંવારી બીંદી દ્રગ અંજન, લલિત છબી વેસરકી. દેખો૦ ૨
સુની બ્રજનાર સનેહ અપારસોં, આઈ દેખન ઘરઘરકી. દેખો૦ ૩
પ્રેમસખી કહે સુનો હો સયાંની, લેજ્યું ચલો નંદ ખીરકી. દેખો૦ ૪

પદ ૧૩૭૭ મું

લેજ્યું આઈ નંદદ્વારે, મોહન પિયા પ્રાણસેં પ્યારે; લેજ્યું૦ ટેક.
હે નંદરાની દેખો યા લરકી, ઠાડીહુતી પનિયારે. મોહન૦ ૧
કહા જાને કાઉકી સાવરી, તેરે લાલ અનુસારે. મોહન૦ ૨
આઈ જશોદા નિરખી લાલકું, ભરી આય દ્રગ તારે. મોહન૦ ૩
પ્રેમસખી એ રૂપનિધિપર, પ્રાણ વારી વારી ડારે. મોહન૦ ૪

પદ ૧૩૭૮ મું–રાગ કાફી

દૂરીજન દેખશેરે, પાલવડો મારો મેલ છબીલા. છબી૦ ટેક.
દેખશે ઓલ્યા લોક દૂરીજન, જાશે મારી લાજ;
સાસુ પુછશે કયારની વહુ તું, કયાં ગઇતી આજ. છબી૦ ૧
સરખી સૈયર જાણશેરે, મને બોલશે વાંકા વેંણ;
ઉભી છે બહુ કદમની છાયે, કહાનજી કીધો સેંણ. છબી૦ ૨
પાલવ મેલને પાતળિયા, મને થઈ છે ઝાઝી વાર;
હૈયે હાથ ન નાંખશોરે, મારો ત્રુટશે નવસરહાર. છબી૦ ૩
જાવા દ્યો મુજને માવજીરે, મારે ઘેર છે ઝાઝું કામ;
આવીશ પાછી પાતળિયારે, માનો પ્રેમાનંદના શ્યામ. છબી૦ ૪

પદ ૧૩૭૯ મું

રસિયા રોક માં રે, ઉઢાણી મારી આલ શામળિયા. રસિયા૦ ટેક.

વાર થાયે છે વિઠ્ઠલ, મારી સાસુ જુવે છે વાટ;
કામ વિના તું કહાનજી, રોકીને શીદ ઉભો છે ઘાટ. શામ૦ ૧
મેલને આળ તું આલ ઉંઢાણી, તાણ્યમાં મારું ચીર;
કર જોડીને કહું છું કેશવ, ભરવા દેને મને નીર. શામ૦ ૨
અમે વહુઆરું લાજના માણુસ, ત્હારે નહિ લાજ લગાર;
ગોવિંદ ઘેલડો થાયે છે જોઇને, ગોકુલિયાની નાર. શામ૦ ૩
કયારની કહું છું માન મનોહર, ભરવા દે મને હેલ;
મળશું આપણ કુંજમાં કહાના, પ્રેમાનંદના છેલ. શામ૦ ૪

પદ ૧૩૮૦ મું

મારા સમ માર માં રે, કાંકડલી મને કહાન રંગીલા; મારા૦ ટેક.
કાંકડલી મને માર માં મોહન, કહું છું વારમવાર.
લાડકડા ત્હારા લાડ હું પૂરા, કરીશ નંદકુમાર. રંગીલા૦ ૧
બેડલું મ્હારે ફુટશે, મ્હારી સાસુડી કરશે સ્હોર;
કેશવ તુજને કહું છું, કેડો મેલને તું નંદકિશોર. રંગીલા૦ ૨
માધવ ત્હારા મનમાં શું છે, શીદ રોકે છે વાટ;
નિર્લજ નવરો મેલતો નથી, જમુનાજીનો ઘાટ. રંગીલા૦ ૩
કંસને કેહેશું કેશવ તારા, લક્ષણ સર્વે આજ;
પ્રેમાનંદના નાથજી ખોશો, નંદ જશોદાની લાજ. રંગીલા૦ ૪

પદ ૧૩૮૧ મું

કહું છું કયારનીરે, બાંહડલી મારી મેલ ઠગારા; કહું છું૦ ટેક.
ચૂડિયું ફુટશે નંદના કુંવર, માન તું સુંદરસ્યામ;
સાસુ જાણશે કહેશે, વહુ શું આ કીધું તેં કામ. ઠગારા૦ ૧
ઘુંઘટપટ ઉઘાડમાં મોહન, દેખશે ગામના લોક;
ઢેલ માં માથે ભાર છેરે, મારી લચકાશે તે ડોક. ઠગારા૦ ૨
આડો આવીને ઓઝમાં માધવ, તોડ માં મોતીહાર;
બળિયો છું પણ બાંધી મંગાવીશ, કંસતણે દરબાર. ઠગારા૦ ૩

રહી અસુરી એકલીરે હું, ગયો સૈયરનો સાથ;
મેલી દેને મારા સમ છે મોહન, પ્રેમાનંદના નાથ. ઠગારા૦ ૪

પદ ૧૩૮૨ મું–રાગ કાફી-ધ્રુપદ ચૌતાલ

સરસ ગાય ગાયરે (૨), ગાય ગાય મોહન મધુરીસી તાન
મન પ્રાન હર લીનોરે; સર૦ ટેક.
બંસી અધર ધરે કહાન, લે લે સપ્ત સ્વરન તાન, સાંવરે
સુજાન કછુ કર દીનોરે. સર૦ ૧
વિકલ ભયે મન પ્રાન, ભૂલી સબ ખાન પાન, તનમેં
લે ઉલટો સિંગાર કીનોરે;
પ્રેમાનંદ વ્રજનારી, મીલી જાય ગિરિધારી, થકીત ભઈ
નિરખી નિરખી રંગભીનોરે. સર૦ ૨

પદ ૧૩૮૩ મું

તરન તારનરે (૨), તારન નિસતારન ધર્મકુંવર અખિલ
જગતકારનરે; તરન૦ ટેક.
રટ મન રૈન દિન, ઘરી ઘરી પલ છીન, દીનબન્ધુ
અધમઓધારણુરે. તરન૦ ૧
અશરણુશરણુ સ્યામ, પરંબ્રહ્મ પૂરણુકામ, નિજ જનકે
દુઃખનિવારણુરે;
ભક્તવત્સલ કૃપાનિધાન, પ્રેમાનંદકે જીવનપ્રાન, કામ ક્રોધ
લોભ મોહ મારનરે. તરન૦ ૨

પદ ૧૩૮૪ મું

પરન બાજતરે (૨), બાજત ગત ગડગડયોં ગડગડયોં ધૂમ્ કટ્
તક્ ધાધીલાં, ધિતા સરસ રાજતરે; પરન૦ ટેક.
દ્રીંકટ તક્ દ્રીંકટ તક્(૨),ધાધીલાં(૨), ઙુમિ ઙુમિ ઙુમિ ઙુમિ ત્રુગ્
ત્રુગ્ ત્રુગ્ ત્રુગ્ ગુમ્ ગુમ્ ગુમ્ ગુમ્ મૃદંગ ગાજતરે. પરન૦ ૧
નૃત્યત બિહારી બ્રજનારીસંગ, સાંગીત નટવર સુઘર
ગત સાજતરે;

પ્રેમાનંદકો નાથ લેત તાન સપ્ત સ્વર, સાની ધપ મગરીસા
નિરખી મદન લાજતરે. પરન૦ ૨

પદ ૧૩૮૫ મું

ખરજ સાધ સાધરે (૨), સાધ સાધ ગુનીજન ગુન નાદ વિદ્યા
બ્રહ્મરસ આદ આદરે; ખર૦ ટેક.
ખરજ રીખજ ગંધાર, મધ્યમ પંચમ ધૈવત નિષાધ, સપ્ત
એહી બ્રહ્મ નાદરે. ખર૦ ૧
સપ્ત સ્વર્ગ સપ્ત પાતાલ વૈકુંઠ પરમ ધામ, ઠામ ઠામ છાંયે રહ્યો
નાદ સોઈ અગાધરે;
પ્રેમાનંદ શ્યામસંગ ગાવત સુખ પાવત, રિઝત હરિ દેત
મોજ મહાપ્રસિદ્ધરે. ખર૦ ૨

પદ ૧૩૮૬ મું–રાગ કાફી

બિહારીલાલ બાંકે હો બિહારીલાલ બાંકે, રંગભીને છેલ કહાંકે હો; બિ૦ ટેક.
બંદ્રાબનકી કુંજગલીનમે, ફીરત મોહન મદ છાકે. હો બિ૦ ૧
પઢી પઢી ટોંના ડારત, ગારત નેહ બાન નજરાકે;
પ્રેમાનંદકે પ્રભુ બસ ગીયો દીલમેં, બાલમ બ્રજઅબલાકે. હો બિ૦ ૨

પદ ૧૩૮૭ મું

છબીલે છેલ સલોને હો, છબીલે છેલ સલોને,
તેરી ચિતવનીમેં કછુ ટોને; હો છ૦ ટેક.
ભ્રકુટી કુટીલ ચપલ ચિતવનીમેં, મોહે મીન મૃગ છોને. હો છ૦ ૧
ચિતવની તરછી લાગત માનું બરછી કસત કરેજકે કોંને;
પ્રેમાનંદ પ્રભુ દરદ હિલોંદા કહી ન બનત મુખ મોંને. હો છ૦ ૪

પદ ૧૩૮૮ મું

રસીલે રાજીવ નેનાં હો, રસીલે રાજીવ નેનાં,
બીનુ દેખે મોહે નાંહી ન ચેનાં; હો રસી૦ ટેક.
રૂપે રાતી મદન મદમાતી, બેના પરમ સુખદેનાં. હો રસી૦ ૧

જન મનહરની ખલક બસકરની કમલનયનકી સેના;
પ્રેમાનંદ નિરખી સુખ પાવત, ગાવત હે દિનરેના. હો રસી૦ ૨

પદ ૧૩૮૯ મું

રંગીલે કહાન પ્યારે હો, રંગીલે કહાન પ્યારે,
તુમ જીવન પ્રાન હમારે; હો રંગી૦ ટેક.
પ્રાન હમારે નેનાકે તારે, નટવર ધર્મદુલારે. હો રંગી૦ ૧
ધર્મદુલારે કરું નહિ ન્યારે, ઉરકે હાર હજારે;
પ્રેમાનંદ ઘનસ્યામ છબીપર, તન મન ધન લે વારે. હો રંગી૦ ૨

પદ ૧૩૯૦ મું-રાગ કાફી

બિસરી ગઈ હાર હિયાકો મેરો, કહાન કદમઉંકી છૈયાં; બિસ૦ ટેક.
હરિવર હાંસી ન કીજે હારકી, દેહો સ્યામ સુખદૈયાં. બિસ૦ ૧
યહાં અબહી કોઉં ઓર ન આયો, તુમહિ ચરાવત ગૈયાં. બિસ૦ ૨
લરીહે લાલ મોરે ઘરકે લોગવા, ઓર લરીહે મોરી મૈયાં. બિસ૦ ૩
પ્રેમાનંદકે પ્રભુ પરમ ચતુરવર, પુનિ પુનિ પરું તોરે પૈયાં. બિસ૦ ૪

પદ ૧૩૯૧ મું

ગુજરિયાં જોબન મદમાતી, તેં લઇરે મોરલિયાં મોરી; ગુજ૦ ટેક.
બડેરે બાપકી બેટી હોયકે, કરની શિખી કહાં ચોરી. ગુજ૦ ૧
બંસી ચોરી મોયે દોષ લગાતી, માગતી હાર નિઠોરી. ગુજ૦ ૨
યા બંસીમેં મેરો પ્રાન બસતહે, સુન રાધે સોંહ તેરી. ગુજ૦ ૩
પ્રેમાનંદ કહે પ્રભુ બંસી આની દે, શ્રીવૃષભાનકિશોરી. ગુજ૦ ૪

પદ ૧૩૯૨ મું

બાંસુરિયાં ભૂલી આયે કઉ, ઢીઠ લંગર બંસીવારે; બાંસુ૦ ટેક.
કહાં તુમ કહાં હમ કહાં બાંસુરિયાં, માંગત પાસ હમારે. બાંસુ૦ ૧
રંચ ભર સાંચ ન બોલો મોહન, યાહીતે ભયે કહાન કારે. બાંસુ૦ ૨
કહાં શિખે એતી ધુરતતા, કોન શિખાવન હારે. બાંસુ૦ ૩
પ્રેમાનંદકે પ્રભુ કરી ઠગ બાજી, મોહ્યો સકલ બ્રજ પ્યારે. બાંસુ૦ ૪

પદ ૧૩૯૩ મું

નાગરિયાં તેં નેન સલોનિરી, તો જેસી કોઉ નાઈ; નાગ૦ ટેક.
નેનમેં બેનમેં સેનમેં સુંદરી, બઉરાવતી કઈ કાઈ. નાગ૦* ૧
ભાઉ મરોરતી નેનની જોરતી, મોરતી અંગ ઈતરાઈ. નાગ૦ ૨
ભુજ ફરકાવતી કુચ તરકાવતી, ગાવતી ગારી હરખાઈ. નાગ૦ ૩
પ્રેમાનંદ કહે જુગલછબીપર, તન મન ધન બલજાઈ. નાગ૦ ૪

પદ ૧૩૯૪ મું-રાગ કાફી

તેરી અંખીયાંમે કછુ ટોના, બંસી વારે સલોના; તેરી૦ ટેક.
અંખીયાં તેરી લેતહેં હેરી, આઇ કોઉ પેલેહી ગોના. બંસી૦ ૧
ચિતવની તરછી મારત માનું બરછી, કસત કરેજકે કોના. બંસી૦ ૨
કેસો જાદુ ડારત કછુ ના બિચારત, હોતહે જ્યેં દુઃખ દોના. બંસી૦ ૩
પ્રેમાનંદકે પ્યારે પ્રાન હમારે, બીનું દેખેં આવત રોના. બંસી૦ ૪

પદ ૧૩૯૫ મું

તેરી બાંસુરીને ધર ધાલા, જશોદાજી કે લાલા; તેરી૦ ટેક.
બાંસુરી પાંસુરી છેદ ગઈ, મોયે કરીદીની હાલબેહાલા. જસો૦ ૧
તન મન પ્રાન ભયે બસ મેરે, જ્યુ મૃગ ખંજન જાલા. જસો૦ ૨
દિન નહી ચેંન રેન નહી નિદ્રા, પ્રગટી બિરહાનલજવાલા. જસો૦ ૩
પ્રેમાનંદકે નાથ મેંતો અબ, ફેરું તેરે નામકી માલા. જસો૦ ૪

પદ ૧૩૯૬ મું

બાંસુરિયામેં બનવારી, લીનો જીયરો નિકારી; બાંસુ૦ ટેક.
બીનુ દેખેં મોયે કલ ન પરે કઉં, બિરહ બિથા તન ભારી. લીનો૦ ૧
ખાન પાન તન ભાન વિસરી ગઈ, બીકલ બિરહકી મારી. લીનો૦ ૨
ઓખદમૂરી અંગ નહી લાગત, બૈદ ટટોરત નારી. લીનો૦ ૩
પ્રેમાનંદ કે નાથ બીના મોહે, હોવત નાહી કરારી. લીનો૦ ૪

* "કહી કાંઈ" અર્થ હશે.

પદ ૧૩૯૭ મું

અબ સાંવરે બીના માઈ, મોપે રહ્યોઉ ન જાઈ; અબ૦ ટેક.
શ્યામસુંદરકી સાંવરી સુરત, બીનુ દેખોં કલ નાઈ. મોપે૦ ૧
કે વાકે ઢીગ મોહી લે જાઓ, કે વાકું લાવો બોલાઈ. મોપે૦ ૨
તરત મીટેગો રોગ તન મનકો, પરત વાકી પરછાઈ. મોપે૦ ૩
પ્રેમાનંદકે નાથબીના પીર, મીટે ન કોટિ ઉપાઈ. મોપે૦ ૪

પદ ૧૩૯૮ મું–રાગ કાફી

શ્યામ કેશરીયો બનો, બ્યાહન આયોરે સૈંયો; શ્યામ૦ ટેક.
બનરો બિહારી ગિરિધારી રાજ બનરિકે મન ભાયોરે સૈંયો. શ્યામ૦ ૧
જરકસી પાઘમેં મોતિયુંકે સેહરો સરસ છાયોરે સૈંયો. શ્યામ૦ ૨
ભુખન બસન અનોપમ નિરખી મન લલચાયોરે સૈંયો. શ્યામ૦ ૩
પ્રેમાનંદ કહે બનરો બ્યાસ બિરંચી મુનિ મીલ ગાયોરે સૈંયો. શ્યામ૦ ૪

પદ ૧૩૯૯ મું

બની અસવારીરે બિહારી બરાંકી દેખો; બની૦ ટેક.
મકનારે હાથીવારી કનક અંબાડી લગત પ્યારીરે દેખો. બની૦ ૧
બનેહેં બરાતી માનુ રતિપતિકી સેના સજીકે ઠારીરે દેખો. બની૦ ૨
ગગન સઘન મુદિત સુર બરખે સુમન વારીરે દેખો. બની૦ ૩
પ્રેમાનંદ કે' ગાવત ગારી પૂરનારીરે દેખો. બની૦ ૪

પદ ૧૪૦૦ મું

તેરી છબી મેરે મન બસગઇરે બનરા; તેરી૦ ટેક.
શ્યામસુંદર અસ સજ કંગના મસ લસ ગઇરે બનરા. તેરી૦ ૧
ચિતવની ચલની દેખતહી કરેજવામેં કસ ગઇરે બનરા. તેરી૦ ૨
રૂપ છટા લખી રતિપતિકી મતિ ખસ ગઇરે બનરા. તેરી૦ ૩
અંગ અંગકી છબી પ્રેમાનંદકે ઉર ઠસ ગઇરે બનરા. તેરી૦ ૪

પદ ૧૪૦૧ મું

રાજ સહેલી તોયે દેખી મોઇરે* બનરા; રાજ૦ ટેક.

---

* "મોહીરે" ગાય છે.

કમનિય રૂપ નિરખી અંખિયાં, ન ત્રપત હોઇરે બનરા. રાજ૦ ૧
ઠાડી સખિયનમેં પ્રફુલ્લિત મનમેં, છબી જોઈ જોઇરે બનરા. રાજ૦ ૨
આયં ઠાડી ભઇ કર સુમન માલ લઈ, પે'રાવા તોઇરે બનરા. રાજ૦ ૩
પ્રેમાનંદ કે' મેરે ઉરમેં બિરાજો, દંપતિ દોઇરે બનરા. રાજ૦ ૪

પદ ૧૪૦૨ જું રાગ કાફી

વાંસલડી કુંણ વાયેરે, વેરણ વાંસલડી કુંણ વાયેરે;
મારું સુણતાં કાલજ કોરાયેરે, વેરણ વાંસલડી કુંણ વાયેરે. વેરણ૦ ટેક.
શ્રવણે સુણીને મારું તનડું તપે છે, મન મળવા અકુળાયેરે. વેરણ૦ ૧
કામ કાજ મને કાંઈ નવ સુજે, ઘેલી ફરું ઘરમાંયેરે. વેરણ૦ ૨
વાંસલડિયે મારી વેંધી પાંસલડી, મને વ્રહની વેદના થાયેરે. વેરણ૦ ૩
પ્રેમાનંદનો નાથ જોયા વિના પળ એક જુગસમ જાયેરે. વેરણ૦ ૪

પદ ૧૪૦૩ જું

વેરણ થઇને લાગીરે વાંસલી વેરણ થઈ, કીધી વ્રજઅબલાને
વેરાગીરે. વાંસ૦ ટેક.
મદનભરી વાગે અતિ વસમી, ખટકે છે જઇને આગીરે. વાંસ૦ ૧
પતિસુતમાંથી પ્રીત તજીને, થઈ છું સર્વે ત્યાગીરે. વાંસ૦ ૨
વ્રજવિનતાનું જીવન સર્વસ, લઇને થઈ છે બડભાગીરે. વાંસ૦ ૩
પ્રેમાનંદને નાથ અધર ધરી, રસિયે શ્યામસોહાગીરે. વાંસ૦ ૪

પદ ૧૪૦૪ થું

જીવન જમુના તીરેરે, વાયે જીવન જમુના તીરેરે;
મારું વિંધ્યુ મન બલવીરેરે. વાયે જી૦ ટેક.
મંત્ર ભણીને મધરાતે મોહન, ટેર સુણાવે ધીરે ધીરેરે. વાયે જી૦ ૧
સાંભળતામાં સરવે ભૂલી, ડોલી દરદની પીરેરે. વાયે જી૦ ૨
હૈડું મારું ભરાઇને આવ્યું, નેત્ર ભરાયા છે નીરેરે. વાયે જી૦ ૩
પ્રેમાનંદના નાથને મળવા, ઉપજ્યો વિરહ શરીરેરે. વાયે જી૦ ૪

પદ ૧૪૦૫ મું

મોરલીમાં મન લીધુંરે, મોહને મોરલીમાં મન લીધુંરે;
છેલે કામણ કાંઈક કીધુંરે. મોહને૦ ટેક.

વાંસલડી વાઇને વનમાં, તેડીને દરશન દીધુંરે. મોહને૦ ૧
રસમાં રસબસ કીધી રસિયે, પ્રીતે અધરામૃત પીધુંરે. મોહને૦ ૨
અંગોઅંગ ફુલી વ્રજવિનતા, જોઇ મોહન મુખવિધુરે. મોહને૦ ૩
પ્રેમાનંદના નાથને મળતાં, કારજ સરવે સીધુંરે. મોહને૦ ૪

પદ ૧૪૦૬ ઠું–રાગ કાફી

જાવા ઘો જમુના પાણી હો કાનુડા; જાવા૦ ટેક.
જમુનાજીને મારગ જાતાં, હાથ ઝાલી શાને તાણી. હો કા૦ ૧
આસ્ય કરો ને વાહલા અધકુંરે બોલો, દેખતાં સૈયર સમાણી. હો કા૦ ૨
સન્મુખ આવીને સાન કરો છો, શાને બોલો છો ખોટી વાણી. હો કા૦ ૩
પ્રેમસખી કહે વાત હિયાની, રહોને રસિયા અમે જાણી. હો કા૦ ૪

પદ ૧૪૦૭ મું

મારગડે રોકો માં માવા; હો મોહનજી૦ ટેક.
નિત્ય ઉઠીને કેટલુંક સહિયે, શાને બાઝો છો આવી ઠાલા. હો મો૦ ૧
હાથ જોડીને કરગરિયે તમને, તેમ તેમ થાઓ માં કાલા. હો મો૦ ૨
ગાયું ચારોને આવી ચીર તાણો છો, નથી રાજા નંદલાલા. હો મો૦ ૩
આજ કહીએ તે શીખ માની લેજો, પ્રેમસખીના છોગાલા. હો મો૦ ૪

પદ ૧૪૦૮ મું

મારગ મેલો ગિરિધારી, હો રસિયા મારગ; હો ર૦ ટેક.
વાંક વિના આવી મારગ* બાંધો, શાને ખાળો છો મૈયારી. હો ર૦ ૧
કોઇના શિખાવ્યા ફુલોમાં વહાલા, વનમાં ન છેડો પરનારી. હો ર૦ ૨
હાંસી નહિ વાત સાચી કહું છું, માનો શીખ હમારી. હો ર૦ ૩
પ્રેમસખીના શ્યામ મનોહર, જુવોને વાત વિચારી. હો ર૦ ૪

પદ ૧૪૦૯ મું

વાર જશોદા વનમાળી, હો મોહન તારો; હો મો૦ ટેક.
આવડો શો લાડકવાયો બાઈ, પાલવ ઝાલે દેઈ ગાળી. હો મો૦ ૧
વૃંદાવનને મારગ જાતાં, દાન માંગે છે અમને ખાળી. હો મો૦ ૨

---

* "મારગે" પાઠાન્તર છે.

ગોવાળાની મંડળી લેઇને, જેમ તેમ બોલે દઈ ગાળી. હો મો૦ ૩
પ્રેમસખીને મનડે વસિયો, પીળી પલવટવાળી. હો મો૦ ૪

પદ ૧૪૧૦ મું

વારને જીવનપ્રાણ માડી તારો; વાર૦ ટેક.
મારગ જાતાં મળવાને ધાંખે, માગે છે જોબનિયાંના દાણ. માડી૦ ૧
એક કહું તો આવી લાખ કહે સામો, કઠણ વચનના બાણ. માડી૦ ૨
મધુસૂદન મતલબનો ગરજી, હરજી ચતુર સુજાણ. માડી૦ ૩
પ્રેમાનંદ કહે શું સમજીને, વેદ કરે છે વખાણ. માડી૦ ૪

પદ ૧૪૧૧ મું

જીવન જમુના તીર માડી તારો; જીવ૦ ટેક.
પાતળિયો પનઘટપર આવીને, ભરતાં ખાળે છે નીર. માડી૦ ૧
નાહિયે ત્યાં છાનો આવીને, ચોરીને ભાગે છે ચીર. માડી૦ ૨
લોકની લાજ મરજાદ ન આણે, ના જાણે પર પીર. માડી૦ ૩
પ્રેમાનંદ કહે રોકીને રાખીશ, નેણમાં બલવીર. માડી૦ ૪

પદ ૧૪૧૨ મું

ગિરિધર ઘેલો તૂર બાઈ તારો ગિરિધર; બાઈ૦ ટેક.
મારગમાં માણસ* દેખતાં, આવીને બાઝે છે મારે ઊર. બાઈ૦ ૧
પરનારી ભાળીને ભૂરાયો, જીવન જોબનપૂર. બાઈ૦ ૨
નાનકડા નટવરને જશોદા, જાળવજે તું જરૂર. બાઈ૦ ૩
પ્રેમાનંદને નાથ રસીલે, અમને કીધાં ચકચૂર. બાઈ૦ ૪

પદ ૧૪૧૩ મું

કમલનયનને વાર બાઈ તારા. કમલ૦ ટેક.
અલબેલો આવીને અચાનક, તોડે મારા હેડાનો હાર. બાઈ૦ ૧
દૂધ દહી મહી માખણ ઘરમાં, રે'વા ન પામે લગાર. બાઈ૦ ૨
કેટલાંક કહું કેશવનાં કૌતક, શેષ ન પામે પાર. બાઈ૦ ૩
પ્રેમાનંદના નાથને નિરખી, મગન રહે છે વ્રજનાર. બાઈ૦ ૪

---

* "માણસો" ગાય છે.

પદ ૧૪૧૪ મું-રાગ કાફી

શામળિયે મારી સુરત હરીરે; સામ૦ ટેક.
જોયામાં કાંઈ કારણ છે, કે એની દૃષ્ટી છે કામણભરી. સામ૦ ૧
પાણીડાંરે ભરવા સારું જાતાં ને વળતાં, હિંડું હુતો લાજ કરી;
આજ અજાણે ઘુંઘટ ઉઘાડીને, જોયા મેંતો જીવન જરી. સામ૦ ૨
સુંદર મુખડું જોઈ મન મગન થઈ, સુધ બુધ સહુ વિસરી;
હાથ ન હાલે મારો પાવ ન ચાલે, રહી એક નજરે ઠરી. સામ૦ ૩
ચંચલ લોચન ભવદુઃખમોચન, મુહરિયું તો ફુટે છે ખરી;
પ્રેમાનંદના નાથને નિરખી, ના આવું ભવમાં ફરી. સામ૦ ૪

પદ ૧૪૧૫ મું

વાંસલડી મારે વેરણ પડીરે; વાંસ૦ ટેક.
વિરહ ભરી મધરાતે વેરણ, વાગે છે ઘડિયે ઘડિ. વાંસ૦ ૧
સાંભળતાં મારી સુધ બુધ વિસરી, જાણીયે કાળે કરડી;
રોમ રોમમાં સાંભરી સુરત, આવે* છે લે'ર ચડી. વાંસ૦ ૨
વાગે છે જોરે ને કાલજ કોરે, વાંસની વાંસલડી;
વ્યાકુલ થાએ મારું મન મળવાને, નયણે નીરઝડી. વાંસ૦ ૩
ભોજન ન ભાવે મને નિંદ ન આવે, સુતાં સૈયર† સેજડી;
પ્રેમાનંદના નાથની મૂરતિ, આવે છે ઉરમાં અડી. વાંસ૦ ૪

પદ ૧૪૧૬ મું-રાગ કાફી

અલબેલા આવો ઓરારે, અરજ કરું છું; અર૦ ટેક.
ભાવ કરીને નટનાગર ભેટું, જોવું તારા મોલીડાના તોરારે. અર૦ ૧
વિઠ્ઠલવર વહાલા છો મુજને, નવલ સનેહિ નંદછોરારે. અર૦ ૨
પાતલિયા વર પ્રીત કરીને, પ્રાણ હર્યા છે તમે મોરારે. અર૦ ૩
પ્રેમાનંદ કહે નેણા ભરીને, નિરખું જ્યું ચંદ ચકોરારે. અર૦ ૪

---

* "આવી" પાઠાન્તર છે.
† "સૂતાં સેજડી" પાઠાન્તર છે.

પદ ૧૪૧૭ મું

છોગાલા છોગું તારુંરે મનમાં ગમ્યું છે; મન૦ ટેક.
છેલ કુંવર તારાં છોગલાં ઉપર, તન મન ધન લેઈ વારુંરે. મન૦ ૧
જડી રાખું જીવડલા સાથે, ચીતમાંથી પળ ન વિસારુંરે. મન૦ ૨
પાતળિયા વર છોગું તમારું, જીવન ધન છે મારુંરે. મન૦ ૩
પ્રેમાનંદ કહે પ્રીત કરીને, નીત નીત ચિત્તમાં સંભારુંરે. મન૦ ૪

પદ ૧૪૧૮ મું

કાનુડે કામણગારે મા કામણ કીધું; કાનુ૦ ટેક.
હું તો ગઇતી મા પાણીડુંરે ભરવા, ઉભો હતો જમુનાને આરે મા. કામ૦ ૧
શુંરે જાણું જે મને શું કરી દીધું, નટવરે નેણુંને નજારે મા. કામ૦ ૨
લટકે તે આવી મને હસીને બોલાવી, શુંરે વખાણું વારેવારે મા. કામ૦ ૩
પ્રેમાનંદના નાથની મૂરતિ, આવીને વશી છે મન મારે મા. કામ૦ ૪

પદ ૧૪૧૯ મું

મને કીધી છે દિવાની મા, હો મીઠડા બોલે; હો મી૦ ટેક.
મોરલડીમાં માવે મંત્ર ભણીને, મોહની નાંખીછે કાંઈ છાની મા. હો મી૦ ૧
સામું જોઇને મારી સુધ હરી લીધી, રસિયે છેલ ગુમાની મા. હો મી૦ ૨
સુંદર રૂપ સલોની અંખીયાં, રેખું ઉઠે છે નાની નાની મા. હો મી૦ ૩
પ્રેમાનંદના નાથને નિરખી, મગન રહું છું મસ્તાની મા. હો મી૦ ૪

પદ ૧૪૨૦ મું-રાગ કાફી

ધૂતારે મુને કહાનેરે કામણ કીધું; ધૂતા૦ ટેક.
મોરલડીમા વહાલે મંત્ર ભણીને, ચીતડું મારું ચોરી લીધું. ધૂતા૦ ૧
અલબેલે એકાંતમાં મુજને, આવીને દરશન દીધું. ધૂતા૦ ૨
પ્રીત કરીને મારો પાલવ સાહ્યો, હસીને ગોરસ મારું પીધું. ધૂતા૦ ૩
પ્રેમાનંદના નાથને મળતાં, સરવે કારજ મારું સીધું. ધૂતા૦ ૪

પદ ૧૪૨૧ મું

વાલીડે વશ કીધીરે નેણાને ચાળે; વાલી૦ ટેક.
શામળિયે સમજાવી સાનમાં, રંગભીને રૂપાળે. વાલી૦ ૧

હેત કરીને મને હસીને બોલાવી, મીઠડા બોલેરે મરમાળે. વાલી૦ ૨
શુંરે જાણું જે મને શું કરી દીધું, કામણગારે કહાન કાળે. વાલી૦ ૩
પ્રેમાનંદને વહાલે કીધી દિવાની, છેલછબીલડે છોગાળે. વાલી૦ ૪

પદ ૧૪૨૨ મું

જીવન જોયા વિનારે મન અકળાયે; જીવ૦ ટેક.
કામ કાજ મને કાંઈ નવ સુજે, ઘરમાં ક્ષણું ન રે'વાયે. જીવ૦ ૧
નંદકુંવર જોયા વિના મુજને, પળ છીન જુગસમ જાયે. જીવ૦ ૨
અણદીઠે અકળાઉં સજની, દીઠે હરખ ન માયે. જીવ૦ ૩
પ્રેમાનંદના નાથ વિના મને, જીવમાં જંપ ન થાયે. જીવ૦ ૪

પદ ૧૪૨૩ મું

સાહેલી મને વહાલોરે વાલીડો લાગે; સાહે૦ ટેક.
વહાલો લાગે જશોદાનો જાયો, રાખું આંખડલીને આગે. સાહે૦ ૧
રૂપસાગર હરિ નટનાગરને, જોઈ જોઈ દુ:ખ મારાં ભાગે. સાહે૦ ૨
શુંરે કરું મારું મન હરી લીધું, છેલછબીલી એની પાગે.* સાહે૦ ૩
અખંડ બિરાજે આવી આંખડલીમાં, વહાલો પ્રેમાનંદ એ માગે. સાહે૦ ૪

પદ ૧૪૨૪ મું–રાગ કાફીની ગરબી

છોગાલારે ઘનશ્યામજી, તારાં છોગલાં પ્યારા લાગેરે;
સુંદર નટવર છેલડા, આવો રાખું આંખડલીને આગેરે. છોગા૦ ૧
નૌતમ બાંધી પાઘડી, મેલ્યાં છોગલિયાં મન હરવારે;
આવો મનોહર મોરલીવાલા, વ્રજનારી વશ કરવારે. છોગા૦ ૨
ઉભલા જમુના કાંઠડે, તમે ત્રિભંગી નંદલાલારે;
શી કહું શોભા અંગની, મને લાગો બહુ વહાલારે. છોગા૦ ૩
આડ અનોપમ કીધલી, તમે કેશર કેરી ભાલેરે;
વનમાળી વશ કીધલું, વ્રજ સુંદર ગજગતિ ચાલેરે. છોગા૦ ૪
આંખડી કમલ કેરી પાંખડી, માંઈ રેખું રાતી રાતીરે;
જીવન જુવો છો કટાક્ષમાં, મારી છેદ કરે છે છાતીરે. છોગા૦ ૫

* "પાઘે"

સુંદર વર અતિ શોભતી, પે'રી ઉર વૈજંતી માળારે;
ગજરા પે'રી ગુલાબના, લાગો રસિયા બહુ રૂપાળારે. છોગા૰ ૬
ઓઢી ઉપરણો ઉભલા, પે'રી પીતાંબરની ધોતીરે;
અલગી નવ થાયે આંખડી, મારી મોહન તમને જોતીરે. છોગા૰ ૭
પે'રી ચટકતી ચાખડી, આવો લટકાં કરતા લે'રીરે;
અખંડ બિરાજો આવી અંતરે, એ વિનંતિ પ્રેમાનંદકેરીરે. છોગા૰ ૮

પદ ૧૪૨૫ મું

મોહન સુંદર મૂરતિ, હવે નિમખ ન મેલું ન્યારીરે;
તન મન ધન તમ ઉપરે, હુંતો વાલમ નાખું વારીરે. મોહ૰ ૧
વશ થઈ છું હુંતો વિઠ્ઠલા, સુણી મુખની મીઠી વાણીરે;
કહો તેમ કરીયે કહાનજી, હુંતો હાથ તમારે વેચાણીરે. મોહ૰ ૨
વાંસલડીના નાદમાં હુંતો, થઈ છું ગિરિધર ઘેલીરે;
હિંડુ કેડે કેડે ડોલતી, હુંતો ન શકું નટવર મેલીરે. મોહ૰ ૩
સુંદર મુખ જોવું ગમે, બીજું કામ ન સુજે કાંઇરે;
જ્યારે ન દેખું નાથજી, ત્યારે અકળાઉં ઘરમાંઇરે. મોહ૰ ૪
મરમ ન જાણે મૂરખા, કરે દુરિજનિયાં બહુ હાંસીરે;
સહુ કે'છે થઈ ઘેલડી, એનો જીવ ફરે છે ઉદાસીરે. મોહ૰ ૫
લોક કુટુંબની લાજથી, હુંતો જીવન જરીએ ન લાજુંરે;
શું કરશે સંસારિયાં, મારે તમ સંગ જોઇયે સાજુંરે. મોહ૰ ૬
પ્રીતમ લાગી પ્રીતડી, કાંઈ જેમ પટોળે ભાતરે;
જીવ સાથે જડ્યા જાદવા, હવે ન મેલું દિવસ ને રાતરે. મોહ૰ ૭
શિર સાટે છો સાહેબા, મારી આંખડલીના તારારે;
તનંડાનું તાવીત છો, તમે પ્રેમાનંદના પ્યારારે. મોહ૰ ૮

પદ ૧૪૨૬ મું

લગની લાગી લાલસું, હવે કેમ કરી છુટે બેનીરે;
દઈ શિખામણ થાકિયાં, સહુ વાત ન ગોઠે કેનીરે. લગ૰ ૧

પ્રીતિ પેલાભવતણી, તે કેમ કરી તુટશે તોડીરે;
આંટી પડી ગઈ અંતરે, હવે છુટે ન કોઇની છોડીરે. લગ૦ ૨
લટકાં કરતાં કહાનજી, મારા ઉરમાં પેઠા આવીરે;
મૂર્તિ મોહનલાલની, મેંતો ઠીક કરી ઠેરાવીરે. લગ૦ ૩
ખાતાં પીતાં સોવતાં, મુને નાથ નથી વિસરતારે;
નટવર નેણું આગળે, હુંતો દેખું લટકાં કરતારે. લગ૦ ૪
જ્યારે ન દેખું દગ આગળે, ત્યારે દુઃખનો વાર ન પારરે;
કામ રહે સહુ હાથમાં, વહે નેણે આંસું ધારરે. લગ૦ ૫
ઘરના કે'છે નાની તે વયમાં, કૌતક વળગ્યું ભારીરે;
સાસુને સંતાપ ઘણો, કોઈ વૈદની ન લાગે કારીરે. લગ૦ ૬
ઔષધ મૂળી અંગ ન લાગે, જંત્ર મંત્ર કરી થાકયાંરે;
દેવી દેવના દોરા બાંધ્યા, ઘણા જોવાર્યા આખારે. લગ૦ ૭
કામણ શ્રીઘનસ્યામનાં, એતો જાશે જીવડો લઇનેરે;
પ્રેમાનંદને નાથજી, નાંખી મોહની હલવે રહીનેરે. લગ૦ ૮

પદ ૧૪૨૭ મું

કામણિયાંરે શ્રીકૃષ્ણજી, મને કીધલાં તે સુણ હેલીરે;
હું અંજાણ બેની કાંઈ નવ જાણું, આવી સાસરે પે'લીરે. કામ૦ ૧
એક સમે ઘનસ્યામજી, ધર્યાં ફુલ આભૂષણ અંગેરે;
ફુલ દડોરે ઉછાળતાં, આવ્યા નટવર અતિ ઉમંગેરે. કામ૦ ૨
આવીને હરિ ઉભલા, મારા ઓરડાની ઓસરિયેરે;
નિરખ્યા ઘુંઘટ ઓટમાં, મને વાર ન લાગી જરીએરે. કામ૦ ૩
ચાર નજર ભેળી થઈ, કર્યો નેણ તણો અણુસારોરે;
હૈડું નવ રહ્યું હાથમાં, બેની જીવડો ફટકયો મારોરે. કામ૦ ૪
મારી બાણ કટાક્ષના, હરિ થોડું થોડું હસિયારે;
એવાને એવા છેલજી, મારા ઉરમાં આવી વસિયારે. કામ૦ ૫
અનંગ વ્યાપ્યો મારા ઉરમાં, હુંતો આતુર થઈ હરિ મળવારે;
દુરિજનિયાંનો ડર ઘણો, મેંતો કોઇને ન દીધું કળવારે. કામ૦ ૬

તે દહાડાથી થઈ ઘેલડી, કશું કામ કાજ નવ સુજેરે;
લાગા નેણાં નાથનાં, બેની અંતર ઘાવ ન રુજેરે. કામ૦ ૭
શું જાણું મને શુંયે કરયું, હું તો દીઠા વિના દિવાનીરે;
પ્રેમાનંદના નાથની, બેની મૂર્તિ મારે મન માનીરે. કામ૦ ૮

પદ ૧૪૨૮ મું-રાગ કાફી

જાદુગારીરે મોહન મોરલડી વજાડી; જાદુગારીરે૦ ટેક.
મંત્ર ભણીને મધરાતે વજાડી, તનડાની સુરત વિસારીરે. મોહ૦ ૧
ઘેલડી સરિખી હું તો, ઘરમાંરે ઘૂમું; મન વસિયો છે મોરારીરે. મોહ૦ ૨
મન અકળાય મારું, કેને ન કેવાયે; દુરિજનિયાંનો ડર ભારીરે. મોહ૦ ૩
પ્રેમાનંદના, નાથને મળવા; અતિ આતુર વ્રજનારીરે. મોહ૦ ૪

પદ ૧૪૨૯ મું

કાનુડે, કામણગારે મા; કીધાં મુને કામણિયાં; કાનુ૦ ટેક.
શ્યામ સુંદરવર સામું મેં તો જેયું, લાજ ઉઘાડીને લગારે મા. કીધા૦ ૧
મનમોહને મને શું કરી દીધું, આંખડલીને અણહારે* મા. કીધા૦ ૨
હસી હસીનેરે મારું મન વશ કીધું, હેતેસું બોલાવી વારે વારે મા. કીધા૦ ૩
મોહની નાંખીને માવે મારું ઘર ઘાલ્યું, પ્રેમારેનંદને પ્યારે મા. કીધા૦ ૪

પદ ૧૪૩૦ મું

અણિયાળી, મરમાળીરે; કાનુડાની આંખડલી; અણિ૦ ટેક.
આંખ અણિયાળી રૂડી નંદના કુંવરની, માંહી રેખું
રાતડી રૂપાળીરે. કાનુ૦ ૧
કાંઇક કારણ છે ચિતવનીમાં, કામણ ભરી છે શાહી કાળીરે. કાનુ૦ ૨
આંખડી જેઇને ઘર તજ્યાં મોટા ભૂપતિ, પાછું ના જેયું
વાળી વાળીરે. કાનુ૦ ૩
આંખડલીનો ચાળો જેઈ ભ્રકુટી ઉળાળો, મોહ્યો પ્રેમાનંદ
બાળી બાળીરે. કાનુ૦ ૪

* "અણુસારે."

પદ ૧૪૩૧ મું

હોરે હોરે વારે, જુવો જુવો ચતુરાઇરે, નટવરના નેણાતણી; જુવો૦ ટેક.
અજબ અલોકીક રીત નેણાની, સંભળાવું લગારેક માઇરે. નટ૦ ૧
દુરિજનિયાંને અડતાં નથી જરીએ, મારે નિજ મિત્રને જાઇરે. નટ૦ ૨
નટવરનારે નેણાના પવાડા, રહ્યા વેદ પુરાણે ગવાઇરે. નટ૦ ૩
પ્રેમાનંદ કહે મોટા મુનિવર ભૂપતિ, રહ્યા નાથ નેણામાં લોભાઇરે. નટ૦ ૪

પદ ૧૪૩૨ મું–રાગ કાફી ધ્રુપદ

નટનાગરરી, બેન બજાય મન હર લીનો સુખસાગરરી; નટ૦ ટેક.
નિરખી થકીત ભઇ, તનકી તપત ગઇ, ભૂલ ગઇ ભરન
જલ ગાગરરી. નટ૦ ૧
દૃગ જુગ ખંજન, માર માન ભંજન, રંજન મન રૂપઉજાગરરી;
રૂપરસખાન કહાન, પ્રેમાનંદકે પ્રાન, સાંવરો સુજાન
સબગુન આગરરી. નટ૦ ૨

પદ ૧૪૩૩ મું

સુખદાયકરી, શ્રીઘનસ્યામ પૂરનકામ ત્રિભોવનનાયકરી; સુખ૦ ટેક.
પરમ ઉદાર મનોહર મૂરત, સુંદર વર સબ લાયકરી. સુખ૦ ૧
મહિમા અપાર જાકો, પારઉ ન પાવે કોઉ; શેષ શારદ નિગમ
એના ગાયકરી;
પ્રગટ હોત પ્રતિજુગ, પતિત કરન ભવપાર; પ્રેમાનંદ શરન
મનવચકાયકરી. સુખ૦ ૨

પદ ૧૪૩૪ મું

પદપાવનરી, શ્રીજીમહારાજકે; પરસત ત્રિવિધ તાપ નસાવનરી; પદ૦ ટેક.
ધર્મકુંવર ઘનસ્યામ, નાથ જુકે ચરન; જનમ મરણ દુઃખ
સમાવનરી. પદ૦ ૧
ષોડશ ચિહ્ન જુક્ત, મુક્ત મનભાવન; ભક્તિ ધર્મ ચરણ*
પ્રીત ઉપજાવનરી;

---

* "ચરન."

પ્રેમાનંદ ભજત જાની, સાધન સબકો ફળ માની; શિવ બ્રહ્માઉકે
ધ્યાન ન આવનરી. પદ૦ ૨

પદ ૧૪૩૫ મું

બલવીરરી, મોહનલાલ બાંસુરી બજાવે જમુનાકે તીરરી; બલ૦ ટેક.
કરત અલાપ સપ્ત સુર તીન ગ્રામઉકે, મૂર્છના સુનત છૂટ
ગઇ ધીરરી. બલ૦ ૧
કેસેંકે બને અબ મોહનકો મીલબોરી, બિરહકી હોત
તનમન પીરરી;
પ્રેમાનંદ કહે ઘનસ્યામ નાથજુકી બંસી, ખટકત ઉરમાનું તીરરી. બલ૦ ૨

પદ ૧૪૩૬ મું–રાગ જંગલો

બને માઈ સ્યામસુંદર બનવારી; બને૦ ટેક.
થકીત ભયે મેરે દ્રગન દોઉ, નટવર રૂપ નિહારી. બને૦ ૧
આવત લાલ પીતાંબર પે'રી, સ્યામ બસન કટિ ધારી. બને૦ ૨
પુલોંદિ પાઘ બાજુબંધ ગજરા, મોહી સકલ વ્રજનારી. બને૦ ૩
અંગોઅંગ મોહન છબીઉપર, પ્રેમસખી બલિહારી. બને૦ ૪

પદ ૧૪૩૭ મું

દેખો આલી રસિયોજી શોભાસુર; દેખો૦ ટેક.
ભ્રકુટી કુટિલ ચપલ દગ દેખી, મીન રહે જલ બૂર. દેખો૦ ૧
સુંદર શ્યામ નાસિકા નિરખી, કીર રહે જાઈ દૂર. દેખો૦ ૨
મનમોહન સુંદર ગતિ નિરખી, ડારત ગજ શિર ધૂર. દેખો૦ ૩
શોભાધામ કામ સબ પૂરન, પ્રેમસખી રાખત ઊર. દેખો૦ ૪

પદ ૧૪૩૮ મું

બની છબી સુંદર નંદકુમાર; બની૦ ટેક.
બેની સુંદર છબી દેખી લજજાને, મણિધર ગયેહેં પતાર. બની૦ ૧
શોભા બદન નિરખી છબી ભાગો, ઉડુપતિ ગગન મોઝાર. બની૦ ૨
રૂપ રસાલ દંતન* છબી દેખી, લાજત મુખ રહેં અનાર. બની૦ ૩
પ્રેમસખી પીતાંબર દ્યુતિપર, કુંચન જર્યો હે અંગાર. બની૦ ૪

* "સદન" પાઠ મૂળમાં છે પણ અર્થહીન લાગવાથી આ પાઠ રાખ્યો છે.

પદ ૧૪૩૯ મું

દેખો માઈ રસિક દ્રગનકો પાની; દેખો૦ ટેક.
દેખતમેં ભોરેસે લાગત, લેતહેં જીયરો તાની. દેખો૦ ૧
ભ્રકુટી ચાપ રસિક શર તારે, મારત મરમ પેચાની. દેખો૦ ૨
ખટકત જીયમેં જનમલોં સજની, જાહી લાગે સો જાની. દેખો૦ ૩
પ્રેમસખી ચાહત નીત દેખન, અરજ કરત નીત છાની. દેખો૦ ૪

પદ ૧૪૪૦ મું–રાગ જંગલો

મેં પનીયાં કૈસેં જાઉં રે, મેં પનીયાં કૈસેં જાઉં;
બીચ ઠાડો બનમારી; મેં પની૦ ટેક.
પનઘટવા ઠાડો મોહનજું, ઘનશ્યામ લાલ ગીરધારી. મેં પની૦ ૧
હરિ બંસી મધુરી બજાવત હે, ભલ ગાવત કુંજવિહારી. મેં પની૦ ૨
નટવર તા થૈ તા થૈ નાચત હે, બસ કરન કાજ વ્રજનારી. મેં પની૦ ૩
પ્રેમાનંદ કે' પઢી પઢી ડારત હે, ટોનવા મોંપે મોરારી. મેં પની૦ ૪

પદ ૧૪૪૧ મું

ડગરવા મોરો છાંડી દેહો, હાંરે નંદલાલ; ડગર૦ ટેક.
મનમોહન મધુપુર જાનનદે, દધી બેચનકું ગોપાલ. ડગર૦ ૧
તુમ કબકે દાની મોહનજું, કહાંકે રાજા ભયે હાલ. ડગર૦ ૨
બંસી ધર બન બન ડોલત હો, પહીરે ગુંજા બનમાલ. ડગર૦ ૩
પ્રેમાનંદ કહે તજી ઠગબાજી, જાઓ અપની ગેલ ગોવાલ. ડગર૦ ૪

પદ ૧૪૪૨ મું

રે ગુજરિયાં કીત જાયે રે, હો ઠાડી રે દિવાની; ગુજ૦ ટેક.
એક ગ્વાલ આયકે અટકાઈ, દધિકી મટુકી શિર જાની. ગુજ૦ ૧
બંસીધર તોયે બોલાવત હે, કહાં જાય ભાજકે છાની. ગુજ૦ ૨
વે ઠાડે બંદ્રાબનવાસી, મનમોહન દધિકે દાની. ગુજ૦ ૩
પ્રેમાનંદ કહે પ્રભુ ઠાડે જહાં, તહાં ગ્વાલની ગહિકે આની. ગુજ૦ ૪

પદ ૧૪૪૩ મું

અરજ મોરી માનોજી હો, હાંરે ઘનશ્યામ; અર૦ ટેક.
યહાં રાજ કંસકો મોહનજ્યું, યહ કંસરાયકો ગામ. અર૦ ૧

સુનીહે તો પકડી લે જાઇહે, એજી નંદ સહિત બલિરામ અર૦ ૨
નઈ રીત દાનકી ના કીજે, ના લીજે કઉકો નામ. અર૦ ૩
પ્રેમાનંદ ગ્વાલની બહુ ભાંતિ, કીયે દંડ ભેદ સામ દામ. અર૦ ૪

પદ ૧૪૪૪ મું

દહીકો દાન દેરી, દહીકો દાન દેરી, એરી દધિવારી; દહી૦ ટેક.
દધિકી મટુકિયાં લાવ એરી, તું કંસ બોલાવન જા રી. દહી૦ ૧
જો રીત લગે સો તો લેઈ હું, કંસકે બાપકો કા રી. દહી૦ ૨
ગહી બાંહ હરિ બરજોરી કરી, મટુકી શિરતેં જ્યો ઉતારી. દહી૦ ૩
પ્રેમાનંદ કહે ધન્ય બ્રજનારી, ગાવત ચહુ વેદ ઉચ્ચારી. દહી૦ ૪

પદ ૧૪૪૫ મું–રાગ જંગલો

બલમા બિલમ રહ્યો, પ્યારો કબકો ગયો; બલ૦ ટેક.
રસકો રસિલો પ્યારો, જગકો ઉજારો, પીતપટવારો કા'કે
નેહ છયો. બલ૦ ૧
કૈસેકેં ધરુંરી ધીર, નેના તો બહત નીર, ઉપજત પીર
દુઃખ જાત ન સહ્યો. બલ૦ ૨
મીલી કો ઠગારી, વાને મોહની લે ડારી, રતિ રનજીત વાકે
બસમેં ભયો. બલ૦ ૩
બિલમ્યો બિહારી, મોરી સુરત બિસારી, પ્રેમાનંદ વારી
કીનો નેહ તો નયો. બલ૦ ૪

પદ ૧૪૪૬ મું

બિરહા બાવરી કરી, મોરી સુરત હરી; બિર૦ ટેક.
બિરહ સતાવે* મોહે, નિંદઉં ન આવે, કહાન કહાન રટું
બીતે કઠીન ઘરી.† બિર૦ ૧
બોલત બિરહી મોર, કોકિલા કરત સોર, જાત નહીં રી
મોપેં ધિરજ ધરી. બિર૦ ૨

---

* "સંતાપે" પાઠાન્તર છે.

† "રટત બીતત કઠિન ઘરી" પાઠાન્તર છે.

બિલમેં બિદેસ પિયા, બ્યાકુલ મોરો જીયા, ચિતવતી મગ
નેનાં આવત ભરી. બિર૦ ૩
પ્રેમાનંદ કહે પ્યારી, ભરત નિસાસ ભારી, કેસેંકે જીવુંગી
મોરી સખી સુન રી. બિર૦ ૪

પદ ૧૪૪૭ મું

પ્યારી ઝબક ઉઠી, માનું દામિન* છૂટી; પ્યારી૦ ટેક.
દોરી આઈ સહચરી, પૂછત વિનય કરી, કહાં ભયો બલિજાઉં
સુંદર સુઠી.† પ્યારી૦ ૧
કહો મૃગલોચની, ભવદુઃખમોચની, સકુચી રહી માનું
લાગત રુઠી. પ્યારી૦ ૨
બોલી અલબેલી, સુન લલિતા સાહેલી, ભલોહી મનાવે
બાતેં બોલતી ઝુઠી. પ્યારી૦ ૩
તું જો કહતી કાલ, લે આવું મેં નંદલાલ, પ્રેમાનંદ કે'
નિસાની દે અંગુઠી. પ્યારી૦ ૪

પદ ૧૪૪૮ મું

બાંસુરી બાજત ભલી, સુન મોરી હો અલી; બાંસુ૦ ટેક.
સુની ધુની બાંસુરી, ભરી આયે આંસુરી, વ્યાકુલ ભઈ
બ્રખભાનકી લલી. બાંસુ૦ ૧
ઉઠી આઈ આતુર, જુરી સબ ચાતુર, તન સુધ ભૂલ
ગઈ પુલકી ચલી. બાંસુ૦ ૨
શરદ સુધાકર, પ્રફુલ્લિત સુંદર, ફુલ રહી કુંજ કુંજ કુસુમ કલી. બાંસુ૦ ૩
મીલી સુખસાગર, રૂપકો ઉજાગર, પ્રેમાનંદ વારી પ્રાન
લેતહે બલી. બાંસુ૦ ૪

પદ ૧૪૪૯ મું—રાગ જંગલો

સુનરી સખી એ આહીરકે છોરા, બંસી બજાય મેરા
ચીત ચોરા; સુન૦ ટેક.

---

* "દામિની"

† "ઉઠી" "મુખી" પાઠાન્તર.

મેં દધિ બેચન જાતી બહોરા, દેખી નવલ મોયે આવત દોરા. સુન૦ ૧
દધિ મેરા ખાય મટુકી મેરી ફોરા, બાત કહે મોસેં ખોટી નિઠોરા. સુન૦ ૨
નિપટ ઝપટકે હાર મેરા તોરા, એ નિરદેયાં લગાઈ મોયે ખોરા. સુન૦ ૩
પ્રેમસખી બીનું નંદકિશોરા, જુગસમ જાત ઘરીછિન મોરા. સુન૦ ૪

પદ ૧૪૫૦ મું

ભલા ગિરિધારી મેં બરજત હારી, મેરી સોં લાલા બોલોજી
ન મોસેં; ભલા૦ ટેક.
દેદે ગારી જીયા મેરા જારી, બોત દિનનકી મેં ભર રઈ રોસેં. ભલા૦ ૧
અબ જો તું મોકું એક કહેગા, એકકી લાખ કહુંગી મેં તોસેં. ભલા૦ ૨
પે'રી બનમાલા બને નંદલાલા, પીતાંબર મોરલી લેઉંગી
મેં ખોસેં. ભલા૦ ૩
પ્રેમસખી કે' બાત જ્યા દિનકી, તેરી સોં કહાના કહી નહીં કોસેં. ભલા૦ ૪

પદ ૧૪૫૧ મું

જા દિનતે વે આહીરકો છોરા, યા બન ગૈયાં ચરાયે
ગિયો હે; જા દી૦ ટેક.
મોહની તાનમેં ગોધન ગાયકે, બેન બજાયે રિજાય દિયો હે. જા દી૦ ૧
વાહી દિના કછુ ટોનાસોં ડારકે, અંખિયનહીમેં સમાઇ રિયો હે. જા દી૦ ૨
કોઉ ન કાઉંકી બાત સુને, સગરો વ્રજ બીર બીકાઈ ગિયો હે. જા દી૦ ૩
પ્રેમસખી ઇન મોહન ઉપર, સરબસ લે કુરબાન કિયો હે. જા દી૦ ૪

પદ ૧૪૫૨ મું

નંદાનંદન વ્રજરાજ સાંવરે, બેન બજાય મેરી સુધ લીની; નંદા૦ ટેક.
આયે અચાનક જોરી દગસેં દગ, નેનકી સેનમેં બાવરી કીની. નંદા૦ ૧
મધુબનમેં કબઉં ન જાઉંરી, આજ અકેલી ગઈ મતિ હીની. નંદા૦ ૨
હસી મુસકાય ચોરી મેરા ચીત, સુંદર શ્યામ ચિત્ર લિખી દીની. નંદા૦ ૩
અબ નહીં શીખ લગે મેરે મન, પ્રેમસખી યાકે રંગ ભીની. નંદા૦ ૪

પદ ૧૪૫૩ મું–રાગ જંગલો

લાગે રસિક તેરે નેન રસિયા; લાગે૦ ટેક.
સાવરે સલુને તેરે નેનુ બીચે જાદુડા, મારી અજબ મોયે સેન. રસિ૦ ૧

તીખેં નેન કમલદલ જેસે, ખટકતહે દિન રેન. રસિ૦ ૨
કઠીન ભઈ મેંતો કા'સું કહું અબ, લાગે મહા દુઃખ દેન. રસિ૦ ૩
પ્રેમસખી રસિક દોઉ નેના, દેખે બીના નહિં ચેન. રસિ૦ ૪

પદ ૧૪૫૪ મું

નેનુડા જાદુજોર ગુમાનિડા; નેનુ૦ ટેક.
જાકે લાગત જગ બિસરાવત, ભાવત નહિ કછુ ઓર. ગુમા૦ ૧
શુક નારદ સનકાદિકસેં લાગે, ફીરતહેં સબસું તોર. ગુમા૦ ૨
ખટકત રહત જનમલોં મોહન, બિસર નહિ નિશ ભોર. ગુમા૦ ૩
પ્રેમસખી બલિહારી દગનપર, વારત પાંચું ચોર. ગુમા૦ ૪

પદ ૧૪૫૫ મું

નેનુંદીં મારી ચકચૂર રંગછેલડા; નેનું૦ ટેક.
નેનું બાનસેં પ્રાન લિયા હે, ખટકત માનું સૂર. રંગ૦ ૧
અરજ કરું તોસું પાય પરું પિયા, ના રહો મોસેં દૂર. રંગ૦ ૨
પ્રાનજીવન મેરી પીર ન જાનો, મેંતો મરુંગી ઝૂર. રંગ૦ ૩
પ્રેમસખી દેખું દગ આગે, તબ આનંદ ભરપૂર. રંગ૦ ૪

પદ ૧૪૫૬ મું

નાહક પ્રીત ન કીજે હો સાવરે; નાહ૦ ટેક.
દ્રઢ વિશ્વાસ આશ એહી ચરને, તાસોં તો છેહ ન દીજે. હો સાં૦ ૧
પ્રીત લગાયે બહો પરદેસી, બિરહ બીથા તન છીજે. હો સાં૦ ૨
આવો શ્યામસુંદર દુઃખમેટન, પ્રેમ અધર રસ પીજે. હો સાં૦ ૩
જીવન પ્રાન કહો મોસોં બતિયાં, પ્રેમસખી બલી જીજે. હો સાં૦ ૪

પદ ૧૪૫૭ મું–રાગ જંગલો

જમુના તટ વ્રજરાજ માધો, આછી બજાવત બેન માઈ; જમુ૦ ટેક.
સપ્ત સુર તિન ગ્રામ ભેદ સુની, મો તન વ્યાપ્યો મેન માઈ. જમુ૦ ૧
કેસી કરું મોયે કઠીન ભઈ અબ, જીયરે નાહીં ચેન માઈ. જમુ૦ ૨
બંસીકે દરદમેં ગરદ ભઈ મેંતો, લાગો બિરહ દુઃખ દેન માઈ. જમુ૦ ૩
પ્રેમસખી કબ મીલું જાયે* પિયા, મોહન સુંદર નેન માઇ. જમુ૦ ૪

---

* "જાઈ" પાઠાન્તર.

પદ ૧૪૫૮ મું

બ્રજબાસી નંદલાલ પ્યારે, ફેર સુનાવો તાન બાલમ; બાલ૦ ટેક.
ऐही तान મેરા જીયરા બસ કીનો, ભૂલી ગઈ તન ભાન. બાલ૦ ૧
બિરહ બૈરાગન ભઈ સાવરે, ભાવત નહીં મોયે આન. બાલ૦ ૨
મોહી રહ્યો મૃગ જ્યું મન મેરા, કરીકે તન કુરબાન. બાલ૦ ૩
પ્રેમસખી કે' પ્રાનજીવન તુમ, સુંદર શ્યામ સુજાન. બાલ૦ ૪

પદ ૧૪૫૯ મું-રાગ જંગલો

મીલે મોયે કુંજભુવન નંદલાલ; મીલે૦ ટેક.
કરસું કર ગ્રહ્યો દ્રઢ મેરા, હરખી દઈ બનમાલ. મીલે૦ ૧
મુખ તાંબોલ દિયો બનવારી, કર ડારી જો નિહાલ. મીલે૦ ૨
સુંદરસ્યામ મેરે સંગ ગાવત, કરસોં બજાવત તાલ. મીલે૦ ૩
પ્રેમસખી લખી છબી નટવર, રીઝાવત મદનગોપાલ. મીલે૦ ૪

પદ ૧૪૬૦ મું

મોહન છબી કહી ન જાત બનાયે; મોહ૦ ટેક.
બરનત રૂપ કવિ સબ હારે, શેષ સહસ્ર મુખ ગાયે. મોહ૦ ૧
એક સમે બ્રજરાજ સાવરો, પે'રી પીતાંબર આયે. મોહ૦ ૨
કટિતટ કસેં પીતપટ જીવન, જન મન ભ્રમર લોભાયે. મોહ૦ ૩
પ્રેમસખી કંકન છબી નિરખી, કોટિક મદન લજાયે. મોહ૦ ૪

પદ ૧૪૬૧ મું-રાગ જંગલો

કનૈયા બંસી નેક બજાવો મોરે યાર; કનૈ૦ ટેક.
બેધાની* હો બેધાની હાંરે, દીલમેં હો દીલદાર. કનૈ૦ ૧
તુમ મોરે જીવન જનમ સંગાથી, પ્રાન મોરે હો સુખસાર. કનૈ૦ ૨
બંસી સુનન મૈંતો નિશદિન ચાહું, બનત નહિ હો કરતાર. કનૈ૦ ૩
સાસુ નનંદ મોયે આવત રોકત, કરત પિયા હો મોસું રાર. કનૈ૦ ૪
પ્રેમસખી કે' જરો સુખ સંપત, અબતો ફીરુંગી હો તેરી લાર. કનૈ૦ ૫

પદ ૧૪૬૨ મું

હો સૈયાં મોયે નેહરા લગાયો મોહને; સૈયાં૦ ટેક.

---

* "વેંધાણી" પાઠાન્તર.

કલ ન પરે હાં કલ ન પરે, કેસી કરું હો કહોને. સૈયાં૦
મોરી પરોસનકે ઘર મોહન, આજું આયે હો પહોને. સૈયાં૦
મોહનલાલ રૂપ ગુન સુંદર, હું જો લગી હો જોહને. સૈયાં૦
મેં જો અજાન કછુ નહિ જાનું, અબહિં આઈ હો ગોહને. સૈયાં૦
પ્રેમસખી કે' જાદુ કીનો, શ્યામ સુંદર હો સોહને. સૈયાં૦

પદ ૧૪૬૩ મું

હો નજરાદા મારી ગયો છેલા તીર; હોનજરા૦ ટે
ના જાની હાં ના જાની, હાંરે સાંવરે હો મોરી પીર. નજ૦
જમુના તટ પનઘટપર મોહન, આય મીલ્યો હો ભુજ ભીર. નજ૦ ૨
સુંદર નેન સૈન કસી મારી, હર લીની હો મતિ ધીર. નજ૦ ૩
અબ મોયે ઉંન બીના કલ ન પરત હેં, બહત સદા હો દૃગ નીર. નજ૦ ૪
પ્રેમસખી એહી દરદ દિવાની, મનમાને હો બલબીર. નજ૦ ૫

પદ ૧૪૬૪ મું

લગી હો મોયે કમલનેનોદી રેખેં; લગી૦ ટેક.
બિસરત નાહીં હાંરે બિસરત નાહીં, સાંવરો હો છીન એકે. લગી૦ ૧
જા દિનતેં લાગી તા દિનતેં, કલ ન પરે હો બીનુ દેખે. લગી૦ ૨
ખટકત રહત રેન દિન મોહન, લગત નહીં હો પલ મેખે. લગી૦ ૩
કુશલ કટાક્ષ નેનમનરંજન, કસી મારે નટ ભેખે. લગી૦ ૪
પ્રેમસખી બલિહારી બદનપર, જનમ લગાયો મેરો લેખે. લગી૦ ૫

પદ ૧૪૬૫ મું–રાગ જંગલો

એરી પનઘટવા ઠાડો ગ્વાલ, બંસીવારો ચતુર નંદલાલ; એરી૦ ટેક.
મોર મુગટ પીતાંબર મોરલી, રાજત ઉર બનમાલ. એરી૦ ૧
ચંદનખોર શ્યામ તન ઉપર, કેશર તિલક ભાલ. એરી૦ ૨
હરત ફરત ચિતવત ચીત મોહત, બોલત બચન રસાલ. એરી૦ ૩
નંદનંદન ઘનશ્યામ મનોહર, પ્રેમાનંદ પ્રતિપાલ. એરી૦ ૪

પદ ૧૪૬૬ મું

બાંકી બ્રજબાસીકી મોહ કમાન,* મારે દૃગ શર તરછે તાન; બાંકી૦ ટેક.

---

* "બાંકી બ્રજબાસીકી મોહક બાન" એમ પણ વંચાય છે.

નિકસેહું આરકેપાર કરેજે, ભૂલી ભોજન પાન. બાંકી૦ ૧
ઘાયલસી ઘુમું ગૃહમેં અબ, ભાવત નહિ કછુ આન. બાંકી૦ ૨
અબ ન બિસારૂં શ્યામ સલોંનો, જબ લગ ઘટમેં પ્રાન. બાંકી૦ ૩
પ્રેમાનંદકો નાથ છબીલો, મોહન ચતુર સુજાન. બાંકી૦ ૪

પદ ૧૪૬૭ મું

રસિયા ન રોકો પનઘટ રાજ, માનો માનોજી અરજ
મોરી આજ; રસિ૦ ટેક.
તુમકું કહત ત્રિભુવનકે રાજા, સુરનરમુનિશિરતાજ. રસિ૦ ૧
તજ બેઠી કમલા તુમ કારન, ઓર સકલ સુખસાજ. રસિ૦ ૨
યહ છલન જો સુનેગી પ્યારી, સકુચ કરેગી લાજ. રસિ૦ ૩
પ્રેમાનંદકે નાથ ચતુર પિયા, ના ઝગરો બીનું કાજ. રસિ૦ ૪

પદ ૧૪૬૮ મું

છાંડો મોરો મારગ મોહન છેલ, રહો રહો જ્યું અલગ
અલબેલ; છાંડો૦ ટેક.
કંસકો રાજ કઠીન મનમોહન, હાંસી નહીં કછુ ખેલ. છાંડો૦ ૧
પરનારી પરસંગ ન કીજે,* જાઓ જ્યું અપની ગેલ. છાંડો૦ ૨
સુંદર શ્યામ કછુ નહીં નિકસે, ઇન તીલનમેં તેલ. છાંડો૦ ૩
પ્રેમાનંદકે નાથ ન કીજે, બ્રજમેં રહી કછુ ફેલ. છાંડો૦ ૪

પદ ૧૪૬૯ મું–રાગ જંગલો

જમુનાકે તીર ઠાડો જમુનાકે તીર, બાંકો બલવીર ઠાડો
જમુનાકે તીર; ઠાડો૦ ટેક.
હો નેના બેના બાંકે બાંધિ બાંકી પાઘ શિર, ચંદનકી ખોર
કીને સાંવરે શરીર. ઠાડો૦ ૧
હો બાંકી ભોહેં સોહે ચીત મોહે નાસા કીર, દેખત ચકિત
રતિપતિ હતધીર. ઠાડો૦ ૨
હો બાંકે લાલ બાંકે ગ્વાલ લીયે સંગ ભીર, બાંસુરી બજાવે
બાંકી ફીર ફીર ફીર. ઠાડો૦ ૩

---

* "પરનારી પરસંગ તજીજેં" પાઠાન્તર.

હો ભરવા ગઇ'થી હું તો જમુનાકો નીર, પ્રેમાનંદકો નાથ
દેખી ગઇ પીર. હાડો૦ ૪

પદ ૧૪૭૦ મું

રાજીવ નેન રસિયો રાજીવ નેન, ઉપજત ચેન દેખી
રાજીવ નેન; રસિ૦ ટેક.
હો વિકસે વારીજસમ અતિ છબી એન, ભ્રકુટી ભમર
ઝુંકે માનું રસ લેન. રસિ૦ ૧
હો ચારુ ચિતવની મુસકની સુખદેન, કુટિલ કટાક્ષઉમેં
સુચવત સેન. રસિ૦ ૨
હો જમુના પુલિનપર ચારતહેં ધેન, મોહન બજાવત
મધુરીસી બેન. રસિ૦ ૩
હો માઇ બ્રજનારી સંગ ડોલે દિન રેન, પ્રેમાનંદ છબીપર
વારી કોટિ મેન. રસિ૦ ૪

પદ ૧૪૭૧ મું

રૂપ રસખાની રસિયો રૂપ રસખાની, સાંવરો ગુમાની; રસિ૦ ટેક.
હો તરૂન કિશોર છબી દેખરી સયાની, ઉડત કમલ-
મુખ રેખા નાની નાની. રસિ૦ ૧
હો મદન સદન દૃગ જુગ સખી જાની, હરલેત મન મેરો
મૃદુ મુસકાની. રસિ૦ ૨
હો ચાલત મગલ ગતિ અતિ છબી આની, રતિ પતિ મતિ
દેખી અતિ સકુચાની. રસિ૦ ૩
હો એ છબી રહો ઉર રૂપકો નિધાની, પ્રેમાનંદ બિનતિ
કરત નીત છાની. રસિ૦ ૪

પદ ૧૪૭૨ મું

રૂપકો રસાલ પ્યારો રૂપકો રસાલ, ગિરિધરલાલ પ્યારો
રૂપકો રસાલ; પ્યારો૦ ટેક.
હો મૃગમદ તિલક તરુન શશિ ભાલ, નભ તજી ચાહે ચંદ્રા
મીલ્યો તતકાલ. પ્યારો૦ ૧

હો મૃદુ મુસકની છબી અધર પ્રવાલ, કંબુ સમ કંઠ ભુજા
સોહત બિશાલ. પ્યારો૦ ૨
હો નવનિરદવપુ ઉર બનમાલ, જાની નિજ સખા ધન
હોતહેં નિહાલ. પ્યારો૦ ૩
હો લાલકુકી ચાલપર મોહેહેં મરાલ, પ્રેમાનંદ વારી ઉર
તજ્યોહે જંજાલ. પ્યારો૦ ૪

પદ ૧૪૭૩ મું-રાગ જંગલો

જોબનકો ભયો મતવારો, મોહન છેલ છોગારો; જોબ૦ ટેક.
કટિતટ કસીકે ફેંટા કારો, ગિરિધર સજકે કટારો. જોબ૦ ૧
ચંદન ચરચિત સારો, નિરખી મદન લજારો. જોબ૦ ૨
ભ્રકુટી કુટિલ અટારો, કટાક્ષની પ્રેમબાન મારો. જોબ૦ ૩
બિસર્યો જાયે નઈ બિસાર્યો, પ્રેમસખીકો પ્યારો. જોબ૦ ૪

પદ ૧૪૭૪ મું

મોહન તુમ કેસે દાની, તુમ યહ નઈ રીત ઠાની; મોહ૦ ટેક.
એસી સુની નાંહી કાની, જોબનકો દાન સારંગપાની. મોહ૦ ૧
સુંદરી દેખી મનમાની, બરાજોરી કરત હો જાની. મોહ૦ ૨
છેલા ન કરો ગુમાની, નાજુક બૈયાં મુરકાની. મોહ૦ ૩
સલુનો દેખકે લોભાની, પ્રેમસખી મનમાની. મોહ૦ ૪

પદ ૧૪૭૫ મું-રાગ જંગલો

ઇન મોહનાને મેરો મન હર લીનો માઈ; ઇન૦ ટેક.
ચાલે લટકંતી ચાલ, બાંધે શિર ફેંટા લાલ;
કેશરકો ટીકો નીકો ભાલ બીચે કીનો માઈ. ઇન૦ ૧
કાન બીચ મોતી સોહે, ચિતવની ચીત મોહે;
ઉર બનમાલા ઓઢે પીતપટ ઝીનો માઈ. ઇન૦ ૨
ચંદનકી કીને ખોર, ચિતવત મોરી ઓર;
રસકો રસિલો છેલો રંગઉસેં ભીનો માઈ. ઇન૦ ૩
ચાવતહેં બીરી પાન, દેખી ભઈ ગુલતાન;
પ્રેમાનંદ કહે પ્યારો પ્રિતમ પ્રવિનો માઈ. ઇન૦ ૪

પદ ૧૪૭૬ મું

કહાના તોસેં કોન બોલે, નીકો ચલો જારે; કહાના૦ ટેક.
પગિયાં બાંકીસી બાંધે, ડાર્યો હે દુશાલો ખાંધે;
મારત સલોને મોહે નેના અનિયારે. કહાના૦ ૧
બાંસુરી બજાવે, મીઠી તાન લે સુનાવે;
જીયરો નિકાસી લેત પીતપટવારે. કહાના૦ ૨
બાર બાર આવે, મોયે નેહસું બોલાવે;
મન લલચાવે મોપેં મોહની લે ડારે. કહાના૦ ૩
જોરે બરાજોરી પ્રીત, પ્રેમાનંદ કહે મીત;
બસ કર લીની મોહે તેંતો કહાના કારે. કહાના૦ ૪

પદ ૧૪૭૭ મું

લાગે તેરે નેના મોયે, સાંવરા ગુમાની; લાગે૦ ટેક.
હસત આયકે કહાન, મારે મોયે નેન બાન;
ભલા વે બેદરદી મોરી પીરઉ ન જાની. લાગે૦ ૧
લાગે તીખે નેના શ્યામ, ભુલી મેંતો ધન ધામ;
જપું તેરા નામ મેંતો ભઇહું દીવાની. લાગે૦ ૨
કેસી કરું કીત જાઉં, કલ ન પરત કાઉં;
સહી ના સકું વે મેંતો દરસકી હાની. લાગે૦ ૩
પ્રેમાનંદ કહે પ્યારે, કરી રાખું દ્રગ તારે;
સંગઉં ચલુંગી તેરે તજી કુલ કાની. લાગે૦ ૪

પદ ૧૪૭૮ મું

કાહેકું તેં મારે નેના, કઠીન કરેજમાં; કાહે૦ ટેક.
તીખે અનિયારે નેન, કસી ભર મારી સેન;
લાગી બરછી વે માનું તરછી તરેજમાં. કાહે૦ ૧
એસો કછુ જાદુ કીનો, જીયરા નિકાસી લીનો;
ડારી તેંતો કૃષ્ણુ મોયે પ્રીતકી પરેજમાં. કાહે૦ ૨
ખટકત તીખે નેન, બીનુ દેખે નાહીં ચેન;
કછુ ન સોહાવે મોયે સુતી સુખસેજમાં. કાહે૦ ૩

પ્રેમાનંદ કહે મીત, રંગદીનો મેરા ચીત;
લાગી હે સુરત મેરી કહાના રંગરેજમાં. કાહે૦ ૪

પદ ૧૪૭૯ મું

પ્યારી તોયે જબ તબ, દુબરીસી દેખું; પ્યારી૦ ટેક.
એસી કોન પીર તોયે, લખી ન જાત મોયે;
દિન દિન પિયરીસી હોતહેં બિસેખું. પ્યારી૦ ૧
સજલ સુલોચન, સોચત નિશદિન;
લગત નાહીં ન તેરે દ્રગ પલ મેખું. પ્યારી૦ ૨
નાહીં અંગ ભૂખન, મૃગ મદ ચંદન;
અંજન બીના હે તેરે નેનઉકી રેખું. પ્યારી૦ ૩
બાવરીસી ડોલે પ્યારી, ભરત નિસાસ ભારી;
પ્રેમસખી કહે તોયે કોન પીર લેખું. પ્યારી૦ ૪

પદ ૧૪૮૦ મું

સૈયા મોરો શ્યામ બીના, જીયરા ઉદાસી; સૈયાં૦ ટેક.
દિન નહીં ચેન મોયે, રેન નહીં નિંદ્રા મોયે;
બીનું દેખે બ્યાકુલ કહાનો બ્રજબાસી. સૈયાં૦ ૧
કેસેકે ધરુંરી ધીર, કોઉ ન જાને પીર;
અંખીયાં બહત દોઉં દરસકી પ્યાસી. સૈયાં૦ ૨
બીછુરે કમલ નેન, તબતે નાહીં ન ચેન;
કબધો મીલેંગે મોરે પિયા સુખરાસી. સૈયાં૦ ૩
જીવત ગીનોંગી તબ, મીલી હે મોહન જબ;
પ્રેમસખી વારી મોરી સબ પીર જાસી. સૈયાં૦ ૪

પદ ૧૪૮૧ મું

એસી મેંતો જાની નાહીં, મીલ બીછુરોંગી હો; એસી૦ ટેક.
કબઉં ન ભયરી ન્યારી, પિયા ગિરિધારી;
ઉસેં દીને હે બિસારી બીના મોતઉં મરોંગી. એરી૦ ૧
પટિયાં લે પારું, અબ માગઉં બિગારું;
જોગનિયાંકો મેંતો ભેખ લે ધરોંગી. એસી૦ ૨

મધુબન ઢુંઢું, બંદ્રાબન ઢુંઢું;
લાલઉંકે લીયે કુંજ કુંજમેં ફીરુંગી. એસી૦ ૩
પ્રેમસખી કહે શ્યામ, મીલી હે પૂરનકામ;
લેકે હું બલૈયા વાકે પાયન પરોંગી. એસી૦ ૪

પદ ૧૪૮૨ મું

નેના ભરી કબ દેખું, પીતપટવારો; નેના૦ ટેક.
ઉપજત સુખ દેખે, અરુન દ્રગન રેખે;
ગજગતિ ચાલે ચાલ લાલ દ્રગ તારો. નેના૦ ૧
દેખીકે મગન રહું, નિસદિન એહી ચહું;
બલીજાઉ તન મન કરું નહીં ન્યારો. નેના૦ ૨
બાંસુરી બજાવે, મેરો મન લલચાવે;
પ્યારો ગાવે આછીનિકી તાન સૈયો કહાન કારો. નેના૦ ૩
નંદકો આનંદકંદ, મુસકાત મંદ મંદ;
પ્રેમસખી રીઝે દેખી જગકો ઉજારો. નેના૦ ૪

પદ ૧૪૮૩ મું-રાગ જંગલો

રસિયેને લગાય નેનુંદા તીર; રસિ૦ ટેક.
ચંચલ નેન સેન કસી મારી, હરી લીની મતિ ધીર. રસિ૦ ૧
બીનું દેખે બિરહા તન તાવત, ઉઠત કરેજે પીર. રસિ૦ ૨
ખટકત શ્યામ કામ નહીં સુઝત, બહત દ્રગન દોઉં નીર. રસિ૦ ૩
પ્રેમાનંદ કહે પલ ન બિસરત, સુંદર શ્યામ શરીર. રસિ૦ ૪

પદ ૧૪૮૪ મું

મોહનાને મારી વે નેનોંદી સેન; મોહ૦ ટેક.
સુંદર નેન સેન હસી મારી, કલ ન પરત દિન રેન. મોહ૦ ૧
જબ લાગી તબ લગત ન જાની, અબ લાગી દુઃખ દેન. મોહ૦ ૨
ખટકત સેન નેન ભરી આવત, વિસરત નહીં મીઠી બેન. મોહ૦ ૩
પ્રેમાનંદ જબ દેખું દ્રગન ભરી, તબ આનંદ સુખ ચેન. મોહ૦ ૪

પદ ૧૪૮૫ મું

સાંવરેને લગાઈ નેનોંદી ચોંટ; સાંવ૦ ટેક.

ચોંટ લગત મેરી સુધ બુધ વિસરી, હો ગઈ મેંતો લોટ પોટ. સાંવ૦ ૧
તનું એક નિરખ્યો મેં શ્યામ સુંદર વર, દે ઘુંઘટકી ઓટ. સાંવ૦ ૨
કહા કહું સુંદરતા સજની, નિરખી લાજત કામ કોટ. સાંવ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ મીલે હસી, મીટ ગઈ સબહી ખોટ. સાંવ૦ ૪

પદ ૧૪૮૬ મું

અંખિયાં અટકી સલોંને રૂપ; અંખિ૦ ટેક.
શ્રીઘનશ્યામ મનોહર મૂરત, શોભાધામ અનૂપ. અંખિ૦ ૧
બનીઠનીકે બેઠે બ્રજભૂખન, સુરનરમુનિશિરભૂપ. અંખિ૦ ૨
અભય ઉદાર ભુજન ભરી ભેટત, મેટન ભવદુઃખકૂપ. અંખિ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ ધારી ઉર, કરત ભજન હોય ચૂપ. અંખિ૦ ૪

પદ ૧૪૮૭ મું–રાગ જંગલો

સયો મોરી બેરન લગ ગઈ લાજ; સૈયો૦ ટેક.
ઉઠતહીં ભોરે હું જમુના જલ, ભરન ગઇતી આજ. સૈયો૦ ૧
નંદકુંવર મોયે નેહસું બોલાઈ, હું મારગ ચાલી ભાજ. સૈયો૦ ૨
અબ પરિતાપ હોત ઊર મેરે, કહારી કીયો મેં આજ કાજ. સૈયો૦ ૩
પ્રેમાનંદકો નાથ મોયે અબ, કોન મીષ મીલે મહારાજ. સૈયો૦ ૪

પદ ૧૪૮૮ મું

સૈયો મોયે મોહન બિસરત નાંઈ; સૈયો૦ ટેક.
સુંદર મુખકી બોલની હસની, ખટકતહેં ઊર આઈ. સૈયો૦ ૧
સુંદર ચલની ચિતવની ચંચલ, કસત કરેજામાંઈ. સૈયો૦ ૨
મનમોહન મેરો મન હર લીનો, ઉન બીન રહ્યોઉં ન જાઈ. સૈયો૦ ૩
પ્રેમાનંદકો નાથ મોયે કબ, મીલીહેં નેહસું બોલાઈ. સૈયો૦ ૪

પદ ૧૪૮૯ મું

સૈયો મોયે સાંવરેને નેનાં ભર મારી; સૈયો૦ ટેક.
કમલનયનકી કરક કરેજે, કસકત રેન દિન ભારી. સૈયો૦ ૧
ઓખદમૂળી અંગ ન લાગત, બૈદવા ટટોરત નારી. સૈયો૦ ૨
બાહર ઘાવ એકો નહિ દીસત, અંતર હો ગઈ પારી. સૈયો૦ ૩
પ્રેમાનંદકો નાથ આયકે હેરે, તબ હોયે તુરત કરારી. સૈયો૦ ૪

પદ ૧૪૯૦ મું

સૈયો મોયે લગ લઈ નેનોંદી સેન; સૈયો૦ ટેક.
સુંદરશ્યામ સેન મોયે મારકે, હસકે બજાઈ બેન. સૈયો૦ ૧
નેનકટારી હો ગઈ પારી, પરત નાહીં પલ ચેન. સૈયો૦ ૨
સાંવરી સૂરત માધુરી મૂરત, ખટકત ઊર દિનરેન. સૈયો૦ ૩
પ્રેમાનંદ તબ બુઝે પીર ઊર, મીલે શ્યામ સુખદેન. સૈયો૦ ૪

પદ ૧૪૯૧ મું–રાગ જંગલો ગજલ

સાંવલે દિદોંસે દીલ જખમ કીયા,
મારી ઊર તરછી બરછી દીલ હમારા છીંન લીયા; સાંવ૦ ટેક.
ફરજન નંદદા હે ભલા હે સલોંના નાના ગબરુ, છોટીસી ઉંબર
અંખિયાં બડી ગુલચમન કલી;
ખુન ગુજારે ચશ્મે ભલા, બીચ કુદરત દિશાઈ દીયા. સાંવ૦ ૧
ફુરસત બડી હે તનમેં, જબાન મીઠી હે મુલામ;
શિરપર ગુલાબી ફેંટા દુપટા દુદામિકા, એ કયા કહું તારીફકી
પ્રેમાનંદ કુરબાન ગીયા. સાંવ૦ ૨

પદ ૧૪૯૨ મું

દિદામેં બી તલપ દીદારદી, અંતજારી બેકરારી, સાંવલડા યારદી; દિદામેં૦ ટેક.
આહે તન શરદી માનું રંગ જરદી,
વે બિરહાનલ બદનમેં જલ રહી ભટીસી;
મીલાવે કોઈ મહેબુબ, દેઉં મોજ મોતીહારદી. દિદામેં૦ ૧
નેનોસેં નેહા ન છુટત યારદા, ઝુર ઝુરકે મે હો ગઈ પીલી
જરદ હરદીસી;
એ લટક અટક રઈ હે, પ્રેમાનંદકે કિરતારદી. દિદામેં૦ ૨

પદ ૧૪૯૩ મું

મેરે મહાસુકકી, સૂરત કહા કહું,
એ ગુલબદન દેખ દેખકે, મેરા તન મન ફના હોઉ; મેરે૦ ટેક.
જામા જરીદા પેને ચીરા હે સોનેરી શિર,
પીલે દુપટેવાળા ઉર મોતીચુંકી માળા;
રોસનાઈ તનમેં છાઇ, દિદાસેં મુલાખાત ચઉં. મેરે૦ ૧

અંખિયામેં હે જાદુ મન હર લીના હમરા વે,
મૂરત જમેદાર બિસરત ન બિસારી;
પ્રેમાનંદ કરત બંદગી, કદમોંમેં દિનરાત રઉં. મેરે૦ ૨

પદ ૧૪૯૪ મું

તેરીસોં પ્યારે તેં બેદરદી બડા;
આષ્કુંદિ તુજે પીડ નાહીં, કયા તેરા સુભાવ પડા; તેરી૦ ટેક.
તેરે દિદોંકી દેખી હમને રીત અનોખી,
ભલા આલમકા દીલકું ના છૂવે;
જાઈ મારત અપના મીત ઘાયલ કરી નેનોસેં, જાઈ હસતા
દૂર ખડા ખડા. તેરી૦ ૧
પેચોંદાર પગીયાં બાંધે લાલોંદી માલા ગલે,
ચટક ચટક ખુબ ચલત ચાલ ઉતાવરી;
કનક કડા કરમેં પેની, પ્રેમાનંદકા દીલમેં ગડા. તેરી૦ ૨

પદ ૧૪૯૫ મું–રાગ જંગલાની ગરબી

મુને રોકો માં મારગ જાતાંરે, કહાન કેશરિયા;
સારાં લખણુ તો નથી જણાતાંરે, કહાન કેશરિયા. ૧
મુને જાવા દ્યો પાણીડું ભરવારે, કહાન કેશરિયા;
મારું ચીત તાણો છો શું કરવારે, કહાન કેશરિયા. ૨
શીદ નાંખો છો નેણુનાં બાણુરે, કહાન કેશરિયા;
થાશે દુરિજનિયામાં જાણુરે, કહાન કેશરિયા. ૩
હજી નાના છો નંદના લાલરે, કહાન કેશરિયા;
ના શીખિયે લાલ કુચાલરે, કહાન કેશરિયા. ૪
જરા લોકની લાજથી ડરિયેરે, કહાન કેશરિયા;
પ્રેમાનંદકે જોઈ પગ ભરિયેરે, કહાન કેશરિયા. ૫

પદ ૧૪૯૬ મું

મુને રોકો માં સુંદર સ્યામરે, માનો મોહનજી;
મારે ઘેર છે ઝાઝું કામરે, માનો મોહનજી. ૧

મુને થઈ છે ઝાઝી વારરે, માનો મોહનજી;
હવે રોકો માં નંદકુમારરે, માનો મોહનજી. ૨
મારી સાસુ છે ઘણી રીસાળરે, માનો મોહનજી;
મુને દેશે વઢીને ગાળરે, માનો મોહનજી. ૩
મારું કે'ણું માનો ગિરિધારીરે, માનો મોહનજી;
પરનારીની આલ્ય ન સારીરે, માનો મોહનજી. ૪
તમને કહું છું જોડીને હાથરે, માનો મોહનજી;
માનો પ્રેમાનંદના નાથરે, માનો મોહનજી. ૫

પદ ૧૪૯૭ મું

નથી બોલતી નાનકડો જાણીરે, જગજીવનજી;
રહી છું નંદનો મલાજો આણીરે, જગજીવનજી. ૧
નથી લેતી તમારું નામરે, જગજીવનજી;
શું છે અદકું બોલ્યાનું કામરે, જગજીવનજી. ૨
શીદ બાઝો છો આવીને બાંયેરે, જગજીવનજી;
એમાંથી જોજો જે થાયેરે, જગજીવનજી. ૩
પડશે કંસરાજાને ખબરરે, જગજીવનજી;
થાશે હરરાજ નંદનું ઘરરે, જગજીવનજી. ૪
પરનારીની કરશો માં આળરે, જગજીવનજી;
પ્રેમાનંદના વહાલા ખાશો ગાળરે, જગજીવનજી. ૫

પદ ૧૪૯૮ મું

ત્યાં રાજ કંસનું કહાનારે, નટનાગરજી;
જાઓ ઘેર કુંવર છાનામાનારે, નટનાગરજી. ૧
એવી વાતને કેડે ન ચડિયેરે, નટનાગરજી;
જાયે લાજ પછે ભોંઠા પડિયેરે, નટનાગરજી. ૨
તમે* નિર્લજને નહિ લાજરે, નટનાગરજી;
કરશો નંદરાયનું અકાજરે, નટનાગરજી. ૩

* "તમને" પાઠાન્તર.

ઝાઝાં શીદને કરાવો વખાણરે, નટનાગરજી;
ન્હાશી આવ્યા છો લઈને પ્રાણરે, નટનાગરજી. ૪
માંડ્યો ત્યાં આવીને ઉતપાતરે, નટનાગરજી;
પ્રેમાનંદના વહાલા માનો વાતરે, નટનાગરજી. ૫

પદ ૧૪૯૯ મું

ક્હાને કંઈક કૌતક કરિયુંરે, નંદના નાનડિયે;
ચિતવણીમાં ચીત હરિયુંરે, નંદના નાનડિયે. ૧
માંહી મગન થઈ વ્રજનારીરે, નંદના નાનડિયે;
ચાલી ચપલ ચતુર પણિયારીરે, નંદના નાનડિયે. ૨
ગઈ ગુજરી મલપતી ઘેરરે, નંદના નાનડિયે;
થયું દુરિજનિયાં સાથે વેરરે, નંદના નાનડિયે. ૩
કહે શું થયું પૂછે સહુનેરે, નંદના નાનડિયે;
લાગી નજર કોઈકની વહુનેરે, નંદના નાનડિયે. ૪
કરે વલોપાત જોઈ ઘરનારે, નંદના નાનડિયે;
પ્રેમાનંદકે જાદુ નટવરનારે, નંદના નાનડિયે. ૫

પદ ૧૫૦૦ મું

ઘેરે કામકાજ નવ સૂજેરે, લાગી આંખડલી;
ઉંડો અંતર ઘા નવ રુઝેરે, લાગી આંખડલી.
ઘરમાં સુઈ રહું રાત દહાડોરે, લાગી આંખડલી;
થયો ઘરમાં તે મોટો પવાડોરે, લાગી આંખડલી. ૨
નવ ખાયે પીયે બોલે ચાલેરે, લાગી આંખડલી;
કીધાં કામણ નંદને લાલેરે, લાગી આંખડલી. ૩
છુટો નેહ સગાં તનતણોરે, લાગી આંખડલી;
અંતરમાં તો આનંદ ઘણોરે, લાગી આંખડલી. ૪
કાંઈક પાનબીડીમાં આલ્યુંરે, લાગી આંખડલી;
પ્રેમાનંદને પ્યારે ઘર ઘાલ્યુંરે, લાગી આંખડલી. ૫

પદ ૧૫૦૧ મું

મુને કાંઈક કીધું જાદુગારેરે, સખી શામળિયે;
એણે આંખતણે અણુસારેરે, સખી શામળિયે. ૧

મુને હસીને બોલાવી હેતેરે, સખી શામળિયે;
વાત કહી નથી જાતી કે'તેરે, સખી શામળિયે. ૨
મુને માર્યું મરમનું વેણરે, સખી શામળિયે;
મારાં નેણાં સાથે જોડી નેણરે, સખી શામળિયે. ૩
મુને મોહની નાંખી છે છાનીરે, સખી શામળિયે;
મુને ગમિયા છો છેલ ગુમાનીરે, સખી શામળિયે. ૪
મન મોહ્યું મુખને મરકલડેરે, સખી શામળિયે;
પ્રેમાનંદનો વહાલો ગમ્યા દલડેરે, સખી શામળિયે. ૫

પદ ૧૫૦૨ મું

મુને પરવશ કીધી રાખી ચાડરે, રંગ ડોલરિયે;
કહે ઘરનાં થયો વળગાડરે, રંગ ડોલરિયે. ૧
ઘરનાં ફૂટી ફૂટી સહુ થાકારે, રંગ ડોલરિયે;
ભુવા ધુણાવી જોવરાવી આખારે, રંગ ડોલરિયે. ૨
મારે પ્રીત બંધાણી એ સાથેરે, રંગ ડોલરિયે;
જાદુ કીધાં મુને જદુનાથેરે, રંગ ડોલરિયે. ૩
મારે નેડો લાગો નવ છૂટેરે, રંગ ડોલરિયે;
છોને પિયર સાસરિયાં રૂઠેરે, રંગ ડોલરિયે. ૪
મારી નટવરે નેણની બરછીરે, રંગ ડોલરિયે;
પ્રેમાનંદ કે' કાળજે વાગી તરછીરે, રંગ ડોલરિયે. ૫

પદ ૧૫૦૩ મું–રાગ પુરબ ધ્રુપદ ચૌતાલ

આવત લટક લટક લાલ, ચટક ચટક બાજે પાયન
પાદુકા પ્યારી; આવ૦ ટેક.
શ્વેત બસન શ્વેત હાર, શ્વેત સબ સિંગાર, કટિપર વામ
ભુજ ધારી. આવ૦ ૧
દેખી મત્ત ગજગતિ, લજાયો રતિકો પતિ, થકીત ભઈ
વ્રજનારી દેખત બિહારી;
પ્રેમાનંદ ઘનસ્યામવદનપર, તન મન પ્રાણ જાત વારી. આવ૦ ૨

પદ ૧૫૦૪ મું

બોલત બેન શ્યામ સુંદર, નેના સુખધામ પૂરણકામ મોહનલાલ; બોલ૦ ટેક.
કરતહે હરિ હાસ મગન નિરખી નિરખી સદા,
દર્શનકો પ્રકાશ રોકત લે રુમાલ. બોલ૦ ૧
અંગ અંગ છબી અનૂપ, લાજ્યો કામ નિરખી રૂપ;
સુરનરમુનિભૂપ મદનગોપાલ.
પ્રેમાનંદ કે' નાથ, મીલે શ્યામ ભરી બાથ;
દીનકે દયાલ મોયે કીયો નિહાલ. બોલ૦ ૨

પદ ૧૫૦૫ મું—રાગ પુરબ ધ્રુપદ ચૌતાલ

ગાત પિયા મોહન, બજાવત મૃદંગ પરમ ચતુર પ્યારી;
બાજત પરન ગત ન્યારી. ગાત૦ ટેક.
સપ્ત સ્વર તીન ગ્રામ, માન સહિત સુંદર શ્યામ;
તાનમેં મુરછના અતહિ ઉપજાવત લલિત લાલ બનવારી. ગાત૦ ૧
પ્યારી કર ગ્રહ્યો બીન કરત સ્વર અલાપ, આરોહી અવરોહી
લેત સુધારી;
પ્રેમાનંદ પ્રશંસીત પિયા પ્યારી, કંઠ લગાય દેત સુમન
માલ કુંજબિહારી. ગાત૦ ૨

પદ ૧૫૦૬ ઠું

આજ શ્યામા પ્યારી, રિસાય બેઠી અલબેલી,
સઘન કુંજમેં અકેલી, તાહે મનાવત મોહન આપ સીધારે; આજ૦ ટેક.
કરપર કપોલ ધરે, નેનન જ્યું નીર ઝરે;
દીર્ઘ નિસાસ ભરે, એસી શોભા જાય અવિલોકત પ્યારીકી પ્યારે. આજ૦ ૧
નયન બદન પુંછત રુમાલસું, ઉર લગાય કહાન કરત બિનય ભારે;
ભક્ત આધીન શ્યામ, રૂપશીલદયાધામ, પ્રેમાનંદ
નામપર પ્રાન વારે. આજ૦ ૨

પદ ૧૫૦૭ મું

વિકસીત દ્રુમ બેલી, સુમન બન કુંજ કુંજ, ગુંજત અમિત

મત્ત મધુકર, કરંબીત કોકીલા મોર; વિક૦ ટેક.
પ્રાનજીવન પિયા પ્યારી, બિરાજત રસિક મનોહર જોર. વિક૦ ૧
પરમ ચતુર કરત બન બિહાર, હનત મનમથ માન, મોહન
પિયા ચીતચોર;
પ્રેમાનંદ વ્રજચંદ પિયાકી બાનકપર, વારત મદન કરોર. વિક૦ ૨

પદ ૧૫૦૮ મું

જાત પાતનકી છાંઈ, ગલે ડાર ડાર બાંઈ, લલિત લતાન માંઈ;
પિયા પિયારી અતહિં સોહાત ગાત. જાત૦ ટેક.
જેસે કરી સંગ કરીની કરતહેં બિલાસ બન, તેસેંહિ પિયા
સંગ પ્યારી રસ ઉપજાવત નિરખી મદન સકુચાત. જાત૦ ૧
રસિક પીયા અપને કર સંવારત અલકન. લટ પલકપર
નિરખી પુલકાત;
પ્રેમાનંદ શ્યામા શ્યામ, રસનિધાન પૂરણકામ, બિહરત
બન મન હરખાત. જાત૦ ૨

પદ ૧૫૦૯ મું–રાગ પુરબ માઢ ત્રેતાલ

ચલે ટેઢી ચાલ ચલે ટેઢી કુંજનમેં, ટેઢે મદનગોપાલ; ચલે૦ ટેક.
ટેઢી પાઘ શિર ટેઢી કલંગી, ટેઢી ગલે બનમાલ. ચલે૦ ૧
ટેઢી બોલની ટેઢી ચિતબની, ટેઢે નેન વિસાલ;
પ્રેમાનંદ કે' પ્રભુ ટેઢે સકલ અંગ, દુરિજનકે ઊર સાલ. ચલે૦ ૨

પદ ૧૫૧૦ મું

ધરે બરહાપીછ ધરે કુંડલ કાનન, નટવર નંદકિશોર; ધરે૦ ટેક.
કનક બસન તન ભૂખન ઝલકત, ઉદિત માનું રવિ કોર. ધરે૦ ૧
નિલ બરન બેજંતિ માલ ઉર, મોરલી અધરપર કરે ઘનઘોર;
પ્રેમાનંદ પ્રભુ બનતેં આવત, બ્રજબનિતા ચીત ચોર. ધરે૦ ૨

પદ ૧૫૧૧ મું

બને બ્રજચંદ બને બ્રજમોહન, કીને સરસ સિંગાર; બને૦ ટેક.
કહા કહું ઉપમા નહીં આવત, કોટિ રાવ શશિ ડારુ વાર. બને૦ ૧
ગુંજાભૂખન મોરચંદ્રિકા, કરને કરનિકાર;
નિલ બરન તન પીત બસનપર, પ્રેમાનંદ બલિહાર. બને૦ ૨

પદ ૧૫૧૨ મું

કરે ટેઢી બાત કરે ટેઢી સૈનન, નેનન નેહ ન સમાત; કરે૦ ટેક.
ટેઢી ચલની ટેઢી ચિતવની, નિરખી મદન લજાત. કરે૦ ૧
ટેઢોહિ ફિરત વ્રજકી બિથુનિમેં, મોહન કોમલ ગાત;
પ્રેમાનંદ ઘનશ્યામ સુંદર છબી, ઉર રાખત દિનરાત. કરે૦ ૨

પદ ૧૫૧૩ મું–રાગ પુરબ

રસિયો મોસું રાર કરે, મેં કેસે જાઉં જલ ભરને જમુનાકે
પનઘટવા; રસિ૦ ટેક.
ચીર મેરો ફારે હાર મેરો તોરે, ખોલે પકરી ઘુંઘટવા. જમુ૦ ૧
લે લે નામ ગારી દે ખીજવત, ગીરધર નાગર નટવા. જમુ૦ ૨
કઠિન ભયો જમુના જલ ભરીનો, પંથ ભયો વિકટવા. જમુ૦ ૩
પ્રેમાનંદ કહે મન હર લીનો, પે'રી શ્યામ પીતપટવા. જમુ૦ ૪

પદ ૧૫૧૪ મું

મોહન મોરી ગેલ પર્યો, મેં કેસે કરું ના માને બરજ્યો બનવારી; મોહ૦ ટેક.
ના માને ઘનશ્યામ મનોહર, બરજી બરજી હું હારી. બર૦ ૧
રોકત વાટ કરત અનહોની, પકરી પકરી વ્રજનારી. બર૦ ૨
ગોકુલ રાજકુમાર રસીલે, લોકલાજ સબ ટારી. બર૦ ૩
પ્રેમાનંદ કહે મુગ્ધ મનોહર, ગોપીવર ગીરધારી. બર૦ ૪

પદ ૧૫૧૫ મું

નયના મોયે લાગી ગયે, ઘનશ્યામલાલ બંસીવારે મોહન પ્યારેકે; નય૦ ટેક.
સુંદર નેન અરુન બીચ રેખે, શરદ કમળ અનુસારે. મોહ૦ ૧
ભ્રકુટી ભ્રમર છાયે પંકજપર, ઉડી ન શકત અબ ન્યારે. મોહ૦ ૨
સુચવત ભાવ સરસ સૈનનમેં, ચપલ ચતુર દોઉ તારે. મોહ૦ ૩
પ્રેમાનંદ નેન છબી ઉપર, કોટી કામ લે વારે. મોહ૦ ૪

પદ ૧૫૧૬ મું

મનવા મેરો મોહી રહ્યો, છબી દેખી શ્યામ સુંદરકી
નટવર નાગરકી; મન૦ ટેક.

સોરંગ પાઘ બીચ મોર ચંદ્રિકા, આડ કિયે કેશરકી. નટ૦ ૧
ઉર બનમાલ પીતાંબર મોરલી, હંસગતિ ગિરિધરકી. નટ૦ ૨
બંસી શ્રવન સુની બ્રજનારી, આઈ દોરી ઘર ઘરકી. નટ૦ ૩
પ્રેમાનંદ મગન ભઈ ડોલે, નિરખી છબી નટવરકી. નટ૦ ૪

પદ ૧૫૧૭ મું–રાગ પુરબ

બાંધી લાલ બાંકે પેચોંદી પાગ; બાંધી૦ ટેક.
બાંકી પાગ બસંતી બાગો, ગાવત આવત ફાગ. બાંધી૦ ૧
શોભાધામ શ્યામ છબી નિરખી, ઉપજત અતિ અનુરાગ. બાંધી૦ ૨
આવત ઉદય હોયકે માનો, બ્રજવાસીનકે ભાગ. બાંધી૦ ૩
પ્રેમાનંદ નિરખી છબી નૌતમ, કીનો જગસુખ ત્યાગ. બાંધી૦ ૪

પદ ૧૫૧૮ મું

દેખો છબી મોહન નંદકુમાર; દેખો૦ ટેક.
બરહાપીછ પીતાંબર મોરલી, કરણે કર્ણિકાર. દેખો૦ ૧
બનીઠનીકે બનઉતે આવત, માનું રસ સિંગાર. દેખો૦ ૨
ઉર બનમાલ લાલ દ્રગ ચંચલ, નટવર રૂપ મોરાર. દેખો૦ ૩
પ્રેમાનંદ કેશવ છબી ઉપર, કોટી કામ બલીહાર. દેખો૦ ૪

પદ ૧૫૧૯ મું–રાગ પુરબ

બનઉતે આવત બનવારી; બન૦ ટેક.
ગુંજા ભૂખન મોર ચંદ્રિકા, પીત બસન કટિતટ ધારી. બન૦ ૧
નિલઅંબરન તન શ્યામ મનોહર, ખાંધેપર કામર કારી. બન૦ ૨
સુંદર બતિયાં શ્યામસુંદરકી, છેદત છતિયાં હમારી. બતિ૦ ૧
સુંદર ચલની બંક બિલોકની, કસત કરેજે ભારી. બતિ૦ ૨
મુસકનીમેં મનમોહન મેરો, લે ગયે જીયરા નીકારી. બતિ૦ ૩
પ્રેમાનંદ કે' કરી કરુના, કબ મીલી હે કૃષ્ન મોરારી. બતિ૦ ૪

પદ ૧૭૯૫ મું–રાગ ગરબી

વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારનેરે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ કરે ભવ પારનેરે લોલ. ૧
સમરું પ્રગટરૂપ સુખધામ અનુપમ નામનેરે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ ભજે તજી કામનેરે લોલ. ૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર પાર કોઈ નવ લહેરે લોલ;
જેને શેષ સહસ્રમુખ ગાય નિગમ નેતિ કહેરે લોલ. ૩

વર્ણવું સુંદર રૂપ અનુપ જુગલ ચરણે નમીરે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ રહો ઉરમાં રમીરે લોલ. ૪

પદ ૧૭૭૬ મું

આવો મારા મોહન મીઠડા લાલ કે જોઉં તારી મૂરતીરે લોલ;
જતન કરી રાખું રસિયારાજ વિસારું નહિ ઉરથીરે લોલ. ૧
મન મારું મોહ્યું મોહનલાલ પાઘડલીની ભાતમાંરે લોલ;
આવો ઓરા છોગલાં ખોસુ છેલ ખાંતિલા જોઉં ખાંતમાંરે લોલ. ૨
વહાલા તારું ઝળકે સુંદર ભાલ તિલક રૂડાં કર્યાંરે લોલ;
વહાલા તારા વામ કરણમાં તીલ તેણે મનડાં હરયાંરે લોલ. ૩
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ કાલજ મારાં કોરિયાંરે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ કે ચિત્ત મારાં ચોરિયાંરે લોલ. ૪

પદ ૧૭૭૭ મું

વહાલા મુને વશ કીધી વ્રજરાજ વાલપ તારા વહાલમાંરે લોલ;
મન મારું તલખે જોવા કાજ ટીબકડી છે ગાલમાંરે લોલ. ૧
વહાલા તારી નાસિકા નમણી નાથ અધર બિંબ લાલ છેરે લોલ;
છેલા મારા પ્રાણ કરું કુરબાણ જોયા જેવી ચાલ છેરે લોલ. ૨
વહાલા તારા દંત દાડમના બીજ ચતુરાઈ ચાવતાંરે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ મીઠું મીઠું ગાવતાંરે લોલ. ૩
વહાલા તારે હસવે હરાણું ચીત બીજું હવે નવ ગમેરે લોલ;
મન મારું પ્રેમસખીના નાથ કે તમકેડે ભમેરે લોલ. ૪

પદ ૧૭૭૮ મું

રસિયા જોઈ રૂપાળી કોટ રૂડી રેખાવળીરે લોલ,
વહાલા મારું મનડું મલવા ચ્હાય કે જાયે ચિતડું ચળીરે લોલ. ૧
વહાલા તારી જમણી ભુજાને પાસ રૂડા તીલ ચાર છેરે લોલ;
વહાલા તારા કંઠ વચે તીલ એક અનુપમ સાર છેરે લોલ. ૨
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર જોઈ નેણાં ઠરેરે લોલ;
વહાલા તેતો જાણે પ્રેમી જન જોઈ નિત્ય ધ્યાન ધરેરે લોલ. ૩

રસિયા જોઈ તમારુ રૂપ રસીક જન ઘેલડારે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ સુંદર વર છેલડારે લોલ. ૪

પદ ૧૭૯૯ મું

વહાલા તારી ભુજા જુગલ જગદીશ જોઇને જાઉ વારણેરે લોલ;
કરના લટકા કરતા લાલ આવોને મારે બારણેરે લોલ. ૧
વહાલા તારી આંગલીયુંની રેખા નખમણિ જોઇનેરે લોલ;
વહાલા મારા ચીતમાં રાખું ચોરી કહુ નહી કોઇનેરે લોલ. ૨
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ જોવાને જીવ આકળોરે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માયે જાણું જે હમણા મળોરે લોલ. ૩
વહાલા તારું ઉદર અતિ રસરૂપ શીતલ સદા નાથજીરે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ મળું ભરી બાથજીરે લોલ. ૪

પદ ૧૮૦૦

વહાલા તારી મૂરતિ અતિ રસરૂપ રસીક જોઇને જીવેરે લોલ;
વહાલા એ રસના ચાખણહાર છાશ તે નવ પીએરે લોલ. ૧
વહાલા મારે સુખ સંપત તમે શ્યામ મોહન મન ભાવતારે લોલ;
આવો મારે મંદિર જીવન પ્રાણ હસીને બોલાવતારે લોલ. ૨
વહાલા તારું રૂપ અનુપમ ગૌર મૂરતિ મનમાં ગમેરે લોલ;
વહાલા તારું જોબન જોવા કાજ કે ચિત્ત ચરણે નમેરે લોલ. ૩
આવો મારા રસિયા રાજીવ નેણ મરમ કરી બોલતારે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ મંદિર મારે ડોલતારે લોલ. ૪

પદ ૧૮૦૧ મું

વહાલા તારું રૂપ અનુપમ નાથ ઉદર શોભા ઘણીરે લોલ;
ત્રિવળી જોવું સુંદર છેલ આવોને ઓરા અમ ભણીરે લોલ. ૧
વહાલા તારી નાભી નૌતમ રૂપ ઉંડી અતિ ગોળછેરે લોલ;
કટિલંક જોઇને જાદવરાય મન રંગ ચોળછેરે લોલ. ૨
વહાલા તારી જંઘા જુગલની શોભા મનમાં જોઈ રહુંરે લોલ;
વહાલા નીત નિરખું પીંડીને પાની કોઇને નવ કહુંરે લોલ. ૩
વહાલા તારા ચરણકમળનું ધ્યાન ધરું અતિ હેતમાંરે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચીતમાંરે લોલ. ૪

પદ ૧૮૦૨ મું

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ વખાણું વહાલમાંરે લોલ;
વહાલા અતિ કોમળ અરુણ રસાલ ચોરે ચીત ચાલમાંરે લોલ. ૧
વહાલા તારે જમણે અંગોઠે તીલ કે નખમાં ચિહ્નછેરે લોલ;
વહાલા છેલી આંગળિયે તીલ એક જોવા મન દીનછેરે લોલ. ૨
વહાલા તારા નખની અરુણતા જોઇને શશિકળા ક્ષીણછેરે લોલ;
વહાલા રસ ચોર ચકોર જે ભક્ત જોવાને પરવીણછેરે લોલ. ૩
વહાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત રહો કરી વાસનેરે લોલ;
માગે પ્રેમસખી કરજોડ દેજો દાન દાસનેરે લોલ. ૪

પદ ૧૮૦૩ મું–રાગ ગરબી

હાંરે હાંરે કહાન દાણીરે કહાન દાણી;
હાંરે વાટે આવતી ગોવાલણીને જાણીરે. કહાન૦ ટેક.
હાંરે વાટ રોકીને ઉભા છે વનમાળી;
હાંરે દાણ લેવા ગોવાલણીને ખાળીરે. કહાન૦ ૧
હાંરે એમ બોલ્યા મોહન ગીરધારી;
હાંરે ક્યાં જાય છે ઉભી રે મહિયારીરે. કહાન૦ ૨
હાંરે ચાલી જાય છે કેમ દાણ ચોરી;
હાંરે મીઠાં ગોરસ પાને આવ્ય ઓરીરે. કહાન૦ ૩
હાંરે પ્રેમસખીનો નાથ ઉભા આગે;
હાંરે મહિયારી પાસેથી મહી માંગેરે. કહાન૦ ૪

પદ ૧૮૦૪ મું

હાંરે હાંરે મહી લેશુંરે મહી લેશું;
હાંરે ફીકું લાગશે તો પાછું દેશુંરે. મહી૦ ટેક.
હાંરે ઓરી આવને ઉતાર મહીની ગોળી;
હાંરે શાદ બ્હીએ નહી નાંખીએ ઢોળીરે. મહી૦ ૧
હાંરે નહી લઇએ વિના મરજાદ;
હાંરે જોઇયે મેળવણીનો સ્વાદરે. મહી૦ ૨

હરિ નથી કહેતા દીલમાં દગો રાખી;
હરિ ઉતારને ગોરસ જોઇયે ચાખીરે. મહી૦ ૩
હરિ પ્રેમસખીના નાથ આગે આવી;
હરિ ગોવાલણી બોલે છે મરમ લાવીરે. મહી૦ ૪

પદ ૧૮૦૫ મું

હાંરે હાંરે અલબેલારે અલબેલા;
હરિ મહી ભાળીને થાઓમાં તમે ઘેલારે. અલ૦ ટેક.
હરિ અમે કંસ તણી મહિયારી;
હરિ વાત તોલીને બોલજો મોરારીરે. અલ૦ ૧
હરિ કહાના વાત ન બોલીએ ઘેલી;
હરિ જાઓ મહીડાની લાલચ મેલીરે. અલ૦ ૨
હરિ કરજોડીને કહીએ કહાના;
હાંરે જાઓ કુંવર ચાલ્યા છાનામાંનારે. અલ૦ ૩
હરિ પ્રેમસખી કહે સુંદર શ્યામ;
હાંરે મુખે લેશોમાં દાણનું નામરે. અલ૦ ૪

પદ ૧૮૦૬ હું

હાંરે હાંરે રંગભીનારે રંગભીના;
હરિ કહ્યું માનો કુંવર નંદજીનારે. રંગ૦ ટેક.
હરિ હેતે પ્રીતે ગોરસ માંગી લીજે;
હરિ નવી દાણની રીત નવ કીજેરે. રંગ૦ ૧
હરિ એવી આળ્ય ન કીજીયે વહાલા;
હરિ તમે જાણુ સુજાણુ નંદલાલારે. રંગ૦ ૨
હાંરે આ વાટે જાવું અમારે દાડી;
હરિ આવી બાઝો છો શીદ ડોટ કાડીરે. રંગ૦ ૩
હરિ પ્રેમસખી કહે સુંદર છેલા;
હરિ રહો છેટે કુંવર અલબેલારે. રંગ૦ ૪

પદ ૧૮૦૭ મું

હાંરે હરિ મરમાળીરે મરમાળી;
હાંરે મીઠા બોલી ગોરસડાવાળીરે; મર૦ ટેક.

હાંરે તને રીતે ભાતે સમજાવી;
હાંરે તારા મનમાં અમારી વાત ના આવીરે. મર૦ ૧
હાંરે તુંતો કંસની દેખાડે છે બ્હીક;
હાંરે કંસ સૌતી કરીશ તુંને ઠીકરે. મર૦ ૨
હાંરે ડારો દઇને બોલે છે મદમાતી;
હાંરે મુખ મરડે ને કાઢે આંખ રાતીરે. મર૦ ૩
હાંરે ખીજ્યા પ્રેમસખીનો છેલ;
હાંરે માટ ફોડાને કરીશ રંગરેલરે. મર૦ ૪

પદ ૧૮૦૮ મું

હાંરે હાંરે મહિયારીરે મહિયારી;
હાંરે મરમ બોલે પણ વાત છે તારીરે; મહિ૦ ટેક.
હાંરે દાણ દેતાં ખોટું કેમ લાગે;
હાંરે જેની રીત હોયે તે તો માંગેરે. મહિ૦ ૧
હાંરે બોલે જોબન જોરમાં દિવાની;
હાંરે બહુ માન ભરી છે મસ્તાનીરે. મહિ૦ ૨
હાંરે તારું જોબન જોર હું ઉતારું;
હાંરે તારો કંસ શું કરશે અમારુંરે. મહિ૦ ૩
હાંરે પ્રેમસખીને નાથ રીસ આણી;
હાંરે ઝાલી પાલવ ગોવાલણીને તાણીરે. મહિ૦ ૪

પદ ૧૮૦૯ મું

હાંરે હાંરે મેલ કેડોરે મેલ કેડો;
હાંરે શીદ સાહ્યો છે નિર્લજ મારો છેડોરે; મેલ૦ ટેક.
હાંરે કેમ બાઝે છે મહીને માટે;
હાંરે ચાલ્યો જાને અલ્યા પાધરી વાટેરે. મેલ૦ ૧
હાંરે મેલ છેડલો છેલ ગુમાની;
હાંરે નહીં તો ગાલ્યું ખાઇશ મનમાનીરે. મેલ૦ ૨
હાંરે આઘો આઘો આવે છે શું લેવા;
હાંરે પરનારીને બાઝ્યાનો પડ્યો હેવારે. મેલ૦ ૩

હાંરે પ્રેમસખીના નાથ દાણુ લીજે;
હાંરે લાંબો હોઠ કાઢીને મહી પીજેરે. મેલ૦ ૪

પદ ૧૮૧૦ મું

હાંરે હાંરે ધુતારારે ધુતારા;
હાંરે મુખ સંભાળીને બોલજે ઠગારારે. ધુતા૦ ટેક.
હાંરે કેને ગાળ્યું બોલે છે આવી વાંકી;
હાંરે ઝાઝી છેડમાં નહીં રહું સાંખીરે. ધુતા૦ ૧
હાંરે હુંતો બોલતી નથી લોક લાજે;
હાંરે મારી બાંહડી મરોડી શાને કાજેરે. ધુતા૦ ૨
હાંરે મારી ચુનડી ફાડી છે તેં ઝીણી;
હાંરે હાર તોડીને લીધાંછે મોતી વીણીરે. ધુતા૦ ૩
હાંરે પ્રેમસખીના નાથ આવ્યો લાગે;
હાંરે તને બાંધીને મંગાવું કંસ આગેરે. ધુતા૦ ૪

પદ ૧૮૧૧ મું

હાંરે હાંરે અલબેલીરે અલબેલી;
હાંરે તેડી કંસને તું આવજે વેહેલીરે. અલ૦ ટેક.
હાંરે મુખ સભાળીને બોલજે રીસાળ;
હાંરે નહીં તો ફળ પામીશ તતકાળરે. અલ૦ ૧
હાંરે બ્હીક કંસની દેખાડે વારવાર;
હાંરે તારા કંસનો તે કેટલોક ભારરે. અલ૦ ૨
હાંરે અમારું દાણુ લાગે તે લેશું;
હાંરે તારા કંસની બ્હીકે શું મેલી દેસ્યુંરે. અલ૦ ૩
હાંરે પ્રેમસખીના નાથને ગોપી;
હાંરે પાય લાગી પ્રેમેસું મહી સોંપીરે. અલ૦ ૪

પદ ૧૮૧૨ મું

હાંરે હાંરે વનમાળીરે વનમાળી;
હાંરે રિઝ્યા પૂરણુ ગોપીનો પ્રેમ ભાળીરે. વન૦ ટેક.

હાંરે વહાલે હેતે હસીને સામું જોયું;
હાંરે મનમોહને ગોપીનું મન મોહ્યુંરે. વન૦ ૧
હાંરે બોલી પ્રેમમગન મહિયારી;
હાંરે મીઠાં ગોરસ લ્યો ગિરિધારીરે. વન૦ ૨
હાંરે વહાલે રસમાં તે રસબસ કીધાં;
હાંરે પૂરણ પ્રીતે ગોપીના મહી પીધાંરે. વન૦ ૩
હાંરે શીખે સાંભળે ને પ્રીતે ગાશે;
હાંરે તેને ગોપીનો નાથ તેડી જાશેરે. વન૦ ૪
હાંરે ઊર અખંડ બિરાજે વ્રજરાયે;
હાંરે દાણલીલા તે પ્રેમસખી ગાયેરે. વન૦ ૫

પદ ૧૮૧૩ મું–રાગ ગરબી

વૃંદા તે વનના ચોકમાં રમે કુંજવિહારી;
નટવર નંદકુમારને જોઈ મોહી વ્રજનારી. ૧
મદનમોહન નંદલાલને નિરખી ઊર ધારે;
પ્રેમમગન વ્રજસુંદરી લેઈ તન મન વારે. ૨
સુંદર શ્યામ સુજાણને નિરખે સર્વે ગોપી;
જોવા જીવનપ્રાણને મરજાદા લોપી. ૩
રાત દિવસ વ્રજજુવતી સેવે નંદનંદા;
એક ટક નિરખે નાથને ચકોર જ્યું ચંદા. ૪
મનગમતા નંદલાલને સંગે અલબેલી;
હેત કરી વ્રજનાર જ્યું લપટી વનવેલી. ૫
એ સુખ નંદકુમારનું વ્રજવિનતા માણે;
વ્રજનારીના સુખને બ્રહ્મા નવ જાણે. ૬
ધન્ય તે વ્રજની ગોપીકા મોહન સંગ ગાવે;
પ્રેમસખીનો નાથજી નીત લાડ લડાવે. ૭

પદ ૧૮૧૪ મું

પ્રેમભરી સર્વે ગોપીકા જોવાને આવે;
તન મન જાયે વારણે લેઈ પુષ્પે વધાવે. ૧

ચંદન ચરચે સ્યામને એક હાર પે'રાવે;
ફુલડાં ખોસે કાનમાં ગજરા ગુંથી લાવે. ૨
પુરુષોત્તમ પ્રીતસું કરે તિલક ભાલે;
પ્રેમને વશ એક સુંદરી ટીબકડી દે ગાલે. ૩
ઉત્તમ વનફળ લાવીને મેલે ભેટ આગે;
વનમાળા પે'રાવીને પ્રેમસું પાયે લાગે. ૪
વ્યંજન વિવિધ પ્રકારનાં વનમાં કરી લાવે;
જીવન કમળાકાંતને વ્રજનારી જીમાવે. ૫
જમવા કુંજ એકાંતમાં બોલાવે એક નાર;
સજળ નયણુ મીઠાં વેણુ કહી કરે મનુવાર. ૬
પ્રાણુજીવનજી પધારિયે એમ કહીને ખાંતે;
પ્રેમસખીના છેલને તેડી ચાલી એકાંતે. ૭

પદ ૧૮૧૫ મું

લટકંતી ચાલે પધારિયા બ્રહ્માદિકનો નાથ;
પ્રેમ કરી અલબેલીએ ઝાલ્યો છે હાથ. ૧
તેડીને કુંજ પધરાવિયા રાધાનો સ્વામી;
જોઈ જીવન પ્રાણુને સર્વે આનંદ પામી. ૨
પુષ્પને પાટે બેસારીને લાગી છે પાયે;
વ્યંજન થાળ આગે ધર્યા ગોપી મંગળ ગાયે. ૩
જીમો જીવન પ્રાણુજી ભુખ્યા માં રે'જ્યો;
લાજ ન રાખજો લાલજી માંગીને લેજ્યો. ૪
કહેજો નટવર લાલજી તમને શું ભાવે;
ગમતાં ગોપીનાથને કરી મરમ હસાવે. ૫
જમ્યા જીવન પ્રીતસું મોહન ગિરિધારી;
આચમન પ્રાણુઆધારને કરાવે વ્રજનારી. ૬
પુરુષોત્તમને પ્રીતસું આપી પાનની બીડી;
પ્રેમસખીના પ્રાણુને ભેટી ભુજ બીડી. ૭

પદ ૧૮૧૬ મું

વરસાણાની ગ્વાલણી આવે વૃંદાવનમાં;
જોઈ સુંદર છેલને મોહી છે મનમાં. ૧
મગન થઈ સર્વે સુંદરી નિરખીને શ્યામ;
મળવા મોહનલાલને વ્યાપ્યો છે કામ. ૨
આતુર અંગે માનુની છૂટી છે વેણી;
પુછે સુંદર શ્યામને બોલી ભ્રંગાનેણી.* ૩
આવો એકાંતે છેલજી પુછવી છે વાત;
આજ અમારે ગામ મોહન આવોની રાત. ૪
મનમોહનજી પધારિયે શોભાના ધામ;
વ્રજવિનતાના પ્રાણજીવન છો પૂરણકામ. ૫
ચિતડાં અમારાં ચોરિયાં રસિયા રણછોડ;
લટકાં કરતાં પધારિયે પુરવાને કોડ. ૬
જાણી પાતળિયે પ્રીતડી બોલ્યા મીઠા બોલ;
પ્રેમસખીને પ્રાણજીવન હસી દીધો છે કોલ. ૭

પદ ૧૮૧૭–રાગ ગરબી

આવો કૃષ્ણ કમળદળ નેણ નંદતણા લાલા;
વહાલા લાગે વહાલા તારા વેણ શામળિયા વહાલા. શામ૦ ટેક.
રૂપ અનુપમ રાજ તમારું, તે જોઇને મોહ્યું મન મારું હો. શામ૦ ૧
વહાલમજી વરણાગી છે વાંકી, જોવું ઘુંઘટમાંથી હું ઝાંકી હો. શામ૦ ૨
લોચન લાલ અનુપમ રેખું, હું તો રીઝી રહું જ્યારે દેખું હો. શામ૦ ૩
પ્રેમાનંદના નાથ વિહારી, રાખું નેણામાં મૂરતિ તમારી હો. શામ૦ ૪

પદ ૧૮૧૮ મું

વહાલા રાજીવ નેણ રસાલ આવો અલબેલા;
જોઉં હૈડે મોતીડાની માળ સુંદર વર છેલા. સુંદર૦ ટેક.

---

* "મૃગાનેણી" સંભવે છે. મૃગનેણી લખતાં લહિયાએ મૃગાનેણી, મરઘાનેણી, મ્રગાનેણી ભ્રગાનેણી ભ્રંગાનેણી ગમે તેમ લખેલું જણાય છે.

કેશવ કાનમાં કુંડલ કાજું, હું તો મોહીછું મોહન જોઈ બાજુ હો. સુંદર૦ ૧
પાઘડલીના પેચમાં પ્યારા, તોરા લટકે અનુપમ સારા હો. સુંદર૦ ૨
કેસર તિલક ગમ્યું મારા દલમાં, રહો રસિયા આંખડલીની
પલમાં હો. સુંદર૦ ૩
પ્રેમાનંદ કે' ઉરમાં રહો માવા, અલબેલાજી આવાને આવા હો. સુંદર૦ ૪

પદ ૧૮૧૯ મું

વાઓ વાંસડલી વ્રજરાજ મોહન મરમાળા;
હું તો આવી સાંભળવા કાજ ગીરધર ગોવાળા. ગીરધર૦ ટેક.
મીઠી બોલે માવા મોરલી તમારી, મારાપ્રાણ નાંખુ વારીવારી હો. ગીરધર૦ ૧
મોહીછું મોહન જોઈ મુખડું તમારું, ગૃહકુટુંબ થયું સર્વે ખારું હો. ગીરધર૦ ૨
લાલ લોભાણી હું તો નૌતમ લટકે, મીઠી મોરલીને ચટકે હો. ગીરધર૦ ૩
પ્રેમાનંદ કે' છેલ ગુમાની, તારી દાસી છું દામ વીનાની હો. ગીરધર૦ ૪

પદ ૧૮૨૦ મું

વારી લેહેરખડા નંદલાલ લટકે હું લોભાણી;
તારું ઝલકે અનુપમ ભાલ વહાલી લાગે વાણી. વહાલી૦ ટેક.
મગન થઈ વહાલા રૂપ જોઇને, હવે જોઉં નહિ બીજા કોઇને હો. વહાલી૦ ૧
ભ્રકુટી તમારી છે કામણગારી, વશ કીધી વહાલા વ્રજનારી હો. વહાલી૦ ૨
અધર તે લાલ ગુલાબને રંગે, આવો અત્તર ચરચ્યું અંગે હો. વહાલી૦ ૩
પ્રેમાનંદના પ્રિતમ પ્યારા, વારું તમપર પ્રાણ હું મારો હો. વહાલી૦ ૪

પદ ૧૮૨૧ મું-રાગ ગરબી

ગીરધર ઘેલું ન બોલીએરે, હો નંદના કુંવર છેલ ગુમાનીડા. નંદ૦ ટેક.
મારગડે માણસ દેખતાં, કેશવ કેડે ન ડોલીએ રે. નંદ૦ ૧
અમે પરનારી વહાલા રાજ કંસનું, કાંઇક મનમાં તોલીએ રે. નંદ૦ ૨
એ વાતમાં વહાલા ઘર જાયે કોઇનું, ના હસીએ બોલી ઠોલીએ રે. નંદ૦ ૩
પ્રેમાનંદના વહાલા તમને જાણીએ, બાંધી મુઠી નહી ખોલીએ રે. નંદ૦ ૪

પદ ૧૮૨૨ મું

મુજને મારગડે બાઝમાં રે, હો ગિરિધર મારા સમ છે તુજને; ગિરિ૦ ટેક.
નાનો નથી હવે મોટો થયો છે વહાલા, જાણ જીવન
કાંઇ લાજમાં રે. ગિરિ૦ ૧

જેની તેની કેડે કહાનકુંવર તું, દોડમાં ઉડીને વાજમાં રે. ગિરિ૦
ગોવાળાને સંગે ગોવિંદ, ઘેલો થઇને વહાલા ગાજમાં રે. ગિરિ૦ ૩
પ્રેમાનંદના વહાલા ન શિખિયે, ફેલ ફીતુર આ રાજમાં રે. ગિરિ૦ ૪

પદ ૧૮૨૩ મું

હાથ ન ઘાલીશ માટમાંરે, હો વ્રજના જીવન વારું છું તુજને; વ્રજ૦ ટેક.
વાંસલડી કામલડી હવણું, ખોશીને નાંખીશ વાટમાં રે. વ્રજ૦ ૧
શા સારું શામળિયા અમને, રોકીને ઉભા છો ઘાટમાં રે. વ્રજ૦ ૨
વેગળો રહેજે વાદ કરંતો, ખાટીશ નહીં આ ખાટમાં રે. વ્રજ૦ ૩
પ્રેમાનંદના વહાલા નથી હું તો, બ્હીતી ઠાકરિયા તારા ઠાઠમાં રે. વ્રજ૦ ૪

પદ ૧૮૨૪ મું

જાઇને કહીશ મારી માડીનેરે, હો ધુતારા મોહન મેલ પાલવડો; ધુતા૦ ટેક.
હાર તોડે ને મારી હેલ ફોડે છે, આવી બાઝે છે ડોટ કહાડીને રે. ધુતા૦ ૧
આંખડી મારીને મને કીધી છે આકળી, ગિરિધર ઘુંઘટ
ઉઘાડીને રે. ધુતા૦ ૨
તાણીને ત્રિકમ કટકા કીધી, નવરંગ ચુનડી ફાડીને રે. ધુતા૦ ૩
પ્રેમાનંદના વહાલા કીધી વશ, વિઠ્ઠલ વેણુ વજાડીને રે. ધુતા૦ ૪

પદ ૧૮૨૫ મું

રીઝી ચતુર તારી ચાલમાંરે, મીઠડા મોહન મોહી છું મોલીડે; મીઠ૦ ટેક.
શી કહું શોભા સ્યામ સુંદરવર, કેસર તિલક ભાલમાં રે. મીઠ૦ ૧
નેણુ કમળપર ભ્રકુટી ભ્રમર ઝુકી, ગાય છે મધુરે સુર તાલમાં રે. મીઠ૦ ૨
કોટિક કંદર્પ વારું વદનપર, લાવણ્યતા જોઈ લાલમાં રે. મીઠ૦ ૩
પ્રેમાનંદના નાથ રસિક વર, જોયા જેવા છો મારા વહાલમાં રે. મીડ૦ ૪

પદ ૧૮૨૬ મું

જોવા આવી છું તારી મૂર્તિરે, હો લાડીલા મોહનલાલ ગોવાલીડા; લાડી૦ ટેક.
જામા પેહેરો જરકસિયા જીવન, પાઘ બાંધીને વહાલા સુરતી રે. લાડી૦ ૧
મનડું તો મારું મોહી રહ્યું છે, નેણા ઠરે છે જોઈ મૂર્તિ રે. લાડી૦ ૨

ઓરા આવો તો આલિંગન લીજીએ, રીઝીએ વહાલા
જોઈ ફુરતી રે. લાડી૦ ૩
પ્રેમાનંદના વહાલાજી તમને, પલક ન મેલું મારા ઊરતી રે. લાડી૦ ૪

પદ ૧૮૨૭ મું

મોહી છું છોગલાં જોઈનેરે, હો છોગાલા મોહન છેલ છબિલડા; છોગા૦ ટેક.
અતિ મનોહર મૂર્તિ તમારી વહાલા, રાખું મારા ઉરમાં પ્રોઇને રે. છોગા૦ ૧
જતન કરીને રાખીશ જીવન મારા, કહુ નહીં દુરીજન કોઇને રે. છોગા૦ ૨
લટકાં કરતા આવો મારે ઓરડે, પીઉં ચરણ તારાં ધોઇને રે. છોગા૦ ૩
પ્રેમાનંદ કહે દૂધને શાકર, પાઇશ ગાવડી દોઇને રે. છોગા૦ ૪

પદ ૧૮૨૮ મું

કામણ મુજને કીધલાંરે, હો રસિયા કામણગારા કહાનજી; રસિ૦ ટેક.
આંખડલીની સાનમાં મીઠડા, ચીત ચોરીને લીધલાં રે. રસિ૦
વાંસલડીમાં વાઇને વિઠ્ઠલ, મીઠડાં ગોરસ પીધલાં રે. રસિ૦ ૨
અલબેલા આલિંગન લેઇને, સુખડાં અલૌકિક દીધલાં રે. રસિ૦ ૩
પ્રેમાનંદના વહાલા તમને મળતાં, કારજ સરવે સિધલાં રે. રસિ૦ ૪

પદ ૧૮૨૯ મું—રાગ ગરબી

આવો શામળિયા ગીરધારીરે, નાગર નંદલાલા;
જોવું જીવનજી છબી તારીરે; નાગ૦ ટેક.
મોલીડું જોઇને મન મોહી રહ્યું છે, છોગલિયાપર વારીરે. નાગ૦ ૧
ભાલ તિલક કેસરનાં વિરાજે, કુંડલ મકરાકારીરે. નાગ૦ ૨
હસવું જોઇને મારે હેત બંધાણું, વહાલી લાગે છે વાણી તારીરે. નાગ૦ ૩
પ્રાણજીવન તારી બાનક ઉપર, પ્રેમાનંદ બલિહારીરે. નાગ૦ ૪

પદ ૧૮૩૦ મું

જોયા જેવા છો કુંજવિહારીરે, છેલવર છોગાલા;
તારી શોભા લાગે છે ઘણી સારીરે; છેલ૦ ટેક.
જરકસી પાઘ જરકસી જામા, જરકસી પટકા ભારીરે. છેલ૦ ૧
ફુલડાના હાર બાજુબંધ શોભે, આંખડલી કામણગારીરે. છેલ૦ ૨

નૌતમ જોબન નાથ તમારું, જોઇને મગન વ્રજનારીરે. છેલ૦ ૩
પ્રેમાનંદના નાથ રસીલા, જીવનદોરી છો મારીરે. છેલ૦ ૪

પદ ૧૮૩૧ મું

તારું રૂપ જોઇને લલચાણીરે, નંદના નંદનજી;
વહાલી લાગે વહાલાજી તારી વાણીરે; નંદ૦ ટેક.
હાથને લટકે ને જરકસી પટકે, ચીતડું લીધું છે મારું તાણીરે. નંદ૦ ૧
શોભા જોઇને જીવન તારા મુખની, રવિ શશિ જ્યોત લજાણીરે. નંદ૦ ૨
અંગો અંગ છબી જોઇને અલૌકિક, રતિપતિ મતિ ભરમાણીરે. નંદ૦ ૩
પ્રેમાનંદ કહે એ છબી ઉપર, તન મન જાઉં કુરબાણીરે. નંદ૦ ૪

પદ ૧૮૩૨ મું

આવો આવોને ગિરિધર ઓરારે, રસના રંગીલા;
વહાલા જોઉં તારા મોલીડાના તોરારે. રસ૦ ટેક.
તોરા જોઇને નેણા ત્રપત ન થાયે, ચંદ જોઇને જ્યું ચકોરારે. રસ૦ ૧
રૂપ જોઇને વહાલા રીજી રહી છુંરે, મળવા તલખે છે પ્રાણ મોરારે. રસ૦ ૨
આવાને આવા મારી આંખડલીમાંરહોને,નાથજી ન થઇએ નઠોરારે. રસ૦ ૩
પ્રેમાનંદ કહે પરાણે વધાવું, જોઉં તારા જોબનિયાના જોરારે. રસ૦ ૪

પદ ૧૮૩૩ મું–રાગ ગરબી રાગ વિનાનો ઢાળ છે

આવો જીવન જાદવરાય જોતું તારી મૂરતિ;
વહાલી લાગે છે રાજીવનેણ મેલું નહિ ઉરતી*. ૧
આવો છોગાવાળા હો છેલ ખાંતીલા જોવું ખાંતમાં;
મારું મનડું પામ્યું છે મોહ પાઘડલીની ભાતમાં. ૨
તારી પાઘડલીના પેચ પાંપણ ઉપર રાજે;
રસિયા વર કોટિક કામ છબી જોઇને લાજે. ૩
મન માન્યું છે મહારાજ* મોલીડાને તોરે,
તારા નેણ નટવર નાવ કે ચીત મારું ચોરે. ૪
તમે ચાલો છો સુંદર ચાલ ચતુર વર ચટકંતા;
આવો પ્રેમસખીના પ્રાણ ભુવન મારે લટકંતા. ૫

---

* "હું રતી" પાઠાન્તર છે. † "મહારા રાજ" મારા રાજ" પાઠાન્તરો છે.

પદ ૧૮૩૪ મું

રસિયા વર રૂપ અનુપ જોઇને ફરું ફૂલી;
લાવણ્યતા જોઇને લાલ શારદ પડી ભૂલી. ૧
પેહેરી શોભીતા શણગાર હાર હૈયે ધારીને;
આવો મળવા મોહન મીત કે* ચીતમાં વિચારીને. ૨
આવો લટકાં કરતાં લાલ વહાલમ જોઉં વહાલમાં;
આવો છોગાં ખોસીને છેલ ચટકતી ચાલમાં. ૩
આવો હસતાને રમતા હો શ્યામ ભુવન મારે ડોલતા;
મારા મનગમતા મહારાજ મીઠું મીઠું બોલતા. ૪
આવો રાખું નેણુમાં નાથ મૂરતિ તારી મનમાની;
આવો પ્રેમસખીના પ્રાણુ કે છેલવર ગુમાની. ૫

પદ ૧૮૩૫ મું

અલબેલા આતમરામ કે પ્રિતમ પાતળિયા;
તમે છો મારા જીવનપ્રાણુ સુંદર વર શામળિયા. ૧
મુને લાગ્યો તમારો નેહ કે નટવર નાનડિયા;
મારા જન્મ સંગાથી નાથ જીવડલા સાથે જડિયા. ૨
કરી રાખું હૈડાના હાર હરિ હવે નહીં મેલું;
મેંતો તમ સંગ પ્રિતમપ્રાણુ જાણીને બાંધ્યું બેલું. ૩
તમ વિના સ્નેહી શ્યામ વહાલું બીજું નહીં રાખું;
તમ ઉપર સુંદરનેણુ પ્રાણુ વારી નાખું. ૪
તમે રહો મારે મંદિર માવ કરો રુડી વાતલડી;
વહાલા પ્રેમસખીના નાવ ઠારો મારી છાતલડી. ૫

પદ ૧૮૩૬ મું

ગુણુવંતા ગિરિધારી લાલ મંદિર મારે આવોને;
મારો પુરોને મનનો કોડ કે હેતે બોલાવોને. ૧
બેસો ઓરડીયે અલબેલ ઢોલીડો ઢાળીને;
મનમોહન મીઠાં ગીત ગાવો દઈ તાળીને. ૨

---

* "મિત્ર કે" પાઠાન્તર છે.

આવો આંગણીયે મહારાજ રસિક વર જોવાને;
આવો મનડું મોવા છેલ ગાવડલી દોવાને. ૩
આવો જોવા વલોણું લાલ જાઉં તારે વારણે;
નાખી આપું ચાકળિયો નાથ બેસો મારે બારણે. ૪
આવો મરમાળા મહારાજ કે દીલ મારું કળવાને;
આવો પ્રેમસખીના પ્રાણ ભુજ ભરી મળવાને. ૫

પદ ૧૮૩૭ મું—રાગ ગરબી

પાતળિયાજી પગલાં માંડો પ્રેમનાં જો; એ ઢાળ છે.
અલબેલા આવો રે આજ મારે આંગણે જો;
પુરો મારા હૈડાની હામ જો. અલ૦ ટેક.
હળવાને ભરજોરે પગલાં હેતમાં જો;
આવો મારા વહાલા પૂરણકામ જો. અલ૦ ૧
શેરીઓ વાળીને મેં તો સજ કરી જો;
પુલડાંને વેર્યાં છે ઉભી વાટ જો.
કેસરને કુમકુમનાં છાંટ્યાં છાંટણાં જો;
મારો વહાલોજી પધારે તે માટ જો. અલ૦ ૨
અગર ને ચંદને લીપ્યા ઓરડા જો;
મોતીડે કંઈ પુર્યા છે ચોક જો.
મોંઘે ને મળિયાગરે લીંપ્યા લાડમાં જો;
વહાલા તમને પધરાવ્યાના ગોખ જો. અલ૦ ૩
પુલડેને સમારી વહાલાજીની સેજડી જો;
મેવા ને મીઠાઇયુંના નહીં પાર જો.
પ્રેમાનંદના સ્વામી જોવું વાટડી જો;
આવો મારા હૈડાકેરા હાર જો. અલ૦ ૪

પદ ૧૮૩૮ મું

લટકાળાજી આવો મારે લટકંતા જો;
લટકામાં લોભાણું મારું મન જો. લટકા૦ ટેક.

મરમાંરે પ્રાલીને ફુલી હું ફરું જો;
ધન્ય ધન્ય મારે આજુનો તે દન જો. લટકા૦ ૧
વાતાને આવોરે મીઠી વાંસલી જો;
ગાતાંને કે આત્રા સુંદર તાન જો.
પાડોશણુ જોવાને ઉભી બારીએ જો;
કરતા આવોને નેણાંકેરી સાન જો. લટકા૦ ૨
મારગડામાં મોહન મળવા કારણે જો;
આવીને ઉભી છે વ્રજની નાર જો.
મુખડુંરે જોઇને જાયે વારણે જો;
વહાલા તમને પેહેરાવા છે હાર જો. લટકા૦ ૩
વહાલપની વેળારે હરિ ઘેર આવજો જો;
આવીને કાંઈ ઉભા રહેજો બહાર જો.
પ્રેમાનંદના સ્વામી સુંદર શ્યામને જો;
મોતીડે વધાવું વારમવાર જો. લટકા૦ ૪

પદ ૧૮૩૯ મું

ગીરધારી આવો રે મારે ઘેર ગાજતાં જો;
મારો વહાલોજી છે શોભાના સુર જો. ગીરધા૦ ટેક.
શોભા તો જોઈ મેં સુંદર શ્યામની જો;
દુઃખડા મારાં ભાગ્યાં છે દૂર જો. ગીરધા૦ ૧
માથે રે મુગટ રે હરિને ફુલનો જો;
ફુલડાનાં પેર્યા છે સુંદર હાર જો.
ઝીણીને પછેડી શોભે ફુલની જો;
જોઇને મોહી છે નગ્રની નાર જો. ગીરધા૦ ૨
કેસરને ચંદને રે અંગ લેપન કર્યાં જો;
ચાંદલિયામાં ચોખાની છે ભાત જો.
બાજુ ને કાજુરે તોરા લટકતાં જો;
ખાંતીલાને જોયાની છે ખાંત જો. ગીરધા૦ ૩

સરખા ને શોભેરે સહુ ગોવાળિયા* જો;
ગાતા આવે હળવા હળવા ગીત જો.
પ્રેમાનંદનો સ્વામી સુંદર શ્યામળો જો;
ચોરી લે છે નરનારીનાં ચીત જો. ગીરધા૦ ૪

પદ ૧૮૪૦ મું

શેરડી એ આવે રે સુંદર શ્યામળો જો;
જોતાં આવે નગર બજાર જો. શેરડી૦ ટેક.
ઉંચીને અટારી આવી આગલે જો;
જુવે વહાલો તેને વારમવાર જો. શેરડી૦ ૧
નાગરિયું આવીને ઉભી ગોખમાં જો;
જોઇને મોહી છે શોભાધામ જો.
સાન કરી સમજાવે સુંદર શ્યામને જો;
મળવાને વ્યાપ્યો છે અતિ કામ જો. શેરડી૦ ૨
કામકળામાં સુંદર વર પરવિણ છે જો;
વહાલોજી છે અતિ ગુણવાન જો.
ફુલ દડો ઉછાળીને આકાશમાં જો;
સમજાવી છે નેણુકરી સાન જો. શેરડી૦ ૩
કોઇને હા કહી કોઇને ના કહી હેતમાં જો;
હસતાં હસતાં આવ્યા મારે ઘેર જો.
પ્રેમાનંદનો સ્વામી આજ અઢળક ઢળ્યા જો;
કીધી કીધી મુજપર ઘણી મેહેર જો. શેરડી૦ ૪

પદ ૧૮૪૧ મું—રાગ ગરબી

મારા વહાલાજી આવો રે કે કરીએ વાતલડી એ ઢાલ છે.

ગીરધર ગુણવંતા રે કે ગોઠડલી કીજે;
આવો એકાંતે રે કે આલિંગન લીજે. ૧
મનડું મારું તલખે રે કે મોહન મળવાને;
કોઇને નથી દેતી રે કે જીવન કળવાને. ૨

* "ગોવાલીડા" પાઠ છે.

આવોને ઓરા રે કે મન મારું લાગે;
મનડાંની વાતુ રે કે કહીયે તમ આગે. ૩
રસિયા રસ પાવો રે કે વહાલા પધારીને;
તમ ઉપર તનમન રે કે નાંખું વારીને. ૪
આ જીવિત મારું રે કે જીવન તમ કાજે;
કોઇથી નથી બ્હીતી રે કે લોક તણી લાજે. ૫
મેં તો જનમ ધર્યો છે રે કે તમને વરવાને;
વહાલા પ્રેમસખીના રે કે રાજી કરવાને. ૬

પદ ૧૮૪૨ મું

લટકાળા લાલચ રે કે લાગી લટકાંમાં;
સંસાર વિસાર્યો રે કે મોહન ચટકાંમાં ૧
પ્રિતલડી બંધાણી રે કે પ્રીતમ પાતળિયા;
જે દહાડાથી જાદવ રે કે હેત કરી મળિયા. ૨
મીઠી લાગેછે રે કે મુખડાંની વાણી,
મીઠું બોલીને રે કે મન લીધું તાણી. ૩
ઘરનો તે ધંધો રે કે દીઠો નવ ગમે;
મનડું તો મોહન રે કે તમ કેડે ભમે. ૪
વાટે ને ઘાટે રે કે મુખડું જોવાને;
જોતી હીંડુંછું રે કે દુઃખડું ખોવાને. ૫
ઘણે ઘણે દહાડે રે કે મળીયા અલબેલા;
વહાલા પ્રેમસખીના રે કે ન મેલું છેલા*. ૬

પદ ૧૮૪૩ મું

આનંદ વાધ્યોછે રે કે મોહનજી મળતાં;
તમ સાથે હળવે રે કે હેત કરી હળતાં. ૧
જોયું રૂપ તમારું રે કે રંગડાંના રાતા;
મનને ગુમાને રે કે મોહન છો માતા. ૨

---

* "ઢીલા" પાઠાન્તર છે.

જોબનના પુરા રે કે શૂરા સંગ્રામે;
પરનારીને મોવા રે કે ચઢિયા છો ભામે. ૩
વહાલપના વેલા રે કે ઘેલા ગોવાળા;
રંગડાના રેલા રે કે છેલા છોગાળા. ૪
મતલબના ગરજી રે કે હરજી હેતુ છો;
વ્રજનારીના જીવન રે કે સુખના સેતુ છો. ૫
માણીગર માણો રે કે જાણો પ્રિતલડી;
વહાલા પ્રેમસખીના રે કે રસની રીતલડી. ૬

પદ ૧૮૪૪ મું

આવોને વહાલા રે કે લાલા નંદતણા;
સહુને છો સોંઘા રે કે અમને મોંઘા ઘણા. ૧
પહેલી પ્રિત લગાડી રે કે પ્રિતમજી પ્યારા;
હવે નવ રહી રે કે નટવરજી ન્યારા. ૨
હું તો ચરણકમળની રે કે દાસી છું તારી;
મનગમતું કરજો રે કે ગુણવંત ગિરિધારી. ૩
હળવા રહી આવો રે કે મળવા હેત કરી;
કરના લટકાંપર રે કે વહાલમ જાઉં મરી. ૪
મોહન મોહીછું રે કે મીઠાં વેણામાં;
રંગભીના આવો રે કે રાખું નેણામાં. ૫
રસીયાજી રસ વાધ્યો રે કે રમતાં રસ રીતે;
વહાલા પ્રેમસખીના રે કે પુરવની પ્રીતે. ૬

પદ ૧૮૪૫ મું

વહાલા છેલ છબીલા રે કે છબીપર જાઉં વારી;
લાલચ મને લાગી રે કે લાડકડા તારી. ૧
બાનકમાં બંધાણી રે કે હરખે હેત કરી;
ફુલી ફરૂંછું રે કે જોવા પ્રેમભરી. ૨
મુખડાની શોભા રે કે જોઇને જીવું છું;
અધરામૃત વહાલા રે કે પ્રેમે પીવું છું. ૩

અધરબિંબ રાતા રે કે મન મારાં હરિયા;
ભ્રકુટીમાં ભાથા રે કે કામતણા ભરિયા. ૪
નેણાં અણિયાળાં રે કે નીતમ નેહ ભર્યાં;
કામણિયા મુજને રે કે કોઈ ભાંત કર્યાં. ૫
ધરણીધર વહાલા રે કે ધરના ધૂતા છો;
વહાલા પ્રેમસખીના રે કે મનમાં ખૂતા છો. ૬

પદ ૧૮૪૬ મું

મનગમતા મોહનરે કે વાત કહું વહાલા;
રસિયા રસ પીજેરે કે નાગર નંદલાલા. ૧
વહાલા તમે જાણોરે કે રસની રીતલડી;
જગજીવન જુવોરે કે મારી પ્રીતલડી. ૨
તમ અરથે જીવનરે કે જીવિત મારું છે;
આ તન ધન મારુંરે કે સરવે તમારું છે. ૩
શો ભાવ છે વહાલારે કે શું અમે કીજીયે;
દાખ્યા વિના જીવનરે કે દલમાં બ્હીજીયે. ૪
તમે ભલે પધાર્યારે કે સેજલડી મારી;
તારા મુખડાં ઉપર રે કે વહાલમ જાઉં વારી. ૫
આવોને આ ઘેર રે કે કોઇથી માં ડરજો;
વહાલા પ્રેમસખીના રે કે મન ગમતું કરજો. ૬

પદ ૧૮૪૭ મું

મુખડાંની મોહન રે કે મોહની લાગી છે;
રસિયા રસ પીવા રે કે સુરત જાગી છે. ૧
બળિયા છો બળમાંરે કે સહુથી છળિયા છો;
મારા મનડાં સાથે રે કે મોહન મળિયા છો. ૨
વહાલા કાંમકળામાં રે કે પ્રીતમ પુરા છો;
સુરત સંગ્રામે રે કે જીવન શૂરા છો. ૩
ચતુરાઈ દીઠીરે કે નટવર નેણામાં;
બહુ પેચ જણાવોરે કે વહાલમ વેણામાં. ૪

હળવા ને હળવારે કે હેતે હેરો છો;
વહાલા દરદ લગાડીરે કે દલડું ફેરો છો. ૫
જોઈ કામકળાને રે કે કંદર્પ હાર્યો છે;
વહાલા પ્રેમસખીએરે કે જનમ સુધાર્યો છે. ૬

પદ ૧૮૪૮ મું

નટવર નંદલાલારે કે વહાલા છો મુજને;
હવે નિમખ ન મેલુંરે કે જીવનજી તુજને. ૧
રસબસ મુને કીધીરે કે રસમાં રંગીલા;
અંગોઅંગ આનંદરે કે પામી અલબેલા. ૨
છો સુખની સીમારે કે ગુણવંત ગિરિધારી;
મારા ચીતમાં ચડીછેરે કે ખુમારી તારી. ૩
રંગડામાં રંગાણીરે કે રસિયાજી તારા;
હવે નહીં મેલુંરે કે વહાલમજી મારા. ૪
રાખીશું રોકીરે કે જોવા નહીં પામો;
શા સારૂં પેહેલોરે કે લગાડ્યો ભામો. ૫
જુગો જુગ મુજનેરે કે રાખજો મેણામાં;
વહાલા પ્રેમસખીનારે કે તમે રહેજો નેણામાં. ૬

પદ ૧૮૪૯ મું–રાગ ગરબી

વંદ્રાવનમાં* વહાલે વજાડી વાંસલી જો;
મંત્ર ભણીને વીંધી મારી પાંસલી જો. ૧
વહાલે વ્રેહની વજાડી બહુ જોરમાં જો;
આવી વાગી કાલજડાની કોરમાં જો. ૨
મારૂં કાલજ કોરીને બારે નિસરી જો;
હુંતો ઘાયલ થઇને સુધ વિસરી જો. ૩
મારો જીવડો તે નવ રહ્યો ધારણે જો;
હુંતો નિસરી જીવન જોવા કારણે જો. ૪

---

* "વ્રન્દાવનમાં" "વૃંદાવનમાં".

હુંતો ચાલી વંદ્રાવન વેલડી જો;
પ્રેમસખીને નાથ કીધી ઘેલડી જો. ૫

પદ ૧૮૫૦ મું

જમુનાજીમાં જાદવ દીઠા રમતા જો;
મારા મનમાં અતિ ઘણા ગમતા જો. ૧
વ્રજવાસી સખી સહુ સંગમાં જો;
રંગભીનો રમે છે બહુ રંગમાં જો. ૨
રુડા લાગે રસિયોજી ખેલતા જો;
વહાલો એક બીજાને ઠેલતા જો. ૩
બલ સબલ શ્રીદામ બહુ સુરમાં* જો;
રમે મધ્યે જમુનાજીનાં પૂરમાં જો. ૪
રમે વચમાં આવીને અલબેલડો જો;
પ્રેમસખીનો નાથ બહુ છેલડો જો. ૫

પદ ૧૮૫૧ મું

અલબેલોજી આનંદમાં દીઠડા જો;
મેં તો મગન થઇને લીધાં મીઠડાં જો. ૧
વહાલો હસતા રમતા ને હેતે ગાવતા જો;
મારા તનના તે તાપ સમાવતા જો. ૨
આમા સામા સખા સંગ ખેલમાં જો;
મંડ્યા રમવા રસિયો રંગરેલમાં જો. ૩
ઉભા જળમાં ઉછાળે જળ જોરમાં જો;
મેં તો નિરખી રાખ્યા નેણાની કોરમાં જો. ૪
જેજેકાર થાયે ને ગોપી ગાય છે જો;
પ્રેમસખીનો નાથ રુડા ન્હાય છે જો. ૫

પદ ૧૮૫૨ મું

લટકાળે લાલેજી મન લીધલાં જો;
વ્રજવાસી વહાલેજી ઘેલાં કીધલાં જો. ૧

* "શૂરમા" પાઠાન્તર છે.

વહાલો લટકાં કરે ને હરે ચીતને જો;
તાળી દેઇને ગાવે છે રુડાં ગીતને જો. ૨
વનમાળીએ વાળી રંગ રેલડી જો;
મારી બાંહડી ઝાલીને લીધી બેલડી જો. ૩
મારો સફલ જન્મ વહાલે કીધલો જો;
મેં તો પ્રેમે અમૃત રસ પીધલો જો. ૪
મનમોહન નાહીને વૃજ આવીઆ જો;
પ્રેમસખીએ મોતીડે વધાવીઆ જો. ૫

પદ ૧૮૫૩ મું–રાગ ગરબી

શોભા શી કહુંરે રુડી, વરણુન કરતાં જાયે ચીત બૂડી;
હરિવર જોયારે રંગમાં, મોહી હું તો રસિયાજીના અંગમાં. ૧
ઉદર અનુપમરે નિરખી, ઉપમા પીપલ પાનના સરખી;
ત્રિવળી સુંદરરે શોભે, જોઈ જોઈ ચિતડાં મારા લોભે. ૨
નાભી ઉંડીરે રૂપાળી, બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી;
કટિલંક જોઇનેરે મનમાં, મૃગપતિ લાજી રહ્યો મહા વનમાં. ૩
હરિયે ઉપવીતરે ધારી, મુનિના મનને આનંદકારી;
નિરખી આનંદરે પામી, આવા રુડા પ્રેમસખીના સ્વામી. ૪

પદ ૧૮૫૪ મું

હરિને નિરખ્યારે નેણે, વહાલાને વરણવું સુંદર વેણે;
શ્યામ શરીરે શોભે, અજાન બાહુ ચિતડાં લોભે. ૧
મૂરતિ ઉંચીરે વખાણું, સવાચોસઠ તસુ પરમાણું;
સુંદર શોભેરે શરીરે, પીતપટ પેહેર્યાં છે બલવીરે. ૨
ઘેરે સાદેરે ગાજે, સાંભળી મેઘ નગારાં લાજે;
હસતા આવેરે પાસે, કેસર સરખો સુગંધ શ્વાસે. ૩
કોતુહલનારે ભરિયા, જોગ કળાના પૂરણુ દરિયા;
બ્રહ્મવિદ્યાનારે સ્વામી, આવા રુડા પ્રેમસખી વર પામી. ૪

પદ ૧૮૫૫ મું

રંગનો ભીનોરે જોઈ, હરિના જુગલ ચરણપર મોહી;
સાથળ રુડારે કેવા, નિરખી મનમાં રાખ્યા જેવા. ૧
ગોળ છે જાડારે સ્વરૂપે, ઉપમા કદળી થંભની ઓપે;
શોભિત શોભારે ધામ, વ્રજવિનતાના પૂરણકામ. ૨
સુંદર શોભેરે જાનું, નિરખી ધન્ય ભાગ્ય કરી માનું;
જંઘા જુગલનેરે નિરખી, ચંદન ચરચી મનમાં હરખી. ૩
ઘુંટી અનુપમરે પાની, નિરખી મનમાં રાખું છું છાની;
એ પદ ઉરમાંરે ધારી, પુંજી પ્રેમસખી બલિહારી. ૪

પદ ૧૮૫૬ મું

ચરણ હરિનારે શોભે, જોઈ જોઈ મુનિ મન મધુકર લોભે;
છબી અલૌકીકરે ન્યારી, સોળે ચિહ્નતણી બલિહારી. ૧
મચ્છ તે મહા સુખરે આપે, ત્રિકુણ ગૌપદ દુઃખડાં કાપે;
કલશ ધનુષનેરે ધારે, વ્યોમ તે તાપ હૈયાના ઠારે. ૨
અર્ધ ચંદ્ર ઉગ્યોરે ભારી, સ્વસ્તિ અષ્ટકુણ મંગલકારી;
જવને જાંબુરે વિરાજે, વજ્ર ધ્વજ અંકુશ અતિ છાજે. ૩
અંબુજ શોભારે સારી, લાગે ઊર્ધ્વરેખા અતિ પ્યારી;
શુક જેવા જોગીરે વિચારે, નિત્ય ઉઠી પ્રેમસખી ઊર ધારે. ૪

પદ ૧૮૫૭ મું

એ ચરણનારે ભોગી, શિવ સનકાદિક શુક જેવા જોગી;
મનમાં વિચારેરે પ્રીતે, તેણે કરી કામાદિક રિપુ જીતે. ૧
ધ્યાનમાં નખમણીરે દેખે, ઝીણી આંગલીયુંની રેખે;
જોવે ચિહ્ન જમણેરે અંગુઠે, બીજે નવ રાચે ભામે જુઠે. ૨
ઋષિગણ પુજેરે આનંદે, ભવ બ્રહ્માદિક નિત્ય ઉઠી વંદે;
શેષ સંભારે મનમાં, પૂજે ગોવાળ વૃંદાવનમાં. ૩
કુચ ને કુમકુમરે સમારી, ઊરપર રાખે વ્રજની નારી;
ઉપનિષદનોરે સાર, પ્રેમસખી કરી રાખે ઊર હાર. ૪

પદ ૧૮૫૮ મું

સુંદર શોભેરે રસિયો, વહાલો મારા હૃદયકમળમાં વસિયો;
રૂપ અલૌકીકરે જોઈ, ઉપમા તોલે ના આવે કોઈ. ૧
નિત્ય ઉઠી નારદરે ગાવે, શેષ સહસ્ર મુખ પાર ન પાવે;
શ્રીનારાયણરે સ્વામી, હું તો એ જોઇને આનંદ પામી. ૨
નખશિખ શોભારે વખાણી, સુફલ કરું છું મારી વાણી;
અંગો અંગનેરે ગાવું, હવે હું પાછી ભવમાં નાવું. ૩
હવે હું તો થઈ છુંરે માતી, હરિના ગુણ સાગરમાં ન્હાતી;
વહાલે મને ઝાલીરે હાથે, રસિયે પ્રેમસખીને નાથે. ૪

પદ ૧૮૫૯ મું–રાગ ગરબી

વંદુ પુરુષોત્તમ પરબ્રહ્મ અનાદિ દેવનેરે લોલ;
જેની દેવ દાનવ મુનિ વૃંદ કરે નિત્ય સેવનેરે લોલ. ૧
વંદુ કૃષ્ન કમળદળ નેણ સકળ સુખધામનેરે લોલ;
વંદુ ગોલોકપતિ રાય તે જ્યોતિથી શ્યામનેરે લોલ. ૨
વંદુ સકળ કળા ગુણ ધામ જગત આધારનેરે લોલ;
ગાવે શારદ નારદ શેષ લહે નહિં પારનેરે લોલ. ૩
વંદુ અક્ષરબ્રહ્મ આધાર કે ધર્મ નિવાસનેરે લોલ;
વંદુ પ્રેરક માયા કાળ સકળ ભયનાશનેરે લોલ. ૪
માંગુ કરજોડીને નાથ કે વાણી પ્રકાશનેરે લોલ;
ગાવું સુંદર કૃષ્ન સ્વરૂપ હરખ અતિ દાસનેરે લોલ. ૫
વર્ણવું નખશિખ રૂપ અનૂપ હરિ ચરણે નમીરે લોલ;
આપો પ્રેમસખીના નાથ કે બુદ્ધિ અનુપમીરે લોલ. ૬

પદ ૧૮૬૦ મું

વરણવું પૂરણ બ્રહ્મ દયાલ નારાયણ મૂરતિરે લોલ;
મોહન કોટિક શોભાધામ નહિ મેલું ઉરતીરે લોલ. ૧
શોભે સુંદર શ્યામ શરિર હરિ હસી હેરતારે લોલ;
સુંદર કમળની માળા નાથ હાથમાં ફેરતારે લોલ. ૨

શોભે સુંદર ભાલ વિશાળ લલિત રેખાવળીરે લોલ;
જોતાં લોચન ત્રપત ન થાય કે જાયે ચિતડું ચળીરે લોલ. ૩
સુંદર ઝીણા નૌતમ કુટિલ અકળના કેશછેરે લોલ;
બાંધી પાઘ મનોહર શિશ કે નટવર વેશછેરે લોલ. ૪
પ્રફુલિત પંકજ સરખા વિશાલ મનોહર નેણ છેરે લોલ;
રુડાં અમૃત સરખાં રસાલ કે મીઠાં વેણ છેરે લોલ. ૫
ભ્રકુટી કુટિલ કટાક્ષને બાણ કે કાલજ કોરતારે લોલ;
શોભે પ્રેમસખીનો નાથ કે, ચિતડા ચોરતારે લોલ. ૬

પદ ૧૮૬૧ મું

શોભા પુરણ ચંદ્ર સમાન કે મોહન મુખતણીરે લોલ;
નિરખી મુનિજન વૃંદ ચકોર પ્રિત અતિશય ઘણીરે લોલ. ૧
શોભે સુંદર લાલ કપોલ મનોહર ગાલ છેરે લોલ;
હરિનું કેસર ચંદને ચરચિત રુડું ભાલ છેરે લોલ. ૨
નાસા શોભીત મુનિ મન લોભીત છે બલવીરનીરે લોલ;
કવિયે સરવે ખોળીને આપી ઉપમા કીરનીરે લોલ. ૩
શોભે અધરબિંબ અતિસાર પાન બીડી ચાવતારે લોલ;
વ્રજવિનતાના જીવન પ્રાણ કે તાપ સમાવતારે લોલ. ૪
શોભે સુંદર બતરીશ દાંત કે જાણે કુંદ કળીરે લોલ;
ચોર્યા કેઈ કેરા ચિત્ત કે હસતા લળી લળીરે લોલ. ૫
સુંદર શંખ સરીખો કોટ રૂડી રેખાવળીરે લોલ;
વારે પ્રેમસખી લેઈ પ્રાણ હરિને મળી મળીરે લોલ. ૬

પદ ૧૮૬૨ મું

નારાયણ પુરષોત્તમ દેવ કે શોભાધામ છેરે લોલ;
પ્રગટ્યા ભક્તતણા મનરંજન પુરણકામ છેરે લોલ. ૧
શોભે ભુજા યુગલ સુખરૂપ વિપુલ વિલસી રહીરે લોલ;
કવિએ ઉપમા હસ્તિ સુંડ કમળ ડંડની કહીરે લોલ. ૨
કરમાં સારંગ ચાંપના ચિહ્ન તેણે અતિ શોભતારે લોલ;
જાણે કઠિન કુરમની પીઠકે મુનિ મન લોભતારે લોલ. ૩

ઝીણી આંગાળયુંની રેખા નખમણિ લાલ છેરે લોલ;
લાજે ઐરાવત કલહંસ એવી રુડી ચાલ છેરે લોલ. ૪
એવી ભુજા અનુપમ સાર કે શોભે શ્યામનીરે લોલ;
ચુંબન કરવા તલખે નિશદિન વ્રજની ભામનીરે લોલ. ૫
નિરખી ઉન્નત હૃદય વિશાળ કે દુઃખ સરવે ટળ્યારે લોલ;
આવા રુડા પ્રેમસખીનો નાથ કે મુજને ભલે મળ્યારે લોલ. ૬

પદ ૧૮૬૩ મું–રાગ ગરબી

મારા વહાલાને રાખ્યા મોલા માંઇરે;*
ધુતારી નારને શું કહીયે. મારા૦
રસિયા રાજેન્દ્રને રાખ્યા મોલા માંઇરે;
ધુતારી નારને શું કહીયે. મારા૦ ટેક.
સખી કાગળિયાં કીધાંરે મારા નાથને;
વશ કીધલા જીવન જાદવરાયરે. ધુતારી૦
સખી શુંરે ખવરાવ્યું બીડી પાનમાં;
સુધ ભુલાવીને રાખ્યા માંહ્યરે. ધુતારી૦ ૧
સખી મોહનજીનારે ચીત ચોરિયાં;
અણિયાળા નેણુંકેરી સાનરે. ધુતારી૦
સખી વાલપ દેખાડી રુડાં વેણુની;
બોલી મરમ રીઝવી રાખ્યા કહાનરે. ધુતારી૦ ૨
સખી પ્રીતડી જોઇને મોહ્યા વહાલમો;
રંગભીનો રાચ્યા એને રંગરે. ધુતારી૦
સખી શામળિયે વિસાર્યાં વ્રજ સાથને;
મરમાળાને ગમ્યો એનો સંગરે. ધુતારી૦ ૩
સખી રસિયો રિઝ્યારે એના ગુણમાં;
ગુણવંતીને ગમ્યા દીનોનાથરે. ધુતારી૦
સખી પ્રેમસખી જાયે વારણે;
અલબેલો આવે મારે હાથરે. ધુતારી૦ ૪

* "મહોલા માંહીરે" મેહેલમાં.

પદ ૧૮૬૪ મું

મારા રસિયા વાલમને ભરમાવ્યોરે;
નેણુનો પાણી લાગણો. મારા૦
રંગભીના રાજેન્દ્રને ભરમાવ્યોરે;
નેણુનો પાણી લાગણો. મારા૦ ટેક.
સખી વાલપ ઘણીરે એના વેણુમાં;
મરમાળા આંખડળીના ભાવરે. નેણુનો૦
સખી કામકળામાં ચતુરાઈ ઘણી;
મનગમતા ભોળા મારા નાવરે. નેણુનો૦ ૧
સખી જાતાં વળતાંરે મળતા શેરીએ;
બોલી મરમ હસતા દીનોનાથરે. નેણુનો૦
સખી મંદિર તજ્યાં ને તોડી પ્રીતડી;
નેહ લાગ્યો ધુતારીને સાથરે. નેણુનો૦ ૨
સખી એ દુઃખે દાઝે મારી છાતડી;
મન રહે છે સદાયે ઉદાસરે. નેણુનો૦
સખી કેને કહીએરે વાત દુઃખની;
રસિયોજી રહ્યા તેને વાસરે. નેણુનો૦ ૩
સખી મળવાને મન તલખે ઘણું;
જોવાને તલખે મારાં નેણુરે. નેણુનો૦
સખી પ્રેમસખી જાયે વારણે;
થાયે મીટ્યે મેળાવો સેણુરે. નેણુનો૦ ૪

પદ ૧૮૬૫ મું–રાગ ગરબી

સખીરે સાંભળ વારતા કહું એક આજની;
સખીરે જોઈ સુંદર શોભા વ્રજરાજની. ૧
સખીરે હુતો વેલેરી ઉઠીને ઉભી શેરીએ;
સખીરે જાણું રસીક સુંદર મુખ હેરીએ. ૨
સખીરે મેંતો શેરીએ દીઠા ન શ્યામને;
સખીરે ગઈ નંદજીને ઘેર મેલી કામને. ૩

સખીરે નંદજીને ઘેર જોઇને પાછી વળી;
સખીરે મારી પાડોશણુ મુજને સામી મળી. ૪
સખીરે મુને પુછ્યું બોન કહોને આજ કેમ છે;
સખીરે મારે હરિ મુખ જોયાનું નેમ છે. ૫
સખીરે હુંતો ગઇતી જોવાને મોહન મીઠડા;
સખીરે પ્રેમસખીનો નાથ નવ દીઠડા. ૬

પદ ૧૮૬૬ મું

સખીરે મારી પાડોશણેં કહી વાત કાનમાં;
સખીરે મને હળવે સમજાવી વાત સાનમાં. ૧
સખીરે હેત કરીને કહી વાત વહાલની;
સખીરે મને ભાળ આપી નંદલાલની. ૨
સખીરે મારો જીવડો તે ના રહ્યો ધારણે;
સખીરે હુંતો નિસરી જીવન જોવા કારણે. ૩
સખીરે હું તો ચાલી વૃંદાવન વાટડી;
સખીરે મારે ઓઢણુ છે પીળી ઘાટડી. ૪
સખીરે મીષ મહી વેચવાનું કીધલું;
સખીરે મનમોહન જોયાનું નેમ લીધલું ૫
સખીરે પાછી માધવ જોયા વીના નહી વળું;
સખીરે પ્રેમસખીના નાથને નિશ્ચે મળું. ૬

પદ ૧૮૬૭ મુ

સખીરે હું તો ચાલી આવી વદાવનમાં;
સખીરે જોવા આનંદ થાએ છે મારા મનમાં. ૧
સખીરે મેં તો સાંભળી વહાલાની વંશી બોલતી;
સખીરે હું તો ચાલી સામી વેહેલી ડોલતી. ૨
સખીરે મેં તો શોભા જોઈ જમુના તીરની;
સખીરે રૂડી કુંજ ગલી છેવા નીરની.* ૩

* "છે વાનીરની" બે પ્રતમાં આ બે રીતે છે પણ અર્થ એકમાં સ્પષ્ટ નથી.

સખીરે હું તો રાસ રમણુ શોભા જોઇને;
સખીરે હું તો આનંદ પામી રહી મોહીને. ૪
સખીરે જેનું ક્રિડા નિરંજીત* વિશ્વ નામ છે;
સખીરે એતો તેને રહ્યાનું ધામ છે. ૫
સખીરે પ્રેમસખીનો નાથ ત્યાં દીઠડા;
સખીરે મેં તો ધાઇને લીધા વહાલાના મીઠડાં. ૬

પદ ૧૮૬૮ મું

સખીરે શ્યામ સુંદર સ્વરૂપ રૂપ જોઇને;
સખીરે હું તો મગન થઈ ગઈ છું મોહીને. ૧
સખીરે મનમોહન અનુપ રૂપ કીધલું;
સખીરે ચીત કંઈતણું ચોરી લીધલું. ૨
સખીરે જોયા નેણા ભરી ગિરિધારીને;
સખીરે કામ કોટિક નાંખીયે વારી વારીને. ૩
સખીરે શોભ્યા કંદર્પ તણો માન મોડતા;
સખીરે મારા મનડાં સાથે પ્રિત જોડતા. ૪
સખીરે મને કહેતાં ન આવે એવી ઉપમા;
સખીરે કંઇક ભૂલ્યા જાઈ એના રૂપમાં. ૫
સખીરે પ્રેમ સખીના નાથની મૂરતિ;
સખીરે જાણે ઘડીયે ન મેલીયેં ઉરતી. ૬

પદ ૧૮૬૯ મું

સખીરે શ્યામ સુંદર રમે છે પ્રેમ રંગમાં;
સખીરે ચંદન લેપન કર્યાં છે સર્વ અંગમાં. ૧
સખીરે જાણે શંકર આવ્યા વિભૂત ધારીને;
સખીરે તાંડવ નાચતાં† આનંદ ત્રિપુરારીને. ૨
સખીરે વિષવેલીના પેહેર્યા છે હાર કોટમાં;
સખીરે મોહ પામીને ઉભો છે કામ ઓટમાં. ૩

* "નિરંજન" પાઠ પણ છે. † "નાચવા" પાઠાન્તર છે.

સખીરે જાણે શંકરે ધાર્યો ભોયંગ રાજને;
સખીરે માર આવ્યો છે લેવા શંભુની લાજને. ૪
સખીરે કંઠે શોભે છે કમળ દળ શ્યામને;
સખીરે હુંતો વારી જાઉં નીલકંઠ નામને. ૫
સખીરે પ્રેમસખીના નાથની શોભા બણી;
સખીરે જોઈ દીન થયો છે રતિનો ધણી. ૬

પદ ૧૮૭૦ મું

સખીરે મનમોહન શોભે છે વ્રજ આવતા;
સખીરે વ્રજવિનતાના ચીત લલચાવતા. ૧
સખીરે નવઘનની શોભા છે શ્યામ તનમાં;
સખીરે વ્રજસુંદરી આનંદ જોઈ મનમાં. ૨
સખીરે વનમાળા શોભે છે શ્યામ અંગમાં;
સખીરે જાણે ઈંદ્રિ તાણ્યું ધનુષ્ય રંગમાં. ૩
સખીરે જાણે ચમકે પીતાંબર દામિની;
સખીરે જોઈ આનંદ થાયે છે વ્રજભામિની. ૪
સખીરે આવે મોરલી મધુરી શી વગાડતા;
સખીરે મોર દાદુર ચાતુકને જીવાડતા. ૫
સખીરે આવે સુંદર કમળ કર ફેરતા;
સખીરે પ્રેમસખીને નેણા ભરી હેરતા. ૬

પદ ૧૮૭૧ મું–રાગ ગરબી

હાંરે નંદાજીના હો લાલ વહાલા મારે ઘેર તમે આવજો; હાંરે૦ ટેક.
પેહેરી પીતાંબર પ્રેમસું, વલી રૈટા રંગ સોરંગ;
શોભા કોટિક કામની, તમે ધરજો અંગો અંગ. નંદા૦ ૧
મોતી માળા કોટમાં ને, હેમ કડાં બેઉ હાથ;
શિવ બ્રહ્માદિક સરખા જોઈ, રાજી થાશે નાથ. નંદા૦ ૨
વહાલા માથડે મુગટ ફુલનો, પેહેરો ફુલડાં કેરા હાર;
જીવન તમને જોઇને, મોહી જાશે નગ્રની નાર. નંદા૦ ૩

કંદર્પ કોટિક વારણે, એવી ધરજો શોભા સ્યામ;
પ્રેમસખી કહે ઊરમાં હું તો, રાખીશ આઠો જામ. નંદા૦ ૪

પદ ૧૮૭૨ મું

હાંરે મરમાળા હો માવ, સાંભળો તમને શિખવું રીતડી; હાંરે૦ ટેક.
ગોવિંદ ગાજતે વાજતે, તમે આવજો મારે ઘેર;
પાડ પાડોશી ગામનાં, મર જાણે બાધું શેહેર. મર૦ ૧
મંદિરમાંથી પાંસરા વહાલા, આવજો માણેક ચોક;
સામી ઉંચી મેડીયે, વહાલા રેહેછે મારી શોક. મર૦ ૨
જોશે આવી ગોખમાં, તમને રસિયા વારમવાર;
કામણગારા નેણનાં, તમે મારજો બાણ હજાર. મર૦ ૩
આકળા થાજો મા વહાલમાં, ઉભા રહેજો એને બાર;
પ્રેમસખી કહે સાનમાં, એને મનવજો તમે હાર. મર૦ ૪

પદ ૧૮૭૩ મું

હાંરે કામણગારા હો કહાન, સારી પેઠે સાનમાં સમજાવજો; હાંરે૦ ટેક.
નવછંદી છે નાથજી, વળી ધુતારી ગુણવાન;
એની આંખડળીના પેચમાં, તમે છેતરાજો મા કહાન. કામ૦ ૧
આંખડી છે અણિયાળિયું, તેની રાખજો મા તમે બ્હીક;
કમળનેણ કોરાં રાખતાં, એને કરજો ઠીકા ઠીક. કામ૦ ૨
મોહન તમને પુછશે, ક્યાં જાઓ છો સુંદર શ્યામ;
જીવન એને આગલે, તમે લેજો મારું નામ. કામ૦ ૩
હું આવીશ જોવા જાદવા, મિષે ભરવા પાણી હેલ;
પ્રેમસખી સામું જોઇને, તમે વાળજો રંગની રેલ. કામ૦ ૪

પદ ૧૮૭૪ મું

હારે ગુણવંતા ગોવિંદ, હસતા આવો મોહન મારી શેરીએ; હાંરે૦ ટેક.
મોહન મોરલી વાઇને, વહાલા ગાઇને સુંદર ગીત;
આંખડળીના ભાવમાં, ચોરી લાવજો એનું ચીત. ગુણ૦ ૧
અગાસીમાં આવીને, હું કરીશ જીવન સાન;
મારી પાડોશણને આંગણે, એક ગાજો મીઠી તાન. ગુણ૦ ૨

હળવા હળવા હેતમાં વહાલા, આવજો મારે બાર;
થાળ ભરી સગ મોતીડે, વધાવીશ વારમવાર. ગુણું૦ ૩
સુંદર ફુલની સેજમાં, પધરાવીશ હું એકાંત;
પ્રેમસખી કહે રસિયા સર્વે, પુરીશ મનની ખાંત. ગુણું૦ ૪

પદ ૧૮૭૫ મું–રાગ ગરબી*

હો રંગભીના રસિલા મોહનજી, આવી શાને કરો છો આળ;
હો રંગભીના હો રસિલા મોહનજી. હો રંગ૦ ટેક.
આવી બાઝો મા રહોને વેગળા, નહીં તો ખાશો મુખડાની ગાળ. હો રંગ૦ ૧
કેમ ઉભા છો મારગ રોકીને, ચાલ્યા જાઓને પોતાની વાટ; હો રંગ૦
વળી જોર જણાવો છો જાદવા, હાથ નાખો છો મહીને માટ. હો રંગ૦ ૨
કેની છેડ ન કીજે કાનુડા, તમે ડાહ્યા છો નંદલાલ; હો રંગ૦
ફેલ કરો કહ્યું તમે નહિ માનો, તો† પુરીશ કોડ હું કાલ. હો રંગ૦ ૩
ધુતારા છો તમને જાણીએ, છો બાલપણાના ચોર; હો રંગ૦
પુરા છો ગુણના ગોવિંદજી, હવે કરશું પાંસરા દોર. હો રંગ૦ ૪
એવા લાડ ન કીજે લાડકડા, વહાલા છો જાણ સુજાણ; હો રંગ૦
હવે નાના નથી મનમોહનજી, છો પ્રેમસખીના પ્રાણ. હો રંગ૦ ૫

પદ ૧૮૭૬ મું

હો અલબેલી ગોવાલની ગોકુલની રંગભીની સુંદર નાર; હો અ૦ ટેક.
આવો મરડ દેખાડે છે મુખનો, તરુણી તન અતિ સુકુમાર; હો અ૦
બોલે કઠિણ વચન અતિ મરમાળા, આખર ગુર્જર જાત ગમાર. હો અ૦ ૧
આજ આવી મારા લાગમાં, રોકીશું સર્વે સાથ; હો અ૦
અલી દહાડી તું દાણ ચોરી જાતી, ઘણે દહાડે આવી છું હાથ. હો અ૦ ૨
શું છે નામ તારું તારા બાપનું, તારા મનમાં છે ઝાઝો દોડ; હો અ૦
ઉભી રહેને થા માં આકળી, પુરા કરીશું તારા કોડ. હો અ૦ ૩
શુંરે જોર જણાવે છે નેણમાં, નાંખે છે કટાક્ષના બાણ; હો અ૦
એમ બાળક નહીં બ્હીઢ જાશું, મુકીયે ન લીધા વીના દાણ. હો અ૦ ૪

---

* આ અષ્ટક છે પરંતુ ત્રણે પ્રતમાં તેના પહેલા પદમાં એક કડી, બીજા પદમાં એક બોળ, અને છઠ્ઠામાં એક કડી ઓછા છે. † "જાઓ" પાઠાન્તર છે.
‡ "એમ બાળક નહિ અમે બ્હીી જાશું" પાઠાન્તર છે.

રોકીશું જાવા નહીં દઇયે, કરીશું વનમાં હેરાન; હો અ૦
કહે પ્રેમસખીનો વાલમો, પાવો ગોરસ મેલીને માન. હો અ૦ ૫

પદ ૧૮૭૭ મું

હો ધુતારા આહીરના ગીરધરજી, ઘેલું શું બોલો ગોવાળ; હો ધુ૦ ટેક.
વહાલા નિર્લજ સરખા બોલો છો, ખાવાને ઇચ્છો છો ગાળ. હો ધુ૦ ૧
કે દહાડાના કહાનજી, કહોને કેદી લીધું અલબેલ; હો ધુ૦
આવ્યા દાણી થઈ દાણ લેવાને, નથી લાજ તારે છેલ. હો ધુ૦ ૨
ઝાઝું બોલો માં તમને જાણીયે, આવા મોટા થયા અમો માંહ્ય; હો ધુ૦
વહાલા મોટા કીધા છાછ પાઇને, રાખ્યા છે ચારવા ગાય. હો ધુ૦ ૩
હવે શિખ્યા છો મારગ બાંધવા, વનમાં રોકો છો પરનાર; હો ધુ૦
વહાલા નીતનીત હેરો છો હેરણા, રંગભીના નંદકુમાર. હો ધુ૦ ૪
તમને ખબર નથી બીજા મરમની, શું જોઇને ફુલો છો આપ; હો ધુ૦
અમને ખબર છે છાની વાતની, જાણું છું તમારે બે બાપ. હો ધુ૦ ૫
ગોરા નંદ જશોદા બેઉ જણ, તમે કાળા કાનુડા નામ; હો ધુ૦
એવું જાણીને છેડ ન કીજીયે, વહાલા પ્રેમસખીના શ્યામ. હો ધુ૦ ૬

પદ ૧૮૭૮ મું

હો મહિયારી ધુતારી જુઠા બોલી, ભખુભાણ તણી કુમારી; હો મહિ૦ ટેક.
શું જાણે અમારી વાતમાં, તું છો છાશ તણી વેચનારી. હો મહિ૦ ૧
આલી નવ લખ ધેન નંદજીને, તેની ગોવાળ પુરે છે શાખ; હો મહિ૦
ભખુભાણ અમારો ચાકર છે, તું જેવી લૌંડીયું લાખ. હો મહિ૦ ૨
અમે રાજા તે ગોકુલ ગામના, આ ઘાટ તણા અમે દાણી; હો મહિ૦
તુંતો છોડી અમારા ગુર્જરની, તારી માતા ભરે છે પાણી. હો મહિ૦ ૩
અમારું ખાઇને જીવોછો, કરો છો અમારું કામ; હો મહિ૦
અલી શું મુખ લઇને બોલે છે, છોડી રાધિકા તારું નામ. હો મહિ૦ ૪
શું જાણે તું અમને ગુર્જરી, મારી બ્હીકે ફાટી મરે કંસ; હો મહિ૦
કોઈ વેર કરે આલી અમ સાથે, કાઢી નાંખું હું તેનો વંશ. હો મહિ૦ ૫
ગોરસડાં કાજે ગોવિંદે, ઝાલ્યો રાધાનો હાથ; હો મહિ૦
ખોલો ઘુંઘટ પાવોને મહિયારી, કહે પ્રેમસખીનો નાથ. હો મહિ૦ ૬

પદ ૧૮૭૯ મું

હો મોહનજી ધુતારા કાનુડા, કામણગારા ઠગારા છેલ; હો મો૦ ટેક.
રહેને વેગળો તુજને વારુ છું, ફાટલ્યું* કેમ બોલે છે ફેલ. હો મો૦ ૧
નાનકડો જરા નવ લાજતો, ગાજતો ગોવાળાને જોર; હો મો૦
શ્યાને ફેલ કરે રહેને પાંસરો, વિણીને ખાને તું વનમાં બોર. હો મો૦ ૨
તારે નવ લખ ધેન તે જાણીએ, તારા ઘરમાં છે ઝાઝું ધન; હો મો૦
અલ્યા શાને ઘરેણાં નથી પેહેરતો, મહીડા જોઈ કેમ લળકે છે મન. હો મો૦ ૩
અલ્યા મહીડા વેચ્યાની શી લાજ છે, જાણ્યા વિના ન બોલીએ લાલ;†હો મો૦
જોઇ આવો પોતાની માતાને, મહી વેચતા પડી છે ટાળ. હો મો૦ ૪
અલ્યા મથુરા મેલી શ્યા કારણે, કેમ નાશી આવ્યો અરધી રાત; હો મો૦
અલ્યા આવીને ઉગર્યો છું ગોકુલમાં, તે કેમ ભુલી ગયો વાત. હો મો૦ ૫
વહાલા સાચું કહેતા દુઃખ લાગશે, કેમ પરણ્યા નહિ કુલવંતી નાર; હો મો૦
હવે જો જો રખે કોઇનું ઘર ઘાલો, વહાલા પ્રેમસખીના યાર. હો મો૦ ૬

પદ ૧૮૮૦ મું

હો ગોરસડાં વાલી ગોવાલણી, અલી દીસે છે ઘણી રીસાળ; હો ગોર૦ ટેક.
અલી મહી વેચવા શ્યાને નીસરી, મીઠા બોલી ઘણી મરમાળ. હો ગો૦ ૧
અલી જોબન ગર્વ ન કીજીયે, માનની સમજો મનમાંહ્ય; હો ગો૦
ચાલે મલપતી બોલે છે મરડમાં, હાથ આવી છું વનમાંહ્ય. હો ગો૦ ૨
હાથ જોડો ગોરસ મેલીને, છેટાથી લાગો પાયે; હો ગો૦
અલી બાંધી તે મુઠી લાખની, ઉઘાડીયે તો પત જાયે. હો ગો૦ ૩
અમે અડીયે નહો તમને ગુજરી, તમે છો શૂદ્ર અશુચિ નાર; હો ગો૦
અલી છેટે રહો પડછાયો પાડશો, અમે કહેવાઇએ બ્રહ્મચાર. હો ગો૦ ૪
અલી મહીડા પીધાની ઇચ્છા ઘણી, પીવાં ગોરસડાપર ભાવ; હો ગો૦
ફીકું લાગે તો પાછું આપશું, માંગે પ્રેમસખીનો નાવ. હો ગો૦ ૫

પદ ૧૮૮૧ મું

હો અલબેલા હઠીલા ગોવિંદજી, પાલવડો મેલો નંદલાલ; હો અ૦ ટેક.
જાવા દો પ્રીતમ પાતળિયા, આવીશું જીવન કાલ. હો અ૦ ૧

---

* "ફાટચું" પાઠ પણ ગાય છે. † "ગાલ" પાઠાન્તર છે. 'ગાલ' કચ્છીઓ ગાય છે, તેનો અર્થ 'વાત' થાય છે.

શો ભાર છે વહાલા ગોરસનો, તમે પીયો તેટલું પાત; હો અ૦
વહાલા વચને તે વેર વધી ગયું, કીધી કઠણુ વચનની ઘાત. હો અ૦ ૨
પીયો પ્રીતશું ગીરધર રંગીલા, મુકો મોહનજી વિખવાદ; હો અ૦
જીવન રસની રીતલડી, મીઠી મેલવણીનો સ્વાદ. હો અ૦ ૩
કહ્યા કઠણુ વચન અમે પ્રીતમજી, તેનો રોષ માં રાખજો સ્યામ; હો અ૦
અપરાધ ક્ષમા કરો વહાલમજી, વહાલા તમને તે મારા સમ. હો અ૦ ૪
હવે કૃપા કરો જગજીવનજી, હમે ચરણુકમલની દાસ; હો અ૦
વહાલમજી વહાલ વધારોને, રાખોને તમારે પાસ. હો અ૦ ૫
પાવો પ્રેમ અધર રસ પાતળિયા, લાડીલા નંદકુમાર; હો અ૦
રંગ રેલ કરો જગજીવનજી, આપો પ્રેમસખીને હાર. હો અ૦ ૬

પદ ૧૮૮૨ મું

હો જીવનજી પ્રીતમ પાતળિયા, વહાલા છો નંદકુમાર; હો જી૦ ટેક.
હવે પ્રાણુજીવન કેમ વિસરો, કરી રાખું હૈયાનો હાર. હો જી૦ ૧
તમે સર્વસ મારે મોહનજી, તમથી વહાલું નહી કોઈ; હો જી૦
તમ કારણુ રહી છું ગોકુલમાં, જીવું છું જીવન જોઈ. હો જી૦ ૨
તમને છેડું છું જીવન જાણીને, મોહન લટકાળા માવ; હો જી૦
રોકો મારગ બોલો છો લાડમા, મારે સાંભળવાનો ભાવ. હો જી૦ ૩
શો ભાર છે વહાલા ગોરસનો, મારા લાડકડા અલબેલ; હો જી૦
માગો પ્રાણુ તો આપુ પ્રીતમજી, વારી નાંખુ ગોરસડાની હેલ. હો જી૦ ૪
લટકંતા આવો છો વહાલમજી, માંગો છો મહીડાનાં દાણુ; હો જી૦
ઉપરથી બોલું છું મરડમાં, અંતરમાં વારુ છું પ્રાણુ. હો જી૦ ૫
ગોરસડાં પાઈ ગોવિંદને, ગોવાલણી લાગે છે પાય; હો જી૦
જોઈ રસીકજીવન ઉરમાં ધારી, દાણુ લીલા પ્રેમસખી ગાય. હો જી૦ ૬

પદ ૧૮૮૩ મું–રાગ ગરબી

મારા આવો સુંદર સ્યામ રે પુછું વાતલડી;
ક્યાં જીત્યા ચતુર સંગ્રામ રે રંગભર રાતલડી. ૧
ક્યાં કીધાં અધરરસ પાન રે રસિયા રંગ રમતા;
કુણુ મળી ચતુર એવી કહાન રે થયા હરિ મન ગમતા. ૨

કેઈ રીતે કીધાં સનમાન રે ચતુરવર પાતળિયા;
કેમ વણ્યાં રસિક એવાં વાન રે સુંદર શામળિયા. ૩
કેઈ રીતે દેખાડ્યા દાવ રે વહાલપ વેણુમાં;
કેઈ રીતનાં કીધાં હરિ ભાવ રે સુંદર નેણુમાં. ૪
કેઈ રીતની સમજાવી સાન રે હસી લીધી તાળી;
તે સાનમાં થયા છો ગુલતાન રે મોહન વનમાળી. ૫
કેઈ રીતે મટયા સર્વે ખેદ રે મોહન મરમાળા;
પ્રેમસખી પુછે એ ભેદ રે છેલવર છોગાળા. ૬

પદ ૧૮૮૪ મું

રસિયાજી કહોને રસ રીત રે મોહન ગિરિધારી;
વાલમ ક્યાં વધારી પ્રીત રે છબીપર જાઉં વારી. ૧
ખોટું બોલશો તો જાશે લાજ રે મોહન રંગ રસિયા;
ક્યાં સાર્યાં ગુણવંત કાજ રે કેને મંદિર વસિયા. ૨
ક્યાં થયા મોહન ચકચૂર રે આલસડું અંગે;
ક્યાં લુંટાણુા આજ સુર રે લાલ કેને સંગે. ૩
ક્યાં ચોળાણું નંદલાલ રે સુખની સેજડીયે;
કેણે ભીડ્યા ભુજ ભરી વહાલ રે અમૃતની ઝડીયે. ૪
ક્યાં લુંટતાં સેજડલીનાં સુખ રે મનોહર મન ગમતાં;
તે આનંદ આવી રહ્યો મુખ રે રસિયા રંગ રમતાં. ૫
ક્યાં પુરણુ કીધી સર્વે ખાંત રે મોહન અલબેલા;
પ્રેમસખી પુછે એકાંત રે સુંદર વર છેલા. ૬

પદ ૧૮૮૫ મું

સાચું બોલો ચતુર વર કહાન રે નટવર નંદલાલા;
ક્યાં પલટાવ્યાં એવાં વાન રે રસિક જનના વહાલા. ૧
છો જીવન જોબન ભરપુર રે મોહન ગીરધારી;
છો દિસંતા મહાસુર રે ગતિ ગયા કેમ હારી. ૨
રસિયાજી શું ઓઢ્યું છે અંગ રે મોહન અલબેલા;
આવા હાલ થયા છે કેને સંગ રે સુંદરવર છેલા. ૩

આ ચુનડી તે કેની ઓઢી આવ્યા રે પીતાંબર ક્યાં ભૂલ્યા;
વહાલા મોરલીને સાટે વેલણુ લાવ્યા રે પ્રેમમાં ક્યાં ડૂલ્યાં. ૪
રહ્યા તિલક અધુરાં ભાલ રે લડથડતાં વેણું;
રુડી રેખા કાજલની ગાલ રે નિંદ ભર્યાં નેણું. ૫
જોઈ રૂપ તમારું નાથ રે મગન થઈ વ્રજનારી;
પ્રેમસખી પુછે જોડી હાથ રે છબીપર જાયે વારી. ૬

પદ ૧૮૮૬ મું

સુંદર વર બોલ્યા નાથ રે સાંભળો વ્રજનારી;
થયો તમને પુછ્યાનો ભાવ રે વાત કહું વિસ્તારી. ૧
ગાયું ચારવા ગયોતો કાલ રે મહાવનમાં જઇને;
આ તિલક કર્યાં છે ભાલ રે વેલેરે નેને.* ૨
કરી કેસર ચંદનની આડ રે ચાંદલે કસ્તુરી;
થઈ તમને પુછ્યાની ચાડ રે વાત કરું છું પુરી. ૩
થયો મહા વનમાં બહુ ધામ રે જળ આવ્યાં ભાલે;
ચોળાયો ચાંદલો શ્યામ રે હાથ લાગો ગાલે. ૪
હુંતો ગયો અલી વનમાં સોઇ રે પીતાંબર વિસારી;
એક આવી તમ માંહેલી કોઇ રે ચોરી ગઈ ધુતારી. ૫
મેંતો ચુનડી ક્યાં ઓઢી છે ગોરી રે બોલો છો શું ઘેલી;
મારે માથે નાખો ઠાલી ચોરી રે લોક લાજને મેલી. ૬
આ વેલણુ ક્યાં છે રંગ્યો છે વાંસ રે જૂઠડા બોલી નાર;
હુંતો જાઉં છું લોવારને† પાસ રે પડાવવા છે સાર. ૭
હસી હસી લીધી તાળી હાથ રે વિનતા ગઈ ઉઠી;
સાચા પ્રેમસખીનો નાથ રે વ્રજનાર થઈ જૂઠી. ૮

પદ ૧૮૮૭ મું–રાગ ગરબી

અલબેલા આવો રે રમિયે એકાંતે;
મનડું મારું મોહ્યું રે મોલીડાની ભાંતે. ૧

---

* વહેલા નાહીને. † લુહાર.

રસિયા મને લાગો રે હરિ તારો ચટકો;
મારા મનડાં માંઇ રે રાત દિવસ ખટકો. ૨
મારે ચીતડે ચોંટી રે મોહન છબી તારી;
તારા લટકાં ઉપર રે વાલમ જાઉં વારી. ૩
તમ અરથે રસિયા રે લોક લજ્યા મેલી;
જોયા વિના તમને રે શ્યામ ફરૂં ઘેલી. ૪
હુંતો ઘાયલ થઈ છું રે મરમાળે વેણે;
મારૂં ચિતડું વિંધ્યું રે અણિયાળે નેણે. ૫
સંદેશો ઉપજ્યો રે વાલમ કહેવાને;
વહાલા પ્રેમસખી તલખે રે ભેળી રહેવાને. ૬

પદ ૧૮૮૮ મું

રસિયા મને રાખો રે પોતાની જાણી;
હુંતો હાથ તમારે રે વાલમ વેચાણી. ૧
મારૂં મનડું રહ્યું છે રે તમપર મોઇને;
જીવન જીવું છું રે તુજને જોઇને. ૨
મને આશા તમારી રે પ્રાણજીવન પ્યારા;
સુંદર વર મુજથી રે મા રે'જયો ન્યારા. ૩
હુંતો ચરણકમળની રે દાસી તમારી છું;
તારા વેણુ ઉપર રે રસિયા વારી છું. ૪
વહાલા લાગો છો રે નટવર નાનડિયા;
મારા જીવ સંગાથે રે સુંદર વર જડિયા. ૫
બીજું કાંઈ ન જાણું રે જોયું મેંતો ખોળીને;
રસિયા સંગ રાખો રે પ્રેમસખી ભોળીને. ૬

પદ ૧૮૮૯ મું

સુંદર છબી જોઇને રે મોહન મરમાળા;
મનડાં રહ્યાં મોઇને રે છેલવર છોગાળા. ૧
મારે પ્રીત બંધાણી રે તમ સંગ પાતળિયા;
બીજે ક્યાંઈ ન ગોઠે રે સુંદર શામળિયા. ૨

મારું ચીતડું ચોર્યું રે પેચાળી પાઘે;
અલબેલા રહેજો રે આંખડલી આગે. ૩
મારું મનડું મોહ્યું રે ફેંટે રૂપાળે;
મને ઘાયલ કીધી રે નેણુતણે ચાળે. ૪
મારું હૈડું હરખે રે મળવા મન ગમતા;
આવોને મળિયે રે રસિયા રંગ રમતા. ૫
બીજે ક્યાંઈ મનડું રે મોહન નવ લાગે;
તમ પાસે રાખો રે પ્રેમસખી માગે. ૬

પદ ૧૮૯૦ મું

મન ગમતા મોહન રે મોહી તારા વેણુમાં;
કામણુ મને કીધાં રે ગુણુવંત નેણુમાં, ૧
ઘર ધંધો ન ગમે રે રહ્યું મન મોહને;
હુંતો મગન રહું છું રે તમને જોઈને. ૨
તમને મેલીને રે મન ક્યાંયે નથી જાતું;
મને સબલ ગમે છે રે હરિ તારી વાતું. ૩
હુંતો જોઇને હરખું રે ચાલતણો ચટકો;
મને સબલ ગમે છે રે હાથતણો લટકો. ૪
મુજ સાથે ગાવો રે આવો હરિ ખસતા;
મને સબલ ગમો છો રે સુંદર વર હસતા. ૫
આવાને આવા રે રે'જ્યો દગ આગે;
વહાલા પ્રેમસખીના રે નિત્ય ઉઠી એ માગે. ૬

પદ ૧૮૯૧ મું–રાગ ગરબી

એક વાર મંદિર આવો વહાલાજી મારે, એક વાર મંદિર આવો;
ચિતડાં શું લલચાવો. એક૦ ટેક.
વાટડી જોઉં છું તારી, વેહેલા આવો ગિરિધારી;
ભોળાને શું ભરમાવોરે. વહાલા૦ ૧
બીજેને જાઓ છો ઠાલા, અમશું બોલોને વહાલા;
અમ સાથે શો દાવોરે. વહાલા૦ ૨

મરમાળે વેણે હરિ, કામણગારે નેણે કરી;
સાનમાં શું સમજાવોરે. વહાલા૦ ૩
આજ કાલ્ય કહીને હરિ, કોલ દઇને જાઓ છો ફરી;
જીવડલો શું તરસાવોરે. વહાલા૦ ૪
ઘોડલાં ખેલાવા આવો, વહાલા મારે મન ભાવો;
પ્રેમસખી સાથે લાવોરે. વહાલા૦ ૫

પદ ૧૮૯૨ મું

પ્રેમશું પધારો હરિરે અલબેલા મારે, પ્રેમશું પધારો હરિ;
રહી છું અરજી કરી. પ્રેમશું૦ ટેક.
સુંદર વાળી છે શેરી, મોતિડાં મેલ્યાં છે વેરી;
તોરણ મેંતો બાંધ્યાં ફેરીરે. અલ૦ ૧
બાંધી છે હીંડોળા ખાટ, રહી છું જોઇને વાટ;
એક પગે આશ ભરીરે. અલ૦ ૨
વેહેલેરી ઉઠીને રે હરિ, રસોઈ મેલી છે કરી;
આવી છું ઢાંકીને ધરીરે. અલ૦ ૩
વેહેલેરા પધારો વહાલા, વાર શું કરો છો ઠાલા;
ભોજનીયાં જાયે છે ઠરીરે. અલ૦ ૪
પ્રેમીને વશ હરિ, પધારો કરુણા કરી;
પ્રેમસખી સાથે ખરીરે. અલ૦ ૫

પદ ૧૮૯૩ મું

વારે વારે જાઉં વારીરે, લટકાળા તમપર વારે વારે જાઉં વારી;
પધારો ગિરિધારી. લટ૦ ટેક.
છબીલાજી છબીલો જોઇને, મારું મન રહ્યું મોઇને;
રાખું વહાલા ઉર ધારીરે. લટ૦ ૧
રૂપાળા પેહેરીને જામા, રસિયાજી આવો સામા;
સુંથણુળીની શોભા સારીરે. લટ૦ ૨
ગજરા પેહેર્યા છે કાજુ, બાંધ્યા છે રૂપાળા બાજુ;
છોગલિયાંની છબી ન્યારીરે. લટ૦ ૩

કેસરિયે ચડ્યા છો નાથ, અસવારી લેજો સાથ;
મંગલ ગાય છે વ્રજનારીરે. લટ૦ ૪
વહાલાજી વાર ન કીજો, પ્રેમસખી સાથે લીજો;
આશ પુરો આવી અમારીરે. લટ૦ ૫

પદ ૧૮૯૪ મું

મંદિર પધાર્યા સ્વામીરે, સાહેલી મારે મંદિર પધાર્યા સ્વામી;
દુઃખ સરવે દૂર વામી. મંદિર૦ ટેક.
કપુરે આરતિ કરી, મોતિડાંનો થાળ ભરી;
વધાવ્યા અંતરજામીરે. સાહેલી૦ ૧
પેહેરાવ્યા ચંપાના હાર, પગે લાગી વારવાર;
ચરણે મસ્તક નામીરે. સાહેલી૦ ૨
સેજડી સંવારી ખાંતે, ભોજનીયાં રાંધ્યાં છે ભાતે;
નોતર્યા અક્ષરધામીરે. સાહેલી૦ ૩
વ્યંજન થાળ આગે ધરી, પ્રીતશું જમાડ્યા હરિ;
હવે મારે ન રહી ખામીરે. સાહેલી૦ ૪
જમીને ઉઠ્યા દયાળ, પ્રેમસખીને આપ્યો થાળ;
અંગો અંગ આનંદ પામીરે. સાહેલી૦ ૫

પદ ૧૮૯૫ મું–રાગ ગરબી

સખી વારણે જાઉં તારી પ્રીતને જો;
વશ કીધા તે મોહન અજીતને જો. સખી૦ ટેક.
સખી આજનો દિવસ તારો ધન્યમાં જો;
તુંતો ગમી મોહનજીના મનમાં જો. સખી૦ ૧
સખી ચતુરપણામાં ચતુર છો જો;
અલબેલડી જોબન ભરપુર છો જો. સખી૦ ૨
સખી વાલપ ઘણી છે તારી વેણમાં જો;
કામણ કીધાં છે કાંઇક નેણમાં જો. સખી૦ ૩
સખી રંગડો લગાડ્યો કોઈ ભાંતનો જો;
રસ પીયે છે આજ તું એકાંતનો જો. સખી૦ ૪

સખી મોહનજીના તેં મનડાં હર્યાં જો;
પ્રેમસખીના નાથને વશ કર્યાં જો. સખી૦ ૫

પદ ૧૮૯૬ મું

સખી ધન્ય છે આજ તારી પ્રીતડી જો;
રસિયાજી સાથે લાગી ઝડી જો. સખી૦ ટેક.
સખી કળા શિખી છું ચકોરની જો;
છબી જોઈ રહી મોહન ચીતચોરની જો. સખી૦ ૧
સખી ચતુર ઘણી તું નથી ઘેલડી જો;
શ્યામ સુંદર લેઈ બેઠી અકેલડી જો. સખી૦ ૨
સખી કામણુ કીધાં તેં મારી બેનડી જો;
તુજ વિના ન ચાલે અરધ ઘડી જો. સખી૦ ૩
સખી કળા ફરી છે તારા અંગની જો;
ચટપટ લાગી રસિયાજીના સંગની જો. સખી૦ ૪
સખી મગન થઈ તું રસ ચાખતાં જો;
પ્રેમસખીનો નાથ ઉર રાખતાં જો. સખી૦ ૫

પદ ૧૮૯૭ મું

સખી હુંતો બલિહારી તારા વહાલને જો;
પ્રેમે રીઝવ્યા ચતુર વર લાલને જો. સખી૦ ટેક.
સખી પ્રેમ પુરણુ તારો કામની જો;
વશ કીધા સુંદર વર ભામની જો. સખી૦ ૧
સખી રસિક સુંદર રસ ચાખીઓ જો;
સંસારિયો કુચો કરી નાંખીઓ જો. સખી૦ ૨
સખી શ્યામ સુંદર ઉર ધારિયો જો;
થુંક જેવો કીધો તેં સંસારિયો જો. સખી૦ ૩
સખી વહાલા કીધા તેં વજરાજને જો;
મેલી કુલ કુટુંબ લોક લાજને જો. સખી૦ ૪
સખી ત્રિભુવન તારા જશ ગાવિયા જો:
પ્રેમસખીનો નાથ તેં વધાવિયા જો. સખી૦ ૫

પદ ૧૮૯૮ મું

સખી પ્રેમી જાણે વાત પ્રીતની જો;
શું જાણે બીજા એ રીતની જો. સખી૦ ટેક.
સખી ભ્રમર લોભી રસ સારના જો;
શું જાણે દાદુર ભોગી ગારના જો. સખી૦ ૧
સખી હંસ તો મુક્તાફલને જમે જો;
મુવા બગલાંને એક માછલાં ગમે જો. સખી૦ ૨
સખી પ્રેમીજન હંસ મોતી શ્યામ છે જો;
જેને શ્યામ વિના બીજું હરામ છે જો. સખી૦ ૩
સખી અમૃત પીતાં ટળી વાસના જો;
તે નવ જાણે બ્હેની સ્વાદ છાસના જો. સખી૦ ૪
સખી જીવવું જેનું નાથ કારણે જો;
પ્રેમસખી જાયે તેને વારણે જો. સખી૦ ૫

પદ ૧૮૯૯ મું–રાગ ગરબી

સાંભળ વાત કહું એક છાની, શ્યામ સુંદર વર નંદલાલાની. ૧
સાચી કહું માનજે મારી હેલી, સુંદર શ્યામ ગયા તને મેલી. ૨
તારી શોક વ્રજા* જેનું નામ, તેને મંદિર આજ ગયા છે શ્યામ. ૩
કસુંબલ પાઘ કેસરિયાં જામા, શેરીએ જાતાં મળ્યા મને સામા. ૪
રંગમાં રાતાને વાંસળી વાતા, રસિક સુંદર વર દીઠા મેં જાતા. ૫
ગજરા બાજુબંધ બાંધ્યા છે હાથે, લાખ ગોવાળિયા લીધા છે સાથે. ૬
તેતો આજે પૂરણ સુખ પામી, જઇને મળ્યા પ્રેમસખીનો સ્વામી. ૭

પદ ૧૯૦૦ મું

સાંભળ વાત કહું એક બીજી, પ્રેમે મગન નાથ રહ્યા છે રીઝી. ૧
પીતાંબરની પળવટ વાળી, હાથે ગજરા ગુંથ્યા વનમાળી. ૨
અત્તર શીશી લીધી છે સાથે, કેસર ચંદન ઉતાર્યું છે હાથે. ૩
તુજ કરતાં તે દીસે ઘણી વહાલી, પુરણકામ ગયા જેને ચાલી. ૪
તેને મંદિર શ્યામ રહ્યા છે ઝુલી, તુજને તો રસિયો ગયા છે ભુલી. ૫

* "વિરજા".

તુજને મેલીને ગયા જેને કાજ, કહોને બાઈ તારી શી રહી લાજ. ૬
સાંભળી રાધાએ દાસીની વાણી, પ્રેમસખી કહે કોપી મહારાણી. ૭

પદ ૧૯૦૧ મું

આદિ માયા જગતની છે ઈશ, અતિશે પ્રચંડ ચડી છે રીસ. ૧
જાણે રાહુએ ઘેર્યો છે ચંદ, ક્ષીણ કળા થયો જગવંદ. ૨
મહા કોપમાં રાસેશ્વરી રાધા, શોક જીત્યાની લીધી છે બાધા. ૩
ભ્રકુટી ચંચલ નેણાં છે રાતાં, મહા રીસમાં બોલી જગમાતા. ૪
દેખાડ આલી કયાં છે નંદલાલ, જોને હવે કરીશ એના હાલ. ૫
જે સાથે લાગ્યું એને તાન, એક ઘડીમાં ઉતારીશ માન. ૬
પ્રેમસખીનો વહાલો ગયા બીજે આશે, હવે એમાં જોયાં જેવી થાસે. ૭

પદ ૧૯૦૨ મું

રીસ કરી બોલી અલબેલી, થાઓ તૈયાર ચાલોને વેહેલી વેહેલી. ૧
રથ જોડીને થાઓ તૈયાર, ચાલો ઉતાવળી થાયે છે વાર. ૨
રતન જડીત પેહેર્યાં છે અમૂલ્ય, કોટિ સુરજ જેના નખની તુલ્ય. ૩
પેહેર્યાં છે ચીર અમુલીક ભારી, કોટિક કામ છબીપર વારી. ૪
સુંદર રથ જોડ્યા જેને કાજે, ચૌદ લોક શોભા જોઈ લાજે. ૫
હીરા રતન જડ્યા અતિ સાર, ચાલીશ ગાઉમાં જેનો વિસ્તાર. ૬
એ રથ ઉપર બેસીને ચાલી, પ્રેમસખીના નાથને છે વહાલી. ૭

પદ ૧૯૦૩ મું

ચાલી સ્યામા મંડળ મેલી, ત્રણ કરોડ ગોપી લીધી છે ભેળી. ૧
હાહાકાર થયો બહુ ઘોષ, રાણી રાધાજી ભરાણી છે રોષ. ૨
અતિ ઘણો શોક કરતી આવે નાર, લાખ ગોવાળીઆ ઉભા છે દ્વાર. ૩
ગોવાળીએ સહુ આવતી ભાળી, ઉભી રહો ઉભી રહો કહીને ખાળી. ૪
રાધાજી બોલી જુવો છો શું આલી, જાવા ન પામે સહુ લ્યોને ઝાલી. ૫
રાધાજીની આજ્ઞા લઇને, ઝાલી લીધા ગોપી ભેળી થઇને. ૬
રીસમાં ભુલી ગોપી સુખ દુખ, પ્રેમસખી કહે થયો મહા જુધ. ૭

પદ ૧૯૦૪ મું

સાંભળી ખબર રાધાજી આવી, ત્રણ કરોડ ગોપી સાથે લાવી. ૧

રીસ ભરી રાધા આવી જાણી, ખ્હીકની મારી વ્રજા થઈ પાણી. ૨
ઝાલો ને બાંધો કરતી આવી પ્યારી, અંતરધ્યાન થયા ગિરિધારી. ૩
આવી રાધાજી વળી સો જોઈ, સુના મંદિરિયામાં ન મળે કોઈ. ૪
વ્રજા નીર થઈ તે જાણી, નવ દીઠાં ક્યાંઈ સારંગપાણી. ૫
નીર જોઈ બહુ* આચરજ પામી, અંતરધ્યાન થયા જાણ્યા સ્વામી. ૬
રાધા ગઈ પાછી પોતાને ધામ, પ્રગટ થયા પ્રેમસખીનો શ્યામ. ૭

પદ ૧૯૦૫ મું

વ્રજા તીર ગયા બલવીર, હસીને બોલાવી આપી બહુ ધીર. ૧
મારે કાજે આવી ગતિ તારી, આવ્ય નવજોબન થઈ નારી. ૨
આવી રૂપ ધરી અલબેલી, રસિક સાથે વાળી રંગડાંની રેલી. ૩
સુંદર વર મોહન સાથે રમતાં, પુત્ર સાત થયા મનગમતા. ૪
રમતાં બાળ વઢ્યો એક નાનો, લાગી વ્રજા તેને રાખવા છાનો. ૫
નાના બાલકની દયા મનમાં આવી, સુંદર શ્યામ ગયા છટકાવી. ૬
મેલી ગયા પ્રેમસખીનો પ્યારો, થાજે તું પુત્ર સમુદર ખારો. ૭

પદ ૧૯૦૬ ઠું

રસિક સુંદર સાથે શ્રીદામ, આવી ઉભા રહ્યા રાધાને ધામ. ૧
દાસી બોલી ઉભા રહોને શ્યામ, હમણે નથી માંહી ગયાનું કામ. ૨
રાધા સુતી હરિ કોપ મંદિરમાં, ખુબ ભરી છે રીસના ભરમાં. ૩
વસ્ત્ર આભૂષણ મેલ્યાં ઉતારી, એક ફાટી કંથા ઉર ધારી. ૪
કુસુમની સેજ ત્યાગી અલબેલી, લોટે છે ધરણી કોમલ અંગ છેલી. ૫
રુદન કરે બહુ વારંવાર, દુઃખનો નહિ હરિ વારને પાર. ૬
પ્રેમસખીનો નાથ આવ્યા જાણી, આવી ઉઠી રાધા રીસે ભરાણી. ૭

પદ ૧૯૦૭ મું

જારે લંપટ દાસીના વહાલા, તેને પાસે જા તું નંદલાલા. ૧
કપટી નિર્લજનું શું છે ભાં કામ, જા તું પાછો તે દાસીને ધામ. ૨
કઠણ વચન બોલી રાધા પ્યારી, કાઢી મેલો લંપટ ગીરધારી. ૩

* "સહુ" પાઠાન્તર છે.

દાસી કહે જાઓ જગદીશ, હમણે રાધાને ચડી છે બહુ રીસ. ૪
એક કહે સાંભળો અલબેલા, આવડી માનીતી કરી કેમ છેલા. ૫
એક કહે સુંદર વર કહાન, લાગો પગે રાખો એનું માન. ૬
પ્રેમસખી કહે નાથ ગીરધારી, મન માની મોજ હવે મળશે સારી. ૭

પદ ૧૯૦૮ મું

પાછી આવીને રાધા બોલી વેણા, રીસમાં રાતાં ચટક થયાં નેણા. ૧
વ્રજાકાન્ત વ્રજાના નાથ, કેમ મેલી આવ્યા દાસીનો સાથ. ૨
તે થઈ નદી તું પણુ નદ થાને, બાંધી ફુટી તેને કાંઠે રે જાને.* ૩
એકસું ઘાતને એકસું પ્રીત, કયાંથી શિખ્યો એ મનુષ્યની રીત. ૪
મનુષ્યની રીત સરવે તારી જાણી, થાને મનુષ્ય જા સારંગપાણી. ૫
દાસી વ્રજાને લેજે સાથે છાની, તે ટાળશે સહુ દાઝ હિયાની. ૬
સહી ન શકયો બોલ્યો શ્રીદામ, ચાલી નિસર્યો પ્રેમસખીનો સ્યામ. ૭

પદ ૧૯૦૯ મું

શ્રીદામ કોપ્યો નેણુ થયાં રાતા, એવાં વચન કેમ બોલો છો માતા. ૧
જેને પ્રતાપ થઈ આવી મોટી, તેને વાણી કેમ બોલો છો ખોટી. ૨
મારા સ્વામીનો મરમ તું ના જાણી, તું જેવી લાખો ભરે જેને પાણી. ૩
રે રે લંપટ કપટીના દૂત, સામો આવી કેમ બોલે કપુત. ૪
માનું ભુંડું વાંચે બાપનું સારું, દૈત્યનું રૂપ થાશે જા તારું. ૫
શ્રીદામ કે તું જેને મદ ભારી, મનુષ્ય બની થાજે શુદ્રની નારી. ૬
પ્રેમસખીના સ્વામી પાસે આવી, શ્રીદામે રીત કહી સમજાવી. ૭

પદ ૧૯૧૦ મું

શ્રીદામ કે સાંભળો દીનાનાથ, શી ગતિ મારી કુટાયો અનાથ. ૧
શ્યામસુંદર કહે માં કરજે શોક, સો વરસ કેડે પામીશ મારો લોક. ૨
ધારી ચરણુ હયે મસ્તક નામી, ચાલ્યો શ્રીદામ રાધા મળી સામી. ૩
હૈયામાં ઘાલી મળી બહુ પ્રીતે, કયાં જાઇશ પુત્ર પુછ્યું એ રીતે. ૪
શ્રીદામે વાત કહી સમજાવી, ચાલી રાધા મોહન પાસે આવી. ૫

---

* અર્થ સ્પષ્ટ નથી.

હે નાથ હે નાથ કહીને પોકારી, ભુલી હું નાથ છું દાસી તમારી. ૬
પડી ચરણુમાં ભુલી શરીર, પ્રેમસખીને સ્વામી આપી ધીરં. ૭

પદ ૧૯૧૧ મું

સુંદરશ્યામ કહે પ્રાણુ પ્યારી, ચિંતા ન કરશો મરજી છે મારી. ૧
થાઓ ગોકુલ બ્રખુભાણુ કુમારી, તમ અરથે હું આવીશ નારી. ૨
આવીશ વેહેલો ન કરીશ વાર, પ્રગટીશ વ્રજમાં ઉતારવા ભાર. ૩
પરક્રમા કરી રાધા પગે લાગી, કર જોડીને લીધો વર માગી. ૪
રાધાજી બોલી જોડીને હાથ, જનમોજનમ થાજો મારા નાથ. ૫
નાથ ચરણુમાં મારું મન રમજો, ભ્રમર થઇને નિરંતર ભમજો. ૬
સુતાં જાગતાં નિત્ય દરશન દેજો, પ્રેમસખી કહે અખંડ અંતરે* રહેજો. ૭

પદ ૧૯૧૨ મું

ગદગદ કંઠે બોલી પ્રાણુ પ્યારી, નાથ વિસરજ્યો મા દાસી તમારી. ૧
ગુણુ તમારા ને રૂપ તમારું, એમાં રેહેજો અખંડ ચીત મારું. ૨
ચરણુ કમળની ભક્તિ મુને દેજો, રાત દિવસ મારા નેણુમાં રહેજો. ૩
જોતાં જોતાં જીવનપ્રાણુ, ઢળી પડી ભુલી દેહ ભાન. ૪
વ્રજવાસી સાંભળો નરનારી, તે પુરુષોત્તમ પ્રગટ્યા મોરારી. ૫
એમાં તે ખોટી ન મળે લગાર, સમ ખાઇને કહું વારંવાર. ૬
પુરણુ પ્રીતે એ લીલા જો ગાશે, તો પ્રેમસખીનો નાથ તેડી જાશે. ૭

પદ ૧૯૧૩ મું–રાગ ગરબી

આવોને અલબેલારે વહાલા, વાટડી જોઉં તમારી રે. આવો૦ ટેક.
લટકામાં લટકાળારે વહાલા, વહાલમ વેણુ વગાડી રે;
પ્રાણુ હર્યો વાંસલડીને ચટકે, મોહન મોહની લગાડી રે. આવો૦ ૧
મુખને મરકલડે આંખડલીને ચાળે, વશ કીધી વ્રજનારી રે;
અલબેલા આંખડલીમાં જીવન, ખટકો છો મોરારી રે. આવો૦ ૨
મીઠે મીઠે વેણે કામણુગારે નેણે, માર્યાં તેં મોહના બાણુ રે;
રાત દિવસ સ્વપ્નામાં મોહનજી, વિસરું નહિ જીવનપ્રાણુ રે. આવો૦ ૩

---

* "એવા" પાઠાન્તર છે.

લટકંતી ચાલે બોલાવો છો વહાલે, મીઠી તે મુખની વાણી રે;
હાથને લટકે પીતાંબર પટકે, લાવણ્યમાં લોભાણી રે. આવો૦ ૪
સુંદરવરની સુંદર શોભા, જોઈ મોહ્યું મન મારું રે;
પ્રેમસખીના રસીલા રે વહાલા, તન મન તમપર વારું રે. આવો૦ ૫

પદ ૧૯૧૪ મું

મોહનજી મરમાળા રે વહાલા, આવોને છેલ છબીલા રે;
પ્રાણજીવન જોવાને કાજે, અવતરિયા અલબેલા રે. મોહ૦ ટેક.
જરકસી પાઘમાં રે મનડું લાગે, જળહળતા પેહેરો જામા રે;
સુખડું તે દેવા ને મન હરી લેવા, ચાલ્યા આવો મુજ સામા રે. મોહ૦ ૧
શોભાના સાગર નૌતમ નાગર, કંઠે મોતીડાંની માળા રે;
કુંડલ ઝળકે ને મનડું રે લળકે, કેવા શોભો છો રૂપાળા રે. મોહ૦ ૨
કેડે કંદોરો ને બાંહે બાજુબંધ, પાયે તે ઘુંઘરુ વાજે રે;
હેમ કડાં કર પોંચી જોઇને, કોટિ કામ છબી લાજે રે. મોહ૦ ૩
પીતાંબર ફેંટે કટારો છે ભેટે, વ્રજવનિતા મોહી વહાલા રે;
આવો એકાંતે જીવન જોઉં ખાંતે, એક વાર મળો નંદલાલા રે. મોહ૦ ૪
મુખડા ઉપર શ્રમ જલનારે મોતી, કેસર તિલક ભાલે રે;
પ્રેમસખી જોઇ મોહી છે વહાલા, છેલ ચટકતી ચાલે રે. મોહ૦ ૫

પદ ૧૯૧૫ મું

છેલ છબીલા છોગાળા વહાલા, તારા મુખડાની મોહની લાગી રે;
કમળ નેણુ જોવાનેરે કાજે, સર્વે થયાં વેરાગી રે. છેલ૦ ટેક.
કેસર રંગે ઉધાડે તે અંગે, રૂડા લાગો છો લાલ રે;
મસ્તક તિલક કર્યાં કેસરના, ટીબકડી રૂડી ગાલ રે. છેલ૦ ૧
ફુલડાંના હાર હિયે રૂડા શોભે, બાંધ્યા તે ફુલડાના બાજુ રે;
મસ્તક હાર કતાર ફુલાની, છોગલિયાં બહુ કાજુ રે. છેલ૦ ૨
સુંથણુલી પહેરો મોહનજી, મનડાં અમારાં મોવા રે;
નાભી ઉંડી અનોપમ સુંદર, આવી છું જીવન જોવા રે. છેલ૦ ૩
દરશન દેવાને દુઃખ હરી લેવા, આવી બેસો મારે બારે રે;
ઝીણે ઝીણે વેંણે કટાક્ષને નેણે, જીવનજી મુને મારે રે. છેલ૦ ૪

પ્રાણ હર્યાં પાતળિયારે વહાલા,* બોલી મીઠાં મીઠાં વેણ રે;
પ્રેમસખીના પ્રાણજીવન મુને, લાગાં તમારાં નેણ રે. છેલ૦ ૫

પદ ૧૯૧૬ મું

પ્રાણજીવન પાતળિયારે વહાલા, વારોને નેણ તમારાં રે;
હરતાને ફરતા હેરાન કરે છે, ચોર્યાં છે ચીત હમારા રે. પ્રાણ૦ ટેક.
રાત દિવસ જંપવા નથી દેતાં, કીધી તે વશ મોહે કહાના રે;
અરધી તે રાતે મોહનજી, મારે મંદિર આવે છાના રે. પ્રાણ૦ ૧
ભર નિદ્રામાં આવી જગાડે, ને બરકીને પાડે ચીસ રે;
ઓચીંતા આવીને છેડે છે, ઘણી ચડાવે છે રીસ રે. પ્રાણ૦ ૨
સહુ દેખતાં મારો પાલવ ઝાલે, ને હસીને વધારે છે વહાલ રે;
લોકની લાજ ન માને મોહન, તમે શિખાવ્યા નંદલાલ રે. પ્રાણ૦ ૩
કામણગારે તમારે નેણે, એણે મુને વશ કીધી રે;
શું જાણું વહાલા શું કરી નાંખ્યું, જાણે વેચાતી લીધી રે. પ્રાણ૦ ૪
એને કેડે હું તો એમ ફરું છું, જેમ પડાઇની દોરી રે;
પ્રેમસખીના રસીલારે વહાલા, પેઠાં કાલજડું કોરી રે. પ્રાણ૦ ૫

પદ ૧૯૧૭ મું

રંગભીના રસીલારે વહાલા, આવોને સુંદર છેલા રે;
અરધ ઘડી અલગા નવ મેલું, મનગમતા અલબેલા રે. રંગ૦ ટેક.
હેત કરી હૈયાપર રાખું, મોહન ચતુર સુજાણ રે;
જોરે જોઇએ તે આણી આપું, તન મન વારું પ્રાણ રે. રંગ૦ ૧
પ્રાણ થકી વહાલા છો જીવન, સુંદર શ્યામ સોહાગી રે;
પ્રાણજીવન તમ સાથે મારે, પુરણ પ્રીતડી લાગી રે. રંગ૦ ૨
નેણુના આગળથી નહી રે જાવા દઉં, જીભ થકી ન વિસારું રે;
રમતાને જમતા ગોરસડાંરે પીતા, એવા રુદા માંહી ધારું રે. રંગ૦ ૩
જોયા વિના નવ ચાલે જીવન, કરી રાખું હૈયાનો હાર રે;
નાસિકા મોતી કરું બાંહે બાજુ, નયન તણો શણગાર રે. રંગ૦ ૪

* "પાતળિયેરે વહાલે" પાઠાન્તર છે.

સુંદર શ્યામ રસિકના જીવન, આજતો અઢળક ઢળો રે;
કર જોડીને કહું છું જીવન મારા, પ્રેમસખીને મળો રે. રંગ૦ ૧

પદ ૧૯૧૮ મું–રાગ ગરબી

સજની પુછોને નંદજીનો લાલ કે કેમ ચંચળ થયા રે લોલ;
કીધો કીધો નટવર વેશ કે કેમ તોડી દયા રે લોલ. ૧
સજની શું છે આ રાતે કામ કે નંદકુમારને રે લોલ;
શણગાર્યાં રૂડા તોરંગ થયા અસવારને રે લોલ. ૨
સાથે નહી લઈ જાયે વ્રજરાજ તો કયારે આવશે રે લોલ;
સજની અધરામૃત વ્રજનાથ હવે કયારે પાવશે રે લોલ. ૩
મળશે મનગમતી કોઈ નાર કે જાશે વિસરી રે લોલ;
સજની મેલીને ચાલ્યા નાથ કયારે મળશે ફરી રે લોલ. ૪
સજની જગથી તોડી પ્રીત કમળ મુખ જોવતી રે લોલ;
મેલી પ્રેમસખીને નાથ રહી સર્વે રોવતી રે લોલ. ૫

પદ ૧૯૧૯ મું

ન ઘટે તમને પ્રાણજીવન કે ચાલ્યા મેલીને રે લોલ;
દુઃખને દરીએ મારા નાથ કે નાંખ્યાં ઠેલીને રે લોલ. ૧
રસિયા કરવી નહોતી પ્રીત કે પેહેલી નાથજી રે લોલ;
રસિયા અમૃત પાઇને માર્યાં એક સાથજી રે લોલ. ૨
રસિયા સરવથી તોડ્યો સ્નેહ એક તમને વરી રે લોલ;
વ્રજવનિતાના જીવનનાથ તમે સારી કરી રે લોલ. ૩
રસિયા રંગે રમાડતાં રાસ વધાર્યાં વહાલને રે લોલ;
રસિયા લેવા અમારા પ્રાણ કર્યાં બેહાલને રે લોલ. ૪
રસિયા માર્યાં રસનાં બાણ કે ઠાર્યાં કેમ ઠરે રે લોલ;
તમવિના પ્રેમસખીના નાથ કે એવી કુણ કરે રે લોલ. ૫

પદ ૧૯૨૦ મું

ઓધવ કહેજો એક સંદેશો વ્રજના નાથને રે લોલ;
મા વિસારજો પ્રાણજીવન કે ગોપી સાથને રે લોલ. ૧

રસીયા કરજો અમારી સાર કે અતિ અબળા તણી રે લોલ;
વારે ચઢજો દીનાનાથ કે હવે થઇ છે ઘણી રે લોલ. ૨
થઈ છે તમ વિના વ્રજનાથ કે સર્વે ઘેલડી રે લોલ;
સંભારીને સુંદર શ્યામ રડે છે સાહેલડી રે લોલ. ૩
રસિયા આંખે આંસુ ધાર ભુલી ઘરકામને રે લોલ;
વહાલા કોકિલા ઉંચે સ્વરસું પોકારે શ્યામને રે લોલ. ૪
રસિયા આવો પ્રાણજીવન કે વાળો વાનને રે લોલ;
આપો પ્રેમસખીના નાથ કે દરશન દાનને રે લોલ. ૫

પદ ૧૯૨૧ મું

રસિયા નીતનીત કરતી આડ ચાંદલિયો લાલનો રે લોલ;
તે ઘણું ખટકે મારા નાથ તીર જેમ ભાલનો રે લોલ. ૧
બેસતા મોહન આવીને બાર કે નાંખી ચાકળો રે લોલ;
તે સંભારીને સુંદરશ્યામ થાયે છે મન આકળો રે લોલ. ૨
રસિયા જમતા કરતા ખેલ કે બહુ હાંસી કરી રે લોલ;
તે લટકાપર પ્રાણજીવન કે હું જાઉં મરી રે લોલ. ૩
રસિયા બોલી મધુરાં વેણ કે કરતા વાતડી રે લોલ;
તે સંભારીને મારા નાથ ભરાઈ આવે છાતડી રે લોલ. ૪
રસિયા ફુલડે સંવારી સેજ ઢાળી છે મેં તો ખાટડી રે લોલ;
આવો પ્રેમસખીના નાથ જોવું છું તારી વાટડી રે લોલ. ૫

પદ ૧૯૨૨ મું

આવો આવો સુંદર શ્યામ કે ભુવન મારે ડોલતા રે લોલ;
હસતા હસતા સુંદર વેણુ કમળ મુખ બોલતા રે લોલ. ૧
ચિતડે ચોંટી સુંદર શ્યામ ચપળતા નેણની રે લોલ;
મન મારું મોહ્યું મોહનલાલ મધુરતા વેણુની રે લોલ. ૨
રસિયા લાગો મુજને રંગ ચટકતી ચાલનો રે લોલ;
જોતાં ત્રપત ન થાયે નેણ ચંદ્રમા ભાલનો રે લોલ. ૩
રસિયા ઝાલ્યો છે મારો હાથ રખે હવે છોડતા રે લોલ;
વહાલા રહેજો મન મારે વાસ આળસ અંગ મોડતા રે લોલ. ૪

વહાલા જાતાં વળતાં શ્યામ શેરીએ મારે નિસરો રે લોલ;
રસિયા પ્રેમસખીના નાથ મુને મા વિસારો રે લોલ. ૫

પદ ૧૯૨૩ મું

અલબેલા આવો મારે ઘેર કે જાઉં તારે વારણે રે લોલ;
પેહેરાવું ચંપાના હાર લાવી છું તમ કારણે રે લોલ. ૧
રસિયા બાંધો રૂપાળી પાઘ આંટો લેજો બેવડો રે લોલ;
ઓરા આવોને સુંદર છેલ કે ખોસું કેવડો રે લોલ. ૨
લટકા કરતાં આવો શેરીએ કે પોતાની શોખમાં રે લોલ;
પ્રાણજીવન જોવાને કાજ બેસીશ હું તો ગોખમાં રે લોલ. ૩
આવીને બેસો મારે બાર કરો રૂડી વાતડી રે લોલ;
રસિયા જોઈ તમારું રૂપ ઠરે છે મારી છાતડી રે લોલ. ૪
લાલચ લાગી છે અલબેલ મોહી છું તારા વેણમાં રે લોલ;
આવો પ્રેમસખીના પ્રાણ રાખું મારા નેણમાં રે લોલ. ૫

પદ ૧૯૨૪ મું

સજની એક દિવસ જળ ભરવા જમુના હું ગઈ રે લોલ;
સામાં મળીયા નંદજીનો લાલ કે જોઈ મોહી રહી રે લોલ. ૧
જે દહાડાથી સુંદર શ્યામ મારી દૃષ્ટે પડ્યા રે લોલ;
લખીને રાખ્યા રુદિયામાંહ્ય કે ચીત આવી ચડ્યા રે લોલ. ૨
લાગ્યાં લાગ્યાં ચંચળ નેણ હવે કેમ વિસરે રે લોલ;
લટકાં કરતાં પેઠા લાલ હવે કેમ નિસરે રે લોલ. ૩
સખી ચૌદ ભુવનમાં એક એની મારે આશ છે રે લોલ;
હવે મારે મન ક્રમ વચને નાથ ચરણમાં વાસ છે રે લોલ. ૪
કીધી કીધી મુજપર મેહેર કે આજ અઢળક ઢળ્યા રે લોલ;
મળીયા પ્રેમસખીનો નાથ કે આડા અંક વળ્યા રે લોલ. ૫

પદ ૧૯૨૫ મું

સજની મનડે વાળી ગાંઠ તે છોડું કેમ કરી રે લોલ;
ટાળી ન ટળે કરમની રેખ તેમ મારે હરિ રે લોલ. ૧
મન ક્રમ વચને ઝાલી હાથ હાલરે જેમ લાકડી રે લોલ;
તેમજ પ્રાણ સંગાથે લીધા મનમોહન જડી રે લોલ. ૨

તેલે પલાળીને વાળે જેમ ગાંઠ કે રૂડી હીરની રે લોલ;
સજની એમ પડી મારે આંટી કે મોહન આહીરની રે લોલ. ૩
જોતાં લોચન ત્રપત ન થાયે કે એવી ટેવ પડી રે લોલ;
સજની પ્રાણજીવન જોયા વિના ચાલે નહી ઘડી રે લોલ. ૪
રસિયા સાથે લાગી પ્રીત કે દુઃખ સર્વે ટળ્યાં રે લોલ;
સજની પ્રેમસખીના નાથ કે આજ અઢળક ઢળ્યા રે લોલ. ૫

પદ ૧૯૨૬ મું–રાગ ગરબી

રાધાકૃષ્ણ વિવાહ લિખ્યતે

સખી સાંભળને કહું એક વારતા જો;
સાંભળીને થાયે છે હિયે ઠારતા જો. ૧
જેને મોટા મુનિવર ચ્હાય છે જો;
જેને નિગમ નેતિ કરી ગાય છે જો. ૨
સખી જે સારું ઘરમાંથી નિસરે જો;
ત્યાગી થઇને વનમાં ખોળતા ફરે જો. ૩
સખી જે થકી આ સર્વસ થાય છે જો;
જે સરવના કારણ કહેવાય છે જો. ૪
સખી દાખડે કરીને જે નવ મળે જો;
કૃપા કરીને ભુતળે દેહ ધરે જો. ૫
સખી પ્રગટ થાયે છે જન તારવા જો;
પ્રેમસખીના કારજ સારવા જો. ૬

પદ ૧૯૨૭ મું

સખી સાંભળી રહેજે ચીતડું ધરી જો;
વાત કહું છું તને હેતે કરી જો. ૧
સખી એવી બુદ્ધિ મને આવડી જો;
ગઇતી વનમાં હેલાવાને ગાવડી જો. ૨
સખી ગાવડી હેલાવીને પાછી વળી જો;
સામી મળી ગોવાળીઆની મંડળી જો. ૩

સખી વચમાં ચાલ્યા આવે નંદજી જો;
કેડે તેડ્યા છે રસિયો ગોવિંદજી જો. ૪
કોઇક દૈવના ખેલની એવી ઘડી જો;
સખી કયાંઇથી વરસાદ આવ્યો ચડી જો. ૫
વા વાયા ને માંડ્યો કડકવા જો;
પ્રેમસખીનો નાથ લાગ્યા ફડકવા જો. ૬

પદ ૧૯૨૮ મું

સખી કાળી ઘટા આવી મળી જો;
તાલ તમાલની ગાઢી* કુંજ ગલી જો. ૧
સખી ગરજે ઘણો ને થાયે વિજળી જો;
સખી જોઇને જાયે ચિતડું ચળી જો. ૨
સખી વનમાં લાગ્યા મોર બોલવા જો;
લાગ્યા વિરહીના કાલજ છોલવા જો. ૩
વન ઘાટું સુઝે નહીં વાટડી જો;
ત્યારે નંદે લગાવ્યા નાથ છાતડી જો. ૪
એટલાકમાં દીઠી મુને આવતી જો;
પ્રેમ કરી પ્રીતમ ગુણ ગાવતી જો. ૫
સખી મોટાં ફોરા લાગ્યા પડવા જો;
પ્રેમસખીનો નાથ માંડ્યા રડવા જો. ૬

પદ ૧૯૨૯ મું

ભલે આવી રાધા તું કયાંઇથી જો;
ઘરે લેઈ જા મોહન વનમાંહિથી જો. ૧
સખી નંદજી બોલાવીને હેત કરે જો;
કહાન લેઈ જા વહેલી વહેલી ઘરે જો. ૨
રાત મળીને ભય છે ગાયો તણો જો;
ગાજવીજ જોઈ કહાનજી બ્હીયે ઘણો જો. ૩

---

* "ઘાટી" સંભવે છે.

એમ કહીને દીધા મને નાથજી જો;
નંદ થોડેક આવ્યા મારે સાથજી જો. ૪
મારગ દેખાડીને નંદજી પાછા ફર્યાં જો;
સખી મોહને મારા મનડાં હર્યાં જો. ૫
દૈવે આણ્યાં કરમ આડાં પાનડાં જો;
પ્રેમસખીનો નાથ ઘણા નાનડા જો. ૬

પદ ૧૯૩૦ મું

હું છું મોટી ને નાથજી નાના ઘણા જો;
કોણ પુરશે મનોરથ મનતણા જો. ૧
એમ કહીને ચાલી આઘી વનમાં જો;
કામ વ્યાપ્યો છે મારા તનમાં જો. ૨
વન આવ્યાં એકાંત નાના નાથજી જો;
કુણ રમશે હવે મારી સાથજી જો. ૩
એમ કહીને નીસાસા નાંખીઆ જો;
મુજ પાસેથી મોહન જાતા રહ્યા જો. ૪
એક દીઠો મંડપ એકાંતનો જો;
માંહે રતન જડિત બહુ ભાતનો જો. ૫
મોહન ઝુલે હિંડોળા ખાટડી જો;
પ્રેમસખીનો નાથ જુએ વાટડી જો. ૬

પદ ૧૯૩૧ મું

સખી દીઠા મોહન માંહ્યે રમતા જો;
મારા મનને અતિ ઘણા ગમતા જો. ૧
તરુણ જોઈ મોહનની મૂર્તિ જો;
જાણે ઘડીએ ન મેલીયે ઉરથી જો. ૨
જાણે મોહન હૈયાપર રાખીએ જો;
ઉપર કોટિક કામ વારી નાંખીએ જો. ૩
સખી રસિયો હતા ઘણા નાનડા જો;
મારે કાજે થયા જુવાનડા જો. ૪

સખી જોઈ શોભાના સુરને જો;
જોઈ મોહી જોબન ભરપુરને જો. ૫
ક્રોડ તેતરીશ દેવ ત્યાં આવિયા જો;
પ્રેમસખીના નાથને વધાવિયા જો. ૬

પદ ૧૯૩૨ મું

સખી બ્રહ્માજી આવ્યા હંસે ચડી જો;
લગન લીધા વહાલાના શુભ ઘડી જો. ૧
સખી સોર* થાએ છે બહુ વેદના જો;
ગાયે છંદ પ્રબંધ બહુ ભેદના જો. ૨
વાજીંત્ર વાજે ને મંગલ ગાય છે જો;
મહા આનંદના ઓછવ થાય છે જો. ૩
સખી રતનના મંડપ રચાવિયા જો;
રુડા મોતીડાના ચોક પુરાવિયા જો. ૪
લીલા મણિયુંના તોરણ બાંધીયા જો;
ભાત ભાતના ભોજન રાંધીયા જો. ૫
ધર્યા કનક કલશ સોહામણા જો;
પ્રેમસખી લીયે છે વધામણા જો. ૬

પદ ૧૯૩૩ મું

સખી અલબેલોજી તોરણ આવિયા જો;
ભરી મોતીડે થાળ વધાવિયા જો. ૧
ધરી મોરમુગટ ઘણા શોભિયા જો;
સખી જોઇને ચીત મારાં લોભિયા જો. ૨
મેંતો ટાળ્યો ઘુંઘટ પટ આડલો જો;
પ્રીતે પૂજ્યા પ્રીતમ વર લાડલો જો. ૩
મારો ભવનો તે દોરડો છોડીયો જો;
હરિ સાથ હાથેવાળો જોડીયો જો. ૪

---

* "સ્હોર" ઘોંઘાટ.

કર્યાં પાણી ગ્રહણુ મહાવનમાં જો;
જેજેકાર થયો છે ત્રિભુવનમાં જો. ૫
વિધીએ માગી ચરણુમાં દક્ષણા જો*;
પ્રેમસખીને નાથ આપી દક્ષણા જો. ૬

પદ ૧૯૩૪ મું

રસિયાજી સાથે રંગ લાગીયો જો;
સખી મનનો સંશે સર્વ ભાગીયો જો. ૧
રસ વાધ્યો છે રંગભર રમતા જો;
હેતે પ્રીતે મોહનજીને ગમતા જો. ૨
હળવાં મળવાં રમવા બહુ ભાવના જો;
કામકળા પ્રીતમ સંગ દાવના જો. ૩
ખાન પાન માન બહુ વહાલે કરી જો;
ગાન તાન વાન કહાન લાલે કરી જો. ૪
હાવ ભાવ દાવ બહુ રસે ભર્યા જો;
પ્રેમ નેમ જેમ હેતે ઘટે કર્યા જો. ૫
રસ બસ વસ થયાની રીતડી જો;
પ્રેમસખીના નાથ સાથે પ્રીતડી જો. ૬

પદ ૧૯૩૫ મું

રંગ જામ્યો છે રમતાં અતિ ઘણો જો;
સ્નેહ વધ્યો છે મુજને મોહન તણો જો. ૧
પ્રીત પેહેલી ને લાજ ઘણી બાલમાં જો;
મધુર હસવું સામું જોઈ તોલમાં જો. ૨
વહાલમાંથી મધુરતા વેણુની જો;
મરમ લેઈને ચપળતા નેણુની જો. ૩
કુચ કઠોર કોમળ અંગ લાલજી જો;
ચતુરાઈએ લીધા ઉર વહાલજી જો. ૪

* "વિધીએ માંગી ત્યાં મહા દક્ષિણા જો"

અંગ સંગ લાગ્યો રંગ ભાતનો જો;
રસ લુટયો રસિક થઈ એકાંતનો જો. ૫
શ્રમ લાગ્યો છે રમતાં અંગમાં જો;
ચકચૂર થયા વહાલાના સંગમાં જો. ૬
વિવાહ ગાયો પુરણ પરિબ્રહ્મનો જો;
પ્રીતે સાંભળે તો છૂટે બંધ કરમનો જો. ૭
હેતે ગાયે ને પ્રીતે કરી સાંભળે જો;
પ્રેમસખીનો નાથ તેને મળે જો. ૮

ઇતિશ્રી રાધાકૃષ્ણ વિવાહના પદ દશ સંપૂર્ણ

પદ ૧૯૩૬ મું–રાગ ગરબી

સખી આજ મોહન દીઠા રે, શેરીએ આવતા રે;
મોરલીમાં ગીત મધુરાં રે, ચાલ્યા આવે ગાવતા રે. ૧
આવે વહાલો હસતા ને રમતા રે, ગોવાળાનાં સાથમાં રે;
ઉછાળતા આવે મોહન રે, ફુલ દડી હાથમાં રે. ૨
રંગડાનો રાતો માતો રે, ચાલ્યો આવે શોખમાં રે;
રસિયો જોવાને કાજે રે, ઉભી છું ગોખમાં રે. ૩
મોહનજીનું મુખડું જોયું રે, ઘુંઘટની ઓટમાં રે;
જોઇને ઘાયલ થઈ છું રે, નેણા કેરી ચોટમાં રે. ૪
હૈયાપર હાર ઝળકે રે, રહ્યું મન મોહીને રે;
બ્હેની પ્રેમસખીના નાથને રે, રહું છું જોઇને રે. ૫

પદ ૧૯૩૭ મું

સખી આજ સાંજને ટાંણે રે, આવે વહાલો ઝુલતા રે;
સખાને ગળે બાંહડલી રે, નાંખી આવે ડુલતા રે.* ૧
સખી અલબેલો આવી રે, ઉભા મારે બારણે રે;
વહાલાને વધાવ્યા મોતીડે રે, ગઈ હુતો વારણે રે. ૨
ગાયુંની ભીડ ઘણેરી રે, શેરી આવી સાંકડી રે;
મેંતો માંહી મરમ લખીને રે, નાંખી ફુલ પાંખડી રે. ૩

* "ડોલતારે" પાઠાન્તર

ચતુરાઈ અદ્‌ભુત દીઠી રે, સુંદર વર કહાનમાં રે;
ફુલ દડો ઉંચો ઉછાળી રે, સમજાવી સાનમાં રે. ૪
નેણુમાં નેહ ઘણેરા રે, મધુરાં હાસ્ય કરીને રે;
ચાલ્યા પ્રેમસખીનો વહાલો રે, મન ચીત પ્રાણુ હરીને રે. ૫

પદ ૧૯૩૮ મું

સખી અલબેલે વહાલે રે, કામણુ મને કીધલાં રે;
મોરલીમાં મંત્ર ભણીને રે, મન મારાં લીધલાં રે. ૧
મોહનજીએ મોહની નાંખી રે, મીઠા મીઠા વેણુની રે;
કાળજડું કોરીને પેઠી રે, ચપળતા નેણુની રે. ૨
સખી જલ ભરવા ગઈતી રે, જમુનાના ઘાટમાં રે;
અચાનક આવીને મળિયા રે, ભુજ ભરી વાટમાં રે. ૩
તે દહાડાથી ઘેલડી કીધી રે, નંદને ગોવાળિયે રે;
મ્હેની મુને વશ કરી લીધી રે, મોહન વનમાળિયે રે. ૪
મન મારું ઝંખીને રહ્યું રે, ક્યારે દેખું નંદનો લાલો રે;
હવે મ્હેની પ્રેમસખીને રે, ક્યારે બોલાવશે વહાલો રે. ૫

પદ ૧૯૩૯ મું

સખી મને પ્રીત બંધાણી રે, કોડીલા કહાનમાં રે;
નેણે મારે વાસજ કીધો રે, શામળિયાના વાનમાં રે. ૧
અધર રસ પાનજ કરવા રે, વશ થયા નાથને રે;
પ્રેમે ઉર ઉપર ધરવા રે, ભુજદંડ હાથને રે. ૨
સખી એને લાલચ લાગી રે, વહાલાના અંગમાં રે;
મગન થઈ ભમતા ફરેછે રે, મોહનજીના સંગમાં રે. ૩
શિવસનકાદિક જેવા રે, જેને ખોળતા જઈ ફરેછે રે;
તે રસ લોચન મારાં રે, સખી નિત્ય પાન કરે છે રે. ૪
મોટા મોટા મહામુનિના રે, ધ્યાનમાં મોહન નાવે રે;
કૃપા કરી પ્રેમસખીને રે, વહાલો નિત્ય લાડ લડાવે રે. ૫

પદ ૧૯૪૦ મું–રાગ ગરબી

અષાડે આનંદકારી રે, અમથી અળગા કેમ થયા છો—એ ઢાળ છે

મારા સમ મોહન તમને રે, સાચું બોલો શામળિયા; મારા૦ ટેક.
અલબેલા કેમ ઉદાસી રે, કહોને પ્રીતમ પાતળિયા. મારા૦ ૧
અણિયાળાં નેણ રંગીલાં રે, ચંચળ મોહન મરમાળા;
બોલો છો પરવશ સરખા રે, છેલ છબીલા છોગાળા. મારા૦ ૨
મોહન ક્યાં મનડું લોભાણું રે, નયણે* નિંદ્રા નવ આવે;
ચિતડામાં ચટકી લાગી રે, ભોજનિયાં તે નવ ભાવે. મારા૦ ૩
શણગાર સજ્યા રસ રંગે રે, પ્રેમેસું કમરું કસીયું;
થયા નટવર વેશે મોહન રે, ચીતડું તો બીજે જઈ વસીયું. મારા૦ ૪
ક્યાં જાશો મોહન રસિયા રે, અમને મેલી ગીરધારી;
મધરાતે રંગના ભીના રે, જીવન થયા છો અસવારી. મારા૦ ૫
મનડાંની વાતું મોહન રે, કાંઇક અમને કહેતા જાઓ;
નહીં તો તમ સંગે રસિયા રે, પ્રેમસખીને લેતા જાઓ. મારા૦ ૬

પદ ૧૯૪૧ મું

મેલીને મારગ લાગ્યા રે, કઠણ હિયાના ગીરધારી; મેલી૦ ટેક.
ચીતડાં ચોરીને ભાગ્યા રે, રડતી મેલી વ્રજનારી. મેલી૦ ૧
પાતળિયા પીડ ન જાણી રે, મનમોહનજી મરમાળા;
દરદીપર દયા ન આણી રે, કપટી અંતર છો કાળા. મેલી૦ ૨
અમ સાથે અંતર કીધો રે, મીઠા બોલા રંગરસિયા;
છબીલા છેહજ દીધો રે, અલબેલીને મન વસિયા. મેલી૦ ૩
શામળિયા સ્નેહજ તોડ્યો રે, પ્રાણજીવન છોજી વહાલા;
કોઇ રંગભીનીસું જોડ્યો રે, નાગર નટવર નંદલાલા. મેલી૦ ૪
મારા સમ ન ઘટે તમને રે, અલબેલી સુંદર ભાળી;
વલખંતાં મેલ્યાં અમને રે, ગયા છો મોહન વનમાળી.† મેલી૦ ૫

* "નેણે" પાઠાન્તર. † "વલખંતા મેલી અમનેરે, રે જાવું મોહન વનમાળી" પાઠાન્તર છે.

ત્યાં જઇને છેલ છબીલા રે, મોહનજી શું લલચાવો;
તમ પાસે રંગના ભીના રે, પ્રેમસખીને બોલાવો. મેલી૦ ૬

પદ ૧૯૪૨ મું

વ્રજવનિતા વ્યાકુળ રસિયા રે, વાટડલી જોવે વહાલા; વ્રજ૦ ટેક.
મનગમતા ક્યારે મળશો રે, છેલ છબીલા નંદલાલા. વ્રજ૦ ૧
વિજોગે વ્યાકુળ વહાલા રે, પ્રાણજીવનને સંભારી;
નયને આંસુની ધારા રે, ક્યારે દેખું ગીરધારી. વ્રજ૦ ૨
સનેહિ સુધ બુધ ભુલી રે, વ્રહની વેદના છે ભારી;
અણિયાળાં નેણનાં બાણે રે, મોહન ગયા છો મારી. વ્રજ૦ ૩
લટકાળા લટકાં તમારાં રે, ચીતડું મારું ચોરે છે;
મુખનો મરકલડો મોહન રે, કાલજડું ઘણું કોરે છે. વ્રજ૦ ૪
નટવર વેષે વનમાળી રે, ચીતડે આવી અટકો છો;
હું તો કેમ કરી વીસારું રે, રસિયાજી ઘણું ખટકો છો. વ્રજ૦ ૫
અબળાની અરજી માવા રે, દુઃખડાં કાપો આવીને;
વહાલા પ્રેમસખીના રસિયા રે, સુખ આપો બોલાવીને. વ્રજ૦ ૬

પદ ૧૯૪૩ મું

વહાલમજી વેહેલા વળજો રે, છેલ છબીલા છોગાળા; વહા૦ ટેક.
વનમાળી વીલંબ ન કરશો રે, પ્રાણજીવન છો લટકાળા. વહા૦ ૧
પરદેશી રસિયા આવો રે, મોહન મારા મનગમતા;
નટવર આંખડલીને આગે રે, દેખું જમતા ને રમતા. વહા૦ ૨
અલબેલા વાનજ વાળો રે, રસિયા અધરામૃત પાને;
તનડાના તાપજ ટાળો રે, પ્રીતમ દરશનને દાને. વહા૦ ૩
રંગરસિયા આવીને મળશો રે, સુખડા તો ત્યારે થાશે;
સુંદર મુખ જોયા વીના રે, જીવડલો નિશ્ચે જાશે. વહા૦ ૪
આવીને શ્યામ સલુણા રે, વાળો રંગડાની રેલું;
લટકાળા લટકાં માંહિ રે, ગોકળિયું કરજો ઘેલું. વહા૦ ૫
મોહનજી મોહ પમાડો રે, છોગાળા છોગાં મેલી;
મુખને મરકલડે રસિયા રે, પ્રેમસખીને કરજો ઘેલી. વહા૦ ૬

પદ ૧૯૪૪ મું—રાગ ગરબી

હાંરે શાને રોકો છો શ્યામ, જાવા દ્યોને મોહન રસિયા;
વહાલા મારે ઘેર છે કામ. જાવા૦ ટેક.
ગોકુળની અમે ગ્વાલણી, માથે મહીના હો માટ;
નિત્ય ઉઠીને રે કહાનજી, વહાલા કેમ રોકો છો વાટ. જાવા૦ ૧
ગિરિધર ઘેલું ન બોલીયે, છોજી જાણ સુજાણ;
મારગ મેલીને રહો વેગળા, વહાલા શાનાં માગો છો દાણ. જાવા૦ ૨
અલવીલા આળ ન કીજીયે, મોટા થઇને મહારાજ;
મારો માં મોહન કાંકરી, વહાલા કાંઇક રાખોને લાજ. જાવા૦ ૩
છેલ બાજીએ નહિ છેડલે, મારો તુટશે હાર;
પાલવ મેલોને પાતળા, વહાલા માનો નંદકુમાર. જાવા૦ ૪
વાસ્યું કરોને વીઠલા, માનો રસિયા અલબેલા;
પ્રાણજીવન રહોને પાંસરા, વહાલા પ્રેમસખીના છેલ. જાવા૦ ૫

પદ ૧૯૪૫ મું

વારી લાલ બાજો શા માટ, મોહન મેલીને રહો વેગળા;
વહાલા મારું ફુટશે માટ. મોહ૦ ટેક.
વાલમ વનમાં ન દોડીયે, પરનારીને કેડ;
જીવન જોર ન કીજીયે, વહાલા કોઇની કરીએ ન છેડ. મોહ૦ ૧
રસિયાજી રીશ ન કીજીયે, નથી લીધાની રીત;
કહ્યું માનોને કહાનજી, વહાલા નહીં તો થાશો ફજીત. મોહ૦ ૨
મોહન મરમ ન કીજીયે, ઝાઝાં શીખો માં ફેલ;
ગાયું ચારો ને રહો પાંસરા, વહાલા સુધા થાઓ માં છેલ. મોહ૦ ૩
કેટલુંક સાંખીએ કહાનજી, વહાલા નંદકુમાર;
વિચારીને બોલજો વાલમાં, વહાલા દાણ લેતાં છે વાર. મોહ૦ ૪
લાડકડા લાડ ન કીજીયે, કહું છું જોડીને હાથ;
અલબેલા આછું ન બોલીયે, વહાલા પ્રેમસખીના નાથ. મોહ૦ ૫

પદ ૧૯૪૬ મું

વહાલા મારૂં ફાટશે ચીર, તાણો માં સુંદર શામળા;
હાંરે માનો મોહન આહિર. તાણો૰ ટેક.
મહીની મટુકી મારી ફુટશે, ઘેર થાશે હો જાણ;
સાસુ તે મારી ખીજશે, વહાલા થાશે ગોરસની હાણ. તાણો૰ ૧
વનમાળી વનમાં ફરો, વિણી ખાઓને બોર;
તમે ને શું જાણો દાણમાં, વહાલા ચારી જાણો છો ઢોર. તાણો૰ ૨
આળ કરોને બાજે ઓઢણે, ફોડો મહીના હો ઠામ;
રસિયા શું જાણો રીતમાં, વહાલા આ તો ધુતારાનાં કામ. તાણો૰ ૩
મોર મુગટ માથે ધર્યો, પેહેર્યા ગુંજાના હાર;*
શું રે ફુલો છો લાડકા,† હાંરે વહાલા નંદકુમાર. તાણો૰ ૪
કામણગારી તમારી આંખડી, કામણગારાં હો વેણ;
સાન કરો છો સેનમાં, વહાલા પ્રેમસખીના સેણ. તાણો૰ ૫

પદ ૧૯૪૭ મું

વહાલા મારી કરો માં છેડ, મારા સમ મોહન તમને;
વહાલા નહીં તો થાશે વઢવેડ, મારા સમ મોહન તમને. મારા૰ ટેક.
છાના આવીને છેલજી, તોડી મોતીની માળ;
હાથ જોડું છું રહો વેગળા, વહાલા નહી તો ખાશો હો ગાળ. મારા૰ ૧
બાંહ મરોડી ભાંગ્યો ચુડલો, વાર્યું કરતાં હો છેલ;
લાડકવાયા તમારા બાપને, વહાલા ઝાઝા શીખોમાં ફેલ. મારા૰ ૨
પાલવ તાણીને ફાડી ચુંદડી, નથી રાખતા હો બ્હીક;
જોર વધ્યું છે જાદવા, હવે તમને કરીશ ઠીક. મારા૰ ૩
લજ્યા લોપો સૌ દેખતાં, લેવા મહીના હો દાણ;
કોડી તે એક આપું નહી, વહાલા મુને નંદજીની આણ. મારા૰ ૪
મુકોને નિર્લજ નંદનાં, મુને ચડી છે રીશ;
દહાડી તે કેટલુંક સાંખીએ, વહાલા પ્રેમસખીના ઈશ. મારા૰ ૫

---

* "મોર મુકુટ માથે ધરી પેહેરી ગુંજાના હાર" પણ ગાય છે. * "ફાંકડાં" પાઠાન્તર છે.

પદ ૧૯૪૮ મું–રાગ ગરબી

ઓરા આવોને વારી જાઉં લાલ રે, નંદના નંદનજી;
જોઈ મોહી તમારી ચાલ રે, નંદના નંદનજી. ૧
મુખ બોલો મધુરાં વેણુ રે, નંદના નંદનજી;
રુડા લાગે અણીઆળા નેણુ રે, નંદના નંદનજી. ૨
કર્યા તીલક કેસરના ભાલ રે, નંદના નંદનજી;
રુડા શોભો છો રસિક રસાલ રે, નંદના નંદનજી. ૩
ગળે પહેર્યા છે ફુલડાના હાર રે, નંદના નંદનજી;
જોઈ મોહી છે વ્રજની નાર રે, નંદના નંદનજી. ૪
ઓઢી ઉભા છો સુંદર ફેંટો રે, નંદના નંદનજી;
મુને એમના એમ આવી ભેટો રે, નંદના નંદનજી. ૫
એક વિનતિ અમારી ઉર ધારજો રે, નંદના નંદનજી;
પ્રેમસખીને મા વિસારજો રે, નંદના નંદનજી. ૬

પદ ૧૯૪૯ મું

વહાલા આવો સોંપુ એક કામ રે, પ્રાણુના જીવનજી;
છો પતીતપાવન નામ રે, પ્રાણુના જીવનજી. ૧
હું તો છું અતિ અબળા નાર રે, પ્રાણુના જીવનજી;
મારે એક તમારો આધાર રે, પ્રાણુના જીવનજી. ૨
છું સર્વે અંગે દીન રે, પ્રાણુના જીવનજી;
વળી ગુણુ રહિત કુળ હીન રે, પ્રાણુના જીવનજી. ૩
એવું જાણીને મુને મા વિસારજો રે, પ્રાણુના જીવનજી;
વહાલાતંબોળીનાપાનજ્યુંસંભારજોરે, પ્રાણુના જીવનજી. ૪
સંભારશો તો રહેશે ઠીક રે, પ્રાણુના જીવનજી;
નહીં તો જાશે તમારી ટેક રે, પ્રાણુના જીવનજી. ૫
મારે તમ વિના નથી બીજું ઠામ રે, પ્રાણુના જીવનજી;
પ્રેમસખી કહે છે ખાઈ સમ રે, પ્રાણુના જીવનજી. ૬

પદ ૧૯૫૦ મું

તમ પાસે માગું જોડી હાથ રે, મોહન મન ગમતા;
આપો કૃપા કરી *નાથ રે, મો૦ મ૦ ગ૦. ૧
કપટ રાખો તો નંદજીની આણુ રે, મો૦ મ૦ ગ૦;
મને વિસારજો માં જીવનપ્રાણુ રે, મો૦ મ૦ ગ૦. ૨
આપો તમારા જનનો સંગ રે, મો૦ મ૦ ગ૦;
તેણે ચઢે તમારો રંગ રે, મો૦ મ૦ ગ૦. ૩
મારી સામું જોતા રહેજો રે, મો૦ મ૦ ગ૦;
ક્યાંઈ બંધાવા ન દેજો રે, મો૦ મ૦ ગ૦. ૪
મુને આપો અખંડ એવી પ્રીત રે, મો૦ મ૦ ગ૦;
તમ વીના ન જાયે બીજે ચીત રે, મો૦ મ૦ ગ૦. ૫
બીજાં સર્વે દુઃખ મારા કાપો રે, મો૦ મ૦ ગ૦;
રાધાનાં જેવાં સુખ આપો રે, મો૦ મ૦ ગ૦. ૬
એક બીજી કૃપા મને કરો રે, મો૦ મ૦ ગ૦;
રાધાની પેઠે †વરો રે, મો૦ મ૦ ગ૦. ૭
એ ભલામણુ છે તમને મીત રે, મો૦ મ૦ ગ૦;
પ્રેમસખી થઈ છે નચીંત રે, મો૦ મ૦ ગ૦. ૮

પદ ૧૯૫૧ મું

મુને વહાલા છો પ્રાણુથી નાથ રે, સુંદર શામળિયા;
મારો જીવડો ફરે છે તમ સાથ રે, સુંદર શામળિયા. ૧
મારા નેણું ચકોર તમે ચંદ રે, સુંદર શામળિયા;
તમને જોઉં ત્યારે આનંદ રે, સુંદર શામળિયા. ૨
પ્રીત કોયલ તમે રુતુરાજ રે, સુંદર શામળિયા;
તમ વિના થાયે છે ઘણી દાઝ રે, સુંદર શામળિયા. ૩
મારું ચિત્ત ચાતક સ્વાત શ્યામ રે, સુંદર શામળિયા;
તમ વિના બીજું હરામ રે, સુંદર શામળિયા. ૪

---

* "દીનાનાથરે" પાઠાન્તર છે. † "મને" વરોરે, "આવી વરો રે" પાઠાન્તર છે.

મન મીન તમે સાગર પીવ રે, સુંદર શામળિયા;
તમ વિના તલપી જાયે જીવ રે, સુંદર શામળિયા. ૫
ઘન શ્યામ તમે હું છું મોર રે, સુંદર શામળિયા;
તમ વીના મરું છું કરી શોર રે, સુંદર શામળિયા. ૬
હું તો ભમર કમળ તમે માવ રે, સુંદર શામળિયા;
આજ આવ્યો છે મારો દાવ રે,* સુંદર શામળિયા. ૭
તારા મુખડા જોયાની તાણ રે, સુંદર શામળિયા;
આવો પ્રેમસખીના પ્રાણ રે, સુંદર શામળિયા. ૮

પદ ૧૯૫૨ મું–રાગ ગરબી

મારે મંદરિયે પધારો રસિયા છેલજી;
મેંતો સેજલડી સમારી ફુલડે સાર.
આવો લટકા કરતાં લટકાળા અલબેલજી;
ઉભી વાટડલી જોઉં છું પ્રાણઆધાર. મારે૰ ૧
હું તો રીજી છું રસિયાવર જોઈ રૂપને;
મારા પ્રીતમ પ્રાણસનેહી શ્રીઘનશ્યામ.
રસિયા જોઇને જીવું છું રૂપ અનુપને;
હું તો શ્વાસોશ્વાસે રટું તમારું નામ. મારે૰ ૨
પહેરો પાતાળયા પીતાંબર મન મારે ભાવતું;
ઓઢો ઉજ્વળ શેલું છેડે સોના તાર.
મુજને વહાલા બહુ લાગો છો મંદિર આવતા;
મારા નાથ મનોહર હૈડા કેરા હાર. મારે૰ ૩
મારું ચિતડું તો ચોરાણું છેલા ચાલમાં;
જોઇને વશ થઇ છું વનમાળી સુંદર હાસ.
મુજને હરતાં ફરતાં બોલાવો છો વહાલમાં;
મારે પ્રેમાનંદ કહે એક તમારી આસ. મારે૰ ૪

પદ ૧૯૫૩ મું

વાગી વાગીરે વહાલાની સૈયર ચાંખડી;
આવે અલબેલોજી અબળાના આધાર.

---

* 'આજ આવ્યા છો મારે દાવરે" પાઠાન્તર છે.

ચાલે ચટચટ ઝટપટ મદન મનોહર આંખડી;
આવે જોતાં જોતાં નેણુતણા શણુગાર. વાગી० ૧
હુંતો હરખ ભરી ઉઠીને આવી બારણે;
જોયા આંગણીયામાં જીવન શોભાસુર.
લાવી થાળ ભરી મોતીડો કેશવ કારણે;
મેં તો વધાવ્યા વનમાળી જોબનપુર. વાગી० ૨
હુંતો જોઇને મોહીરે સુંદર મૂરતિ;
હુંતો વારણીયાં લઇને લાગી પાય.
શી કહું શોભારે સલુણા અંગની પુરતી;
હુંતો કર સાહી લઈ ચાલી મંદિરમાંય. વાગી० ૩
મેંતો ઢોલીડે પધરાવ્યા પુરણચંદને;
પ્રીતે સેવા મેવા સુંદર ભોજન પાન.
હું તો પ્રેમાનંદના સ્વામી આનંદકંદને;
ભેટી અંક ભરીને કૃષ્ણપતિ ગુણવાન. વાગી० ૪

પદ ૧૯૫૪ મું

સૈયર શામળિયોજી આવે સામા શેરીએ;
જોને જોયા જેવા શોભે સુંદર વેષ.
ઉઠને આતુર થઇને સુંદર મુખડું હેરીએ;
એનો મહિમારે ગાયે છે શારદ શેષ. સૈય० ૧
એને શિવસનકાદિક શુકજી સરખા ચ્હાય છે;
એનો કમળા કેડો ન મેલે ક્ષણું એક.
એતો બ્રહ્મમોહોલના સ્વામી કેશવરાય છે;
એને જોવા મોટા ભુપતિ પેહેરે ભેખ. સૈય० ૨
એનાં દરશન દુર્લભ દેવમુનિસુરરાજને;
એતો સુલભ થયા છે કૃપા કરી મહારાજ.
એને અંતરમાં રાખ્યાનો અવસર આજને;
સજની સફળ કરો નિરખીને સરવે કાજ. સૈય० ૩

સૈયર વહાલાજીથી વહાલું કોઈ નવ રાખીએ;
બીજાં મિથ્યા સરવે સગાં કુટુંબ પરિવાર.
પ્રેમાનંદના સ્વામી ઉપર તન વારી નાંખીએ;
સાચા અંત સંગાથી શામળિયો શિરદાર. સૈય૦ ૪

પદ ૧૯૫૫ મું

મારાં લોચનિયાં લોભાણાં જોઈ નાથને;
ઉભા આંગણિયામાં સુંદર શોભાધામ.
રસિયો સાન કરી સમજાવે સૈયર સાથને;
મોહન મરમાળો મનગમતા સુંદરસ્યામ. મારા૦ ૧
બાંધી પાઘડલી પેચાળી નૌતમ ભાતની;
લટકે ડોલરીયાના તોરા પરમ અનૂપ.
શોભે મૂર્તિ રૂપાળી કમળા કાન્તની;
જોઇને મગન થઈ વ્રજનારી સુંદર રૂપ. મારા૦ ૨
કીધું તિલક મનોહર કેસર કેરું ભાલમાં;
શોભે ઉરમાં સુંદર ફુલડા કેરા હાર.
મનડું લોભાણું છે મારું ગજગતિ ચાલમાં;
હું તો હરખભરી નિરખું વારમવાર. મારા૦ ૩
ઓઢી અલબેલે ઉપરણી રેશમ કોરની;
કીધી ગૌર શરીરે સુંદર ચંદન ખોર.
વાગી પ્રેમાનંદના સ્વામિ ચીતચોરની;
રેખું આંખડલીની જાદુગારી જોર. મારા૦ ૪

પદ ૧૯૫૬ મું–રાગ ગરબી

સુંદર વર વીઠલો રે, બેની ઉભલા જમુનાના તીર રે વેણુ વજાડી રે; ટેક.
સુરનરમુનિ સરવે સાંભળી રે, બેની ના રહી અંતરે ધીર રે. વેણુ૦ ૧
મોરલીમાં રાગ આલાપીયા રે, બેની ગુણવંત સુંદર શ્યામ રે; વેણુ૦
ત્રણ ભુવન સ્વર સાંભળી રે, બેની આવ્યા જોવા તજી ધામ રે. વેણુ૦ ૨
સરવનાં ચીત વહાલે ચોરીયાં રે, વેણુ વાઇને નંદકુમાર રે; વેણુ૦
અચલ સમાધી શિવની રે, બેની સાંભળીને નિસરયા બા'ર રે. વેણુ૦ ૩

થલચર જલચર ઘેલડા રે, સરવે કીધલાં નટવર વેષ રે; વેણુ૦
સુરપતિ જોવે આકાશમાં રે, પાતાળે ડોલીયો શેષ રે. વેણુ૦ ૪
ઉભલા જમુના કાંઠડે રે, વહાલો સુંદર મોરલી હાથ રે; વેણુ૦
મોરલીમાં મોહ પમાડીયાં રે, સરવે પ્રેમસખીને નાથ રે. વેણુ૦ ૫

પદ ૧૯૫૭ મું

સાંભળ સૈયર વાંસળી રે, વહાલો વાયે છે વિરહને જોર રે,
મોહ પમાડતા રે; ટેક.
મોરલીમાં મન લીધલાં રે, બેની લાડીલે નંદકિશોર રે. મોહ૦ ૧
સાત સ્વર ત્રણ ગ્રામમાં રે, વહાલો વાયે છે બલભદ્ર વીર રે; મોહ૦
ખગ મૃગ તૃણ તજી સાંભળે રે, જાણે બેઠા મુનિવર ધરી ધીર રે. મોહ૦ ૨
કોકીલાએ રાગ આલાપીયા રે, માંહી મધુકર પુરે છે સ્વર રે; મોહ૦
મૃદંગ વજાડે પંખી સારસા રે, નાચે છે નટવા મોર રે. મોહ૦ ૩
ચાતુક ગાંધવ પ્રેમમાં રે, બેની ગાયે છે રૂપાળાં ગાન રે; મોહ૦
લટકાં કરીને નંદલાલજી રે, તોડે છે વચમાં તાન રે. મોહ૦ ૪
આવ્યા જોવાને સરવે દેવતા રે, લાવ્યા છે દેવીયું સાથ રે; મોહ૦
પુલડે વધાવી લીગે મીઠડાં રે, જોઈ પ્રેમસખીનો નાથ રે. મોહ૦ ૫

પદ ૧૯૫૮ મું

વદાવનમાં વાંસળી રે, વાયે છે નંદાજીનો લાલ રે મનડાં લીધલાં રે; ટેક.
કાલજડાની કોરમાં રે, બેની ખટકે છે જાણીગે ભાલ રે. મન૦ ૧
મોરલીમાં મોહન મીઠડો રે, બેની ગાયે છે મધુરાં ગીત રે; મન૦
સાંભળતાં સુધ વિસરી રે, બેની ચોર્યાં છે નટવરે ચીત રે. મન૦ ૨
ઘેલી કીધીરે મને ગીતમાં રે, લટકાલે લાલ ગોવિંદ રે; મન૦
ચટકી લાગી મારા ચીતમાં રે, બેની નયને ન આવે નિંદ રે. મન૦ ૩
પરવશ થઈ છું પ્રેમમાં રે, બેની કાંઈ નવ સુઝે કામ રે; મન૦
જાઈશ હાવે વૃંદાવનમાં રે, જોવા પ્રેમસખીનો શ્યામ રે. મન૦ ૪

પદ ૧૯૫૯ મું-રાગ ગરબી

ઉભારે અલબેલો રે વહાલો, જીવન જમુના તીરે રે;
કેસરખોર કરેલી રે રૂડી, સુંદર શ્યામ શરીરે રે. ૧

પાઘડલી પેચાળી રે બાંધી, ડોલરીયે મન હરવા રે;
મોરલડી મરમાળી રે વાગે, વ્રજનારી વશ કરવા રે. ૨
છોગલિયાં લટકાવ્યાં રે છેલે, પેહેર્યા હાર હજારી રે;
બાજુ કાજુ બાંધ્યા રે હાથે, બાનકની બલિહારી રે. ૩
હસતા હસતા હેરે રે સામું, પ્રીતમ કરવા પ્રીતિ રે;
શોભેરે શામળિયો રે વહાલો, કેશવ કામને જીતી રે. ૪
વાંસલડી વાઇને રે વહાલે, ચીત હરીને લીધું રે;
પ્રેમાનંદને વહાલે રે કહાને, ગોકુલ ઘેલું કીધું રે. ૫

પદ ૧૯૬૦ મું

આજ સૈયર શામળિયોરે વહાલો, શેરડીએ મને મળિયા રે;
ઘુંઘટ ઓટ દઇને રે જોયા, સુંદર વર અતિ છળિયા રે. ૧
તરછી નજરતણી રે બરછી, મારીને હરિ હસીયા રે;
હાસસહિત શામળિયોરે મારા, અંતરમાં આવી વસીયા રે. ૨
રૂપ જોઈ રંગભીના રે જીવું, લાજ તજી લલચાણી રે;
જીવડલો ગુલતાન રે થયો, સુણતાં મુખની વાણી રે. ૩
આંખડલી અણિયાળી રે રૂડી, નૌતમ નેહ ભરેલી રે;
દીલડું મારું ડોલ્યું રે જોઈ, પાઘડલી અલબેલી રે. ૪
કોડીલા કહાનાને રે જોઈ, સૈયર હું લોભાણી રે;
પ્રેમાનંદના વહાલા રે સાથે, પુરણ પ્રીત બંધાણી રે. ૫

પદ ૧૯૬૧ મું

નેણાં નટવરજીના રે લાગ્યાં, અંતરમાં અણિયાળા રે;
કાલજડું કોરીને રે પેઠા, મરમ ભર્યા મરમાળા રે. ૧
નિરમળ કમળ સરીખાં રે રૂડાં, સુંદર રેખું રાતી રે;
જોઇને જાદવરાયને રે મળવા, આવે ભરાઈ છાતી રે. ૨
કામણગારાં નેણાં રે એના, જોઇને જીવ લોભાયે રે;
ત્રિભુવનમાં એવી કોઈ રે નારી, જોતાં વશ નવ થાયે રે. ૩
અણિયાળાં નેણાંની રે સાને, પ્રીતમ પ્રાણ હરે છે રે;
ડાહી કમળા સરીખી રે એની, કેડે કેડે ફરે છે રે. ૪

હસતા હસતા હેરે રે સામું, એ સુખ નવ કહેવાયે રે;
પ્રેમાનંદ એ નેણા રે ઉપર, સરવસ વારી જાયે રે. ૫

પદ ૧૯૬૨ મું

કામણ મુજને કીધાં રે બેની, કહાન કામણગારે રે;
મનડું મારું લીધું રે એને, નેણુંને નજારે રે. ૧
સાંમો મુજને મળિયો રે વહાલો, નંદરાયની શેરી રે;
લટકાં કરતાં આવે રે કેશવ, ચાંખડીયું રૂડી પેરી રે. ૨
નંદકુંવરને જોઈ રે હુંતો, લાજ કરી શરમાણી રે;
અલબેલે આવીને રે મારી, નવરંગ ચુનડ તાંણી રે. ૩
આંખડલીને ચાળે રે મારા, દલડાને ડોલાવ્યું રે;
હસતું મુખડું જોઈ રે મારા, મનડામાં ઘણું ભાવ્યું રે. ૪
હાસસહિત અલબેલો રે મારા, અંતરમાં આવી વસિયો રે;
પ્રેમાનંદનો વહાલો રે કહાનો, છેલ છબિલો રસિયો રે. ૫

પદ ૧૯૬૩ મું—રાગ ગરબી

લટકંતો આવે લેરખડો લટકંતો આવે; લેર૦ ટેક.
શ્રીઘનસ્યામ સુંદર વર સજની મન મારે ભાવે. લેર૦ ૧
સુંદર વદન કમલદલલોચન સાને સમજાવે. લેર૦ ૨
ઉર વનમાલ પીતાંબર પેહેરી ચીતડું લલચાવે. લેર૦ ૩
પ્રેમાનંદનો નાથ મનોહર મધુરે સ્વરે ગાવે. લેર૦ ૪

પદ ૧૯૬૪ મું

લટકંતી ચાલે આવે વહાલો લટકંતી ચાલે; આવે૦ ટેક.
નટવર વેશ ધર્યાં અતિ સુંદર નંદતણે લાલે. આવે૦ ૧
ઉરપર હાર પાઘડલીમાં તોરો, તિલક લલિત ભાલે. આવે૦ ૨
મોરલી અધર ધરી વ્રજનારી વશ કીધી વહાલે. આવે૦ ૩
પ્રેમાનંદ કહે મન હરી લીધું ઝીણે દુશાલે. આવે૦ ૪

પદ ૧૯૬૫ મું

ચટચટ ચાખડલી વાગે રૂડી ચટચટ ચાખડલી; વાગે૦ ટેક.
ઝટપટ આવે શ્યામ મનોહર હાથ માળા કડલી. વાગે૦ ૧

ઉરપર હાર સુંદર બેઉ હાથે બાંધી છે રાખડલી. વાગે૦ ૨
મદન મનોહર રૂપ જોઇને ઠરી છે આંખડલી. વાગે૦ ૩
પ્રેમાનંદનો નાથ જોયાની લાગી છે ધાંકડલી. વાગે૦ ૪

પદ ૧૯૬૬ મું

મોહન મન હરતા આવે વહાલો મોહન મન હરતા; આવે૦ ટેક.
સુંદર ચરણુ કંકોલેલ રુડાં ધીરે ધીરે ધરતા. આવે૦ ૧
બાંધી પાઘ અલૌકિક ઉજ્વલ તોરા ખોસ્યા ફરતા. આવે૦ ૨
હસતા હસતા આંખડલીની સાન સુંદર કરતા. આવે૦ ૩
પ્રેમાનંદનો નાથ મળ્યા મને શેરીયે નીસરતા. આવે૦ ૪

પદ ૧૯૬૭ મું–રાગ ગરબી

ઓરા આવોને સુંદર શ્યામ રે, શામળિયા ઓરા આવો; સામ૦ ટેક.
જીવન જોવું મૂરતિ, મારાં નેણાંરે શિતળ થાય.
તીલ જોઈ ડાબા કાનમાં, મારા ભવના પાતક જાય રે. સામ૦ ૧
શોભાવંત સોળે કળા, પરિપુરણ શ્રીમુખચંદ;
કૃપા રૂપી વરસતાં, અમૃત રસ આનંદકંદરે. સામ૦ ૨
એક ચિત્ત પ્રીતિ અતિ, જુવે નિજ જન કુમુદ ચકોર;
અમૃત દ્દષ્ટે સિંચતા, વળી હરતા ત્રિવિધિ ઘોર રે. સામ૦ ૩
અધર અરુણ નાસા લલિત, વળી કુંદકળી સમ દાંત;
પ્રેમાનંદના નાથજી, મારે જોયાની છે ખાંત રે. સામ૦ ૪

પદ ૧૯૬૮ મું

લોભાણી હું લેહેરી લાલરે, લેરખડા હું લોભાણી; લેર૦ ટેક.
માવ મનોહર મૂરતિ મારા મનમાંરે રાખ્યા લાગ.
મગન થઈ છું જોઇને અલબેલડા તારી પાઘ રે. લેર૦ ૧
તોરા લટકે પાઘમાં ગળે પે'ર્યા છે સુંદર હાર;
વિંટી રહ્યા છે વાલમા મધુકર તે મુનિ અપાર રે. લેર૦ ૨
ભાલ તિલક શોભા ઘણી જોઈ લાજેરે શશિ સુર;
મોહ્યા સારુ તમે કામને રચી ભ્રકુટી તે ભરપૂર રે. લેર૦ ૩

શોક સમુદર શોષવા તમે કરોરે સુંદર હાસ;
એ શોભા જોઈ રાજની થયો મગન પ્રેમાનંદ દાસ રે. લેર૦ ૪

પદ ૧૯૬૯ મું

તમે કીધલાં કામણ કહાન રે કામણિયાં તો કરેલાં; કામ૦ ટેક.
સામા મળિયા શેરીયે તમે હસતારે હસતા મીત.
હેડુ કીધું મારું હાથમાં લગાડીને મોહન પ્રીત રે. કામ૦ ૧
સુતાં બેઠાં સાંભરો મારે હાથ ન લાગે કામ;
જોયા વિના જંપ ના વળે રૂપાળા શ્રીઘનશ્યામ રે. કામ૦ ૨
કેશવ જોવા કારણે મેં તો મેલીરે કુળની લાજ;
દિવાની થઇને ફરું ડોલરીયા તારે કાજ રે. કામ૦ ૩
એ દુરિજન દીઠા નવ ગમે મને ન ગમે તેનો સંગ;
પ્રેમાનંદના નાથજી મને લાગેલ તારો રંગ રે. કામ૦ ૪

પદ ૧૯૭૦ મું-રાગ ગરબી

શી કહું શોભા આજની શોભે સુંદર શ્યામ; લટકે લોભાણી૦ ટેક.
અલબેલા વર ઉપરે વારું કોટિક કામ. લટકે લોભાણી૦ ૧
આંટો દઈ અલબેલડે બાંધી પાઘ અનૂપ; લટકે લોભાણી૦
તોરા મેલ્યા લટકતા જોઇને રીઝી રૂપ. લટકે લોભાણી૦ ૨
ચંદન ચરચ્યાં અંગમાં હૈડે સુંદર હાર; લટકે લોભાણી૦
બાંહે બાજુબંધ બેરખા કાને કુંડલ મકરાકાર. લટકે લોભાણી૦ ૩
નિરખી નટવર નાથને મારું લોભાણું છે મન; લટકે લોભાણી૦
પ્રેમાનંદ છબી ઉપરે બલિહારી તન મન ધન. લટકે લોભાણી૦ ૪

પદ ૧૯૭૧ મું

કેસર ભીનો કહાનજી રસિયો જાદવરાય; છેલ છોગાળો૦ ટેક.
નિરખીને નેણાં ઠરે મારે હૈડે હરખ ન માય. છેલ છોગાળો૦ ૧
નવલ મનોહર મૂરતિ મોહન ભીને વાન; છેલ છોગાળો૦
વાયે મધુરી મોરલી ગાયે રસિલી તાન. છેલ છોગાળો૦ ૨
કામણગારી આંખડી કામણગારાં નેણ; છેલ છોગાળો૦
રંગભીના અલબેલના મુને વહાલાં લાગે વેણ. છેલ છોગાળો૦ ૩

હસતા સામું હેરતા લટકાલો નંદનો લાલ; છેલ છોગાળો૦
પ્રેમાનંદનો નાથજી ચાલે ગજગતિ ચાલ. છેલ છોગાળો૦ ૪

પદ ૧૯૭૨ મું

સયર જોને શ્યામની છબી અનોપમ આજ; મનડું લોભાણું૦ ટેક.
કનક સિંઘાસન ઉપરે બેઠા શ્રીમહારાજ. મનડું લોભાણું૦ ૧
મોરમુગટ મસ્તક ધર્યો કેસર તિલક ભાલ; મનડું લોભાણું૦
મક્રાકૃત બેઉ કાનમાં અધરબિંબ અતિ લાલ. મનડું લોભાણું૦ ૨
હેમકડાં બેઉ હાથમાં બાંધે બાજુબંધ; મનડું લોભાણું૦
ઉર આભૂખણ પેરતા અતિ શોભે આનંદકંદ. મનડું લોભાણું૦ ૩
કટિમેખલા અતિ ઓપતી પાયે ઝાંઝરના ઝમકાર; મનડું લોભાણું૦
અંગોઅંગ છબી ઉપરે જાયે પ્રેમાનંદ બલિહાર. મનડું લોભાણું૦ ૪

પદ ૧૯૭૩ મું—રાગ ગરબી

સુંદર શ્યામ છબીલા છેલડા રંગભીના નંદકુમાર;
વાઓ મધુરી મોરલી મારા હૈડાંકેરા હાર. સુંદર૦ ટેક.
મોહન મીઠી મીઠી વાઇને મોરલી વહાલા ગાઇને સુંદર ગીત;
આંખડલીની સાનમાં રે મારું ચોરી લીધું ચીત. સુંદર૦ ૧
જીવન જોઈ રૂપાળી મૂરતિ ગજગતિ સુંદર ચાલ;
લટકાં કરતાં લાડકડા તમે ચાલો છો નંદલાલ. સુંદર૦ ૨
રુડું કેસર તિલક ભાલમાં જોઈ મોહ્યા ત્રણ લોક;
હસતા આવો હેતમાં રે ટાળો વ્રજનારીનો શોક. સુંદર૦ ૩
તમને જોઇને કુંવર નંદના મારાં નેણાં શિતળ થાય;
પ્રેમાનંદના નાથજી આવો રાખું નેણાં માંહ્ય. સુંદર૦ ૪

પદ ૧૯૭૪ મું

ઉભા રહોને અલબેલડા વહાલા છોગાવાળા છેલ;
લાગી મોહન મોહનીરે તારા મુખડાની અલબેલ. ઉભા૦ ટેક.
સુંદર મુખ દીઠે સુખ ઉપજે જોઈ નેણાં શિતળ થાય;
મળવા મોહનલાલજી તમને મન મારું અકળાય. ઉભા૦ ૧

નૌતમ તોરા લટકે પાઘમાં હેડે મોતિડાનાં હાર;
બાંયે બાજુબંધ બેરખારે રૂડા શોભો છો નંદકુમાર. ઉભા૦ ૨
રૂડાં પે'ર્યાં પીતાંબર પ્રેમસું ઓઢી ઉપરણી અનૂપ;
ઘેલડી ગોકુલ ગામની નારી જોઇને સુંદર રૂપ. ઉભા૦ ૩
તમે રૂપઉજાગર સુખના સાગર છોગાળા ઘનશ્યામ;
પ્રેમાનંદના નાથજી મારા પ્રાણ છો પુરણકામ. ઉભા૦ ૪

પદ ૧૯૭૫ મું

વારી જાઉં છબીપર છેલજી નટનાગર નંદકિશોર;
અટકી આવીને ઉરમાં ઝીણી ઉપરણીની કોર. વારી૦ ટેક.
રાજનું મુખ દીઠે દુઃખ વિસરે સુખ ઉપજે અંગોઅંગ;
ભુજ ભરી ભરી ભેટતાં થાયે ભવરિપુનો ભંગ. વારી૦ ૧
સામું જોઇને સુંદર છેલડા કરો આંખડલીની સાન;
તાપ સમાવો તનના વ્રજજુવતિ જીવનપ્રાણ. વારી૦ ૨
વહાલી લાગે વાણી મુખની ગજગતિ ચાલ અનૂપ;
લટકાં કરતા ઉરમાં રહો રસિયા સુંદર રૂપ. વારી૦ ૩
મારું હૈડું કીધું હાથમાં વાઈ વાંસલડી ઘનશ્યામ;
પ્રેમાનંદના નાથજી વારું વારણે કોટિક કામ. વારી૦ ૪

પદ ૧૯૭૬ મું

ઓરા આવો નાગર નંદના જોવું જીવન સુંદર રૂપ;
નીલ કલેવર નિરખી મોહ્યા મદન કોટિક ભૂપ. ઓરા૦ ટેક.
સુંદર મુખની શોભા જોઇને થાયે વ્રજનારી ગુલતાન;
ચિતવે ચંદ ચકોરજ્યું વિસારી ભોજન પાન. ઓરા૦ ૧
મોતિમાળા અનુપમ ઉરમાં શોભે હેમકડાં બેઉ હાથ;
બાંયે બાજુબંધ બેરખા જોઇ રિઝયા મુનિવર સાથ. ઓરા૦ ૨
વિઠ્ઠલ વાઓ મનોહર મોરલી વહાલા ગાઓ છો નૌતમ ગીત;
સાંભળી સુંદર સાદને મારે પુરણ વાધી પ્રીત. ઓરા૦ ૩
તમે નાંખી મોહન મોહની કીધું ઘેલું ગોકુલ ગામ;
પ્રેમાનંદના નાથજી લાગો વહાલા શ્રીઘનશ્યામ. ઓરા૦ ૪

પદ ૧૯૭૭ મું–રાગ ગરબી

ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણતણા આધાર; જોઇને જીવું છું૦ ટેક.
તન મન ધન તમ ઉપરે, લઈ વારું વાર હજાર. જોઇને જીવું છું૦ ૧
સુંદર મૂરતિ મોહની, મારા મનમાં ખુંતી રાજ; જોઇને જીવું છું૦
તમ વિના મને કહાનજી, બીજું કાંઈ નવ સુઝે કાજ. જોઇને જીવું છું૦ ૨
પાંગણુપર આંટો દઈ તમે, બાંધી પાઘ અનૂપ; જોઇને જીવું છું૦
કોટિક કંદર્પ વારણે લઈ વારું, એવું રૂપ. જોઇને જીવું છું૦ ૩
ભાલ તિલક શોભે ઘણું, જાણે ભ્રકુટી કામ કબાણુ; જોઇને જીવું છું૦
કમળ નયન કટાક્ષમાં, મારાં તાણી લ્યોછો પ્રાણ. જોઇને જીવું છું૦ ૪
મધુર મધુર હસવું જોઇને, વાધે પ્રેમ અપાર; જોઇને જીવું છું૦
ત્રિભુવનમાં એવી કોણ છે, જે વશ નવ થાયે નાર. જોઇને જીવું છું૦ ૫
વામકરણમાં શ્યામ છે, તીલ નિરખ્યા જેવો નીત; જોઇને જીવું છું૦
તીલ જોઈ જમણા ગાલમાં, વાધે પ્રેમાનંદને પ્રીત. જોઇને જીવું છું૦ ૬

પદ ૧૯૭૮ મું

શી કહું શોભા અંગની, જોઈ લોચનીયાં લોભાય; ચિતડું ચોરે છે૦ ટેક.
નિરખી નાસા કીરને, મારા ભવના પાતક જાય. ચિતડું ચોરે છે૦ ૧
અધર પ્રવાલાંની ઉપમા, જાણે કુંદકળી સમ દાંત; ચિતડું ચોરે છે૦
ચિબુકતણી શોભા ઘણી, કંબુ કંઠ જોયાની ખાંત. ચિતડું ચોરે છે૦ ૨
વક્ષસ્થલ વહાલું ઘણું, મને મળવા* વાધે પ્રીત; ચિતડું ચોરે છે૦
અજાન બાહુ ઉર ધરી, આવો મળિયે મોહન મીત. ચિતડું ચોરે છે૦ ૩
ઉદરમાંહી ત્રિવલી પડે, ઉંડી નાભી નૌતમ જોઈ; ચિતડું ચોરે છે૦
શ્યામ કટી સોયામણી, ઉરુમાંહી રહ્યું મન મોઈ.† ચિતડું ચોરે છે૦ ૪
જાનુ જુગલ છબી જોઇને, મારો સુફળ થયો અવતાર; ચિતડું ચોરે છે૦
પિંડી પાની નિરખતાં, મારો દૂર થયો સંસાર. ચિતડું ચોરે છે૦ ૫
સોળે ચિહ્ને જુગત છે, એ જુગલ ચરણની જોડ;‡ ચિતડું ચોરે છે૦
અખંડ રહો આવી ઉરમાં, પુરો પ્રેમાનંદના કોડ. ચિતડું ચોરે છે૦ ૬

* "મળતાં" કેટલાકો ગાય છે. † "ઊરમાંહી રહ્યું મન મોહી" પાઠ ગાય છે.
‡ "સોળે ચિન્હે જુક્ત, એવી જુગલ ચરણની જોડ" પાઠાન્તર.

પદ ૧૯૭૯ મું

નવલ સનેહિ નાથજી, રૂપાળા રાજીવ નેણ; વહાલા લાગો છો૦ ટેક.
હસતાં હસતાં હેતમાં, બોલો છો મીઠાં વેણ. વહાલા લાગો છો૦ ૧
આંખડલી અમૃતે ભરી, કાંઈ કરુણા કહી નવ જાય; વહાલા લાગો છો૦
ચીત ચોરાણું ચાલમાં, મરકલડે મન લોભાય. વહાલા લાગો છો૦ ૨
આતુરતા નથી અંગમાં, દીસે છે શીલ સ્વભાવ; વહાલા લાગો છો૦
પ્રેમતણો પ્રવાહ વહે, નેણામાં નટવર નાવ. વહાલા લાગો છો૦ ૩
ભુધર ભાવિક ભાવના, નથી અરથાઅરથી શ્યામ; વહાલા લાગો છો૦
પરમારથને કારણે, પધાર્યા પુરણકામ. વહાલા લાગો છો૦ ૪
દીન ઉપર દયા કરી, તમે દુર્લ્લભ દરશન દેવ; વહાલા લાગો છો૦
કલ્પતરુ છો કહાનજી, જાણે મોટા મુનિવર ભેવ. વહાલા લાગો છો૦ ૫
કરુણાનિધિ કરુણા કરીને, છોગાળા રંગછેલ; વહાલા લાગો છો૦
પ્રેમાનંદ કહે અખંડ રહો, આંખડલીમાં અલબેલ. વહાલા લાગો છો૦ ૬

પદ ૧૯૮૦ મું

ધર્મકુંવર શ્રીકૃષ્ણજી, તમે ભક્તપતિ ભગવાન; એ વર માગું છું૦ ટેક.
દયાનિધિ તમે દાસને, નીત આપો છો એ દાન. એ વર માગું છું૦ ૧
નિરવિકલ્પ ઉત્તમ અતિ, એવો નિશ્ચે થાય તમારો; એ વર માગું છું૦
અલબેલા તમ આગળે, હું અરજ કરું એ સારું. એ વર માગું છું૦ ૨
મહાત્મ જ્ઞાને સહિત હરિ, એવી એકાંતિકી ભક્તિ; એ વર માગું છું૦
પ્રીત રહે તવ ચરણમાં, બીજે રહે સદા વિરક્તિ. એ વર માગું છું૦ ૩
હુંમાં તમારું ભક્તપણું, હરિ એમાં કોઈ પ્રકાર; એ વર માગું છું૦
દોષ* ન રહે કોઈ જાતનો, એ આપો ધર્મકુમાર. એ વર માગું છું૦ ૪
તમારા કોઈ ભક્તનો, મારે દ્રોહ ક્યારે† નવ થાય; એ વર માગું છું૦
સંગ એકાંતિક ભક્તનો, મને નીત આપો મુનિરાય. એ વર માગું છું૦ ૫
દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજુર; એ વર માગું છું૦
પ્રેમાનંદની વિનતિ, સાંભળજો શ્યામ જરુર. એ વર માગું છું૦ ૬

---

* "દ્વેષ" "ક્લેશ" પાઠાન્તર ગવાય છે. † "કેદી" પાઠાન્તર છે.

પદ ૧૯૮૧ મું–રાગ ગરબી

પ્રથમ શ્રીહરિને રે, ચરણે શિશ નમાવું;
નૌતમ લીલા રે, નારાયણની ગાવું. ૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાઈ વનને. ૨
આસન સાંધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે. ૩
સહજ સ્વભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતાં સજની રે, બ્હીક મટાડે જમની. ૪
ગાવું હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી. ૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે. ૬
રમુજ કરતાં રે, રાજીવ નેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માંગી લેઇને માળા. ૭
બેવડી રાખી રે, બબ્બે બબ્બે મણકા જોડે;
ફેરવે તાણી રે, કઇક માળા તોડે. ૮
વાતું કરે રે, રમુજ કરીને હસતાં;
ભળી કરી રે, માળા કરમાં ધસતાં. ૯
કયારેક મિંચી રે, નેત્ર કમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન કરે બહુનામી. ૧૦

પદ ૧૯૮૨ મું

સાંભળ સૈયર રે, લીલા નટનાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખસાગરની. ૧
નેત્ર કમળને રે, રાખી ઉઘાડાં કયારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બારે. ૨
કયારેક ચમકી રે, ધ્યાન કરંતાં જાગે;
જોતાં જીવન રે, જનમમરણદુઃખ ભાગે. ૩

પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે. ૪
ધ્યાન ધરીને રે, બેઠા હોયે હરિ પોતે;
સંત હરિજન રે, ત્રપત ન થાયે જોતે. ૫
સાધુ કિરતન રે, ગાયે વજાડી વાજા;
તેમને જોઇ રે, મગન થાયે મહારાજા. ૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાયે;
સંત હરિજન રે, નિરખી રાજી થાએ. ૭
કુયારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાયે રે, તાળી દઈ વનમાળી. ૮
આગળ સાધુ રે, કિરતન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાયે ત્યારે. ૯
પોતે વારતા રે, કરતા હોયે બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી. ૧૦

પદ ૧૯૮૩ મું

મનુષ્ય લીલા રે, કરતા મંગળકારી;
ભક્તસભામાં રે, બેઠા ભવભયહારી. ૧
જેને જોતાં રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ. ૨
તે સંબંધી રે, વારતા કરતા ભારી;
હરિ સમજાવે રે, નીજ જનને સુખકારી. ૩
જોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત. ૪
જ્યારે હરિજન રે, દેશ દેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુ વિધ લાવે. ૫
જાણી પોતાના રે, સેવક જન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી. ૬

ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ. ૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજ જનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઇન્દ્રિય મનને. ૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોયે પાસ. ૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાન કરે ભગવાન. ૧૦

પદ ૧૯૮૪ મું

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી. ૧
ક્યારેક વાતું રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ પુલોનાં રે, ચોળે છે બે હાથે. ૨
શિતળ જાણી રે, લિંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખ્યું ઉપર દાબી. ૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોયે;
વાતું કરે રે, કથા વંચાયે તોયે. ૪
સાંભળે કિરતન રે, પોતે કાંઇક વિચારે;
પુછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે. ૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે. ૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મરમ કથાનો રે, સુણી મગન થઈ ડોલે. ૭
ભાન કથાને રે, બીજી ક્રિયામાંહી;
ક્યારે અચાનક રે, જમતાં હરે બોલાયે. ૮
થાયે સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુક હસે રે, ભક્ત સામું જોઈ બેની. ૯
એમ હરિ નીત નીત રે, આનંદ રસ વરસાવે;
એ લીલા રસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે. ૧૦

પદ ૧૯૮૫ મું

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી. ૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનોપમ રે, નીજ જનને સુખ દેવા. ૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રીઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ. ૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહીતે;
પાથર્યું હોયે રે, તેપર બેસે પ્રીતે. ૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકીયો ભાળી;
તેપર બેસે રે, શ્યામ પલાંઠી વાળી. ૫
ઘણુંક બેસે રે, તકીયે ઓઠીંગણ દઇને;
ક્યારેક ગોંઠણ રે, બાંધે બેસ લઇને. ૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી. ૭
ક્યારેક માથે રે, મેલે લઈ બે હાથ;
છાતીમાંહે રે, ચરણ કમળ દે નાથ. ૮
ક્યારેક આપે રે, હાર તોરા ગીરધારી;
ક્યારેક આપે રે, અંગનાં વસ્ત્ર ઉતારી. ૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ. ૧૦

પદ ૧૯૮૬ મું

એવાં કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નીત સંભારી. ૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે. ૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રુમાલ લઇને;
છીંક ખાયે રે, મુખપર આડો દઇને. ૩

રમુજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખપર આડો રે, રુમાલ દઈ સુખધામ. ૪
ક્યારેક વાતું રે, કરતા થકા દેવ;
છેડે રુમાલને રે, વળ દીધાની ટેવ.* ૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુ નામીનો. ૬
કોઇને દુઃખિયો રે, દેખી ન ખમાયે;
દયા આણી રે, અતિ આકળા થાયે. ૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણા દૃષ્ટિ રે, દેખી વાંનજ વાળે. ૮
ડાબે ખભે રે, ખેસાડ સોડે નાંખી;
ચાલે જમણા રે, કરમાં રુમાલ રાખી. ૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી. ૧૦

પદ ૧૯૮૭ મું

નીત નીત નૌતમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય. ૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે. ૨
ક્યારેક ઘોડલે રે, ચ્હડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે. ૩
ત્યારે ડાબે રે, ખભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંઘાતે તાણી. ૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણુસ જમ્યાની રે, લેઈ લેઈ તેનાં નામ. ૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ. ૬

* "વળ દેવો એ ટેવ" પાઠાન્તર છે.

શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઇના મુખમાં રે, આપે લાડુ હસતાં. ૭
પાછલી રાત્રી રે, ચાર ઘડી રહે ત્યારે;
દાતણ કરવા રે, ઉઠે હરિ તેવારે. ૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કલશિયો* રે, જળ ઢોળે વનમાળી. ૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;†
પ્રેમાનંદ કહે રે, હરિજન સરવે જુવે.‡ ૧૦

પદ ૧૯૮૮ મું

રૂડા લાગે રે, નાહીને ઉભા હોવે;
વસ્ત્ર પેહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે. ૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી:
કોરા ખેસને રે, પ્હેરે સારીપેઠ તાણી. ૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વહાલે;
આવે જમવા રે, ચાંખડીયે ચઢી ચાલે. ૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા. ૪
જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી;
તેપર ડાબો રે, કર મેલે વનમાળી. ૫
જમણા પગને રે, રાખી ઉભો શ્યામ;
તેપર જમણો રે, કર મેલે સુખધામ. ૬
રુડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ. ૭
જાણુસ સવાદુ રે, જણાયે જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોયે મનગમતાં. ૮

* "કલશ્યો" પાઠાન્તર. † "લોવે" પાઠાન્તર. ‡ "જોવે" પાઠાન્તર.

તેને આપી રે, પછે પોતે જમે;
જમતાં જીવન રે, હરિજનને મન ગમે. ૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાયે રે, પ્રેમાનંદના નાથ. ૧૦

પદ ૧૯૮૯ મું

ચળુ કરે રે, મોહન ત્રપત થઇને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઇને. ૧
મુખવાસ લઇને રે, ઢોલિયે વિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે. ૨
પાંપણ ઉપર રે, આંટા લઇ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો. ૩
વર્ષા રૂતુને રે, શરદ રૂતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિરમળ નીર વખાણી. ૪
સંત હરિજનને રે, સાથે લઈ ઘનસ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ. ૫
બહુ જલક્રીડા રે, કરતા જળમાં ન્હાય;
જળમાં તાળી રે, દઇને કીર્તન ગાય. ૬
ન્હાયીને બા'રે રે, નિસરી વસ્ત્ર પેહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલેહેરી. ૭
પાવન જશને રે, હરિજન ગાતાં આવે;
જીવન જોઇ રે, આનંદ ઉર ન સમાવે. ૮
ગઢપુરવાસી રે, જોઇને જગઆધાર;
સુફલ કરે છે રે, નેણાં વારમવાર. ૯
આવી વિરાજે રે, ઓસરીએ બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી. ૧૦

પદ ૧૯૯૦ મું

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યાં રે, પુરુષોત્તમ મહારાજ. ૧

ફળીયામાંહી રે, સભા કરી વિરાજે;
પૂરણુશશિ રે, ઉડુગણુમાં જેમ છાજે. ૨
બ્રહ્મરસ વરસી રે, ત્રપત કરે હરિજનને;*
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને. ૩
બે આંગળિયું રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઉભી રાખી ફેરે. ૪
સુતા સુતા રે, માળા માંગી લઇને;
જમણે હાથે રે, નીત ફેરવે ચીત દઇને. ૫
ભૂલ ન પડે રે, કેદી એવું નેમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ. ૬
ભર નિન્દ્રામાં રે, પોઢ્યા હોયે મુનિરાયે;
કોઈ અજાણ્યે રે, લગાર અડી જાયે. ૭
ત્યારે ફડકી રે, જાગે સુંદરશ્યામ;
કોણુ છે પુછે રે, સેવકને સુખધામ. ૮
એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઇક મતિ અનુસાર. ૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે. ૧૦

પદ ૧૯૯૧ મું–રાગ ગરબી

સાચું બોલો શ્યામ સલુણા કુંણુ તમને વહાલી વારી. એ ઢાળ છે
ઓરા આવો શ્યામ સનેહિ, સુંદર વર જોઉં વહાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વહાલા. ૧
ચિહ્ન અનોપમ અંગોઅંગના, સુરતે સંભારૂં વહાલા;
નખશિખ નિરખી નીતમ મારા, ઉરમાં ઉતારું વહાલા. ૨
અરુણુ કમળસમ જુગલ ચરણુની, શોભા અતિ સારી વહાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વહાલા. ૩

* "બ્રહ્મરસ વરસેરે, ત્રપત કરી હરિજનેને."

પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વહાલા;
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવિન વહાલા. ૪
અંગોઠા આંગળી વચ્ચેથી, નિસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જાતાં, ભક્તને મન ભાવી વહાલા. ૫
જુગલ ચરણુમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વહાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા. ૬
અષ્ટખુણુને ઉર્ધ્વરેખા સ્વસ્તિ, જાંબુ જવ વહાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પદે નવ વહાલા. ૭
ત્રિખુણ કલશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વહાલા;
અર્ધ ચંદ્ર ને વ્યોમ છે સાત, ડાબે પદે ચિહ્ન વહાલા. ૮
જમણા પગના અંગુઠાના, નખમાંહી ચિહ્ન વહાલા;
તે તો નિરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવિણ વહાલા. ૯
એજ અંગુઠાને બારે, એક તીલ નૌતમ ધારું વહાલા;*
પ્રેમાનંદ કહે નિરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વહાલા. ૧૦

પદ ૧૯૯૨ મું

ચરણ કમળની છબી ચિતવતાં, અલૌકિક રૂડી વહાલા;
સરવે ચિહ્ન સંભારી ધારું, અંત સમે મુંડી† વહાલા. ૧
જમણા પગના અંગુઠા, પાસેની આંગળિયે વહાલા;
ડાબે પડખે તીલ એક સુંદર, નિરખી દુઃખડાં લીએ વહાલા.‡ ૨
જમણા પગની નૌતમ છેલી, આંગળિની બારે વહાલા;
તીલ એક નખને પાસે જોતાં, વાલપ વધારે વહાલા. ૩
ડાબા પગની ઉર્ધ્વરેખાની, ડાબીતે કોરે વહાલા;
બે ચિહ્ન પાસે પાસે શ્યામ, ચિતડાને ચોરે વહાલા. ૪

---

* "એજ અંગુઠાની બારલી કોરે, તીલ એક નૌતમ ધારું વહાલા." પાઠાન્તર.

† "હુંડી" પાઠાન્તર. ‡ "દુઃખ ટળિયે વહાલા" પણ ગાય છે. 'દુઃખડા લીએ' એટલે ઓવારણાં લઇએ. "દુઃખ દળીએ" પાઠ પણ ગાય છે.

બે પગની આંગળિયું તળાં, મનોહર રાતાં વહાલા;
અંગોઠા આંગળિના નખ, રાતા ચડિયાતા વહાલા. ૫
બે ચરણના અંગોઠાને, આંગળિયું ઉપર વહાલા;
જોયા જેવા ઝીણા ઝીણા, રોમ અતિ સુંદર વહાલા. ૬
બે અંગોઠા પાસેની બે, આંગળિયે જોઉં વહાલા;
ચાંખડીયુંનાં રૂડાં ચિહ્ન, તે પાપણીયે લ્હોઉં વહાલા. ૭
બે પગની બહારલી ઘુંટી, તે હેઠે કેવા વહાલા;
આસનના ઘસારાના ચિહ્ન, જોયા તે જેવા વહાલા. ૮
જમણા પગની ઘુંટી ઉપર, પાંચ તસુ છે જો વહાલા;
નળીને ઉપર તીલ એક તેમાં, મન મારું રહેજો વહાલા. ૯
મોટું એક ચિહ્ન જમણા પગની, સાથળને બા'રે વહાલા;
પ્રેમાનંદ કહે પ્રીતે નિરખું, વારેને વારે વહાલા. ૧૦

પદ ૧૯૯૩ મું

શોભા નિરખી નેણાં મારાં, ત્રપત ન થાયે વહાલા;
મનડું મગન થયું છે હૈડે, હરખ ન માયે વહાલા. ૧
ડાબા પગની ઘુંટી ઉપર, પાંચ તસુ કહીએ વહાલા;
નળી ઉપર મોટો તીલ, મનમાં ધારી લઇએ વહાલા. ૨
તેને પાસે નાનો તીલ છે, તેમાં ચિત્ત ચોટું* વહાલા;
એ પગના ઘુંટણથી બારે, એક ચિહ્ન છે મોટું વહાલા. ૩
શ્યામકટિ રૂપાળી જોઇને, કંદર્પ લાજે વહાલા;
કૃશતળ ઉદરમાંહી ત્રિવળી, સુંદર વિરાજે વહાલા. ૪
ઉંડી ગોળ અનોપમ નાભી, તેની બે કોરે વહાલા;
બે તીલ છે બહુ રૂપાળા, તે ગમીયા મન મોરે વહાલા. ૫
નાભીથી પણ બે તસુ ઉપર, ત્રણ તીલને ધારું વહાલા;
બે તીલ ઉપર એક એક છે, એક વચ્ચે સંભારું વહાલા. ૬

* "ચિહ્ન મોટું" પાઠ પણ છે પણ અર્થહીન લાગે છે કારણ કે તીલમાં ચિહ્ન કેમ હોઈ શકે?

વચલા તીલથી બે તસુ ઉંચો, એક તીલ નિરખીને વહાલા;
જમણી કુંખમાં બે તીલ મોટા, જોઉં હરખીને વહાલા. ૭
ડાબે પડખે કુંખથી ઉપર, મોટા તીલ ચારે વહાલા;
તેની પાસે બીજા નાના, ચાર તીલ એક હારે વહાલા. ૮
રોમ તણું રૂપાળું શ્રીવચ્છ, ચિહ્ન એક ઉરમાંહી વહાલા;
વિનગુણ હાર હિયામાં શોભે, સુંદર સુખદાયી વહાલા. ૯
છાતી વચ્ચે એક ચિહ્ન, અર્ધ ચંદ્ર આકારે વહાલા;
પાંચ તસુ પ્હોળું જોઈ, પ્રેમાનંદ પ્રાણ વારે વહાલા. ૧૦

પદ ૧૯૮૪ મું

એ ચિહ્ન વચ્ચે રૂડો લગાર, ડાબી તે કોરે વહાલા;
સુંદર એક તીલ મોટો, મારા ચીતડાને ચોરે વહાલા. ૧
એ તીલથી છે ડાબી કોરે, બે તસુ છેટે વહાલા;
એક તીલને જોતાં સરવે, ભવ દુ:ખને મેટે વહાલા. ૨
તે તીલથી બે તસુ છેટે, ડાબી કોર માંહી વહાલા;
સ્તન ઉપર એક તીલ તેમાં, ચીત ચોટયું જોઈ વહાલા.* ૩
બે સ્તનથી ઉપર છે, બે છાપતણા ચિહ્ન વહાલા;
એ છબી જોવા સારું મારું, મન છે આધીન વહાલા. ૪
કરિના બે કર સરિખી ભુજા, તે દીર્ઘ ઉદાર વહાલા;
સંભારતાં તરત તે, ઉતારે ભવપાર વહાલા. ૫
જમણી ભુજાને પાસે છે, માંહે ઉભી તે હારે વહાલા;
જોયા જેવા સુંદર મોટા, તીલ રૂડા ચારે વહાલા. ૬
જમણી ભુજાના મુળથકી છે, ત્રણ તસુ હેઠે વહાલા;
એક છાપનું ચિહ્ન જોતાં, જનમ મરણ મેટે વહાલા. ૭
તે છાપનું ચિહ્ન રૂડું, તેને પડખે બા'રે વહાલા;
નાના તીલ છે ચાર તેને, જોઉં વારે વારે વહાલા. ૮

---

* "ચિહ્ન મોટું જોઈ વહાલા" એક પ્રતમાં છે પણ અર્થહીન લાગે છે.

કુણિયું છે શ્યામ બેઉ કર, કઠણુ છે પુંચા* વહાલા;
બે તીલ છે બહુ રૂડા, જમણા પુંચાથી ઉંચા વહાલા. ૯
જમણા હાથની છેલ્લી આંગળિ, તે ઉપર સારો વહાલા;
પ્રેમાનંદ કહે મોટો તીલ એક, લાગે અતિ પ્યારો વહાલા. ૧૦

પદ ૧૯૯૫ મું

રૂપાળા છો રાજીવલોચન, ધર્મતણા કુમાર વહાલા;
શોભાની છો સીમા મારા, નેણુતણુઃ શણુગાર વહાલા. ૧
ડાબી ભુજાના મુળથી હેઠે, ત્રણ તસુ છે જો વહાલા;
છાપતણા એક ચિહ્નમાંઈ, નીત મન મારું રહેજો વહાલા. ૨
ડાબી કુણીથી હેઠો નોતમ, ઉપરલે ભાગે વહાલા;
તીલ એક જોતાં મારા મનને, રૂડો બહુ લાગે વહાલા. ૩
ડાબા હાથના અંગોઠા પાસેની, આંગળિયે વહાલા;
નખને પાસે નાનો તીલ, મનમાં ધારી લીયે વહાલા. ૪
એ આંગળી ને વચલી આંગળી, એ બેઉને મધ્યે વહાલા;
એક તીલ છે અતિ નૌતમ, જોયા જેવો સંધે વહાલા. ૫
ડાબા હાથના પોંગા ઉપર, સુંદર એક તીલ છે વહાલા;
એ માંહી તે મનડું મારું, વળગું વિશેકે વહાલા. ૬
બે હાથના નખ નૌતમ, છે રાતા ચડિયાતા વહાલા;
અગ્ર ભાગે તિક્ષણુ છે, અતિ રૂડા દેખાતા વહાલા. ૭
બે હાથની હથેલી છે, રાતી સુખધામ વહાલા;
હથેલીમાં રેખા થોડી, થોડી છે જો શ્યામ વહાલા. ૮
બે હથેલીના મૂળ ઉપર, આઠ તસુ જોતાં વહાલા;
છાપતણા બે ચિહ્નો અનોપમ, ચીતમાં પરોતાં વહાલા. ૯
કંઠ વચ્ચે તીલ એક અનોપમ, જોતાં દુઃખ જાયે વહાલા;
તેની પાસે નાનો તીલ એક, પ્રેમાનંદ ગાયે વહાલા. ૧૦

---

* "પ્હોંચા" "પોંચા" પાઠાન્તર.

પદ ૧૯૯૬ મું

રૂપ તમારું રસિયાજી, નિરખતાં સુખદાયી વહાલા;
ચિહ્નતણો નહિં પાર વધારે, વાલપ ઉરમાંહી વહાલા. ૧
ડાબા ખભાથી હેઠો, વાંસામાં છે મરમાળો વહાલા;
રોમ સહિત મોટો તીલ રૂડો, જોતાં રૂપાળો વહાલા. ૨
એ તીલથી હેઠો વાંસામાં, એક તીલ છે બીજો વહાલા;
તેને હેઠ જોયા જેવો, એક તીલ છે ત્રીજો વહાલા. ૩
કરોડાની જમણી કોરે, ડોક થકી હેઠે વહાલા;
સુંદર એક તીલ જોયા જેવો, બે તસુ છેટે વહાલા. ૪
જમણી ખરપડી ઉપર નૌતમ, એક તીલ છે નાનો વહાલા;
પ્રીત કરીને રાખું મારા, મનમાંહી છાનો વહાલા. ૫
કરોડાની જમણી કોરે, વાંસામાં સારા વહાલા;
ચાર તીલ છે જોયા જેવા, લાગે બહુ પ્યારા વહાલા. ૬
ડાઢીથી હેઠો એક તીલ છે, અતિશે અનૂપ વહાલા;
ડાઢી ઉપર કેશની રેખા, સુંદર સુખરૂપ વહાલા. ૭
મધુર અધરપર શોભે રૂડી, રોમતણી રેખું વહાલા;
હસતું કમળ સરીખું મુખ, ઓરા આવો દેખું વહાલા. ૮
મુખમાંહે જમણી કોરની, હેઠલી જે ડાઢ વહાલા;
તેમાં શ્યામ સુભગ ચિહ્ન એક, જોઉં રાખી ચાડ વહાલા. ૯
શ્યામ ચિહ્ન છે જોયા જેવું, જીભમાં સુખકારી વહાલા;
સુંદર વદન કમળપર જાયે, પ્રેમાનંદ વારી વહાલા. ૧૦

પદ ૧૯૯૭ મું

હરિજનના જીવન છો મોહન, ભક્ત ચિન્તામણિ વહાલા;
શી કહું શોભા સુંદર વરજી, અંગોઅંગતણી વહાલા. ૧
જમણી કોરે કપોલમાં, નાસીકા પાસે વહાલા;
એક મોટો તીલ જોતાં સરવે, દુઃખ મારાં નાશે વહાલા. ૨
એ તીલને પાસે એક નાનો, તીલ તેને જોઇએ વહાલા;
નેત્રતણા ખુણાથી હેઠો, તેમાં ચીત પ્રોઇએ વહાલા. ૩

બે નેત્રની પાંપણુ ઉપર, ભ્રકુટીને થડે વહાલા;
તેને હેઠે ઉપર ઝીણી, કરચલિયું પડે વહાલા. ૪
નાસીકા ઉપર છે ઝીણા, ચિહ્ન તે અભિરામ વહાલા;
ડાબા કાનમાં શ્યામ બિન્દુ તે, છબીતણું ધામ વહાલા. ૫
અમલ કમળદળ સમ આંખડી, રૂડી રૂપાળી વહાલા;
કંદર્પની કમાન સરિખી, ભ્રકુટી મેં ભાળી વહાલા. ૬
ચડીયાતા વિશાળ ભાલમાં, રસાળી તે શોભે વહાલા;
તિલક આકારે ઉભી રેખા, બે જોઈ ચીત લોભે વહાલા. ૭
ભાલમાંહી મનોહર જોતાં, જમણી તે કોરે વહાલા;
કેશથી હેઠું એક અનોપમ, ચિહ્ન તે ચીત ચોરે વહાલા. ૮
કેશર કેરી આડ મનોહર, ભાલ વચ્ચે કીધી વહાલા;
કુમકુમને ચાંદલિયે મારી, બુદ્ધિ હરી લીધી વહાલા. ૯
તાળવા ઉપર એક રૂપાળો, મોટો તિલ જોઈ વહાલા;
પ્રેમાનંદ કહે મારું મન ત્યાં, રહ્યું જાઈ મોહી વહાલા. ૧૦

પદ ૧૯૯૮ મું

શોભાના શણુગાર હરિ મારા, હેડાના છો હાર વહાલા;
ધર્મતણા કુમાર મારા, પ્રાણુતણા આધાર વહાલા. ૧
અતિશે રૂપાળા સુંદર, શિખાના છે કેશ વહાલા;
છબીપર બલહારી જાયે, શારદ ને શેષ વહાલા. ૨
શિખાને સમીપે રૂડો, એક તીલ છે આગે વહાલા;
એ છબી નિરખતાં મારાં, સરવે દુઃખ ભાગે વહાલા. ૩
શિખાને પછવાડે જમણી, કોરે તે કહીએ વહાલા;
ત્રણુ તીલ છે અતિ રૂડા, સામું જોઇને રહીએ વહાલા. ૪
નખશિખ નિરખી સુંદર સરવે, ચિહ્ન મેં ગાયાં વહાલા;
ચિંતવન કરી નિત્યે મારાં, ચીતમાં ઠેરાયાં વહાલા. ૫
બાવન છે સરવે ચિહ્ન, ત્રેંસઠ તીલ છે જે વહાલા;
રૂપ શીલ ને ગુણે સોતા, અંતરમાં રહેજો વહાલા. ૬

એ વીના ઝીણા તીલ ચિહ્ન છે, અંગમાં અપાર વહાલા;
ગાયા મેં તો જોઈ મારી, બુદ્ધિને અનુસાર વહાલા. ૭
આવી રીતે મૂરતિને જે, અંતરમાં ધારે વહાલા;
પ્રીત કરીને ચિહ્ન અનોપમ, સરવે સંભારે વહાલા. ૮
તેના ઉરમાં આવી તમે, નાથ કરો વાસ વહાલા;
કામ ક્રોધ ને કાળ માયા, તે સહુ પામે નાશ વહાલા. ૯
એ પદ જે કોઈ શીખે સુણે, પ્રીત કરીને ગાશે વહાલા;
પ્રેમાનંદ કહે તેપર સ્વામી, બહુ રાજી થાશે વહાલા. ૧૦

પદ ૧૯૯૯ મું–રાગ ગરબી

તમે આવો આરા ઓરારે, કૃષ્ણ હરિ, જોઉં પાઘડલીમાં તોરારે; કૃષ્ણ હરિ૦
પાંપણુપર આંટો દઇરે, તમે બાંધી પાઘ અનોખીજી;
ફરતાં ખોસ્યાં છોગલાંરે, મારા ચીતને રાખ્યું રોકી. રે, કૃ૦ હ૦ ૧
તિલક મનોહર કીધલુંરે, તમે કેસર કેરું ભાલેજી;
મન મારું ત્યાં અટકી રહ્યું, જોઈ તીલ એક જમણે ગાલે. રે, કૃ૦ હ૦ ૨
ઉરપર અતિશે શોભતીરે, પેહેરી ગજમોતીની માળાજી;
મન મારું ગુલતાન થયું છે, જોઈ ચપળ નયનના ચાળા. રે, કૃ૦ હ૦ ૩
નંગ જડિત બાજુ બાંધીયારે, પેહેર્યાં કનક કડાં બેઉ કરમાંજી;
જોઈજોઈ નેણું મારાં ત્રપત ન થાયે, કશું કામ ન સુઝે ઘરમાં. રે, કૃ૦ હ૦ ૪
સુંદર કટિપર શોભતીરે, પેહેરી ધોતી ઝીણા પોતીજી;
અતિ આનંદ મારા અંગમાં, થઇ ઘેલી જોતી જોતી. રે, કૃ૦ હ૦ ૫
પેહેરી ચટકતી ચાંખડીરે, તમે રાજહંસગતિ ચાલોજી;
પ્રેમાનંદ કહે એવાને એવા, મારા રૂદિયા કમળમાં મ્હાલો. રે, કૃ૦ હ૦ ૬

પદ ૨૦૦૦ મું

તારી મૂર્તિ પ્યારી પ્યારી રે, હો ગીરધારી, છે અતિશે જાદુગારી રે; હો ગી૦
મૂર્તિ જોવા હું ગઇરે, વેહેલી ઉઠીને ધાઈ ધાઇજી;
શું જાણું મને શુંયે કર્યું, હવે બીજું નથી ગોઠતું કાંઇ. રે, હો ગી૦ ૧
માવ તમારી મૂરતિ, છે કાંઈ જાદુગારી ભારીજી;
જોતાં જોતાં જીવ ખસ્યો, હું તો થઈ ગઈ જગતથી ન્યારી. રે, હો ગી૦ ૨

સાંભળતાં સુધ વિસરી, હું તો વશ થઇ મીઠે વેણેજી;
સંસારમાં હવે સુખ નવ આવે, ઘર ઘાલ્યું તમારે નેણે. રે, હો ગી૦ ૩
કામણગારી છે આંખડલીરે, માંહી રાતી રાતી રેખુંજી;
જીવમાં જંપ ન થાયે જરી, જાણે ક્યારે દેખું દેખું. રે,* હો ગી૦ ૪
જેવું સાંભળવું ને સુંઘવુંરે, બીજું તમ વિના નથી ગમતુંજી;
તમ કેડે સુંદરવર મારું, મનડું ફરે છે ભમતું. રે, હો ગી૦ ૫
ધર્મકુંવર ઘનસ્યામજી, હું તો નિત્ય તમ ચરણે લાગુંજી;
પ્રેમાનંદ કહે નાથજી, ઉર અખંડ રહો એ માંગું. રે, હો ગી૦ ૬

પદ ૨૦૦૧ મું

નાંખી મોહની છાંની છાંની રે, સુંદર છોગાળા;
વશ કીધી છેલ ગુમાની રે. સુંદર છોગાળા૦ ટેક.
મોહન નાંખી મોહની રે, મારી કમળ નેણુને બાણેજી;
ઘરનાં કહે છે વળગાડ થયો છે, કાંઈ મરમ કોઇ નવ જાણે રે. સું૦ છો૦ ૧
નેહડો લાગ્યો નાથજી રે, હવે નીમખ ન રહું હું તો ન્યારીજી;
કેશવ કેડ ન મેલું તમારો, છોને કુટી મરતાં સંસારી રે. સું૦ છો૦ ૨
કેટલુંક છાંનું રાખીયે વહાલા, વાત થઈ ગઈ ચાવીજી;
પાડપડોશી સહુ કોઈ કહે છે, આ કહાન સનેહણી આવી રે. સું૦ છો૦ ૩
બેઠું બહાનું કહાન તમારું, કાંઈ પેલા જનમની કરણીજી;
કીધું ઠાલું નામચુંરે, બીજા અવર પુરુષને પરણી રે. સું૦ છો૦ ૪
લાગ્યો ચસકો લાલ તમારો, એતો છુટશે જીવડો જાતાંજી;
પરમપુરુષ તમ કારણે રે, હવે છો થાતું જે થાતાં રે. સું૦ છો૦ ૫
વાલમ વહાલ વિસારશો માં, તમે રાજી મુજપર રહેજોજી;
પ્રેમાનંદના નાથજી મુજને, જે કહેવું ઘટે તે કહેજો રે. સું૦ છો૦ ૬

પદ ૨૦૦૨ મું

તારા મુખની મીઠી મીઠી રે, મીઠી વાતડલી;
મારી સાંભળીને અતીશે† ઠરે છે છાતડલી રે. મીઠી૦ ટેક.

---

* "ક્યારે હવે દેખું" પાઠાન્તર છે. † "અતીશે" શબ્દ બીજી પ્રતમાં નથી.

જે કોઈ સાંભળે એક ઘડી વહાલા, વાતું તમારી ચીત દઈનેજી;
આ ભવના ભોગ ત્યાગ કરીને, તેતો ચાલી નીસરે ભેખ લઈને રે. મીઠી૦ ૧
વાતું સુણીને સનકાદિક જોગી, નવ ઘરથી ઘરને માંડયુંજી;
શિવ બ્રહ્મા સુખ ભોગવે પણ, કાંઈક માંડયુંને કાંઈક છાંડયું રે. મીઠી૦ ૨
અતિશે વાતું સાંભળીને, થયા મહા મુની બ્રહ્મવેત્તાજી;
અક્ષરની તુલ્યતા લહ્યા, થયા અતિ નૈષ્ટિક ઉર્ધ્વરેતા રે. મીઠી૦ ૩
રમા અતિશે રસિકણી પણ, સરવે સુખને ત્યાગીજી;
શ્રીમુખ વચનામૃત સાંભળવા, રહે આધીન અનુરાગી રે. મીઠી૦ ૪
એક તમારી વાતડી, અણિયાળાં તમારા લોચનજી;
એકજ વાર અવલોકતાં, કરે ભવના બંધન મોચન રે. મીઠી૦ ૫
અતીશે રૂપ રસ સુખમય, એવી મૂરતિ તમારી વહાલાજી;
પ્રેમાનંદ ઉર આવી અખંડ વસો, તમે ભક્તિધર્મના લાલા રે. મીઠી૦ ૬

પદ ૨૦૦૩ મું—રાગ ગરબી

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવીઆ રે, સુંદર છોગાવાળો છેલ. આજ૦ ૧
નિરખ્યાં નેણાં ભરી રે, નટવર સુંદર શ્રીઘનશ્યામ;
શોભા શી કહું રે, લાજે નિરખી કોટિક કામ. આજ૦ ૨
ગુંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારમવાર. આજ૦ ૩
આપ્યો મેંતો આદરે રે, બેસવા ચાકળીયો કરી પ્યાર;
પુછયા પ્રીતસું રે, બાઈ મેં સરવે સમાચાર. આજ૦ ૪
કહોને હરિ ક્યાં હતા રે, કયાંથકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતાં રે, અંગે સજ્યા છે શણગાર. આજ૦ ૫
પહેરી પ્રીતસું રે, સુરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં ત્રપત ન થાયે નેણ. આજ૦ ૬
ઉપર ઓઢીયો રે, ગૂઢો રેંટો જોયા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નિરખ્યા તેના ભાગ્ય. આજ૦ ૭

મસ્તક ઉપર રે, બાંધ્યું મોલીકું અમૂલ્ય;
કોટિક રવિશશિ રે, તે તો નાવે તેને તૂલ્ય. આજ૦ ૮
રેશમી કોરનો રે, કરમાં સાયો છે રુમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નિરખી થયો નિહાલ. આજ૦ ૯

પદ ૨૦૦૪ મું

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂરતિ સંભારતાં રે, મુજને ઉપન્યો અતિ સનેહ. સૅજડી૦ ૧
પેહેર્યા તે સમે રે, હરિયે અંગે અલંકાર;
જેવા નિરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. સૅજડી૦ ૨
બરાસ કપૂરના રે, પેહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તેપર મધુકર કરે ગુંજાર. સૅજડી૦ ૩
બાજુ બેરખા રે, બાંહે કપૂરના શોભીત;
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સહુના ચીત. સૅજડી૦ ૪
સરવે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચીતને રે, હસતા કમળ નયનની કોર. સૅજડી૦ ૫
હસતાં હેતમાં રે, સહુને દેતા સુખ આનંદ;
રસ રૂપ મૂરતિ રે, શ્રીહરિ કેવલ કરુણાકંદ. સૅજડી૦ ૬
અદ્ભુત ઉપમા રે, દેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂરતિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. સૅજડી૦ ૭
વાલપ વેણુમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગો અંગમાં રે, જાણીયે ઉગીઆ અગણિત સુર. સૅજડી૦ ૮
કરતાં વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદના રે, જોતાં ત્રપત ન થાયે નેણ. સૅજડી૦ ૯

પદ ૨૦૦૫ મું

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વારતા રે, સહુને સંભળાવ્યાનું મન. બોલ્યા૦ ૧
મારી મૂરતિ રે, મારાં લોક ભોગને મુક્ત;
સરવે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત. બોલ્યા૦ ૨

મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સરવે સાગ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ. બોલ્યા૦ ૩
અતિ તેજોમયે રે, રવિશશિ કોટિક વારણે જાય;
શિતલ શાંત છે રે, તેજની ઉપમા નવ કહેવાય.* બોલ્યા૦ ૪
તેમાંયે હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર. બોલ્યા૦ ૫
જીવ ઈશ્વરતણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન. બોલ્યા૦ ૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પરલે થાય;†
મારી મરજી વિના રે, કોઇથી તરણું ના તોડાય. બોલ્યા૦ ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સહુ નરનારી;
મેં તમ આગળ રે, વારતા સત્ય કહી છે મારી. બોલ્યા૦ ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામથકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વહાલો વરશ્યા અમૃત મેહ. બોલ્યા૦ ૯

પદ ૨૦૦૬ હું

વળી સહુ સાંભળો રે, મારી વારતા પરમ અનૂપ;
પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ. વળી૦ ૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ. વળી૦ ૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચ વિષયની આશ. વળી૦ ૩
મુજ વીના જાણજો રે, બીજા માઇક સૌ આકાર;
પ્રીતિ તોડજો રે, જુઠાં જાણી કુટુંબ પરિવાર. વળી૦ ૪
સૌ તમે પાળજો રે, સરવે દૃઢ કરી મારા નેમ;
તમપર રિઝશે રે, ધર્મને ભક્તિ કરશે ક્ષેમ. વળી૦ ૫
સંત હરિ ભક્તને રે, કીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતાં શોભે નટવર વેષ. વળી૦ ૬

* "દેવાય" પાઠાન્તર. † "ઉત્પત્તિ સ્થીતિ પ્રલ્લે થાય" પાઠાન્તર છે.

નિજજન ઉપરે રે, અમૃત વરસે આનંદકંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પુરણચંદ. વળી૦ ૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વિર ઉદે થયા રે, કળીમાં કરવા જનનાં કાજ. વળી૦ ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર. વળી૦ ૯

પદ ૨૦૦૭ મું–રાગ ગરબી

વહાલા આવોને રાખું નેણમાં, ધર્મકુંવર ઘનશ્યામ રે; વહાલા૦ ટેક.
નવલ મનોહર મૂરતિ, સરવે શોભાનું ધામ રે. વહાલા૦ ૧
સુંદર શશિ મુખ ઉપરે, વારી નાખું કોટિક કામ રે. વહાલા૦ ૨
ચાલ ચટકતી જોઇને, અંતરે થાય છે આરામ રે. વહાલા૦ ૩
શ્વેત અંબર શ્વેત ભૂષણ, શ્વેત મોતિની ઉર દામ રે. વહાલા૦ ૪
સુંદર હસીને મીઠું બોલવું,* વિસરે નહી આઠોજામ રે. વહાલા૦ ૫
કૃષ્ણ હરિ કૃષ્ણ શ્રીહરિ, રટે પ્રેમાનંદ નામ રે. વહાલા૦ ૬

પદ ૨૦૦૮ મું

વહાલી લાગી છે તારી મૂરતિ, શ્રીહરિ ધર્મકુમાર રે; વહાલી૦ ટેક.
નિમખ ન મેલું જાણે ઉરથી, પ્રાણતણા આધાર રે. વહાલી૦ ૧
શોભાસાગર ઘનશ્યામજી, ગુણસાગર છો મોરાર રે. વહાલી૦ ૨
નેણાં તમારાં નાથજી, સનેહતણો ભંડાર રે. વહાલી૦ ૩
નટવર સુંદર મૂરતિ, નેણાતણો શણગાર રે. વહાલી૦ ૪
અંગો તે અંગ છબી ઉપરે, વારું મારા પ્રાણ વારવાર રે. વહાલી૦ ૫
પ્રેમાનંદના હો નાથજી, છો મારા હૈડાના હાર રે. વહાલી૦ ૬

પદ ૨૦૦૯ મું

ધર્મકુંવર અલબેલડા, છેલડા જીવન પ્રાણ રે; ધર્મ૦ ટેક.
વહાલી લાગે છે મને મૂરતિ, મળવા થાયે છે હૈયે તાણ રે. ધર્મ૦ ૧
શ્યામ સુંદર સર્વે અંગના, શાં શાં કરું વખાણ રે. ધર્મ૦ ૨

---

* "સુંદર હસવું ને મીઠું બોલવું" પાઠાન્તર છે

આંખડલી કમળકેરી પાંખડલી, મુખ પુરણચંદ્ર પ્રમાણુ રે. ધર્મ૦ ૩
જાદુગારી તમારી વાતડી, જેહની છે મોહનીના બાણુ રે. ધર્મ૦ ૪
ચીતડું ચોરાણું સુંદર ચાલમાં, વાલપમાં થઈ છું વેચાણુ રે. ધર્મ૦ ૫
પ્રેમાનંદ જાયે તમારે વારણે, સુંદર શ્યામ સુજાણુ રે. ધર્મ૦ ૬

પદ ૨૦૧૦ મું

છેલ છબીલા કુંવર ધર્મના, જોઇને મોહી છું સુંદર ચાલ રે. છેલ૦ ટેક.
પેહેરી ચટકતી ચાંખડલી, લટકંતા આવો ધર્મલાલ રે. છેલ૦ ૧
ડાબા કરમાં છડી ફુલની, જમણા કરમાં છે રૂમાલ રે. છેલ૦ ૨
શોભે જરકસી માથે મોળિયું, કેસર તિલક કર્યું ભાલ રે. છેલ૦ ૩
સર્વે જનનાં તે ચીત ચોરવા, સુંદર ઓઢી છે જોડી શાલ રે. છેલ૦ ૪
શોભા જોઈ તમારી નાથજી, મોહ્યા મોટા મુનિ મરાલ રે. છેલ૦ ૫
કૃપા કરીને પ્રેમાનંદને, વસો ઉર અખંડ કૃપાલ રે. છેલ૦ ૬

પદ ૨૦૧૧ મું–રાગ ગરબી

નંદલાલે વજાડી છે વાંસલડી;
મારો સાંભળીને જીવ અકળાયરે મા. વહાલે૦ ટેક.
માઈ* મંત્ર ભણીને વિંધી પાંસલડી;
હવે ઘરમાં તે ક્ષણું ન રહેવાય રે મા. વહાલે૦ ૧
હું તો ઘેલી ફરું છું ઘર આંગણિયે;
મને જોયા વિના જંપ નવ થાયરે મા. વહાલે૦
વાંસલીનો નાદ સાંભળીને શ્રવણિયે;
મને પળ જુગ જેવડી જાયરે મા. વહાલે૦ ૨
મારું કાલજ કોર્યું વહાલાની વાંસલિયે;
મને કાંઈ નવ સુઝે ઘરકામરે મા. વહાલે૦
જાણું વેહેલા જાઇને હવણે મળિયે;
નંદકુંવર રસિક ઘનસ્યામરે મા. વહાલે૦ ૩

---

* "માંહી" પણ ગાય છે. અને જો કે એ પાઠ વધારે સારો લાગે છે તો પણ એક લખેલી પ્રતમાં તે નહિ હોવાથી અત્રે દાખલ કર્યો નથી. "માઈ" એટલે "મા" અહિં આગળ થાય છે.

મને મોહની લગાડી છે શામળિયે;
જોવા જાઉં શ્રીનંદકુમારરે મા. વહાલે૦
પ્રેમાનંદને વહાલે પ્રીતમ પાતળિયે;
વન તેઆં વંસીમાં વ્રજનારરે મા. વહાલે૦ ૪

પદ ૨૦૧૨ મું

વહાલો ઉભા કાલંદ્રીને કાંઠડીયે;
રૂડી મોરલી મનોહર વાયરે મા. ઉભા૦ ટેક.
આવ્યાં ગોપી જોવાને હડિયે હડિયે;
અતિ આનંદ અંગ ન સમાયરે મા. ઉભા૦ ૧
ધર્યો મોરમુગટ શિર કાને કુંડલિયાં;
બાંહે બાજુ વૈજ્યંતિ માલરે મા. ઉભા૦
કર પોંચી કડાં ને સોના સાંકળિયાં;
ગુંજાહાર મોતીને પ્રવાલરે મા. ઉભા૦ ૨
પેહેર્યાં પીળા પિતાંબર પ્રીત કરી;
કેડે કંદોરો આપે છે અનૂપરે મા. ઉભા૦
ગોપી ગુલતાન થઈ જોઈ જોઇને હરિ;
એવું મોહન વરનું સ્વરૂપરે મા. ઉભા૦ ૩
ગોપી જોઈ શોભાના સાગરને;
વ્રજનારીને વ્યાપ્યો ઉર કામરે મા. ઉભા૦
પ્રેમાનંદ કહે ભેટી જઈ નટનાગરને;
જોઈ પ્રેમને રિઝયા ઘનશ્યામરે મા. ઉભા૦ ૪

પદ ૨૦૧૩ મું

રૂડું રાસ મંડલ રચ્યું ગિરિધારી;
થયા* રમવાને ગોપી તૈયારરે મા. રાસ૦ ટેક.
એક કૃષ્ણચંદ્રને એક વ્રજનારી;
કરે લટકાં તે મોહન મોરારરે મા. રાસ૦ ૧

---

* "કરે" ને બદલે "થયા" પાઠ પણ છે ને આ વધારે સારો લાગવાથી અત્રે રાખ્યો છે. "કરે" પાઠ સાથે "તૈયારી" ને "મોરારી" પાઠ છે.

કરે હાવ ભાવ દાવ ગોપી હેત કરી;
મારે હસી કટાક્ષ બાણુ ભારીરે મા. રાસ૦
કરે કુચ મરદન ઉર નખ મારી;
કરે અધર ચુંબન કંસારીરે મા. રાસ૦ ૨
કોઈ મળે વારે વારે વ્રજનારી;
કોઈ મુખ તાંબુલ લે પ્યારીરે મા. રાસ૦
કોઈ ગાયે ઉંચે સ્વરે ઉચ્ચારી;
કોઈ પુંછે* હરિને શ્રમ વારીરે મા. રાસ૦ ૩
કોઈ પેહેરાવે ગુંથીને હાર હજારી;
કોઈ પાવે ઝારી ભરી પાણીરે મા. રાસ૦
કોઈ આપે બીડી લવિંગ સોપારી;
પ્રેમાનંદ જોઈ જાયે બલિહારીરે મા. રાસ૦ ૪

પદ ૨૦૧૪ મું

મહા આનંદ રાસ રસ છાયો† રહ્યો;
રમે રાસ રસિક નંદાનંદરે મા. આનંદ૦ ટેક.
ગોપીજનનો તે પ્રેમ નવ જાયે કહ્યો;
કીધા વશ તે ત્રિભુવનચંદરે મા. આનંદ૦ ૧
ગોપી પ્રેમમાં તે દેહ સુધ વિસરી ગઈ;
થઈ રસ બસ વશ ગુલતાનરે મા. આનંદ૦
અતિ રમણુ ભ્રમણુ કરી શિથિલ થઈ;
પામી હરિ થકી બહુ સનમાનરે મા. આનંદ૦ ૨
છાયાં અમર વિમાન આકાશે આવી;
જુવે રાસ હરિનો હરખાયરે મા. આનંદ૦
કરે ફુલનો વરસાત હરિને વધાવી;
વારે તન મન પ્રાણુ પુલકાઇરે મા. આનંદ૦ ૩
આપ્યાં સુખ અલૌકિક અલબેલે;
થયાં ગોપીજન પુરણુકામરે મા. આનંદ૦

* લુંછે. † "છાઈ" "છાયી" પાઠો પણુ ગાય છે,

કીધાં રસ બસ રસમાં રસિક છેલે;
પ્રેમાનંદને મળ્યા ઘનશ્યામરે મા. આનંદ૦ ૪

પદ ૨૦૧૫ મું–રાગ ગરબી

આજ સાહેલી ઘનશ્યામની રે, શોભા વર્ણવી ન જાયે;
નિરખી છબી હરિ સુખધામની રે, કોટિ કામ લાગે પાયે.
ધર્મકુંવર શ્રીકૃષ્ણજીરે૦ ૧
તરુણ મનોહર મૂરતિ રે, શોભાસિંધુ ઉદાર;
સુંદર અંગની ફૂરતી રે, જોઈ જોઈ વાધે પ્યાર. ધર્મ૦ ૨
જરકસી જામા અંગ પેહેરિયા રે, શિશ સોનેરી પાઘ;
હેત કરી મેં તો હેરિયા રે, જીવન જોયા* લાગ. ધર્મ૦ ૩
સોનેરી શેલું કમરે કસ્યું રે, સોનેરી સુરવાલ;
મન મારું ત્યાં જાઈ વસ્યું રે, જોઈ જોઈ રૂપ રસાલ. ધર્મ૦ ૪
ચરણે ચટકતી ચાંખડી રે, ફુલ છડી લીધી† હાથ;
નિરખ્યા મેં બાંધી ભુજ રાખડી રે, પ્રેમાનંદનો નાથ. ધર્મ૦ ૫

પદ ૨૦૧૬ મું

નટવર નાગર શ્રીહરિ રે, શોભાસાગર શ્યામ;
શું વર્ણવું એક રસના કરી રે, અંગો અંગ છબી ધામ.
નવલ મનોહર નાથજીરે૦ ૧
અંગ આભૂષણ ધારિયાં રે, રસિક સુંદર રંગછેલ;
નેણાં અમારાં તે ઠારિયાં રે, અવિનાશી અલબેલ. નવલ૦ ૨
શિશ કલંગી શોભે વાંકડી રે, સીરપેચ જડાઉ શિશ;
આંખડલી કમળ કેરી પાંખડી રે, જોયા જેવા જુગદિશ. નવલ૦ ૩
કેસર તિલક કર્યું ભાલમાં રે, કુંડલ મકરાકાર;
તીલ જોઈ જમણા ગાલમાં રે, વાધ્યો મારે
હરખ અપાર. નવલ૦ ૪
રતન જડાઉ ઉર ઊતરી રે, મોતી માળ અનૂપ;
જમવા તેડ્યા જીવન નુંતરી રે, પ્રેમાનંદનો
સ્વામિ સુખરૂપ. નવલ૦ ૫

---

* "જોવા" પાઠાન્તર છે. † "લીધે" પાઠાન્તર છે.

પદ ૨૦૧૭ મું

નિરખી લોભાણાં મારાં લોચન રે, મોહન શોભાસુર;
ધર્મકુંવર દુઃખમોચન રે, જીવન જોબનપુર.
શ્રીહરિ સુંદર શામળોરે૦ ૧
મુહસ્યું ફુટે છે મુખ ઉપર રે, તરુણ તનુ ભીને વાન;
સુંદર છેલ છબી ભુધર રે, કેશવ કૃપાનિધાન. શ્રીહરિ૦ ૨
રતનજડીત બાજુબેરખા રે, બાંધ્યા બાંયે છબી ધામ;
લટકે છે મોતીના બેરખા રે,* લાંબી ભુજા અભિરામ. શ્રીહરિ૦ ૩
કનક કડાં ને વેઢ વિંટીયું રે, નંગ જડિત ઘાલી નાથ;
ભુજ ભરી ભેટતાં મેં દીઠિયું રે, નટવરજીને હાથ. શ્રીહરિ૦ ૪
દર્ભાવતીના ચોકમાં રે,† ઉભલા અંબુજ નેણ;
એરે શોભાને ધરી શોખમાં રે, પ્રેમાનંદ સુખદેણ. શ્રીહરિ૦ ૫

પદ ૨૦૧૮ મું

દર્ભાવતીમાં શ્રીનાથજી રે, નિરખ્યા ધર્મકુમાર;
અગણિત મુક્ત મુનિ સાથજી રે, શોભાતણા શણગાર.
પુરણબ્રહ્મ પરમાતમારે. ૧
ઘોડલાંની ઘુંમર માંહ્ય શોભતા રે, ત્રિભુવનપતિ સુરરાયે;
નર ને નારીના મન લોભતાં રે, શોભા કહી નવ જાયે. પુરણ૦ ૨
ક્યારેક વાઘા પેહેરે જરકસી રે, ક્યારેક ફુલે ગરકાવ;
ચીત ચોરે સહુના હસી હસી રે, સુરનરમુનિના રાવ. પુરણ૦ ૩
વિષ્ણુનો જગ્ન આરંભિયો રે, વિપ્ર જમાડે અપાર;
હરિજન સંતનો મેળો બહુ થિયો રે, કરવા જન આધાર. પુરણ૦ ૪
એરે લીલા શ્રીડભાણની રે, સાંભળો ગાઓ નરનાર;
શ્રીઘનશ્યામ સુજાણની રે, પ્રેમાનંદ જાયે બલિહાર. પુરણ૦ ૫

પદ ૨૦૧૯ મું—રાગ ગરબી

આવો અલબેલા આધાર, આંખડલીમાં રાખું રે;
કરી રાખું હૈયાનો હાર, પ્રાણ વારી નાંખું રે. ૧

---

* "લેરખારે" પાઠાન્તર છે. † ડભાણ.

તારી મૂરતિ મોહનલાલ, મારે મન માની રે;
હું તો જોઈ જોઈ સુંદર ચાલ, થઈ છું દીવાની રે. ૨
હવે અવિનાશી અલબેલ, અળગા નહીં મેલું રે;
મેંતો તમ સંગ સુંદર છેલ, બાંધ્યું છે બેલું રે. ૩
તારે હસવે હરાણું ચીત, માણિગર માવા રે;
મારે લાગેલ તમ સંગ નેહ, ન દીયું જાવા રે. ૪
રાજેન્દ્ર રૂપનિધાન, છો રંગભીના રે;
કોડીલા નટવર કહાન, કુંવર નંદજીના રે. ૫
છોગાવાળા શ્યામ સુજાણ, સુંદર રંગ રસિયા રે;
વહાલા પ્રેમાનંદના પ્રાણ, અંતર મારે વસિયા રે. ૬

પદ ૨૦૨૦ મું

વહાલા લાગો છો વ્રજચંદ, કે પ્રીતમ પ્યારા રે;
અલવીલા આનંદકંદ, જીવન મારા રે. ૧
તમને જોઇને જાદવરાય, રહ્યું મન મોહી રે;
મારે હૈડે હરખ ન માયે, મનોહર જોઈ રે. ૨
વનમાળી વજાડી વેણ, વાલમ વશ કીધાં રે;
ચતુરાઇએ ચંચળ નેણ, કે મનડાં લીધાં રે. ૩
તારાં લોચનીયાં નંદલાલ, કે અમૃત ભરિયાં રે;
જોતામાં વધારે વહાલ, કહાના કેસરિયા રે. ૪
તારા મુખના મીઠાં વેણ, સુણી સુખ થાયે રે;
તારાં કમળ સરીખાં નેણ, જોતાં દુઃખ જાયે રે. ૫
તારું રૂપ જોઈ રંગછેલ, લગની લાગી રે;
પ્રેમાનંદના પ્યારા અલબેલ, શ્યામ સોહાગી રે. ૬

પદ ૨૦૨૧ મું

સખી આજ અલૌકિક રૂપ, જોતાં ચીત લોભે રે;
વહાલો ભૂપને શિર ભૂપ, શામળિયો શોભે રે. ૧
સખી નખશિખ સજી શણગાર, બેઠા બહુનામી રે;
હૈયે હીસે મોતીડાના હાર, શોભે જગસ્વામી રે. ૨

પેહેર્યો જરકસી જામો અંગ, પીતાંબર ધોતી રે;
માથે મોળીડું નવરંગ, થઈ ઘેલી જોતી રે. ૩
ઉર ઉતરિયુંની જોડ, કડાં બેઉ કરમાં રે;
દીસે છે અજબ મરોડ, છેલા ગીરધરમાં રે. ૪
શોભે સુંદર વર ઘનસ્યામ, મોહન મોરારી રે;
છબી ઉપર કોટિક કામ, નાંખીયે વારી રે. ૫
જેમ તારા મધ્યે ચંદ્ર, શોભે એમ વહાલો રે;
થયો રાજી પ્રેમાનંદ, જોઈ નંદલાલો રે. ૬

પદ ૨૦૨૨ મું

સખી શામળિયો શિરદાર, છે જોયા જેવા રે;
નેણુથી ન મેલીયે લગાર, રાખીએ ઉર એવા રે. ૧
એનું રૂપ જોઈ ગુલતાન, થયું મન મારું રે;
જાણે મળિયે મેલીને માન, પ્રાણ લઈ વારું રે. ૨
એના કામણગારાં નેણુ, શોભે અણિયાળાં રે;
મુખ બોલે મનોહર વેણુ, મીઠાં મરમાળા રે. ૩
વહાલો હસતા હસતા હેત, જણાવે છે ઝાઝું રે;
રાજેન્દ્ર રૂપનિકેત, રૂડા લાગે કાજુ રે. ૪
એની મૂરતિ મહાસુખકારી, કે જાદુગારી રે;
થઈ જોતાં ગોકુલનારી, ઘેલી બીચારી રે. ૫
અમરેશ્વર રૂપ અનૂપ, ધર્યું બહુનામી રે;
પ્રેમાનંદ કહે ત્રિભુવનભૂપ, પ્રગટ થયા સ્વામી રે. ૬

પદ ૨૦૨૩ મું–રાગ ગરબી

વંદુ સહજાનંદ ભવમોચન, રૂપનિધાન કમલદળ લોચન. ૧
વંદુ ધર્મકુંવર વરદાયક, વહાલો મારો અખીલભુવનના નાયક. ૨
વંદુ હરિકૃષ્ણ પદપાવન, જનમમરણના દુઃખ નસાવન. ૩
વંદુ ધર્માત્મજ બહુનામી, નિરમળ બુદ્ધિ આપો સ્વામી. ૪
વર્ણવું નખશિખ રૂપ તમારું, ઉરમાં આનંદનું કરનારું. ૫

સુંદર મૂરતિ છે ઘનશ્યામ, રૂપ શિલ ગુણ સુખનું ધામ. ૬
તરુણ પુષ્ટ તન પંકજ નેણાં, મંજુલ મધુર મનોહર વેણાં. ૭
મૂરતિ ઉંચી કહી વખાણું, ગોપીનાથ મૂરતિ પરમાણું.* ૮
સુંદર રૂપ છટા તન માંહી, નિરખી કોટિક કામ લજાઈ. ૯
ચંચલ ચતુર રૂદે લખી રાખું, પ્રેમાનંદ કે' પ્રાણ વારી નાખું. ૧૦

પદ ૨૦૨૪ મું

શ્રીઘનશ્યામ રૂપરસખાણ, એક રસનાએ શું કરું વખાણ. ૧
સુંદર રૂપ અનૂપમ શોભે, જોતાં હરિજનનાં મન લોભે. ૨
ચિતવની ચલની મધુરી મુખ વાણી, નરનારીનાં ચીત લે તાણી. ૩
સુંદર હસિત વદન સુખકારી, કરનાં લટકાં પર જાઉં વારી. ૪
સુંદર મૂરતિ નાગર નટકી, જોતાં ચીત ચડે રંગ ચટકી. ૫
નખશિખ અંગ અતિ રસ રૂપ, ઉપમા શી કહું અતિ અનૂપ. ૬
કર ચરણાદિક અંગ છે કેવાં, સામુદ્રિકમાં કહ્યાં છે તેવાં. ૭
સરલ સ્વભાવ સૌમ્ય ગુણસિંધુ, તેજ પ્રતાપ ઓજ છબી ઈંદુ. ૮
બુદ્ધિ વિશાલ પ્રાક્રમ અતિ ભારી, ધીર ગંભીર ઉદાર મુરારી. ૯
ત્યાગ જ્ઞાન તપ મૂરતિ સ્વામી, પ્રેમાનંદને ઉર રહો બહુનામી. ૧૦

પદ ૨૦૨૫ મું

સહજ સ્વભાવિક પ્રકૃતિ કહીયે, ગાતાં સુણતાં અતિ સુખ લહીયે. ૧
સહજ પ્રકૃતિ શ્રીધર્મકુંવરની, હરિજનનું મન અતિ વશકરની. ૨
ધર્યો નરવિગ્રહ ભવભયહારી, ચરિત્ર કરે અતિ મંગળકારી. ૩
નિત્ય સ્વાભાવિક ચેષ્ટા ગાવું, હરિજનને મન હેત ઉપજાવું. ૪
શ્રીમહારાજ નિયમ નિત્ય રાખી, પાછલી ચાર ઘડી રાત રહે બાકી. ૫
ત્યારે ઉઠી દાતણ કરે સુરરાય, એવો સહજ સ્વભાવ સદાય. ૬
મુખડું લોઈ રુમાલે સ્વામી, ન્હાવા પધારે હરિ બહુનામી. ૭
નિજ કર કલશ્યો લઈ જળ ઢોળે, સેવક જન તે ચરણને ચોળે. ૮

---

* સવાચોંસઠ તસુ ઉંચી મૂર્તિ હતી. ગઢડાના મંદિરમાં શ્રીગોપીનાથજીની મૂર્તિ છે તે બરોબર શ્રીજીના સ્વરૂપ જેટલી જ ઉંચી છે.

રૂડી રીતે નાહીને નાથ, કોરું વસ્ત્ર લઈ નિજ હાથ. ૯
સારી પેઠે શરીરને લુ'વે, પ્રેમાનંદ કહે જન સહુ જુવે. ૧૦

પદ ૨૦૨૬ મું

પછે ઉભા થઈ શ્રીઘનશ્યામ, વસ્ત્ર પેહેરેલું લઈ સુખધામ. ૧
બે સાથળ વચ્ચે ભેળું કરીને, નિચોવી પગ લુ'વે ફરીને. ૨
પછે બીજું ધોયેલું સૂક્ષ્મ ધાતું, શ્વેત વસ્ત્ર નહીં જુનું ફાટું. ૩
પેહેરે સારી પેઠે તાણી તેને, શ્વેત વસ્ત્ર પર રુચી બહુ જેને. ૪
એવા શ્રીસહજાનંદ મહારાજ, ભક્તવચ્છલ હરિ ગરીબનિવાજ. ૫
પછે બીજું ધોયેલું સૂક્ષ્મ શ્વેત, વસ્ત્ર ઓઢીને વિશ્વનિકેત. ૬
ચાખડીયું પેહેરીને ચટકતી, જમવા પધારે રે ચાલ ચટકતી. ૭
પવિત્ર આસન જમવાનું સારું, ત્યાં જઈ બેસે અભય ઉદારું. ૮
જમવા બેસે હરિ તેવારે, વસ્ત્ર ઓઢે છે કાનથી બારે. ૯
કાન ઉઘાડા રાખે જમતાં, પ્રેમાનંદને ઉર અતિ ગમતાં. ૧૦

પદ ૨૦૨૭ મું

જમવા બેસે ત્યારે વનમાળી, ડાબા પગની પલાંઠી વાળી. ૧
તે પર મેલી ડાબા હાથની હથેલી, હાસ્ય વિનોદ હરિ કરતા કેલી. ૨
જમણો પગ ઉભો રાખી નાથ, તે પર મેલી જમણો હાથ. ૩
પ્રથમ લે છે હરિ નાનો ગ્રાસ, જમતાં શોભે ભક્તનિવાસ. ૪
એમ જમે છે દેવના દેવ, વારે વારે પાણી પીધાની ટેવ. ૫
જમતાં જણસ જમ્યાની સારી, સુંદર સ્વાદુ જણાયે ભારી. ૬
તે આપી મોટા સાધુ હરિજનને, પછે પોતે જમે હરિ તે અન્નને. ૭
જમતાં ઓડકાર ખાયે બહુનામી, પેટ ઉપર હાથ ફેરવે સ્વામી. ૮
ક્યારેક તો હરિ જમતાં જમતાં, સાધુ હરિજન હોયે મનગમતાં. ૯
તે પર પ્રસન્ન થઇને દયાળ, આપે પ્રેમાનંદ કે' પ્રસાદીનો થાળ. ૧૦

પદ ૨૦૨૮ મું

જમ્યા હરિ તૃપ્ત થઈ જગવંદ, ચળુ કરાવે વર્ણિ મુકુંદ. ૧
ચળુ કરતાં હરિ રૂપનિધાની, દાંત ખોતરે લઈ સળી રૂપાની. ૨

પ્રથમ હરિ બે કરને ધુવે, કોગળા કરી પછી મુખને લુવે. ૩
મુખવાસ લઇને પ્રાણઆધાર, સાધુને પીરસવા થાયે તિયાર. ૪
ડાબે ખભે હરિ ખેસને આણી, કેડ સંગાથે બાંધે તાણી. ૫
હાર તોરા ગજરા હરિ પેહેરી, લેરખડા થઇને રંગલેહેરી. ૬
પ્રેમ સહિત પીરસે ઘનશ્યામ, લાડુ જલેબી લેઈ લેઈ નામ. ૭
સહુને પીરસી રહે હરિ જ્યારે, જમો મહારાજ એમ મુખથી ઉચ્ચારે. ૮
ફરે પંગતમાં વારમવાર, પીરસે સંતને ધર્મકુમાર. ૯
હરિજન સંતને પીરસવા સારું, પ્રેમાનંદ કહે ઘણા પ્રસન્ન ઉદારું. ૧૦

પદ ૨૦૨૯ મું

ક્યારેક શ્રીમહારાજ મનોહર, વર્ષા શરદ રુતુમાં સુંદર. ૧
દુર્ગનગરને સમીપે સારી, જાણી ઘેલા નદીના નિર્મળ વારી. ૨
સાધુ સતસંગી લઈ સાથ, ન્હાવા પધારે સુરમુનિનાથ. ૩
પેહેરી વસ્ત્ર આભૂષણ પ્યારો, થઈ અસવાર અશ્વે દ્રગતારો. ૪
નિસરે ઉભી બજારે જોતાં, પુરજનના મનને અતિ મ્હોતાં. ૫
જાઈ નદી તીરે વસ્ત્ર ઉતારી, ન્હાવા પેસે નવલવિહારી. ૬
નિરમળ નીર વખાણે ન્હાતા, હરિજનને આનંદના દાતા. ૭
નિજજન ભેળા બહુ પ્રકારે, જળક્રીડા કરી આનંદ વધારે. ૮
જળમાં ડુબકી મારે ત્યારે, નાક આંખ્ય કાન દાબે તેવારે. ૯
ડુબકી મારી રહે ઝાઝી વાર, પ્રેમાનંદ નિરખી જાયે બલિહાર. ૧૦

પદ ૨૦૩૦ મું

વળી વખાણું જળની ક્રીડા, સાંભળતામાં હરે ભવપીડા. ૧
ડુબકી મારે જળમાં હરિ જ્યારે, વહે શિરપર જળ છત્રાકારે. ૨
જાણીયે શેષજીયે ફણા વિસ્તારી, એમ જણાય ગંગાનાં વારી. ૩
ડુબકી મારીને મુખ કાઢે બારે, જમણો હાથ ફેરે છે મુખપર ત્યારે. ૪
સહજ સ્વભાવે કોગળા કરે છે, સરવે મુનિના મનને હરે છે. ૫
સજલ જલજસમ મુખ બહુ શોભે, મુનિ હરિજનના ચીતને લોભે. ૬
કયારે નદી મધ્ય પ્રવાહમાં ઉભા, જળની રમતના કરે મનસુબા. ૭
મુનિ હરિજનને મેલે તણાતા, બહુ પછડાયે તે જાતા જાતા. ૮

તેને જોઈ બહુ હસે અલબેલો, વળી એક બીજાને મારે હડસેલો. ૯
એમ જળક્રીડા કરે બહુ શ્યામ, પ્રેમાનંદનો સ્વામી પુરણકામ. ૧૦

પદ ૨૦૩૧ મું

જળમાં ઉભા રહી અવિનાશ, કિરતન ગવરાવે સાધુની પાસ. ૧
તાળી વજાડીને સાધુ ગાયે, પોતે ભેળા ગાયે આનંદ થાયે. ૨
એમ શ્રીહરિ નિત્ય જળમાં ન્હાયે, નિત્ય નવી લીલા કહી નવ જાયે. ૩
પ્રથમ ન્હાવા પેસે ત્યારે, નાહીને બારે નિસરે જ્યારે. ૪
નિજ પ્રિય હરિજન હોયે બળિયો, સરવે પ્રકારે હોયે છળિયો. ૫
પોતે ઝાલે તેનો હરિ હાથ, એમ કરી બા'રે નિસરે નાથ. ૬
નિરખી નિરખી પ્રફુલ્લિત મુખ થાયે, એવા ભક્ત પોતાના ધણુાયે. ૭
તેમણે સહિત નદીથી બા'રે, નીસરી નદીને કાંઠે ઉભા રે.' ૮
વસ્ત્ર પહેરેલું બે હાથે નિચોવે, પ્રથમની પેરે શરીરને લો'વે. ૯
ધોળો ખેસ તાણીને પેહેરે, પ્રેમાનંદ નિરખે હરખ ઘણેરે. ૧૦

પદ ૨૦૩૨ મું

ધોળો ફેંટો બાંધે માથે, અતિ ઉતાવળા થઈ નિજ હાથે. ૧
વચ્ચે એક છેડાનું છોગું બનાવી, એક આંટો ભ્રકુટીપર લાવી. ૨
એમ બાંધે ફેંટો ઘનસ્યામ, સરવે સુંદરતાનું ધામ. ૩
ધોળો ખેસ ડાબે ખભે નાંખી, એક છેડો નાભી હેઠો રાખી. ૪
ખેસને કેડ સંગાથે તાણી, બાંધે સુંદર સારંગપાણી. ૫
શ્વેત પુલના સુગંધી સારા, હાર તોરા ગજરા પેહેરી પ્યારા. ૬
ભારે ઘોડે અસવાર થઇને, મુક્ત હજારું ભેલા લઇને. ૭
જેમ ચકોરે વિંટ્યો ચંદ, એમ શોભે પ્રભુ સહજાનંદ. ૮
આવે ભેળા સરવે હરિજન ગાતા, તેમના નેત્રને આનંદદાતા. ૯
એમ ઉતારે આવે સ્વામી, પ્રેમાનંદનો પ્રભુ અંતરજામી. ૧૦

પદ ૨૦૩૩ મું

સહજ પ્રકૃતિ ગાવું હિતે, હરિજન સાંભળજો એક ચીતે. ૧
ચાલે મહારાજ રૂડી ચાલ લટકતી, પેહેરી ચાંખડી કે મોજડી ચટકતી. ૨
સુંદર ખેસ કે પછેડી ધોળી, નહીં બહુ લાંબી નહીં બહુ પહોળી. ૩

ડાબે ખભે ખેસાડ સોડે નાંખી, જમણા હાથમાં રુમાલને રાખી. ૪
રુમાલે જુક્ત જે જમણો હાથ, સેહેજે હલાવતા ચાલે નાથ. ૫
ક્યારેક ડાબો કર અતિ સુંદર, ચાલે નાથ મેલી કેડ ઉપર. ૬
જમણા હાથમાં રાખી રુમાલ, ચાલે હલાવતા ગજગતિ ચાલ. ૭
સેહેજે ઉતાવળું ચાલ્યાની ટેવ, ભક્તવત્સલ સરવે દેવના દેવ. ૮
ચાલે ઉતાવળી ચાલ હરિ જ્યારે, પુઞે નિજજન દોડે ત્યારે. ૯
ચટ ચટ શબ્દ ચાંખડીનો થાયે, પ્રેમાનંદ સાંભળીને પ્રાણ વારી જાયે. ૧૦

પદ ૨૦૩૪ મું

વળી કહું સહજ સ્વભાવ સ્વામીનો, પરમપુરુષ હરિ બહુનામીનો. ૧
ક્યારેક કાંઇક કારજને કરવા, તૈયાર થઈ ઉભા મન હરવા. ૨
ધીરે ધીરે ચાલતા હોય વનમાળી, જમણા હાથની મુઠ્ઠી વાળી. ૩
પોતાના જમણા સાથળમાંહી, ધીરે ધીરે માર્યાનો સ્વભાવ સદાઈ. ૪
ક્યારેક માણસની ભીડ બહુ થાયે, ઉડે ગરદ પોતે અકળાયે. ૫
ત્યારે રુમાલ નિજ કરમાં લે છે, નાસિકા મુખપર આડો દે છે. ૬
ક્યારેક ઢોળીયા ઉપર બીરાજે, મુનિવર ગાયે બહુ વાજાં વાજે. ૭
ક્યારેક ગોદડુ ઓછાડે સહિત, પાથર્યું હોયે તેપર બેસે નીત. ૮
ક્યારેક ગાદીપર બેસે સ્વામી, ક્યારેક ચાકળે બેસે બહુનામી. ૯
ક્યારેક તકીયો પલંગપર સુંદર, પ્રેમાનંદ કે' આવી બેસે તેપર. ૧૦

પદ ૨૦૩૫ મું

સાંભળજો હરિજન દઈ ચીત, વળી કહું બેઠાની જે રીત. ૧
ક્યારે પલાંઠી વાળી બેસે, ક્યારેક ઢીંચણ બાંધિ લઈ બેસે. ૨
ઘણુંક તકીયે ઉઠીંગણ દઇને, બેસે હે નારાયણ! કહીને. ૩
ઢોલીયા ઉપર અથવા આસનપર, કરી તકીયે ઉઠીંગણ સુંદર. ૪
બેસે બે પગ લાંબા મેલી, પગપર પગ મુકીને હેલી. ૫
એમ બેસવાનો સહજ સ્વભાવ, એવા શ્રીકૃષ્ણ સકલ મુનિરાવ. ૬
ક્યારેક બેઠા થકા રંગ લેહેરી, ઊર્ધ્વરેખા ડાબા પગકેરી. ૭
તેપર આંગળી જમણા હાથની, ઉભી ફેરવવાની ટેવ નાથની. ૮

ક્યારેક જીભને સહજ સ્વભાવે, ડાબી કોરે દાંત તળે દબાવે. ૯
એમ છે સહજ પ્રકૃતિ વહાલાની, પ્રેમાનંદના સ્વામી ધર્મલાલાની. ૧૦

પદ ૨૦૩૬ મું

વળી વખાણું સહજ પ્રકૃતિ, સાંભળજો સહુ દઈ ચીત વૃત્તિ. ૧
ક્યારેક તો પોતે પરમેશ્વર, પોતાની ડોકને લઈ હરિવર. ૨
બે પાસે મરડી નિજ હાથ, કડાકા વગાડે મુનિનો નાથ. ૩
ક્યારેક પોતાના ભક્તને પાસ, અંગ દબાવે છે અવિનાશ. ૪
ક્યારેક હૈયા તળે તકીયો આણી, વાંસો દબાવે સારંગપાણી. ૫
સેહેજે બેઠા હોયે બહુનામી, તુલસીની માળા ફેરવે સ્વામી. ૬
ક્યારેક રમતની પેઠે માળા, બેવડી કરીને દીનદયાળા. ૭
બે બે મણકા ભેળા ફેરવે, બે અંગોઠા આંગળીને ટેરવે. ૮
ક્યારેક વારતા કરતા નાથ, બે ઢીંચણ પર મેલી બે હાથ. ૯
પ્રેમાનંદ કહે કરી રમુજ હસે છે, માળા ભેળી કરી કરમાં ઘસે છે. ૧૦

પદ ૨૦૩૭ મું

સહજ પ્રકૃતિ ધર્માત્મજની, સુણતાં સુખ આપે દિન રજની. ૧
ક્યારેક માળા ન હોયે પાસ, આંગળીના પરવ ગણે અવિનાશ. ૨
ક્યારેક નેત્રને મીંચી સ્વામી, ધ્યાન કરે છે અંતરજામી. ૩
ક્યારેક ઉઘાડાં રાખી લોચન, ધ્યાન કરતાં બેસે ભવમોચન. ૪
ક્યારેક ધ્યાન કરતાં વહાલો, ચમકીને જાગે ધર્મનો લાલો. ૫
ક્યારેક પોતા આગળ મુનિજન, વાજાં વજાડીને ગાયે કિરતન. ૬
ત્યારે બેસે હરિ ધ્યાન કરીને, પાછા ચમકી જાગે ફરીને. ૭
ક્યારેક ચપટી વજાડી શ્યામ, સાધુ ભેળા ગાયે સુખધામ. ૮
ક્યારેક સાધુ વજાડી તાળી, ગાયે કિરતન ફરે મંડળી વાળી. ૯
તે ભેળા ફરી ગાયે વનમાળી, પ્રેમાનંદ કહે વજાડી તાળી. ૧૦

પદ ૨૦૩૮ મું

ક્યારેક પોતા આગળ મુનિવર, વાજાં વજાડીને ગાયે સુન્દર. ૧
પોતા આગળ કથા વંચાયે, સાંભળીને પાસે ખસતા જાયે. ૨
નિજજન આગળ વારતા કરતા, વદનમાંથી વચનામૃત ઝરતાં. ૩

ખસતા તે જન પાસે આવે, લટકાં કરતા સહજ સ્વભાવે. ૪
કથા વંચાવતા હોય હરિ જ્યારે, હરે હરે એવો શબ્દ ઉચ્ચારે. ૫
બીજી ક્રિયામાંહી સુખદેણુ, કથાને ભાને સુન્દર નેણુ. ૬
હરે એવો શબ્દ કરે ઉચ્ચાર, સુન્દર મુખથી વારમવાર. ૭
પોતાને તેની સ્મૃતિ થાયે, ભક્ત સામું જોઈ હસે હરિરાયે. ૮
એવા બહુ ચરિત્ર કરે ઘનશ્યામ, નિજજનને ઉર આનંદ ધામ. ૯
એવા ધર્મકુંવર બહુનામી, પુરુષોત્તમ પ્રેમાનંદનો સ્વામી. ૧૦

પદ ૨૦૩૯ મું–રાગ ગરબી

મને રસિયા સંગાથે રંગ લાગ્યો રે–એ ઢાળ છે

સાંભળો હરિજન એક ચીતે રે, ગાવું સ્વભાવિક ચેષ્ટા પ્રીતે રે. ૧
ક્યારેક રાજીપામાં વાત રે, કરતા હોયે હરિ સાક્ષાત રે. ૨
ક્યારેક કથા વંચાવતા હોયે રે, કિરતન ગવરાવે તોયે રે. ૩
કાંઇક કરે બેઠા વિચાર રે, એક ચીતે શ્રીધર્મકુમાર રે. ૪
તે વચ્ચે કોઈ પુછવા આવે રે, હરિને જમવા સારું બોલાવે રે. ૫
કોઈ આવે હરિની પુજા કરવા રે, કોઈ હાર પેહેરાવા ભેટ ધરવા રે. ૬
તે ઉપર કચવાયે અવિનાશી રે, કહે આવવા ન દેશો અમ પાસ રે. ૭
ક્યારેક ભક્તની સભામાંહે શ્યામ રે, બેઠા હોયે તે પુરણકામ રે. ૮
ધર્મજ્ઞાનવૈરાગ્ય જુત ભક્તિ રે, તે સંબંધી વારતાની જુક્તિ રે. ૯
નિજ ભક્ત આગે અંતરજામી રે, કરે પ્રેમાનંદનો સ્વામી રે. ૧૦

પદ ૨૦૪૦ મું

નિજ ભક્ત ઉપર દીનબંધુ રે, આજ અઢળ ઢળ્યા છે જ્ઞાનસિંધુ રે. ૧
સાંખ્યયોગ પંચરાત્ર વેદાંત રે, એ શાસ્ત્રતણું સિદ્ધાંત રે. ૨
પરમ રહસ્ય જોઇને સુખસાર રે, કહે ભક્તને ધર્મકુમાર રે. ૩
નિજ ભક્તરૂપી જે કલ્પદ્રોમ રે, તેને સિંચે હરિ જેમ સોમ રે. ૪
ક્યારેક તો ભક્તાધાર રે, બેઠા ભક્ત સભામાં કિરતાર રે. ૫
નિજ ભક્ત આગળ ભયહારી રે, ધર્મ આદિકની વારતા વિસ્તારી રે. ૬
જ્યારે કરે કૃપાનિધાન રે, ત્યારે પ્રથમ પોતાની ભગવાન રે. ૭

બે ભુજા ઉંચી ઉપાડી રે, બે હાથની તાળી વજાડી રે. ૮
સરવે છાનાં રાખીને જન રે, કરે વારતા જગજીવન રે. ૯
એમ નિત્ય નિજ જનની સાથ રે, કરે લીલા પ્રેમાનંદનો નાથ રે. ૧૦

પદ ૨૦૪૧ મું

વળી ભક્તવત્સલ ભયહારી રે, વારતાને વિષે સુખકારી રે. ૧
થઈ એકાગ્ર ચીત ભગવાન રે, કરે વારતા વિસારી તન ભાન રે. ૨
ઓઢવાનું વસ્ત્ર ખસી જાયે રે, ખબર ન રહે એવો સ્વભાવ સદાયે રે. ૩
ક્યારેક તો સુંદર શ્યામ રે, બેઠા સંતની સભામાં સુખધામ રે. ૪
નિજ સનમુખ બેઠા જે સંત જન રે, સમજુ હરિભક્ત પાવન રે. ૫
પ્રશ્ન ઉત્તર કરાવે તેની પાસ રે, પોતે સાંભળે બેઠા અવિનાશ રે. ૬
કોઇક પ્રશ્ન કઠણ પુછે ભારી રે, ઉત્તર બીજાથી ન થાયે રહે હારી રે. ૭
સહુને આનંદ ઉપજાવતા દયાળ રે, પોતે ઉત્તર કરે છે તતકાળ રે. ૮
ક્યારેક વારતા કરતા થકા દેવ રે, ફુલનો ગુચ્છ હાથે ચોળવાની ટેવ રે. ૯
એવાં કરે ચરિત્ર સુખકંદ રે, પ્રેમાનંદનો સ્વામી સહજાનંદ રે. ૧૦

પદ ૨૦૪૨ મું

હરિજન સાંભળો એક ચીતે રે, કહું સહજ સ્વભાવ કરી પ્રીતે રે. ૧
ક્યારેક તો વારતા કરતા રે, હરિજનના મનને હરતા રે. ૨
રુમાલના છેડાને વળ દેવો રે, હરિનો સહજ સ્વભાવ છે એવો રે. ૩
ક્યારેક ઉચ્છવને વિષે જીવન રે, નાના દેશથી આવ્યા જે હરિજન રે. ૪
લાવ્યા પુજા સામગ્રી બહુ ભારી રે, તેનો કરે અંગીકાર સુખકારી રે. ૫
ક્યારેક ઉચ્છવ પ્રસંગ લઇને રે, આવ્યા હરિભક્ત સહુ ભેળા થઇને રે. ૬
તેમણે ચઢાવ્યા જે પુષ્પના હાર રે, તેને ગ્રહણ કરે છે ભક્તાધાર રે. ૭
ક્યારેક બે હાથે ગ્રહણ કરે છે રે, ક્યારેક ચરણે કરીને હાર લે છે રે. ૮
ક્યારેક લે છે હાર છડીયે કરીને રે, ચારે કોરે ભક્તવત્સલ ફરીને રે. ૯
અતિ ચંચળ મનોહર મૂરતિ રે, પ્રેમાનંદ કહે ન મેલું ઉરથી રે. ૧૦

પદ ૨૦૪૩ મું

ક્યારેક તો ધર્મકુમાર રે, નિજ ભક્તને પ્રાણઆધાર રે. ૧
નિજ દરશને કરી શ્યામ રે, સમાધી કરાવે સુખધામ રે. ૨

ક્યારેક તો દીનદયાળ રે, સમાધીમાંથી ઉઠાડે તતકાળ રે. ૩
ક્યારેક તો સમાધીવાન રે, પડ્યા હોયે તે મૃતક સમાન રે. ૪
તેના નેત્રને ઉઘાડી નિજ હાથે રે, નિજ દૃષ્ટિ જોડી દૃષ્ટિ સાથે રે. ૫
કરી સંકલ્પ જગાડે છે હરિ રે, નહીં તો ઉંચે ઘેરે સાદે કરી રે. ૬
ક્યારેક તો કૃપાના સિંધુ રે, બેઠા હોયે સભામાં દીનબંધુ રે. ૭
કોઇક ભક્તને તેડવો હોયે પાસરે, કરે નેત્રતણી સાન અવિનાશ રે. ૮
નહીં તો અંગુઠાને પાસની આંગળી રે, તેની સાને બોલાવે છે વળી રે. ૯
એમ કરે હરિ ચેષ્ટા અનંત રે, પ્રેમાનંદનો સ્વામી ભગવંત રે. ૧૦

પદ ૨૦૪૪ મું

વળી પુરણ પુરુષોત્તમ સ્વામી રે, કયારેક તો અંતરજામી રે. ૧
મોગરા આદિક પુષ્પના હાર રે, લીંબુ આદિક જે ફળ સુખસાર રે. ૨
તેને શિતળ જાણીને ધર્મલાલો રે, વારે વારે આંખે અડાડે છે વહાલો રે. ૩
કયારેક તો હરિ બહુ નામી રે, કથા કરાવીને સાંભળે છે સ્વામી રે. ૪
ક્યારેક તો હાર સુખકારી રે, પોતે કથા કરે છે ભયહારી રે. ૫
ક્યારેક વારતા કરે છે હરિરાયે રે, કિરતન ગવરાવે ને પોતે ભેળા ગાયે રે. ૬
હરિના મંદિર કરાવે છે ભારી રે, સાધુ બ્રાહ્મણ જમાડે છે સુખકારી રે. ૭
એવી સતક્રિયા કર્યાનો ઉચ્છાવ રે, નવરું ન રહેવું એવો જ સ્વભાવ રે. ૮
ભક્તિ ધર્મ સંબંધી કારજ જે જે રે, પોતે આરંભ કર્યા હોયે તે તે રે. ૯
તેને સંપૂર્ણ કરવામાં સિદ્ધપણું રે, પ્રેમાનંદ કે' સ્વામીને અતિ ઘણું રે. ૧૦

પદ ૨૦૪૫ મું

એમ અખીલ ભુવનના પ્રાણ રે, કરે સ્વભાવિક ચેષ્ટા સુજાણ રે. ૧
ક્યારેક તો હરિ સ્વચ્છંદ રે, છીંક ખાવી હોયે તારે સુખકંદ રે. ૨
પ્રથમથી રુમાલ લઈ હાથ રે, મુખ આડો રાખી દીનોનાથ રે. ૩
ઉંચે સાદે છેટે સંભળાયે રે, એમ બે ત્રણ ભેળી છીંક ખાયે રે. ૪
જ્યારે બગાસું ખાયે છે હરિ ત્યારે રે, હરિહરિ* એવા શબ્દને ઉચ્ચારે રે. ૫
નિજ કરે કરીને સુખદેણ રે, ચોળે બે ત્રણ વાર કમળનેણ રે. ૬

---

* "હરે હરે" પાઠાન્તર છે.

વળી નિષ્કામ ભક્ત હોયે એવા રે, તેની કરેલી ગમે છે જેને સેવા રે. ૭
કોઇક રમુજે કરીને ઘનશ્યામ રે, અતિશે હસે છે અભિરામ રે. ૮
ત્યારે હાથે ગ્રહીને રુમાલ રે, મુખ આડો દઈ હસે કૃપાળ રે. ૯
એવી સહજ કૃપા હરિ કેરી રે, ગાયે પ્રેમાનંદ પ્રીતે ઘણેરી રે. ૧૦

પદ ૨૦૪૬ મું

ક્યારેક તો કૃપાનિવાસ રે, દેશ દેશથી આવ્યા જે નિજ દાસ રે. ૧
અતિ વલ્લભ પોતાને એવા સંત રે, તેમ ભક્તજન પ્રિય જે અત્યંત રે. ૨
તેને જોઈ પ્રસન્ન થઈ નાથ રે, ઉભા થઇને મળે છે ભરી બાથ રે. ૩
ક્યારેક તો ભક્તાધાર રે, ઉચ્છવને વિશે અવિકાર રે. ૪
નિજ સમીપે રહીને સંત જન રે, નિજ આજ્ઞા ગ્રહીને શુદ્ધ મન રે. ૫
પરદેશમાં જાતાં જાણી તેને રે, થઈ પ્રસન્ન મળે છે હરિ એને રે. ૬
ક્યારેક તો કૃપાના નિધાન રે, પોતે પ્રસન્ન થઇને ભગવાન રે. ૭
નિજ જનના શિરપર નાથ રે, આપી અભય મુકે છે બે હાથ રે. ૮
ક્યારેક તો પ્રસન્ન થઇને રે, કોઇક ભક્તના ઉરમાં લઇને રે. ૯
બે ચરણ ધારે છે ઘનશ્યામ રે, પ્રેમાનંદનો સ્વામી પુરણકામ રે. ૧૦

પદ ૨૦૪૭ મું

ક્યારેક તો દીનના દયાળ રે, નિજ આજ્ઞા પાળવા તતકાળ રે. ૧
થયો તત્પર એવો ભક્ત હોયે રે, તેમ આજ્ઞા પાળીને આવ્યો તોયે રે. ૨
એવો ભક્તજન તેને હરિ જોઇ રે, તેના ઉપર પ્રસન્ન પ્રભુ હોઇ રે. ૩
તેના હૃદામાંહી ઘનશ્યામ રે, આપે ચરણ કમળ સુખધામ રે. ૪
ક્યારેક તો કૃપાનિધાન રે, કોઈ ભક્તજનને ભગવાન રે. ૫
થઈ પ્રસન્ન શ્રીધર્મકુમાર રે, આપે પ્રસાદિ કુસુમના હાર રે. ૬
વળી આપે તોરા ને બાજુબંધ રે, વસ્ત્ર આભૂષણ આપે સુખકંદ રે. ૭
વળી અતિશે ઉદાર જે સ્વભાવ રે, એવા અખિલ ભુવનના રાવ રે. ૮
અતિપ્રિય પોતાને હોયે એવું રે, બહુ મૂલી પદારથ તેવું રે. ૯
પ્રેમાનંદ કહે દેવાનું મન ધારે રે, તતકાળ આપે કાંઈ ન વિચારે રે. ૧૦

પદ ૨૦૪૮ મું

એવો ઉદાર સ્વભાવ છે સ્વામીનો રે, ભક્તવત્સલ બહુનામીનો રે. ૧
ક્યારેક તો સંત સમાજ રે, હરિની પુજા કરવાને કાજ રે. ૨

આવ્યા લાવ્યા પુજાનો ઉપચાર રે, ધુપ દીપ ચંદન પુષ્પના હાર રે. ૩
નખશિખ ચરચી ચંદન અંગે રે, બાજુબંધ હાર પે'રાવી ઉમંગે રે. ૪
માથે પુષ્પની ટોપી ધરાવી રે, ગુચ્છ ખોસે બહુ કાનમાં લાવી રે. ૫
પુજા કરીને આરતિ ઉતારે રે, મળે અતિ હેતે વારે વારે રે. ૬
નખશિખા લગી મૂરતિને જોઈ રે, હળવે હળવે લે છે ઉરમાં પ્રોઈ રે. ૭
ક્યારેક તો હરિવર વળી રે, નિજ કર ચરણની આંગળી રે. ૮
તેને મરડીને પ્રાણઆધાર રે, કડાકા વગાડે કિરતાર રે. ૯
એવી ચેષ્ટાને કરતા બહુનામી રે, પરિબ્રહ્મ પ્રેમાનંદનો સ્વામી રે. ૧૦

પદ ૨૦૪૯ મું

ક્યારેક તો ભક્તજીવન રે, પોતા પાસે જે બેઠા હરિજન રે. ૧
તેને પાસે શ્રીનાથજી બોલાવી રે, પ્રથમ કર ચરણને ચંપાવી રે. ૨
પછે આંગળિયું મરડાવીને વહાલો રે, કડાકા વગડાવે ધર્મલાલો રે. ૩
ક્યારેક ડોકને મરડીને નિજ હાથ રે, કડાકા વગાડે છે નાથ રે. ૪
ક્યારેક તો કોઇક પ્રાણીને રે, દુઃખીયો દેખી અથવા સાંભળીને રે. ૫
તતકાળ દયાવાન થકા દેવ રે, રામ રામ એમ બોલવાની ટેવ રે. ૬
ક્યારેક તો મનુષ્ય હર કોઇ રે, દીનબંધુ તે દુઃખીયો જોઇ રે. ૭
અતિ દયાયે કરીને બહુનામી રે, નિજ ચીતમાં ખેદને પામી રે. ૮
પ્રસન્ન થઇ અન્ન ધન વસ્ત્ર આપી રે, તે દીનનાં નાખે છે દુઃખ કાપી રે. ૯
પરઉપકાર કરવાની ટેવ રે, પ્રેમાનંદનો સ્વામી એવા દેવ રે. ૧૦

પદ ૨૦૫૦ મું

ક્યારેક તો દીનદયાળુ રે, દીનબંધુ હરિ અતિશે કૃપાળુ રે. ૧
કેને મારતો હોયે જીવ કોઈ રે, અતિ દયાળુ ન શકે તેને જોઈ રે. ૨
દયાએ કરીને દયાળ રે, હાં હાં કરીને નિવારે તતકાળ રે. ૩
પોતા આગે કોઇનું કોઈ જન રે, આવી બોલે ઘસાતું વચન રે. ૪
તેને સાંભળીને જાયે કચવાઈ રે, તેનો અનાદર કરે સુખદાઈ રે. ૫
ક્યારેક તો સુંદર વર રે, નિજ દેહમાં હોયે કસર રે. ૬
ત્યારે ડાબે હાથે કરી દેવ રે, જમણા હાથની નાડી જોયાની ટેવ રે. ૭
જ્યારે સભામાંથી ઉઠે બહુનામી રે, જય સચ્ચિદાનંદ કહી સ્વામી રે. ૮

જય સ્વામિનારાયણ કહી હરિ રે, સાધુને નમસ્કાર કરી રે. ૯
એમ કહીને ઉતારે હરિ જાયે રે, પ્રેમાનંદ એવી ચેષ્ટા ગાયે રે. ૧૦

પદ ર૦પર મું

એવી ચેષ્ટા હરિની અતિ સાર રે, ગાતાં સુણતાં ઉતારે ભવ પાર રે. ૧
એ પ્રગટ પ્રભુની લીલા કેવી રે, હરિજનને સાંભળ્યા જેવી રે. ૨
કયારેક તો હરિ સુખધામ રે, ચાલે માર્ગે ઘોડે ચડી શ્યામ રે. ૩
ત્યારે લીલાયે કરીને સુખરૂપ રે, ઘોડાની ડોક ઉપર અનૂપ રે. ૪
એક પગને લાંબો વિસ્તારી રે, ઘોડાને ચલાવે સુખકારી રે. ૫
સુવે ત્યારે કૃપાનિધાન રે, પ્રથમ જાગતા થકા ભગવાન રે. ૬
નિજ કરની આંગળી ભાલમાંહી રે, તિલક કર્યાની પેઠે સુખદાઈ રે. ૭
ઉભી ફેરવે છે અંતરજામી રે, શ્રીધર્મકુંવર બહુનામી રે. ૮
વળી સુવે ત્યારે દીનોનાથ રે, માળા માંગીને જમણે હાથ રે. ૯
ફેરવતા થકા સુખધામ રે, સુવે પ્રેમાનંદનો વહાલો શ્યામ રે. ૧૦

પદ ર૦પર મું

વળી દીનબંધુ છે દયાળ રે, શરણાગતતણા પ્રતિપાળ રે. ૧
રાતે પોઢે ત્યારે દીનબંધુ રે, નિજ મુખકમળ સુખસિંધુ રે. ૨
રાખી ઉઘાડું પોઢે રંગભીનો રે, એવો સ્વભાવ સદાય સ્વામીનો રે. ૩
પોતે ભરનિદ્રામાંયે શ્યામ રે, સુતા હોયે સુંદર સુખધામ રે. ૪
કોઇક અજાણે જરાક અડી જાયે રે, જાગે તરત ઝબકીને હરિરાયે રે. ૫
પુછે કોણ છે એમ ભયહારી રે, એવો સહજ સ્વભાવ સુખકારી રે. ૬
આવી રીતે શ્રીજીની ઘણી સારી રે, સ્વભાવિક ચેષ્ટા સહુથી ન્યારી રે. ૭
નિજ સ્મૃતિ અનુસારે લખાણી રે, બીજી લખતાં થાકયાં મન વાણી રે. ૮
આવી રીતે સંભારીને ગાશે રે, તેના ઉરમાં અવિનાશી દેખાશે રે. ૯
શીખે સાંભળે ને ગાશે પ્રીતે નીત રે, પ્રેમાનંદ કહે પામશે વાંછિત રે. ૧૦

ઇતિશ્રી હરિ સ્વરૂપ ધ્યાનસિદ્ધિના પદ સંપૂર્ણ

પદ સર્વે મળીને ૩૦

પદ ૨૦૫૩ મું–રાગ ગરબી

આવોને ઓરા છેલ છબીલા મારી શેરીએ એ ઢાળ છે.

હું વારી જાઉં ધન્ય ઘડી છે જે આજની;
હું વારી જાઉં મૂરતિ સાંભરી શ્રીમહારાજની. ૧
હું વારી જાઉં રસની ભરી છે સુંદર મૂરતિ;
હું વારી જાઉં પ્રેમી ન મેલે ઘડી ઉરથી. ૨
હું વારી જાઉં પ્રેમી જીવે છે નિત્ય ભાળીને;
હું વારી જાઉં અસત્ય વાસના સરવે ટાળીને. ૩
હું વારી જાઉં ભક્તને જીવન ધન માલ છે;
હું વારી જાઉં ભક્તવત્સલ ધર્મલાલ છે. ૪
હું વારી જાઉં નખશિખ રૂપ તે અનૂપ છે;
હું વારી જાઉં ભક્તને પરમ સુખરૂપ છે. ૫
હું વારી જાઉં દુર્લ્લભ ઘણા છે મતિમંદને;
હું વારી જાઉં દયા કરી મળ્યા પ્રેમાનંદને. ૬

પદ ૨૦૫૪ મું

રસિયા લાલ શ્યામ સુંદર રંગછેલડા;
રસિયા લાલ ઓરા આવોને અલબેલડા. ૧
રસિયા લાલ વદન કમળ છબી જોઇયે;
રસિયા લાલ રૂપ છટામાં ચીત પ્રોઇયે. ૨
રસિયા લાલ પાઘડી ઉજ્વલ આંટાદાર છે;
રસિયા લાલ પાઘમાં તોરાની સુંદર હાર છે. ૩
રસિયા લાલ કેસર તિલક રાજે ભાલમાં;
રસિયા લાલ મોહી છું છેલા તમારી ચાલમાં. ૪
રસિયા લાલ ભ્રકુટી શોભે છે સુંદર વાંકડી;
રસિયા લાલ આંખડી કમળ કેરી પાંખડી. ૫
રસિયા લાલ શ્યામ એક તીલ વામ કાનમાં;
રસિયા લાલ પ્રેમાનંદ નિરખે નિત્યે ધ્યાનમાં. ૬

પદ ૨૦૫૫ મું

લોભાણું ચીત તરુણ મનોહર રૂપમાં;
લોભાણું ચીત સુરનરમુનિશિર ભૂપમાં. ૧
લોભાણું ચીત કરણ કપોલ ગોળ જોઇને;
લોભાણું ચીત નાસિકામાં રહ્યું મન મોહીને. ૨
લોભાણું ચીત અધર પ્રવાલ છબી દેખતાં;
લોભાણું ચીત હસતું મુખારવિંદ પેખતાં. ૩
લોભાણું ચીત દશન જોઇને કુંદની કળી;
લોભાણું ચીત કંઠમાં જોઇને સુંદર ત્રિવળી. ૪
લોભાણું ચીત ઉરમાં જોઇને ચિહ્ન છાપના;
લોભાણું ચીત દુઃખડાં મિટાડે ત્રિવિધ તાપના. ૫
લોભાણું ચીત અભય ઉદાર જોઈ હાથને;
લોભાણું ચીત પ્રેમાનંદ કે' જોઈ નાથને. ૬

પદ ૨૦૫૬ મું

વધારે વહાલ લાલની છબી ઉર ધારતાં;
વધારે વહાલ ત્રિવળી ઉદરમાં સંભારતાં. ૧
વધારે વહાલ ગોળ ઉંડી નાભી નિરખતાં;
વધારે વહાલ સ્યામ કટિ જોઇને હરખતાં. ૨
વધારે વહાલ સાથળ રુડા સુખકંદના;
વધારે વહાલ ઘુંટણ જુગલ જગવંદના. ૩
વધારે વહાલ પીંડિયો પાતળી પ્રાણનાથની;
વધારે વહાલ હથેલી રાતીયો બેઉ હાથની. ૪
વધારે વહાલ સંભારતાં ચરણકમળ જોડને;
વધારે વહાલ ઉર્ધ્વરેખા પૂરે મન કોડને. ૫
વધારે વહાલ દશે આંગળીના નખચંદ તે;
વધારે વહાલ નિરખે નિત્ય પ્રીતે પ્રેમાનંદ તે. ૬

પદ ૨૦૫૭ મું–રાગ ગરબી

વહાલા વહાલી લાગે તારી મૂરતિ, જોઈ લોભાણું છે ચીત, શામળિયા વહા૦ ટેક.
રૂડું રૂપ લાવણ્યતા ને પુરતી, જોઈ ઉપજી છે પુરણ પ્રીત. શામ૦ ૧

રસ રૂપ અનુપમ આંખડી, માંહી રેખું રાતી રસાલ; શામ૦
જાણે દશ* કમળ કેરી પાંખડી, શોભે વાંકડી ભ્રકુટી ને ભાલ. શામ૦ ૨
ઓપે આડ કેસરની ભાલમાં, ઝુકી રહી છે કસુંબલ પાઘ; શામ૦
ખોસ્યાં છોગલિયાં બહુ તાલમાં, ધરી જન મને જોયા લાગ. શામ૦ ૩
જોઈ જુગલ કરણુ છબી જાદવા, શોભે કુંડલ મકરાકાર; શામ૦
તીલ વામકરણુમાં માધવા, જોવા હૈડે હરખ અપાર. શામ૦ ૪
ગોળ કપોલ નમણી નાસિકા, શોભે અધર પ્રવાળ અનૂપ; શામ૦
દંતપંક્તિ રસિક રસ રાશિકા, પ્રેમાનંદને પરમ સુખરૂપ. શામ૦ ૫

પદ ૨૦૫૮ મું

મારા નાથ આવો રાખું નેણુમાં, વારુ તન મન તમપર
પ્રાણુ, પાતળિયા. નાથ૦ ટેક.
મને જંપ નથી દિનરેણુમાં, જોયા વિના તે શ્યામ સુજાણુ. પાત૦ ૧
તારું હસતું વદન જોઈ જાદવા, નેડો લાગ્યો છે નંદકિશોર. પાત૦
કંબુ કંઠ અનોપમ માધવા, છાતી ઉપડતી ચીતચોર. પાત૦ ૨
શોભે શ્રીવચ્છ ચિહ્ન કૌસ્તુભમણી, છાતી માથે અનોપમ છાપ. પાત૦
શોભા અભય ઉદાર ભુજાતણી, માંહે છાપ ચિહ્ન બાળે પાપ. પાત૦ ૩
તારું ઉદર સદા સુખરૂપ છે, ઉંડી નાભી છે કમળ સમાન. પાત૦
માંહી ત્રિવળી પરમ રસ રૂપ છે, મહામુનિ ધરે નિત્ય ધ્યાન. પાત૦ ૪
કટિ સિંઘ સરિખી પાતળી, શોભે શ્યામ અતિ અભિરામ. પાત૦
નિરખે પ્રેમાનંદ મળી મળી, થયો પાવન પુરણુકામ. પાત૦ ૫

પદ ૨૦૫૯ મું

મારા મનમાં વશી તારી મૂરતિ, મને જોયા વિના ન
રહેવાયે, રસિલડા; મને૦ ટેક.
મેંતો જોઈ છે જીવન જરા દુરથી, મને ત્યારથી જંપ ન થાયે. રાસ૦ ૧
ઓરા આવો તો નિરખું નાથજી, નખશિખ તમારું રૂપ; રસિ૦
કહો તો ભેટું ભૂધર ભરી બાથજી, મારે હૈડે હરખ અનૂપ. રસિ૦ ૨

* "દશ"નો અર્થ સ્પષ્ટ થતો નથી. "રક્ત" અથવા "લાલ" સંભવે છે. પણ બધી પ્રતોમાં આજ પાઠ હોવાથી તેમ જ રાખ્યો છે.

તારા સાથલની છબી ઉપરે, વારી નાંખું કદલી થંભ કરોડ; રસિ૦
એતો ગરુડની પીઠ પાવનકારી, બીજી ઉપમા ન આવે જોડ. રસિ૦ ૩
તારાં જાનુ જુગલ પીંડી જોઇને, વ્રજવિનતાને હરખ અપાર. રસિ૦
રાધા રમા રહી છે મોહીને, ચાંપે પ્રેમ શું વારમવાર. રસિ૦ ૪
તારી ઘુંટી પાની ફણા આંગળી, જોવા હૈડે હરખ ન માયે; રસિ૦
દશે આંગળીના નખ ઉપરે, પ્રેમાનંદ પ્રાણ વારી જાયે. રસિ૦ ૫

પદ ૨૦૬૦ મું

તારું રૂપ જોઈ રંગછેલડા, મારાં નેણાં ત્રપત ન થાયે; કેસરિયા; રૂપ૦ ટેક.
તારી ચાલ જોઈ અલબેલડા, મારે આનંદ અંગ ન માયે. કેસ૦ ૧
તારાં જુગલ ચરણ મારા ઉરમાં, આવી અટક્યાં ચાંખડિયું સહિત; કેસ૦
તે સારું રહું છું હું હજુરમાં, મારે જોઈ જોઈ વાધે છે પ્રીત. કેસ૦ ૨
મારા ચીતમાં તે આવી ચોંટી ગઈ, ઉર્ધ્વરેખા સુંદર છબીધામ; કેસ૦
સોળે ચિહ્ન જોઇને રાજી થઈ, અરુણ તળામાંહી અભિરામ. કેસ૦ ૩
નખમણી આંગળીયુંના શોભતા, રુડાં ચાંખડિયુંનાં ચિહ્ન; કેસ૦
મોટા મુનિવરના મન લોભતા, હું તો જોવાને દીન આધીન. કેસ૦ ૪
જમણા અંગોઠાના નખ ચિહ્નમાં, મારું મનડું થયું ગુલતાન; કેસ૦
કરું જતન જોવા રાત દિનમાં, પ્રેમાનંદ કહે ધરી ધરી ધ્યાન. કેસ૦ ૫

પદ ૨૦૬૧ મું

સખી જોને શોભા ઘનશ્યામની, જોઈ સુરનરમુનિ લલચાયે;
સાહેલી સુંદર શોભા૦ ટેક.
એને જોઇને ન મોહે કુણ કામની, એમાં વશ વારું કોણ નવ થાયે. સાહે૦ ૧
એનું જોવું ને હસવું બોલવું, એની સુંદર ચટકતી ચાલ; સાહે૦
એનું લટકા કરીને ડોલવું, જોઈ કેને ન વાધે વહાલ. સાહે૦ ૨
એની અજબ અલૌકિક બાંધણી, એની પાઘ અજબ આંટાદાર; સાહે૦
એની ચપળ આંખડલીની સાંધણી, વેધે કાલજ આરમપાર. સાહે૦ ૩
એની ચતુરાઈ શું દાખું કહી, નેણ બાણની રીત વિચિત્ર; સાહે૦
નેણા દુરિજનને તો અડે નહીં, જાઇ મારે પોતાના મિત્ર. સાહે૦ ૪

એના નેણમાં રેખું રાતડી, નિરખી ન્યાલ થઈ વ્રજનાર; સાહે૦
એની વહાલી લાગે બહુ વાતડી, પ્રેમાનંદ જોઈ બલિહાર. સાહે૦ ૫

પદ ૨૦૬૨ મું

સખી આજ લાવણ્યતા લાલની, મુખે વર્ણન કરી
નવ જાયે; સલુણી સખી આજ૦ ટેક.
જોઈ વાલપતા બહુ વહાલની, ઉર આનંદ હરખ ન માયે. સલુ૦ ૧
સખી આરે આવે સામા શેરીએ, પેહેરી ચાંખડી ચટકતી ચાલ; સલુ૦
સખી નેણા ભરીને હેરીએ, જોયા જેવા છે જનપ્રતિપાલ. સલુ૦ ૨
એક કરમાં રાજે છડી ફુલની, બીજા કરમાં છે રેશમી રુમાલ; સલુ૦
શોભે ઉરમાં માળા બહુ મૂલની, અંગે ઓઢી ઉપરણી ને શાલ. સલુ૦ ૩
પેહેરી સુંથણી ગુલાબી રંગની, માંહી રેશમી નાડીનો તાલ; સલુ૦
પેહેરી ઉતરી જડીત બહુ નંગની, બાંધે બાજુ કડાં રૂપજાલ. સલુ૦ ૪
માથે પાઘ સોનેરી વાંકડી, શોભે કલંગી તોરા છટાદાર; સલુ૦
મારી જોઇને ઠરી ગઈ આંખડી, નિરખે પ્રેમાનંદ કરી પ્યાર. સલુ૦ ૫

પદ ૨૦૬૩ મું

આવો આવો ઓરા અલબેલડા, રસિયા વર રૂપનિધાન;
રંગીલડા આવો૦ ટેક.
નિરખું નેણા ભરી રંગછેલડા, મારા મન માન્યા ભગવાન. રંગી૦ ૧
રુડા શોભો છો સુંદર શામળા, નિરખી નેણાં ત્રપત ન થાય; રંગી૦
સેહેજે ચાલો છો રાજ ઉતાવળા, લટકાં કરતા ત્રિભુવનરાય. રંગી૦ ૨
જોઈ રૂપ ને શીલ ઉદારતા, વળી સરળ સ્વભાવ ગંભીર; રંગી૦
નિજજનને તે નિત્ય સંભારતા, એવા ભક્તવત્સલ બલવીર. રંગી૦ ૩
એવા જાણીને રમા રસિકણી, નથી મેલતી ક્ષણું એક ખ્યાલ; રંગી૦
કરે મન ક્રમ સેવા ચરણતણી, ઘણું ઘણું વધારી વહાલ. રંગી૦ ૪
એવા ગુણસાગર તમે ગિરિધારી, સુંદર વર પરમ ચતુર; રંગી૦
વળી આનંદસિંધુ આનંદકારી, પ્રેમાનંદ રાખે નીત ઉર. રંગી૦ ૫

પદ ૨૦૬૪ મું

વારી જાઉં તમારે વારણે, મારો સફળ કર્યો
અવતાર; વાલમજી જાઉં૦ ટેક.

આજ પ્રગટ્યા અમારે કારણે, કરવા અધમતણો ઓધાર. વાલ૦ ૧
કીધી કરુણા મોટી કુંવર ધરમના, આવ્યા અક્ષરપતિ ધરી દેહ; વાલ૦
કાપ્યાં બંધન સરવે કરમનાં, અતિ દીન સાથે જોડી નેહ. વાલ૦ ૨
જુવો કયાં તમે કયાં અમે નાથજી, કાંઇ કહ્યામાં ના આવે વાત; વાલ૦
મોટા મુક્તતણો મેલી સાથજી, કીધાં આવી અનાથ સનાથ. વાલ૦ ૩
નવ જોયા અવગુણ કોઇ જંતના, નવ જોઇ જાત ને નાત; વાલ૦
ઢળ્યા અઢળ ખાંઇ સમ સંતના, મેલી મોટપ પક્ષ ને પાત. વાલ૦ ૪
શું વર્ણવું ગુણ ગણ રાવળા, મતિ અલ્પ ને આલસુ મન; વાલ૦
આપો દરશન આવી ઉતાવળા, પ્રેમાનંદના પ્રાણજીવન. વાલ૦ ૫

પદ ૨૦૬૫ મું–રાગ ગરબી

રે ધર્મકુંવર ધનશ્યામ હરિ, ઓરા આવો નિરખું નેણા ભરી રે; ધર્મ૦ ટેક.
રે સુંદર મૂરતિ તમારી, રે જીવન દોરી છે અમારી;
છબીપર તન મન જાઉં વારી રે. ધર્મ૦ ૧
રે ચરણ કમળની જોડ જોવું, રે જોઇને પાંપણીએ લ્હોવું;
પછે લઇ અતરમાં પ્રોવું રે. ધર્મ૦ ૨
રે સોળે ચિહ્ન સહિત ધારું, રે ઉર્ધ્વરેખામાં ચોટયું મન મારું;
જતન કરી પળે પળે સંભારું રે. ધર્મ૦ ૩
રે જમણા અંગુઠાના નખમાંહી, ચિહ્ન છે સુંદર સુખદાઇ;
રહ્યો પ્રેમાનંદ તેમાં લોભાઇ રે. ધર્મ૦ ૪

પદ ૨૦૬૬ મું

રે ભક્તિધર્મસુત શામળિયા, તમે હરિ અમને ભલે મળિયા રે; ભક્તિ૦ ટેક.
રે જનમ અમારો સફળ કીધો, રે લાખેણો લાભ અમે લીધો;
હવે જગપર ડંકો દીધો રે. ભક્તિ૦ ૧
રે તમારા ચરણ તે ઉર ધરિયાં, રે નખચંદ્ર નિરખીને ઠરિયાં;
શત્રુ સરવે જીતીને વશ કરિયાં રે. ભક્તિ૦ ૨
રે પાની ઘુંટી પાંઠ ઘોડણને, રે સંભારી ઉતરીયાં ભવરણને;
ભરોસે શરણાંગતપણને રે. ભક્તિ૦ ૩

રે સાથલ કટિ લંકને ધારી, રે નાભી નિરખી દુઃખ મેલ્યાં વિસારી;
પ્રેમાનંદ ત્રિવળીપર વારી રે. ભક્તિ૦ ૪

પદ ૨૦૬૭ મું

રે ધર્મકુંવર વર બહુનામી, વારી જાઉં મૂરતિપર સ્વામી રે; ધર્મ૦ ટેક.
રે રમાસન*શોભા શું કહી દાખું, રે છાપ ચિહ્ન ઉરમાં લખી રાખું;
સ્તનપર પ્રાણ વારી નાખું રે. ધર્મ૦ ૧
રે ભુજા દોઉં અભય ઉદાર ઘણી, રે મનોહર આંગળી નખમણી;
શોભા હથેલી પોંચાતણી રે. ધર્મ૦ ૨
રે કુણીયું શ્યામ છે રૂપાળી, રે ભુજામાં છાપ ચિહ્ન ભાળી;
પાતક સરવે નાખ્યાં છે બાળી રે. ધર્મ૦ ૩
રે જમણી ભુજા પાસે તીલ ચાર, રે તીલ એક કંઠ વચ્ચે સાર;
પ્રેમાનંદ જાયે બલિહાર રે. ધર્મ૦ ૪

પદ ૨૦૬૮ મું

રે ધર્મકુંવર મુખ ચંદ્ર જોઇ, રે રહ્યા મુનિ ચકોર જયું જોઈ રે; ધર્મ૦ ટેક.
રે હરિના હસતા વદન માંહી, રે શ્યામ ચિહ્ન દાઢમાં સુખદાઇ;
નાની નાનીરેખ છબી છાઇ રે. ધર્મ૦ ૧
રે નાસીકા સુંદર છે નમણી, રે તીલ એક રુડો કોરે જમણી;
શોભા સુંદર ગોળ કપોલતણી રે. ધર્મ૦ ૨
રે જુગલ કરણ છબી જોઇને, રે રહ્યું મન તીલમાં મોહીને;
નેણ બાણે લીધું ચીત પ્રોઇને રે. ધર્મ૦ ૩
રે ભ્રકુટી ભાલ વિશાળ તણી, રે શોભા કેસર તિલક તણીરે બણી;
પ્રેમાનંદને મૂરતિ વહાલી ઘણી રે. ધર્મ૦ ૪

પદ ૨૦૬૯ મું–રાગ ગરબી

હાંરે વેણ વાગીરે વેણ વાગી;
હાંરે હું તો ઓચિંતાની ઝબકીને જાગી રે. વેણ૦ ૧

---

* વક્ષઃસ્થળ–શ્રીહરિનું વક્ષઃસ્થલ–લક્ષ્મીજીનું વાસસ્થાન છે તેથી અત્રે છાતીને "રમાસન" કહેલ છે.

હારે મધ્ય રાતે વગાડી અલબેલે;
હારે નંદલાલે રંગીલે રંગછેલે રે. વેણુ૦ ૨
હાંરે વહાલે મંત્ર ભણીને વજાડી;
હારે ભરી નિદ્રામાં સોવતી જગાડી રે. વેણુ૦ ૩
હારે વાંસલીએ મારી પાંસલી વિંધી;
હારે બા'રે નિસરી કાલજડું છેદી રે. વેણુ૦ ૪
હાંરે મારા પ્રાણ હર્યા પાતળિયે;
હારે હવે કયારે મોહનજીને મળિયે રે. વેણુ૦ ૫
હારે પ્રેમાનંદ કહે ઉઠી ધેલી સરખી;
હારે ખુંતી ચીતમાં મૂરતિ ગિરધરકી રે. વેણુ૦ ૬

પદ ૨૦૭૦ મું

હારે મન લીધુંરે મન લીધું;
હાંરે કાંઇક કામણ કાનુડે કીધું રે. મન૦ ૧
હારે સુધ બુધ ભૂલી થઇ છું દીવાની;
હાંરે ઘનસ્યામ સુરત મન માની રે. મન૦ ૨
હાંરે મારા ચીતમાં લગાડી વહાલે ચટકી;
હાંરે મારું કાલજ ગયું છે ફટકી રે. મન૦ ૩
હાંરે કશી વાત ન રહી હાથમાં;
હારે જાણે બુધર ભેટું લેઇ બાથમાં રે. મન૦ ૪
હાંરે હું તો થઇ છું ઘરમાંથી ઉદાસ;
હાંરે મારી વરતી પો'તી છે પ્યારા પાસ રે. મન૦ ૫
હાંરે મને કાંઇ નવ સૂઝે ઘર કામ;
હારે પ્રેમાનંદના વહાલાનું રટું નામ રે. મન૦ ૬

પદ ૨૦૭૧ મું

હારે વ્રજનારી રે વ્રજનારી;
હારે મન વસિયા શ્રીકૃષ્ણ મોરારી રે. વ્રજ૦ ૧

હારે ઉઠી આકળી ચાલી વૃંદાવનમાં;
હારે વાગ્યાં મારગણ* બાણ આવી મનમાં રે. વ્રજ૦ ૨
હારે ગોપી પ્રેમમાં અંગો અંગ ફૂલી;
હાંરે પેહેર્યાં અવળાં અંબર સુધ ભૂલી રે. વ્રજ૦ ૩
હાંરે પેહેર્યાં કોટનાં આભૂષણ કાને;
હાંરે મન મોહ્યું છે મોરલીની તાને રે. વ્રજ૦ ૪
હારે કાજલ સેંથો ને માંગ સમારી;
હારે આંખે સિંદૂર આંજ્યાં લઈ પ્યારી રે. વ્રજ ૫
હાંરે પેહેર્યાં પગનાં આભૂષણ હાથે;
હાંરે મન મોહ્યું પ્રેમાનંદને નાથે રે. વ્રજ૦ ૬

પદ ૨૦૭૨ મું

હારે રંગ લાગ્યો રે રંગ લાગ્યો;
હાંરે લોક કુટુંબ લાજ ભ્રમ ભાંગ્યો રે. રંગ૦ ૧
હાંરે ગોપી ચાલી પ્રભુજીને પાસે;
હાંરે રોતાં મેલ્યાં બાળક નાનાં વાંસે રે. રંગ૦ ૨
હારે જઈ જોયા શ્રીકુંજવિહારી;
હાંરે ભેટી ભુજ ભરીને ગિરિધારી રે. રંગ૦ ૩
હારે જોયા નેણાં ભરીને વ્રજચંદ;
હાંરે ઉભરાણો જાયે આનંદ રે. રંગ૦ ૪
હાંરે હરિએ અલૌકિક સુખડાં દીધાં;
હાંરે પ્રેમે પૂરણ અધર રસ પીધાં રે. રંગ૦ ૫
હારે ગોપી અંગોઅંગ મહાસુખ પામી;
હારે મળ્યા પ્રેમાનંદનો સ્વામી રે. રંગ૦ ૬

પદ ૨૦૭૩ મું–રાગ ગરબી

ચટ ચટ વાગે રે ચાંખડી, આવે વહાલો લટકાં કરતા લાલ; ચટ૦ ટેક.
ચંચલ ચપળ કમળ દગ આંખડી, સુંદર રાજહંસગતિ ચાલ;
શી કહું શોભા કમળાકાંતની, મુખડું જોઈ જોઈ વાધે વહાલ. ચટ૦ ૧

---

* "મારગણ" માર ના ગણરૂપી બાણો. કામના બાણ અર્થે સંભવે છે.

મસ્તક પાઘ બાંધી કોઈ ભાતની, પાઘમાં છોગલિયાંનો તાલ;
અંગમાં અત્તર ફોરે મ્હેંકતાં, કીધલું કેસર તિલક ભાલ. ચટ૦ ૨
ઉરમાં હાર ડોલરના લ્હેકતાં, બાજુ ગજરા છબી રસાલ;
ઓઢી ઉપરણી કેસર કોરની, કરમાં સાહ્યો છે રુમાલ. ચટ૦ ૩
સુંદર જોઈ છબી અલબેલની, મોહ્યા સુર નર મુનિ મરાલ;
ઉરમાં ધારી છટા રંગછેલની, પ્રેમાનંદ થયો નિહાલ. ચટ૦ ૪

પદ ૨૦૭૪ મું

લોચન લોભાણાં જોઇને નાથને, સુંદર નટવર મોહનરાય; લોચ૦ ટેક.
મન્મથ પામ્યાં રે મૂર્છા, નિરખી અંગનો અજબ મરોડ;
તનમાં તરુણાઈ ઉમગી રહી, પુરવા પ્રેમીજનનાં કોડ. લોચ૦ ૧
અધરે ઓપે રેખા નાનડી, ભૂધર દીસે ભીને વાન;
તરુણી તનમાં માર વધારતા, શોભે શોભાના નિધાન. લોચ૦ ૨
કુંવર કમળ નેણુની કોરે દેખતાં, જુવે જાણિયે મૃગપતિ બાળ;
માનનિયુંના મનને રમાડતા, સુંદર શોભે મદનગોપાળ. લોચ૦ ૩
શી કહું શોભા સુંદર છેલની, દશશત વદન રહે વિચારી;
શ્રીહરિકૃષ્ણ કુંવર છબી ઉપરે, તન મન પ્રેમાનંદ બલિહારી. લોચ૦ ૪

પદ ૨૦૭૫ મું

રાજીવ લોચન રસ ભરી મૂરતિ, રસિયો રૂપમણી રણછોડ; રાજી૦ ટેક.
હરિવર ઉભલા આવીને ઓસરી, દરશન દેવા દીનોનાથ;
આસન આપ્યાં મેં અતિ આદરે, હસીને સાહ્યો હરિનો હાથ. રાજી૦ ૧
હસતા હસતા હેત વધારતા, બેઠા બહુનામી કરી પ્યાર;
પૂજ્યા કુમ કુમ કેસર ચંદને, કંઠે આરોપ્યા લઈ હાર. રાજી૦ ૨
પ્રભુજી પૂજીને પાયે પડી, બેઉ કર જોડી વારમવાર;
વિનય કરીને લીધાં વારણાં, ભૂધર ભેટી હરખ અપાર. રાજી૦ ૩
જીવન જમાડ્યા જુગતે કરી, ખટરસ ભોજન કરી બહુ ભાંત;
આપી પાન બીડી પ્રીતે કરી, પ્રેમાનંદને આવી એકાંત. રાજી૦ ૪

પદ ૨૦૭૬ મું

વહાલી લાગે રે વાતડી, સાંભળી શ્રવણે થઈ ગુલતાન; વહાલી૦ ટેક.
ઝરતાં વચનામૃત વદને કરી, વચને વચને વરસે ફુલ;
નિજજન પાન કરે અતિ આદરે, મોર ચકોર ને ચાત્રક તુલ્ય. વહાલી૦ ૧
મુખને મરકલડે મોહી રહ્યાં, મુનિવર મધુકર પરમ વિજ્ઞાની;
કુંદકળી સમ સુંદર દશનાવલી, અધર પ્રવાલ છબી મનમાની. વહાલી૦ ૨
વાતું કરે બહુ વિવેકની, કહી કહી નિગમતણું સિદ્ધાંત;
પરમ રહસ્ય જે અતિ પોતાતણું, શરણાંગતને કહે કરી ખાંત. વહાલી૦ ૩
ધર્મધુરંધર ધર્મકુમારની, કરુણા મુખે કહી નવ જાયે;
રીત અલૌકિક આ અવતારની, પ્રેમાનંદ રસનાયે ગાયે. વહાલી૦ ૪

પદ ૨૦૭૭ મું–રાગ ગરબી

ઓરા આવો અલબેલડા રે, જોતું સુંદર રૂપ;
વહાલા લાગો છો રંગછેલડા રે, ભૂપના છો ભૂપ. ૧
પૂજ્યા કોણે તમને રંગમાં રે, આજ કરી બહુ પ્યાર;
શોભે સુંદર સરવે અંગમાં રે, શોભીતા શણગાર. ૨
શોભા નિરખી અદ્‌ભૂત આજની રે, લાજે કોટિ અનંગ;
જોઈ સુંદરતા મહારાજની રે, વાધ્યો ઉરમાં ઉમંગ. ૩
દીસે વરણાગી બહુ વાંકડી રે, અંગે અજબ મરોડ;
કોણે પહેરાવી ચાખડી રે, પુર્યાં મનનાં કોડ. ૪
માથે મોલીડું કોઈ ભાતનું રે, સોનેરી સુખધામ;
કોણે લીધું સુખ એકાંતનું રે, પુરી મનની હામ. ૫
સાચું બોલોને શ્રીનાથજી રે, ક્યાં પામ્યાં સનમાન;
પ્રેમાનંદ મળ્યો ભરી બાથજી રે, પ્રગટ શ્રીભગવાન. ૬

પદ ૨૦૭૮ મું

રૂડા શોભો છો બહુ રસિયા રે, રાજીવ લોચન રાજ;
કેને મંદિર વહાલા વસિયા રે, દુઃખડાંમોચન આજ. ૧
બહુ ભાતે શું શણગારિયા રે, સરવે અંગે શ્યામ;
કઈ માનનિયે ઉધારિયા રે, પ્યારા પૂરણકામ. ૨

જોયા જેવા છોજી જાદવા રે, મીઠા બોલા માવ;
મોંઘાં મૂલા છોજી માધવા રે, નૌતમ નટવર નાવ. ૩
અમને ન્યાલ કીધાં નટવરજી રે, દીધાં દરશન દાન;
ભલે પધાર્યા ભુધરજી રે, કરુણાસાગર કહાન. ૪
કાંઇક કહી નવ જાયે વાતડી રે, હેયે હરખ ન માયે;
જીવન જોઈ ઠરી છે છાતડી રે, નેણાં રહ્યાં લોભાયે. ૫
હૈડું રે'તુ નથી હાથમાં રે, મળવા કરે મન;
પ્રેમાનંદ કહે ઘાલી બાથમાં રે, મળીયે જીગજીવન. ૬

પદ ૨૦૭૯ મું

પ્રીતમ પેહેર્યા છે બહુ શોભતા રે, સોનેરી પોશાગ;
ઉભા છોજી મનડાં લોભતા રે, જીવન જોયા લાગ. ૧
માથે સોનેરી છે મોલીયું રે, જોતાં વાધે વહાલ;
રૂડું ગરક કસુંબે બોળિયું રે, કેસર તિલક ભાલ. ૨
રૂડાં છોગાં લટકે પાઘમાં રે, કરણે કરણિકાર;
નિરખે ભક્ત અતિ અનુરાગમાં રે, હૈડે સુંદર હાર. ૩
જામો પેહેર્યો છે ઝીનખાબનો રે, સોનેરી સુરવાલ;
રેંટો નરનારાયણ છાપનો રે, ઓઢ્યો છે દીનદયાળ. ૪
રૂડો રેંટો જાંબુ રંગનો રે, કમરે કસ્યો એક;
જોઈ તાલ તે અંગો અંગનો રે, નેણે તજી પલમેખ. ૫
કરમાં રૂડો રેશમી કોરનો રે, સાહ્યો છે રૂમાલ;
સુગંધ લઇને અત્તર ફોરનો રે, પ્રેમાનંદ નિહાલ. ૬

પદ ૨૦૮૦ મું

નેણાં લોભાણાં છે જોઇને રે, શોભા સુંદર શ્યામ;
મનડું રહ્યું છેજી મોહીને રે, મેલી ઘરનાં કામ. ૧
ઉરમાં ઉતરિયું છે હેમની રે, બાંહે બાજુબંધ;
માનની મળી ભરેલ પ્રેમની રે, પૂજ્યા પુરણચંદ. ૨

કરમાં પોંચીયું ને સાંકળાં રે, કડાં નંગ જડેલ;
નેણું બહુ થાયે આકળાં રે, જોવાને અલબેલ. ૩
વેઢ વિંટી કંચનકેરિયું રે, શોભે શોભાધામ;
ભલી પ્રીતમ તમે પેહેરિયું રે, વિશ્વતણા વિશ્રામ. ૪
કંચન કંદોરો કટિલંકમાં રે, તોડા રત્ન જડાવ;
ભૂધર ભેટી તમને અંકમાં રે, પેહેરાવ્યા કરી ભાવ. ૫
મોજડિયું જડી મોતીએ રે, પેહેરાવી કરી પ્યાર;
ઝગે ઝગમગ જ્યોતિએ રે, જોઈ પ્રેમાનંદ બલિહાર. ૬

પદ ૨૦૮૧ મું—રાગ ગરબી

આવો રાજીવ લોચન રંગરસિયા, જોવું સુંદર મુખ પુરણ શશિયા; આવો૦ ટેક.
નથી વિસરતો મુખ મરકલડો, તમે મુજ સામું જોઇને હસિયા. આવો૦ ૧
નથી વિસરતાં દરશન દીધાં, તમે જામા પેહેરી જરકસિયા. આવો૦ ૨
તમે લટકાં કરતા હાથતણા, એમના એમ અંતરમાં વસિયા. આવો૦ ૩
પ્રેમાનંદ કે' બીજું કોઈ નવ જાણે, એમ અવિગત
અંતરમાં ધસિયા. આવો૦ ૪

પદ ૨૦૮૨ મું

શું વર્ણવું શ્યામ સુંદરતાઇ, જોઇ કામ કોટિક રહ્યા સકુચાઈ; શું વ૦ ટેક.
જોઇ મુખચંદ મન લોભાણું, વળી હસવું મધુર મુખ સુખદાઈ. શું વ૦ ૧
શીર પાઘ શોભી રહી સુમનતણી, જોવા મુનિગણ મધુકર
રહ્યા છાઈ. શું વ૦ ૨
ઉર હાર ડોલરના દેખીને, મારું મનડું લોભાણું તે માંઈ. શું વ૦ ૩
કરી કેસર આડ શુભ ભાલે, જોઈ પ્રેમાનંદ પ્રાણ બલજાઈ. શું વ૦ ૪

પદ ૨૦૮૩ મું

નિરખી મારા લોચનિયાં ઠરિયાં, જોઈ સુંદરતા કહાન કેસરિયા; નિર૦ ટેક.
ચંચલ દ્રગ ગોળ કપોલ છબી, મારા અંતરમાં ઉંડા ગરિયા. નિર૦ ૧
કંબુ કંઠ ઉત્તંગ ઉરસ્થલમાં, રૂડાં છાપ ચિહ્ને મનડાં હરિયાં. નિર૦ ૨
રુડી અભય ઉદાર ભૂજા નિરખી, બીજાં જગસુખ સહુ
દુઃખ સમ કરિયાં. નિર૦ ૩
ઉદર ત્રિવળી નાભીને નિરખી, પ્રેમાનંદે હરખી ઉર ધરિયાં. નિર૦ ૪

પદ ૨૦૮૪ મું

મનડું મારું મોહ્યું ગીરધારી, જોઈ ચાલ ચતુર વર તમારી; મન૦ ટેક.
નથી થાતાં ત્રપત નેણાં મારાં, જોઈ શ્યામકટિ અતિ સુખકારી. મન૦ ૧
સુંદર સાથળ જોઈ રૂપાળા, મેં તો જગસુખ મેલ્યાં વિસારી. મન૦ ૨
જોઈ ઘુંટણ પીંડી ને પાની, રુડાં ચરણ જુગલ પર જાઉં વારી. મન૦ ૩
પ્રેમાનંદ જોઇને નખચંદ્ર છબી, ઉર્ધ્વરેખાપર જાયે બલિહારી. મન૦ ૪

પદ ૨૦૮૫ મું–રાગ ગરબી

ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂરતિ મારે મનમાની;
જીવન જોયા લાગ છે રે૦ ટેક.
તરુણ મનોહર મૂરતિ રે, રેખા ઉઠે નાની નાની. જીવન૦ ૧
મસ્તક મુગટ જડાવનો રે, કુંડલ મકરાકાર; જીવન૦
કેસર તિલક લલાટમાં રે, જોઈ જોઈ વાધે પ્યાર. જીવન૦ ૨
ઉરમાં અનોપમ ઉતરી રે, કંચન કેરી અનૂપ; જીવન૦
રતને જડિત બાજુ બાંધીયા રે, સુરનરમુનિ ને ભૂપ. જીવન૦ ૩
વેંઢ વીંટિયું કડાં સાંકળાં રે, શોભે છે કરવર માયે; જીવન૦
પ્રેમાનંદ છબી ઉપરે રે, તન મન ધન બલજાયે. જીવન૦ ૪

પદ ૨૦૮૬ મું

મદન મનોહર મૂરતિ રે, રાજહંસગતિ ચાલ;
નિરખી નેણાં ઠરે રે૦ ટેક.
જરકસી જામા પેહેરિયા રે, સોનેરી સુરવાલ. નિરખી૦ ૧
કનક રેંટો કમરે કશ્યો રે, કરમાં રેશમી રુમાલ; નિરખી૦
કનક હિંડોળે હિંચતા રે, શોભે છે ધર્મનો લાલ. નિરખી૦ ૨
પુરુષોત્તમ પરિબ્રહ્મને રે, જોવા મળ્યું સરવે જક્ત; નિરખી૦
નારી નરનો પાર નહીં રે, લાખો મુનિ હરિભક્ત. નિરખી૦ ૩
વ્રતપુરિના* ચોકમાં રે, જાદવરાય જોવાય; નિરખી૦
ઘોડલાની ઘુંમરમાં જોઇ રે, પ્રેમાનંદ વારી જાય. નિરખી૦ ૪

---

* વરતાલ.

પદ ૨૦૮૭ મું

નવીન આંબાનું જોડલું રે, તે વચ્ચે અતિ અભિરામ;
હિંડોળો હેમનો રે૦ ટેક.
બાંધ્યો બેઉ આંબા ડાળમાં રે, સુંદર શોભાધામ. હિંડોળો૦ ૧
રમણિક હિંડોળા તણી રે, શોભા કહી નવ જાય; હિંડોળો૦
શોભા ત્રિભુવનની આવી રે, ઉગી ઉડી હરખાય. હિંડોળો૦ ૨
હિંડોળામાં શ્રીહરિ રે, શોભે છે સૂર્ય સમાન; હિંડોળો૦
કરે લીલા ભાત ભાતની રે, પુરુષોત્તમ ભગવાન. હિંડોળો૦ ૩
જોઈ મૂરતિ મહારાજની રે, લોચન ત્રપત ન થાય; હિંડોળો૦
પ્રેમાનંદ હરિ ઉપરે રે, તન મન પ્રાણ વારી જાય. હિંડોળો૦ ૪

પદ ૨૦૮૮ મું

કનક છડી લઈ કરમાં રે, ઉભા હિંડોળે નાથ;
ધર્મસુત લાડીલો રે૦ ટેક.
મુનિવર હરિજન ઉભલા રે, ચારે પાસે જોડી હાથ. ધર્મ૦ ૧
કેસર ચંદન કંકુ લઇને રે, સરસ કુસુમના હાર; ધર્મ૦
અગર ધૂપ દીપ આરતિ રે, ઉતારે કરી પ્યાર. ધર્મ૦ ૨
હાર પેરાવે હેતમાં રે, હરિજન ઉભા અપાર; ધર્મ૦
કર ચરણે કરી કેટલાં રે, લે છે ધર્મકુમાર. ધર્મ૦ ૩
કેટલાક લે છડીયે કરી રે, હાર હરિ ઘનસ્યામ; ધર્મ૦
પ્રેમાનંદ ગાયે નિરખી રે, નિર્ગુણના ગુણગ્રામ. ધર્મ૦ ૪

પદ ૨૦૮૯ મું–રાગ ઠુમરી

કર ગયો કૃષ્ણ મૈયા માખન ચોરી; કર૦ ટેક.
સુણ જસોદા તેરે લાલકી કરની, દધી મેરો ખાય મટુકિયાં ફોરી. કર૦ ૧
ધરી પીડપર ચોકી ઉલુખર, તાપર હરિ ચઢ્યો બરજોરી. કર૦ ૨
આપન ખાત ખવાવત મરકટ, ઓર દેત લરીકન ભરી ઝોરી. કર૦ ૩
પ્રેમાનંદકે નાથકું ગોપી, ચિતવતીહેં જેસે ચંદ ચકોરી. કર૦ ૪

પદ ૨૦૯૦ મું

અતહિ ચતુર મૈયા મોહન પ્યારો; અત૦ ટેક.
આજુ છીપાય ધર્યો દધી માખન, ધર ખોને જહાં ઘોર અંધારો. અત૦ ૧

સોઉ પહીચાન લીયો કરી કૌતુક, ધરી મણિગન કરીકે ઉજીયારો. અત૦ ૨
ભરી રાખ્યો મુખ ભીતર ગોરસ, મેં પકર્યો તબ આંખીમેં ડારો. અત૦ ૩
પ્રેમાનંદકો નાથ સામરો, યહ સમ ઓર ન કોઉ ધુતારો. અત૦ ૪

પદ ૨૦૯૧ મું

બહુત કઠીન તું જસોમતિ માઈ; આજ૦ ટેક.
તનિક દહિંકે કારન સુતકું, બાંધ્યોરી ઉલુખરસું લાઈ. બહુ૦ ૧
એકહિં પુત્ર જસોદા તેરે, તાપર ઇતની કહા કઠીનાઈ. બહુ૦ ૨
અંજુલી ગોરસ કારન ઘર ઘર, નાચત સુત તેરો ચુટકી બજાઈ. બહુ૦ ૩
પ્રેમાનંદકો પ્રભુ અખિલ ભુવનપતિ, પ્રગટ ભયે ભક્તન હિત આઈ. બહુ૦ ૪

પદ ૨૦૯૨ મું

કબ બાઢેગી મૈયા મેરી ચોટી; કબ૦ ટેક.
નીત નીત કાચો દુધ પીવાવતી, દેત નહિં મોહે માખન રોટી. કબ૦ ૧
તું જો કહતી બે નીબલ કેસી, દસ દિનમેં હોઇહેં બઢી મોટી. કબ૦ ૨
ઇતને દિવસ મોયે દુધ પીબત ભયે, યહ અજહું મૈયા અતિ છોટી. કબ૦ ૩
પ્રેમાનંદકે નાથકી મૈયા, લેત બલૈયા હસી જાત હેં લોટી. કબ૦ ૪

પદ ૨૦૯૩ મું–રાગ ઠુમરી

ડારી ગયો મોહન મોંપે ટોનવા, ચીતચોર શ્યામ સલોનવા સૈંયો; ડારી૦ ટેક.
પનઘટવા ઠાડો પ્યારો, બંસીવારો શ્રીનંદદુલારો. ચીત૦ ૧
કહા જાનું કહા કર દીનો, જાદુગારેને મન હર લીનો. ચીત૦ ૨
દેખતહિમેં પટ* પીયારા, બસ ભયો તુરત મોરો જીયારા. ચીત૦ ૩
કલ નહિં પરત બીનું દેખે, પ્રેમાનંદ કહે દગન બીચ રેખે. ચીત૦ ૪

પદ ૨૦૯૪ મું

કહાન ઠાડો કદમઉકી છૈયાં, નંદલાલ ચારત ગૈયાં; પ્યારો૦ ટેક.
શીર મોર ચંદ્રિકા રાજે, રતિપતિ નિરખી છબી લાજે. નંદ૦ ૧
કેસર તિલક અતિ સોહે, છબીપર ત્રિભુવન મોહે. નંદ૦ ૨
મકાકૃત કુંડલ કાને, ચિતવતી ચલની મન માને. નંદ૦ ૩
ઉર પહેરે ફુલનકે હરવા, પ્રેમાનંદકો મન બસ કરવા. નંદ૦ ૪

---

* ચિત્ર.

પદ ૨૦૯૫ મું

બનઉતે આવત બન ઠનકે, ગિરિધરન હરન મન જનકે; શ્યામ૦ ટેક.
તન નીલ કમળ અનુસારે, બન સુમનસું સરસ સંવારે. ગિરિ૦ ૧
કટિતટ પીતપટ ચમકે, ઘનમહિં દામિની જ્યું દમકે. ગિરિ૦ ૨
મોરલી અધર ધર નીકે, મન હરત ગ્વાલા સખિકે. ગિરિ૦ ૩
ગજ રાજહંસગતિ આવે,* પ્રેમાનંદકે મન અતિ ભાવે. ગિરિ૦ ૪

પદ ૨૦૯૬ મું

હાંકત ગૈયા હઠ હઠકે, સંગ ગ્વાલબાલ લીયે ઠઠકે; કહાન૦ ટેક.
નીકસે ગોકુલકી ડગરમેં, પરી ભનક સબહિ ઘર ઘરમેં. સંગ૦ ૧
વ્રજવધુ અટારી ચઢી દેખે, જીવન સુફળ કરી લેખે. સંગ૦ ૨
ઠોર ઠોર કુસુમ કળી વરસે, મહીં લીએ મરમ અતિ સરસે. સંગ૦ ૩
પ્રેમાનંદ કહે વાંચી ગિરિધારી, કઉં હા કહી કઉં ના રી. સંગ૦ ૪

પદ ૨૦૯૭ મું–રાગ ઠુમરી

કાહેનું સામલડા છેલા નેનબાન મારદા વે; નેન૦ ટેક.
અંબુજ નેનદી નોખે તીખી;
મારકે સલોના મેરા કાલજ સારદા વે. નેન૦ ૧
મેં તેં ન્યુ જાના મોહન બડા બેદરદી;
પરકી તો પીર પ્યારે નેક ન બિચારદા વે. નેન૦ ૨
નેનુંદી સેનમેં નેહ ભરીકે;
ડારત કટાક્ષ ચકચૂર કરી ડારદા વે. નેન૦ ૩
પ્રેમાનંદ પ્યારા પરમ સનેહિ;
બીના તકસીર મેરા જીયરા નિકારદા વે. નેન૦ ૪

પદ ૨૦૯૮ મું

બરાજોરી બલમાં મોરી બૈયાં ક્યોં મરોરદા વે; બૈયાં૦ ટેક.
પહોંચા પકર મેરા કંગના નિકારત;
બૈયાં તો પકરી મેરા બાજુબંધ છોરદા વે. બૈયાં૦ ૧

---

* અર્થ સ્પષ્ટ નથી. "વ્રજરાજ હંસગતિ આવે" એમ હોવું વધારે સંભવે છે.

હંસત હંસત મોરે હિયે હાથ ડારત;
નેહસું બોલાયકે પ્રીત સાનું જોરદા વે. સૈયાં૦ ૨
પઢી પઢી કે મોપેં ટોના ડારત;
નેનહુકી સેનનમેં ચીત મેરા ચોરદા વે. સૈયાં૦ ૩
પ્રેમાનંદકે નાથ પરવશ કીની;
બાંસુરી બજાય મેરા કાલજ કોરદા વે. સૈયાં૦ ૪

પદ ૨૦૯૯ મું

તોસેં કોન બોલે કહાના દરદ ન જાનદા વે; દરદ૦ ટેક.
જમુનાકે તટ પનઘટ પર મોહન;
બર બટ* બલમાં મેરા ઘુંઘટ તાનદા વે. દરદ૦ ૧
નાહક નાહક રોકત ટોકત;
મારત નજારાં પ્યારા મોયે નેન બાનદા વે. દરદ૦ ૨
સાસુ નણંદકો ડર મોયે ભારી;
પીર તો હમારી પ્યારે કછુ ન પીછાનદા વે. દરદ૦ ૩
પ્રેમાનંદદા પ્યારા પરમ સનેહિ;
ઝાંક તો કીસીદી કહાના નેકઉં ન આનદા વે. દરદ૦ ૪

પદ ૨૧૦૦ મું

કેસેંકે બેદરદી સાથ પ્રીત તો નિભાઇએ વે; પ્રીત૦ ટેક.
સજણોદી પીર ન જાણે સામલડા;
બરાજોરી કેસેં ભલા દીલ પરચાઇએ વે. પ્રીત૦ ૧
નેહાં લગાયકે ભયો નિરમોહી;
કૌન તો ઉપાય કરે કેસેં સમુઝાઇએ વે. પ્રીત૦ ૨
બેગરજી બડા બેપરવાઈ;
તાસંગ કોન રીત મનકું મીલાઇએ વે. પ્રીત૦ ૩
પ્રેમાનંદકો પ્યારો બાવરો સાંવરો;
ચંચલ ચીત નીત થીરતા ન પાઇએ વે. પ્રીત૦ ૪

---

* "બરબટ" બળના વટે કરીને. બળના ઉપર આધાર રાખીને.

પદ ૨૧૦૧ મું–રાગ ઠુમરી

રંગભીને મોહન પ્યારે બાંસુરી નેક બજાઓ; રંગ૦ ટેક.
બલી બલી જાય ગોપાલ ગોપ સબ, સુનિયે નંદદુલારે;
યા વૃંદાવન ફીરી કબ આઇઉં, મોહન સંગ તુમારે. બાંસુ૦ ૧
બિનતી કરત સુબલ શ્રીદામા, સુનો શ્યામ બંસીવારે;
કબ તુમ ગોપ ભેખ ધરી હમ સંગ, ફીરીહો બાંહ ગલે ડારે. બાંસુ૦ ૨
કબ તુમ સુરભિ સંગ સધન બન, ફીરીહો માળ ઉરધારે;
કબ તુમ છીનકે છાછ હમારો, ખૈહો શ્યામ દ્રગ તારે. બાંસુ૦ ૩
યા રસકું ચાહત બ્રહ્માદિક, સુરમુનિ ધ્યાન બિસારે;
પ્રેમાનંદ કે' અધર સુધારસ, પાઓ જગ ઉજીયારે. બાંસુ૦ ૪

પદ ૨૧૦૨ મું

જીયરા લાગી રહ્યો બાંસુરીયામેં બનવારી; જીય૦ ટેક.
અપની અપની કાંધ કમરીયાં, દઈ બીછાય સુધારી;
નંદબાબાકી સોંહ દઇકે, પરે ચરન શિર ડારી. જીય૦ ૧
તબ ગોપાલ ઉઠાય મીલે હંસી, બંસી અધર ધરી પ્યારી;
અવિગત કીન અલાપ મુર્છના, સુરમુનિ થકિત બિચારી. જીય૦ ૨
મોહે થલચર જલચર ખગ મૃગ, સુરબ્રહ્મા ત્રિપુરારી;
રીઝે ગોપ દીયો સરવસ લે, તન મન ધન બલિહારી. જીય૦ ૩
નિરખત અમર સુમન ઝડી બરખત, ભીર ગગન ભઇ ભારી;
પ્રેમાનંદ ધનસ્યામ ધરી ઉર, ઘૂમત પ્રેમ ખુમારી. જીય૦ ૪

પદ ૨૧૦૩ મું

રસિયે રાજીવ નેન બાંસુરીયાં ખુબ બજાઈ; રસિ૦ ટેક.
કરી પ્રશંસા ગ્વાલ બાલ સબ, ઠાડે કદમકી છાંઈ;
બાંસુરીમેં ગાવત રતિ ઉપજાવત, નર્તક ભાવ દેખાઈ. રસિ૦ ૧
બાંકે ચરન અધર ભુજ નેનન, ઉપમા કહીય ન જાઈ;
માનું નૃત્ય કરત રતિનાયક, બ્રહ્મસભાકે માંઈ. રસિ૦ ૨
ચંચલ નેન ચંદ્રિકા શિરપર, કુંતલ કુટિલ સોહાઇ;
માનું કમળ કોશ ચાખનકું, અલીમાલ ઉડ આઈ. રસિ૦ ૩

ચિતવત હરત સંતાપ સકલ દુઃખ, મંદ મંદ મુસકાઈ;
પ્રેમાનંદ ભયો કૃતારથ, ચરન કમળ ચીત લાઈ. રસિ૦ ૪

પદ ૨૧૦૪ મું

મોહન લાલ માઈ ઠાડે જમુનાકે તીર; મોહ૦ ટેક.
બેન બજાવત સુંદર ગાવત, લીયે ગ્વાલ સંગ બીર;
નટવર વેષ ધર્યો અતિ સુંદર, મોહન શ્યામ શરીર. મોહ૦ ૧
તરુન મયુર ચંદ્રિકા શિરપર, કેસર તિલક રુચિર;
બનમાલા બનધાતુ પીતપટ, કસે સુભગ કટિ ધીર. મોહ૦ ૨
લલિત બૃંદાવન યમુના તરંગિની, ત્રિવિધ બહત સમીર;
બોલત હંસ મયુર મનોહર, સારસ કોકિલ કીર. મોહ૦ ૩
હું ગઇથી જમુના જલ ભરને, તહાં દેખે બલબીર;
પ્રેમાનંદકો નાથ વિલોકી, થકિત ભઈ હતધીર. મોહ૦ ૪

પદ ૨૧૦૫ મું–રાગ ઠુમરી

કેસેં જાઉં પનિયાં રોકયો પનઘટવા; કેસેં૦ ટેક.
ખંધે કામરિયાં ને હાથ લકુટિયાં;
બાંસુરી બજાવે ઠાડો જમુનાંકે તટવા. કેસેં૦ ૧
મોરમુગટ બનમાલ બીરાજે;
બાંધે બાજુબંધ ભુજ પેહેરે પીતપટવા. કેસેં૦ ૨
ભુખન બસન મનોહર પેહેરે:
ગાવતહેં નિકી તાન નાચત જ્યું નટવા. કેસેં૦ ૩
ગ્વાલ બાલ સંગ બીહરત બનમેં;
પ્રેમાનંદ દેખે છબી ભવદુઃખ મટવા. કેસેં૦ ૪

પદ ૨૧૦૬ હું

જમુના કિનારે કહાન બાંસુરી બજાવે રે; જમુના૦ ટેક.
સપ્ત સુર તીન ગ્રામ મુર્છના સુનાવે;
સ્વરકે લપેટઉમેં મન લલચાવે રે. જમુના૦ ૧
મોહી બ્રજબધુ સુની કછુ સોહાવે;
ભુલી જલ ભરવો વિરહ તન તાવે રે. જમુના૦ ૨

હાડી પનઘટપર ઘરઉં ન આવે;
ચિતવતી એક ટક તપત બુઝાવે રે. જમુના૦ ૩
કરતી પ્રશંસા નીકે કહાન ગાવે;
પ્રેમાનંદ કહે પ્યારો અતિ મન ભાવે રે. જમુના૦ ૪

પદ ૨૧૦૭ મું

રસિયાકે રૂપમેં અટક ગઈ અંખિયાં; રસિયા૦ ટેક.
તરુન કિશોર મનોહર છેલો;
રૂપકો રસિલો દેખી મોહી વ્રજ સખિયાં. રસિયા૦ ૧
રૂપ સુધામહિ ગરક ભઈ સબ;
મધુમહિં મગન ભઈ જેસેં મખિયાં. રસિયા૦ ૨
સુંદરતાકી ખાન સાંવરો;
ચતુર ચિતારે નિરખી છબી લખિયાં. રસિયા૦ ૩
પ્રેમાનંદ વારી તન મન ધન સબ;
નિરખી નિરખી છબી નેનમેં રખિયાં. રસિયા૦ ૪

પદ ૨૧૦૮ મું

રસિયાકે રૂપકી કહા કહું માઇ રે; રસિયા૦ ટેક.
તજી મરજાદ આપ બલ આતુર;
ઉમગી ચલી માનું સુંદરતાઇ રે. રસિયા૦ ૧
ભ્રકુટી કુટિલ ચાપ શર ચિતવની;
પતિવ્રત પનકો લેત છોડાઇ રે. રસિયા૦ ૨
ઉમા રમા રતિ પરમ સયાની;
તજી ધીરજ સંગ ફીરે લલચાઇ રે. રસિયા૦ ૩
બિધીબાહન ભક્ષન સ્રગ ઉરમેં;*
દેખત પ્રેમાનંદ ધ્યાનમેં લાઇ રે. રસિયા૦ ૪

પદ ૨૧૦૯ મું

બંસીકે બજૈયા ને બૈયાં ગ્રહી મોરી રે; બંસીકે૦ ટેક.
મેં જમુના જલ ભરન જાતથી;
બીચમેં આયે લઈ બરજોરી રે. બંસીકે૦ ૧

* ઉરમાં મોતીની માળા છે તે પ્રેમાનંદ ધ્યાનમાં લાવીને જુએ છે.

સૈયાં મરોરી બહુત ઝકઝોરી;
નખક્ષત કર ગયો ઉરજકી કોરી રે. બંસીકે૦ ૨
મેરી ગેલ પર્યો મનમોહન;
કાસોં કહું યા બાતકી ચોરી રે. બંસીકે૦ ૩
પ્રેમાનંદકે નાથકો બ્રજમેં;
મો બીના નાર નહિ કછું થોરી રે. બંસીકે૦ ૪

પદ ૨૧૧૦ મું

પીતપટ વારે ને મરોર ડારી સૈયાં; પીતપટ૦ ટેક.
સૈયાં મરોરી ચુરીયાં ફોરી;
જમુનાકી કુંજમેં સટક ગયો સૈયાં; પીતપટ૦ ૧
નિપટ ઝપટ મોરી અંગિયાં ફારી;
નખ દે દુખાઈ ગયો એસો નિરદૈયાં. પીતપટ૦ ૨
સાંવરી બરન સલોની મૂરત;
જમુના કિનારે ચરાવત ગૈયાં. પીતપટ૦ ૩
પ્રેમાનંદકો નાથ મનોહર;
નંદ જ્યુંકો પુત એ કુંવર કનૈયા. પીતપટ૦ ૪

પદ ૨૧૧૧ મું

બરજ્યો ના માને મેં તો બરજત હારી રે; બરજ્યો૦ ટેક.
નંદ મહર જ્યુંકો કુંવર કનૈયા;
ઠારો પનઘટ પર બોલત ગારી રે. બરજ્યો૦ ૧
આયે અચાનક બીચ ડગરમેં;
દેખત મુખ મેરો ઘુંઘટ ઉઘારી રે. બરજ્યો૦ ૨
નિપટ નિઃશંક અંક ભરી ભેટત;
કહી ન શકું મેં તો લાજકી મારી રે. બરજ્યો૦ ૩
પ્રેમાનંદકે નાથ સાવરે;
બસ કર લીની સબ બ્રજઉકી નારી રે. બરજ્યો૦ ૪

પદ ૨૧૧૨ મું

રસિયો બેદરદી દરદ નહીં જાને રે. રસિયો૦ ટેક.
બિનતિ કરું યાકે પૈયાં પરું મેં તો;
લાખ કહી મેરી એક ન માને રે. રસિયો૦ ૧
પનિયાંકે મીસ મુખ દેખનકું;
ધરકે લોકસોં આઈ મેં તો છાને રે. રસિયો૦ ૨
નિઃશંક સાંવરો શંક ન માને;
લોક દેખત મેરા ઘુંઘટ તાને રે. રસિયો૦ ૩
પ્રેમાનંદકો નાથ ન માને;
કેસેં ઘર જાઉં મેં પરી યાકે પાને રે. રસિયો૦ ૪

પદ ૨૧૧૩ મું–રાગ ઠુમરી

મોયે કરુઈ નિંદ જગાઇ રે, કેસી કરું બેદરદી કહાન; મોયે૦ ટેક.
મોહનલાલ અધ્ધર ધરી સુંદર, મધુરીસી બેન બજાઈ રે. કેસી૦ ૧
બેન બજાઈ તાન મીઠી ગાઈ, તનકી સુધ બીસરાઈ રે. કેસી૦ ૨
બાવરી ભઇ ગૃહ કામ ન સુજે, શ્યામ શ્યામ રટ લાઈ રે. કેસી૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ સુંદર છબી, દેખે બીના કળ નાઈ રે. કેસી૦ ૪

પદ ૨૧૧૪ મું

મોહનાને મોહની ડારી રે, મારી નેન કટારી આય; મોહ૦ ટેક.
હોતહેં પીર ઘાવ નહીં દીસત, ડોલત દરદ ખુમારી રે. મારી૦ ૧
ઓખદ મૂરી અંગ નહીં લાગત, ખટકત ઉર ગિરિધારી રે. મારી૦ ૨
બુદ્ધિ કછું ઔર દરદ કછું ઔર, બૈદ* ટટોરત નારી રે. મારી૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ મીલે તો, હોવે તુરત કરારી રે. મારી૦ ૪

પદ ૨૧૧૫ મું

કજરવા દે પછતાની રે, મેરી ગોહના† લાગો ફિરત છેલ; કજ૦ ટેક.
નંદકુંવર મોરી ગેલ ન છાંડે, કેસેં ભરન જાઉં પાની રે. મેરી૦ ૧

---

* "બૈદવા" પાઠાન્તર છે. † "ગોહના"નો અર્થ સમજાતો નથી. 'ગેલમાં' "ગેલના" સંભવે છે. મારી પછવાડે લાગીને છેલો ફર્યા કરે છે એ અર્થ અથવા મારા માર્ગમાં આવી આવીને છેલ પાછળનો પાછળ ફર્યા કરે છે. એ અર્થ થશે.

ત્રાસત સાસ નનદી મોરી બેરન, મોયે ઝગરત જેઠ જેઠાની રે. મેરી૦ ૨
કરત ચવાઈ મોરે બેરી નગરવા, કહાન સનેહની જાની રે. મેરી૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ નામપર, તન મન ધન કુરબાની રે. મેરી૦ ૪

પદ ૨૧૧૬ મું

લંગરવાને જાદુ કીનો રે, ચતુર સુઘર નટવર સુજાન; લંગ૦ ટેક.
સુંદર નેન ચપલ ચિતવનીમેં, મનવા મેરા હર લીનો રે. ચતુ૦ ૧
રૂપનિધાન પાનકો બીરા, શ્યામ હસી મોયે દીનો રે. ચતુ૦ ૨
તામે કછું એક કીનો ટોના, મોહના પરમ પરબીનો રે. ચતુ૦ ૩
પ્રેમાનંદ કહે કલ ન પરે અબ, બીનું દેખે રંગભીનો રે. ચતુ૦ ૪

પદ ૨૧૧૭ મું

મેરો નયો જોબનવા લૂટે રે, નિપટ નિલજ નટવર નિઠોર; મેરો૦ ટેક.
બૈયાં મરોરી પકરી ઝકઝોરત, શિરતે ગગરીયાં ફૂટે રે. નિપ૦ ૧
અંચરા ઍંચી હાથ હિયે ડારત, મોતિન માળા તૂટે રે. નિપ૦ ૨
આય અચાનક અંક ભરી ભેટત, બચન સુનાવત જૂટે રે. નિપ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામચરન રત, લગી પ્રીત ના છૂટે રે. નિપ૦ ૪

પદ ૨૧૧૮ મું–રાગ ઠુમરી આદિ ત્રિતાલ

જાઓ જાઓ છબીલે છેલ રે, મોરી રસિયા ગેલ ન રોકો; જાઓ૦ ટેક.
હાથ ન ડારો હિયે હાર તુટેગો, અવિનાશી અલબેલ રે. મોરી૦ ૧
તુમ તો લાડીલે નંદરાયકે, રાજકુંવર રંગરેલ રે. મોરી૦ ૨
ના ઝગરો બીન કારજ કહાના, ના બોલો એક ફેલ રે. મોરી૦ ૩
પ્રેમાનંદ કહે પ્રભુ ઇન તિલનમેં, ના નીકસેગો તેલ રે. મોરી૦ ૪

પદ ૨૧૧૯ મું

મારી મારી સાંવરીયા યારે રે, મોયે નેનોંકી બરછી તરછી; મારી૦ ટેક.
પ્રાનજીવન મોરી પીર ન જાની, બેદરદી દીલદાર રે. મોહે૦ ૧
નેન નજારે અતિ અનિયારે, હો ગયે આરપાર રે. મોહે૦ ૨
કસત કરેજે સુખ નાહીં સેજે, છૂટ ગયો સંસાર રે. મોહે૦ ૩
પ્રેમાનંદકે પ્યારે હાથ તિહારે,* બેકાની કિરતાર રે. મોહે૦ ૪

* "હું" પાઠ વધારે છે.

પદ ૨૧૨૦ મું

જાની જાની બેદરદી પ્રીત રે, ચીતચોર લંગરવા તેરી; જાની૦ ટેક.
શ્યામ બિહારી જાની તિહારી, અજબ અનોખી રીત રે. ચીત૦ ૧
સુંદર હસી હસી નેન બાન કસી, મારત અપને મીત રે. ચીત૦ ૨
દુરિજનકું હરિ પરસત નાહીં જરી, હરત મિત્રકો ચીત રે. ચીત૦ ૩
પ્રેમાનંદકે પ્યારે પ્રાન હમારે, સાંવલ અકલ અજીત રે. ચીત૦ ૪

પદ ૨૧૨૧ મું

લાગે લાગે કરેજે બાન રે, તેરે નેનાં રસિક રતના રે; લાગે૦ ટેક.
નેન બાનકે મારે પ્યારે, ભૂલ ગઈ તન ભાન રે. તેરે૦ ૧
ચંચલ નેન ચપલ ચિતવનીમેં, બસ કીને મોરે પ્રાન રે. તેરે૦ ૨
બીનું દેખે બ્યાકુલ ફિરત બાવરી, તેરે લીયે શ્યામ સુજાન રે. તેરે૦ ૩
સુંદર વર પિયા તેરી છબીપર, પ્રેમાનંદ કુરબાન રે. તેરે૦ ૪

પદ ૨૧૨૨ મું—રાગ ઠુમરી

*લગ ગઈયાં અંખિયાં હમાર, હરિસું લગ ગઈયાં; લગ૦ ટેક.
લગ ગઈ અંખિયાં સુનો મેરી સખિયાં, નિરખી નંદકુમાર. હરિ૦ ૧
અંખિયાં થકિત ભઈ પલકે પરત નહિ, એક ટક રઈ હે નિહાર. હરિ૦ ૨
નટવરનાગર શોભાસાગર, ઉર બીચ લીનો હે ધાર. હરિ૦ ૩
પ્રેમાનંદ કહે નેના દેખે બીના નાહીં ચેના, રેન દિના
પિયાઉંસે પ્યાર. હરિ૦ ૪

પદ ૨૧૨૩ મું

જરકસી પગિયાં મરોર, પ્યારેને બાંધી જરકસી; જર૦
બાંધી પાઘ અનુરાગ ભાગપર, ઝુક રહી જોબનવાકે જોર. પ્યારે૦ ૧
ઓઢત દુશાલો પ્યારો નંદલાલ, લટક ચલત ચીત ચોર. પ્યારે૦ ૨
બાંસુરી બજાવત જીયા લલચાવત, ગાવત તાનન તોર. પ્યારે૦ ૩
નિરખી વિહારી પ્રેમાનંદ વારી, ભુજ ભરી મિલતહેં દોર. પ્યારે૦ ૪

પદ ૨૧૨૪ મું

સાંવરે દ્રગનદી સેન, સજની મારી સાંવરે; સાંવ૦ ટેક.
નેન કટારી કસી મોયે મારી, પરત નહીં પલ ચેન. સજ૦ ૧

---

* "લગ ગઈ અંખિયા હમાર, હરિસું લગ ગઈયાં" પાઠ પણ ગાય છે.

પીર ઉર ભારી બિહારી બિહારી, રટન લગી દિનરૈન. સજ૦ ૨
બહુત દ્રગન જલ કલ ન પરત પલ, દેત મહા દુઃખ મૈન. સજ૦ ૩
પ્રેમાનંદકો પ્યારો નેનાઉંકો તારો, કબ મીલી હે સુખદેન. સજ૦ ૪

પદ ૨૧૨૫ મું

કુબરી કર ગઈ ઘાત, બેરન મોરી કુબરી; કુબરી૦ ટેક.
કછુ એક જાદુ કીયો ચંદનમેં, પરસી કોમલ ગાત. બેરન૦ ૧
કર કર નેહ નાથ બસ કીને, લીનો સુખ દિન રાત. બેરન૦ ૨
કહા કહે કછુ કહીહ ન જાવે, સુની સુની જીય અકુલાત. બેરન૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ નાથ બીના, પલક કલપ સમ જાત. બેરન૦ ૪

પદ ૨૧૨૬ મું–રાગ ઠુમરી–ત્રિતાલ

સાંવરીયો મોરો પ્યારો બાંકે નેનાવારો રે; સાંવ૦ ટેક.
બાંકે નેના વાકે બાંકે બેના, બાંકો હે નેનન નજારો.* બાંકે૦ ૧
બાંકી હે ચલની બાંકી હે ચિતવની, બાંકો હે કમર કટારો. બાંકે૦ ૨
બાંકી પાઘ બીચ બાંકી કલંગી, બાંકો છેલ જાદુગારો. બાંકે૦ ૩
બાંકો છેલ ઘનશ્યામ છબીલો, પ્રેમાનંદકો દ્રગતારો. બાંકે૦ ૪

પદ ૨૧૨૭ મું

સાંવરીયે જાદુ કીનો મન હર લીનો રે; સાંવ૦ ટેક.
જાદુવે કીનો વારી ટોનાવે કીનો, કહા જાનું કહા દીનો. મન૦ ૧
પીતપટ કટિતટ શિર જરકસી પાઘ, ઓઢત દુશાલો અતિ ઝીનો. મન૦ ૨
આલસ મરોરે અંગ લાજત લખી અનંગ, છેલ છબીલો રંગભીનો. મન૦ ૩
પ્રેમાનંદકો નાથ ભેટે ભુજ ભરી બાથ, પ્રીત કરન પરબીનો. મન૦ ૪

પદ ૨૧૨૮ મું

સાંવરીયેને મારી નેનોંદી કટારી રે; સાંવ૦ ટેક.
નેન કટારી લાગી ભ્રમના ભાગી, કર દીની હે જગ ન્યારી. નેનોં૦ ૧
નેના અનિયારે તીખે રસભરી બીચ રેખે, દેખત
હો ગઈ મતવારી. નેનોં૦ ૨

* "બાંકે હે નેના વાકે બાંકો હે બેના, બાંકો હે નેનન નજારો" પાઠાન્તર છે.

ઉર બીચ મારી શ્યામ ભૂલી મેં તો ધન ધામ, રટત
બિહારી બિહારી. નેનોં૰ ૩
પ્રેમાનંદ લગી પ્રીત મગન રહત નીત, રૂપ છટા ઉર ધારી. નેનોં૰ ૪

પદ ૨૧૨૯ મું

*લંગરવાને મેરા હરવા તોરા રે; લંગ૰ ટેક.
હરવા તોરી મેરા હાથ મરોરા, નિલજ અહિરવાકો છોરા. હર૰ ૧
હસત હસત આયે મીલ્યો બરાજોરી ધાયે, કસકી મસકયો
ગાત ગોરા. હર૰ ૨
બડો બેદરદી દરદ નહીં જાને, મારી નેન બાન ચીત ચોરા. હર૰ ૩
નિપટ નિલજ કારા જાદુગારા બંસીવારા, પ્રેમાનંદકો હે પ્રાન દોરા. હર૰ ૪

પદ ૨૧૩૦ મું–રાગ ઠુમરી

અંખિયામેં જાદુ ભારી ગીરધારી રાજ; અંખિ૰ ટેક.
કર કર ટોના શ્યામરે સલોના;
રસબસ કીની સકલ બ્રજનારી રાજ. અંખિ૰ ૧
ભ્રકુટી કુટિલ ચપલ દ્રગ સુંદર;
અજબ ઠગારી હે બીચે શાઇકારી રાજ. અંખિ૰ ૨
અમલ કમળ દળ સમ અંખિયન બીચ;
અતહિં અનોખી રેખેં રતનારી રાજ. અંખિ૰ ૩
શ્રીધનશ્યામકી દ્રગન છટાપર;
પુલકી પ્રેમાનંદ જાત બલિહારી રાજ. અંખિ૰ ૪

પદ ૨૧૩૧ મું

બતિયાંમેં બાલમ બસ કર લીની લાલ; બતિ૰ ટેક.
કર કર બતિયાં પરસી મોરી છતિયાં;
રતિયાંમેં ફારી ચુનર મોરી ઝીની લાલ. બતિ૰ ૧
નવ રંગ નેહ કરી મીલે અંક ભરી હરિ;
મુખતે ચાવત પાન બીરી મોયે દીની લાલ. બતિ૰ ૨

---

* "ઇન" કેટલાકો પ્રથમમાં ગાય છે. "ઇન લગરવાનેમેરા હરવા તોરારે."

સુંદર બદન સદન સુખસાગર;
નાગર નગધર ચતુરાઈ કીની લાલ. બતિ૦ ૩
પ્રેમાનંદ કહે સંકેત ભાવ ભરી;
સાંવરે બજાઈ બાંસુરી રંગભીની લાલ. બતિ૦ ૪

પદ ૨૧૩૨ મું

મોહનાને મારી નેનોંદી કટારી મોયે; મોહ૦ ટેક.
નેન કટારી અજબ અનિયારી;
ફોરી કરેજવા નીકસી ગઈ બારી મોયે. મોહ૦ ૧
ખટકત શ્યામ કામ નહીં સુઝત;
રૂઝત ન ઘાવ દરદ ઉર ભારી મોયે. મોહ૦ ૨
ધરત ન જીયા ધીર કોઉ ન જાને પીર;
બૈદવા ટટોરત કરઉકી નારી મોયે. મોહ૦ ૩
બીનું દેખે બાવરી સુંદર છબી સાંવરી;
પ્રેમાનંદ કે' બીસરત ના બીસારી મોયે. મોહ૦ ૪

પદ ૨૧૩૩ મું

સાંવરો ગુમાની દેખી અંખિયાં લોભાની મોરી; સાંવ૦ ટેક.
સુંદર રૂપ મનોહર છેલો;
રસકો રસિલો સકલ સુખખાંની મોરી. સાંવ૦ ૧
નીલ જલદ તન તરુન બદન છબી;
નિરખી રતિપતિ અતિ સકુચાની મોરી. સાંવ૦ ૨
ચલત હંસગતિ હસત મધુર અતિ;
ચિતવત ચતુર લેત ચીત તાની મોરી. સાંવ૦ ૩
પ્રેમાનંદ કહે સ્વામી અંતરજામી હરિ;*
અખિલ ભુવનપતિ રૂપનિધાની મોરી. સાંવ૦ ૪

---

* "પ્રેમાનંદ કહે સ્વામિ હરિ અંતરજામી" "પ્રેમાનંદ કહે સ્વામિ અંતરજામી, હરિ અખિલ ભુવનપતિ રૂપનિધાની મોરી" પાઠાન્તરો છે.

પદ ૨૧૩૪ મું–રાગ ઠુમરી

નંદદે સલોના ટોના કાહેકું ડારા ભલા; નંદદે૦ ટેક.
કર કર ટોના વારી બાવરીસી કીની;
કેસેં જાયેગા અબ મેરા જનમારા ભલા. નંદદે૦ ૧
જાદુવેગારી તેરી ચલની ચિતવની;
જાદુવેગારા તેરા નેનોંકા નજારા ભલા. નંદદે૦ ૨
રાતદિનાવે મેં તો બાવરીસી ડોલું;
ભૂલ ગઈવે ઘર કામ કાજ સારા ભલા. નંદદે૦ ૩
પ્રેમાનંદદા પ્યારા બડા બેદરદી;
સાંવરા કુંવર તેરા ક્યા મેં બીગારા ભલા. નંદદે૦ ૪

પદ ૨૧૩૫ મું

તેરીસોં લંગરવા તે તો બહોત બેદરદી કહાના; તેરી૦ ટેક.
કર કર પ્રીતી મોયે પરબસ કીની;
ભુલ ગઈવે સુધ નગર ડગરદી કહાના. તેરી૦ ૧
મારી નેન બાન મેરા હર્યો* હે કરેજવા;
યહ દુઃખ દુબરીસી ભઈ રંગ જરદી કહાના. તેરી૦ ૨
ઘાવ ન દીસે વારી દરદ ઉર ભારી;
ઘરકે લગાવત ઘસી ઉર હરદી કહાના. તેરી૦ ૩
પ્રેમાનંદકે નાથ તેરે બીના બ્યાકુલ;
બહત નેનન નીર ભઈ માનું શરદી કહાના. તેરી૦ ૪

પદ ૨૧૩૬ મું

તેરી તો મેં દોસ્તી કરકે પીછતાની પ્યારા; તેરી૦ ટેક.
ઘર ઘરમેં મેરી હાંસી હોત હેં;
મારત ટોહના મોયે નનંદ જેઠાની પ્યારા. તેરી૦ ૧
કહત હેં કહાન સનેહની આઈ;
અરોસી પરોસીયું બોલતહેં બાની પ્યારા. તેરી૦ ૨

---

* "ફાર્યો" "ઓહ્યો" પાઠાન્તર છે.

નિકસન ન પાવું નગર ડગરમેં;
સકુચ સકુચ મેં તો અતિ અકુલાની પ્યારા. તેરી૦ ૩
પ્રેમાનંદકે નાથ નેહ લગાયકે;
હર લીની સુધ બુધ ભઇહું દિવાની પ્યારા. તેરી૦ ૪

પદ ૨૧૩૭ મું

કહાન તેં કીસીદે સાથ નેહઉ ન લાઇયે લલા; કહાન૦ ટેક.
નેહા જો લાઇયે તો દીલ પરચાઇયે;*
પકરી પલ્લા વાકું પાર લગાઇયે લલા. કહાન૦ ૧
જોરત પ્રીત પ્રથમ દિન કેસી;
આદિ અંત લગી યુંહિં નીભાઇયે લલા. કહાન૦ ૨
છીન ઇત તોરત છીન ઉત જોરત;
ચીતભ્રમતા સબ દૂર બહાઇયે લલા. કહાન૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ તિહારી;
પ્રેમ પીતકી† બલબલ જાઇયે લલા. કહાન૦ ૪

પદ ૨૧૩૮ મું–રાગ ઠુમરી

પનઘટવા ઠાડો છેલ જાદુગારો; પન૦ ટેક.
પઢ પઢકે મોપે' ટોના ડારત, નાગર નંદદુલારો. પન૦ ૧
શોભાસાગર રૂપ ઉજાગર, નટવર નેનાઉંકો તારો. પન૦ ૨
ચિતવનીમેં ઇને સબ બ્રજ મોહ્યો, કર કર નેન નજારો. પન૦ ૩
પ્રેમાનંદકો પ્યારો નેનાકો તારો, જીવનપ્રાન હમારો. પન૦ ૪

પદ ૨૧૩૯ મું

પીતપટવારેને દ્રગનભર મારી; પીત૦ ટેક.
હું જો ગઇથી પનિયાં ભરનકું, ઠાડો પનઘટવા મોરારી. પીત૦ ૧
સાવરી સુરત માધુરી મૂરત, અંખિયાં અજબ અનિયારી. પીત૦ ૨
ધેન ચરાવે બેન બજાવે, ગાવત કહાન તાન પ્યારી: પીત૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ છબીપર, કોટિ કામ બલિહારી. પીત૦ ૪

---

* "દીલભર ચાઇયે" પાઠાન્તર છે. † "પ્રીતકી" પાઠ છે.

પદ ૨૧૪૦ મું

નટવર છેલાને લગાયા મોસું નેહરા; નટ૦ ટેક.
ચકિત ભઈ લખી રૂપ લાલકો, અજબ બન્યો શિર સેહરા. નટ૦ ૧
નેહા લગાયકે મન હર લીનો, ભૂલ ગઈ તન ગેહરા. નટ૦ ૨
કીની પ્રીત મીત બરાજોરી, બરસી બચન રસ મેહરા. નટ૦ ૩
પ્રેમાનંદ કહે પ્રાન પિયાકું, કર રાખું ઉર તેહરા. નટ૦ ૪

પદ ૨૧૪૧ મું

દીલ ભરમાયા વે સામલડા યારને; દીલ૦ ટેક.
દીલ ભરમાયા મેડા ચીત ભરમાયા, ગોકુલદા શિરદારને. દીલ૦ ૧
કહા જાનું વે કેસો જાદુ કીનો, નટવર નંદકુમારને. દીલ૦ ૨
ઘર અંગના મોયે કછુ ન સોહાવે, બાવરી ફીરું યાકે કારને. દીલ૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ પિયાપર, બાર બાર જાઉંગી મેં બારને. દીલ૦ ૪

પદ ૨૧૪૨ મું-રાગ ઠુમરી

મેં અપને આંગનમેં ઠાડી, આય અટારીયાં હેરે ઘનસ્યામ; મેં અ૦ ટેક.
ચિતવત એક ભઈ દ્રગ ચારોં, તબ હસી સેન કસેરે ઘનસ્યામ. મેં અ૦ ૧
ચિતવની ચપલ મધુર મુખ હસની, બસ ગઈ છબી
દીલ મેરે ઘનસ્યામ. મેં અ૦ ૨
ચકિત ભઈ લખી રૂપ માધુરી, માનું લખ દઈ ચીતેરે ઘનસ્યામ. મેં અ૦ ૩
પ્રેમાનંદ હરિકૃષ્ન મીલનકી, જપ માળા નીત ફેરે ઘનસ્યામ. મેં અ૦ ૪

પદ ૨૧૪૩ મું

અજબ બની બગલેકી બેઠક, બેઠે બનવારી બિહારી લાલ. અજ૦ ટેક.
મેહરૂબ અપને મંદિર કીબારીકી, બારી ઉઘારી લાલ. અજ૦ ૧
ચિતવત મોયે ચતુર નટવરને, નેન નજરીયાં મારી લાલ. અજ૦ ૨
નેન સેન અતિ કસત કરેજે, હોત દરદ ઉર ભારી લાલ. અજ૦ ૩
પ્રેમાનંદ તબ પીર બુઝે જબ, બેદ મીલે ગીરધારી લાલ. અજ૦ ૪

પદ ૨૧૪૪ મું-રાગ ઠુમરી

લાલન તેરી લટક મેરે મન બસી; લાલ૦ ટેક
લટક લટક આવત મન ભાવત, પીત બસન કટિ કસી. લાલ૦ ૧

સુંદર ગાવત નેહસું બોલાવત, ચીત હરત હસી હસી. લાલ૦ ૨
નટવરનાગર રૂપ ઉજાગર, મુખ માનું પુરન સસી. લાલ૦ ૩
શ્રીઘનશ્યામ મનોહર મૂરત, પ્રેમાનંદ ઉર લસી. લાલ૦ ૪

પદ ૨૧૪૫ મું

બાલમ તેરી બાનક અજબ રંગ બની: બાલ૦ ટેક.
નીલજલદ તન તરુન મનોહર, નટવર ત્રિભુવનધની. બાલ૦ ૧
બદન પ્રભા છબી દેખી લજાને, કોટિ ઇન્દુ તરની. બાલ૦ ૨
એસી છબી તજી આન નિહારે, બિધીના ખુધ તાકી હની. બાલ૦ ૩
પ્રેમાનંદ ઉર ધારી પ્રફુલ્લિત, અરુન ચરન નખમની. બાલ૦ ૪

પદ ૨૧૪૬ મું

સાંવલ તેરી અજબ સુરત ક'ા કહું; સાંવ૦ ટેક.
ભાલ વિશાળ કમળ દલ લોચન, મુખપર બલ બલ જઉં. સાંવ૦ ૧
મુસકની મંદ મધુરી મીઠી બોલની, ચિતવની ચીત નીત મઉં. સાંવ૦ ૨
ઉર ઉતંગ ભુજદંડ પ્રલંબિત, નિરખી મગન મન રહું. સાંવ૦ ૩
પ્રેમાનંદ કહે યેહી છબી ઉર ધરી, ત્રિવિધ તાપ દુઃખ દહું. સાંવ૦ ૪

પદ ૨૧૪૭ મું

મોહન તેરી મૂરત દેખી ખુશ ભઈ; મોહ૦ ટેક.
અંગ અંગ પ્રતિ અમિત સુભગતા, જાત નહીં કછુ કહી. મોહ૦ ૧
સુંદરતા સબ અખિલભુવનકી, હસનીમેં હર લઈ. મોહ૦ ૨
હસની બોલની ચલની ચિતવની, નિરખી નિરખી છક રહી. મોહ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ સુંદર છબી, ચિતવત નીત ચીત દઈ. મોહ૦ ૪

પદ ૨૧૪૮ મું—રાગ ઠુમરી

મોહન લાલદી લટક મન માનિયાં; મોહ૦ ટેક.
લટકત આવે જીયા લલચાવે, મધુરી બોલત મુખ બાનિયાં. મોહ૦ ૧
ચલત હંસગતિ નિરખી થકિત અતિ, રતિપતિ મતિ સકુચાનિયાં. મોહ૦ ૨
રૂપ મનોહર સુંદર મુખપર, ઉઠત રેખેં નાની નાનિયાં. મોહ૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ મૂરતિ, રાખત નેનમેં છાનિયાં. મોહ૦ ૪

પદ ૨૧૪૯ મું

સુંદર સ્યામદી સુરતપર વારિયાં; સુંદર૦ ટેક.
સ્યામરી સુરત માધુરી મૂરત, અંખિયાં કમલ અનુસારિયાં. સુંદર૦ ૧
બાંસુરી બજાવે સુંદર ગાવે, બસ કીની વ્રજનારિયાં. સુંદર૦ ૨
મોરમુગટ બનમાલ બિરાજે, ઓઢે કામર કારિયાં. સુંદર૦ ૩
પ્રેમાનંદ ઉર અખંડ બિરાજો, અરજી યેહી હમારિયાં. સુંદર૦ ૪

પદ ૨૧૫૦ મું

મોહન છેલને લગાયા મોસું નેહરા; મોહ૦ ટેક.
નેહ લગાયકે મન હર લીના, ભૂલ ગઈ તન ગેહરા. મોહ૦ ૧
જામા જરીદા શિર જરકસી ચીરા, તાપર મોતીયુંદા સેહરા. મોહ૦ ૨
રસ ભરી મૂરત રસ ભરી અંખિયાં, બરસત પ્રેમરસ મેહરા. મોહ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ પિયાકું, રાખુંગી ઉર કરી તેહરા. મોહ૦ ૪

પદ ૨૧૫૧ મું

પ્યારે ઘનશ્યામદી મેં બંદી બીનું દામદી; પ્યારે૦ ટેક.
મે હું બંદી ચરનો રંદી,* તજ દઈ આશ ધન ધામદી. પ્યારે૦ ૧
અન્ય આસ વિશ્વાસ છાંડકે, જપતીહું માલા યાકે નામદી. પ્યારે૦ ૨
હુકમ હજુરી રહું નહીં દૂરી, ચેરીઉં પુરનકામદી. પ્યારે૦ ૩
પ્રેમાનંદ નિરખી મતવારો, મૂરત આતમરામદી. પ્યારે૦ ૪

પદ ૨૧૫૨ મું

સામલા યારદી હેરત રસ દિલદારદી; સામ૦ ટેક.
તરસત નેના પરત ન ચેના, અબી† તલપ મનમેં મોરારદી. સામ૦ ૧
હસની બોલની ચલની ચિતવની, કસત કરેજે કિરતારદી. સામ૦ ૨
બિસરત નાંહીં છબી મન માંહીં, નટવર નંદદે કુમારદી. સામ૦ ૩
સુંદર બતિયાં છેદત છતિયાં, પ્રેમાનંદ પ્રાનઆધારદી. સામ૦ ૪

---

* "ચરનોહદી" પાઠ પણ છે. † "લગી તલપી" "હંદી તલપ" પણ ગાય છે.

પદ ૨૧૫૩ મું–રાગ ઠુમરી

દોઉ ઠાડે વે કદમઉકી છૈયા; દોઉ૦ ટેક.
ગૌર બરન હે જેઠ હમારે, શ્યામ બરન મેરે સૈયા. દોઉ૦ ૧
ગૌરકો નામ હે હલધર ભૈયા, શ્યામકો નામ કનૈયા. દોઉ૦ ૨
ગૌરકે શિરપર જરકસી ચીરા, શ્યામ શિર મુકુટ ધરૈયા. દોઉ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ સુંદર છબી, રહો મેરે અંખિયનમેયા. દોઉ૦ ૪

પદ ૨૧૫૪ મું

મોરે બાલમ બીરાજે આજુ બગિયાં; મોરે૦ ટેક.
પુલોંદા હાર બાજુબંધ ગજરા, પુલોંદી બાંધી પ્યારે પગિયા. મોરે૦ ૧
નબિન તરુતરે શ્યામ બીરાજે, બેઠે ગ્વાલ બાલ ગાયે અગિયા. મોરે૦ ૨
થકિત ભઇ લખી રૂપ શ્યામકો, ઠાડી ચીતવત એક ટગિયા. મોરે૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ છબીલે, મોહની લગાય મોયે ઠગિયા. મોરે૦ ૪

પદ ૨૧૫૫ મું

બ્રંદાબનકી સઘન કુંજ ગલિયાં; બ્રંદા૦ ટેક.
પ્રફુલ્લિત તરુન લતા બન બેલી, કેસર કુસુમકી કલિયાં બ્રંદા૦ ૧
ગુંજત ભમર કોકિલા કુંજત, બીચ શ્યામ બજાવે મોરલિયાં. બ્રંદા૦ ૨
બંસી શ્રવન સુની બીરહા સતાવે, કેસી કરું મોરી અલિયાં. બ્રંદા૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ મીલે તો, લેઉંગી મેં હસી હસી બલિયાં. બ્રંદા૦ ૪

પદ ૨૧૫૬ મું

આજ બંગલેમેં ઘુંઘરુ બાજે; આજ૦ ટેક.
બ્રંદાબનકી કુંજમેં બંગલા, તહાં રાધાશ્યામ બીરાજે. આજ૦ ૧
બાજત મૃદંગ ગત ગાવત ગોપી ગન, થેઈ થેઈ હોત સમાજે. આજ૦ ૨
નાચત સુંદર શ્યામ રાધિકા, નિરખી રતિપતિ લાજે. આજ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ સુંદર છબી, અબિલોકીત દુઃખ ભાજે. આજ૦ ૪

પદ ૨૧૫૭ મું–રાગ ઠુમરી

તેરી સાવરી સુરત છટાદાર (૨), મન હરે પ્રાન હરે; તેરી૦ ટેક.
ચલત મેરોરે હસી ચીત ચોરે, હરિ બસ કર લીની સબ બ્રજનાર. મન૦ ૧

શિર જરકસી ચીરા પેહેરે પટ પીરા, હાંરે તેરે ઉર બીચે
મોતિયુંદા હાર. મન૦ ૨
નંદદે સલોના જાને કછુ ટોના, હરિ મેરા મન બસ કીનો
મોરે યાર. મન૦ ૩
પ્રેમાનંદ હરિકૃષ્ન છબી તેરી, હરિ નીત રાખત ઉર બીચ ધાર. મન૦ ૪

પદ ૨૧૫૮ મું

તેરે બાંકે નેનાદી સેન (૨), લગ ગઈ સામલડા; તેરે૦ ટેક.
નેના રતનારે લાગત અતિ પ્યારે, હાંરે બીચ રેખે રસ ભરી સુખદેન. લગ૦ ૧
ચીતવની તરછી મારી માનું બરછી, હાંરે મોરે ખટકતહે દિનરેન. લગ૦ ૨
કસત કરેજે સુખ નાહીં સેજે, હરિ મોયે પરત નહીં પળ ચેન. લગ૦ ૩
પ્રેમાનંદકે શ્યામ ભઇહું પુરનકામ, હરિ તેરે સુનત અમૃત સમ બેન. લગ૦ ૪

પદ ૨૧૫૯ મું

તેરી અજબ અનોખી ચાલ (૨), બસ ગઈ લસ ગઈ ઉર; તેરી૦ ટેક.
ચલની અનોખી ચલો પિયા શેખી, હાંરે કર અહીકે સરસ રુમાલ. બસ૦ ૧
મન મતવારે નેન નજારે, હરિ કસી મારત કરેજે લાલ. બસ૦ ૨
બાંકે બિહારી મોહી બ્રજનારી, હરિ તેરે અંબુજ નેનન બિસાલ. બસ૦ ૩
પ્રેમાનંદ નિરખી મતવારો, હાંરે છબી તેરી મદનગોપાલ. બસ૦ ૪

પદ ૨૧૬૦ મું

રતનારે રસિક તેરે નેનારે (૨), રસ ભરે રંગભરે; રત૦ ટેક.
બાંકી ભોંહે મન મેરા મોહે, હાંરે તેરે ચંચલ કમલ દ્રગ સેના. રસ૦ ૧
કાહેકું રોકત ટોકત મગમેં, હરિ સામલડા છેલા સુખદેના. રસ૦ ૨
કોન ગામકો છેલ છીં* કનીયા, હરિ મોસું બોલત અટપટે બેના. રસ૦ ૩
પ્રેમાનંદકે પ્યારે પ્રાન હમારે, હાંરે બીનું દેખે પરત નહીં ચેના. રસ૦ ૪

પદ ૨૧૬૧ મું-રાગ ઠુમરી

ગુજરિયાં લૂટી (૨) કે લૂટી ઘનસ્યામ; ગુજ૦ ટેક.
ઇત ગોકુલ ઉત મથુરા નગરી, બીચમેં ઠાડો સુખધામ;
મટુકી લઈ ફુંટી કે ફુંટી ઘનસ્યામ. ગુજ૦ ૧

* "છિકનિયા" મૂળમાં વંચાય છે.

આય અચાનક બૈયા મરોરી, કર બરજોરી અભિરામ;
મટુકી મોરી ઝુટી* કે ફુટી ધનસ્યામ. ગુજ૦ ૨
નિપટ ઝપટકે હાથ હિયે ડારી, ડારી દે ગારી લે નામ;
મોતીન હર તુટી કે તુટી ધનસ્યામ. ગુજ૦ ૩
પ્રેમાનંદકો પ્યારો નેનાકો તારો, લે ગયો પુરનકામ;
કંગનવા અંગુઠી અંગુઠી ધનસ્યામ. ગુજ૦ ૪

પદ ૨૧૬૨ મું

દરદ નહીં જાને (૨) કે જાને નંદલાલ; દર૦ ટેક.
મેં દધી બેચન ચલીરે ગોકુલસેં, આય આડો ગોપાલ;
ચુનર મોરી તાને કે તાને નંદલાલ. દર૦ ૧
બરજ રહી ગહી ચરન જોરી કર, ઢીઠ લંગર રૂપ લાલ;
કાઉકી ન માને કે માને નંદલાલ. દર૦ ૨
કેસેં બને ગોકુલમેં બસવો, નીત ઉઠી ચલત કુચાલ;
બોલત મુખ આને કે આને નંદલાલ. દર૦ ૩
પ્રેમાનંદકો નાથ સાવરો, બાવરો જસોમતી બાલ;
ભરત અંક છાને કે છાને નંદલાલ. દર૦ ૪

પદ ૨૧૬૩ મું–રાગ ઠુમરી

બેરન મોરીરે બાજી બાંસુરી; બેર૦ ટેક.
શ્રવન સુનત મોરી સુધ બુધ બિસરી, નેના બહતરે મોરે આંસુરી. બેર૦ ૧
બિરહા ભરી બાજે બન બાંસુરી, છેદે કરેજારે મોરી પાંસુરી. બેર૦ ૨
કેસી કરું અબ કલ ન પરે મોયે, નિકસત નાહીંરે મોરો સાંસુરી. બેર૦ ૩
પ્રેમાનંદ ધનસ્યામ પિયા મોરે, જીયમેં ડારીરે પ્રેમ ફાંસુરી. બેર૦ ૪

પદ ૨૧૬૪ મું

અંસુવન સુબેરે મોરી અંખિયાં; અંસુ૦ ટેક.
શ્યામ બિયોગ સહ્યો નહીં જાયે, કેસી કરુંરે અબ મોરી સખિયાં. અંસુ૦ ૧

"ફૂટી કે ફૂટી" પણ ગાય છે.

કૈસે મીલું ઘનશ્યામ પિયાકું, બિધીના ન દીનીરે મોયે પંખિયા. અંસુ૦ ૨
પિયાકી સુરત સંભારત એક ટક, માનું ચિતારેરે ચિત્ર લખિયાં. અંસુ૦ ૩
પ્રેમાનંદ પિયા બીના પ્યારી, જલ બીના ન્યારીરે જેસે કખિયાં. અંસુ૦ ૪

પદ ૨૧૬૫ મું

સામરો સાલેરે મોરી છતિયાં; સામ૦ ટેક.
શ્યામ સુંદર મોયે સાલત સજની, બહુત સાલેરે મીઠી બતિયાં. સામ૦ ૧
બિસરત નાહીં બોલની ચિતવની, લટકત આવેરે હંસગતિયાં. સામ૦ ૨
મોરે ઘર આવે નેહસું બોલાવે, સુખ ઉપજાવેરે શ્યામ રતિયાં. સામ૦ ૩
પ્રેમાનંદ કહે નાથ ન આયે, પઠઈ નાહીંરે કોઉ પતિયાં. સામ૦ ૪

પદ ૨૧૬૬ મું

સામરે કટારીરે મારી સેનોદી; સામ૦ ટેક.
ઘાયલસી મેં ઘુંમત ઘરમેં, નોખ લાગીરે બાંકે નેનોદી. સામ૦ ૧
શ્યામહી શ્યામ પુકારત સજની, સુધ બુધ નાહીંરે દિનરેનોદી. સામ૦ ૨
ઘાવ ન દીસે દરદ ઉર ભારી, બરછી મારીરે પ્યારે નેનોદી. સામ૦ ૩
પ્રેમાનંદ કે' નિરમોહિયાને, સુધીઉં ન પુછીરે સુખચેનોદી. સામ૦ ૪

પદ ૨૧૬૭ મું–રાગ ઠુમરી

યાર કનૈયા નીકો જારે, પ્યારે ન મારો નેન રસિયા; યાર૦ ટેક.
નેન સેનકી પીરા જીયરા, પરત નાહીં પલ ચેન રસિયા. યાર૦ ૧
તોરે નેન અતહિ અનિયારે, ખટકતહેં દિનરેન રસિયા. યાર૦ ૨
નેના રાતે મદન રસમાતે, રેખે રસભરી એન રસિયા. યાર૦ ૩
પ્રેમાનંદ કહે પ્યારે પીર ન જાનો,* ના માનો સુખદેન રસિયા. યાર૦ ૪

પદ ૨૧૬૮ મું

છાંડ કનૈયા બૈયાં મોરી, જી ના બોલો ગ્વાલ બતિયાં; છાંડ૦ ટેક.
નંદકુંવર નખરે ન કરોરે, ના છુવો મોરી લાલ છતિયાં. છાંડ૦ ૧
અબહિં શ્યામ તેં છોટા લરીકા, થોરી હે ગોપાલ મતિયાં. છાંડ૦ ૨

---

* "કહ્યું ના માનો સુખદેન રસિયા" પાઠ પણ છે.

હમ પરનારી રાજ કંસકો,. ના સીખો કુચાલ ધતિયાં. છાંડ૦ ૩
પ્રેમાનંદકે પ્યારે માનો, પકરી જહો કાલ રતિયાં. છાંડ૦ ૪

પદ ૨૧૬૯ મું

આય લંગરવા તોર્યો હરવા, ગિરિધર કર બરજોર ચોરિયાં; આય૦ ટેક.
લે ગયો દુલરી તીલરી ચોલરી, પંચલરિયાંકી છોર દોરિયાં. આય૦ ૧
ઘુંઘટ ખોલી બદન અવિલોકે, જ્યું ચંદાકી ઓર ચકોરિયાં. આય૦ ૨
સો સો દીની મેં રામ દુહૈયા, એક ન માની મોર નીઠોારર્યાં. આય૦ ૩
પ્રેમાનંદકો નાથ ગોકુલમેં, ઘર ઘર તાકત ચોર ગોરિયાં. આય૦ ૪

પદ ૨૧૭૦ મું

લૂટરે જમુનાકે તટવા, નાગર નટવા છેલ ગુજરિયાં: લૂટ૦ ટેક.
દધવારી ઠાડી રહોરે સુંદરી પરમ સયાન, લે લકુટી ઠાડે
હરિ લ્યાં લાગત હમરો દાન. ગુજ૦ ૧
કહા લદે હમ જાતહે રે લોંગ સોપારી છેલ, દાન કાહેકો
લેતહો રે રોકી હમારી ગેલ. ગુજ૦ ૨
મટુકયામેં કા' ભર્યોરી સુધે ન બોલો બેન, જો હોયે સોઉ
દે દેઉરી કા' ચમકાવતી નેન. ગુજ૦ ૩
મોહન યા મગ જાતહે રે હમ દધી બેચન નીત, પ્રેમાનંદકે
નાથ કબઉંરે ના સુની દાનકી રીત. ગુજ૦ ૪

પદ ૨૧૭૧ મું–રાગ ઠુમરી

પ્યારે ગીરધારી લાલ, રસિયા ન રોકો ડગરવા; પ્યારે૦ ટેક.
ના હમ તુમકું બોલે બુલાવે, નાહક નેના ભર મારી લાલ. રસિ૦ ૧
આપતો કારે અપલછનવારે, મોઇકું લગાવત ગારી લાલ. રસિ૦ ૨
કર કર જાદુ સબ બ્રજ બસ કીનો, નટવર કુંજબિહારી લાલ. રસિ૦ ૩
પ્રેમાનંદકે નાથ પરમ ચતુર વર, ના છેડો પરનારી લાલ. રસિ૦ ૪

પદ ૨૧૭૨ મું

તોસે કોન બોલે કહાન, નીકો ચલો જારે અહિરવા; તોસે૦ ટેક.
નિલજ નિપટવા જમુનાકે તટવા, ઘુંઘટવા આયકે ખોલે કહાન. નીકો૦ ૧
નીલજલદ તન પનઘટ બન બન, કાહેકું હમ સંગ ડોલે કહાન. નીકો૦ ૨

કાહેકું બોલે ગારી કુંજકે બિહારી, બૈયા પકરી ઝકઝોલે કહાન. નીકો૦ ૩
પ્રેમાનંદ કે' નાથ અબ ના સહુંગી, નાહીં લઈ મોયે મોલે કહાન. નીકો૦ ૪

પદ ૨૧૭૩ મું

મોઈ કા જાદુ કીનો છેલ, બાંસુરી બજાય લંગરવા; મોઈ૦ ટેક.
બેન બજાય મોયે ટોનાવે કીના, મનવા મેરો હર લીનો છેલ. બાંસુ૦ ૧
પાનનકી બીરીયામેં પ્યારે, કા' જાનું કછુ દીનો છેલ. બાંસુ૦ ૨
હસી મુસકાયકે મનવા મેરો, લેજુ ગયો રંગભીનો છેલ. બાંસુ૦ ૩
પ્રેમાનંદકો પ્યારો નેનાઉંકો તારો, પ્રીત કરન પરબીનો છેલ. બાંસુ૦ ૪

પદ ૨૧૭૪ મું

સુંદર સલોનો શ્યામ, મારી ગયો નેન નજરવા; સુંદર૦ ટેક.
કસી ભર મારી સેન બહતહેં જલ નેન, છુટ ગયોરે કજરવા શ્યામ. મારી૦ ૧
નટવર સુંદર બૈયાં પકર કર, બાંધી ગયો ફુલ ગજરવા શ્યામ. મારી૦ ૨
નિપટ નિલજ કહાન માનત નાહીંન, આન લાજત નાહીં
લજરવા શ્યામ. મારી૦ ૩
પ્રેમાનંદકો* નાથ મીલી ભુજ ભરી બાથ, કર દીની અજર
અમરવા શ્યામ. મારી૦ ૪

પદ ૨૧૭૫ મું-રાગ ઠુમરી

ભલાજી મેરો કંગના નિકારી ગયોરે, કદમકી કુંજમેં; મેરો૦ ટેક.
આય અચાનક નિઠુર નંદકે, ભલાજી મેરો પોંચા પકરી ગહ્યો રે. કદ૦ ૧
કંગના નિકારી ગારી મોયે દીની, નાહક મોસું ઝગરો મચાય દયો રે. કદ૦ ૨
ઈત ગોકુલ ઉત મથુરા નગરી, ભલાજી મેરો કોન સુને કયો રે. કદ૦ ૩
પ્રેમાનંદકો નાથ સાંવરો, છકયો મદ જોબન તરુન ભયો રે. કદ૦ ૪

પદ ૨૧૭૬ મું

ભલાજી મેરી મટુકી છિનાય લીનીરે, સાંવરિયા યારને; મેરી૦ ટેક.
મેં દધી બેચન ચલીરે ગોકુલસેં, ભલાજી મોયે બીચમેં
બેહાલ કીની રે. સાંવ૦ ૧

---

* "પ્રેમાનંદકે" પાઠાન્તર છે.

દધી મેરા ખાય મટુકી મેરી ફોરી, લંગરવાને ઝટકી
પટકી દીની રે. સાંવ૦
દે દે ગારી જીયા મેરા જારી, સટકી ગયો કુંજમેં કંગના છીની રે. સાંવ૦ ૩
પ્રેમાનંદ કહે સઘન કુંજમેં, પોકારતી ગ્વાલની રંગભીની રે. સાંવ૦ ૪

પદ ૨૧૭૭ મું

ભલાજી મેરા બરજ્યો માનત નાઇરે, બેદરદી સાવરો; મેરો૦ ટેક.
કર બરજોરી મેરા બાજુબંધ છોર્યો, જાનીકે મેરી પકરી
મરોરી બાંઇ રે. બેદ૦ ૧
બાજુબંધ છોરી નેના ભર મારી, સટક ગયો સાવરા કુંજમાંઇ રે. બેદ૦ ૨
કાલ લે ગયો મેરા કરકો કંગનવા, આજ મેરી દુલરી લે દબકાઇ રે. બેદ૦ ૩
પ્રેમાનંદકે નાથકી કરની, કહત રાધે જસોમતીકું આઇ રે. બેદ૦ ૪

પદ ૨૧૭૮ મું

બરજ મૈયા અપને કનૈયાકુંરે, બીગર્યો તેરે પ્યારસું; મૈયા૦ ટેક.
બરજતી નાહીં સીખ લગાયકે, ભલાજી તેરે હલધરભૈયાકું રે. બીગ૦ ૧
નીત નીત હમસું કરત અનહોની, પકરી બૈયાં પરસત હૈયાકું રે. બીગ૦ ૨
સબ દેખત આયે ખોલત ઘુંઘટવા, કહિયે કહા યે નિરદૈયાકું રે. બીગ૦ ૩
પ્રેમાનંદકો નાથ તરુન ભયો અબ, કહો મૈયા જાયે નંદરૈયાકું રે. બીગ૦ ૪

પદ ૨૧૭૯ મું-રાગ દાદરા

બાંસુરિયામેં ગાવે દાદરા શ્યામ સુનાવે; બાંસુ૦ ટેક.
દાદરા ગાવે બિરહ સંતાવે, નેના નીર ભરી આવે. દાદરા૦ ૧
મીઠી તાને સુનતે કાને, રોમ રોમ સુખ પાવે. દાદરા૦ ૨
સાવરી સુરત માધુરી મૂરત, મીલન જીયા અકુલાવે. દાદરા૦ ૩
નિરખી પ્યારો નેનાકો તારો, પ્રેમાનંદ બલજાવે. દાદરા૦ ૪

પદ ૨૧૮૦ મું

બંસીકો બજવૈયા દાદરા ગાવે કનૈયા; બંસી૦ ટેક.
જમુનાકી જમનીરે તીરે,* બાંસુરી બજાવે બલભૈયા. દાદરા૦ ૧

* "જમુનાકી ઝીણી રેતીરે"

દાદરા ગાવે જીયા લલચાવે, શ્યામ સુંદર સુખદૈયા. દાદરા૦ ૨
કર બરજોરે ચીતવા ચોરે, કેસી કરું મોરી મૈયા.* દાદરા૦ ૩
સુની સુની તાન તન મન પ્રાન, પ્રેમાનંદ બલજૈયા. દાદરા૦ ૪

પદ ૨૧૮૧ મું–રાગ દાદરા

નજરિયાં મારી ગિરિધારી; નજ૦ ટેક.
મોરી તન મન સુરત બીસારી, નેનાભર મારી. ગિરિ૦ ૧
પનઘટવા ઠાડો મોરારી, બોલત મોસું ગારી. ગિરિ૦ ૨
કછુ મોહની મોહનવાને ડારી, દરદ મોયે ભારી. ગિરિ૦ ૩
પ્રેમાનંદ પિયાપર વારી, જાત બલિહારી. ગિરિ૦ ૪

પદ ૨૧૮૨ મું

ગગરિયાં મોરી કહાન ગહી ફોરી; ગગ૦ ટેક.
ડગર બીચ ઠાડો કરત, બરાજોરી દોરી દોરી. કહાન૦ ૧
મોરી નાહક બૈયાં મરોરી, પકરી ઝકઝોરી. કહાન૦ ૨
ના માને નિલજ કાઉંકોરી, ભાજત પટ ચોરી. કહાન૦ ૩
પ્રેમાનંદ કે' રૂપકિસોરી, અખંડ ઉર રહોરી. કહાન૦ ૪

પદ ૨૧૮૩ મું

દરદવા ન જાને બડા બેદરદી; દર૦ ટેક.
મેરો પકરી અંચરવા તાને, મારત નેન બાને. બડા૦ ૧
મેંતો ઘરકે લોકસું આઈ છાને, પરી અબ યાકે પાને. બડા૦ ૨
મોસું કહત આનકી આને, સુને ન કોઉં કાને. બડા૦ ૩
પ્રેમાનંદકો નાથ નહીં માને, કરત હેરાને. બડા૦ ૪

પદ ૨૧૮૪ મું

લંગરવાને મોરો હરવા તોરો; લંગ૦ ટેક.
બેદરદી આહીરવાકો છોરો, હે નિપટ નિઠોરો. હર૦ ૧
મુખ નિરખે જ્યું ચંદ ચકોરો, ઘુંઘટ કરી ચોરો. હર૦ ૨
બડતો બઉત જોબનવાકો જોરો, છકયો નહીં થોરો. હર૦ ૩
પ્રેમાનંદકો જીવનપ્રાણદોરો, એ નંદકિશોરો. હર૦ ૪

---

* "સૈયાં" પાઠાન્તર છે.

પદ ૨૧૮૫ મું–રાગ દાદરા

દોઉં ઠાડે કુંવર ઉબિર થોરી; દોઉં૦ ટેક.
એક સાંવલ એક ગૌર મનોહર, ઇનમેં રાધે તેરી કોન જોરી. દોઉં૦ ૧
ગોરેસે ગાતહેં જેઠ હમારે, હમારે બાલશ્યામ સૈયો મોરી. દોઉં૦ ૨
પુછત સખી બ્રખુભાન પૂરાકી, સમજાવે પ્યારી રાધા ગોરી. દોઉં૦ ૩
પ્રેમાનંદ કહે સખી થકિત ભઈલખી, નિરખે ઠાડી જ્યું ચંદ ચકોરી. દોઉં૦ ૪

પદ ૨૧૮૬ મું

બંસીવારે પ્યારેકી બડી અંખિયાં; બંસી૦ ટેક.
ખંજન મીન મધુપ મૃગછોના, વારી ડારીયે લેઈ સુનો સખિયાં. બંસી૦ ૧
ચાલ ચલત ગજ હંસકી પ્યારો, નેના નિરખી ન પરે પખિયાં. બંસી૦ ૨
કહા બરનું ઉપમા નહીં આવે, કોટિ મદન વારી ફેરી નખિયાં. બંસી૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ રૂપ છટા, નિરખી નિરખી નેનામેં રખિયાં. બંસી૦ ૪

પદ ૨૧૮૭ મું

સબ શોભાકો સાર યેહી જાનો; સબ૦ ટેક.
સાંવરે બરન છબી નટનાગર, નિરખી નિરખી ઉરમેં આનો. સબ૦ ૧
શોભા ધામ કામમદમોચન, ઉઠત રેખ મુખ હે નાનો. સબ૦ ૨
ઉર બનમાલ સુમન છબી અંગ અંગ, પીત બસન કટિપર તાનો. સબ૦ ૩
પ્રેમાનંદકો પ્રભુ બાંસુરી બજાવત, ચોરત હેં ચીત છાનો છાનો. સબ૦ ૪

પદ ૨૧૮૮ મું -

ઇન નેનાકો લાભ યેહી સૈયો; ઇન૦ ટેક.
યેહી શોભા યેહી મૂરત સુંદર, નિરખો નેના ભરી ચીત દૈયો. ઇન૦ ૧
શિવ બ્રહ્માકે ધ્યાન ન આવત, કરત જતન મુનિ બન જૈયો. ઇન૦ ૨
સબકે કારન સબ સુખદાતા, ધરી હે મૂરત અબહી નૈયો. ઇન૦ ૩
સબ સુકૃતકો ફૂલ યહ મૂરત, પ્રેમાનંદકે ઉર બસ ગૈયો. ઇન૦ ૪

પદ ૨૧૮૯ મું–રાગ દાદરા

પિયા મેરા પ્યારા, મોહન મતવાલા; પિયા૦ ટેક.
મોહનલાલકી મોહની મૂરત, ચંચલ નેન વિશાલા. પિયા૦ ૧

ચાલ ચલત કલહંસકી સુંદર, કર ગહી રેશમી રુમાલા. પિયા૦ ૨
હંસત હંસત આવત મન ભાવત, ગાવત તાન દેત તાલા. પિયા૦ ૩
પ્રેમાનંદકો નાથ મનોહર, ગોપીવર ગોપાલા. પિયા૦ ૪

પદ ૨૧૯૦ મું

જીયા મેરા આંકા, મેવાસી કહાના; જીયા૦ ટેક.
બંસીમેં સબ બ્રજ બસ કીનો, નંદગામ બરસાના. જીયા૦ ૧
જમુના પેઠી કાલીનાગ નાથ્યો, દાવાનલ કીયો પાના. જીયા૦ ૨
નખપર લે ગોવરધન ધાર્યો, મઘવાકો હર્યો માના. જીયા૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ કુંવરપર, તન મન ધન કુરબાના. જીયા૦ ૪

પદ ૨૧૯૧ મું

જીયા મેરા જાદુ લગાય બસ કીના; જીયા૦ ટેક.
પાનનકી પુડીયામેં પ્યારે, કા' જાનું કછુ દીના. જીયા૦ ૧
મનમોહનાને મનવા મેરો, હંસ હંસકે હર લીના. જીયા૦ ૨
તરુન તિયા મન પ્રાન હરનકું, પરમ ચતુર પરબીના. જીયા૦ ૩
પ્રેમાનંદને જાદુગારેકું, અંતરમેં લખ લીના. જીયા૦ ૪

પદ ૨૧૯૨ મું

જરા ચીરેવાલે મેરી ઓર હેરિયે; જરા૦ ટેક.
નેક નજર ભર હેરી હરિ મેરે, સિર કરપંકજ ફેરિયે. જરા૦ ૧
બની ઠનીકે બહુનામી મેરે, નેક નેના આગે ઠેરિયે. જરા૦ ૨
ગજરા હાર ગુલાબી બાજુ, પ્રીત કરી ભલા પેરિયે. જરા૦ ૩
પ્રેમાનંદ પરમ સુખ પાયો, કમલનયન કીપા તેરિયે. જરા૦ ૪

પદ ૨૧૯૩ મું–રાગ દાદરા

યા બન બંસી બજાઈ ઘનસ્યામ, હો ગુંયાં મોરી; યા બ૦ ટેક.
બંસી બજાયકે ટોના કીનો, લીનો ચીતવા ચોરી સ્યામ. હો ગું૦ ૧
બાંસુરી પાંસુરી છેદ ગઈ હે, ડાર્યો કરેજવા કોરી સ્યામ. હો ગું૦ ૨
બિરહા સંતાવે નિંદ ન આવે, હો ગઈ મેં તો બૌરી* સ્યામ. હો ગું૦ ૩
પ્રેમાનંદ ઘનસ્યામ મીલનકી, તનમેં પરી કામરોરી સ્યામ. હો ગું૦ ૪

---

* "બાવરી." પાઠાન્તર છે.

પદ ૨૧૯૪ મું

બંસી બજાય બસ કીનો રામ, હો જીયરા મોરા; બંસી૦ ટેક.
કોન મંત્ર પઢ ફુંક બજાઈ, આહિરવાકો છોરા રામ. હો જી૦ ૧
સુન સુનકે સબ સખી ઉઠ ધાઈ, બ્રંદાબનકી ઓરા રામ. હો જી૦ ૨
શરદ પુનમકા રેન સલોની, પ્રફુલીત ચંદ ચીત ચોરા રામ. હો જી૦ ૩
પ્રેમાનંદ કે' પ્રભુ રાસ રચ્યો હે, નવધન નંદકિશોરા રામ. હો જી૦ ૪

પદ ૨૧૯૫ મું

નેહા લગાય મન લીનોરે, હો મોરે દૈયા; નેહા૦ ટેક.
સુરસુતાતટ રાસ રચ્યો હે, બંસીકે બજવૈયા રે. હો મો૦ ૧
મોરમુગટ બનમાલ પીતપટ, લટક ચલત કનૈયા રે. હો મો૦ ૨
એક ગોપી એક શ્યામ મનોહર, નટવર કરે થૈ થૈયા રે. હો મો૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ પિયાપર, તન મન ધન બલજૈયા રે. હો મો૦ ૪

પદ ૨૧૯૬ મું

યા છબી દેખી આનંદ ભયેરે, હો મોરે નેના; યા છ૦ ટેક.
શ્યામ સુંદરકી સાંવરી મૂરત, ચાલ ચલત સુખદેના રે. હો મો૦ ૧
ભાલ વિશાળ લલિત છબી લોચન, દુઃખમોચન મીઠે બેના રે. હો મો૦ ૨
હસની બોલની ચલની ચિતવની, બિસરત નાહીં દિનરેના રે. હો મો૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ લટકપર, વારત કોટિક મેના રે. હો મો૦ ૪

પદ ૨૧૯૭ મું—રાગ દીપચંદી હોરી

ગોકુલકી ગોકુલકી ગ્વાલની બેચન જાત દહિરે દહિ;
આગે ઠાડે આગે ઠાડે મોહન આયકે વાટ મહિરે મહિ. ૧
દધવારી દધવારી આગે આયકે ઠાડી રહીરે રહી;
વે આયે વે આયે મોહન આયકે ઘેર લઈરે લઈ. ૨
તુમ કોન તુમ કોન કહાંકી કહાં તુમ જાત બહીરે બહી;
દધીદાન દધીદાન હમારો જાત ચોરાય સઈરે સઈ. ૩
વે બોલી વે બોલી યા હમ સુની આજ નઈરે નઈ;
જી ન બોલો જી ન બોલો કહાના એસી આજ કઈરે કઈ. ૪

એસી સુની એસી સુની મોહન મટુકી જાય ગહીરે ગહી;
પ્રેમાનંદકે' પ્રેમાનંદકે' હરિકી ભલી આજ બોહની ભઇરે ભઈ. ૫

પદ ૨૧૯૮ મું

છબીલે છબીલે છેલા કાહેકું રાર કરોજું કરો;
બીનું કારજ બીનું કારજ કહાના હમસું આય લરો જું લરો. ૧
યહાં રાજ યહાં રાજ કંસકો નટવર નેક ડરો જું ડરો;
મદમાતે મદમાતે હોયકે યા બ્રજ નાહીં ફરો જું ફરો. ૨
તુમ નાહીં તુમ નાહીં રાજા કંસકું દંડ ભરો જું ભરો;
હોય કંસકી હોય કંસકી રૈયત યા બન ગૈયા ચરો જું ચરો. ૩
એક બોલી એક બોલી મોહન મેરી શીખ ઉર ધરો જું ધરો;
તુમ જાયકે તુમ જાયકે રસિયા રાધાકે પાય પરો જું પરો. ૪
તબ પૈહો તબ પૈહો ગોરસ મીઠો રુચીર ખરો જું ખરો;
પ્રેમાનંદ કે' પ્રેમાનંદ કે' પ્યારે ગોરસ પીકે ઠરો જું ઠરો. ૫

પદ ૨૧૯૯ મું

મતવારી મતવારી ગવારી બોલતી બેન ભલીરે ભલી;
નીત જાતી નીત જાતી ગુજરિયાં દાન ચોરાય ચલીરે ચલી. ૧
બહુતદિનમેં બહુત દિનમેં હેરત આજ અચાનક મલીરે મલી;
જાત સટકી જાત સટકી નીત ઉઠી ઇત ઉત કુંજ ગલીરે ગલી. ૨
લેઉં આજ લેઉં આજ ચુકાયકે સગરો દાન તલીરે તલી;
તબ જાનન તબ જાનન પૈહો શ્રીબ્રખુભાન લલીરે લલી. ૩
તુમ નીત નીત તુમ નીત નીત જાતી ગ્વાલની હમકું છલીરે છલી;
ના બચીહો ના બચીહો આજ દીયે બીના દાન અલીરે અલી. ૪
એક મારું એક મારું લકુટિયા મહી સગરો જઇહેં ઢલીરે ઢલી;
પ્રેમાનંદ કહે પ્રેમાનંદ કહે કોપે હરિ તબ જાત કલીરે કલી. ૫

પદ ૨૨૦૦ મું

બંસીવારે બંસીવારે પ્યારે હમતેં દૂર રહો જું રહો;
કાહેકું કાહેકું અંચરવા આયે હમારો ગહો જું ગહો. ૧

આયકે આયકે હમસું અટપટે બેન કહો જું કહો;
કંસદ્વારે કંસદ્વારે ઠગારે તુરત પકરે જહો જું જહો. ૨
મટુકિયાં મટુકિયાં ન છુવો છેલા લાજ લહો જું લહો;
બીનું કાજ બીનું કાજ હમસું રાર બઢાયે ચહો જું ચહો. ૩
ના છુવો ના છુવો એયાં મુખતેં ગારી ખહો જું ખહો;
તજી લાલચ તજી લાલચ લંગર અપની ગેલ બહો જું બહો. ૪
પરનારી પરનારી નિહારીકે ચીત ઠેકાને ઠહો જું ઠહો;
પ્રેમાનંદ કહે પ્રેમાનંદ કહે પ્યારે મનમથ બાન સહો જું સહો. ૫

પદ ૨૨૦૧ મું–રાગ ધોળ

સખી જોનેરે જાદવરાય સુંદર છેલો ઘનશ્યામ રે; જીવન જોયા લાગ છે૦ ટેક.
સખી શુંરે વખાણું શોભા, નિરખી લાજે કોટિ કામ રે. જી૦ ૧
સખી સુંદરતાનીરે સીમા, વય થોડી તરુણ કિશોર રે; જીવ૦
સખી ચંચળ ચતુર ઘણા, ચિતવણી ચીત ચોર રે. જીવ૦ ૨
સખી ઉદય થઇરે આવી સુંદરતાઈ, અંગ અંગ માઈ રે; જીવ૦
એન જોઇને મોહી રહી, સાગરતનયા લોભાઈ રે. જીવ૦ ૩
એનાં વાલપ ભર્યાંરે વેણા, નેણામાંહીં વરસે નેહ રે; જીવ૦
એને જોઇને સુર નરનારી, ભૂલી જાયે તન મન ગેહ રે. જીવ૦ ૪
એવા સુંદર વર શ્રીનાથજી, નટવરનાગર ચતુર સુજાણ રે; જીવ૦
એની મોહની મૂરતિપર પ્રેમાનંદ, વારે તન મન પ્રાણ રે. જીવ૦ ૫

પદ ૨૨૦૨ મું

સખી રસિક સુંદર રૂપ, જોયા વિના જંપ ન થાયે રે; લોચનિયાં લોભી રહ્યાં૦ ટેક.
શિશ સોહેરે સોનેરી ફેંટો, શોભા કાંઈ કહી નવ જાયે રે. લોચ૦ ૧
સુંદર સુગંધી ફુલાં કેરાં, છોગલાં મેલ્યાં છબીદાર રે; લોચ૦
કર્યું તિલક કેશર કેરું, જોઇને જાઉં બલિહાર રે. લોચ૦ ૨
એના ભાલ વિશાલમાંહી, શોભે રેખા રસ રૂપ રે; લોચ૦
એના વામ શ્રવણમાંઈ, શ્યામ બિંદુ પરમ અનુપ રે. લોચ૦ ૩
એની વાંકીરે ભ્રકુટી જોઈ, થયો સફલ અવતાર રે; લોચ૦
અણિયાળી એની આંખડી, શરદ કમળ અનુસાર રે. લોચ૦ ૪

એના મુખની શોભા જોઈ, લાજે કોટિ પૂરણચંદ રે; લોચ૦
એના ગોળ કપોલપર, પ્રાણ લઈ વારે પ્રેમાનંદ રે. લોચ૦ ૫

પદ ૨૨૦૩ મું

હરિનો કંબુરે સરીખો કંઠ, ઉરમાં શોભે છાપ ચિહ્ન રે; જોઇને જાઉં વારણે૦ ટેક.
એના ઉરમાં આવીને વસી, સાગરતનયા થઈ દીન રે. જોઇ૦ ૧
એના શ્રીતળ ઉદરમાંહી, ત્રિવળી શોભે શોભાધામ રે; જોઇ૦
એની નાભી નલિન જેવી, કટિલંક જોઈ લાજે કામ રે. જોઇ૦ ૨
એના સુંદર સાથળ જોઈ, મોહી મધુપુરની નાર રે; જોઇ૦
એના ઘુંટણ પીંડીપર, વારું રતિપતિ હજાર રે. જોઇ૦ ૩
એના ચરણકમળ જોઈ, મોહ્યા મુનિવર કરી પ્રીત રે; જોઇ૦
ઉર્ધ્વરેખારે તળાંમાંહી, સોહે ચિહ્ન પરમ પુનીત રે. જોઇ૦ ૪
એની ભુજારે લાંબી ને ગોળ, કરવર સુંદર અભય ઉદાર રે; જોઇ૦
પ્રેમાનંદ ભેટી ભુજ ભરી, તન મન વારે વારમવાર રે. જોઇ૦ ૫

પદ ૨૨૦૪ મું

સખી કાંઇક કારણ ખરું, જીવન જાદુગારો જરુર રે;
કાનુડે કામણ કીધલાં૦ ટેક.
મુજને મારીરે નેણુંને બાણે, ઘાયલ કીધી ભરપૂર રે. કાનુડે૦ ૧
એનું વદન જોયા વિના, જંપ નથી દિનરેણ રે; કાનુડે૦
હસીને બોલાવી મુજને હેતમાં, મનડું કીધું મારું મેણ રે. કાનુડે૦ ૨
ભૂધર ભેટયા ભુજ ભરી ભાવશું, ઉરથી ઉતારી દીધો હાર રે; કાનુડે૦
શુંરે જાણું જે મુને શું કર્યું, મોહન દેખાણા માંહી બા'ર રે. કાનુડે૦ ૩
ફટકી ગયુંરે કાલજ મારું, કાંઈ નવ સુઝે ઘરનું કામ રે; કાનુડે૦
ઘરમાં ફરું ઘેલી જેવી, દીઠા વીના સુંદર શ્યામ રે. કાનુડે૦ ૪
આણી મેળવો કોઈ કહાનને, એ વીના જીવડલો અકળાયે રે; કાનુડે૦
જીવન જોઇનેરે નેણાં ભરી, પ્રેમાનંદ વારી જાયે રે. કાનુડે૦ ૫

પદ ૨૨૦૫ મું–રાગ ધોળ વિવાહનો ઢાળ

જોયા જેવારે કેસરિયો વર કહાનજી, શોભે શામળિયો શિરદાર રે;
જોઇને જાઉં વારણે૦ ટેક.
વહાલો ઉભારે આવીને મારે આંગણે, સજી શોભિતા શણગાર રે. જોઇ૦ ૧

વહાલે વાઘોરે પેહેર્યો કીનખાબનો, માથે રેંટો સોનેરી છબીદાર રે; જોઇ૦
કર્યું તિલક કેશર કેરું ભાલમાં, કાને કુંડલ મકરાકાર રે. જોઇ૦ ૨
ઉર ઉતરી અનોપમ હેમની, બાંયે બાજુ તે રતન જડાવ રે; જોઇ૦
કડાં વેઢ વિંટી ને સોના સાંકલા, સરવે સોનેરી શિરપાવ રે. જોઇ૦ ૩
કેડે રેંટો બાંધ્યોરે રળિયામણો, પેહેર્યો સોનેરી સુરવાલ રે; જોઇ૦
ચરણે મોજડી પેહેરીરે મોતીયે જડી, પ્રેમાનંદને જોયાનો
આવ્યો તાલ રે. જોઇ૦ ૪

પદ ૨૨૦૬ હું

મારાં નેણાં લોભાણાં જોઈ નાથને, મારું ચીતડું ચોરાણું જોઈ ચાલ રે;
ડોલરિયો આવે ડોલતા૦ ટેક૦
એની આંખડી કમળ કેરી પાંખડી, એનું શોભે છે સુંદર ભાલ રે. ડોલ૦ ૧
એનું હસતું વદન જોઇને મોહી, સરવે ગોકુલ ગામની નાર રે; ડોલ૦
એના કરણ કપોલ કંઠ જોઇને, મોહી રહ્યા મુનિવર અપાર રે. ડોલ૦ ૨
એના ઉરની શોભા જોઇને મોહી, કીધો કમળાયે ઉરમાં નિવાસ રે; ડોલ૦
અતિ ચપળ ચંચલતા તજી કરી, થઈ રહી છે ચરણની દાસ રે. ડોલ૦ ૩
એનું ઉદર કોમળ સુંદર શોભતું, માંહીં ત્રિવળી પડે છે અનૂપ રે; ડોલ૦
એની કમળ સરિખી નાભી ગોળ છે, પ્રેમાનંદને પરમ સુખરૂપ રે. ડોલ૦ ૪

પદ ૨૨૦૭ મું

સખી શુંરે વખાણું શોભા સ્યામની, એકરસનાયે કહી નવ જાયે રે;
જીવન જોયા લાગ છે૦ ટેક૦
શેષ શારદ નારદ ને નિગમ મળી, એનું વરણન કરતાં લજાયે રે. જીવ૦ ૧
એના કટિલંક કેસરીના જેવો, એના સાથળ શોભાધામ રે; જીવ૦
એના ઘુંઠણ પીંડીને પાની નિરખતાં, નવ વ્યાપે ક્રોધ ને કામ રે. જીવ૦ ૨
મોટા મુનિવરનારે મન લોભતાં, એના જુગલ ચરણની જોડ રે; જીવ૦
સોળે ચિહ્ન સહિત તળાં શોભતાં, નીજજનના પૂરે સરવે કોડ રે. જીવ૦ ૩
એના ભુજદંડની શોભા શી કહું, નિરખીને નેણા હરખાયે રે; જીવ૦
કરિકરને શેષ વારું વારણે, પ્રેમાનંદ નિરખી રાજી થાયે રે. જીવ૦ ૪

પદ ૨૨૦૮ મું

મારાં પુન્ય ઉદે થયાં પાછલા, મુને પ્રગટ મળ્યા ભગવંન રે;
સુંદર વર શ્રીહરિ૦ ટેક.
જેના દરશન દુર્લ્લભ દેવને, મોટા મુનિવર ધરે નિત્ય ધ્યાન રે. સુંદ૦ ૧
જેના શિવરે બ્રહ્મા પૂજે પાવલાં, શેષ શારદ નિગમ ગુણ ગાય રે; સુંદ૦
એવા અખિલભુવનના અધિપતિ, પુરુષોત્તમ પરબ્રહ્મરાય રે. સુંદ૦ ૨
માયા કાળ કરમના પ્રેરક પોતે, ક્ષર અક્ષરના આતમારામ રે; સુંદ૦
કૃપા કરીને ભૂતલે તે પધારિયા, કરવા પતિતોને પૂરણકામ રે. સુંદ૦ ૩
આવ્યા પ્રગટ પ્રતાપ દેખાડવા, ઉતારવા ભોમીનો ભાર રે; સુંદ૦
રુડા ધરમ ધરાપર થાપવા, દેવા પ્રેમાનંદને સુખ અપાર રે. સુંદ૦ ૪

પદ ૨૨૦૯ મું-રાગ ધોળ

અથ લોયાની લીલાના પદ લિખ્યતે

મોહનને ગમવાને ઇચ્છો માનંની. એ ઢાળ છે.

સાંભળ સજની લીલા પુરુષોત્તમતણી;
એક સમાની સંભળાવું અતિ સાર જો. સાંભળ૦ ટેક.
શુક સનકાદિક ભવ બ્રહ્મા વાંસે ફરે;
જોવા ને સાંભળવાનો ઘણો પ્યાર જો. સાંભળ૦ ૧
ધર્મકુંવર પ્રગટ થઇને પધારિયા;
પુરવથી પશ્ચિમમાં પૂરણ ચંદ જો.
ગુર્જર સોરઠ કંક દેશ બહુ વિચર્યા;
અક્ષરપતિ સંગ લઈ મુક્ત મુનિના વૃંદ જો. સાંભળ૦ ૨
કંક દેશમાં અતિ પાવન એક પુર છે;
દુર્ગનગર શુભ ઉન્મત્ત સરિતા તીર જો.
કુલ સહિત પુરપતિ શ્રીહરિનો દાસ છે;
અભયાત્મજ ઉત્તમ નૃપતિ મહાધીર જો. સાંભળ૦ ૩
ત્યાં રહીને શ્રીહરિએ બહુ લીલા કરી;
કેહેતાં સાંભળતાં શેષ ન પામે પાર જો.

પ્રેમાનંદ કહે આસપાસનાં ગામમાં;
રહીને પાવન કીધાં બહુ નરનાર જો. સાંભળ૦ ૪

પદ ૨૨૧૦ મું

સાંભળ સજની નામ કહું તે ગામનાં;
બોટાદને કારિયાણી સારંગપુર જો. સાંભળ૦ ટેક.
ઝીંઝાવદર ને કુંડલ નાગડકું સહી;
સુંદરિયાણું લોયા પતિ નૃપ સૂર જો. સાંભળ૦ ૧
એ આદિક જે ગામમાં રહીને નાથજી;
લીલા કરી તે કોઇથી નવ કહેવાય જો.
શેષ શારદ કવિ કોટિક તે થાકે લખી;
પાર ન પામે અનંત જનમ વહી જાય જો. સાંભળ૦
લવ માત્ર લીલા કહું હું લોયા ગામની;
રહ્યા નિરંતર માસ બે સુધી ત્યાંય જો.
સહસ્રાવધિ સાથે મુનિ મુક્ત હરિજન;
જમે જમાડે સ્વામી મુનિ દ્વિજ રાય જો. સાંભળ૦ ૩
નિજ હાથે નિત્ય શાક કરી વંતાકના;
મુનિવર સારું મોહન આનંદકંદ જો.
પોતે પીરસે પુરુષોત્તમ કરી પ્રીતશું;
જમે ને નિરખી હરખે પ્રેમાનંદ જો.* સાંભળ૦ ૪

પદ ૨૨૧૧ મું

વળી વખાણું શાકોત્સવ લીલા કરી;
નયણે નિરખ્યા કરતાં સુંદર શાક જો. વળી૦ ટેક.
દ્વાદશ મણુ એકાક્ષર† તો વઘારમાં;
જોવા આવ્યા શિવ બ્રહ્મા તજી નાક જો. વળી૦ ૧

---

* "જમે ને નિરખે હરખી પ્રેમાનંદ જો" પાઠાન્તર છે. † ઘી.

ચીરીઓ ચાર સુધારીને વંતાકની;
મેલે મોટા ભાંડમાંહિ ભગવાન જો.
લવણુ મશાલો હલદી મરચાં માવજી;
નિજ હાથે લઈ નાંખે કૃપાનિધાન જો. વળી૦
હલદીવાળા હાથ લુ'વે નીજ ધોતીએ;
શોભે સુંદર પીળે પટ પરિબ્રહ્મ જો.
અક્ષરપર પુરુષોત્તમજીએ નરવપુ ધર્યું;
જાણે મોટા મુનિ એકાંતિક મર્મ જો. વળી૦ ૩
શું વર્ણવું એ શાકતણાં સવાદને;
રમા રાધિકા તે ડોલાવે શિશ જો.
ભવ બ્રહ્મા સુરને તો સ્વપ્ને નવ મળે;
પ્રેમાનંદને પીરસે નિત્ય જગદીશ જો. વળી૦ ૪

પદ ૨૨૧૨ મું

જમે જીવનજી શાક કરેલ નિજ હાથનું;
સુંદર ઝીણી રોટલિયું રસ રૂપ જો; જમે૦ ટેક.
વખાણી વખાણીને આપે શ્રીહરિ;
પાસે બેઠા નિજજન મુનિ અનૂપ જો. જમે૦ ૧
શાક પાક બીજા અનંત ભાતનાં થાળમાં;
ખટરસ ભોજન ચાર પ્રકાર કહેવાય જો.
ભક્ષ્ય ભોજ્ય ને લેહ્ય ચોસ્ય જમે હરિ;
નિરખી નિરખી નેણાં શિતળ થાય જો. જમે૦ ૨
જમી ચળુ કરી મુખવાસ લઇને નાથજી;
કટિ બાંધે કસી આડસોડે લઈ ખેસ જો.
પીરશે શાક પંગતમાં અતિ પ્રીત કરી;
મુનિવરને હરિજનને નટવર વેશ જો. જમે૦ ૩
આનંદ રસ એમ નિત્ય વરસે શ્રીનાથજી;
નિજજનને સુખ આપે આનંદકંદ જો.

અતિ અઘહારી ચરિત્ર કરે નિત્ય નિત્ય નવાં;
નિરખીને જાયે વારી પ્રેમાનંદ જો. જમે૦ ૪

પદ ૨૨૧૩ મું

ધન્ય ધન્ય શું વર્ણવું ભાગ્ય લોયાતણા; ધન્ય૦ ટેક.
ધન્ય નરનારી ધન્ય નૃપ સુરો ભક્ત જો. ધન્ય૦ ૧
પરમ પુરુષ શ્રીનારાયણ નિત્ય રમે જમે;
લોયામાં શ્રીભક્તિધર્મકુમાર જો.
નિજજનને ઘર આંગણ જાઈ પગલાં ધરે;
દરશન દેવા પ્રીતે પ્રાણ આધાર જો. ધન્ય૦ ૨
એક સમે લોયામાં ચંદ્રગ્રહણ થયું;
ભદ્રાવતી નદી ન્હાવા પધાર્યા નાથ જો.
અશ્વને શકટ જોડાવી શ્રીહરિ નિસર્યા;
મુનિવરને હરિજન સહુ લઇને સાથ જો. ધન્ય૦ ૩
શરદ રુતુમાં શીતતણું જોર અતિ ઘણું;
મુનિવર શ્રીહરિ નાહીને તાપ્યા તાપ જો.
પ્રેમાનંદ કહે નાહીને પ્રભુજી પધારિયા;
ગાજતે વાજતે અખિલલોકપતિ આપ જો. ધન્ય૦ ૪

પદ ૨૨૧૪ મું

વળી વખાણું લીલા લોયા ગામની;
સુણતાં શ્રવણે પાતક પ્રલે થાય જો. વળી૦ ટેક.
દુર્લભ છે સુરપુરવાસી નરનારને;
વ્યાસ વિરંચી શુક નારદ નિત્ય ગાયે જો. વળી૦ ૧
શ્રીહરિના બંધુ બે આવી ત્યાં મળ્યા;
રામપ્રતાપ ને નાના ઇચ્છારામ જો.
ખબર સુણી અતિ હરખે આવ્યા દેશથી;
ઘણેક કાળે ભેટ્યા સુંદરશ્યામ જો. વળી૦ ૨

લોચન ભરી નિરખ્યા અઘમોચન નાથને;
જેમ અતિ પ્રીતે નિરખે ચંદ ચકોર જો.
ઓળખે ચિહ્ન એધાણી સરવે અંગમાં;
બાળાપણુમાં દીઠાં હતાં જે મોર જો. વળી૦ ૩
એમ લોયામાં રહીને બહુ લીલા કરી;
શેષાદિક કવિ કોટિ ન પામે પાર જો.
એક રસનાએ અલ્પ કવિ* શું દાખવે;
મન ક્રમ વચને પ્રેમાનંદ બલિહાર જો. વળી૦ ૪

પદ ૨૨૧૫ મું–રાગ ધોળ. વિવાહનો ઢાળ છે

નિરખી નૌતમ નાથને, નેણા ઠરિયાં;
રસિયો રૂપનિધાન, નેણા ઠરિયાં. ટેક.
શોભે ગોઠીડાના સાથમાં, નેણા ઠરિયાં;
ભુધર ભીનલે વાન, નેણા ઠરિયાં. ૧
માથડે મોળિયું હેમનું, નેણા ઠરિયાં;
કેશર તિલક ભાલ, નેણા ઠરિયાં.
હસવું ભરેલ પ્રેમનું, નેણા ઠરિયાં;
જોયા જેવી ચાલ, નેણા ઠરિયાં. ૨
કલંગી બિરાજે વાંકડી, નેણા ઠરિયાં;
બાંધણી આંટાદાર, નેણા ઠરિયાં.
આંખડી કમળ કેરી પાંખડી, નેણા ઠરિયાં;
કુંડલ મકરાકાર, નેણા ઠરિયાં. ૩
નાસા નમણી શોભતી, નેણા ઠરિયાં;
ભ્રકુટી કામ કમાણ, નેણા ઠરિયાં.
ચિતવની ચીત લોભતી, નેણા ઠરિયાં;
વારું વદનપર પ્રાણ, નેણા ઠરિયાં. ૪
વામ શ્રવણમાં શ્યામ છે, નેણા ઠરિયાં;
તીલ એક અતિ છબીદાર, નેણા ઠરિયાં.

---

* "મતિ" પાઠાન્તર છે.

ગોલ કપોલમાં તીલ છે, નેણા ઠરિયાં;
જમણી કોરે સાર, નેણા ઠરિયાં. ૫
મૂરતિ સદા સુખકંદની, નેણા ઠરિયાં;
ઉરમાં રહો રંગરેલ, નેણા ઠરિયાં.
વિનતિ પ્રેમાનંદની, નેણા ઠરિયાં;
સાંભળો રંગછેલ, નેણા ઠરિયાં. ૬

પદ ૨૨૧૬ મું

આંખડી અટકી રૂપમાં, અમાણુલી રાજ;
હૈડે હરખ ન માય, અમાણુલી રાજ. ટેક.
લોભાણી મુનિ ભૂપમાં, અમાણુલી રાજ;
નિરખી ત્રપત ન થાય, અમાણુલી રાજ. ૧
અવિલોકી શોભાસુરને, અમાણુલી રાજ;
સુંદર સરલે હાથ, અમાણુલી રાજ.
જોઈ જોબનપૂરને, અમાણુલી રાજ;
નવલ મનોહર નાથ, અમાણુલી રાજ. ૨
કેશર ભીનો કહાનજી, અમાણુલી રાજ;
ડોલરિયો દિવાન, અમાણુલી રાજ.
ભુલી હું તન ભાનજી, અમાણુલી રાજ;
જોઈ જીવન પ્રાણ, અમાણુલી રાજ. ૩
બાજુ કાજુ બાંધિયા, અમાણુલી રાજ;
ઉર ઉતરીયું અનુપ, અમાણુલી રાજ.
નેણ સાથે નેણ સાંધિયાં, અમાણુલી રાજ;
ભૂપને શિર ભૂપ, અમાણુલી રાજ. ૪
કનક કડાં બેઉ કરમાં, અમાણુલી રાજ;
પોંચી નંગ જડાવ, અમાણુલી રાજ.
કામ ન સુઝે ઘરમાં, અમાણુલી રાજ;
જોઈ નટવર નાવ, અમાણુલી રાજ. ૫

મળવા મોહન કારણે, અમાણુલી રાજ;
હેડું હાલકલોલ, અમાણુલી રાજ.
પ્રેમાનંદ જાયે વારણે, અમાણુલી રાજ;
દીધો મુખથી તંબોલ, અમાણુલી રાજ. ૬

પદ ૨૨૧૭ મું

લાવણ્યતા જોઈ લાજીયા, માણીગરની;
રતિપતિ કામ કરોડ, માણીગરની. ટેક.
ઓસરીએ બિરાજીયા, માણીગરની;
રાજેન્દ્ર રણછોડ, માણીગરની. ૧
મુખ મરકલડો જોઇને, માણીગરની;
મોહ્યા સુરમુનિ ભૂપ, માણીગરની.
ચતુરે લીધું ચીત પ્રોઇને, માણીગરની;
નેણ નજારો અનુપ, માણીગરની. ૨
આંખડીયું અમૃત ઝરે, માણીગરની;
વરસે વદન જાણે ફુલ, માણીગરની.
સંભારતાં શાંતી કરે, માણીગરની;
બોલણી મધુરી અમૂલ્ય, માણીગરની. ૩
કુંદકળી દશનાવળી, માણીગરની;
અધરબિંબ અતિ સાર, માણીગરની.
હેતે હું હરિને મળી, માણીગરની;
પૂરણ વાધલ પ્યાર, માણીગરની. ૪
હરિત્ સુંડ સમ શોભતી, માણીગરની;
ભુજા જુગલ અભિરામ, માણીગરની.
મુનિવરનાં મન લોભતી, માણીગરની;
પ્રેમી પૂરણકામ, માણીગરની. ૫
છાતી ઉપડતી શ્યામની, માણીગરની;
ત્રિવળી ઉદર માંહ્યે, માણીગરની.

કટિલંક જોઈ મોહી કામની, માણીગરની;
પ્રેમાનંદ વારી જાયે, માણીગરની. ૬

પદ ૨૨૧૮ મું

ચટ ચટ વાજે ચાંખડી, ડોલરિયાની;
આવે માણીગર ઘેર, ડોલરિયાની. ટેક.
બાંધિલ ભુજ બેઉ રાખડી, ડોલરિયાની;
મોતીડે લટ વેર, ડોલરિયાની. ૧
વહાલી લાગે વાતડી, ડોલરિયાની;
સાંભળતાં સુખ થાયે, ડોલરિયાની.
નિરખી હરખે છાતડી, ડોલરિયાની;
પરસે પાતક જાયે, ડોલરિયાની. ૨
કુરંગ નેણે કોરાંખતા,* ડોલરિયાની;
આવીને ઉભલા બાર, ડોલરિયાની.
મુજપર નેણાં નાંખતા, ડોલરિયાની;
કોડીલો ધર્મકુમાર, ડોલરિયાની. ૩
પૂજ્યા પ્રિતમ પ્રોતશું, ડોલરિયાની;
દૂધડે પખાળ્યા પાવ, ડોલરિયાની.
ચંદન ચરચ્યાં રીતશું, ડોલરિયાની;
ફુલડે કીધા ગરકાવ, ડોલરિયાની. ૪
જમાડ્યા જગદીશને, ડોલરિયાની;
ભોજનિયાં બહુ ભાંત, ડોલરિયાની.
હરખે ભેટી ઇશને, ડોલરિયાની;
દુઃખડાં લીધાં કરી ખાંત, ડોલરિયાની. ૫
જામા પેહેરાવ્યા જરકસી, ડોલરિયાની;
ઓઢ્યો ઉપરણો અનુપ, ડોલરિયાની.

---

* કુરંગ નેણે ખુણેથી જોતાં જોતાં બારણે આવીને ઉભા રહીને હોંશીલા ધર્મકુમાર મ્હારા ઉપર નેણુ બાણુ નાંખતા હતા.

પ્રેમાનંદને ઉર વસી, ડોલારયાની;
મૂરતિ રસિક રસ રૂપ, ડોલરિયાની. ૬

પદ ૨૨૧૯ મું-રાગ નાયકી

કજરવા મત દે (૨) તેરે તીખે નેના નાગરી; કજ૦ ટેક.
મોહે લીયો મનમોહનવા સુંદર નેનમેં,
હસની બોલની મીઠી કહા કહું તું રૂપકી ઉજાગરી. કજ૦ ૧
ત્રિભુવનકી સીમી ટાળકે આની સુંદરતા;
રચિરી વિધિના તોહે પ્યારી તું તો સબ સુખસાગરી. કજ૦ ૨
અખિલભુવનપતિ સાંવરો તેરો પિયરવા;
પ્રેમાનંદ જાત બલી અલી તેરો અંખડ સોહાગરી. કજ૦ ૩

પદ ૨૨૨૦

જોબનવા તેરોરે (૨), મોહન પિયા કારને; જોબ૦ ટેક.
તન જોબન મન શીલ સ્વભાવ સકલ સુંદરતા;
સાંવરી સુરતપર માધુરી મૂરતપર વારને. જોબ૦ ૧
મનહરની ચંપકતનબરની, મદનગોપાલલાલ બસકરની;
પ્રીત સહિત પ્યારી પિયાકી મૂરત ઉર ધારને. જોબ૦ ૨
જાય મનાય લગાય કંઠ અપનો બાલમવા;
પ્રેમાનંદ કહે પ્યારી માનરિપુકું મારને. જોબ૦ ૩

પદ ૨૨૨૧ મું

દ્રગન છબી તેરી (૨), અબ કહીહ ન જાયે; દ્રગ૦ ટેક.
ભ્રકુટિ કુટિલ કટાક્ષ મનોહર, અતિ રસ રૂપ ચપળ નેનનપર;
નલિન અલિગન ખંજન મીન વારું ફેરી. દ્રગ૦ ૧
વિધુવદની ચંપકતનબરની, મદનમોહનલાલન બસકરની;
મૃગનયની રાધે તો જેસી ન કઉ હેરી. દ્રગ૦ ૨
ગજગવની સુંદર છબી ભવની, રસનિધાન રાધે રસરવની;
પ્રેમાનંદ જાત બલી પિયા બસમેં કર લેરી. દ્રગ૦ ૩

પદ ૨૨૨૨ મું

ચરન ધર ધીરે (૨) પ્યારી બાજે તેરી ઝાંઝરી; ચર૦ ટેક.
તજ મંજીર ચીર રંગ નીલે, પહીર પ્યારી સુંદર સુખશીલે;
કોઉ ન લખે મગ ચાલત સુભગ શરીરે. ચર૦ ૧
ચમકત નેન દશન દ્યુતિ દમકત, માનું દામિની ઘનબીના જ્યું ચમકત;
ઉડત ઘુંઘટ પટ શિતલ મંદ સમીરે. ચર૦ ૨
અતિ આતુર મોહન મગ હેરત, તેરે નામકી માળા ફેરત;
પ્રેમાનંદ કહે પિયા ઠાડે સુરસુતાકે તીરે. ચર૦ ૩

પદ ૨૨૨૩ મું–રાગ માલીગાડો

ઉભોરે અલબેલો વહાલો જીવન જમુના તીરે રે;
સુંદર મોરલી અધર ધરીને વાયે છે ધીરે ધીરે રે.* ઉભો૦ ૧
રસિયો વાયે રસાળી વંશી મધુરે સ્વર ગંભીરે રે;
સુણુતાં સુધબુધ વિસરી સજની પ્રાણ હર્યા બલવીરે રે. ઉભો૦ ૨
મોરલીમાં માલીગાડો ગાયો સુંદર શ્યામ શરીરે રે;
વ્રજનારી નટવરને મળવા વ્યાકુળ વ્રહની પીરે રે. ઉભો૦ ૩
માનુની થઈ છે મદનરસ ઘેલી નેત્ર વહે છે નીરે રે;
પ્રેમાનંદ કહે પરવશ કીધી મોહનલાલ આહીરે રે. ઉભો૦ ૪

પદ ૨૨૨૪ મું

શોભેરે શામળિયો વહાલો કેશવ કુંજવિહારી રે;
મોરમુગટ પીતાંબર મોરલી કુંડળ મકરાકારી રે. શોભે૦ ૧
વનમાળી વનધાતુ વિચિત્રિત શ્યામ વરણુ ગિરિધારી રે;
ચંદન રાગ ગુંજા મણિ ભૂખણુ જોઇને મોહી વ્રજનારી રે. શોભે૦ ૨
વ્રજવલ્લભ વનમાંથી આવે ગોવિંદ ગાયું ચારી રે;
મોરલીમાં ગાવે ને પ્રીતિ ઉપજાવે સુંદર વર સુખકારી રે. શોભે૦ ૩
જોવા સારું વ્રજની નારી બેઠી ગોખ અટારી રે;
પ્રેમાનંદના નાથને નિરખી તન મન ધન જાય વારી રે. શોભે૦ ૪

---

* "ધીર ધીરે રે" પાઠાન્તર છે.

પદ ૨૨૨૫ મું

લીધુંરે મન મારું સજની વહાલે વેણુ વજાઇને રે;
ગીરધરજીએ ઘેલી મને કીધી તાન મનોહર ગાઇને રે. લીધું૰ ૧
શેરડીએ સામા મને મળીયા હસતા હેતે બોલાઇને રે;
પુછી વાત પ્રેમની સજની શામળિયે કર સાઇને રે. લીધું૰ ૨
મુખમાંથી બીડી મને દીધી મળ્યા મોહન હરખાઇને રે;
પ્રેમે મગન કીધી રંગભીને અધર સુધારસ પાઇને રે. લીધું૰ ૩
રસબસ કીધી ને વશ કરી લીધી રસ રીતે રીઝાઇને રે;
પ્રેમાનંદ કહે મગન કરી દીધી વનમાળા પેહેરાઇને રે. લીધું૰ ૪

પદ ૨૨૨૬ મું

શી કહુંરે શોભા સાહેલી શામળિયા ગીરધરની રે;
શેષ સહસ્ર મુખ કહેરે નિરંતર તોયે નવ જાય છબી બરની રે. શી૰ ૧
જોને આંટાદાર અલૌકિક પાઘ બની શિરપરની રે;
તેમાં તોરા લટકે નૌતમ આડ કરી કેશરની રે. શી૰ ૨
ચંદનખોર કરી અલબેલે અતિ સુંદર મનહરની રે;
પેહેર્યા હાર બાજુબંધ બાંધ્યાં બલિહારી બેઉ કરની રે. શી૰ ૩
દેવત્રિયા મોહી છબી જોઈ નંદકુંવર નટવરની રે;
પ્રેમાનંદ વારે છબી ઉપર કોટિ શશિ કોટિ તરની રે. શી૰ ૪

પદ ૨૨૨૭ મું–રાગ રેખતા

જમુનાકે તીર ઠાડો નંદલાલ બંસીવારો;
ચિતવતહિં ચીત મોહે, બાંકે નેનકો નજારો. જમુ૰ ટેક.
જલ ભરન ગઇથી જમુના, શિરતે ઉધાડો* ઉતારો;
ઘુંઘટકી ઓટ ખોલી દેખ્યો મેં કહાન કારો. જમુ૰ ૧
ચંદનકી ખોર કીને, શિર મોરમુગટ ધારો;
પટપીત હાથ મોરલી લીએ નંદકો દુલારો. જમુ૰ ૨

---

* પાણીના બેડાં બે કે વધારે માથા ઉપર પાણિયારી લે છે તેને "ઉધાડો" અથવા "ઉધાણી" કહે છે.

આછી બજાવે બાંસુરી, ગાવે જ્યું તાન પ્યારો;
મધુરીસી મીઠી બોલની મેરા મનકું બેંધી* ડારો. જમુ૦ ૩
ચંચળ વિલાસ નેના મનમથકો માન ગારો;
પ્રેમાનંદ કે' ચીતઉંતે હોન ન દેઉં ન્યારો. જમુ૦ ૪

પદ ૨૨૨૮ મું

ઠાડો કદમકી છૈયાં બ્રજરાજકો કનૈયા;
કહા કહું સલોને રૂપકી, કછુ જાત નાહીં કૈયાં. ઠાડો૦ ટેક.
પગિયાં અનુપ ભાગપેં અનુરાગસું બનૈયાં;
કેશરકે તિલક શોભા ત્રિભુવનકી છીન લૈયાં. ઠાડો૦ ૧
કુંડલકી ઝળક સોહે સુકપોલનીમેં ઝૈયાં;
એ જ્યું મીન માનું સરવર તજી મીલનહે એયાં. ઠાડો૦ ૨
ભ્રકુટિ બંક ચપલ નેન ચિતવની ચીતૈયાં;
મૃગ મીન નલિન ખંજન છબી દેખકે લજૈયાં. ઠાડો૦ ૩
ઝુકી રહ્યો તકી નાસાશુક અધરબિંબ પૈયાં;
છબી દેખી પ્રેમાનંદ મગન પરત ચરન મૈયાં. ઠાડો૦ ૪

પદ ૨૨૨૯ મું

ઇન સાંવરે ગુમાની મોયે કીની હે દિવાની;
નેનનકી સેનઉંમેં મેરા મનકું લીનો તાની. ઇન૦ ટેક.
જમુના ગઇથી આલી ભરવેકું હું જો પાની;
આયેવે શ્યામ કુંજતે અકેલી મોયે જાની. ઇન૦ ૧
ઘનશ્યામ સુંદર છેલો બોલે જો મીઠી બાની;
હસની ચિતવની ચલની મોરે મનકે બીચ માની. ઇન૦ ૨
અંખિયાં ભઈ ઉતાવરી છબી દેખકે લોભાની;
મોરી બાંહ દાહની સો મીલબેકું ફરકાની. ઇન૦ ૩
વેતો ચતુર આતુર સુનહે સખી સયાની;
પ્રેમાનંદકો નાથ મીલકે કીની હે ઉર નિશાની. ઇન૦ ૪

---

* "બાંધી ડારો" "વિંધી ડારો" સંભવે છે.

પદ ૨૨૩૦ મું

દેખોરી આલી શોભા બને કુંજકે બિહારી;
મનોજ તરુન કોટિક છબીપેં જાત વારી. દેખો૦ ટેક.
ચંચલ બિશાલ નેનમેં સખી દેખરી ખુમારી;
છીન લીન શરદ પંકજકી સુન્દરતા સારી. દેખો૦ ૧
નવિન જલકી દ્યુતિ છીન લીન ગિરિધારી;
દેખરી આકાશ સોહત માનું જેસી ઝુંડી થારી. દેખો૦ ૨
ઉર ઉતંગ ભુજ અજાન નલિન નાભી પ્યારી;
છીન લઈ ગતિ કલહંસકી ગયે માનસર બિચારી. દેખો૦ ૩
વ્રજકી વધુ વિલોકે છબી બેઠીકે અટારી;
પ્રેમાનંદકો નાથ આવત ધનશ્યામ આનંદકારી. દેખો૦ ૪

પદ ૨૨૩૧ મું–રાગ રેખતા

સાચી કહોને શ્યામ રેન કહાં જાગે વે; સાચી૦ ટેક.
છેલ સુંદર ઉર બીચ નખ કહાં લાગે વે. સાચી૦ ૧
અધર અંજન કપોલનપર પીક દાગે વે;
શ્રમ જલ કણભર શરીર છબી અથાગે વે. સાચી૦ ૨
આલસ ભરેહો શ્યામ શિથિલ પેચ પાગે વે;
મદ ભરે દોઉ ઢરત નેન નિંદ આગે વે. સાચી૦ ૩
અંગ અંગપર કોટિ અનંગ વારી ત્યાગે વે;
એ છબી ઉર રહો પ્રેમાનંદ માગે વે. સાચી૦ ૪

પદ ૨૨૩૨ મું

સત્ય કહોને શ્યામ રેન કહાં બિહાની વે; સત્ય૦ ટેક.
મદન કદન કલાંત કહાન બોલત બાની વે. સત્ય૦ ૧
રેન કેઉ નિંદે* નેનમેં નિસાની વે;
રસભરી રતનારી રેખે શિથિલ ઠાની વે. સત્ય૦ ૨

---

* "રેન કેઉ ન નિંદે" એમ પાઠાન્તર છે. જ્યારે લખેલી પ્રતમાં "રેનકે ઉનિંદે" પણ વંચાય છે જેનો અર્થ મ્હારા એક મિત્રના કહેવા પ્રમાણે "રાત્રિના જાગરણની" થાય છે.

અધર મલીન અંજન મંદ મુસકાની વે;
પરિરંભણુ નખક્ષતકી નિશાની જાની વે. સત્ય૦ ૩
અંગ અંગ શિથિલ શ્રમિત સારંગપાની વે;
પ્રેમાનંદ એ છબીપર* કુરબાની વે. સત્ય૦ ૪

પદ ૨૨૩૩ મું

કોલ દેકે કહાન કહાં બિલમાયે વે; કોલ૦ ટેક.
કોન સંગ જાગે રાત પ્રાત આયે વે. કોલ૦ ૧
પીતપટ બિસારી નીલી સારી લાયે વે;
બાંસુરી બિસારી બેલન કહાં પાયે વે. કોલ૦ ૨
કુંડલ તજી બેસર છબી કરન છાયે વે;
બિસારી બનમાલ હાર ઉર સોહાયે વે. કોલ૦ ૩
નહીં સખી નહીં પિયા શ્યામ વેષ લજાયે વે;
પ્રેમાનંદકો નાથ સમજી સકુચાયે વે. કોલ૦ ૪

પદ ૨૨૩૪ મું

આજકી છબી તો કછુ કહી ન જાઇ વે; આજકી૦ ટેક.
મનમથ લખી સદન ગયો સકુચાઇ વે. આજકી૦ ૧
અનોપમ છબી ઉદે ભઈ એક ચંદ્રમાંહી વે;
મદનચાપ અલિમાલ મનભાઇ વે. આજકી૦ ૨
દ્વે ચકોર કીર કુંદ બિંબ સોહાઇ વે;
જલચર જુગ મીન મધ્ય દેત દેખાઇ વે. આજકી૦ ૩
સકુચી રહી સાદર ઉપમા ન પાઇ વે;
પ્રેમાનંદકે ઉર બસો યેહી છબી આઇ વે. આજકી૦ ૪

પદ ૨૨૩૫ મું–રાગ રેખતા

બ્રજરાજકો રંગીલા ઓઢે દુપટા પીલા;
ચલે ચાલ અતિ અનોખી મેરા મનમેં આયે બસી હે. બ્રજ૦ ટેક.

---

* "છબીપર પ્રાણ કુરબાની વે" પાઠાન્તર છે.

ચંચલ બિશાલ નેના, બીચ રેખે સુખદેના;
અવિલોકી માણો મેના, શિર પગીયાં જરકસી હે. બ્રજ૦ ૧
પ્રથુ ભાલ લાલજીકો, બીચ કેશરીકો ટીકો;
ભ્રકુટિકો તાલ નીકો, છબી ચીત મેરે ઠસી હે. બ્રજ૦ ૨
કુંડલ હે કરન માંઇ, કપોલનીમેં ઝાંઇ;
માનું મકર મીલન આઇ, ઉપમા સરસ લસી હે. બ્રજ૦ ૩
નાસિકા કીર સોહે, ચીત અધરબિંબ મોહે;
પ્રેમાનંદ આનંદ ભયો હે, નિરખી પુરન શશી હે. બ્રજ૦ ૪

પદ ૨૨૩૬ મું

બ્રજરાજકો કનૈયા, ગિરિરાજકો ધરૈયા;
મઘવાકો માન હરૈયા, હમરે જીવન હરિ હે. બ્રજ૦ ટેક.
મધુરીસી બેન બજૈયા, બ્રજનારી બન બોલૈયા;
રસ રાસકો રચૈયા, ગોપી આનંદકરી હે. બ્રજ૦ ૧
બલભદ્રઉકો ભૈયા, કરે થૈયા થૈયા થૈયા;
બ્રજબની તન સુખદૈયા, ગોપી પ્રેમરસ ભરી હે. બ્રજ૦ ૨
બુડી પ્રેમસિંધુમૈયા, તન મનકી સુધ નૈયા;*
કછુ જાત નાહીં કૈયા, નિરખી નજર ઠરી હે. બ્રજ૦ ૩
મહા સુરનરમુનિ રૈયા, નિરખી બલ બલ જૈયા;
પ્રેમાનંદ લેત બલૈયા, ધન્ય રજની દિન ઘરી હે. બ્રજ૦ ૪

પદ ૨૨૩૭ મું

સખી સામરો સલોના, મોપે ડારી ગયો ટોના;
બીનું દેખે આવત રોના, અબ કેસી મેં કરુંરી. સખી૦ ટેક.
મોયે મારી નેન સેના, પલ પરત નાહીં ચેના;
બાવરી ફીરું દિન રેના, ધીર કેસે ધરુંરી. સખી૦ ૧
કહા જાનું કછુ કીનો, જીયરા નિકારી લીનો;
બીનું દેખે રંગભીનો, રોય રોયકે મરુંરી. સખી૦ ૨

* "લૈયા" પાઠાન્તર છે.

બંસી અજબ બાઈ, તાન રેખતાકી ગાઈ;
સુનતે સુધ બીસરાઈ, બિરહ બીથા જરુરી. સખી૦ ૩
કોઈ લાવે નેન આગે, જો દેઉં મુખ માગે;
પ્રેમાનંદ પાય લાગે, દ્રગ દેખીકે ઠરુંરી. સખી૦ ૪

પદ ૨૨૩૮ મું

હરિકૃષ્ન સાંવરેકી, ચૈલની ઉતાવરેકી;
લખી લટકા રાવરેકી, દીલ દેખી સુખ ભયા હે. હરિ૦ ટેક.
ઓઢે અજબ દુશાલા, ઉર મોતિયુંકી માળા;
કરમેં લીએ રુમાલા, મનમેં અટક રહ્યા હે. હરિ૦ ૧
જામા જરીદા પહેરે, પટપીત કટિ કસેરે;
હસ હસકે જનકું હેરે, પરીપૂરન દયા હે. હરિ૦ ૨
સુથની ગુલાબી રંગે, પ્યારે પહેરીહે ઉમંગે;
લીએ ગ્વાલ બાલ સંગે, ઉરમેં ઉતર ગયા હે. હરિ૦ ૩
કહા કહું સુંદરતાઈ, ઉપમા કહી ન જાઈ;
પ્રેમાનંદ રહ્યા લોભાઈ, ચરનનમેં શિર નયા હે. હરિ૦ ૪

પદ ૨૨૩૯ મું–રાગ લાવની

પધારે વટપત્તન સ્વામિ (૨);
સહજાનંદ મહારાજ પૂરન પુરુષોત્તમ બહુનામી. પધા૦ ટેક.
ચલે વરતાલસેં અવિનાશી (૨), આયે કીયા મુકામ
ગામ સાંકરદે સુખરાશી. પધા૦ ૧
સંગ લે સેના અતિ ભારી (૨), ચતુરંગની બલવાન
લગતહેં દેખત અતિ પ્યારી. પધા૦ ૨
પદાતિ ઘોડે રથ હાથી (૨), શુરવીર મહા સુભટ
દુર્જય* દેખી કંપે છાતી. પધા૦ ૩

---

* "દુર્જન દેખી કંપે છાતી" પાઠાન્તર છે. દુર્જનની છાતી દેખીને કંપે છે. "દુર્જય" પાઠ પણ બરોબર છે શૂરવીર સુભટો એવા દુર્જય છે કે તેને દેખીને જ છાતી કંપે છે, આ પાઠમાં કોની છાતી કંપે છે તે અધ્યાહાર છે કે વિરોધી દુર્જનોની અને એ કારણથી જ "દુર્જન" પાઠ વધુ સારો ગણું છું, પરંતુ બે છાપેલી અને બે લખેલી પ્રતોમાં "દુર્જય" પાઠ છે ને એક છાપેલી ને એક લખેલીમાં "દુર્જન" છે તેથી "દુર્જય" જ રાખેલો છે. "ઉર્જે થઈ" પાઠ પણ એક પ્રતમાં છે.

આયે ગામ છાની ગીરધારી (૨), પ્રેમાનંદ કહે
સનમુખ આઇ નૃપકી અસવારી. પધા૦ ૪

પદ ૨૨૪૦ મું

દેખી હરિ મગન ભયે સબહી (૨);
ઉતરી ગજરથ ઘોડે પરસે પરે ચરન તબહી. દેખી૦ ટેક.
બડા એક ગજ આગે આના (૨), બેઠો પ્રભુ ઇસ
ગજપર યું કહે નારુપંત નાના. દેખી૦ ૧
ચડે તેહી ગજપર બહુનામી (૨), દુસરે ગજપર બેઠે
શુકમુનિ મુક્તાનંદ સ્વામી. દેખી૦ ૨
તિસરે ગજપર દોઉ ભાઈ (૨), પાંડે શ્રીરઘુબીર
અવધ્યપ્રસાદજી સુખદાઈ. દેખી૦ ૩
ઓર મુનિ અગનિત સંગ આવે (૨), પ્રેમાનંદ કહે
રથપર કેતે કેતે પગ ધાવે. દેખી૦ ૪

પદ ૨૨૪૧ મું

ચલે ગજ બેઠી મહારાજા (૨);
બોલત જય જય ચોપદાર બાજતહેં બહુ બાજા. ચલે૦ ટેક.
ચમર શિર નાનાસાહેબ ઢોરે (૨), મંદ મંદ ગજ
ચલત સંતકી ભીર ચહું કોરે. ચલે૦ ૧
છબી અતિ અદભુત બિરાજે (૨), કંચનકે બીચ
કલશ અંબાડી કંચનકી છાજે. ચલે૦ ૨
ચલતહેં ઘોડે ગજ આગે (૨), પીછે પાલખી પેદલ
રથ છબી બહુત નીકી લાગે. ચલે૦ ૩
રૂપ ઘનશ્યામકો અતિ સોહે (૨), પ્રેમાનંદકે નિરખી
કોટિક મનમથ મન* મોહે. ચલે૦ ૪

---

* "મદ મોહે" પાઠાન્તર છે.

પદ ૨૨૪૨ મું

બજતહેં બાજે બહુ આગે (૨);
પણુવ દુંદુભી ગોમુખ ઘોસા બહુત નીકે લાગે. બજ૦ ટેક.
સરનાઈ પડઘમ ડફ ભેરી (૨), સુની તાંસેકી શોર
દોરી જન આયે સબ શેહેરી. બજ૦ ૧
ઉડતહેં નિશાન પચરંગી (૨), દૌરત ઘોડે ધુમત નેજા
બાજત રણશીંગી. બજ૦ ૨
બજાવે ઝાંઝ મૃદંગ ગાવે (૨), પ્રેમાનંદ છબી નિરખી
આનંદ અંગ નહીં માવે.* બજ૦ ૩

પદ ૨૨૪૩ મું

કીયો જબ પ્રવેશ પુરમાંહી (૨);
ખબર સુની પુરવાસી ભાવિક ધાયે હરખાઈ. કીયો૦ ટેક.
ઠાડે સબ સનમુખ કરજોરી (૨), ચકીત ભયે લખી
રૂપ ભૂપ હરિ ધર્મકુંવરકોરી. કીયો૦ ૧
ભલે તુમ આયે બહુનામી (૨), બહુત દિનનકે
પ્યાસે લોચન સુફલ કીયે સ્વામી. કીયો૦ ૨
કહત યું પુરજન મન હરખી (૨), પ્રેમાનંદકે નાથ
પધારે જાની અંતરકી. કીયો૦ ૩

પદ ૨૨૪૪ મું

ચલી જબ આગે અસવારી (૨);
હરિ મુખ નિરખન રાજમારગમેં ભીર ભઈ ભારી. ચલી૦ ટેક.
અટારી ચડી સબ પુરનારી (૨), નિરખે શ્રીમહારાજ
બદન છબી લેતી હે બલિહારી. ચલી૦ ૧
મુદિત મન કુસુમ કળી બરખે (૨), ભયો સુફલ
અવતાર આજ યું બોલી મન હરખે. ચલી૦ ૨
નિગમ કહે નેતિ નેતિ જ્યાહી (૨), પ્રેમાનંદકે નાથ સો
આયે વટપત્તન માંહી. ચલી૦ ૩

---

* "ન સમાવે" પાઠાન્તર છે.

પદ ૨૨૪૫ મું

લેહો ભરી લોચન ઉર લઉં (૨);
હોઇહેં દુર્લભ દરશન કરી હો ફેરી મન પછતાઉં. લેહો૦ ટેક.
પુરુષ યહ પૂરન અવતારી (૨), ઘર બેઠે ચલી આયે
મૂરત લેહો ઉર ધારી. લેહો૦ ૧
સૃષ્ટિકો કારન હય યેહી (૨), અનંત જીવ ઓધાર
કાજ ધરી સુંદર નર દેહી. લેહો૦ ૨
એસી સબ શુધ ભાવવારી (૨), પ્રેમાનંદ મહારાજકો
મહિમા ગાવતી પુરનારી. લેહો૦ ૩

પદ ૨૨૪૬ મું

ચલત હરિ ચીતવત ચહુ ઓરે (૨);
ઝુક રહી સુંદર ભુવન અટાકી ઘટા ચહુંકોરે. ચલ૦ ટેક.
ભામની ઠાડી સબ ઠોરે (૨), કરી પ્રણામ કર કુસુમ
માળ લઈ ડારતીહેં હોરે. ચલ૦ ૧
હસી મુખ મંદ મંદ સ્વામી (૨), આનંદ ઉપજાવતહેં
ઉંચે ચિતવી બહુનામી. ચલ૦ ૨
ચલત જબ નૃપદ્વારે આયે (૨), પ્રેમાનંદ કહે
નિરખી ભૂપતિ સનમુખ ઉઠ ધાયે. ચલ૦ ૩

પદ ૨૨૪૭ મું–ઢાળ બીજો

ગજ ઉપરસું ઉતરે હરિ તબ, આઈ સિયાજી ચરન પરે;
કર ગ્રહી પ્રભુકું નિજ મંદિરમેં, લે ચલે ઉર અતિ હરખ ભરે. ૧
પધરાયે આસન કરી પ્રીતિ, રાજ રીત ઉત્તમ આની;
ચરન ધોય હસી મીલે અંક ભરી, ધન્ય ભાગ્ય અપનો માની. ૨
ધુપ દીપ કરી સુભગ આરતિ, ઉર ધારી લે ફુલ માળા;
પેહેરાયે પટભૂખન બહુ વિધિ, ઉપર ઓઢાયો દુશાલા. ૩
અર્પન કરી મેવા રુ મીઠાઈ, કર જોડી ઠાડે આગે;
પ્રેમાનંદ કહે બિનતિ કરી નૃપ, ધર્મકુંવરપે વર માગે. ૪

પદ ૨૨૪૮ મું

શ્રીનારાયણુ અખિલલોકપતિ, પરમપુરુષ તુમ અવતારી;
બહ્યો જાત ભવસાગરમેં મોયે, કૃપા કરી લીનો તારી. ૧
જેહી પદરજ બ્રહ્માદક સુરમુનિ, ઉર ધ્યાયે પ્રીતિ આની;
તેહી પદ પરસી કીયો મોયે પાવન, કરી કરુના સારંગપાની. ૨
યહ રાજભુવન સંપત્તિ તુમારી, દાસ જાની કૃપા કીજે;
અબ ન બીસારો નાથ ચરનતેં, ભક્તપતિ યહ બર દીજે. ૩
શુદ્ધ ભાવ જાની ભૂપતિકો, શ્રીપુરુષોત્તમ બહુનામી;
પ્રેમાનંદ કહે વર દઈ નૃપકું, અભય કીયો ઈશ્વર સ્વામી. ૪

પદ ૨૨૪૯ મું

આનંદ ભયે નૃપ વિનય વચન, સુની ઉરતેં હાર હરિ દીના;
રાજભુવનસું નિકસે બાહર, કઉં મુકામકો મન કીના. ૧
ભયે અસવાર ઓહી ગજ ઉપર, અખિલલોકપતિ અવિનાસી;
પુની સબ શહેર ફીરીકે દીનો, દરશન સબકું સુખરાશી. ૨
આગે રાવ સિયાજી નિકસે, પાછે હરિકી અસવારી;
ચલે શહરસેં બાહર મુકામ, કરને ખાતર સુખકારી. ૩
કીયે ખડે તંબુ અસમાની, ઉંચે કરત ગગન બાતે;
પ્રેમાનંદ કહે મસ્તુબાગમેં, ઉતરે સંત સબ હરખાતે. ૪

પદ ૨૨૫૦ મું

કરી પકવાન તહાં સબ જીમેં, સંત હરિજન મુદ આની;
ઓરહિ બહુત જીમાયે અન્નાર્થી, તેહી અવસર આયે પ્રાની. ૧
કુંચન થાળ ભરી બહુ વ્યંજન, પઠયો ભૂપતિ હરિ કાજે;
આપ જીમી દીની હરિજનકું, પ્રસાદી શ્રીમહારાજે. ૨
તહાં એક બેઠક રચી અનોપમ, તાપર બેઠે હરિ આઈ;
નીચે સંત સભા ભઈ નીકી, દેખતમેં સબ દુઃખ જાઈ. ૩
આવતહેં દરશનકું દુનિયાં, ભીર ભઈ તહાં અતિ ભારી;
નિરખી શ્રીઘનશ્યામકી શોભા, પ્રેમાનંદ જાયે બલિહારી. ૪

પદ ૨૨૫૧ મું

રાવ સિયાજી ગજપર બેઠી, પ્રેમાતુર હોઈ તહાં આયે;
નિરખી સંત સભા અતિ શિતલ, તહાં બેઠે મન હરખાયે. ૧
બડે બડે ઉમરાવ દિવાન રુ, આયે ભટ પંડિત ગ્યાની;
આયે કવિ ગુની મતવાદી, મલ્લાદિક મહા અભિમાની. ૨
આયે બહુજન વાદવિવાદી, નાટક ચેટક અતિ ભારી;
જ્યું ખદ્યોત ભાનુકે આગે, લખી પ્રતાપ ગયે સબ હારી. ૩
પઢે પુરાન શાસ્ત્રકે વક્તા, પુછત પ્રશ્ન કરત ચરચા;
પ્રેમાનંદ જીતે હરિ સબકું, દેદેકે અદભૂત પરચા. ૪

પદ ૨૨૫૨ મું

એસે ભટ પંડિત મતવાદી, સબકું જીતે શ્રીસ્વામી;
પ્રફુલ્લિત ભયે સંત મુનિ હરિજન, ગાવત ગુન આનંદ પામી. ૧
અમિત પ્રતાપ દેખી શ્રીહરિકો, થકીત ભયે સબ નરનારી;
કરત પ્રશંસા નગર ડગરમેં, પ્રગટે પુરુષ કોઈ અવતારી. ૨
હોત સમાધી ધ્યાન ધારણા, અતિ પ્રતાપહે કળિમાંહી;
કરત બાત નરનારી પરસપર, આજ કોઉ એસો નાહી. ૩
નૌતમ રીત દેખી સંતનકી, મુમુક્ષુ સબ શરને આયે;
પ્રેમાનંદ કહે ભયે કૃતારથ, સ્વામી શરન અતિ સુખ પાયે. ૪

પદ ૨૨૫૩ મું

વટપત્તનમેં વિજય કરી હરિ, ચલે કુચ કરી વ્રતપુરી;
અતિ પ્રતાપસોં ચલે ગાજતે, મતવાદિનકો શિર કચરી. ૧
જય જયકાર ભયો ત્રિભુવનમેં, સુરનરમુનિજન સબ હરખે;
બજત દુંદુભી વિબુધ ગગનમેં, સુમન ઝરી હરિપર બરખે. ૨
યા લીલા શ્રીવટપત્તનકી, ધર્મકુંવરકી ઉર ધરીહેં;
સો નર પાવે ધર્માદિક ફલ, ભવસાગર પુની ના ફીરીહેં. ૩
જો નર શિખે ગાયે પ્રેમ કરી, સુને સુનાવે મુદ આની;
પ્રેમાનંદ કહે તાકે ઉરમેં, વાસ કરત સારંગપાની. ૪

પદ ૨૨૫૪ મું–રાગ સોરઠ

પનઘટવા ઠાડો નંદલાલ, બંસીવારો પનઘટવા; પન૦ ટેક.
ટેઢી પાઘ બીચ મોર ચંદ્રિકા, ઓઢે અરુન દુશાલ. પન૦ ૧
ચંદનખોર પીતાંબર પહીરે, સોહત શ્યામ તમાલ. પન૦ ૨
મધુર મધુર સુર બાંસુરી બજાવત, અંબુજ નેન ગોપાલ. પન૦ ૩
પ્રેમાનંદ સખે બ્રજનારી, નિરખી ભઈ નિહાલ. પન૦ ૪

પદ ૨૨૫૫ મું

રંગરસિયો મોહન યાર, પ્યારો લાગો વે; રંગ૦ ટેક.
શોભાસિંધુ સુંદર વર સજની, ગોકુલ રાજકુમાર. રંગ૦ ૧
ચંચલ નેન અરુણુ બીચ રેખે, દેખે ઉપજત પ્યાર. રંગ૦ ૨
કંદર્પ કોટિ બદનકી શોભા, બંકબિલોકની સાર. રંગ૦ ૩
શ્રીઘનશ્યામ છબીપર તન મન, પ્રેમાનંદ બલિહાર. રંગ૦ ૪

પદ ૨૨૫૬ મું

નટવરસું લાગો મોરો નેહ, સયો મોરી વે; નટ૦ ટેક.
નંદનંદન બીના રહી ન શકું અબ, ભયો હે પરેજ સમ ગેહ. નટ૦ ૧
બીરહ બીથામેં બ્યાકુલ સજની, યહ દુઃખ દાઝત દેહ. નટ૦ ૨
વેતો છેલ મીલન નહિ આવત, તરુણાઇકે તેહ. નટ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ છબીલો, અંક ભરી કબધોં મીલેહ. નટ૦ ૪

પદ ૨૨૫૭ મું

ગિરિધરસું લાગે મોરે નેન, કેસી કરુંવે; ગિરિ૦ ટેક.
બીનું દેખે પલકે ભરી આવત, દેખે અતિ સુખ ચેન. ગિરિ૦ ૧
સુંદર શ્યામ કામદર્પગંજન, આવત ચારે ધેન. ગિરિ૦ ૨
અતિ આતુર હોય અવિલોકત, બદન છબી સુખદેન. ગિરિ૦ ૩
પ્રેમાનંદ સુની અતિ આનંદ, પરમ અમોલિક બેન. ગિરિ૦ ૪

પદ ૨૨૫૮ મું–રાગ સોરઠ

બાજીવો બેરન મા જમુના તીર, મનમોહન બજાઇ બલબીર; બાજી૦ ટેક.
શ્રવન સુનત મોરી સુધ બુધ વિસરી, માનું ડસી વો કારે
ભોયંગ શરીર. બાજી૦ ૧

કુસુમઆયુધ કર સારંગ ધરકે, મારત મોયે ધીરે ધીર;
બિરહ બિથામેં બ્યાકુલ ભઇહું, ઠરત નહિ વો મોરો જીયરા થીર. બાજી૦ ૨
બચન રચનં બનત નહી બોલે, બહત અખંડ દ્રગ નીર;
પ્રેમાનંદ પ્રિતમ પ્યારે બીના, કોન હરે હો મોરે મનકી પીર. બાજી૦ ૩

પદ ૨૨૫૯ મું

વૃદાવન બાજે મા બેરન જોર, મેરો ડારત કરેજા કોર; વૃંદા૦ ટેક.
ઘરી પલ છીન મોયે જુગસમ બીતે, મીલન કરત મોરો
મનવા દોર. વૃંદા૦ ૧
ધામકો કામ કછુ નહિ સુઝત, ચીત અટકયો વાહી ઠોર;
કેસે બને મધુસુદન મીલવો, કમલનયન મોયે નંદકિશોર. વૃંદા૦ ૨
યે દુઃખ કાસોં કહુ પ્રિતમ બીના, જાનત નાહીં ન ઓર;
પ્રેમાનંદ કબ દેખું દ્રગન ભરી, પ્રાનજીવન મોરે ચીતકે ચોર. વૃંદા૦ ૩

પદ ૨૨૬૦ મું

છબીલા મેંતો છાંજી હો થારી દાસ, મેંતો કીનો ચરન થારે વાસ; છબી૦ ટેક.
થારાં તો ચરનકમલરસ કારન, છોડી હો છેલાજી મેંતો
તન ધન આસ. છબી૦ ૧
કમલાકે માકે નહિ બને રસિયા, પડસી આધિક પિયાસ;
આછો ભાગ સેવામેં લેસાં, રેસાં મહારાજા થારે નિશદિન પાસ. છબી૦ ૨
અબ મેં થાસું દુર ન રેસાં, સહેસાં જગત ઉપહાસ;
પ્રેમાનંદ ચરણ થારાં ધરસાં, કરસાં મહારાજ કામરિપુરો નાસ. છબી૦ ૩

પદ ૨૨૬૧ મું

બિહારી થાસું લાગો રાજ મારો નેહ, મતી દિજ્યો છબીલા
માને છેહ; બિહા૦ ટેક.
મેં થારી દાસી વારી ચરણુકમલકી, તન મન સોંપ્યા રાજ
થાને મારો દેહ. બિહા૦ ૧
થે હો નાગર ગુણુરા સાગર, મે હાં અવગુણુ ગેહ;
માં જેસી થે મત કરો લાડીલા, થે હો જેસી રાજ કરજો થેહ. બિહા૦ ૨

અશરણુશરણુ અધમઓધારણુ, વરદ રાજરો મેહ;
પ્રેમાનંદ ચરન રસ પાવો, બરસાવો રાજ રસરા મેહ. બિહા૦ ૩

પદ ૨૨૬૨ મું–રાગ સોરઠ

એરી ઇન મોહનાને ડારી મોપે મોહની; એરી૦ ટેક.
મધુર મધુર સ્વર બેન બજાઈ, મોહન તનકી સુધ બીસરાઈ;
બીસર ગઈ સબ કામ ધામકો, ભુલ ગઇરી મેં દોહત દોહની. એરી૦ ૧
બંસી શ્રવન સુની ધુની જબતેં, ચટપટી લાગી રહી જીય તબતેં;
લોકલાજ તજીકે બન આઈ, દેખન મોહન છબી સ્યામ સલોની. એરી૦ ૨
નિરખી રૂપ લાલ ગિરિધારી, થકીતં ભઈ તન મન ધન વારી;
મન માન્યો નટવર નાગરસોં, બસ ગઈ જીયમેં સલોની
છબી સોહની. એરી૦ ૩
મગન ભઈ નિરખી નટનાગર, અંગ અંગ લખી રૂપ ઉજાગર;
પ્રેમાનંદ તર્યો ભવસાગર, ભલીરે ભઈ અબકે યાકી બોહની. એરી૦ ૪

પદ ૨૨૬૩ મું

બસ ગયો જીયરામેં મોહન મીતવા; બસ૦ ટેક.
મોહનલાલ રૂપગુનસિંધુ, ગોપીનાથ ગોકુલકે ઇંદુ;
નટવરસ્યામ કામ દર્પગંજન, રંજન સદા પ્યારો એરી ગોપી
મન* ચીતવા. બસ૦ ૧
સુંદર સ્યામ લલિત છબી લોચન, મદનગોપાલ તરુન મન રોચન;
ઉર બનમાલ સુભગ ભુજ બંધન, કટિતટ કશ્યોહે મોહન
એરી પટ પીતવા. બસ૦ ૨
મુસકની મંદ ચપલ ચિતવનિયાં, ચલત હંસગતિ રોકત પનિયાં;
જમુના તીર સ્યામ ધન સુંદર, ઠાડો પનઘટપર એરી
નીત નીતવા. બસ૦ ૩
ગોકુલરાજ કુમાર રસીલો, પ્રીત કરત નીત છેલ છબીલો;
પ્રેમાનંદકો નાથ બિહારી, કરત બિહાર એરી મદનમદ જીતવા. બસ૦ ૪

* "એરી ગોપિયન ચીતવા" પાઠાન્તર છે.

પદ ૨૨૬૪ મું

નેના મોરે અટકી ગયેરી નંદલાલમેં; નેના૦ ટેક.
સોહત સરસ પાધ બીચ તોરે, ચીતવત ચીત હરત બરજોરે;
કુંડલ લોલ કપોલની ઉપર, કેસર તિલક રાજત એરી શુભ ભાલમેં. નેના૦ ૧
ભ્રકુટિ કુટીલ નેન મનરંજન, મોહે મીન કમલ મૃગ ખંજન;
નાસાકીર અધર વિદ્રુમ વર, દશન દાડીમકન એરી ચિબુક રસાલમેં. નેના૦ ૨
સજલ જલદ તનુ શોભિત સુંદર, ભુજ અજાન અધરન મોરલી ધર;
કૌસ્તુભ કંઠ લલિત બનમાલા, નિરખી થાકત ભઈ એરી
રૂપ જાલમેં. નેના૦ ૩
નાભી નલીન પીતપટ કાછે, નટવર લાલ લલિત ગતિ નાચે;
પ્રેમાનંદ પ્રાન નોછાવર, કરત ધરત ચીત એરી યાકી ચાલમેં. નેના૦ ૪

પદ ૨૨૬૫ મું

લાગો મોરે નેહરા નવલ ઘનશ્યામસોં; લાગો૦ ટેક.
નિરખી રૂપમની મોહનવા, નીત નીત લાગી ફીરું ગોહનવા;
મગન ભઈ નિરખી મનમોહન, લગત નાહીં મોરા ચીત એરી
ધન ધામસોં. લાગો૦ ૧
સુંદર શ્યામ છબી મન માની, ઇન મોહનકે હાથ બેકાની;
બસ કીની બ્રજરાજ લાડીલે, લીની હે મોલ મોયે એરી
બીના દામસોં. લાગો૦ ૨
કહા કહું સુંદરતા સજની, ત્રપત ન હોઉં દેખી દિન રજની;
મોહનલાલ રૂપગુનસિંધુ, અધિક લસત છબી એરી
કોટિ કામસોં. લાગો૦ ૩
જીવનપ્રાન લાલ ગિરધારી, તન મન પ્રાન જાઉં બલિહારી;
પ્રેમાનંદ મગન ધરી અંતર, રટન લગી હે એક એરી
યાકે નામસોં. લાગો૦ ૪

પદ ૨૨૬૬ મું રાગ સોરઠ

માને વહાલા લાગો છો શ્રીગોપીનાથ; માને૦ ટેક.
સોહત ગોપ વેશ ધરી ગિરિધર, ગોપ સખા લીયે સાથ. માને૦ ૧

ચંદન ચરચિત નીલ કલેવર, મોર ચંદ્રિકા માથ. માને૦ ૨
ઉર બનમાલ પીતાંબર પેહેરે, મોરલી મનોહર હાથ. માને૦ ૩
પ્રેમાનંદ મગન છબી નિરખી, ગાવતહે ગુન ગાથ. માને૦ ૪

પદ ૨૨૬૭ મું

મારો મન મોહ્યો છે ત્રિભંગી લાલ; મારો૦ ટેક.
બાંકી ચિતવની બસ ગઇ જીયમેં, મુસકની મદનગોપાલ. મારો૦ ૧
બાંકી પાઘ ચંદ્રિકા બાંકી, બાંકો તિલક છે ભાલ. મારો૦ ૨
બાંકે નેન અધરપર બાંકી, બાજત બંસી રસાલ. મારો૦ ૩
પ્રેમાનંદ બસી છે અંતર, બાંકી થાંકી ચાલ. મારો૦ ૪

પદ ૨૨૬૮ મું

થાંસું મન માન્યો છે હો ગોકુલ ચંદ; થાંસું૦ ટેક.
નિરખી રૂપ છટા બ્રજનારી, પરી પ્રેમકે ફંદ. થાંસું૦ ૧
શ્રવન સુનત જબ બચન ચાતુરી, ઉપજત અતિ આનંદ. થાંસું૦ ૨
બીનું દેખે એ માધુરી મૂરત, કળ ન પરત સુખકંદ. થાંસું૦ ૩
પ્રેમાનંદકે નાથ છેલવર, હરો સકલ દુઃખ દંદ. થાંસું૦ ૪

પદ ૨૨૬૯ મું

માને પ્યારી લાગે થારી બંસી છેલ; માને૦ ટેક.
થારી બંસીને મારો મન બસ કીનો, નંદકુંવર અલબેલ. માને૦ ૧
બંસી થારી જાદુગારી, બાજે છે મરમ ભરેલ. માને૦ ૨
કામ કાજ ઘરબાર તજીને, શ્યામ ફરાં છાં થારી ગેલ. માને૦ ૩
પ્રેમાનંદરા નાથ બજાવો, રંગભીના રંગરેલ. માને૦ ૪

પદ ૨૨૭૦ મું—રાગ સોરઠ

કામણગારાં છે નાથજીરાં નેણ, મનડો કીધો છે રાજ મારો મેણ; કામ૦ ટેક.
કામણગારાં નેણાં નવરસ ભરિયાં, માંહી રાતી રેખા છેજી સુખદેણ. કામ૦ ૧
ચિતવની ચંચળ લગ ગઈ ચીતમેં, બીસરત નાહીં માને દિનરેણ. કામ૦ ૨
નેહ ભર્યાં છે નેણાં નટવરજીરાં, અમૃત ભર્યાં છે મધુરાં વેણ. કામ૦ ૩
પ્રેમાનંદરા નાથ જાદુડો કીયો છે, અબ નહીં લાગે કોઇરો કેણ. કામ૦ ૪

પદ ૨૨૭૧ મું

નેણામેં ખુમારી કાંઈ છેજી આજ, ઘણા આછા લાગો
માને વ્રજરાજ; નેણા૦ ટેક.
નેણા રતનારાં રાવલાં અમિરસ ભરિયાં, લટપટી પાઘ
રહી શિર છાજ. નેણા૦ ૧
આલસ ભર્યા છો અંગ* નિન્દ્રાલુડા નેણા થારાં, શિથિલ
લાગે છે સઘળો સાજ. નેણા૦ ૨
આજ અનોખી છબી નિરખી નટવર, રતિપતિ ગયો
છે તજી લાજ. નેણા૦ ૩
પ્રેમાનંદરા નાથ મંદિર પધારો, સેજ બિછાવી છે થારે કાજ. નેણા૦ ૪

પદ ૨૨૭૨ મું

રાવલાં નેણારી અનોખી રીત, નેણુંરા નજારો ચોરે છેજી ચીત; રાવ૦ ટેક.
દુરિજનકુ તો કબઉં ન પરસે, મારેછીજી જોઈ અપણા મીત. રાવ૦ ૧
આપ બસ કરી નિજ મિત્ર જગતસું, તોડે છે તરત પુરાણી પ્રીત. રાવ૦ ૨
કરી ચકચૂર નિજ જનકું નટવર, ખટકે છે આયે ઉર નીત નીત. રાવ૦ ૩
પ્રેમાનંદરા નાથ નેણામેં નૌતમ, જાદુડા ભર્યા છે કાંઈ અગણીત. રાવ૦ ૪

પદ ૨૨૭૩ મું

બાંધી છેજી બાંકી પાઘ આંટાદાર, બાંકા છોજી બાલમ
નંદરા કુમાર; બાંધી૦ ટેક.
બાંકી પાઘ બીચ બાંકી કલંગી, બાંકી છે ભ્રકુટિ ધનુષાકાર. બાંધી૦ ૧
બાંકી છે ચલની બાંકી ચિતવની, બાંકા છેજી રાજરો કમરે કટાર. બાંધી૦ ૨
બાંકે અધરપર બંસી બજાયકે, બસ કર લીની છેજી વ્રજનાર. બાંધી૦ ૩
બાંકા બિહારી થારી બાંકી છટાપર, તન મન પ્રેમાનંદ બલિહાર. બાંધી૦ ૪

પદ ૨૨૭૪ મું—રાગ સોલા

પ્યારા ઘનસ્યામ, પુરણકામ રે, આવો ઓરા, જોસું
માથે તોરા, મારા રાજ૦ ૧

---

* આલસ ભર્યા નિદ્રાલુડાં નેણાં થારાં' પાઠાન્તર છે.

ધર્મકુમાર, જાઉં બલિહાર રે, લાગે પ્યારી, મૂરતિ તમારી, મારા૦ ૨
નખશિખ જોવું, ચીતડું પરોવું રે, ચરણુમેં, કરું પરણામ, મારા૦ ૩
ઉર્ધ્વરેખા રુડી, અંત સમે મૂડી રે, નખમાંઈ, ચિહ્ન સુખદાઈ, મારા૦ ૪
જોઈ પ્રેમાનંદ, આનંદકંદરે, નખમણિ, શોભા જગતણી, મારા૦ ૫

પદ ૨૨૭૫ મું

કૃષ્ન શ્રીહરિ, ઉભા રહોને જરી રે, નેણુ આગે, મન મારું લાગે,
મારા રાજ૦ ૧
જોઉં ફણુ ઘુંટી, પિંડી સાથલ ડુટી રે, શ્યામકટિ, જાયે દુઃખ મટી, મારા૦ ૨
ઉદર નિરખી, કરું માંહી બકી રે, મળી મળી, નિરખું ત્રિવળી, મારા૦ ૩
હ્રદય વિશાળ, માંહી મોતી માળ રે, અતિ શોભે, જોઈ મન લોભે, મારા૦ ૪
જોવા છાપ ચિહ્ન, પ્રેમાનંદ દીન રે, સ્તન શ્યામ, અતિ સુખધામ, મારા૦ ૫

પદ ૨૨૭૬ મું

નારાયણુ નામ, રટું આઠો જામ રે, મારા સ્વામી, અંતરજામી,
મારા રાજ૦ ૧
શોભાના ભંડાર, જાઉં બલિહાર રે, ભુજા જોઈ, મન રહ્યું મોહી, મારા૦ ૨
અભય ઉદાર, ચિહ્ન તે અપાર રે, જોઈ બળ, જનમ સુફલ, મારા૦ ૩
કરિ કર સમ, ઓધાર્યા અધમ રે, માથે મેલી, ચાંપ્યા મેં સાહેલી, મારા૦ ૪
રાતી હથેલીમાં, રેખા સુખ સીમા રે, નખચંદ, નિરખે પ્રેમાનંદ, મારા૦ ૫

પદ ૨૨૭૭ મું

નમું કર જોડી, બુદ્ધિ છે થોડી રે, શું ગાવું, પાર ન પાવું,
મારા રાજ૦ ૧
જોઈ કંબુ કંઠ, મદન અટંટ રે, થયો દીન, પરમ પ્રવીણુ, મારા૦ ૨
વદન વિલોકી, ભક્તજન શોખી રે, જોઈ ફૂલ્યા, તન સુધ ભૂલ્યા, મારા૦ ૩
ચંદ્રનો પ્રકાશ, શશિ મુખ હાસ રે, કુંદ કળી, દંતની આવળી, મારા૦ ૪
અધર પ્રવાળ, રૂપની જાળ રે, નાની રેખે, પ્રેમાનંદ દેખે, મારા૦ ૫

પદ ૨૨૭૮ મું

મળ્યા ભક્ત ટોળે, જમણે કપોલે રે, તીલ જોવા, ચીતમાં પરોવા,
મારા રાજ૦ ૧

નાસિકા નમણી, સીમા શોભાતણી રે, અણિયાળાં,
નેણા મરમાળાં, મારા૦ ૨
નેણુંને ચાળે, ભ્રકુટિ ઉલાળે રે, ઘેલાં કીધાં, ચીત ચોરી લીધાં, મારા૦ ૩
ભાલ વિશાળ, તિલક રસાલ રે, કેસરનું, શોભે હરિવરનું, મારા૦ ૪
શિખા છબીદાર, નિરખે વાર વાર રે, એક મન, પ્રેમાનંદ ધન્ય, મારા૦ ૫

પદ ૨૨૭૯ મું–રાગ સોલા

નેતિ નેતિ કહી ગાયે નિગમ પુરાણુ, તે નારાયણુ દ્વિજકુલ
પ્રગટ થયાજી; માણુરાજ૦ ટેક.
મોટા મોટા મુનિ કરેરે વખાણુ, અક્ષરનાં નિવાસી હરિ
એને કહ્યાજી. માણુ૦ ૧
વંદે વંદે શિવ બ્રહ્મા શેષ, ધર્મકુંવર શ્રીઘનશ્યામનેજી; માણુ૦
લીધો લીધો નરવર વેષ, લજ્યાને પમાડતા કોટિ કામનેજી. માણુ૦ ૨
મોહ્યા મોહ્યા મહિપતિનાં માન, સર્વ જે દેશિકને શિર શોભતાજી; માણુ૦
ધરે ધરે મુનિ જેનું ધ્યાન, તે પુરુષોત્તમ રાજે જન મન
લોભતાજી. માણુ૦ ૩
ધન્ય ધન્ય ધર્યો અવતાર, વારે વારે જાઉં હું તો વારણેજી; માણુ૦
ભલે ભલે આવ્યા અધમ ઓધાર, ધર્માત્મજ પ્રગટ્યા
પ્રેમાનંદ કારણેજી. માણુ૦ ૪

પદ ૨૨૮૦ મું

દીઠા દીઠા કેસરિયો વર કહાન, રાજેશ્વર આવે ઘોડલાની
ઘુંમરેજી; માણુરાજ૦ ટેક.
દીસે દીસે ભૂધર બીનેવાન, આભૂષણુ અંગમાંરે અતિ
લટ લુંમરેજી. માણુ૦ ૧
શોભે શોભે સોનેરી સિરપાવ, સોનેરી મોળિયું શિર અતિ
શોભતુંજી; માણુ૦
ધરિયાં ધરિયાં કુંડલ કર્ણે જડાવ, કેશરનું તિલક મુનિ
મન લોભતુંજી. માણુ૦ ૨

ઓપે ઓપે ઉતરીયું ઉરમાંહે, બાજુ રતન જડાઉ ભુજપર
બાંધીયાજી; માણુ૦
સુંદર વરની શોભા કહી નવ જાયે,* માનનિયું જોવાને નેણુ
શર સાંધીયાજી. માણુ૦ ૩
રાજે રાજે કડાં કરમાં અનુપ, આંગળીયે વેઢ વીંટી અતિ
કસબે ઘડીજી; માણુ૦
પ્રેમાનંદ કહે ચરણે સુખરૂપ,† રતને જડેલ પેહેરી મોજડીજી. માણુ૦ ૪

પદ ૨૨૮૧ મું

નિરખી નિરખી શામળિયો શિરદાર, લોચનિયાં લોભાણુા
મુખને મરકલેડજી; માણુારાજ૦ ટેક.
કરી કરી નેહ વારમવાર, ચીતડાં ચોર્યાં છે નેણુાને ફરકલેજી. માણુ૦ ૧
દીસે દીસે અજબ અંગ મરોડ, તરુણાઇની છટા મુખ નવ
જાયે કહીજી; માણુ૦
આણી આણી અતિ મન કોડ, ત્રિભુવનની શોભા આવી
ઉદય થઇજી. માણુ૦ ૨
પામ્યા પામ્યા કોટિ કંદર્પ લાજ, રાજેન્દ્ર રસિક વરનું
રૂપ જોઇજી; માણુ૦
ભૂલી ભૂલી ઘરનારે કાજ, ડોલરિયો જોઇને વ્રજવિનતા મોહીજી. માણુ૦ ૩
શોભે શોભે શ્રીહરિ પૂરણુચંદ, મતિમંદ મતવાદી નિરખી
નવ શકેજી; માણુ૦
બલહારી બલહારી પ્રેમાનંદ, નાથજીને જોવા જન મન
અતિ ટકેજી. માણુ૦ ૪

પદ ૨૨૮૨ મું

લાગ્યો લાગ્યો નટવરથી નેહ, માણીગર જોઇને જનમ સુફલ
થયોજી; માણુારાજ૦ ટેક.

---

* "શોભા શોભા સુંદર કહી નવ જાયે" "શોભા શોભા વરની કહી નવ જાયે" પાઠાન્તરો ગાય છે. † "કહે કહે પ્રેમાનંદ ચરણે સુખરૂપ" પાઠાન્તર છે.

વરસ્યા વરસ્યા આનંદકેરા મેહ, મોહન વર મળતાં અતિ
ઘણો રંગ રહ્યોજી. માણું० ૧
સરીયાં સરીયાં સરવે મારાં કાજ, કેસરીયા વર સાથે
સગપણ કીધલાંજી; માણું०
વરીયા વરીયા વર રાજાધિરાજ, મળતાં ને મનગમતાં
સુખડાં લીધલાંજી. માણું० ૨
ભાંગી ભાંગી મારી સરવે ભુખ, ઘણુારે દિવસ દુઃખડાં વેઠીયાંજી; માણું०
પામી પામી હવે અવિચલ સુખ, પરમ પુરુષ હરિવર ભેટીયાજી. માણું० ૩
પૂજ્યા પૂજ્યા મેંતો પૂરણુબ્રહ્મ, અનેક જનમના પુન્ય ઉદે
થયાજી; માણું०
પ્રેમાનંદ કહે મોટા છે મરમ,* દુરિજનિયાં ન જાણે જાયે
ભવમાં વહ્યાંજી. માણું० ૪

પદ ૨૨૮૩ મું–રાગ સોલા

વહાલી લાગે મૂરતિ તમારી હો માવ;
છેલારે સુંદર નટવર નાવ; વહાલી० ટેક.
આરા આવો નેણા ભરી જોવું હો નાથ;
ભેટુંરે ભૂધરજી ભરી બાથ. વહાલી० ૧
નિરખું હું ચરણુ કમળની હો જોડ;
વારી જાઉં ઘણુારે દિવસના કોડ. વહાલી० ૨
ઉર્ધ્વરેખા પ્યારા મારું ચોરે ચીત;
વાધીરે જોવા પૂરણુ પ્રીત. વહાલી० ૩
જમણારે અંગોઠાના નખમાં હો ચિહ્ન;
જોવારે જીવન થઈ છું હું દીન. વહાલી० ૪
પાની પિંડી ઘુંટણુ ને સાથળ હો શ્યામ;
પ્રેમાનંદ કે' શ્યામ કટિ સુખધામ. વહાલી० ૫

* "મોટા મોટા પ્રેમાનંદ છે મરમ" પાઠાન્તર ગાય છે.

પદ ૨૨૮૪ મું

જોયા જેવું રૂપ તમારું હો રાજ;
મોઘા છોજી ઘણેરે દહાડે મળ્યા આજ. જોયા૦ ટેક.
નાભી નૌતમ ઉંડી છે હો ગોળ અનુપ;
ઉદરમાંહી ત્રિવળી સુંદર રસ રૂપ. જોયા૦ ૧
ઉપડતી છે છાતી તમારી હો માવ;
છાપનારે ચિહ્ન જોવા ઘણોરે ભાવ. જોયા૦ ૨
છાતીમાંહે જમણી કોરે હો લગાર;
રૂડા ચાર તીલની એક હાર. જોયા૦ ૩
કરિકર સમ છે ભુજા હો ઉદાર;
માંહીરે છાપ ચિહ્ન સુખસાર. જોયા૦ ૪
કંબુ કંઠ ચિબુક અધર હો પ્રવાલ;
પ્રેમાનંદ નાસિકા જોઇને નિહાલ. જોયા૦ ૫

પદ ૨૨૮૫ મું

રુડા લાગો રાજીવ હો લોચન શ્યામ;
વારી જાઉં વદન ઉપર કોટિ કામ. રુડા૦ ટેક.
જમણે એક કપોલે હો તીલ સુખદેણ;
નિરખું હો ગોળ કપોલ દિનરેણ. રુડા૦ ૧
રુડું એક વામ શ્રવણમાં હો બિંદુ;
શોભેરે જાણીયે ચિહ્ન સહિત ઈંદુ. રુડા૦ ૨
ભ્રકુટિ છે કામતણી હો કમાણ;
વારું હો વારણે મારા પ્રાણ. રુડા૦ ૩
કીધું કાજું તિલક કેશરનું હો ભાલ;
ભાળી ભાળીરે વાધે ઘણું વહાલ. રુડા૦ ૪
લલાટમાં રેખા રુડી જોયા હો લાગ;
પ્રેમાનંદના મનમાં ખુંતીરે પાઘ. રુડા૦ ૫

પદ ૨૨૮૬ મું

માણીગર માણુકીના હો અસવાર;
કેસર રે વાધલીપર બહુ પ્યાર. માણી૦ ટેક.
રાજેશ્વર રૂડારે હો ધર્મકુમાર;
ડોલરિયા હો હૈડાનારે હાર. માણી૦ ૧
શોભે માથે મોતીડાનો જુડોરે જડાવ;
જામા પેહેર્યા જરકસિયા હો સાવ. માણી૦ ૨
ડોલરિયોજી દીસેરે હો જોબનપૂર;
સુંદર વર શોભાનારે સુર. માણી૦ ૩
કોડીલાને કોડે કોડે જુવે હો જન;
વારી ફેરી નાંખે તન મન ધન. માણી૦ ૪
આભૂષણુ અંગોઅંગમાંરે અપાર;
પ્રેમાનંદ જાયે વારણે વાર વાર. માણી૦ ૫

પહેલો ભાગ સમાપ્ત

પદોની અનુક્રમણિકા

અ

આ

ઇ

ઓ

ક

ખ

ગ

ઘ

જ

ત

થ

પ

ફ

ભ

મ

ય

ર

વ

સ

હ